

કહે કલાપૂર્ણસૂરિ - ૧

- પં. મુક્તિચન્દ્રવિજય, ગણિ મુનિચન્દ્રવિજય





वि. सं. २०५८, मा
केशवणा (
बने हुए पूज

तीर्थंकर की याद क
पुण्य-वैभव अब क
देखने मिलेगा ?

स्वर्गगमन से १५ दिन पूर्व की त
वि.सं. २०५८, जालोर (राज.)

सु.४, शनिवार १६-२-२००२ को

ाज.) में स्वर्गवासी
श्री की चिरविदाय की झलक



रानेवाला
हां

वीर

કહે કલાપૂર્ણસૂરિ-૧

(સિદ્ધયોગી પૂ. આચાર્યશ્રીની સાધનાપૂત વાણી)

■ વાચના ■

પૂ.આ.શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

■ પ્રેરણા ■

પૂ.આ.શ્રી વિજયકલાપ્રભસૂરીશ્વરજી મ.સા.
પૂ.પં.શ્રી કલ્પતરૂવિજયજી ગણિવર

■ અવતરણ-આલેખન-સંપાદન ■

પં. મુક્તિચન્દ્રવિજય, ગણિ મુનિચન્દ્રવિજય

■ પ્રકાશન ■

શાન્તિ જિન આરાધક મંડલ
મનફરા, જી. કચ્છ, તા. ભચાઉ, પીન : ૩૭૦ ૧૪૦.

■ પુસ્તક : કહે કલાપૂર્ણસૂરિ-૩
(સિદ્ધયોગી પૂ. આચાર્યશ્રીની સાધનાપૂત વાણી)
પ્રથમ-દ્વિતીય આવૃત્તિ : વિ.સં. ૨૦૫૬, ઈ.સ. ૨૦૦૦
તૃતીય આવૃત્તિ : વિ.સં. ૨૦૫૯, ઈ.સ. ૨૦૦૩

■ અવતરણ-આલેખન-સંપાદન :
પં. મુક્તિચન્દ્રવિજય
ગણિ મુનિચન્દ્રવિજય

■ મૂલ્ય : રૂ. ૧૨૦/-

■ પ્રાપ્તિસ્થાન :
નવભારત સાહિત્ય મંદિર
મહાવીરસ્વામી દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૧૩૯૨૫૩, ૨૧૩૨૯૨૧, ૨૧૩૫૩૭૨

■ સહાયક મુનિઓ :
મુનિ અનંતયશવિજય
મુનિ મહાગિરિવિજય, મુનિ મુક્તાનંદવિજય
મુનિ મુક્તિશ્રમણવિજય, મુનિ મુક્તિચરણવિજય

■ સંપર્ક સૂત્ર

- ટીકુ આર. સાવલા
  POPULAR PLASTIC HOUSE
  39, D. N. Road, Sitaram Building, 'B' Block, Near Crowford Market,
  MUMBAI - 400 001. • **Tel. : (022) 23436369, 23436807, 23441141**
- **SHANTILAL / CHAMPAK B. DEDHIA** : 20, Pankaj "A", Plot No. 171, L.B.S. Marg, Ghatkopar (W), Pin - 400 086. • **Tel. : (022) 25101990**
- **CHANDRAKANT J. VORA** : Phool Wadi, Bhachau, Kutch (Guj.). **Tel. : (02837) 223726**
- **JASRAJ LUKKAD** : No. 3, Balkrishna Nagar, Mannargudi - 1. (T.N.) Pin : 614 007. • **Tel. : (04367) 22479**
- **ભોગીલાલ ગાંધી** : મનફરા, (શાન્તિનિકેતન) જી. કચ્છ, તા. ભચાઉ, પીન : 370 140. **Tel. : (02837) 286638**

■ મુદ્રક...
Tejas Printers
403, Vimal Vihar Apartment, 22, Saraswati Society, Nr. Jain Merchant Society, Paldi, **AHMEDABAD** - 380 007. • **Ph. : (079) 6601045**

॥ વાંકીતીર્થમંડન શ્રી મહાવીરસ્વામિને નમઃ ॥
॥ શ્રી પદ્મ-જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણસૂરિગુરુભ્યો નમઃ ॥

સંપાદકીય (પ્રથમ આવૃત્તિમાંથી)

જંગમ તીર્થસ્વરૂપ, અધ્યાત્મયોગી, પૂજ્યપાદ, સદ્‌ગુરુદેવ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજીને જૈન-જગતમાં કોણ નહિ જાણતું હોય ?

પૂજ્ય આચાર્યશ્રી પહેલા તો કચ્છ-ગુજરાત કે રાજસ્થાનમાં જ કદાચ જાણીતા હતા, પણ છેલ્લા છ વર્ષ દક્ષિણ ભારતમાં પૂજ્યશ્રીનું પદાર્પણ થયું ને પૂજ્યશ્રીના પગલે, શાસન-પ્રભાવનાની જે શૃંખલાઓ ઊભી થઈ, તે કારણે પૂજ્યશ્રી ભારતભરના જૈનોના હૈયે વસી ગયા.

- પૂજ્યશ્રીનો પ્રસન્નતાથી છલકાતો ચહેરો !
- પૂજ્યશ્રીની પ્રભુ પ્રત્યેની અપાર ભક્તિ !
- પૂજ્યશ્રીના હૃદયમાં સર્વજીવો પ્રત્યે રહેલી અપાર કરુણા !
- પૂજ્યશ્રીનું ચુંબકીય વ્યક્તિત્વ !
- પૂજ્યશ્રીનું અદ્‌ભુત પુણ્ય !
- પૂજ્યશ્રીની અધ્યાત્મગર્ભિત વાણી !
- પૂજ્યશ્રીનો છ આવશ્યકો પ્રત્યે પ્રેમ !
- પૂજ્યશ્રીનું અપ્રમત્ત જીવન !

... આવી બધી વિશેષતાઓના કારણે જેમણે પૂજ્યશ્રીને શ્રદ્ધાપૂર્વક જોયા, તેમના હૃદયમાં વસી ગયા.

પૂજ્યશ્રીનું પુણ્ય એટલું કે જ્યાં પગલાં પડે ત્યાં મંગળ વાતાવરણ સર્જાઈ જાય, ભક્તિથી વાતાવરણ પવિત્ર બની જાય, દૂર-દૂરથી ખેંચાઈને લોકો આવતા જ જાય.

આવી વિશેષતા, બીજે, બહુ જ ઓછી જોવા મળે.

ઘણીવાર તો એટલી બધી ભીડ હોય કે લોકોને દર્શન પણ ન મળે. (વાસક્ષેપની તો વાત જ છોડો.)

દર્શન, વાસક્ષેપ આદિ નહિ મળવાના કારણે ઘણા લોકોને નિરાશ થઈને પાછા પણ જવું પડે છે !

દર્શન અને વાસક્ષેપ મળી જાય તો પણ ઘણાને તૃપ્તિ થતી નથી હોતી. આવા કેટલાક લોકો પૂજ્યશ્રીની સાથે વાર્તાલાપ કરવા માંગતા હોય છે, સાધનામાં માર્ગદર્શન લેવા માગતા હોય છે, પણ સમયની પ્રતિકૂળતાના કારણે, પૂજ્યશ્રી, ઈચ્છા હોવા છતાં, બધાની બધી અપેક્ષાઓ સંતોષી શકતા નથી.

ક્યારેક વ્યાખ્યાન કે વાચનાદિ સાંભળવા બેસનારાઓની પણ, ફરિયાદ હોયછે: 'પૂજ્યશ્રીનો અવાજ અમને નથી સંભળાતો.'

જેઓ, પૂજ્યશ્રીને સાંભળવા માંગે છે, છતાં નથી સાંભળી શકતા, તેઓ માટે આ પ્રકાશન અત્યંત ઉપયોગી બનશે, એવો વિશ્વાસ છે.

પૂજ્યશ્રીએ વાંકી તીર્થે વિ.સં. ૨૦૫૫ના ચાતુર્માસ દરમ્યાન ૧૦૯ સાધુ-સાધ્વીજીઓ સમક્ષ જે વાચનાઓ આપી તેનો સાર અહીં આલેખવાનો પ્રયત્ન થયો છે.

અધ્યાત્મસાર-આત્માનુભવાધિકાર, પંચવસ્તુક ગ્રંથ તથા અધ્યાત્મગીતા પર ચાલેલી વાચનાઓ જો કે પૂ. સાધુ-સાધ્વીજીઓ માટે અપાઈ છે, પણ શ્રાવક-શ્રાવિકાઓને પણ એમાંથી ઘણું માર્ગ-દર્શન, મળશે, એવી શ્રદ્ધા છે.

પૂજ્યશ્રીના હૃદયમાં ભગવાન કેવા વસેલા છે ? તેનો ખ્યાલ આ પુસ્તક વાંચતાં આવશે. પ્રાયઃ કોઈ એવી વાચના નહિ હોય જેમાં ભગવાન કે ભગવાનની ભક્તિની વાત આવી ન હોય. કોઈના પ્રવચનમાં સંસ્કૃતિ, કોઈના પ્રવચનમાં તપ-ત્યાગ, કોઈના પ્રવચનમાં 'સુખ ભૂંડું, દુઃખ રૂડું, મોક્ષ મેળવવા જેવો' ઈત્યાદિ સાંભળવા મળે, તેમ પૂજ્યશ્રીના પ્રવચનોમાં ભક્તિ સાંભળવા મળશે.

ભક્તિની વાત ન આવે તે પૂ. કલાપૂર્ણસૂરિજીનું પ્રવચન નહિ, એમ કહીએ તો પણ ખોટું નથી. માટે જ અત્યારે પૂજ્યશ્રી, જૈન-જગતમાં ભક્તિના પર્યાય તરીકે પ્રસિદ્ધ થઈ ગયા છે.

પૂજ્યશ્રીનો પ્રભુ-પ્રેમ જોતાં આપણને નરસિંહ મહેતાની પેલી પંક્તિ યાદ આવી જાય :

'પ્રેમ-રસ પાને તું મોરના પિચ્છધર !
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.'

ગમે તેટલી તત્ત્વોની વાત આવે તો પણ છેલ્લે ભગવાન કે ભગવાનની ભક્તિની વાત પૂજયશ્રીના પ્રવચનમાં આવી જ જાય.

◆ વાચનાની આ પ્રસાદી વાચનારના હૃદયમાં પ્રસન્નતાનો પમરાટ ફેલાવે, પ્રભુનો પ્રેમ પ્રગટાવે, તેવી અપેક્ષા છે.

કેટલેક સ્થળે ભક્તિ આદિ વાતોની પુનરુક્તિ થયેલી પણ જણાશે. અહીં પ્રશમરતિમાંની પૂજયશ્રી ઉમાસ્વાતિની વાત યાદ કરી લેવી :

વૈરાગ્ય, ભક્તિ આદિની વાત પુનઃ પુનઃ કરવાથી, સાંભળવાથી અને સમજવાથી જ તે અંતરમાં ભાવિત થાય છે. માટે વૈરાગ્યાદિમાં પુનરુક્તિ દોષ નથી.

यद्वद् विषघातार्थं मन्त्रपदे न पुनरुक्तदोषोऽस्ति ।
तद्वद् रागविषघ्नं पुनरुक्तमदुष्टमर्थपदम् ॥

- प्रशमरति-१३

કેટલેક સ્થળે પૂજયશ્રીના આશયને સામે રાખી અમે અમારી ભાષામાં પણ આલેખન કર્યું છે.

પૂજયશ્રીના આશય-વિરુદ્ધ કાંઈ પણ આલેખાયું હોય તે બદલ હાર્દિક મિચ્છામિ દુક્કડં.

વાંકી તીર્થ (કચ્છ) - *ગણિ મુક્તિચન્દ્રવિજય*
વિ.સં. ૨૦૫૬ - *ગણિ મુનિચન્દ્રવિજય*

॥ કલાપૂર્ણોસ્તુ મંગલમ્ ॥

તૃતીય આવૃત્તિ પ્રસંગે...

આ વર્ષે (વિ.સં. ૨૦૫૮) ભુજ ચાતુર્માસાર્થે આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં કચ્છ-વાગડના લગભગ દરેક ગામોમાં (સાંતલપુર, આડીસર, ફતેગઢ, ભીમાસર, પલાંસવા, ગાગોદર, લાકડિયા, વાંકી વગેરે) સ્વ. પૂજ્યશ્રીના સંયમ-જીવનની અનુમોદનાર્થે મહોત્સવ થયેલા.

મહોત્સવોની આ શ્રેણિમાં અમે ગાગોદર આવ્યા ત્યારે કહે કલાપૂર્ણસૂરિ-૧ અંગે વાત નીકળતાં ત્યાંના શ્રાવક દલીચંદભાઈએ કહ્યું : અત્યારે દુર્લભ બની ગયેલું આ પુસ્તક પુનઃ પ્રકાશિત ન થઈ શકે ? એનો પ્રારંભ ગાગોદરથી જ કરીએ.

ગાગોદર સાથે પહેલેથી જ અમારો નાતો જોડાયેલો છે. અમારું પ્રથમ સ્વતંત્ર ચાતુર્માસ (સં. ૨૦૪૨) ગાગોદરમાં થયું. જ્ઞાનસાર પર સમશ્લોકી પદ્યાનુવાદની રચના પણ ત્યારે જ થઈ. અત્યારે સર્વત્ર પ્રસિદ્ધ શ્લોક (મંગલં પદ્મ-જીતાદ્યા, મંગલં કનકો ગુરુઃ । મંગલં સૂરિ-દેવેન્દ્રઃ, કલાપૂર્ણોસ્તુ મંગલમ્ ॥)ની રચના પણ ગયા વર્ષે ગાગોદરમાં આવ્યા ત્યારે સામૈયા દરમ્યાન થઈ હતી. પૂજ્યશ્રીની વિદ્યમાનતામાં બનેલો આ છેલ્લો શ્લોક ગાગોદરમાં રચાઈને ત્યાં પ્રવચનમાં પહેલીવાર બોલાયો હતો.

ગાગોદરના સંઘે કહે કલાપૂર્ણસૂરિ-૧ની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરવા માટે પહેલ કરી. પછી તો બીજા પણ ગામોમાંથી સહયોગ મળ્યો ને એ રીતે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

પૂજ્યશ્રીની વિદ્યમાનતામાં પણ કહે કલાપૂર્ણસૂરિ પુસ્તકના ચારેય ભાગો આરાધક જિજ્ઞાસુઓમાં ખૂબ જ પ્રિય બન્યા હતા ને લોકોએ સિદ્ધયોગીના આ વચનોને આગમતુલ્ય માન્યા હતા. તો પછી ગેરહાજરીમાં તો આ ગુરુવાણીના પવિત્ર ગ્રન્થો બહુમૂલ્ય બની જ જાય, એમાં નવાઈ શી છે ?

આ પુસ્તકો નવા ધાર્મિકને એકવાર વાંચવાથી કદાચ ન પણ સમજાય, પરંતુ જો તે બહુમાનપૂર્વક ફરી-ફરી આ ગ્રંથો

વાંચતા રહેશે તો અવશ્ય એનું હૃદય ઝંકૃત બની ઊઠશે. પ્રભુ-કૃપા જેના પર ઉતરી હશે તેને જ આ ગ્રંથો વાંચવાનું મન થશે, એમ પણ કહી શકાય.

અનેક માણસોએ મુંઝવણ વખતે માર્ગદર્શન આ પુસ્તકના માધ્યમથી મેળવ્યું છે. ઘણા લોકો તો મુંઝવણ વખતે બાર નવકાર ગણીને આ પુસ્તકને ખોલે છે. જે પેજ આવે તેને પ્રભુનો આદેશ સમજી તેમાંથી માર્ગદર્શન મેળવી લે છે. ઘણા આરાધકો આ જ પુસ્તક ફરી-ફરી વાંચે છે. કેટલાક સ્થળે સામાયિકમાં બેસીને એક જણ વાંચીને બોલે ને બીજા સાંભળે, એવું પણ બને છે. કેટલાક (સુનંદાબેન વોરા જેવા) પૂજ્યશ્રીના આ વાક્યોને પોતાના આવાજથી કેસેટમાં ઉતારી તે કેસેટોને અમેરિકા જેવા દેશોમાં વહેંચે છે.

કેટલાક સામયિકો (નિખાલસ જેવા) તેમાંથી પસંદ કરેલા અમુક મુદ્દાઓને પોતાના સામયિકોમાં ટાંકે છે. કેટલાક લોકો એમાંથી સુવાક્યો ચૂંટીને પોતાની ડાયરીમાં ટપકાવે છે. કેટલાક બ્લેક બોર્ડ પર લખે છે. કેટલાક કેલેન્ડરોમાં પૂજ્યશ્રીના સુવાક્યો ટાંકે છે. તો કેટલાક આ ગ્રન્થને સામે રાખી તેના પર વ્યાખ્યાનો આપે છે. (ભુજ-અંજારમાં આ રીતે વ્યાખ્યાનો અપાયા છે.) ક્યાંક આ પુસ્તકો પર પરીક્ષા પણ ગોઠવાય છે તો ક્યાંક આ પુસ્તકોના હિન્દીમાં અનુવાદ પણ થાય છે.

આ પુસ્તકો પર આવેલા બધાના અભિપ્રાયો પ્રગટ કરવામાં આવે તો કદાચ આવો જ મોટો દળદાર ગ્રંથ બની જાય.

પુસ્તકની લોકપ્રિયતાના આથી વધુ બીજા કયા પ્રમાણો હોઈ શકે ?

પ્રાન્તે, પૂજ્યશ્રીની વાણી-ગંગા ચિરકાળ સુધી પૃથ્વીતલ પર વહેતી રહો અને લોકોના હૃદયને પાવન કરતી રહો, એ જ શુભ ભાવના સાથે...

આરાધના ભવન
કચ્છમિત્ર પ્રેસ પાસે,
પો. ભુજ, જી. કચ્છ,
પિન : ૩૭૦ ૦૦૧.

- પં. મુક્તિચન્દ્રવિજય
- ગણિ મુનિચન્દ્રવિજય
વિ.સં. ૨૦૫૮, વિજયા દશમી
(તા. ૧૫-૧૦-૨૦૦૨)

પ્રાસંગિક

વિ.સં. ૨૦૫૫માં પૂજ્યશ્રીનું વાંકી તીર્થમાં ચાતુર્માસ થયું. પૂજ્યશ્રીની નિશ્રામાં અમે ૧૦૯ સાધુ-સાધ્વીજીઓ હતા.

પૂજ્યશ્રીની દિવ્ય વાણી ત્યાં અત્યંત સ્ફૂર્તિપૂર્વક વહેતી હતી. તીર્થનું શાંત વાતાવરણ સાધના આદિ માટે અનુકૂળ હતું. અમે હંમેશની જેમ ત્યારે પૂજ્યશ્રીની વાણીનું નોટમાં અવતરણ કરતા હતા.

અમારી નોટનું ઝેરોક્ષ બીજે મોકલવામાં આવ્યું ત્યારે બધાએ કહ્યું : અમને પણ આ જોઈએ. ૫૦ નકલો ઓછી પડી એટલે ૧૦૦ નકલ ઝેરોક્ષ કરાવી, પરંતુ એટલી નકલો પણ ઓછી પડવાથી મુદ્રિત કરાવવાનો નિર્ણય થયો. ૫૦૦ નકલો તો ઘણી થઈ પડશે, એમ અમે માન્યું. પરંતુ કોઈએ કહ્યું ૧૦૦૦ નકલ છપાવશો તો સારું પડશે. ૫૦૦ નકલ મોંઘી પણ પડશે.

અમે વિચાર્યું : ૧૦૦૦ નકલ છપાઈ તો જશે, પરંતુ વાંચશે કોણ ? લેશે કોણ ?

પરંતુ પ્રકાશિત થતાં જ તે પુસ્તક (કહે કલાપૂર્ણસૂરિ) એટલી ઝડપથી ખલાસ થઈ ગયા કે અમે આશ્ચર્યમાં પડી ગયા.

અનેકાનેક પ્રભાવક આચાર્ય ભગવંતો, સાધકો, સાધ્વીજીઓ આદિના અભિપ્રાયોનો એવો વરસાદ વરસ્યો કે અમે સ્તબ્ધ થઈ ગયા. ખરેખર પૂજ્યશ્રીનો જ આ પ્રભાવ હતો. પછી તો બીજી આવૃત્તિ ૨૦૦૦ નકલ મુદ્રિત કરાવવી પડી. આજ તે પણ અલભ્યપ્રાય બની ગઈ છે. હવે આ ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે.

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક ચાર ભાગોમાં વિભક્ત છે.

પ્રથમ ભાગમાં વાંકીની વાચનાઓ, બીજા ભાગ (કહ્યું કલાપૂર્ણસૂરિએ)માં ચંદાવિજ્ઝય પયન્નાની વાચનાઓ (જે વિહાર તથા પાલિતાણામાં અપાયેલી) તથા ત્રીજા-ચોથા ભાગમાં પાલિતાણામાં અપાયેલી લલિત-વિસ્તરા પરની વાચનાઓ સંગૃહીત છે.

આજે સખેદ લખવું પડે છે કે ભારતીય જૈન સંઘમાં ભગવાનની જેમ પ્રતિષ્ઠિત થનાર પૂજ્ય આચાર્યશ્રી આજે આપણી વચ્ચે નથી.

હમણા બે-ત્રણ દિવસ પહેલા જ સમાચાર આવ્યા છે કે પૂ.સા. સુવર્ણપ્રભાશ્રીજી (વર્તમાન પટ્ટધર પૂ. આચાર્યશ્રી વિજયકલાપ્રભસૂરીશ્વરજી મ.સા. તથા વિદ્વદ્વર્ય પૂ.પં.શ્રી કલ્પતરુવિજયજીના માતૃશ્રી, પૂ. બા મહારાજ) પણ ભરૂચમાં વૈ.સુ. ૧૩, શુક્રવાર, તા. ૨૪-૫-૨૦૦૨ની સાંજે ૪.૩૦ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં છે.

પૂજ્ય આચાર્યશ્રીના આધ્યાત્મિક ઉત્થાનમાં પૂ. બા મહારાજનું પણ મહત્ત્વપૂર્ણ યોગ-દાન રહ્યું છે. જો તેમણે દીક્ષા માટે રજા ન આપી હોત તો ? જીદ્દ કરીને બેસી ગયાં હોત તો ? અક્ષયરાજજી જે વિખ્યાત પૂ. કલાપૂર્ણસૂરિજી બની શક્યા તેમાં પૂ. બા મહારાજનું એટલું મહત્ત્વપૂર્ણ યોગ-દાન છે કે જે ભૂલી ન શકાય.

પૂ. આચાર્યશ્રીના સ્વર્ગવાસ પછી માત્ર ૯૮ દિવસ પછી પૂ. બા મહારાજનું સ્વર્ગ-ગમન ખૂબ જ ખેદ-જનક ઘટના છે, પરંતુ 'કાળ' પાસે આપણે સૌ લાચાર છીએ. આપણે માત્ર આટલી જ કામના કરી શકીએ : 'દિવંગતોના આત્મા જ્યાં હોય ત્યાં પરમ-પદની સાધના કરતા રહે અને આપણા સૌ પર આશીર્વાદની વૃષ્ટિ કરતા રહે.'

◆ આ પુસ્તક શી રીતે વાંચશો ?

કોઈ નવલકથા કે વાર્તાનું આ પુસ્તક નથી, આ તો પરમ યોગીની અમૃત-વાણીનું પુસ્તક છે.

(૧) આને વાંચવાની પ્રથમ શરત આ છે કે સ્વ. પૂજ્ય આચાર્યશ્રી પ્રત્યે હૃદયપૂર્વકનું બહુમાન જોઈએ : જેમની ચેતનાએ પરમ ચૈતન્ય (પરમાત્મા)ની સાથે અનુસંધાન કર્યું છે, એવા સિદ્ધયોગીની દિવ્ય વાણી હું વાંચી રહ્યો છું. મારું કેટલું પુણ્ય કે આવી વાણી વાંચવાનું મન થયું ? ભગવાનની કૃપા વિના આ કાળમાં આવું સાહિત્ય વાંચવાનું મન પણ ક્યાં થાય ?

હમણા ચાર દિવસ પહેલાં કર્મઠ સેવાભાવી કુમારપાલ વી. શાહ વર્ષામેડી ગામમાં મળ્યા. એમણે કહ્યું : મહારાજ !

આપે 'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક પ્રકાશિત કરીને કમાલ કરી છે. હું વાંચું છું ત્યારે વિચાર આવે છે કે ક્યાં અંડરલાઈન કરું ? આખું પુસ્તક જ અંડરલાઈન કરવા જેવું છે. આપે સાર-સારનું જ અવતરણ કર્યું છે.

એક વ્યક્તિએ સ્વ.પૂ. આચાર્યશ્રીનો વાસક્ષેપ લેતી વખતે પાલીતાણામાં કહ્યું હતું : મેં 'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક પાંચ વાર વાંચ્યું છે. હજુ પણ વારંવાર વાંચવા માંગું છું.

બાબુભાઈ કડીવાળાએ એક વખત સભામાં કહેલું : અમે 'કહે કલાપૂર્ણસૂરિ' ગ્રન્થનો દરરોજ સ્વાધ્યાય કરીએ છીએ.

આ બધા ઉદ્‌ગારો હૃદયના બહુમાનને જણાવનારા છે. આવો આદર-ભાવ હોય તો ચોક્કસ તમારા માટે આ પુસ્તકનું વાંચન કલ્યાણકાર બનશે.

આટલો આદર ન હોય, માત્ર જિજ્ઞાસાથી તમે વાંચવા ઈચ્છતા હો તો પણ વાંચો. બની શકે કે વાંચતાં-વાંચતાં પણ આદર પેદા થઈ જાય.

આ પુસ્તકમાં શબ્દ-વૈભવ નથી, વાણી-વિલાસ નથી, સીધા-સાદા શબ્દોમાં સ્વયંની અનુભૂતિને અભિવ્યક્ત કરવાનો પ્રયાસ છે.

પૂજયશ્રીની અનુભૂતિ ખૂબ જ તીવ્ર હતી, પરંતુ અનુભૂતિની અપેક્ષાએ અભિવ્યક્તિ કદાચ ધારદાર નહોતી. તો પણ અભિવ્યક્તિ કરવાની યથાશક્ય કોશીશ તો પૂજયશ્રી કરતા જ રહ્યા હતા.

અનુભૂતિ કાંઈ ન હોય, પરંતુ કેટલાક લોકોની અભિવ્યક્તિ એટલી ધારદાર હોય છે કે સાંભળનાર-વાંચનાર એમના પર મુગ્ધ થઈ જાય છે. સુંદર શબ્દોના પેકિંગમાં ઉધાર માલ (પોતાની પાસે અનુભવના નામે મીંડું હોય) વેંચનારા ઘણા હોય છે, પરંતુ આ પુસ્તકના ઉદ્‌ગાતા પૂ. આચાર્યશ્રી અનુભૂતિના સ્વામી હતા.

અમને તો એમ લાગે છે કે પૂજયશ્રીની અનુભૂતિ ખૂબ જ તીવ્ર હતી, પરંતુ જ્યાં સુધી શાસ્ત્રાધાર ન મળે ત્યાં સુધી એ અનુભૂતિને વ્યક્ત નહિ કરતા હોય. માટે જ પૂજયશ્રી જે જે વાત કરતા એ બધામાં શાસ્ત્ર-પંક્તિઓ આધારના રૂપમાં

ટાંકતા જ હતા. આ પુસ્તકમાં આપ આ જોઈ શકો છો.

(૨) બીજી વાત એ છે કે એક વાર વાંચીને આ પુસ્તકને છોડી નહિ દેતા. આ પુસ્તક એક જ વાર વાંચવા જેવું નથી, વારંવાર વંચાશે તો જ પૂજયશ્રીની વાતો અંતઃકરણમાં ભાવિત બનશે.

(૩) એક વ્યક્તિ વાંચે અને બીજા બધા સાંભળે એવું પણ કરી શકાય. કેટલીક જગ્યાએ એવું થાય પણ છે.

આવા પ્રકાશનોના મુખ્ય પ્રેરક પૂજયશ્રીના પટ્ટપ્રભાવક પૂ. ગુરુદેવ આચાર્યશ્રી વિજયકલાપ્રભસૂરીશ્વરજી મ.સા., વિદ્વદ્વર્ય પૂ.પં.શ્રી કલ્પતરુવિજયજી, પ્રવક્તા પૂ.પં.શ્રી કીર્તિચન્દ્રવિજયજી, આદિને અમે વંદનપૂર્વક યાદ કરીએ છીએ.

ગણિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી, ગણિશ્રી તીર્થભદ્રવિજયજી, ગણિશ્રી વિમલપ્રભવિજયજી, મુનિશ્રી કુમુદચન્દ્રવિજયજી, મુનિશ્રી કીર્તિરત્નવિજયજી, મુનિશ્રી હેમચન્દ્રવિજયજી, મુનિશ્રી આનંદવર્ધનવિજયજી, મુનિશ્રી તત્ત્વવર્ધનવિજયજી, મુનિશ્રી અનંતયશવિજયજી, મુનિશ્રી અમિતયશવિજયજી, મુનિશ્રી આત્મદર્શનવિજયજી, મુનિશ્રી તત્ત્વદર્શનવિજયજી, મુનિશ્રી અજિતશેખરવિજયજી આદિને પણ અમે યાદ કરીએ છીએ.

અંતે, આવી દિવ્ય વાણીની વૃષ્ટિ કરનાર પૂજયશ્રીના દિવંગત આત્માને અમે વંદન કરીએ છીએ. શંખેશ્વરમાં પૂજયશ્રીને યાદ કરતાં જે પંક્તિઓ સહજપણે નીકળી તે પ્રસ્તુત કરીએ છીએ :

नमस्तुभ्यं कलापूर्ण ! मग्नाय परमात्मनि ।
त्वयात्र दुःषमाकाले भक्तिगंगावतारिता ॥

પરમાત્મામાં લીન ઓ પૂજય કલાપૂર્ણસૂરિજી ! આપે આ દુઃષમા કાળમાં ભક્તિગંગાનું અવતરણ કરાવ્યું છે.

આપને અમે નમસ્કાર કરીએ છીએ.

વિ.સં. ૨૦૫૮, વૈ.વ. ૧ - ***પં. મુક્તિચન્દ્રવિજય***
૨૭-૫-૨૦૦૨, સોમવાર - ***ગણિ મુનિચન્દ્રવિજય***
(પૂ.આ.ભ. તથા પૂ. બા મહારાજના *નયા અંજાર, જૈન ઉપાશ્રય*
સંયમ-જીવનની અનુમોદનાર્થે થયેલા *કચ્છ*
જિન-ભક્તિ-મહોત્સવનો બીજો દિવસ)

કહ્યું કલાપૂર્ણસૂરિએ

(પૂજ્યશ્રીનું સાંસારિક જીવન : પૂજ્યશ્રીના જ મુખે)

- અવતરણ : પં. મુક્તિચન્દ્રવિજય
ગણિ મુનિચન્દ્રવિજય

વિ.સં. ૨૦૪૧ નાગોર (રાજસ્થાન)માં વૈ.સુ. ૨ના દિવસે અમે બધાએ સાથે મળીને પૂજ્યશ્રીને કહ્યું : હિતશિક્ષા અમે ઘણીવાર સાંભળી. આજે આપના ૬૨મા જન્મ-દિવસે અમારે આપના અજ્ઞાત ગૃહસ્થ-જીવન અંગે જાણવું છે. આપ કૃપા કરો.

પહેલી વખત તો પૂજ્યશ્રીએ ચોકખી ના પાડી દીધી : પોતાના વિષે કાંઈ પણ કહેવું સારું નહિ.

પરંતુ અમારા બધાના બહુ જ આગ્રહથી દાક્ષિણ્યગુણના સ્વામી પૂજ્યશ્રીએ પોતાના સાંસારિક જીવન અંગે કહ્યું અને અમે તેનું એક નોટમાં અવતરણ પણ કર્યું.

એ નોટના આધારે વિ.સં. ૨૦૪૪માં સમાજ-ધ્વનિ વિશેષાંકમાં અમે પૂજ્યશ્રીનું જીવન-દર્શન પણ લખ્યું, જે કહે કલા-પૂર્ણસૂરિ-૪ પુસ્તકના અંત ભાગમાં પ્રકાશિત પણ થઈ ચૂક્યું છે.

આ વર્ષે (વિ.સં. ૨૦૫૮) પૂજ્યશ્રીના સ્વર્ગગમન પછી અમને એ નોટ યાદ આવી, પરંતુ ભૂકંપમાં અનેક ગામો સાથે અમારું મનફરા ગામ પણ સંપૂર્ણ ધ્વસ્ત થયું હતું. અમારી નોટ પણ ત્યાં ક્યાંક ગુમ થઈ જવાની શંકાથી મળવાની સંભાવના ન હતી. પરંતુ હમણા (ચૈ.વ. ૧૪, ૨૦૫૮) ગાગોદરમાં એ આત્મકથાનું અવતરણ છબીલે પોતાની નોટમાં કર્યું હતું, (વિ.સં. ૨૦૪૨માં અમારું ચાતુર્માસ ગાગોદરમાં હતું ત્યારે) તે મળતાં અમે આનંદિત થઈ ઊઠ્યા. સ્વ. પૂજ્યશ્રીની ભાષામાં કહીએ તો પ્રભુએ અમારો મનોરથ પૂર્ણ કરી આપ્યો.

યાદ રહે કે પોતાના ગૃહસ્થ-જીવન પર પૂર્ણરૂપે પૂજ્યશ્રીએ એક જ વાર કહ્યું છે. તે પૂજ્યશ્રીનું જીવન અહીં પ્રસ્તુત છે.

આશા છે : આના દ્વારા વાંચકોને પ્રેરણા મળશે કે શ્રાવકનું જીવન કેવું હોવું જોઈએ ?

- સંપાદક

ફલોદીમાં ૧૯૮૦ વૈશાખ સુદ ૨ના સાંજે પ્રાયઃ સવા પાંચ વાગે હું જન્મ્યો. ૩ વર્ષનો હતો ત્યારે કોઈની સાથે જતાં હું ખોવાઈ ગયેલો. ઘણી શોધખોળને અંતે ઘરના પાછળના ભાગમાંથી હું મળ્યો.

મારા બાપુજી આદિ ૩ ભાઈઓ હતા : પાબુદાન - અમરચંદ - લાલચંદ. પાબુદાન તે મારા બાપુજી. સ્વભાવના ભદ્રિક - સરળ પ્રકૃતિવાળા. અમરચંદ બહુ કડક - લાલચંદ પાકા જુગારી. જુગારી એટલા કે ઘરનો દરવાજો પણ વેંચી આવે. એક વખતે હું નાનો હતો ત્યારે આંગણામાં ખાટલા ઉપર સૂતો હતો. ત્યારે લાલચંદ મારા કાનનું ઘરેણું લઈને (ખેંચીને જમણો કાન તોડીને) ગયેલા. હમણા જમણા કાનમાં તે નિશાની દેખાય છે. (પૂજ્યશ્રીના ફોટામાં આ ચિહ્ન આપ જોઈ શકો છો.) મોટા પરિવારના કુટુંબમાં ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા લોકો હોય છે.

અમરચંદજી વ્યવસાય માટે મદ્રાસ ગયેલા. જ્યારે મારા પિતા પાબુદાન હૈદ્રાબાદ ગયેલા. મારા દાદીમાનું નામ શેરબાઈ. નામ તેવા જ ગુણ. શેર જેવી જ તેમની છાપ. ચોર પણ એમનાથી ધ્રુજે. આડોશી પાડોશીમાં કોઈ માંદું હોય તો દવા કરવા માટે સજ્જ. ઘરગત્થુ ઔષધની પણ જાણકારી જબરી.

મારા મા ખમાબેન. ગોલેછા પરિવારના બાગમલના પુત્રી. પ્રકૃતિથી ખૂબ જ ભદ્રિક અને સરળ. મુક્તિચન્દ્રનાં બા ભમીબેન જેવાં જ. આકૃતિ અને પ્રકૃતિથી બરાબર મળતા આવે. એમને જોઉં ત્યારે મારી બા અવશ્ય યાદ આવે. અને મારા મામા આગર (નાગેશ્વર તીર્થ (M.P.) પાસેનું ગામ)ના માણેકભાઈ જેવા આકૃતિ-પ્રકૃતિથી મળતા. દાદીમા અને માતા પાસેથી મને ધર્મ સંસ્કારો મળતા.

◆ મારૂં શરીર કોમળ હોવાથી નાનો હતો ત્યારે ગામમાં લોકો મને માખણીયો કહેતા.

◆ ચુનાની ભઠ્ઠીમાં થતો આરંભ જોઈને આઠ વરસમાં વૈરાગ્યના સામાન્ય બી પડેલા.

મામા માણેકલાલનો મારા ઉપર બહુ પ્રેમ. હું જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે મને હૈદ્રાબાદ લઈ ગયેલા. ૧૨ માસ પછી ત્યાં પ્લેગનો રોગ થતાં માણસો ટપોટપ મરવા લાગ્યા. એટલે મને ફલોદી બોલાવી લીધેલો.

ફલોદીમાં કુંદનમલ માસ્તર પાસેથી અંક જ્ઞાન મળ્યું. હિસાબ - કિતાબ - લેખા વિ. પારસમલજીએ શીખવ્યું. તે વખતે બીજા ધોરણથી ઈંગ્લીશ ચાલતું. પાંચ ચોપડી સુધી ભણ્યો છું. દરેક વખતે ભણવામાં પ્રથમ હરોળમાં નંબર રહેતો. મારો અભ્યાસ જોઈને માસ્તર ખુશ થતા. ત્રીજી ચોપડીમાંથી સીધા પાંચમા ધોરણમાં ચડાવેલો. ચોથા ધોરણના અભ્યાસની જરૂર પડી નથી.

મારા જન્મ પહેલા ચાર ભાઈઓ તથા બે બેનો ગુજરી ગયેલા. સૌથી નાનો હું હોવાથી મામાને હું વધારે લાડકો હતો. ચંપાબેન અને છોટીબેન બંને મારાથી મોટાં છે. હાલ ચંપાબેન જીવતા છે. (વિ.સં. ૨૦૪૧)

નેમિચંદ બછાવતની બા મોડીબાઈ રાસ-ચરિત્રાદિ વાંચતા - બધાને ભેગા કરી સંભળાવતા. હું પણ ગલીના નાકે જતો, સાંભળતો અને વૈરાગ્ય જેવું કાંઈક થતું.

મને પણ મહાપુરુષ જેવા થવાનું મન થતું. અઈમુત્તા, શાલિભદ્ર જેવું પવિત્ર જીવન જીવવાનું મન થતું.

ઝગડો કરવાનું કદી શીખ્યો નથી. માસ્તરે મને કદી માર્યો હોય એવું યાદ આવતું નથી. નાનો હતો ત્યારથી જ જરૂરીયાત પૂરતું બોલતો.

મામાને મારા ઉપર પૂરો હેત. એમને એવી લગન કે મારે આ અક્ષયરાજને સારો તૈયાર કરવો છે. ૧૩ વર્ષની ઉંમરે ફરી મને હૈદ્રાબાદ લઈ ગયેલા. અઢી વર્ષ ત્યાં રહ્યો. મામા ખરતરગચ્છના હતા, છતાં ઉદાર હતા. ઉદારવૃત્તિના કારણે પ્રતિક્રમણમાં સકલતીર્થ મારી પાસેથી સાંભળતા - બોલાવતા.

નાના બાગમલજીનો મારા ઉપર બહુ પ્રેમ. તેમને હું

વહાલો થઈ પડતો.

મારું પ્રથમ સગપણ ૧૫ વર્ષની ઉંમરે થઈ ગયેલું, પણ મારું કદ નાનું હોવાથી તેમજ એમને પણ બીજો મુરતીયો મળી ગયો હોવાથી એ સગપણ એમણે તોડી નાંખ્યું.

(પ્રથમ સગપણ કુદરતી રીતે તૂટી ગયેલું. એમાં પણ ખરેખર કુદરતી - સંકેત હોય છે. પ્રથમ સગપણવાળા સાથે પરણીને હેરાન જ થયા છે - બિમાર રહેવાથી.)

હૈદ્રાબાદથી ૧૯૯૬માં ફલોદી પાછો આવ્યો. મિશ્રીમલજી (પૂ. કમળ વિ.)ના પિતા લક્ષ્મીલાલજીએ મારી પ્રશંસા સાંભળેલી હશે. આથી મારા મામા (માણેકચંદજી) મારફત મિશ્રીમલજીની પુત્રી રતનબેન સાથે મારા લગ્ન ૧૫-૧૬ વર્ષની ઉંમરે થયા. મહા માસમાં (વિ.સં. ૧૯૯૬) લગ્ન થયા અને વૈશાખ માસમાં મારા મામા ગુજરી ગયા. આમ હૈદ્રાબાદનો સંબંધ પૂરો થયો. છેલ્લે છેલ્લે એમને (મામાને) સંગના કારણે સટ્ટાનો રંગ લાગેલો. હૈદ્રાબાદમાં લતામાં રહેતા કોઈ કુટુંબોમાંથી એકનો પણ વંશવારસો ચાલ્યો નથી. કોણ જાણે નિઝામના રાજ્યમાં પૈસા જ કોઈ એવા આવ્યા હશે.

હૈદ્રાબાદમાં વાંચનનો રસ હતો. કલકત્તાથી 'જિનવાણી' છાપું મંગાવતો. જો કે તે દિગંબર છાપું હતું, પણ તેમાં કહાની (કથા) વાંચવાની મને મજા આવતી. કાશીનાથ શાસ્ત્રીના કથા પુસ્તકો પણ ઘણા વાંચેલા છે. ચરિત્ર વાંચીને હું વિચારતો કે ક્યારે આવું જીવન જીવીશ ?

વિજય શેઠ વિજયા શેઠાણી જેવું પવિત્ર જીવન કેમ ન જીવાય ?

૧૯૯૮માં એક વરસ ફલોદીમાં દલાલીનો ધંધો શરૂ કર્યો.

નાનપણથી ધાર્મિકવૃત્તિ હતી. બાળપણમાં પ્રભાવનાની લાલચે ને ત્યાર પછી સંગીત તથા ભક્તિરસની લાલચે પૂજામાં જતો. ગામમાં કોઈ પણ

દેરાસરમાં પૂજા હોય તો મારી હાજરી હોય જ.

લગ્ન વખતે પણ રાત્રે ખાધું નથી.

પ્રકૃતિથી બોલવાનું ઓછું તથા હિસાબમાં પાકો.

ફલોદીમાં સવારે ૮ વાગે દૂધ પી ચિંતામણિ દેરાસરમાં જતો. જમવા માટે બહુ મોડેથી જતો. ક્યારેક - ક્યારેક ૨-૩ પણ વાગી જતા. બપોરે ફક્ત એક કલાક ચનણમલજી સાથે દલાલી કરીને સંગીત શીખવા જતો. ક્યારેક ક્યારેક આખો દિવસ (જમીને) દેરાસરમાં કાઉસ્સગ્ગ વિગેરેમાં વીતાવતો. પૂજારી ઓળખીતો હતો - બહારથી તાળું હોય.

પરલોક - આત્માદિની વિચારણા કરતો. જેવી આવડે તેવી રીતે પોતાની મેળે વિચારના ચક્કર ચાલુ હોય.

એક વખતે જમતી વખતે મારી માતાએ સહજ રીતે વાત કરી : "આવી રીતે ક્યાં સુધી ખાવું છે ?" મને પણ વિચાર આવ્યો કે વ્યવહાર ખાતર પણ બહાર જવું જોઈએ. કમાણી માટે ક્યારેય ખાસ પ્રયત્ન કર્યો નથી. પ્રભુ ઉપર પાકી શ્રદ્ધા. પ્રભુના બળથી મારૂં કાર્ય બરાબર પાર પડી જતું.

માતાના કહેવાથી હું રાજનાંદગાંવ ગયો. ત્યાં પણ હું ધર્મને ભૂલ્યો નથી. ધાર્મિક નિયમ સારી રીતે પાળતો. પૂજા-સામાયિકાદિ ગમે તેવી પરિસ્થિતિમાં અવશ્ય કરવાના જ. પહેલાં હું તિવિહાર કરતો, પણ સંપતલાલજી છાજેડના કહેવાથી હું ચોવિહાર કરતો થયો. એક વખત કામના બોજના કારણે રાત્રે બે વાગી ગયા. દેવસિય પ્રતિક્રમણ થાય નહીં એટલે સામાયિક કરવા બેઠો. મને સામાયિક કરતો જોઈને શેઠ આશ્ચર્ય પામ્યા, અને કહ્યું કે, 'દુકાનનું કામ તો થતું રહેશે, તું તારૂં કામ પહેલું પતાવજે.'

મેડતા રોડ તથા કરેડા જેવા પ્રતિમા રાજનાંદગાંવમાં હતા અને તે બાજુમાં વસંતપુરમાં કપડાનું ગોદામ હતું. ત્યાંથી માલ આપવાનું કામ કરતો. એક કલાક જેટલું કામ

હોય. બાકીના કલાકો ગોદામમાં જીવ - જગત - આત્માની વિચારણામાં પસાર કરતો. (સાચું કહું તો ધ્યાનનો રંગ ત્યારથી લાગ્યો છે.) તે વખતે મહિને ૨૫.૦૦ રૂપિયા મળતા. પછી બીજી વખત રાજનાંદગાંવ આવ્યો ત્યારે સંપતલાલજીનો સ્વર્ગવાસ થઈ ગયો હતો. જમનાલાલજીને મારી ધર્મક્રિયા નહિ ગમવાથી નોકરી છોડીને સોના-ચાંદીનો ધંધો શરૂ કર્યો. પણ તેમાં ફાવટ ન આવી. પછી કાપડનો ધંધો શરૂ કર્યો. તેમાં ફાવટ આવી. (કારણ કે ઓરિસ્સા, જયપુરમાં કાપડનો ધંધો શીખ્યો હતો.)

દેરાસરમાં જાઉં ત્યારે ખીસ્સામાં જેટલા પૈસા હોય એટલા ભંડારમાં ખાલી કરતો. નોકરી વખતે તો ઓછા હોય, પણ ધંધો શરૂ થયા પછી તો ઘણા હોય, પણ હું દેરાસર જાઉં તો ભંડારમાં નાંખ્યા વિના ન રહું.

ત્યાં પૂ. વલ્લભસૂરિજીના રૂપવિજયજી મ.સા.નું ચાતુર્માસ હતું. એમની પાસે પૂ. રામચન્દ્રસૂરિજીનું 'જૈન પ્રવચન' આવતું. એ વાંચતાં વૈરાગ્યમાં વૃદ્ધિ થઈ. વૈરાગ્ય એટલો મજબૂત થઈ ગયેલો કે ત્યાર પછી કોઈના પણ મરણ વખતે આંસુ આવ્યા નથી. માત્ર પૂ. કનકસૂરિજી મ.સા.ના કાળધર્મ વખતે આંસુ આવેલા.

વિ.સં. ૨૦૦૬માં માતાજીનું ૨૦૦૭માં પિતાજીનું અવસાન થયું.

પછી રૂપવિજયજી મ.સા. પાસે ચતુર્થવ્રત લીધું. બધા કહેવા લાગ્યા કે અક્ષયરાજ દીક્ષા લેશે. જો કે તે વખતે મારો દીક્ષાનો વિચાર ન હતો.

પ્રથમ પુત્ર : જ્ઞાનચન્દ્ર (કલાપ્રભસૂરિજી)નો જન્મ સંવત્ ૨૦૦૦ કા. સુદ ૯, સાંજે પાંચ વાગે થયો.

બીજા પુત્ર : આશકરણ (કલ્પતરૂવિજય)નો જન્મ સંવત્ ૨૦૦૨ મા.વ. ૪, રાત્રે ૧૧.૩૦ વાગે થયો.

પછી એવો વૈરાગ્ય આવી ગયો કે પૈસા કોના માટે કમાવાના ? આમ દીક્ષાની ભાવના થઈ. ઘરવાળાને કહ્યું :

હું કા.સુ. ૧૫ પછી દીક્ષા લઈશ. રજા ન આપો તો ચારેય આહારનો ત્યાગ. સસરા મિશ્રીમલજીએ એ વાતને ટેકો આપ્યો. એમણે કહ્યું : મારી પણ વર્ષોથી એ જ ભાવના છે.

ઘરવાળાએ કહ્યું : અમારૂં શું થશે ? અમારો તો વિચાર કરો. અમને પણ તૈયાર કરો. અમે પણ દીક્ષા લઈશું.

એ વખતે ચોમાસું રહેલા પૂ. સુખસાગરજીએ સલાહ આપી કે, 'तुम दीक्षा तो लोगे लेकिन किसीका परिचय किया है ? अभ्यास है ? प्रथम अध्ययन करो, कोइ साधुका परिचय करो, बच्चों को तैयार करो, बाद में दीक्षा लेना । મને આ સલાહ ઠીક લાગી.

૧૨ મહિના પાલીતાણા રહ્યો. ચોમાસું અમદાવાદ પૂ. બાપજી મ.સા. તથા પૂ. કનકસૂરિ મ.સા. પાસે રહ્યો. રતનબેન ભાવનગરમાં નિર્મળાશ્રીજી પાસે રહ્યાં. એ વખતે મુમુક્ષુપણામાં પ્રભાકર વિ. તથા નાનાલાલભાઈ ત્યાં હતા.

ચાતુર્માસ પછી ધંધુકામાં પૂ. કનકસૂરિજી મ.સા.એ રતનબેન માટે સુનંદાશ્રીજીનું નામ સૂચવ્યું.

મુહુર્ત ન નીકળે ત્યાં સુધી છવિગઈ ત્યાગ હોવાથી જયપુરથી સાસુ-સસરા આવેલા.

વિરોધ કરનારને કહેતો કે 'આપ ભલા તો જગ ભલા.'

આમ ગૃહસ્થપણાનો પરિચય પૂરો થયો, દીક્ષા પછી તો સૌ જાણે છે.

- પૂ.આ.શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.

નાગોર (રાજ.) જૈન ઉપાશ્રય
વિ.સં. ૨૦૪૧, વૈ.સુ ૨
બપોરે ૩.૩૦ થી ૪.૪૫

પરમ શ્રદ્ધેય સચ્ચિદાનંદમય પૂજ્ય આચાર્યશ્રીનું મહાપ્રયાણ

મહા સુ. ૩ (વિ.સં. ૨૦૫૮)નો દિવસ હતો. અમે મનફરા (કચ્છ-વાગડ)માં પ્રભુ-પ્રવેશ-પ્રતિષ્ઠા આદિ કાર્યો માટે આવેલા હતા. એ જ દિવસે અમે કહે કલાપૂર્ણસૂરિ-૧નો હિન્દી અનુવાદ '*Tejas Printers*' વાળા તેજસભાઈને આપેલો.

એ જ દિવેસ સાંજે વિહાર કરીને અમે માય નામના નાનકડા ગામમાં આવ્યા. ભૂકંપથી આખું ગામ ભાંગી ગયું હોવાના કારણે ગામથી એક કિ.મી. દૂર ભચા ગણેશાની વાડીમાં પતરાના રૂમમાં અમે રાત ગાળી. રાતના ખુલ્લા આકાશમાં અમે એક તેજસ્વી તારો ખરતો જોયો. બીજા જ દિવસે જિન-શાસનનો પ્રકાશમાન સિતારો અદશ્ય થવાનો હતો, તેનો શું આ પૂર્વ સંકેત હશે ?

બીજે દિવસે વિહારમાં જ સવારે ૯.૩૦ કલાકે અમે લાકડીઆ સંઘના માણસો પાસેથી પૂજયશ્રીના કાળધર્મના સમાચાર સાંભળ્યા ત્યારે આઘાત અને આશ્ચર્યથી સ્તબ્ધ બની ગયા. ધીરે-ધીરે આંખો સજળ બનતી ગઈ. આધોઈમાં આવીને દેવ-વંદન કર્યા પછી હૃદય એટલું ભરાઈ ગયેલું કે ગુણાનુવાદ માટે બે-ચાર વાક્ય માંડ-માંડ બોલી શકાયા.

વારંવાર એક જ વાત મગજમાં ઘુમરાવા લાગી : આવા પ્રભુમગ્ન, પ્રબુદ્ધ, સચ્ચિદાનંદમય સદ્‌ગુરુનો યોગ ફરી આ વિશ્વને ક્યારે મળશે ? એમની દિવ્ય વાણી ફરી ક્યારે કાને પડશે ? તીર્થંકર પ્રભુના સમવસરણની સ્મૃતિ કરાવનાર એમની દેશના-સભા હવે ક્યાં જોવા મળશે ?

તો પણ એટલો આનંદ છે કે ૩૦-૩૦ વર્ષ સુધી પૂજ્યશ્રીનું પાવન સાન્નિધ્ય મળ્યું. વર્ષો સુધી પૂજ્યશ્રીના ચરણોમાં બેસવાનું, પૂજ્યશ્રીની વાણી સાંભળવાનું સૌભાગ્ય મળ્યું. વાંકી (વિ.સં. ૨૦૫૫) તથા પાલિતાણા (વિ.સં. ૨૦૫૬) ચાતુર્માસની વાચનાઓ સાંભળવાનું સદ્‌ભાગ્ય મળ્યું.

(જો કે, દર વખતે વાચનાઓ સાંભળવાનું મળતું ને અમે અવતરણ પણ કરતા, પરંતુ આ વખતે લખાયેલું પુસ્તકરૂપે પ્રકાશિત થયું, એ વિશેષતા હતી.) માત્ર સાંભળવાનું જ નહિ, પરંતુ તે જ વખતે અવતરણ કરવાનું અને પ્રકાશિત કરાવવાનું પણ સદ્‌ભાગ્ય મળ્યું. આજે પૂજ્યશ્રીની ગેરહાજરીમાં વિચાર આવે છે : આ બધું શી રીતે થઈ ગયું ? આમ તો અમારા છેલ્લા ૧૬ વર્ષોથી પ્રાયઃ અલગ ચાતુર્માસ થતા રહે છે. તો પણ વાંકી-પાલીતાણા ચાતુર્માસ સાથે થવા, વાચનાઓનું અવતરણ થવું, પ્રકાશિત થવું, આ બધું જલ્દી-જલ્દી શી રીતે થઈ ગયું ? જાણે કોઈ અજ્ઞાત શક્તિએ અમારી પાસેથી આ કામ કરાવી લીધું. પૂજ્યશ્રીની ભાષામાં કહીએ તો પ્રભુએ આ કામ કરાવી લીધું. પજ્યશ્રી દરેક વાતમાં પ્રભુને જ આગળ રાખતા હતા.

(પૂજ્યશ્રીની વાણીનું અવતરણ, જે અમે કંઈક પરિષ્કાર અને કંઈક ભાષાકીય પરિવર્તન કરીને કરીએ છીએ, તેમાં ક્યાંય પૂજ્યશ્રીના આશયથી વિરુદ્ધ તો નહિ થતું હોય ને ? એવી અમને થોડી શંકા રહ્યા કરતી હતી. એક વખત (લાકડીઆ - સિદ્ધાચલના છ 'રી'પાલક સંઘમાં ઉપરિયાળાની આસપાસના કોઈ ગામમાં, (વિ.સં. ૨૦૫૬) વાચના પછી અમે પૂજ્યશ્રીને અમારી નોટ આપી દીધી અને કહ્યું : 'જો ક્યાંય ભૂલ હોય તો સુધારશો. પૂજ્યશ્રીએ બે દિવસ નોટ જોઈ અને કહ્યું : તમે મારા જ મનની વાત વિશેષ પુષ્ટ બનાવો છો. હવે તમારે નોટ બતાવવાની કોઈ જરૂર નથી. અવતરણમાં કોઈ ભૂલ નથી.'

પૂજ્યશ્રીના અભિપ્રાયથી અમે સંતુષ્ટ થયા.

એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે : વિ.સં. ૨૦૫૨માં અમારું હુબલી ચાતુર્માસ હતું ત્યારે પૂજ્યશ્રીનું કોઈમ્બત્તૂરમાં હતું. ત્યાંથી પૂજ્યશ્રીનો પત્ર આવ્યો :

मंत्रमूर्तिं समादाय, देवदेवः स्वयं जिनः ।
सर्वज्ञः सर्वगः शान्तः, सोयं साक्षाद् व्यवस्थितः ॥

આ શ્લોકનો ગુજરાતીમાં પદ્યાનુવાદ જોઈએ.

અમે તરત જ હરિગીતમાં પદ્ય બનાવીને મોકલ્યું :

'પ્રભુ-મૂર્તિમાં છે શું પડ્યું ? છે માત્ર એ તો પત્થરો,
પ્રભુ-નામમાં છે શું પડ્યું ? છે માત્ર એ તો અક્ષરો',
એવું કહો ના સજ્જનો ! સાક્ષાત્ આ ભગવાન છે,
નિજ મંત્ર-મૂર્તિનું રૂપ લઈ પોતે જ અહીં આસીન છે.'

આ પદ્યાનુવાદ જોઈને પૂજ્યશ્રી ખૂબ જ પ્રસન્ન થયા અને પ્રત્યુત્તર આવ્યો :

મારા મનની જ વાત તમે સ્પષ્ટરૂપે પદ્યમાં મૂકી છે.
પૂજ્યશ્રીની પ્રસન્નતાથી અમે પણ પ્રસન્ન થયા.)

એ વખતે તો અમને કલ્પના સુદ્ધા ન હતી કે પૂજ્યશ્રીની આ બધી અંતિમ દેશનાઓ છે. કલ્પના કરીએ પણ શી રીતે ? કારણ કે પૂજ્યશ્રીની એટલી સ્ફૂર્તિ હતી, મુખ પર એટલું તેજ હતું કે મૃત્યુ તો શું ઘડપણ પણ એમની પાસે આવતાં ડરતું હોય, તેમ અમને લાગતું હતું. સામાન્ય માણસની ઉંમર વધતી જાય તેમ તેમ ચહેરો ચમક વગરનો બનતો જાય છે, કરચલીઓ વધવા લાગે છે, પરંતુ અમે પૂજ્યશ્રીના ચહેરા પર વધતી ચમકને જોઈ રહ્યા હતા. આટલી ચમક, આટલી સ્ફૂર્તિ હોય તો અમે એમ કેમ માની લઈએ કે પૂજ્યશ્રી હવે થોડા જ સમયના મહેમાન છે ?

પાલીતાણા ચાતુર્માસ પછી માગ. સુ. ૫ (વિ.સં. ૨૦૫૭)ના ત્રણ પદવીઓ તથા ૧૪ દીક્ષાઓ થઈ. એના બીજા જ દિવસે પૂજ્યશ્રીનો વિહાર થયો. ત્યારે અમને ક્યાં ખ્યાલ હતો કે પૂજ્યશ્રીના આ અંતિમ દર્શન છે ?

પૂજ્યશ્રીએ અંતિમ ચાતુર્માસ પોતાની જન્મભૂમિ ફલોદીમાં કર્યું. છેલ્લા બે વર્ષોમાં પૂજ્યશ્રીએ એવા-એવા કાર્યો કર્યા, જાણે પૂજ્યશ્રીએ પોતાના મૃત્યુની પૂર્વ તૈયારી કરી લીધી હોય !

કચ્છના વાંકી તીર્થમાં ચાતુર્માસ કરવું, આચાર્ય - પંન્યાસ - ગણિ આદિ પદ-પ્રદાન કરવું, પાલીતાણામાં ચાતુર્માસ કરવું, ચાતુર્માસમાં લગભગ સંપૂર્ણ સાધુ - સાધ્વી - સમુદાયને સાથે રાખવો, બધા સાધુ - સાધ્વીજીઓને યોગોદ્વહન કરાવવા, આ બધા એવા કાર્યો હતા જેને આપણે મૃત્યુની પૂર્વ તૈયારી માની શકીએ.

◆ **પૂજ્યશ્રીનું મહાસમાધિપૂર્ણ મૃત્યુ :**

પૂજ્યશ્રીને મૃત્યુના ૭-૮ દિવસ પહેલાં શર્દી-તાવ થઈ ગયા હતા, કે જે સામાન્યથી તેઓને થયા કરતું હતું. તે વખતે ભયંકર ઠંડી હતી. એક વાર તો ઠંડી શૂન્ય ડીગ્રી સુધી પણ પહોંચી ગઈ હતી. ત્યારે કોઈને આવી કલ્પના પણ ન આવી કે આ ઠંડી - તાવ પૂજ્યશ્રી માટે જીવલેણ બનશે. સામાન્ય આર્યુવેદિક ઉપચાર કર્યા. મહા. સુ. ૧ના દિવસે પૂજ્યશ્રીએ રાજસ્થાનના કેશવણા ગામમાં (જાલોરથી ૧૦ કિ.મી. દૂર) પ્રવેશ કર્યો. માંગલિક વ્યાખ્યાન પણ આપ્યું. આ પૂજ્યશ્રીનું અંતિમ વ્યાખ્યાન હતું.

પૂજ્યશ્રીની અંતિમ વાચના રમણીયા ગામમાં પોષ વ. ૬ (મહા વ. ૬) થઈ હતી. રમણીયા ગામના લાલચંદજી મુણોત (હાલ મદ્રાસ) ત્યારે આખા ગામમાં કહેવડાવ્યું હતું કે : આજે પ્રભુની દેશના છે માટે બધા જરૂર - જરૂર પધારજો... પધારજો...

તે દિવસે પૂજ્યશ્રીએ વાચનામાં કહ્યું હતું કે લલિત વિસ્તરા ગ્રન્થનું અધ્યયન - મનન જરૂર કરવા જેવું છે. જો સંસ્કૃતમાં તમે ન સમજી શકો તો મારા ગુજરાતી પુસ્તક (કહે કલાપૂર્ણસૂરિ)ને તો જરૂર જરૂર વાંચજો.

તેના પછી ફરીથી એક કલાક સુધી મંદિરમાં પ્રભુ-ભક્તિ કરી ને પછી ઉપાશ્રયમાં ઉપર જ રહ્યા.

પૂજ્યશ્રીને શ્વાસની તકલીફ વધતી જતી હતી. છેલ્લા બે-ત્રણ દિવસ તો શ્વાસની એટલી તકલીફ થઈ ગઈ કે ઊંઘ પણ ન્હોતી આવતી. હંમેશા બાજુમાં જ સંથારો કરનાર પૂ.પં. કલ્પતરૂવિજયજી પૂજ્યશ્રીના સ્વાસ્થ્યની ચિંતાના કારણે ઊંઘી શકતા ન હતા. પણ ડૉકટરોને આમાં કોઈ ગંભીર બિમારીના ચિહ્ન દેખાયા નહીં. જાલોરના પ્રસિદ્ધ ડૉકટર અનિલ વ્યાસ તથા અજમેરના પૂજ્યશ્રીના અંગત ડૉકટર જયચંદજી વૈદ આદિ બધાએ આ જ કહ્યું : કોઈ ગંભીર વાત નથી. ડૉકટરોએ કાર્ડિયોગ્રામ કાઢ્યો હતો. બી.પી. આદિ પણ ચેક કર્યું હતું. બધું જ બરાબર હતું... પછી તો બિચારા ડૉકટરો પણ પૂજ્યશ્રીના મૃત્યુની વોર્નિંગ કેવી રીતે આપી શકે ? અને

પૂજ્યશ્રી પણ બધાની સાથે યથાવત્ દૈનિક વ્યવહાર કરતા હતા. વાતચીત પણ કરતા હતા... આમાં મૃત્યુનો વિચાર પણ કોને આવે ? કોઈને ન આવ્યો. હા, પણ પૂજ્યશ્રી તો મૃત્યુના સંકેત આપતા જ રહ્યા હતા, કે જે પછીથી સમજાયા.

(૧) મહા. સુ. ૧ના દિવસે એક માણસ (બાદરભાઈ, કે જે છેલ્લા ૧૨ વર્ષોથી દર સુદ ૧ના દિવસે પૂજ્યશ્રીનો વાસક્ષેપ લેવા માટે આવતા હતા) ને વાસક્ષેપ નાખ્યા પછી કહ્યું, "હવે તું વાસક્ષેપ લેવા માટે આટલે દૂર મારી પાસે નહીં આવતો, ત્યાંથી જ સંતોષ માનજે." (આમ તો પૂજ્યશ્રી ગુજરાતમાં નજીક જ આવી રહ્યા હતા છતાં પૂજ્યશ્રીના આ કથનથી શું સૂચિત થાય છે ?)

તે માણસ તે વખતે તો બરાબર સમજી ન શક્યો. તેણે વિચાર્યું : કદાચ હમણા મારી આર્થિક સ્થિતિ ઠીક નથી તેથી મારે ટિકિટ-ભાડાનો ખર્ચો ન થાય માટે પૂજ્યશ્રી મને ના પાડી રહ્યા છે.

(૨) મહા સુ. ૩ના દિવસે માંડવલાથી સિદ્ધાચલજીના સંઘના સંઘપતિ પરિવાર (મોહનલાલજી, ચંપાલાલજી આદિ મુથા પરિવાર)ને કહ્યું : "ખૂબ ઉલ્લાસથી સંઘ કાઢજો, હું તમારી સાથે જ છું." તે દિવસે તો સંઘપતિ પરિવારને આ વાત ન સમજાઈ. ઘરમાં થોડી ચર્ચા પણ થઈ કે બાપજીએ આજે આવું કેમ કહ્યું ? સંઘમાં પૂજ્યશ્રીની જ નિશ્રા છે તો પછી "હું તમારી સાથે જ છું" આવું કહેવાની જરૂર જ શું છે ? પણ બાપજીએ ઉત્સાહમાં આવીને આવું કહ્યું હશે... આમ મનોમન તેઓએ સમાધાન કરી લીધું.

(૩) કોટકાષ્ઠા અંજનશલાકાનું મુહૂર્ત મહા. સુ. ૧૦ના દિવસે, સંઘ પ્રયાણ પછી આવતું હતું. તેથી ચંપાલાલજી ત્યાં જવા માટે તૈયાર થતા નહોતા. પણ પૂજ્યશ્રીએ ચંપાલાલજીને ખાસ સમજાવીને કોટકાષ્ઠા માટે તૈયાર કર્યા અને કહ્યું : જયપુર અંજનશલાકા (વિ.સં. ૨૦૪૨)ના પ્રસંગને તમે યાદ કરો. તે વખતે ચંપાલાલજીના ભાઈ મદનલાલજીની પત્નીનો સ્વર્ગવાસ થયો હતો. તેથી ત્યાં જવા માટે ઉત્સુક બનેલા ચંપાલાલજીને પૂજ્યશ્રીએ સમજાવીને રોકેલા, પરંતુ અંજનશલાકામાં વિઘ્ન આવવા દીધેલું નહિ. અહીં પણ (સંઘના ૬ દિવસ પહેલા જ પૂજ્યશ્રીનું સ્વર્ગગમન થયું) એવું જ થયું.

આખરે પૂજ્યશ્રીએ કહેલા અંતિમ શબ્દોને જ શુકન માનીને

સંઘપતિ પરિવારે મહા સુ. ૧૦ના દિવસે માંડવલાથી પૂ.આ.શ્રીમદ વિજયકલાપ્રભસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંઘ કાઢ્યો.

ગુજરાતના ભયંકર તુફાનો વચ્ચે એ સંઘ નિર્વિઘ્ને પૂર્ણ પણ થયો.

છેલ્લી બે રાત પૂ.પં.શ્રી કલ્પતરૂવિજયજી લગભગ પાસે જાગતા જ રહ્યા હતા. મહા સુ. ૩ની અંતિમ રાત હતી, પૂજયશ્રીનો શ્વાસ બે દિવસથી જેવો ચાલતો હતો, તેવો જ ચાલી રહ્યો હતો. વારંવાર પૂજયશ્રીને પૂછવામાં આવતું હતું કે કોઈ તકલીફ છે ? ત્યારે પૂજયશ્રી પણ સસ્મિત હાથ હલાવી કહેતા હતા : "નહીં."

આખી રાત પૂજયશ્રીની આંખ ખુલ્લી હતી. પૂ. કલ્પતરૂવિજયજીએ પૂછ્યું : આપ શું કરો છો ? ત્યારે પૂજયશ્રીએ કહ્યું : હું શ્વાસોચ્છ્વાસની સાથે ધ્યાન કરૂ છું. થોડી વાર રહી પૂજયશ્રીએ કહ્યું : યોગશાસ્ત્રનો ૧૨મો પ્રકાશ સંભળાવો.

પૂ.પં. કલ્પતરૂવિજયજી મ.સા. એ યોગશાસ્ત્રનો ૧૨મો પ્રકાશ સંભળાવવો શરૂ કર્યો અને જયાં આ શ્લોક આવ્યો...

જાતે ભ્યાસે સ્થિરતા... ૧૨/૪૬

પૂજયશ્રી ત્યાં અટક્યા અને તે શ્લોકના ચિંતનમાં તેઓ ડૂબી ગયા. જાણે કે પૂજયશ્રી માટે શ્લોકના આ શબ્દો સમાધિના બટન હતા. કે જેને સાંભળતાં જ તેઓ સમાધિમગ્ન બની જતા હતા.

પૂ.પં. કીર્તિચંદ્રવિજયજી પાસેથી પણ દેવચંદ્રજી કૃત ચોવીશીનું શ્રી શીતલનાથ પ્રભુનું સ્તવન સાંભળ્યું. તેમાં જ્યારે આ ગાથા આવી.

"સકલ પ્રત્યક્ષ પણે ત્રિભુવન ગુરૂ ! જાણું તુમ ગુણ ગ્રામજી;
બીજું કાંઈ ન માંગું સ્વામી ! એહિ જ છે મુજ કામજી."

પૂજયશ્રી આ ગાથા પર પણ ચિંતન કરતા - કરતા પ્રભુ ધ્યાનમાં મગ્ન બની ગયા - ડૂબી ગયા.

પૂજયશ્રી હર શ્વાસની સાથે "નમો સિદ્ધાણં" પદનો જાપ છેલ્લી બે રાતથી કરી જ રહ્યા હતા.

આવી પરિસ્થિતિમાં પણ સવાર - બપોર ૧-૧ કલાક સુધી પ્રભુભક્તિમાં દરરોજની જેમ મગ્ન બનતા હતા.

૪.૩૦ વાગે સવારે પૂજયશ્રી પ્રતિક્રમણ કરવા બેઠા થયા. ઈરિયાવહિયં, કુસુમિણનો કાઉસ્સગ્ગ કર્યા પછી માત્રુ માટે પ્રયત્ન કર્યો, પરંતુ માત્રુ થયું નહીં. પછી જગચિંતામણિ બોલવામાં વાર લાગવાથી પૂ.પં. કલ્પતરૂવિજયજીએ જ બોલીને સંભળાવ્યું. ફરીથી શંકા થવાથી ફરી માત્રુ કરવા ગયા, પણ થયું નહીં. તેના પછી ઈરિયાવહિયંના કાઉસ્સગ્ગમાં ચંદેસુ નિમ્મલયરા સુધી પહોંચ્યા અને પછી વારંવાર આ પદનું મંદ-મંદ ઉચ્ચારણ કરતા રહ્યા. મુનિઓએ જોયું : પૂજયશ્રીના હાથોમાં કાંઈક કંપન થઈ રહ્યું છે. દૃષ્ટિ નિશ્ચલ થઈ ગઈ છે. પૂ.પં. કલ્પતરૂવિજયજીએ પૂ કલાપ્રભસૂરિજી, પૂ.પં. કીર્તિચંદ્રવિજયજી આદિને બોલાવ્યા. તેઓએ પરિસ્થિતિની ગંભીરતા જોઈને આગળની ક્રિયા જલ્દીથી કરાવીને પૂજયશ્રીને કેશવણા મંદિરમાં દર્શન માટે લઈ ગયા. પૂજયશ્રી ચારે બાજુ જોઈ રહ્યા હતા અને ઈશારાથી જાણે પૂછી રહ્યા હતા કે "આજે આટલા જલ્દી કેમ લાવ્યા ?"

ચાલુ ચૈત્યવંદનમાં પૂજયશ્રીએ ઈશારાથી માત્રુની શંકા છે એમ કહ્યું. "માત્રુ" શબ્દ પણ બોલ્યા. જલ્દી ચૈત્યવંદન કરાવીને પૂજયશ્રીને ઉપાશ્રયમાં લાવ્યા. પૂજયશ્રીનું આ અંતિમ ચૈત્યવંદન હતું. ઉપાશ્રયમાં પૂજયશ્રી જાતે જ ખુરશી ઉપરથી ઉભા થઈ ગયા અને પાટ પર માત્રુ કર્યું. તે પછી ઓટમલજી કપૂરચંદજીએ કામળી વહોરાવી અને વાસક્ષેપ લીધો. મૃત્યુથી એક કલાક પહેલાની જ આ ઘટના છે. આ છેલ્લી કામળી તથા છેલ્લો વાસક્ષેપ હતો. પછી પાટ પર બેસીને પૂજયશ્રી કાઉસ્સગ્ગ ધ્યાનમાં બેસી ગયા (મૃત્યુના અર્ધા કલાક પહેલાની આ વાત છે) આ સમયે પણ પૂજયશ્રીએ ભીંત આદિનો ટેકો નહોતો લીધો. પૂજયશ્રી તો પોતાની અંતિમ અવસ્થાની તૈયારી કરી રહ્યા હતા, પણ સાથે રહેનારા મુનિઓ તો ઉપચારની ચિંતામાં હતા. એક મુનિ (પૂ. કુમુદચંદ્રવિજયજી) એ પૂજયશ્રીને ઉપાડવાની કોશીશ કરી, પરંતુ પૂજયશ્રી તો મેરૂપર્વતના

શિખરની જેમ ધ્યાનમાં એવા નિશ્ચલ બેઠા હતા કે જરા પણ ખસ્યા નહિ. કેવલી ભગવંતના શૈલેશીકરણની થોડી ઝલક અહીં યાદ આવી જાય. આમ પણ પૂજ્યશ્રીએ છેલ્લા બે દિવસથી શરીર પરની મમતા સંપૂર્ણ રૂપે હટાવી દીધી હતી. બે દિવસમાં ઈંજેકશન વિ. કેટલાય લગાવ્યા (મહા સુ. ૩ના દિવસે સાંજે એક મોટું ઈંજેકશન લગાવ્યું હતું, જેમાં ૨૦ મિનિટ થઈ હતી) પરંતુ પૂજ્યશ્રીએ ઊંહ સરખો પણ અવાજ ન કર્યો, એટલું જ નહિ મુખની રેખા પણ બદલાઈ નહિ. જાણે કે તેઓ તો દેહથી પર થઈ ગયા હતા. શરીર રૂપી વસ્ત્ર ઉતારવાની પૂરી તૈયારી કરી લીધી હતી.

આમ તો પૂજ્યશ્રીનું વજન માત્ર ૪૦ કિ.ગ્રા. જ હતું. છતાં પણ પૂજ્યશ્રીને જરા પણ હલાવી શકાયા નહિ. તેથી બધાને આશ્ચર્ય થયું. બીજા મુનિ (શ્રી અમિતયશ વિ.) જ્યારે મદદે આવ્યા ત્યારે પૂજ્યશ્રીને કાંઈક ખસેડી શકાયા. પૂજ્યશ્રી તો પોતાની સમાધિમાં લીન હતા. તેઓને તો આ શરીરની સાથે હવે ક્યાં લેવા-દેવા હતો ? પાદપોપગમન અનશન વિષે કહેવાય છે કે તે અનશનમાં રહેલા સાધકને કોઈ ક્યાંક લઈ જાય, કાપી નાંખે, સળગાવી દે અથવા તો શરીરનું કાંઈ પણ કરી નાખે તો પણ તે સાધક પાદપ (વૃક્ષ)ની જેમ તે અડોલ હોય છે. પૂજ્યશ્રીમાં પણ આવી જ કાંઈક ઝલક દેખાતી હતી.

આ બધુંય બેહોશ અવસ્થામાં થઈ રહ્યું હતું, એવું નથી. અંત સમય સુધી પૂજ્યશ્રી પૂર્ણ રૂપે જાગૃત હતા. આની નિશાની એ હતી કે પાસે રહેલા મુનિ જ્યારે પૂજ્યશ્રીના હાથ હલાવે અથવા તો આમ તેમ કરે ત્યારે પૂજ્યશ્રી ફરી કાઉસ્સગ્ગ મુદ્રામાં હાથ રાખી દેતા હતા.

પૂજ્યશ્રીની આ અવસ્થાને જોઈને બાજુના મુનિઓએ નવકાર, ઉવસગ્ગહરં, સંતિકરં, અજિતશાંતિની ૧૦ ગાથાઓ સંભળાવી. ધીરે - ધીરે શ્વાસની ગતિ મંદ થઈ રહી હતી. હાથમાં નાડીઓનું ધડકન પણ ઉપર - ઉપર જઈ રહ્યું હતું. મુનિઓ સાવધ બની ગયા. તેઓએ ફરીથી નવકારમંત્ર સંભળાવવા શરૂ કરી દીધા. ૫૦-૬૦ નવકાર સંભળાવ્યા ને પૂજ્યશ્રીએ અંતિમ

શ્વાસ લીધો. તે વખતે સવારના ૭.૨૦નો સમય થઈ ચૂક્યો હતો. પૂર્વ ક્ષિતિજમાંથી મહા સુ. ૪, શનિવાર, ૧૬-૨-૨૦૦૨નો સૂર્યોદય થઈ રહ્યો હતો, જ્યારે આ બાજુ અધ્યાત્મનો મહાસૂર્ય મૃત્યુના અસ્તાચલમાં ડૂબી રહ્યો હતો. ઉત્તર ભાદ્રપદ નક્ષત્રનું ત્યારે ચતુર્થ ચરણ હતું. પૂર્વ ક્ષિતિજમાં કુંભ લગ્ન ઉદિત હતું. ત્યારના ગ્રહોની સ્થિતિ :

લ	સૂ	ચં	મં	બુ	ગુ	શુ	શ	રા	કે
૧૧	૧૧	૧૨	૧૨	૧૦	૩	૧૧	૨	૩	૯

તે સમયે કેશવણામાં ફલોદીમાં ચાતુર્માસ કરનાર બધા જ મુનિ ભગવંતો (પૂ.આ.શ્રી વિ. કલાપ્રભસૂરિજી, પૂ.પં. કલ્પતરૂ વિ., પૂ.પં. કીર્તિચન્દ્ર વિ., પૂ. તત્ત્વવર્ધન વિ., પૂ. કીર્તિદર્શન વિ., પૂ.કેવલદર્શન વિ., પૂ. કલ્પજિત્ વિ.) તથા સાચોરમાં ચાતુર્માસ કરનાર પૂ. અમિતયશ વિ., પૂ. આગમયશ વિ. પણ મૌન એકાદશીના દિવસે પૂજ્યશ્રીની સેવામાં ઉપસ્થિત થઈ ગયા હતા. રાણીમાં ચાતુર્માસ કરનાર કીર્તિરત્ન વિ. તથા હેમચન્દ્ર વિ. પણ ૧૮ દિવસ પહેલા જ આવી ગયા હતા. આ બધા મહાત્માઓએ પૂજ્યશ્રીની સેવાનો અનુપમ લાભ લીધો હતો.

તે સમયે પૂજ્યશ્રીના બીજા શિષ્યો ગુજરાતમાં હતા. ગણિશ્રી પૂર્ણચન્દ્ર વિ. આદિ ૫ ઉંઝામાં, ગણિશ્રી તીર્થભદ્ર વિ. આદિ ૩ રાજપીપળામાં, ગણિશ્રી વિમલપ્રભ વિ. આદિ ૨ નવસારીની બાજુમાં, આનદવર્ધન વિ. આદિ ૨ આરાધના-ધામ (જામનગરમાં) હતા ને અમે મનફરાથી આધોઈના વિહારમાં હતા.

પૂજ્યશ્રીના પવિત્ર દેહને અનેક સંઘો તથા અનેક પૂ. આચાર્ય ભગવંતોની સૂચનાથી શંખેશ્વરમાં લાવવામાં આવ્યો તથા અગ્નિ સંસ્કાર પણ ત્યાં જ કરાયો. તે વખતે ગણિ પૂ. પૂર્ણચન્દ્ર વિ., મુનિ અનંતયશ વિ. આદિ પાંચ મહાત્માઓ ઉંઝાથી શંખેશ્વર આવી ગયા હતા. હજારો લોકોની ચોધાર અશ્રુધારા વહાવતી આંખો સાથે પૂજ્યશ્રીનો અગ્નિ સંસ્કાર

મહા સુ. ૬ના દિવસે કરાયો.

દોઢ કરોડની બોલી ઉત્સાહપૂર્વક બોલીને હિતેશ ઉગરચંદ ગઢેચા (કચ્છ - ફતેહગઢવાલા, હાલ અમદાવાદ)એ અગ્નિ-દાહ આપ્યો હતો. જ્યારે હિતેશે કેશવણા સંઘના લોકોને ધીરૂભાઈ શાહ (વિધાનસભા - અધ્યક્ષ, ગુજરાત) કુમારપાલ વી. શાહ, પોતાની સામે ૧ કરોડ ને ૪૧ લાખ સુધી બોલી બોલવાવાળા ખેતશી મેઘજી તથા ધીરૂભાઈ કુબડીઆ આદિને પણ અગ્નિ-દાહ માટે બોલાવ્યા ત્યારે હિતેશની આ ઉદારતાથી બધાય લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. બધું મળીને ૩ કરોડની ઉપજ થઈ હતી.

અગ્નિ-દાહના સમયે અમે લાકડીઆમાં (કચ્છમાં) હતા. અગ્નિ સંસ્કારની ક્રિયા પૂરી થયા પછી લાકડીઆ નિવાસી ચીમન કચ્છી (પાલીતાણા) અમારી પાસે આવ્યા અને તેમણે અમને સમાચાર આપ્યા : કેશવણાથી શંખેશ્વર સુધી જે ટ્રકમાં પૂજ્યશ્રીના દેહને રાખ્યો હતો, તે જ ટ્રકમાં પૂજ્યશ્રીની પાસે જ હું બેઠો હતો. કારણ કે પૂજ્યશ્રીના દેહને સાચવવાની જવાબદારી મને સોંપવામાં આવી હતી. ત્યારે મેં રસ્તા પર ગામોમાં જોયું : ભિનમાલ, જાલોર આદિ ગામોમાં રાતના ૧૨-૧-૨ વાગે પણ પૂજ્યશ્રીના પાવન દેહના અંતિમ દર્શન કરવાને માટે માનવ - મહેરામણ ઉભરાયો હતો. મારા જીવનમાં મેં આવું દૃશ્ય ક્યારે પણ જોયું નથી. ખરેખર ત્યારે સમજાયું કે પૂજ્યશ્રી પ્રત્યે લોકોના હૃદયમાં કેવો જબરદસ્ત આદરભાવ છે.

(બબ્બે) બે - બે દિવસો પસાર થવા છતાં પણ પૂજ્યશ્રીનો દેહ જેમ વાળીએ તેમ વળી શકતો હતો. આંગળીઓ પણ વળી શકતી હતી. એક વાર તો મેં પૂજ્યશ્રીના હાથેથી વાસક્ષેપ પણ લીધો. સામાન્ય માણસનું શરીર તો મૃત્યુ પછી થોડા જ સમયમાં અક્કડ થઈ જાય છે. જ્યારે અહીં તો પૂજ્યશ્રીનો દેહ એવો ને એવો જ હતો. ખરેખર આ બહુ મોટું આશ્ચર્ય હતું.

અગ્નિ-દાહ આપ્યા પછી તો મારું આશ્ચર્ય ખૂબ વધી ગયું. કારણ અગ્નિ-દાહ આપ્યા પછી બે કલાક પછી ચમકતી બે

આંખો સાથે સમાધિમગ્ન પૂજ્યશ્રીનો દેહ બરાબર અરિહંત ભગવંતની મૂર્તિના આકારમાં જ દેખાતો હતો. મેં મારા જીવનમાં અનેકોને અગ્નિ-દાહ આપ્યા છે અને જોયું છે કે બે કલાકમાં તો હાથ પગ આદિના હાડકા પોતાની મેળે અલગ અલગ થઈ જાય, પણ પૂજ્યશ્રીના શરીરમાં એવું કાંઈ થયું નહીં. ખોપરી તોડવા માટે કેટલાક લોકોએ મોટા મોટા લાકડા પણ જોરથી માર્યા હતા.

ધીરે ધીરે દેહ નાનો - નાનો થતો ગયો, પણ દેહની આકૃતિ તો છેલ્લે સુધી અરિહંતની જ રહી. હું સવારે ૪.૩૦ વાગ્યા સુધી ત્યાં જ જાગતો રહ્યો અને જોતો રહ્યો. મારા આશ્ચર્યનો કોઈ પાર ન હતો. મારી જેમ બીજા પણ હજારો ગુરુભક્તોએ આ દૃશ્ય જોયું. બધા જ આશ્ચર્યચકિત બની ગયા. તો મહારાજ ! આવું કેમ થયું ? કાંઈ સમજાતું નથી ?

અમે કહ્યું : ચીમન ! આમાં આશ્ચર્ય કે ચમત્કારની કોઈ વાત જ નથી. આ સ્વાભાવિક જ છે. કારણ કે પૂજ્યશ્રીએ બચપણથી મૃત્યુ સુધી અરિહંત પ્રભુનું જ ધ્યાન કર્યું છે. પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં, વાચનામાં, હિતશિક્ષામાં, પત્રમાં, લખવામાં, મનમાં, હૃદયમાં, શરીરના રોમ-રોમમાં ભગવાન - ભગવાન ને ભગવાન જ હતા. તેઓની બધી વાતો, બધું ચિંતન પણ ભગવાન સંબંધી જ હતું. પૂજ્યશ્રીની ચેતના ભગવન્મયી બની ગઈ હતી. એક વૈજ્ઞાનિક તથ્ય છે કે મન જેનું ધ્યાન ધરે છે, શરીર તેનો સ્વીકાર કરી લે છે. લીંબુ બોલતા જ મુખમાં કેવું પાણી આવે છે ! મનનો શરીરની સાથે ગાઢ સંબંધ છે.

એવો ઉલ્લેખ આવે છે કે એક કવિને પંપા સરોવરના ચિંતનથી જલોદર રોગ થઈ ગયો. ત્યારે સુબુદ્ધિ નામના કુશલ વૈદે મારવાડનું ચિંતન છ મહિના સુધી કરવાનું કહ્યું અને ખરેખર ! મારવાડના ચિંતનથી તેનો જલોદર રોગ મટી ગયો. આ છે મનની સાથે શરીરનો સંબંધ !

શ્રેણિક રાજાની ચિતા સળગતી ત્યારે કહેવાય છે કે તેમના હાડકામાંથી વીર... વીર... નો અવાજ આવતો હતો.

આ તો ૨૫૦૦ વર્ષ પહેલાની ઘટના છે, પણ પૂજ્યશ્રીનો દેહ અંત સુધી અરિહંતના આકારમાં રહ્યો, તે તો આજની જ ઘટના છે.

અરિહંતના ધ્યાનમાં જ લીન પૂજ્યશ્રીની અર્હન્મયી ચેતના દેવલોકમાં જ્યાં પણ હશે, ત્યાં અરિહંત-ભક્તિમાં જ લીન હશે, એટલું તો સુનિશ્ચિત જ છે.

અમારા જવાબથી ચીમનને સંતોષ થયો.

પૂજ્યશ્રીની અર્હન્મયી ચેતનાને હૃદયના અનંત - અનંત વંદન !

પૂજ્યશ્રી ભૌતિક દેહરૂપે ભલે આજે નથી, પણ ગુણ-દેહથી, શક્તિ-દેહથી અને અક્ષર-દેહથી આજે પણ વિદ્યમાન છે.

આ આખો ગ્રન્થ પૂજ્યશ્રીનો અક્ષર-દેહ જ છે. હવે તો આવા ગ્રન્થ જ આપણા માટે પરમ આધારભૂત છે. કારણ કે દિવ્ય વાણી વરસાવનારા પૂજ્યશ્રી હવે આપણી વચ્ચે નથી.

પૂજ્યશ્રી વારંવાર કહેતા હતા : ભગવાન ક્યાંય ગયા નથી, તેઓ મૂર્તિ અને શાસ્ત્રોમાં છુપાયેલા છે.


અહીં પણ આપણે કહી શકીએ : પૂજ્યશ્રી પણ પોતાની વાણીમાં (આવા ગ્રન્થોમાં) છુપાયા છે.

જિજ્ઞાસુ આરાધકો પૂજ્યશ્રીની વાણી-ગંગામાં સ્નાન કરીને પોતાના આત્માને પાવન બનાવે, તેવી કામના સાથે -

- પં. મુક્તિચન્દ્રવિજય
- ગણિ મુનિચન્દ્રવિજય

પુરાબેન જૈન ધર્મશાળા
(પૂ. કલાપૂર્ણ સ્મૃતિ - સ્થળની બાજુમાં)
શંખેશ્વર, જી. પાટણ (ઉ.ગુ.)
પિન : ૩૮૪ ૨૪૬.
ફાગણ વદ ૨, વિ.સં. ૨૦૫૮

આજીવન અંતેવાસીની આન્તર-વ્યથા



આજીવન અંતેવાસી પૂજ્યશ્રીની સાથે

પૂ.પં.શ્રી કલ્પતરૂવિજયજી, પૂજ્યશ્રીના આજીવન અંતેવાસી રહ્યા છે. સ્વયં પૂજ્યશ્રીના પુત્ર અને શિષ્ય હોવા છતાં ખ્યાતિ અને લોકેષણાથી અત્યંત પર રહ્યા છે. પૂજ્યશ્રીનું નામ ચારે બાજુ પ્રખ્યાત હતું, પરંતુ પૂ. કલ્પતરૂવિજયજી મ.નું નામ ભાગ્યે જ કોઈએ સાંભળ્યું હશે ! પૂજ્યશ્રીના દરેક પુસ્તકોમાં પૂ.પં. કલ્પતરૂ-વિજયજીનું દરેક રીતે યોગદાન હોવા છતાં એક પણ પુસ્તકના સંપાદક રૂપે પણ તેમણે પોતાનું નામ રાખ્યું નથી.

શિખરના પત્થરને બધા જુએ, પાયાના પત્થરને જોનારા કેટલા ? ફૂલ બધા જુએ છે. મૂળ જોનારા કેટલા ? ગાંધીજીને બધા જાણે છે. મહાદેવ દેસાઈને જાણનારા કેટલા ?

વિદ્વદ્વર્ય પૂ.પં.શ્રી કલ્પતરૂવિજયજીનો પત્ર પૂ.પં.શ્રી મુક્તિચન્દ્રવિજયજી તથા પૂ. ગણિશ્રી મુનિચન્દ્રવિજયજી પર આવ્યો છે, જે હૃદયની સંવેદના પ્રગટ કરે છે. વાંચતાં આપનું હૃદય પણ દ્રવિત થઈ ઊઠશે.

- પ્રકાશક

પંન્યાસજીશ્રી,
ગણિશ્રી,

શું લખું ?

તમારો પત્ર મલ્યો. વેદના-સંવેદના જાણી. હાથ ધ્રૂજે છે. હૈયું ગદ્‌ગદિત છે. આંખો ભીગી ભીગી.

શ્વાસે-શ્વાસે યાદ.

ક્ષણે-ક્ષણે પલે-પલે યાદ.

કોઈ પણ વસ્તુ હાથમાં લઉં યાદ.

કોઈ પણ ક્રિયા કરું યાદ.

મંદિરમાં જાઉં... 'પ્રીતલડી' બોલું, હૈયું ભરાઈ જાય... કંઠ રૂંધાઈ જાય...

વાત્સલ્યભર્યું હૃદય...

કરૂણા વરસતી આંખો...

હાસ્ય વેરતું મુખ... સતત આંખો અને અંતર સામે જ તરવરતા રહે છે.

સવારે પ્રતિક્રમણ કરું... અરે સંથારામાંથી ઉઠું અને યાદ શરૂ. સંથારામાં લેટું પણ ઉંઘ તરત ન આવે.

ન ભૂલાય છે, ન વિસરાય છે.

બે દિવસ સતત-સતત આવ-જા અને કાર્યવાહીના કારણે હૃદય ઉપર પત્થર રાખીને ફરજ બધી બજાવી, પણ મન જ્યાં વાતોથી - કામથી નવરૂં પડે અને રડે !

મારા હૃદયમાંથી જાણે કંઈક એવું ખોવાઈ ગયું હોય તેમ શૂન્ય થઈ ગયું છે.

હૃદય-મન-મગજમાં સતત ગુરૂદેવ જ છે, છતાં તેમની દૃષ્ટિવિષયક ગેરહાજરીએ હૃદય-મન-મગજને શૂનકાર બનાવી મૂક્યા છે.

કોણ મને 'કલ્પતરૂ' કહેશે ?


કોણ ભક્તિનો મને લાભ આપશે ?

કોણ મને અડધી રાતે ખોંખારો કરીને જગાડશે ?

કોણ મને આશ્વાસન આપશે ?

રાત-દિવસ જેમના સતત સાન્નિધ્યમાં મને કેવી હૂંફ...

पू. आ. श्री विजयकलापूर्णसूरीश्वरजी म.सा.



जन्म
वि.सं. १९८० वै.सु. २
फलोदी (राज.)

दीक्षा
वि.सं. २०१० वै.सु. १०
फलोदी (राज.)

वडी दीक्षा
वि.सं. २०११ वै.सु.७
राधनपुर (उ.गु.)

पंन्यास-पद
वि.सं. २०२५ माघ.सु. १३
फलोदी (राज.)

आचार्य-पद
वि.सं. २०२९ मा.सु. ३
भद्रेश्वर तीर्थ (कच्छ)

काळधर्म
वि.सं. २०५८ माघ.सु. ४
केशवणा (राज.)

अग्निसंस्कार
वि.सं. २०५८ माघ.सु.६
शंखेश्वर तीर्थ (उ.गु.)

यहां पर जन-जन की जीभ पर आपका नाम है,
लाखों के जीवन का आधार आपका पयगाम है;
जाने के बाद भी आप कृपा बरसाते रहे इन ग्रन्थों से,
श्रद्धा-प्रणत हम सभी का आपको शत-शत प्रणाम है।



वांकी तीर्थ, पदवी प्रसंग, वि.सं. २०५६, महा सु. ६

पूज्य गुरुदेव एवं पिताश्री की चिरविदाय से विषाद –मग्न वर्तमान गच्छाधिपति पूज्य आचार्य श्री विजयकलाप्रभसूरीश्वरजी म.सा. एवं पूज्य पं. श्री कल्पतरुविजयजी गणिवर (केशवणा (राज.) माघ शु.५, वि.सं. २०५८





अब यह दृश्य कहां देखने मिलेगा ? (वि.सं २०३८)



वांकी, पदवी–प्रसंग
वि.सं. २०५६, महा सु.६



न केवल अपने दो पुत्रों को,
हजारों भक्तों को रोते हुए छोड़ कर पूज्यश्री चल बसे।

भीमासर-(कच्छ) अंजन-शलाका-प्रतिष्ठा-प्रसंग
(पू.रत्नसुंदरसूरिजी, पू. वज्रसेन वि. आदि के साथ)
वि.सं. २०४६



કચ્છની કલગીસમા વાંકી તીર્થે

પરમ પૂજ્ય શ્રી કલાપ્રભવિજયજી ગણિવરને આચાર્ય-પદ

પૂજ્ય મુનિશ્રી કલ્પતરુવિજયજીને પંન્યાસ-પદ

પૂ.મુનિશ્રી પૂર્ણચંદ્ર વિજયજી તથા પૂ.મુનિશ્રી મુનિચન્દ્ર વિજયજીને ગણિ-પદ-પ્રદાન


મહોત્સવ-સમારોહ

પદ પ્રદાનદિન: મહા સુ.૬, શુક્રવાર, ૧૧-૨-૨૦૦૦

પદ-પ્રદાતા: અધ્યાત્મયોગી પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ.સા.



पालीताणा में पदवी-दीक्षा-प्रसंग
सं. २०५७, मार्ग.सु.५



वांकी-पदवी-प्रसंग पर पू. बा महाराज (पू. सा. सुवर्णप्रभाश्रीजी) का आशीर्वाद ग्रहण करते हुए दोनों पुत्र मुनि



पू.सा. सुवर्णप्रभाश्रीजी (पू. बा महाराज) की चिरविदाय की एक झलक

भरुच (गुजरात), वि.सं. २०५८, वै.सु. १३ शुक्रवार, २४-५-२००२






वांकी में चातुर्मास-प्रवेश, वि.सं. २०५५



વાગડ સમુદાયના કર્ણધારો



પૂ. દાદાશ્રી જીતવિજયજી



પૂ. કનકસૂરિજી



પૂ. દેવેન્દ્રસૂરિજી



પૂ. કલાપૂર્ણસૂરિજી



પૂ. કલાપ્રભસૂરિજી




ફલોદીમાં પ્રથમ ચાતુર્માસ
વિ. સં. ૨૦૧૦




પૂજ્યશ્રીની સાંસારિક એક માત્ર તસ્વીર
વિ. સં. ૨૦૧૦ ફલોદી (રાજ)



પૂ. કમલવિજયજી (પૂજ્યશ્રીના સંસારી સસરા)
સાથે પૂજ્યશ્રી, ભદ્રેશ્વર (કચ્છ)



પ્રતિષ્ઠા-પ્રસંગ, મનફરા-કચ્છ
વિ. સં. ૨૦૨૩, વૈ. સુ. ૧૦



પ્રતિષ્ઠા-પ્રસંગ, મનફરા-કચ્છ
વિ. સં. ૨૦૨૩, વૈ. સુ. ૮



પ્રતિષ્ઠા-પ્રસંગ, મનફરા-કચ્છ
વિ. સં. ૨૦૨૩, વૈ. સુ. ૮



મનફરા જિનાલય



પંન્યાસ-પદ-પ્રદાન
ફલોદી (રાજ.) વિ. સં. ૨૦૨૫, મહા સુ. ૧૩



પંન્યાસ-પદ-પ્રદાન
ફલોદી (રાજ.) વિ. સં. ૨૦૨૫, મહા સુ. ૧૩




ખારોઈ પ્રતિષ્ઠા-પ્રસંગે
વિ. સં. ૨૦૨૮, જે. સુ. ૧

૧૧ સામૂહિક દીક્ષા-પ્રસંગ
ભુજ-કચ્છ, વિ. સં. ૨૦૨૮




આચાર્ય પદ પ્રદાન, ભદ્રેશ્વર (કચ્છ)
વિ. સં. ૨૦૨૯, માગ. સુદ-૩.



અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવશ્રીનું સાહિત્ય















અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવશ્રીનું સાહિત્ય















પૂજ્ય બંધુ-યુગલનું સાહિત્ય

























પૂજ્ય બંધુ-યુગલનું સાહિત્ય


















પૂજ્ય બંધુ-યુગલનું સાહિત્ય


















પૂજ્ય બંધુ-યુગલનું સાહિત્ય



















હોંશ અને હામ મળતી હતી ? તે ક્યાં જઈને પામીશ ?

મારા દોષો તરફ...

મારી ભૂલો તરફ...

મારી પ્રમાદભરી પ્રવૃત્તિ તરફ મને કોણ અંગુલિનિર્દેશ કરશે ?

કોણ પ્રાયશ્ચિત્ત આપશે ?

મને વરસોના વરસો સતત તેમની ભક્તિનો લાભ મળતો રહેતો, તેમાં અનેકવાર મને એ મહાપુરૂષ પ્રત્યે... ગુરૂદેવ પ્રત્યે... કરૂણામૂર્તિ પ્રત્યે... અવજ્ઞા... અવિનયનો ભાવ થયો, વર્તન થયું, તેમના હૃદયને સંતોષ ન આપી શક્યો. તેમની કૃપાનો પૂરો લાભ ન ઉઠાવી શક્યો. તેમની આજ્ઞાની, આદેશની, ભાવનાની અવહેલના કરી... તે પાપોનું શુદ્ધિકરણ ક્યાં જઈને કરૂં ?

સાક્ષાત્ હાજરીમાં તેમનો લાભ ઉઠાવવાનો હતો, આંતરિક શુદ્ધિ, ગુણ-વૃદ્ધિ અને નિર્લેપ વૃત્તિનો, તે ન ઉઠાવી શક્યો.

એ કેવા મહાન યોગી પુરૂષ ?

હું કેવો પામર કાપુરૂષ ?

મારી નાદાનીયતને, પ્રમાદને, ક્ષતિઓને, ખમીને મને કેવો નભાવ્યો છે ?

ન તેમને પુત્ર-મોહ હતો.

ન તેમને શિષ્ય-મોહ હતો.

વિરાગતા-ભાવ નિર્લેપ-ભાવ અને નિઃસ્પૃહભાવમાં રમતા એ પરમપુરૂષને હું રાગી-દ્વેષી ક્યાંથી ઓળખી શકું ?

આજ ૩ વાગે પડિલેહણ કર્યું અને તેમના કપડાના પડિલેહણની યાદ આવી. પડિલેહણ પૂરૂં કરી આ પત્ર લખવા બેઠો. મન શૂનકાર છે અને મકાન પણ શૂનકાર છે.

બે દિવસના બધા અંતિમ દૃશ્યો આંખ સામે રીલની જેમ દોડે છે. કેશવણાથી પ્રારંભાયેલી અંતિમ વિદાયયાત્રા કે જે સાંજે ૬ વાગ્યાના સમયે શરૂ થઈ. બસ હવે આ

પાર્થિવ દેહના પણ દર્શન નહિ થાય. બે દિવસ-રાત એ પવિત્ર દેહનું દર્શન પણ મનને કંઈક ભર્યું-ભર્યું રાખતું હતું. જાણે સામે જ ગુરૂદેવ બેઠા છે.

એ જ કરૂણા ઝરતી ખુલ્લી બે આંખો.

એ જ હાસ્ય વેરતો પ્રસન્ન ચહેરો.

એ જ તેજોમય મુખમુદ્રા.

જાણે હમણા બોલશે, કંઈક કહેશે, એવો પાર્થિવ દેહ નજરથી દૂર થયો અને મન ભાંગી પડ્યું. આંખો રડી પડી. હૈયું હતાશાથી હત-પ્રહત થઈ ગયું.

શું લખું ? કેટલું લખું ?

મને જેમ વેદના છે. તેમ તમને સહુને અને સહુ ગુરૂ-ભક્તોને છે.

ગયા ગુરૂદેવ ! સદા માટે ગયા.

તેમની યાદ આપણી પાસે છે.

તેના સહારે જીવવાનું બળ મેળવવું રહ્યું. તેમની ઉંચાઈને જોઈ શકીએ એવી નજર નથી, તેમના ગુણોની અગાધતાને માપી શકીએ એવી બુદ્ધિ-શક્તિ નથી.

બસ, તેમની જે પ્રેરણા મળી તે જીવનમાં ઉતારીએ. નિર્મળ મન - જીવન - ચારિત્ર, બનાવીએ.

એ જ કરવાનું છે.

જે ગુરૂદેવે કહ્યું છે.

બસ... વિરમું છું.

- પં. કલ્પતરૂવિજય

કેશવણા (રાજ.)
મહા સુદ ૬, વિ.સં. ૨૦૫૮
૧૮-૨-૨૦૦૨

श्रीमद्विजयकलापूर्णसूरिस्मृत्यष्टकम्

तत्त्वबोधकलापूर्णं कलापूर्णशशिप्रभम् ।
कलापूर्णाह्वयं सूरिं स्मरामि प्रौढगौरवम् ॥ १ ॥ (**अनुष्टुप्**)

श्रीमत्तपागच्छनभस्तलेऽसौ, विराजते स्माभिनवः शशाङ्कः ।
यद्दर्शनाल्लोकमनःपयोधौ, भावोर्मिवेला न कदाप्यशाम्यत् ॥ २ ॥ (**उपजातिः**)

जिनवरवरशासनप्रभाव - प्रसरविधौ विधुतुल्यतामुपेतः ।
श्रुतचरणसुयोगतः पुराण - मुनिवृषभस्मृतिमेष किं न दद्यात् ? ॥ ३ ॥
(**पुष्पिताग्रा**)

श्रीवीतरागपदपङ्कजभक्तिलीनं, श्रीवीतरागपथसंचरणैकनिष्ठम् ।
श्रीवीतरागवचनाशयविज्ञमग्र्यं सूरिं नमामि विजयादिकलादिपूर्णम्॥ ४ ॥(**वसंततिलका**)

ऋजुशुचितनुयष्टिं स्मेरदृष्टिं विशिष्ट -
मतनुसुमतिपात्रं हस्त - विन्यस्त - शास्त्रम् ।
मृदुमधुरवचोभिः शिष्यकान् बोधयन्तं
कथमिह विबुधास्तं विस्मरेयुस्तु सन्तम् ? ॥ ५ ॥ (**मालिनी**)

अतन्द्रो जैनेन्द्र - प्रवचनविबोधप्रयतने,
प्रबुद्धः शुद्धात्मप्रतिनिहितदृष्टिः शुचिमनाः ।
सचेतश्चेतांसि स्मितमधुर - दृष्ट्या विकचयन्,
कलापूर्णः सूरिः सकलगुणपूर्णः स जयतु ॥ ६ ॥ (**शिखरिणी**)

अध्यात्म - प्रतिपादिशास्त्रनिचय - स्वाध्यायसम्पादित -
शुद्धान्तःकरण - प्रवाहिसरस - स्निग्धोक्तिशीतांशुभिः ।
शैत्यं सुज्ञमनस्सु शीतकरवत् सम्पादयन् सूरिराट्,
सत्यं धर्मकलाकलापसकलोऽपूर्वोऽभवच्चन्द्रमाः ॥ ७ ॥ (**शार्दूलविक्रीडितम्**)

जन्मस्थानं यदीयं मरुविषयफलोदीति तीर्थं प्रसिद्धं,
संसारं यौवनस्थः स्वजनपरिवृतस्त्यक्तवान् मोह - जेता ।
गच्छे श्रीमत्तपाख्ये श्रमणगणयुतोऽराजत प्रौढतेजा,
योगीन्द्रं तं मुनीन्द्रं प्रणमत सुजनाः श्रीकलापूर्णसूरिम् ॥ ८ ॥ (**स्रग्धरा**)

- रचयिता : मुनिः भुवनचन्द्रः (पार्श्वचन्द्रगच्छाधिपः)

અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી : એક ઝલક

- **જન્મ :** વિ.સં. ૧૯૮૦, વૈ.સુ. ૨, ફલોદી (રાજ.)
- **માતા :** ક્ષમાબેન પાબુદાનજી લુક્કડ
- **પિતા :** પાબુદાનજી લુક્કડ
- **ગૃહસ્થી નામ :** અક્ષયરાજજી
- **પુત્ર :** (૧) જ્ઞાનચંદજી (પૂ.આ. વિજયકલાપ્રભસૂરિજી)
  (૨) આસકરણજી (પૂ.પં. કલ્પતરૂવિજયજી)
- **પત્ની :** રતનબેન (પૂ.સા. સુવર્ણપ્રભાશ્રીજી)
- **વ્યવસાયભૂમિ :** રાજનાંદગાંવ (છત્તીસગઢ)
- **દીક્ષા :** વિ.સં. ૨૦૧૦, વૈ.સુ. ૧૦, ફલોદી (રાજ.)
- **દીક્ષા-દાતા :** પૂ. મુનિશ્રી રત્નાકરવિજયજી
- **વડી દીક્ષા :** વિ.સં. ૨૦૧૧, વૈ.સુ. ૭, રાધનપુર (ગુજ.)
- **વડી દીક્ષા-દાતા :** પૂ.આ.શ્રી વિ. કનકસૂરીશ્વરજી મ.સા.
- **દીક્ષા-ગુરુ :** પૂ. આચાર્યશ્રી વિજયકનકસૂરિજી મ.સા.
- **વડી દીક્ષા-ગુરુ :** પૂ. મુનિશ્રી કંચનવિજયજી
- **સમુદાય :** તપાગચ્છીય સંવિગ્ન શાખીય કચ્છ-વાગડ સમુદાય
- **પરંપરા :** પદ્મ-જીત-હીર-કનકસૂરિ-દેવેન્દ્રસૂરિ-કંચનવિજયજી
- **પંન્યાસ પદ :** વિ.સં. ૨૦૨૫, મહા સુ. ૧૩, ફલોદી (રાજ.)
- **આચાર્ય પદ :** વિ.સં. ૨૦૨૯, માગ. સુ. ૩, ભદ્રેશ્વર તીર્થ (કચ્છ)
- **પંન્યાસ - આચાર્ય - પદ - પ્રદાતા :** પૂ.આ.શ્રી વિજયદેવેન્દ્રસૂરીશ્વરજી
- **ઉત્તરાધિકારી :** વર્તમાન પટ્ટવિભૂષક પૂ.આ.શ્રી વિ.

કલાપ્રભસૂરીશ્વરજી

- **મુખ્ય કર્મભૂમિ :** કચ્છ વાગડ
- **વિહાર ક્ષેત્ર :** કચ્છ-ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્રપ્રદેશ વગેરે
- **સાહિત્ય :** તત્ત્વજ્ઞાન પ્રવેશિકા, અધ્યાત્મગીતા, સર્વજ્ઞકથિત સામાયિક ધર્મ, પરમ તત્ત્વની ઉપાસના, ધ્યાનવિચાર, મિલે મન ભીતર ભગવાન, કહે કલાપૂર્ણસૂરિ ભાગ ૪, સહજ સમાધિ વગેરે
- **પ્રથમ-અંતિમ ચાતુર્માસ :** ફલોદી (રાજ.)
- **દીક્ષા પર્યાય :** ૪૮ વર્ષ
- **સાધના :** દિવસે ભક્તિ, સ્વાધ્યાય, વ્યાખ્યાન, વાચના, હિતશિક્ષા વગેરે, રાત્રે કાયોત્સર્ગ, ધ્યાન, જાપ વગેરે.
- **શિષ્ય ગણ :** ૩૬
- **સાધ્વી ગણ :** ૫૦૦
- **કાળધર્મ :** વિ.સં. ૨૦૫૮, મહા સુદ ૪, શનિવાર ૧૬-૨-૨૦૦૨, કેશવણા (રાજ.)

પૂ.સા. સુવર્ણપ્રભાશ્રીજી (પૂ. બા મહારાજ) : એક ઝલક



- **જન્મ :** વિ.સં. ૧૯૮૩, ફલોદી (રાજ.)
- **માતા :** કેસરબેન મિશ્રીમલજી વૈદ
- **પિતા :** મિશ્રીમલજી વૈદ (પૂ. મુનિશ્રી કમલવિજયજી)
- **ભાઈ :** નથમલજી વૈદ (પૂ. મુનિશ્રી કલહંસવિજયજી)
- **પતિ :** અક્ષયરાજજી લુક્કડ (પૂ.આ.શ્રી વિ. કલાપૂર્ણસૂરિજી)
- **પુત્ર :** (૧) જ્ઞાનચંદજી (પૂ.આ. વિજયકલાપ્રભસૂરિજી)
  (૨) આસકરણજી (પૂ.પં. કલ્પતરૂવિજયજી)
- **દીક્ષા :** વિ.સં. ૨૦૧૦, વૈ.સુ. ૧૦, ફલોદી (રાજ.)
- **વડી દીક્ષા :** વિ.સં. ૨૦૧૧, વૈ.સુ. ૭, રાધનપુર (ગુજ.)
- **ગુરુજી :** પૂ.સા. લાવણ્યશ્રીજીના શિષ્યા પૂ.સા. સુનંદાશ્રીજી
- **શિષ્યા :** ૫
- **મુખ્ય રસ :** પ્રભુ-ભક્તિ, જાપ, કાયોત્સર્ગ વગેરે
- **કાળધર્મ :** વિ.સં. ૨૦૫૮, વૈ.સુ. ૧૩, ભરૂચ (ગુજ.)



વાંકી તીર્થ પ્રતિષ્ઠા, ગુરુ. વૈ.સુ. ૬, ૨૦૪૫

વાંકી તીર્થે
૧૦૯ જેટલા પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો તથા જિજ્ઞાસુ ગૃહસ્થો સમક્ષ અપાયેલી વાચનાના અંશો

દ્વિતીય જેઠ વદ ૬-૭
૦૫-૦૭-૧૯૯૯, સોમવાર

◆ **રત્નત્રયીની આરાધનામાં જેટલી મંદતા, મોક્ષ તેટલો દૂર ! જેટલી તીવ્રતા, મોક્ષ તેટલો નજીક !**

◆ અત્યાર સુધી આપણે પર - સંપ્રેક્ષણ ઘણું કર્યું, ઘણા કર્મો બાંધ્યા. હવે આત્મ સંપ્રેક્ષણ કરવાનું છે. એ વિના સ્વદોષો નહિ દેખાય. દોષો દેખાશે નહિ તો નીકળશે નહિ. કાંટો જે દેખાય નહિ તે નીકળે શી રીતે ? આત્મ-સંપ્રેક્ષણથી ધીરે-ધીરે દેહ અને આત્માની ભિન્નતા પણ દેખાવા લાગે છે.

દેવ-ગુરુ પર શ્રદ્ધા ન રાખવી તે જેમ મિથ્યાત્વ છે, તેમ દેહમાં આત્મબુદ્ધિ રાખવી તે પણ લોકોત્તર મિથ્યાત્વ છે. દેહમાં આત્મબુદ્ધિ ટળતાં જ અઢળક ખજાનો આપણને મળે છે.

◆ પૂ.પં. મુક્તિવિજયજી મ.સા. કહેતા : જે ગ્રંથ

વાંચવો હોય એ ગ્રંથના કર્તાનો જાપ બહુમાનપૂર્વક કરવો. શાસ્ત્રકાર પર બહુમાન હોય તો જ એ શાસ્ત્રના રહસ્યો સમજાય. જેમના તરફ આપણું બહુમાન વધ્યું, તેમના ગુણો આપણામાં આવ્યા જ સમજો.

◆ પૂર્વકાળમાં જીવનભર યોગોદ્વહન ચાલુ રહેતા. ક્યારેય જ્ઞાન કે સ્વાધ્યાય બંધ જ નહિ ! એમને જ્ઞાન-ધ્યાન મુશ્કેલ હશે ? મોક્ષ દૂર હશે ! આપણને તો જ્ઞાન-ધ્યાન એટલા આત્મસાત્ છે, મોક્ષ એટલો નજીક છે કે જાણે કાંઈ જ જરૂર નથી ! ન જ્ઞાનની ! ન ધ્યાનની ! ન બીજા કોઈ યોગની ! આપણે શૂરવીર ખરાને !

◆ નવકારનો જાપ એટલે અક્ષર દેહરૂપે રહેલા પ્રભુનો જાપ ! અક્ષરમય દેવતાનો જાપ !

તમારું નામ, તમારો ફોટો, તમારા ભૂત-ભાવિ પર્યાય દ્વારા તમે વિશ્વમાં કેટલા બધા ફેલાયેલા છો ? ભગવાન પણ નામાદિ ચાર રૂપે સમગ્ર વિશ્વમાં ફેલાયેલા છે. આપણા નામાદિ કલ્યાણકર નથી, ભગવાનના કલ્યાણકાર છે.

ભક્તને તો ભગવાનનું નામ લેતાં જ હૃદયમાં ભગવાન દેખાય છે. ઉપા. માનવિજયજી મ.સા. કહે છે : 'નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન...'' નામાદિ ચારેય પ્રકારે ભગવાન કઈ રીતે રહેલા છે ? જ્ઞાનવિમલસૂરિ મ.સા. ચૈત્યવંદનમાં કહે છે : 'નામે તું જગમાં રહ્યો, સ્થાપના પણ તિમહી; દ્રવ્યે ભવ માંહિ વસે, પણ ન કળે કિમહી.' ભાવપણે સવિ એક જિન ત્રિભુવનમેં ત્રિકાળે.' આનો અર્થ વિચારજો. હૃદય નાચી ઊઠશે.

◆ આત્મા જો વિભુ - (વ્યાપક) હોય તો કર્મબંધ શાનો ? કર્મબંધ ન હોય તો મોક્ષ કોનો ? મોક્ષ ન હોય તો આ કડાકૂટ શાની ? આવો પ્રશ્ન, એક ગણધરને જાગેલો. ભગવાને કહ્યું : આત્મા વિભુ જરૂર છે, પણ કેવળજ્ઞાન રૂપે. કેવળજ્ઞાનથી સંપૂર્ણ લોક-અલોકને જાણે છે. જ્ઞાનથી તેઓ સર્વત્ર વ્યાપક છે. આ દૃષ્ટિ નજર સામે રાખીશું તો સર્વત્ર વ્યાપીને રહેલા પરમાત્મા સદાકાળ દેખાશે.

◆ મનની ચાર અવસ્થા છે : વિક્ષિપ્ત, યાતાયાત, સુશ્લિષ્ટ અને સુલીન. સુલીન સુધી પહોંચવા માટે પહેલાની ત્રણ અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે.

◆ ગમે તે નામથી કોઈપણ ધર્મવાળા પ્રભુને પોકારે, ભગવાન તો આ જ આવવાના ! સર્વ ગુણસંપન્ન, સર્વ શક્તિસંપન્ન, સર્વ દોષોથી મુક્ત બીજો કોણ છે ? બધી નદીઓ સમુદ્રમાં મળે છે, તેમ બધા જ નમસ્કાર અરિહંત પ્રભુને મળે છે.

◆ અપરાધીને ક્ષમા ન આપવી તે ક્રોધ. કર્મ સિવાય કોઈ અપરાધી નથી. એને છોડીને બીજાને અપરાધી માનવો તે મિથ્યાત્વ છે. ભગવાને કોઈપણ શત્રુને અપરાધી તો નથી માન્યા, પણ ઉપકારી માન્યા છે.

◆ **પ્રભુભક્તિ આજે હું નથી છોડતો. શા માટે ? મને એમાં સ્વાદ આવે છે. આનંદપ્રદ યોગને શી રીતે છોડી શકું ? જે સાધનામાં નિર્મળ આનંદ વધતો જાય તે જ સાચી સાધના. સાધનાની આ જ કસોટી દિન-પ્રતિદિન આનંદ વધે છે કે નહિ ? એ જ આનંદ આગળ વધતાં સમાધિરૂપ બનશે.**

ભક્તિ એ તો સમાધિનું બીજ છે. પ્રભુની મનમોહક મૂર્તિ સમક્ષ હૃદયપૂર્વક ચૈત્યવંદનાદિ કરો. ભક્તિયોગનો પ્રારંભ થશે.

✧ ✧ ✧ ✧ ✧

राह चलते हुए ज्यों ही पूज्य साहेबजी के कालधर्म के समाचार मिले त्यों पांव ठिठक गये, मन रुक-सा गया । विश्वास ही नहीं हो पाया । मैंने अन्य महात्माओं से बात की तो विश्वास हुआ ।

पूज्य साहेबजी बहुत अच्छे थे । उनकी की भी याद आती है । उनकी सरलता, समता, सहिष्णुता भी याद आई । उनकी सात्त्विकता और आध्यात्मिकता भी अनूठी थी । श्री शंखेश्वरजी में पूज्य साहेबजी श्री जंबूविजयजी महाराज के पास में नंदीसूत्र का स्वाध्याय करते थे ।

- धर्मधुरंधरसूरि

१६-२-२००२



વાંકી તીર્થ પ્રતિષ્ઠા, ગુજ. વૈ.વ. ૬, ૨૦૪૫

દ્વિતીય જેઠ વદ ૮
૦૬-૦૭-૧૯૯૯, મંગળવાર

◆ **અનાદિકાળથી જે પ્રભુનો વિયોગ છે, એ પ્રભુનો જે સંયોગ કરી આપે તે યોગ છે.** જે સ્વામી પર પ્રેમ હોય તેની વાત પર, તેની આજ્ઞા પર પણ પ્રેમ હોય જ. તે જ વચનયોગ છે. પ્રભુનો પ્રેમ પ્રીતિયોગ. અનન્ય નિષ્ઠા તે ભક્તિયોગ. આજ્ઞા-પાલન તે વચનયોગ અને પ્રભુ સાથે તન્મયતા તે અસંગયોગ છે. પ્રીતિયોગ પ્રારંભ છે. અસંગયોગ પરાકાષ્ઠા છે. માટે જ હું વારંવાર પ્રભુ સાથે પ્રીતિ કરવાનું કહું છું. 'પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદ શું' મારું આ પ્રિય સ્તવન આ જ વાત કહે છે. પ્રીતિયોગમાં પ્રવેશ થવો જ અઘરો છે. એકવાર તેમાં પ્રવેશ થઈ ગયા પછી આગળના યોગો બહુ અઘરા નથી. **સંસારના પ્રેમને પ્રભુના પ્રેમમાં વાળવો, એ જ સૌથી કપરું કામ છે.**

◆ જેની જેની પાસેથી મેં પાઠ લીધા છે તે સૌને હું રોજ યાદ કરું છું. 'ગુરુ અનિહ્નવ' આ એક જ્ઞાનાચાર છે. પૂ. ઉપા. યશોવિજયજીએ હરસ્થળે ગુરુ પૂ. નયવિજયજી

(પૂ. યશોવિજયજી પ્રસિદ્ધ હતા. પૂ. નયવિજયજીને કોઈ જાણતું ય નહોતું)ને યાદ કર્યા છે : 'શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક જશ કહે સાચું જી.' પૂ. વિનયવિજયજી તો પોતાના ગુરુ પૂ. કીર્તિવિજયજીના નામને મંત્ર માનતા.

વિ.સં. ૨૦૧૩માં સૌ પ્રથમ માંડવીમાં પૂ. પં. ભદ્રંકરવિજયજી મળેલા. ભુજપુરમાં ચાતુર્માસ હતા. ત્યારે તેમણે કહેલું : તમે પૂ. હરિભદ્રસૂરિજીના ગ્રંથો વાંચો. સંસ્કૃત મજબૂત થતાં મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી પાસે યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ વગેરે ગ્રંથો વાંચ્યા. પૂ. હરિભદ્રસૂરિના ગ્રંથોથી નિશ્ચયલક્ષી જીવન બને જ છે. સાથે સાથે વ્યવહાર પણ દૃઢ થાય છે.

◆ દોષ આપણો છે, પણ આપણે દોષનો ટોપલો પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓ પર ઢોળી દીધો. કેટલા રહસ્યભર્યા પવિત્ર સૂત્રો છે આ બધા ! યોગગ્રંથો વાંચીએ ત્યારે ખ્યાલ આવે. યોગગ્રંથો વાંચવાથી આપણને એ ક્રિયા વગેરે પર ખૂબ જ આદર વધશે.

◆ **'तीर्थंकर-गणधर-प्रसादाद् एष योगः फलतु'**

કોઈપણ અનુષ્ઠાનના અંતે આપણે આમ કહીએ છીએ. સિદ્ધયોગીઓના સ્મરણથી પણ અનુષ્ઠાન સિદ્ધ થાય છે.

◆ એક વખત પણ કોઈ યોગમાં સ્થિરતા આવી, સ્થિરતાજન્ય આનંદ આવ્યો તો એ અનુષ્ઠાન તમે કદી નહિ ભૂલો. એ આનંદને વારંવાર મેળવવા વારંવાર લલચાશો.

નવકાર એમને એમ બોલો અને જાપ કરીને બોલો. બંનેમાં ફરક પડશે. જીવનમાં ઉતારીને નીકળતો શબ્દ અસરકારક હોય છે.

◆ પરિષહ બે પ્રકારે : અનુકૂળ અને પ્રતિકૂળ.

અનુકૂળ ઉપસર્ગ ખતરનાક છે. કારણ કે અનુકૂળતા આપણને ખૂબ જ ગમે છે. અનુકૂળતા એ ઉપસર્ગ છે, એવો કદી વિચાર જ નથી આવતો. મહાપુરુષો સામેથી પ્રતિકૂળતા ઊભી કરતા જ્યારે આપણે નિરંતર અનુકૂળતાની શોધમાં છીએ. પૂર્વ મહર્ષિઓ દવા કે ઈલાજ નહોતા કરાવતા. કારણ

કે પ્રતિકૂળતા જ એમને ઈષ્ટ હતી.

મદ્રાસની માંદગીમાં એવી સ્થિતિ હતી કે બધું જ ભૂલાઈ ગયેલું. પ્રતિક્રમણ વગેરે તો બીજા જ કરાવે. પણ મુહપત્તીના બોલ સુદ્ધાં ભૂલાઈ ગયેલા. એ પણ બીજા બોલતા. પણ ભગવાને મને ફરીથી તૈયાર કરી દીધો.

શી રીતે ભૂલાય એ ભગવાનને ?

અત્યારે હું વાચના, તમારા માટે નહિ, મારા માટે આપું છું. મારું પાકું રહે, ભવાંતરમાં મારે આ બધું સાથે લઈ જવું છે.

◆ સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન - આ પાંચેય યોગો ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ - એમ ૪-૪ પ્રકારે છે.

ઈચ્છા : તેવા યોગીઓની વાતોમાં પ્રેમ.

પ્રવૃત્તિ : પાલન કરવું.

સ્થિરતા : બાધક - અતિચાર - દોષોનો ભય ન રહે.

સિદ્ધિ : બીજાને પણ સહજપણે યોગમાં જોડવા.

◆ નવકારના જાપમાં એકાગ્રતા સાધવા માટે અક્ષરોને મનની કલમથી લખો.

એકેક અક્ષર પર સ્થિર બનો. નવકારના જાપના અનુષ્ઠાનમાં નવકાર લેખનનો કાર્યક્રમ પણ હશે. હીરાની ચમકતી શાહીથી લખવું. કલ્પના શા માટે ઓછી કરવી ? લખાઈ ગયા પછી એને ચમકતા જુઓ અને વાંચો :

ન... મો... અ... રિ... હં... તા... ણં

અચક્ષુ દર્શનથી વાંચવાનું છે, ચામડાની આંખથી નહિ.

મનને સ્થિર કરવાની આ કળા છે. રોજ બાર નવકાર આ રીતે લખો. ભલે ૧૦-૧૫ મિનિટ લાગી જાય. આ વર્ણયોગ છે.

✧ ✧ ✧ ✧ ✧



પ.પૂ.આચાર્યશ્રી વિજય દેવેન્દ્રસૂરિજી की कृपा पूज्यश्री पर

દ્વિતીય જેઠ વદ ૯
૦૭-૦૭-૧૯૯૯, બુધવાર

◆ ભવના રાગીને વિષય-કષાય વિના ચેન ન પડે, તેમ ભગવાનના રાગીને ભગવાન વિના ચેન ન પડે. આ જ પ્રીતિયોગ છે. જેના પર પ્રેમ થયો હોય તેને સમર્પિત થવું જ પડે, વફાદાર રહેવું જ પડે. આ ભક્તિયોગ છે. જેને સમર્પિત હોઈએ તેની વાત સ્વીકારવી પડે. 'સ્વીકારવી પડે' એમ કહેવા કરતાં જ્યાં પ્રેમ-સમર્પણ હોય ત્યાં સહજ રીતે જ તેમની વાત સ્વીકારાઈ જાય છે. આ જ વચન-યોગ છે. જેની વાત સ્વીકારી તેની સાથે એકમેક પણ થવાના જ. આ અસંગયોગ છે.

◆ કોઈપણ યોગ (સ્થાન વગેરે કે અહિંસા વગેરે) સિદ્ધ થયો ત્યારે ગણાય જ્યારે તમારા દ્વારા સહજ રીતે જ બીજામાં વિનિયોગ થઈ શકે.

◆ નમસ્કાર કરવાની મારામાં શક્તિ નથી, યોગ્યતા પણ નથી. માટે જ શક્રસ્તવમાં 'નમામિ' ન કહેતાં 'નમુત્થુણં' (નમોડસ્તુ) કહ્યું : 'નમોડસ્તુ' એટલે 'નમસ્કાર હો !' 'હું નમું છું' એમ નહિ, 'હું નમું છું'માં અહંકારની સંભાવના છે.

'નમસ્કાર હો !'માં નહિ.

◆ કાયા શાણી છે. વાણી પણ શાણી છે. આપણે કહીએ ને તરત જ માની જાય. પણ સવાલ છે મનનો. આપણે કહીએ ને મન માની જાય, એ વાતમાં માલ નહિ, માની જાય એ મન નહિ.

કાયા માની જાય એટલે સ્થાનયોગ સધાય.

વચન માની જાય એટલે વર્ણ યોગ સધાય. પણ મન જો માની જાય તો જ અર્થ અને આલંબન યોગ સધાય.

મન ચપળ છે એટલે એકી સાથે ઘણા કામ કરી શકે. અહીં મનને બે કામ સોંપવામાં આવ્યા છે. અર્થ અને આલંબનના.

કાયા અને વાણીથી અનેકગણી કર્મ - નિર્જરા મન કરાવી આપે છે અને કર્મ-બંધન પણ એટલું જ કરાવી આપે.

વિષય-કષાયને સોંપેલું મન સંસાર બનાવી આપે.

ભગવાનને સોંપેલું મન ભગવાન મેળવી આપે.

માટે જ મોહરાજાનો પહેલો હુમલો મન પર થાય છે, જેમ શત્રુ પહેલો હુમલો એરપોર્ટ પર કરે છે !

◆ **ચૈત્યવંદન તમે પ્રભુનું કરો છો, એમ નહિ, તમારી જ શુદ્ધ ચેતનાનું કરો છો. ભગવાન એટલે તમારું જ ઉજ્જવલ ભવિષ્ય ! તમારી જ પરમ વિશુદ્ધ ચેતના ! ભગવાનની પ્રતિમામાં આપણું ભાવિ પ્રતિબિંબ નિહાળવાનું છે. એ સંદર્ભમાં ભૂલાઈ ગયેલા આત્માને યાદ કરવાની કળા એ ચૈત્યવંદન છે.**

◆ ભુવનભાનુ કેવળીનું હોય કે મરીચિનું હોય, એમણે કરેલી ભૂલો, ભૂલોની મળેલી સજા, એ બધામાં આપણું પોતાનું ચરિત્ર જુઓ. એમણે કદાચ એક જ વાર ભૂલ કરી હશે. આપણે અનંતીવાર કરી છે. હવે ભૂલો ન થવી જોઈએ, એ શીખવાનું છે.

◆ બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા - આ ત્રણે પ્રકારે બીજા જીવો છે, એમ નહિ, પણ આપણા ખુદમાં આ ત્રણ અવસ્થા પડેલી છે, એમ સમજો.

જો આપણે શરીરને આત્મા માનીએ છીએ તો બહિરાત્મા છીએ.
જો આત્માને આત્મા માનીએ છીએ તો અંતરાત્મા છીએ.
જો કેવળજ્ઞાન મેળવી લીધું છે તો પરમાત્મા છીએ.

આપણા મોટા ભાગનો ભૂતકાળ 'બહિરાત્મા' અવસ્થામાં ગયો. આપણો વર્તમાન 'અંતરાત્મા' હોવો જોઈએ. આપણો ભવિષ્યકાળ 'પરમાત્મા' હોવો જોઈએ.

◆ **થર્મોમીટર તાવને માપવા માટે છે, અલમારીને શોભાવવા નહિ. આગમો આત્માને જોવા માટે છે, અલમારીને શોભાવવા નહિ.**

◆ દેહાધ્યાસ દેહને જ આપે. ભગવદધ્યાસ ભગવાન આપે. દેહાધ્યાસ દેહને જ આપે એટલે કે જન્મ-મરણના ચક્કર ચાલુ જ રહેશે. જ્યાં સુધી દેહમાં આત્મબુદ્ધિ હશે ત્યાં સુધી દેહ મળ્યા જ કરશે. દરેક જન્મમાં દેહ મળ્યા જ કરે. દેહ - અધ્યાસ ટળે, આત્મા ઓળખાય તો જ 'આત્મા' મળે, 'પરમાત્મા' મળે.

◆ દિવસમાં સાધુએ સાત વાર ચૈત્યવંદન કરવાના છે. એ ભક્તિયોગની પ્રધાનતા દર્શાવે છે. ચૈત્યવંદન ભાષ્ય ભક્તિયોગના મંદિરનું પ્રથમ સોપાન છે.

ચૈત્યવંદન પ્રભુ સાથે વાતચીતની કળા છે, એટલું જ નહિ, સ્વયં પ્રભુ બનવાની કળા છે.

◆ આવશ્યક નિર્યુક્તિમાં **'चउहिं झाणेहिं'** માં ધ્યાનવિચાર તથા પંચવસ્તુકમાં 'સ્તવ પરિજ્ઞા' આ બે ગ્રંથો હરિભદ્રસૂરિજીની અણમોલ ભેટ છે.

◆ કર્મ સાહિત્ય પછી જાણો. પહેલા દેવ-ગુરુ અને ધર્મને જાણો.

દેવને જાણવા ચૈત્યવંદન ભાષ્ય.
ગુરુને જાણવા ગુરુવંદન ભાષ્ય.
ધર્મ (તપ)ને જાણવા પચ્ચકખાણ ભાષ્ય.

ત્રણ ભાષ્ય પછી કર્મગ્રંથ ભણવાની આપણી પદ્ધતિનું રહસ્ય આ છે.

✧ ✧ ✧ ✧ ✧



उद्‌बोधन करते हुए केन्द्रीय प्रधान जयवंतीबेन काजी,
सुरेन्द्रनगर, वि. सं. २०५६, ता. २६-३-२०००

द्वितीय जेठ वद १०
०८-०७-१९९९, गुरुवार

◆ અજાણી વસ્તુ કરતાં જાણેલી વસ્તુમાં અનંતગણી શ્રદ્ધા વધતી હોય છે.

ચાલતી વખતે પહેલા નજર નાખવાની કે પહેલા પગ મૂકવાનો ? પહેલા નજર પછી પગ. પહેલા જ્ઞાન પછી ક્રિયા. **'पढमं नाणं तओ दया'**

ઝવેરાતનું જ્ઞાન ઝવેરી શીખે પણ દુકાનમાં બેસતી વખતે તેનો પ્રયોગ - ઉપયોગ ન કરે તો શું થાય ? જાણ્યા પછી આપણે અમલમાં ન મૂકીએ તો શું થાય ? વિચારી લેજો.

◆ અસંગ અનુષ્ઠાનનો યોગી અરૂપીનો આરાધક છે, એના જેટલી નિર્જરા પ્રીતિયોગવાળો ન કરી શકે તે સ્વાભાવિક છે, પણ પ્રારંભ તો પ્રીતિયોગથી જ થશે.

પ્રીતિ પછી જ ભક્તિ આવે. જેને તમે ચાહો (પ્રીતિ) તેને જ તમે સમર્પિત (ભક્તિ) થઈ શકો. જેને સમર્પિત થઈ શકો, તેની જ વાત (વચન) તમે માની શકો. જેની વાત તમારા માટે હંમેશા શિરસાવંદ્ય છે, તેની સાથે જ તમે એકમેક

(અસંગ) થઈ શકવાના.

પ્રીતિ અને ભક્તિમાં પત્ની અને માતાના પ્રેમ જેવો તફાવત છે. ભક્તિમાં પ્રીતિ છે જ. વચનમાં પ્રીતિ અને ભક્તિ બંને છે. અસંગમાં પ્રીતિ, ભક્તિ અને વચન ત્રણેય છે. ૧૦૦૦ રૂપિયામાં ૧૦૦, ૧૦,૦૦૦માં ૧૦૦૦, ૧,૦૦,૦૦૦ રૂ.માં ૧૦,૦૦૦ રૂ. સમાઈ ગયા છે તેમ. ખરેખર તો હજાર રૂપિયા જ વધતાં વધતાં લાખ રૂ. બન્યા છે. એ જ રીતે પ્રીતિ જ આગળ જતાં અસંગરૂપે બને છે.

◆ **આપણે છદ્મસ્થ છીએ. આપણો કોઈ પર પ્રેમ વધુ કે કોઈ પર ઓછો હોય તેમ બની શકે, પણ વીતરાગ પ્રભુનો સર્વ પર નિર્વિશેષ (સમાનરૂપે) પ્રેમ વરસી રહ્યો છે. 'આ મારા, આ તારા. આ વહાલા, પેલા દવલા' એવો ભેદ પ્રભુના દરબારમાં નથી. જેમણે પ્રભુને ચાહ્યા, સેવ્યા, માન્યા તેમના પર પ્રભુ વરસી પડ્યા છે. તેમાં ભગવાને પક્ષઘાત નથી કર્યો ! કોઈ બારી-બારણા ખોલીને સૂર્યનો પ્રકાશ વધુ મેળવી લે કે કોઈ બારી-બારણા બંધ કરીને અંધકારમાં અથડાયા કરે તેમાં સૂર્યનો દોષ નથી. સૂર્ય તો પ્રકાશ રેલાવી જ રહ્યો છે. પ્રકાશમાં જીવવું કે અંધકારમાં ? તે તમારે જાતે નક્કી કરવાનું છે. ભગવાન સર્વત્ર કૃપાનો પ્રકાશ રેલાવી રહ્યા છે. કેટલો મેળવવો ? તે આપણે નક્કી કરવાનું છે. માત્ર આપણે જ.**

◆ તીર્થના ઉચ્છેદના આલંબનથી પણ અયોગ્યને સૂત્રો આપવાની યોગાચાર્યો ના પાડે છે.

હમણા શશીકાન્તભાઈને પૂછ્યું : 'કેમ હમણા પરદેશ જવાનું બંધ કર્યું ?'

તેમણે કહ્યું : 'કોઈ મતલબ નથી. એ લોકોમાં ધર્મ કે ધ્યાનની વાતો સમજવાની સ્વાભાવિક પાત્રતા જ નથી. ત્યાં જઈને માત્ર કંઠ-શોષ કરવાનો છે. એના કરતાં મૌન રહીને સાધના કરીએ તે સારું છે.'

સાચી વાત છે. કાચા ઘડામાં પાણી ન નખાય. સડેલી કૂતરીને કસ્તૂરી ન લગાડાય. અયોગ્યને સૂત્ર ન અપાય.

✧ ✧ ✧ ✧ ✧

આત્માનુભવાધિકાર

ઉપા. શ્રી પૂ. યશોવિજયજીકૃત અધ્યાત્મસાર

આત્માનુભૂતિને પ્રગટાવવા માટે ત્રણ વસ્તુ જોઈએ. (૧) શાસ્ત્ર, (૨) મિથ્યાત્વનો ધ્વંસ, (૩) કષાયની અલ્પતા.

બાહ્ય અંધારું સૂર્ય ટાળે, હૃદયનું અંધારું સદ્‌ગુરુ ટાળે.

'જ્ઞાનપ્રકાશે રે, મોહ - તિમિર હરે, જેહને સદ્‌ગુરુ સૂર.'

મનની પાંચ અવસ્થા છે : ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર, નિરુદ્ધ.

પ્રથમ તબક્કામાં મન ચંચળ જ રહેવાનું છે. માંકડ અને માકડું આમેય ચપળ છે જ. તમે એને પકડવા પ્રયત્ન કરો એમ તે દૂર ભાગે. પણ એમ સમજીને સાધનાથી દૂર નથી ભાગવાનું. આ સ્વાભાવિક છે, એમ સમજીને સાધનાને મજબૂતીથી પકડવાની છે.

યોગશાસ્ત્રમાં મનની ચાર અવસ્થા (વિક્ષિપ્ત, યાતાયાત, સુશ્લિષ્ટ અને સુલીન)ઓનો સમાવેશ આ પાંચમાં થઈ જાય છે.

ક્ષિપ્ત :

મૂઢ : વિરુદ્ધ કાર્યોમાં ડૂબી જાય.

વિક્ષિપ્ત : બહિર્મુખ મન. સુખમાં રાજી અને દુઃખમાં નારાજ.

ત્રીજી અવસ્થામાં સત્ત્વ ગુણની અધિકતા છે.

આ ત્રણ દશાથી જે ઉપર ઉઠે છે તે એકાગ્ર અવસ્થા સુધી પહોંચે છે. પવન રહિત સ્થાનમાં દીવાની જ્યોત સ્થિર હોય છે, તેમ અહીં ચિત્ત સ્થિર થઈ જાય છે.

નિરુદ્ધ : સંકલ્પ-વિકલ્પોનો સંપૂર્ણ ત્યાગ.

આત્મસ્વરૂપમાં લીન બનેલા મુનિઓને આવું મન હોય છે.

પ્રથમ ત્રણ ચિત્ત આરાધનામાં ઉપયોગી નથી.

✧ ✧ ✧ ✧ ✧



आशीर्वाद देते हुए पूज्यश्री, सुरेन्द्रनगर, दि. २६-३-२००० pm

द्वितीय જેઠ વદ ૧૧
૦૯-૦૭-૧૯૯૯, શુક્રવાર

◆ જગતના સર્વ જીવો સાથે એકતાનો ભાવ જેણે કેળવ્યો નથી, તે પ્રભુને સાચા અર્થમાં ભજી શકે નહિ, પરમાત્મા બની શકે નહિ. પરમાત્મા તો શું, મહાત્મા પણ બની શકે નહિ.

◆ અન્ય દર્શનોમાં પણ ખૂબ જ શુદ્ધ, સ્વીકારી શકાય તેવા વિચારો મળે છે, તેનું કારણ આ પણ એક હોઈ શકે : ઋષભદેવ સાથે દીક્ષિત કચ્છ-મહાકચ્છ પછીથી તાપસ બની ગયા. એમની તાપસી પરંપરામાં આદિનાથની ભક્તિરૂપે જિન-ભક્તિ મળી આવે તેમાં આશ્ચર્ય નથી.

◆ મન ભળ્યા વગરની દ્રવ્ય - નિર્જરા. મન ભળે તો જ ભાવ - નિર્જરા થાય. કોઈપણ ક્રિયામાં મન ભળે તો જ પ્રાણ આવે. મન જ પુણ્ય કે પાપની ક્રિયાઓનો પ્રાણ છે. ધર્મ ક્રિયામાં મન નહિ તો તે નિષ્ફળ છે. પાપ ક્રિયામાં મન નહિ તો તે પણ નિષ્ફળ છે. પણ આપણી મોટાભાગની ધર્મ ક્રિયાઓ મન વગરની અને પાપ ક્રિયાઓ મન સહિતની છે.

પાપ ક્રિયામાંથી મનને ખેંચીને ધર્મ ક્રિયામાં લગાવી દો. બેડો પાર !

◆ તામસ મન નિદ્રાળુ હોય છે. રાજસ મન ચંચળ હોય છે. સાત્ત્વિક મન સ્થિર (સ્થિતપ્રજ્ઞ) હોય છે.

કાંઈક કૌતુક આવ્યું હોય તો તામસી કે સાત્ત્વિક જોવા નહિ જાય, કારણ કે એક પ્રમાદી ને બીજો સ્થિતપ્રજ્ઞ છે. રાજસી જશે. કારણ કે મનની ચંચળતા છે. તામસી અને સાત્ત્વિક બંને સ્થિર લાગશે, પણ બંને વચ્ચે આભ-ગાભ જેટલો ફરક છે. એકમાં સુષુપ્તિ છે. બીજામાં જાગૃતિ છે.

◆ પરમાત્મભાવનાનું પૂરક. બહિરાત્મભાવનું રેચક અને સ્વભાવનું કુંભક. આ ભાવ પ્રાણાયામ છે, ખતરા વગરનું છે. દ્રવ્ય પ્રાણાયામની ખાસ ઉપયોગિતા નથી. જો કે દ્રવ્ય પ્રાણાયામનું શ્રી હેમચન્દ્રસૂરિજીએ યોગશાસ્ત્રના પાંચમા પ્રકાશમાં વર્ણન કર્યું છે. પરકાયપ્રવેશની વિધિ પણ બતાવી છે. પરંતુ સાથે સાથે તેનો ખતરો પણ બતાવ્યો છે.

◆ 'વિમલા ઠકારે મને કહ્યું છે : બધા જ વાણીના વ્યવહારો બંધ કરી નિઃશબ્દમાં ઉતરી જાવ.' આ બરાબર છે ? શશીકાન્તભાઈએ હમણા મને પૂછ્યું.

મેં શશીકાન્તભાઈને કહ્યું : 'સ્વાધ્યાય, જાપ આદિ ચાલુ જ રાખો. નિઃશબ્દ માટે શબ્દો છોડવાની જરૂર નથી. વાણી તો પરમાત્માની પરમ ભેટ છે. એને છોડાય નહિ. સદુપયોગ કરાય. નિઃશબ્દ અવસ્થા માટે શબ્દો છોડવા નહિ પડે, સ્વયમેવ છૂટી જશે. ઉપર ગયા પછી આપણે પગથિયાને તોડી નાખતા નથી. નીચે આવવું હશે ત્યારે એ જ પગથિયા કામમાં આવવાના છે.'

શશીકાન્તભાઈએ કહ્યું : '૧૦ વર્ષનું ભાથું આપે આપી દીધું. મારું મન સંપૂર્ણ નિઃશંક બન્યું. આપના જવાબથી સંપૂર્ણ સંતુષ્ટ બન્યું.'

◆ **'અજકુલગત કેસરી લહે રે... નિજ-પદ-સિંહ નિહાલ;**
તિમ પ્રભુ-ભક્તે ભવી રહે રે, આતમ-શક્તિ સંભાલ.'

- પૂ. દેવચન્દ્રજી

બકરીના ટોળામાં નાનપણથી જ રહેલો સિંહ પોતાને ભલે બકરી માને, પણ સાચા સિંહને જોતાં જ એની અંદર રહેલું સિંહત્વ જાગી ઊઠે છે. આપણે પણ પ્રભુને જોઈને આપણી પ્રભુતા પ્રગટાવવાની છે.

◆ **દીક્ષાથી બે-ત્રણ વર્ષ પહેલા જ સમાધિના બીજ પડી ગયેલા જિનભક્તિમાં ૩-૪ કલાક ગાળ્યા પછી છેલ્લો કલાક પરમ આનંદમાં જતો, સમાધિની ઝલક મળતી.**

◆ 'મા કાલી'નું નામ સાંભળતાં જ રામકૃષ્ણ પરમ હંસને સમાધિ લાગી જતી. એટલી હદ સુધી તેમણે મા સાથે પ્રેમ કેળવેલો. સમાધિ સુધી પહોંચવા માંગતા હો તો પ્રભુ સાથે પ્રેમ કરો.

◆ '**पातीति पिता**' રક્ષણ કરે તે પિતા. ભગવાન આપણા પિતા છે, દુર્ભાવોથી આપણું રક્ષણ કરે છે.

◆ પરમાત્માના ગુણોનું ચિંતન તે ઐશ્વર્યોપાસના.

પરમાત્મા સાથે સંબંધ જોડવો, પ્રેમ કરવો તે માધુર્યોપાસના. બંને પ્રકારની ઉપાસના સિદ્ધસેન દિવાકર સૂરિજીએ શકસ્તવમાં બતાવી છે.

શકસ્તવમાં ૨૭૫ જેટલા ભગવાનના વિશેષણો બતાવેલા છે. એકેક વિશેષણ ભગવાનની અલગ અલગ શક્તિઓને બતાવનારા છે.

કિત્તિય, વંદિય, મહિયામાં પ્રભુની નવધા ભક્તિનો સમાવેશ છે. મનને વશ કરવા સાધક પોતાની રુચિ અને શક્તિ પ્રમાણે કોઈપણ વિહિત માર્ગે જઈ શકે.

◆ **જે સ્તવન બોલતાં ખૂબ જ આનંદ આવે, મન સ્થિર બને, રસ તરબોળ બને તે સ્તવન છોડતા નહિ. ઘણા મને પૂછે છે : 'પ્રીતલડી બંધાણી રે...' આ સ્તવન રોજ કેમ બોલો છો ?**

હું કહું છું : 'આ સ્તવનમાં મારું મન લાગે છે. આનંદરસમાં તરબોળ બને છે, માટે ગાઉં છું.

◆ પૂર્ણતા છે નહિ, પછી અભિમાન શાનો ? અપૂર્ણને અભિમાન કરવાનો અધિકાર નથી. જ્યારે પૂર્ણને તો

અભિમાન આવે જ નહિ.

◆ ગોચરી જનાર સાધુ પણ વગર બોલ્યે કેટલાયને ધર્મ પમાડી દે. એમની નિર્દોષ ચર્યા અને નિર્વિકાર ચહેરો જ કેટલાય લોકોની ધર્મ-પ્રાપ્તિનું કારણ બની જાય.

શોભન મુનિની ગોચરી-ચર્યાથી જ ધનપાલ ધર્મ પામ્યો હતો. ગોચરી વહોરતા મુનિની નિર્વિકારતાથી જ ઈલાચી કેવળી બન્યા હતા.

◆ **પૂ. દેવેન્દ્રસૂરિજી મ.સા.નો સ્વાધ્યાય પ્રેમ જબ્બર ! કાચલી લઈને માત્રુ કરવા જાય ત્યારે પણ સ્વાધ્યાય ચાલુ જ ! છેલ્લી જીંદગી સુધી ૩-૪ હજારનો પ્રતિદિન સ્વાધ્યાય કરતા. ૧૦૦-૧૦૦ ગાથાના સ્તવન - સજઝાય તેમને કંઠસ્થ હતા.**

◆ પ્રતિક્રમણાદિ વિહિત ક્રિયા છે. મનને સ્થિર કરવાના એમાં ઉપાયો છે. એમાં રસ કેળવી જુઓ. ખૂબ જ આનંદ આવશે.

એક લોગસ્સ બોલતાં કેટલો આનંદ થાય ? મારા ભગવાન કેવા ? આખાય લોકમાં અજવાળું ફેલાવનાર ! ધર્મતીર્થ કરનાર !

ગણધરોએ જે સૂત્રોની રચના કરી એ કેવા પવિત્ર અને રહસ્યપૂર્ણ હશે ! આટલું જ વિચારો તોય કામ થઈ જાય.

તમે પ્રતિક્રમણમાં વેઠ વાળો છો. તમારી ક્રિયાને જોઈને લોકોને પણ થયું : શું પડ્યું છે પ્રતિક્રમણમાં ? ચડાવો અભરાઈ પર.

આપણી આનંદભરી ક્રિયાઓ જોઈને બીજાને સ્વયંભૂ પ્રેરણા મળવી જોઈએ.

✧ ✧ ✧ ✧ ✧





शिष्य-गण के साथ पूज्यश्री, सुरेन्द्रनगर, दि. २६-३-२०००

द्वितीय જેઠ વદ ૧૨
૧૦-૦૭-૧૯૯૯, શુક્રવાર

◆ પરમાત્મા પ્રત્યે ભક્તિ બહુમાન વધે તેમ તેમ આપણામાં ગુણો પ્રગટ થતા જાય. કોઈ સામાન્ય માણસની સેવાથી પણ ગુણો વધે તો પ્રભુની સેવાથી શું ન થાય ? ગુણો બહારથી નથી આવતા, અંદર જ પડેલા છે. માત્ર આપણે તે અનાવૃત કરવાના છે.

◆ બાહ્ય ઝાકઝમાળ માટે જ જો આપણને ગુણો જોઈતા હોય તો આપણી વચ્ચે અને અભવ્ય વચ્ચે કશો ફરક નથી.

ગુણોના આર્વિભાવની નિશાની આનંદનો અનુભવ છે. સંકલેશ દુર્ગુણોની નિશાની છે. બાહ્ય પદાર્થ-સંપત્તિની પ્રાપ્તિમાં થતો 'આનંદ', આનંદ નથી, પણ મોહરાજાની લોભામણી જાળ છે, રસઋદ્ધિ કે સાતાગારવની એ જાળ છે. એમાં આસક્ત થઈને કેટલાય મહાત્માઓ અવગતિ પામ્યા છે. શાસન-સેવાના બદલે જો આપણે સ્વ-ભક્તિમાં એને ફેરવી દઈએ તો મોહરાજાની ચાલમાં ફસાઈ ગયા છીએ, એમ જાણવું.

◆ દુઃખભાવિત જ્ઞાન પરિપકવ કરવા માટે પરિષહો સહન કરવા જરૂરી છે. અજ્ઞાની હાયવોયથી ભોગવે છે. જ્ઞાની આનંદપૂર્વક ભોગવે છે. ભગવાન પણ જે પરિષહ સહે તેમાં જરૂર કાંઈ રહસ્ય હોવું જોઈએ.

◆ ઘણા કહે છે : 'હું માળા નહિ ગણું. કારણ મન સ્થિર નથી રહેતું.' પણ મન સ્થિર ક્યારે રહેશે ? માળા ગણશો તો ક્યારેક એકાદ નવકારમાં મન સ્થિર થશે. પછી ધીરે ધીરે આગળ વધાશે. જો સીધું જ મન એકાગ્ર બની જતું હોય તો પૂ. ઉપા. યશોવિજયજી મ.સા. મનના પાંચ પ્રકાર બતાવત નહિ. 'એકાગ્ર' મન એ તો મનનો ચોથો પ્રકાર છે.

◆ **એકાસણાની ટેવ કદી છોડતા નહિ. અમે વર્ષો સુધી એકાસણા કરેલા છે. અઠ્ઠાઈના પારણે પણ એકાસણા, બેસણા તો બહુ જ સમજાવટ પછી આવેલા.**

એક દીક્ષાર્થીએ પૂ. કનકસૂરિજી મ.સા.ને કહેલું : બિઆસણાની છૂટ આપો તો આપની પાસે દીક્ષા લેવી છે.

'મારે કોઈ શિષ્યનો મોહ નથી. પૂ. જીતવિજયજી મ.સા.ની મર્યાદા પ્રમાણે અહીં તો એકાસણા જ કરવાના છે.'

પછી તેમણે બીજા સમુદાયમાં દીક્ષા લીધી.

એકાસણાની પદ્ધતિથી ઘણા દોષોથી આપણે બચી જઈએ. સ્વાધ્યાય વગેરે માટે ખૂબ જ સમય મળી શકે. ભોજન વગર તનને તૃપ્તિ ન થાય. તેમ સ્વાધ્યાય વિના મનને તૃપ્તિ ન થાય.

◆ કોઈપણ ક્રિયા વખતે આનંદ આવે તો સમજી લેવું મન સ્થિર થઈ ગયું છે. તે વખતે પ્રભુ મળી ગયા છે, એમ માનજો. કારણ કે **પ્રભુ-મિલન વિના આનંદ ક્યાંયથી આવતો નથી.**

◆ મનની સ્થિરતાની ઘડીઓ ઘણી ઓછી હોય. છાપા વગેરે મનને વિક્ષિપ્ત કરનારા પરિબળો છે.

વિ.સં. ૨૦૨૨માં ભુજમાં કોઈ ભાઈએ મને કહેલું : 'તમે છાપા તો વાંચતા નથી. એ વિના વ્યાખ્યાનમાં તમે શું કહેશો ? વ્યાખ્યાનકારોએ તો ખાસ છાપા વાંચવા જોઈએ.'

મને એ મગજમાં બેસી ગયું. મેં છાપા વાંચવાનું શરૂ કર્યું, પણ મારું મન અનેકાનેક વિચારોથી ઘેરાઈને વિક્ષિપ્ત બનવા માંડ્યું. છાપા એટલે આખી દુનિયાનો કચરો ! મને લાગ્યું : આમાં મારું કામ નહિ. મેં છાપા વાંચવાનું બંધ કર્યું.

લોકોને ગમે એવું નથી બોલવાનું. ભગવાનની વાત કહેવાની છે. જીવનમાં ભાવિત બનાવીને કહેવાની છે. એની અસર કોઈ જુદી જ પડે.

પૂ. પ્રેમસૂરિજી મ.સા. વ્યાખ્યાનકારોને કહેતા : અલ્યા, આમાં આગમની વાતો તો કાંઈ ન આવી.

અમદાવાદમાં હું બે વાર વ્યાખ્યાન આપવા માંડ્યો. કોઈએ કહ્યું : બંધ કરો. એકવાર વ્યાખ્યાન બસ છે. લોકો કંઈ પામી જવાના નથી.

બોલવાથી ઉર્જા ઘણી વપરાય છે. મૌનથી ઉર્જા બચે છે. એ વાત મોટી ઉંમરે સમજાય છે.

જામનગરમાં પ્રથમ વખત અધ્યાત્મસાર + કુમારપાળ વ્યાખ્યાનમાં વાંચ્યું. બીજા ચાતુર્માસમાં વૈરાગ્યકલ્પલતા.

◆ પૂ. જંબૂવિજયજી મ.સા. જેવા વિદ્વાન પણ આજે રોજ ૨૦ માળા ગણીને જ પાણી વાપરે છે. ભગવાનની ભક્તિ પણ કેટલી જોરદાર ? માટે જ એમનું કહેલું અસરકારક બને છે.

◆ ગૌતમસ્વામી મરણાસન્ન શ્રાવકને માંગલિક સંભળાવવા ગયેલા. પછી ભગવાને કહ્યું : 'એ મરીને પત્નીના કપાળમાં કીડો બન્યો છે. કારણ કે મૃત્યુ વખતે એનું ધ્યાન ત્યાં જ હતું. જ્યાં આપણું મન રહેશે ત્યાં જવું પડશે.

કેટલું સારું જો મરણ વખતે પણ આપણું મન પ્રભુમાં રહે !

◆ સામાન્ય જાતિથી પ્રભુ સાથે આપણે એક છીએ. વિશેષથી અલગ છીએ.

◆ મન માટેના ત્રણ આલંબન : (૧) અભિરૂપ (મનોરમ) જિનપ્રતિમાઃ તમારું મન પ્રતિમામાં સ્થિર હોવું જોઈએ. તો ચૈત્યવંદન પણ વિશિષ્ટ યોગ બની જાય.

સુરત હોઉં ત્યારે સૂરજમંડન પાર્શ્વનાથના દર્શને અવશ્ય જાઉં ! એમની નયનરમ્ય એ પ્રતિમા ! આજે પણ યાદ આવે.

બીજું આલંબન : વર્ણનું. વિશિષ્ટ પદ વાક્યની રચનાવાળા સ્તવનાદિ. આમાં નવકાર સૌથી ઉત્તમ છે.

ત્રીજું આલંબન : ઉત્તમ પુરુષ : વિહરમાન સીમંધરસ્વામી આદિ તથા ઉપકારી આચાર્ય ભગવંતો આદિ. પૂ. વિનયવિજયજી મ.સા. તથા પૂ. યશોવિજયજી મ.સા.એ પોતાના ગુરુને આગળ રાખેલા.

ઉત્તમ પુરુષની નિશ્રામાં આપણું મન વ્યગ્રતા વગરનું, મન ભાર વગરનું બની જાય, એનો અનુભવ હશે.

◆ તમને અહીં કાંઈ ફરક લાગે છે ? અલગ ચાતુર્માસ હોય ને તમારા માથે જવાબદારી હોય. અહીં કોઈ જવાબદારી ખરી ? કોઈપણ આવે મોટા મહારાજનો રસ્તો બતાવી દેવાનો...

આલંબન પ્રશસ્ત હોય તો પ્રાયઃ ભાવ ઉત્તમ થાય જ. પ્રાયઃ એટલા માટે કે અભવ્ય જીવ વગેરેને ભાવ ઉત્તમ ન પણ થાય.

◆ ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે...

પ્રભુના ગુણો પ્રભુને રાજી કરવા માટે નથી. તેઓ તો બધા પર રાજી જ છે. પણ આપણે પ્રભુના ગુણો ગાઈએ તો આપણામાં એ ગુણો જરૂર આવે. આપણા માટે લાભકારી બને. 'જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ...'

✧ ✧ ✧ ✧ ✧

અધ્યાત્મયોગી - જિનશાસન પ્રભાવક આચાર્યવર્ય શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.ના આકસ્મિક કાલધર્મના સમાચાર જાણ્યા. દેવવંદનાદિ કરેલ છે. તમો સૌ ધૈર્ય રાખશો, ભાવિ પ્રબલ છે. સદ્ગતનો આત્મા પરમ શાંતિને પામે એ જ કામના.

- એજ... જિનોત્તમસૂરિની વંદના

૧૭-૨-૨૦૦૨, રાણી સ્ટેશન.



प्रवचन फरमाते हुए पूज्यश्री, सुरेन्द्रनगर, दि. २६-३-२०००

द्वितीय જેઠ વદ ૧૩
૧૧-૦૭-૧૯૯૯, શનિવાર

◆ પૂ. ઉપા. યશોવિજયજી 'લઘુ હરિભદ્ર' કહેવાયા છે. વર્તમાનકાળના તમામ ગ્રંથોનું અવલોકન કર્યું, એટલું જ નહિ, એના રહસ્ય સુધી પણ તેઓ પહોંચ્યા હતા.

ગ્રંથ દ્વારા આજે ૩૫૦ વર્ષ પછી પણ આપણે તે મહાપુરુષોને મળી શકીએ છીએ. સાક્ષાત્ મહાપુરુષ પણ મળી જાય તોય તેઓ આપણને કહે કે ન કહે, એ પ્રશ્ન છે. પણ ગ્રંથો... અવશ્ય કહે, 'જો આપણી પાસે 'કાન' હોય તો...

'જિનહી પાયા તિનહી છિપાયા.' આમ મહાપુરુષો કાંઈ કહે નહિ, પણ ગ્રંથમાં અનાયાસપણે જ કહેવાઈ જાય છે.

◆ કોઈપણ માર્ગે સિદ્ધાચલ જઈએ, પણ દાદાના દરબારે બધા જ એક ! કોઈપણ યોગ (ભક્તિ, જ્ઞાન, કર્મ કે બીજા કોઈ)થી સાધના કરો, આત્માનુભવના દરબારમાં બધા જ એક !

'विभिन्ना अपि पन्थानः समुद्रं सरितामिव ।
मध्यस्थानां परं ब्रह्म, प्राप्नुवन्त्येकमक्षयम् ॥'

- જ્ઞાનસાર, મધ્યસ્થતાષ્ટક.

અન્યદર્શની પણ જે કેવળજ્ઞાન પામી જાય છે, તે આ કારણે ! અન્યદર્શનીઓમાં સમ્યકત્વીઓ જ હોય એવું નથી, વિરતિધરો પણ હોય, અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો દેશવિરતિધરો હતા. વૈક્રિય લબ્ધિ એવી એમની પાસે હતી કે ૭૦૦ ઘરે એક જણ એકી સાથે ભિક્ષા માટે જઈ શકતો.

◆ સાધુજીવનમાં એક પણ અનુષ્ઠાન એવું નથી, જેમાં કોઈ અશુભ વિચાર આવી શકે. આપણી ખામીના કારણે અશુભ વિચારો આવી જાય તે જુદી વાત છે. શુભ અનુષ્ઠાનોમાં પણ જો આપણું લક્ષ શુદ્ધ અને શુભ ન હોય તો આત્મશુદ્ધિ ન થઈ શકે, મોક્ષ ન મળી શકે. હા, સ્વર્ગાદિના સુખો મળી શકે.

◆ ઉવસગ્ગહરંમાં શ્રી ભદ્રબાહુસ્વામી કહે છે : ચિંતામણિ કરતાં પણ સમ્યકત્વ ચડિયાતું છે. જેનાથી જીવો પરમપદના સ્થાન સુધી સહેલાઈથી પહોંચી શકે છે.

◆ જેઓ (સ્થાનકવાસીઓ) નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય વગેરે નથી માનતા, તેઓ ભૂલા પડ્યા છે. તેઓએ મૂર્તિનો જ નહિ, આગમોનો પણ નિષેધ કર્યો કહેવાય. આ મોટી આશાતના કહેવાય.

એકલા સૂત્રથી ચાલી જ ન શકે. સૂત્રનો આશય ટીકા વિના સમજી ન શકાય. કયું સૂત્ર કયા નયની અપેક્ષાએ ? કોના માટે ? જિનકલ્પી માટે કે સ્થવિરકલ્પી માટે છે ? તે ટીકા દ્વારા જ જાણી શકાય.

◆ હમણા જ સમાચાર આવ્યા છે કે અમદાવાદમાં બેડાવાળા જવાનમલજીના ૧૮ વર્ષના છોકરાએ પોતાના પર બંદૂકની ગોળી છોડી આપઘાતનો પ્રયત્ન કર્યો છે. અત્યારે જીવન-મરણ વચ્ચે ઝૂલી રહ્યો છે. સંયમમાં વિરાધના કરવી એટલે જાતે જ આપઘાત કરવો. પેલા છોકરાએ તો એક જ વાર આપઘાત કર્યો. આપણે રોજ-રોજ આપઘાત (ભાવપ્રાણોની હત્યા) નથી કરતા ?

◆ **શારીરિક શક્તિ હતી ત્યાં સુધી સાત દિવસમાં એકવાર ઉપવાસ થઈ જ જતો.** ભગવાને બતાવેલા આ

ઉપવાસ છે. અભ્યંતર તપને કાર્યકર (શક્તિશાળી) બનાવનાર ઉપવાસ છે. ઉપવાસના દિવસે મન કેટલું નિર્મળ હોય છે ? આયંબિલમાં કેટલું નિર્મળ હોય છે મન ?

ઉજ્જૈનમાં ચૌદસ વગેરેના દિવસે ચઉવિહાર ઉપવાસ કરી અવંતી પાર્શ્વનાથ ભગવાનના દરબારમાં પહોંચી જતો. આખો દિવસ ત્યાં જ ભક્તિ, ધ્યાન આદિમાં વીતતો.

તપ દ્વારા ક્ષયોપશમ પ્રગટે છે, માટે તો યોગોદ્વહનમાં તપનું વિધાન છે. બાહ્ય તપની શરત એટલી જ કે તે અભ્યંતર તપના લક્ષપૂર્વકનું હોય !

સાધ્વીજીઓને માત્ર બે જ આગમ (ઉત્તરાધ્યયન - આચારાંગ)ના જોગ કરવાના છે. આ બે આગમોમાં પણ ૪૫ આગમોનો સાર છે.

પાંચમા આરાના અંતે તો દશવૈકાલિકના ચાર અધ્યયન જ રહેવાના છે. તેમાં પણ સર્વ આગમોનો સાર છે.

◆ **'અસંખયં...' ઉત્તરાધ્યયનના ૪થા અધ્યયનની અનુજ્ઞા આયંબિલથી જ થઈ શકે. ૧૩ ગાથા કરે તો જ અનુજ્ઞા થઈ શકે. એવા અક્ષરો મળ્યા છે. નીવીની ગરબડ નહિ કરતા. આપણે ઘણું ભૂલી જઈએ છીએ.**

પૂ. યશોવિજયજી મ.સા. સ્વાનુભવ બતાવતાં કહે છે : કોઈપણ એક પદાર્થનું આલંબન લઈ લો. તેમાં સંપૂર્ણ એકાકાર બની જાવ. બીજું કાંઈ જ વિચારો નહિ. ચિત્ત પોતાની મેળે અદૃશ્ય થઈ જશે. લાકડા બંધ થઈ જતાં આગ સ્વયં બંધ થઈ જાય તેમ !

પણ આ સ્થિતિ અનુભવના પરિપાક પછી આવે છે. તાત્કાલિક નથી આવતી. શાંત હૃદયવાળાના શોક, મદ, મદન, મત્સર, કદાગ્રહ, વિષાદ વેર વગેરે તમામ આવેશો નષ્ટ થઈ જાય છે. આ જ જીવનમાં આવું બની શકે છે. આમાં બીજી કોઈ સાબિતીની જરૂર નથી.

અમારા પોતાનો જ અનુભવ આમાં સાક્ષી છે, એમ કહેતા પૂ. યશોવિજયજી મ.સા.એ પોતાની અનુભૂતિ ખુલ્લી મૂકી દીધી છે.

✧ ✧ ✧ ✧ ✧



पूज्यश्री के दर्शनार्थ आतुर लोगों की भीड़,
सुरेन्द्रनगर, दि. २६-३-२०००

द्वितीय જેઠ વદ ૧૪
૧૨-૦૭-૧૯૯૯, રવિવાર

शान्ते मनसि ज्योतिः प्रकाशते, शान्तमात्मनः सहजम् ।
भस्मीभवत्यविद्या, मोहध्वान्तं विलयमेति ॥

મન શાન્ત થાય છે ત્યારે આત્માનો સહજ શાન્ત પ્રકાશ પ્રગટે છે, અવિદ્યા ભસ્મીભૂત થઈ જાય છે, મોહનું અંધારું ટળી જાય છે.

- પૂ. ઉપા. યશોવિજયજી

◆ એ મહાપુરુષો જેટલી આપણી શક્તિ નથી કે આવા નવા ગ્રંથોનું સર્જન કરીએ. કમ સે કમ આપણે એ વાતોને જીવનમાં ઉતારવા તો પ્રયત્ન કરીએ.

જીવનભરની સાધનાનું ફળ 'આત્માનુભવાધિકાર'માં એમણે બતાવ્યું છે. આપણે એ જ ફળ થોડીવારમાં મેળવવા ચાહીએ છીએ. એમણે પણ પૂર્વના કોઈ જન્મોમાં સાધના કરી હશે ત્યારે આ જન્મમાં કંઈક ઝલક જોવા મળી હશે ?

૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાના સ્તવનો, અમૃતવેલ સજ્ઝાય, ૧૮ પાપ સ્થાનક, ૮ દૃષ્ટિની સજ્ઝાય વગેરે ગુજરાતીમાં પણ તેમણે અણમોલ ખજાનો આપ્યો છે. દરેક

સાધુ-સાધ્વીજીએ આ બધું કંઠસ્થ કરવા જેવું છે.

◆ મન આપણું સેવક છે, છતાં સેવક પર આપણું કોઈ નિયંત્રણ નથી. એ સ્થિર છે કે નહિ ? વફાદાર છે કે નહિ ? કદી તપાસ્યું ?

ઘોડો જો ઘોડેસવારના તાબામાં ન હોય તો ? ઘોડેસવારની હાલત શું થાય ? મન ઘોડો છે. આપણે ઘોડેસવાર છીએ.

સાધના હોવાથી સાધુ-સાધ્વીજી મનને આસાનીથી સાધી શકે. એકવાર પણ જાપ, સ્વાધ્યાય કે ભક્તિમાં મન જોડાઈ જાય તો એના આનંદનો આસ્વાદ મેળવવાનું વારંવાર મન થશે. રસપૂર્વક મન જાપ આદિમાં જોડાશે તો સ્વયમેવ, સ્થિર બની જશે.

અત્યારે સંપૂર્ણ વિકલ્પોને રોકવાનો પ્રયત્ન ન કરો, માત્ર શુભ વિચારોમાં રમમાણ રહો. શુભ વિચારોથી અશુભ વિચારો હટાવો. પછી શુદ્ધભાવથી શુભભાવો પણ હટી જશે, પરંતુ અત્યારનું કામ અશુભ વિચારોને હટાવવાનું છે.

વાણી-કાયાથી કરેલું કાર્ય દ્રવ્ય ગણાય. મનથી કરેલું ભાવ ગણાય. દરેક કાર્ય માટે આ સમજી લેવું.

◆ જયણા કેટલી મહત્ત્વપૂર્ણ છે ?

મહાનિશીથમાં પ્રશ્નોત્તર : 'ભગવન્ ! કુશલ અણગારનો આટલો સંસાર શી રીતે વધી ગયો ?'

'ગૌતમ ! એ જયણાને જાણતો નહોતો. જયણા બહુ વિશાળ છે. એ નહિ જાણવાથી - નહિ જીવવાથી એનો સંસાર વધી ગયો.'

◆ **ભગવાન તરફથી કૃપા અને આપણા તરફથી આજ્ઞા પાલન, આ બંનેનું મિલન થઈ જાય તો બેડો પાર !** પણ આપણે કહીએ છીએ : ભગવન્ ! આપની કૃપા પહેલા જોઈએ. ભગવાન કહે છે : પહેલા તારામાં નમ્રતા જોઈએ, આજ્ઞા-પાલન જોઈએ. ખબર નથી આ 'અનવસ્થા' ક્યારે ટળશે ?

ભગવાન તો કૃતકૃત્ય છે. આપણે કંઈ કરીએ કે ન કરીએ, એમનું કાંઈ બનતું કે બગડતું નથી, પણ આપણા માટે નિષ્ક્રિય રહેવું મોટો ખતરો છે. આપણે સંસારમાં ટીચાઈ રહેલા છીએ. એટલે જ 'અનવસ્થા'ના આ દુશ્ચક્રને આપણે જ તોડવું પડશે. આપણા તરફથી પહેલ થવી જોઈએ.

આપણે નમ્ર બનીશું, આપણે જો સન્મુખ બનીશું, આજ્ઞાપાલનની સંપૂર્ણ તૈયારી બતાવીશું ત્યારે પ્રભુની અનરાધાર કૃપા આપણા પર વરસી પડશે. ત્યારે આપણને સમજાશે કે ભગવાન તો અનરાધાર કૃપા વરસાવી જ રહ્યા હતા, પણ હું જ અહંકારની છત્રી ઓઢીને ફરતો હતો. મારું જ પાત્ર અવળું હતું અથવા કાણાવાળું હતું.

જે કોઈ પરમાત્મા છે તે ક્યારેક અંતરાત્મા હતા. અંતરાત્મા છે તે ક્યારેક બહિરાત્મા હતા. આપણે જો અંતરાત્મા છીએ તો બહિરાત્મા આપણો ભૂતકાળ છે. 'પરમાત્મા' આપણું ભવિષ્ય છે.

બહિરાત્મ-દશામાં પ્રભુ દૂર છે; ભલે પછી સામે જ સમવસરણમાં કેમ બેઠા ન હોય ! આ દૂરી ક્ષેત્રની નથી, ભાવની છે. ભગવાન ભલે ક્ષેત્રથી દૂર હોય, પણ ધ્યાનથી અહીં જ હાજર છે, જો મન-મંદિરમાં આપણે પ્રભુને પધરાવીએ.

કોઈને નવું ધ્યાન શીખવું પડતું નથી. ધ્યાન શીખેલું છે. અલબત્ત, અશુભ ધ્યાન, આર્ત્ત-રૌદ્ર ધ્યાન ! હવે એને શુભમાં બદલવાની જરૂર છે. 'ધર્મધ્યાન - શુક્લધ્યાન ન ધ્યાયા.' અત્યારે શુક્લધ્યાનનો અંશ પણ ન આવી શકતો હોય તો આમ લખ્યું ન હોત !

'શરીર હું છું' - બહિરાત્મા,
'આત્મા હું છું' - અંતરાત્મા,
'પરમ ચૈતન્ય હું છું' (કર્મો જતા રહ્યા છે.) - પરમાત્મા.

વિષય-કષાયોનો આવેશ, તત્ત્વની અશ્રદ્ધા, ગુણ દ્વેષ, (પોતાનામાં તો ગુણ ન હોય, ગુણી જનો પર દ્વેષ હોય). આત્માનું અજ્ઞાન - આ બધા બહિરાત્માના લક્ષણો છે.

તત્ત્વશ્રદ્ધા, આત્મજ્ઞાન, મહાવ્રતોનું ધારણ, નિરતિચાર પાલન, અપ્રમાદ, આત્મજાગૃતિ, મોહનો જય (પરમાત્માને ક્ષય હોય).

મોહનો ઉદય : બહિરાત્મા : ૧ થી ૩ ગુણસ્થાનક.
મોહનો જય : અંતરાત્મા : ૪ થી ૧૨ ગુણસ્થાનક.
મોહનો ક્ષય : પરમાત્મા : ૧૩ - ૧૪ ગુણસ્થાનક + મુક્તિ.

✧ ✧ ✧ ✧ ✧



शिष्य-गण के साथ पू.पं.श्री [illegible] वि.सं. २०००

द्वितीय જેઠ વદ ૦))
૧૩-૦૭-૧૯૯૯, સોમવાર

◆ 'મને જે મળ્યું છે, તે મારા પછીની પેઢીને પણ મળે, સરળ ભાષામાં મળે !' એવી કરુણાભાવનાથી પૂ. યશોવિજયજી મ.સા. આદિ મહાપુરુષોએ ગ્રંથોનું સર્જન કર્યું છે.

રસ્તામાં આવતા માઈલસ્ટોનો કે બોર્ડો જેમ પાછળ આવનારા માટે મહત્ત્વના બની રહે છે, તેમ ગ્રંથો પણ સાધકો માટે સાધના-માર્ગમાં મહત્ત્વના છે, ખૂબ જ મહત્ત્વના છે.

મિત્રાદિ ૪ દૃષ્ટિમાં ક્રમશઃ બહિરાત્મભાવ ઓછો થતો જાય છે. સંપૂર્ણ બહિરાત્મભાવનો નાશ તો પાંચમી દૃષ્ટિ (૪થું ગુણ)માં જ થાય. ૪થે મિથ્યાત્વ જાય, ૫મે અવિરતિ જાય, છઠ્ઠે સંપૂર્ણપણે અવિરતિ જાય, ૭મે પ્રમાદ જાય, ૧૨મે કષાય + મોહ જાય. (અંતરાત્મ દશા) ૧૩મે અજ્ઞાન જાય, ૧૪મે યોગ જાય. (પરમાત્મ દશા).

સાધનાનો પ્રારંભ ૪થા ગુણસ્થાનકથી થાય.

◆ જેટલા અંશે પરસ્પૃહા, તેટલા અંશે દુઃખ ! ધન, માન, પદ, પ્રતિષ્ઠા વગેરેની સ્પૃહા વધુ ને વધુ દુઃખી

બનાવનારી છે, એ નોંધી લેવું જોઈએ. આ બધાથી નિઃસ્પૃહતા વધતી જાય તેમ તેમ આનંદ વધતો જાય. આ જ જીવનમાં આનો અનુભવ કરી શકાય.

નિઃસ્પૃહતા એટલે સમતા. સમતામાં સુખ,
સ્પૃહા એટલે મમતા. મમતામાં દુઃખ.

◆ શક્તિરૂપે (બીજરૂપે) આપણે પરમાત્મા છીએ, પણ વ્યક્તિરૂપે અત્યારે અંતરાત્મા થઈએ તોય ઘણું !

અત્યારે આપણે જો બહિરાત્મા છીએ તો શક્તિથી અંતરાત્મા અને પરમાત્મા છીએ. જો આપણે અંતરાત્મા છીએ તો શક્તિથી પરમાત્મા છીએ.

◆ વાણીનો પ્રયોગ ક્યાં સુધી ? કાયાની - મનની પ્રવૃત્તિ ક્યાં સુધી ?

કેવળીઓ પણ ત્રણેય યોગનો નિરોધ ૧૪મે ગુણઠાણે કરે. એનો અર્થ એ થયો : ત્રણેય યોગોની સમ્યક્ પ્રવૃત્તિ કેવળીને પણ હોય.

'પરમાત્મા તો - પરબ્રહ્મસ્વરૂપી છે જ, પણ અમે તો એમના વચનથી પણ પરબ્રહ્મની ઝલક અનુભવીએ છીએ.' એમ પૂ. યશોવિજયજી મ.સા. ખુમારીપૂર્વક કહે છે. આ અભિમાન નથી, અનુભવની ઝલકથી ઉત્પન્ન થતી ખુમારી છે.

◆ જ્ઞાનસારમાં 'બ્રહ્માધ્યયન નિષ્ઠાવાન્' આવે છે. બ્રહ્માધ્યયન કયું સમજવું ?

પરબ્રહ્મ - અધ્યયન એટલે આચારાંગનું પ્રથમ શ્રુતસ્કંધ !

◆ 'પ્રભુ-પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે' પદ એટલે ચરણ. ચરણનો પગ સિવાય બીજો અર્થ ચારિત્ર પણ છે. ચારિત્ર એટલે આજ્ઞાપાલન. આજ્ઞાપાલન જેમણે કર્યું તેઓ - તરી ગયા. આજ્ઞા-ખંડન કર્યું તેઓ ડૂબી ગયા.

પૂ. ઉપા. મ. પોતાની સ્થિતિ નિખાલસપણે સ્પષ્ટ કરતાં કહે છે :

अवलम्ब्येच्छायोगं पूर्णाचाराऽसहिष्णवश्च वयम् ।
भक्त्या परममुनीनां, तदीय - पदवीमनुसरामः ॥

ઈચ્છાયોગનું આલંબન લઈને અમે ચારિત્ર પાળીએ

છીએ. પૂર્ણ (શાસ્ત્રમાં લખ્યું છે તેવું) આચાર પાળવા અમે સમર્થ નથી. પરમ મુનિઓની ભક્તિથી અમે તેમના માર્ગને અનુસરવાનો પ્રયત્ન કરીએ છીએ.

'શ્રુત - અનુસાર નવિ ચાલી શકીએ, સુગુરુ તથાવિધ નવિ મળે રે;
ક્રિયા કરી નવિ સાધી શકીએ, એ વિખવાદ ચિત્ત સઘળે રે...'

આમ સ્વયં પૂર્વમહાપુરુષો બોલતા હોય ત્યારે 'હું જ શાસ્ત્રાનુસારી, બીજા મિથ્યાત્વી', એમ તો કોઈ મૂઢ જ બોલી શકે.

◆ **પ્રશ્ન :** ભાવ નમસ્કાર મળી ગયા પછી ગણધરો નમુત્થુણં વગેરે દ્વારા શા માટે નમસ્કાર કરે ?

ઉત્તર : હજુ ઉંચી કક્ષાનો નમસ્કાર (સામર્થ્ય યોગનો) બાકી છે માટે. હજુ ધ્યેય સુધી પહોંચી શકાયું નથી માટે.

◆ અપ્કાય, તેઉકાય અને ૪થા વ્રતની વિરાધના અનંતસંસાર બનાવે છે, એમ મહાનિશીથમાં ભારપૂર્વક જણાવ્યું છે. **'जत्थ जलं तत्थ वणं (અનંતકાય)'** આથી પાણીમાં મહાદોષ છે. અગ્નિ સર્વતોભક્ષી છે. અબ્રહ્મ મહામોહરૂપ છે. વિરાધનાથી બંધાતા કર્મોથી નહિ ચેતીએ તો આપણું શું થશે ?

અમુક કર્મો જ્ઞાન, ધ્યાન કે તપથી નહિ, પણ ભોગવવાથી જ જાય એવા હોય છે. કર્મો બંધાતાં કાંઈ વાર નથી લાગતી, માત્ર અન્તર્મુહૂર્ત્તમાં જ બંધાઈ શકે.

◆ **પરંપરાનો ભંગ કરવો ખૂબ જ મોટો દોષ છે.**

ચૌદશના નવકારથી કરનારા, રોજ આધાકર્મીનું સેવન કરનારા જોગ કેમ કરી શકે છે ? હવે એમની તબિયત શી રીતે સુધરી ગઈ ?

તિથિનું પણ બહુમાન ગયું ? પ્રણાલિકાનો ભંગ કરવો મોટો દોષ છે. આવનારી પેઢી બધી એ માર્ગે ચાલે તેનું પાપ પહેલ કરનારને લાગે.

◆ 'બીજા કોઈ મને કહી દે : તું હળુકર્મી છે, નિકટ મુક્તિગામી છે, એમાં મને વિશ્વાસ નથી. પ્રભુ જો મને કહી દે : તું ભવ્ય છે તો હું રાજીરેડ થઈ જાઉં' - એમ પૂ. દેવચન્દ્રજી મહારાજ જેવા પણ કહે તો આપણી પ્રાર્થના કેવી હોવી જોઈએ ?

✧ ✧ ✧ ✧ ✧



सुरेन्द्रनगर, दि. २६-३-२००० में पूज्यश्री,

અષાઢ સુદ ૨
૧૪-૦૭-૧૯૯૯, બુધવાર

કોઈપણ શુભ ક્રિયા અનુબંધવાળી ન બને તો મોક્ષપ્રદ ન બની શકે. અપુનર્બંધક ભાવ આવ્યા પછી સાનુબંધ ક્ષયોપશમની વૃદ્ધિ થાય છે. અનુબંધ વગરના અત્યારના સંયમાદિ ગુણો ભવાંતરમાં સાથે નહિ આવે. અમૃત આસ્વાદ કરી, વિષ-ક્ષય-કરી આ સાનુબંધ ક્ષયોપશમની વૃદ્ધિ હોય છે. એ ભોગ-રસમાં લેવાય નહિ; ભોગો ભોગવે છતાંય. 'ચાખ્યો રે જેણે અમી-લવલેશ, બીજા રે રસ તેને મન નવિ ગમેજી.'

'दर्शनपक्षोऽयम् अस्माकम्' આ અમારો 'દર્શનપક્ષ' છે. અહીં 'જ્ઞાનપક્ષ' ન લખ્યું. આવા શાસ્ત્રોનો અભ્યાસ સમ્યગ્દર્શનને નિર્મળ બનાવે છે.

અત્યારની આપણી શ્રદ્ધા માંગી લાવેલ ઘરેણા જેવી છે, ઉધાર છે. આપણી સમજથી આવેલી શ્રદ્ધા નથી, સ્વયંભૂ નથી. 'ગુરુ-શાસ્ત્રોની વાત માનવી જોઈએ.' એવી સમજમાંથી પ્રગટ થયેલી છે. દર્શનશાસ્ત્રોના અભ્યાસથી આપણી પોતાની સમજ બને છે.

◆ **विधिकथनं विधिरागो विधिर्मार्गस्थापनं विधीच्छूनाम् ।**
अविधिनिषेधश्चेति, प्रवचनभक्ति, प्रसिद्धा नः ॥

વિધિને કહેવી, વિધિ પર રાગ રાખવો, વિધિવાંછુઓને વિધિ માર્ગમાં જોડવા, અવિધિનો નિષેધ કરવો. આ જ અમારી પ્રવચન ભક્તિ છે, એમ કહેતા પૂ. યશોવિજયજી મ.સા.માં આપણને ઉત્કટ શ્રદ્ધાના દર્શન થાય છે. એમણે તે યુગના ઢુંઢક, બનારસીદાસ વગેરેના કુમતોના ખંડન માટે ગ્રંથો બનાવી અવિધિનો નિષેધ પણ કર્યો છે.

◆ વિધિનો રાગ એટલે આગમ, ભગવાન અને ગુરુનો રાગ સમજવો.

◆ પૂર્ણપદની અભિલાષા સાચી ત્યારે મનાય, જ્યારે આપણે આપણા તપ, જ્ઞાન, દર્શનાદિને યથાશક્ય પૂર્ણકક્ષાએ પહોંચાડવા પ્રયત્ન કરીએ.

શુદ્ધિના માત્ર પક્ષપાતથી ન ચાલે, યથાશક્ય જીવનમાં ઉતારવું જોઈએ.

◆ જેઓ બાહ્ય ક્રિયાના આડંબરથી, મેલા કપડા કે શુદ્ધ ગોચરી કે ઉગ્ર વિહારથી અભિમાન ધારણ કરે છે - તેઓ જ્ઞાની પણ નથી ને ચારિત્રથી પણ ભ્રષ્ટ છે, એમ માનવું.

જેમાં જ્ઞાન પરિણામ ન પામ્યું હોય તેઓ જ બાહ્યક્રિયાના આડંબરનો અભિમાન રાખે. અભિમાની નિંદક હોવાના.

એક મહાત્મા વહોર્યા વગર ગયા. બીજા અને ત્રીજા મહાત્મા વહોરીને ગયા. ત્રીજાને વહોરાવ્યા પછી પૂછતાં તેમણે કહ્યું : નહિ વહોરનારા ઢોંગી છે. અમે જેવા છીએ તેવા છીએ.

આમાં નહિ વહોરનારા સત્ય સંયમી હતા. બીજા વહોરનારા સંવિગ્નપાક્ષિક હતા. ત્રીજા દંભી, ઢોંગી અને નિંદક હતા.

◆ બહિર્બુદ્ધિ લોકો બાહ્યક્રિયાના રસિક હોય છે. તેઓ અંતઃકરણ તપાસનારા નથી હોતા.

બાલબુદ્ધિ જીવો માત્ર વેષ જુએ. મધ્યમબુદ્ધિ માત્ર આચાર જુએ પણ પંડિત તો આગમતત્ત્વને સર્વપ્રયત્નથી જુએ, પરખે. - એમ ષોડશકમાં પૂ. હરિભદ્રસૂરિજી મ.સા.એ કહ્યું છે.

બાલબુદ્ધિને અભિગ્રહાદિની, મધ્યમને આચારની, ગુરુ-સેવાની વાત કરવી જ્યારે પંડિતને તત્ત્વની વાત કરવી.

બાળ જીવોની શ્રદ્ધા વધારવા તેની સમક્ષ આચારોનું સંપૂર્ણ પાલન કરવું. ભલે તમે ધ્યાનયોગમાં ગમે તેટલા આગળ વધી ગયા હો, પણ બાહ્યાચાર નહિ છોડવો જોઈએ.

उत्सृज्य लोकसंज्ञाम् । લોકસંજ્ઞાનો સંપૂર્ણ ત્યાગ કરી યોગીએ શ્રદ્ધા અને વિવેકપૂર્વક જીવવું.

◆ પૂ. ઉપા. યશોવિજયજીમાંથી કોઈ, આટલી ભૂલ પણ કાઢી શકે નહિ. એમ પૂ. સાગરજી મ. પણ કહેતા. એમનો દર્શનપક્ષ કેટલો મજબૂત હશે ? તે આથી જણાય છે.

પૂ. ઉપાધ્યાયજી મ.ની ૨૯ શિખામણ.

(१) निन्द्यो न कोऽपि लोके,

(२) पापेष्वपि भवस्थितिश्चिन्त्या । -

બીજા કોઈની નિંદા નહિ કરતા. બહુ જ મન થાય તો પોતાની જાતની જ નિંદા કરજો.

નિંદાથી નુકશાન શું ? એમ પૂછો છો ? હું કહું છું કે ફાયદો શું ? કરનારને, સાંભળનારને કે જેની નિંદા થઈ રહી છે તેને ફાયદો ? નિંદાથી એ સુધરશે તો નહિ, પણ ઉલ્ટું, તમારા પર દ્વેષ રાખશે.

પણ પાપીની તો નિંદા કરવાની છૂટને ?

અવિનીત, ઉદ્ધત, પાપી પર પણ ભવસ્થિતિનો વિચાર કરવો, નિંદા નહિ.

પાપીઓને આપણે તો શું ? સાક્ષાત્ તીર્થંકરો પણ સુધારી શકતા નથી. તેના પર દ્વેષ કરવો કે તેની નિંદા કરવી એ કોઈપણ હિસાબે વાજબી ઠેરવી શકાય નહિ.

✧ ✧ ✧ ✧ ✧





આશીર્વાદ ગ્રહણ કરતે હૈ, સુરેન્દ્રનગર, ઇ.સ. ૨૬-૬-૨૦૦૦

અષાઢ સુદ ૩
૧૫-૦૭-૧૯૯૯, ગુરુવાર

ગ્રંથો દિશા - દર્શક છે. માર્ગદર્શક પાટીયાની આમ કોઈ કિંમત ન લાગે. આપણે ક્યાંય જવું ન હોય, કોઈ માર્ગની તપાસ ન કરવી હોય તો પાટીયું આપણને સાવ જ નકામું લાગે. પણ જ્યારે અમુક સ્થળે આપણે જવા માંગતા હોઈએ. ક્યાંય રસ્તો દેખાતો ન હોય. અરે, કોઈ માણસ પણ ન દેખાતું હોય ત્યારે માર્ગદર્શક પાટીયું અચાનક નજરે ચડે તો એની કિંમત સમજાય. અહીં બેઠા-બેઠા એ પાટીયાની કોઈ કિંમત નહિ સમજાય. એ તો જેઓ રસ્તો ભૂલેલા હોય, અનુભવ થયેલો હોય તેને જ પાટીયાની કિંમત સમજાય.

શાસ્ત્ર પણ આવું પાટીયું છે. માર્ગના શોધકને જ એની કિંમત સમજાય. આપણે સૌએ મોક્ષનગરમાં જવાનું છે. સાધકે રોજ નિરીક્ષણ કરવાનું છે : હું કેટલો આગળ વધ્યો ? માર્ગાનુસારીની ભૂમિકામાં આવીએ ત્યારે પ્રયાણ શરૂ થાય. અયોગી ગુણઠાણે પ્રયાણ પૂરું થાય. વચ્ચેના ગુણઠાણે રહેલા બધા રસ્તામાં છે.

સૌથી પ્રથમ દંભત્યાગ બતાવેલો છે. જેવા હોઈએ તેવા નહિ દેખાવું. ન હોઈએ તેવા દેખાવા પ્રયત્ન કરવો તે દંભ છે.

ખોટી પ્રશંસા વખતે મૌન રહીએ તો પણ દંભ છે.

સરળતા વિના મુક્તિ તો શું, સમકિત પણ ન મળે. દંભ અવિશ્વાસનું કારણ બને છે; દુનિયામાં પણ.

આત્માનુભવાધિકારમાં સાધકને છેલ્લે ૨૯ શિખામણો આપવામાં આવેલી છે. એકેક શિખામણ જીવનમાં ઉતારવા જેવી છે.

(૧) કોઈની પણ નિંદા નહિ કરવી.

(૨) પાપી પર પણ ભવસ્થિતિ વિચારવી. સાધનાને નિંદા કલંકિત કરી નાખતી હોય છે.

પૂ.પં. ભદ્રંકરવિજયજી મ.સા., પૂ. કનક - દેવેન્દ્રસૂરિજી મ.સા. પાસે વર્ષો સુધી રહ્યા છીએ, પણ કદી કોઈની નિંદા સાંભળી નથી.

નિંદા કરવી એટલે પોતાની પુણ્યની મૂડી હાથે કરીને વેડફવી.

યુધિષ્ઠિરના મુખમાં કદી નિંદા નહોતી. કારણ કે તેની નજરમાં કોઈ દોષી નહોતો. નિંદા હટાવવા ગુણાનુરાગ જોઈએ. ગુણાનુરાગ હોય ત્યાં નિંદા ફરકી શકતી નથી.

મુંબઈમાં હજારો દુકાનો છે. કોઈ દુકાને તમે ગયા છો ને અમુક વસ્તુ તમને નથી મળતી તો તમે તે તે દુકાનની નિંદા કરવા નથી લાગતા. બીજી દુકાને પહોંચો છો. તેમ કોઈ સંભવિત ગુણ આપણને ક્યાંક જોવા ન મળે તો તેની નિંદા કરવાની જરૂર નથી. સામી વ્યક્તિ કાંઈ તમારી અપેક્ષા પૂરી કરવા બંધાયેલી નથી.

જેના દુર્ગુણો અને દોષોની આપણે નિંદા કરીએ તે જ દોષો અને દુર્ગુણો આપણામાં આવશે. ચોર અને ડાકુઓને તમે કદી ઘરમાં બોલાવો છો ? દોષ ચોર અને ડાકુઓ છે. મારામાં છે તેટલા દોષો પણ હું સંભાળી શકતો નથી, તો બીજાને શા માટે બોલાવું ?

કોઈ દોષો કહેતું હોય તો સાંભળવું પણ નહિ. સાંભળવું જ પડે તેમ હોય તો તે સ્થાન છોડીને રવાના થઈ જવું.

દોષો દુર્ગતિમાં લઈ જાય. દુર્ગતિમાં જવાની તૈયારી છે ? ચંડકૌશિકને દુર્ગતિમાં પણ મહાવીર પ્રભુ મળી ગયા, આપણને કોઈ મહાવીર દેવ મળશે, એવી ખાતરી છે ? કેટલી ઉત્કૃષ્ટ આરાધનાનું પુણ્ય હશે કે સાક્ષાત્ તીર્થંકરનો ભેટો થયો ? કદી વિચાર્યું ?

એકજ જીવનો ઉદ્ધાર કરવા ભગવાને કેટલું મોટું જોખમ ઉઠાવ્યું ?

◆ **ઘણીવાર શબ્દો પણ છેતરામણા હોય છે. ઉદ્યોગ જેવા શબ્દોનું અપમાન 'મત્સ્યોદ્યોગ' વગેરેમાં જોવા મળે છે. 'દવા' જેવા શબ્દોનું અપમાન 'चूहे मारने की दवा'માં જોવા મળે છે. દવા જીવાડે કે મારે ? મારે તેને પણ દવા કહેવાય તો ઝેર કોને કહીશું ?**

(૩) पूज्या गुणगरिमाऽऽढ्याः ।

ગુણ ગરિમાથી મંડિત પૂજય પુરુષોનું આદર બહુમાન કરવું.

ગુણથી જ મહાન થઈ શકાય છે, પદથી કે શિષ્ય-પરિવાર કે ભક્તવર્ગથી નહિ.

પૂજયની પૂજા કરવાથી પૂજકમાં પૂજયતા આવે છે.

ગુણનો નિયમ છે : બહુમાન કર્યા વિના કદી ન આવે.

ભવસ્થિતિના પરિપાક માટે ત્રણ ઉપાયોમાં 'શરણાગતિ' સૌ પ્રથમ ઉપાય છે. ચારનું શરણ શા માટે ? તેઓ ગુણોથી મંડિત છે. એમનું શરણું લેવાથી એમના ગુણો આપણામાં આવે છે.

ગુણો આપણામાં પડેલા જ છે. કર્મે એને ઢાંકેલા છે. કર્મનું કામ ગુણને ઢાંકવાનું છે. ગુણ-બહુમાનનું કામ ગુણોને પ્રગટ કરવાનું છે. જે જે ગુણોનું બહુમાન થતું જાય, તે તે ગુણ અવશ્ય આપણામાં આવે. કયો ગુણ તમને જોઈએ છે ? જીવનમાં શું ખૂટે છે ? તે જુઓ. જે ગુણ ખૂટે છે તેની હૃદયપૂર્વક અનુમોદના કરો, તમારામાં એ ગુણ અવશ્ય આવશે.

ગુણીની પૂજા કરવી. કઈ રીતે પૂજા કરીશું ? મન, વચન અને કાયાથી. મનથી બહુમાન, વચનથી પ્રશંસા અને કાયાથી સેવા કરીને.

આનું નામ જ પૂજા છે.

ગુણીની પૂજા ક્યારે થશે ? ગુણો પર આદર થશે ત્યારે.

(૪) धार्यो रागो गुणालवेऽपि ।

થોડો પણ ગુણ ક્યાંય દેખાય, આદર-ભાવ થવો જોઈએ.

બીજાના ગુણ પર રાગ ધરવાથી આપણને શો ફાયદો ? એના પુણ્યધર્મની અનુમોદના થશે. પુણ્ય વિના ગુણ આવતા નથી. પુણ્યધર્મની અનુમોદનાથી આપણામાં પણ તે ગુણ આવશે.

હવે, આનાથી ઉલ્ટું કરો : થોડો પણ પોતાનો દોષ હોય તેના પર ધિક્કાર ભાવ પેદા કરી હાંકી કાઢો, પણ આપણે ઉલ્ટું કરીએ છીએ.

બીજાના પહાડ જેટલા ગુણો પણ જોઈ શકતા નથી ને પોતાના કણ જેટલા ગુણને પણ મણ જેટલો માનીએ છીએ.

(૫) 'ग्राह्यं बालादपि हितम् ।'

હિતકારી વાત બાળક પાસેથી પણ સ્વીકારી લેવી જોઈએ. **પૂ.પં. ભદ્રંકરવિજયજીની પાસે આ બહુવાર જોવા મળ્યું. નાનકડો પણ બાળક નવકાર ગણે તો એ જોઈને રાજી થતા.**

(૬) 'आलापैः दुर्जनस्य न द्वेष्यम् ।'

દુર્જનના બકવાસથી ગુસ્સે નહિ થવું.

ઘણીવાર શાસ્ત્રકારો સજ્જનથી પહેલા દુર્જનોની સ્તુતિ કરે છે. કારણ કહે છે : દુર્જનો નહિ હોય તો મારું શાસ્ત્ર શુદ્ધ કોણ કરશે ?

દુર્જનો ન હોત તો સજ્જનની કદર શી રીતે થાત ?

સજ્જનોને આડકતરી રીતે પ્રસિદ્ધ કરનારા દુર્જનો જ છે.

રામને પ્રસિદ્ધ કરનાર રાવણ હતો એ જાણો છો ?

રાવણનું કાળું બેકગ્રાઉન્ડ ન હોત તો રામની શુભ્રતા આપણને ન દેખાત.

✧ ✧ ✧ ✧ ✧



પૂજ્યશ્રી ના [illegible] સાથે, સામે
કેશુભાઈ પટેલ, હીરાભાઈ, [illegible]

અષાઢ સુદ ૪
૧૬-૦૭-૧૯૯૯, શુક્રવાર

ખારા સમુદ્રમાં મીઠું પાણી મળી શકે ? શોધનારને મળી શકે. શૃંગી મત્સ્ય મીઠું પાણી મેળવી લે છે. આ કલિકાલમાં ઉત્તમ જીવન મળી શકે ? મેળવનારને મળી શકે. ઉત્તમ આચાર્ય, મુનિ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા આ બધા જ કળિયુગના ખારા સમુદ્રમાંથી ઉત્તમ જીવનરૂપ મીઠું પાણી પીનારા છે. વિષ પણ અમૃત બને તે આને કહેવાય.

મીઠું પાણી શી રીતે મેળવી શકાય ? એ કળા પ.પૂ. ઉપા. યશોવિજયજી મ. આપણને સૌને શીખવે છે.

◆ મહાનિશીથમાં - આચાર્ય + રાજાનો વાર્તાલાપ.

આચાર્ય : 'ચક્ષુ કુશીલનું નામ પણ ન લેવાય.'

રાજા : 'કેમ ?'

આચાર્ય : 'એનું નામ લેવાથી ભય ઉત્પન્ન થાય. ભોજન પણ ન મળે.'

રાજા : 'મારે અખતરો કરવો છે.'

આચાર્ય : 'આવું નહિ કરતા.'

રાજાએ નામ લીધું ને ત્યારે જ સમાચાર મળ્યા : તમારા નગર પર શત્રુ સેના ચડી આવી છે. રાજા ગભરાયો.

અબ્રહ્મચારીના નામમાં આવી તાકાત હોય તો બ્રહ્મચારીના નામમાં ન હોય ? રાજકુમારે સંકલ્પ કર્યો : જો મેં મન-વચન-કાયાથી શીલનું પાલન કર્યું હોય તો ઉપદ્રવ શમી જાવ. શત્રુસેનાના હાથ થંભી ગયા.

એટલા માટે જ ભરહેસર સજ્ઝાયમાં ઉત્તમ પુરુષોના નામ આપણે લઈએ છીએ. '**जेसिं नामग्गहणे पावप्पबंधा विलयं जंति.**' વ્યક્તિ ઉત્તમ તો નામ ઉત્તમ, રૂપ ઉત્તમ, દર્શન ઉત્તમ, બધું ઉત્તમ !

(૬) आलापैः दुर्जनस्य न द्वेष्यम् । ધોબી તો કપડા ધોવાના રૂપિયા લે છે. આ દુર્જનો તો મફત આપણા મેલ ધોઈ આપે છે. મેલ ધોબી ફેંકી દે છે, જ્યારે દુર્જન પોતાની જીભ પર મૂકે છે.

જે વાણી પ્રભુના ગુણો ગાવા માટે મળી તેના દ્વારા બીજાની નિંદા ? વાણીનો આ કેવો દુરુપયોગ ? જે સ્થળે લાખની કમાણી થઈ શકે તે દુકાનમાં ખોટ કરવાનો ધંધો કરવો ? જીભ નથી મળી તેવા કેટલા જીવો છે, તે તો જુઓ. વાણીનો દુરુપયોગ વાણી વગરના ભવોમાં લઈ જશે.

દુનિયાના બધા જ ગુણોના દર્શન એક જ વ્યક્તિમાં કરવા હોય તો પરમાત્માને પકડી લો.

'महतामपि महनीयो' મોટાઓને પણ પૂજનીય એવા પ્રભુ આપણી સ્તુતિના વિષય બને, એવું આપણું સૌભાગ્ય ક્યાંથી ?

(૭) 'त्यक्तव्या च पराशा'

'પરની આશા સદા નિરાશા.'

'પર' એટલે 'સ્વ' સિવાયનું બધું !

તમારા કામ તમારે જ કરવા પડશે. બીજો ન કરી શકે. કામ કરીશું તેટલી સ્ફૂર્તિ રહેશે. વીર્યાન્તરાયનો ક્ષયોપશમ થશે. બાહુબલી યાદ કરો.

શરીરને શ્રમ પડશે તો રોગ નહિ થાય. પરિશ્રમ વિનાના

રહેશો તો રોગી થશો. ગૌતમસ્વામી છઠ્ઠના પારણે પણ પોતે જ વહોરવા જતા.

તેમની નજરે બે ફાયદા હશે : (૧) ભગવાનનો લાભ મળે. (૨) સ્વાશ્રયિતા જળવાય.

'કામ લાગશે' એવી આશાથી શિષ્યાદિ પણ ન કરાય.

'હું કામ કરીશ તો મારી પોઝીશનનું શું ?' આ વિચાર મોહના ઘરનો છે. પરની આશામાં રહ્યા તે સાવ જ રહી ગયા.

એક જ હાથમાં ઉગેલી પાંચેય આંગળીઓ એકસરખી નથી, લાંબી - ટુંકી છે. તો આપણી આસપાસના બધા જ જીવો એકસરખા જ શી રીતે હોઈ શકે ? **'जगत जीव है कर्माधीना, अचरिज कछुअ न लीना'** । માટે કોઈ કામ ન કરે તો આપણેય ન કરવું - એવું વલણ નહિ અપનાવવું.

(૮)'पाशाः इव सङ्गमाः ज्ञेयाः' - 'સંયોગોને પાશ જેવા સમજો.'

સંયોગ સારા લાગે છે, પણ એ જ ફાંસો છે. માછલીને ગલમાં માંસ દેખાય છે, પણ એ જ એના ગળે ફાંસો બને છે. જગતના બધા જ સંયોગો બંધન છે. બંધનમાં કદી આનંદ ન હોય. બંધન એટલે પરાધીનતા ! પરાધીનતામાં આનંદ કેવો ?

(૯)'स्तुत्या स्मयो न कार्यः'- સજ્જનોની એ સજ્જનતા છે કે તમારા થોડા પણ ગુણના ખૂબ-ખૂબ વખાણ કરે. તે વખતે તમારે મોં નહિ મલકાવવું, ખભા ઉંચા નહિ કરવા. કેટલાક કામ કઢાવવા, મોટા ભા બનાવે. જેમ શિયાળે પુરી લેવા કાગડાની પ્રશંસા કરેલી.

કદાચ એ શુભભાવથી પણ પ્રશંસા કરે. પ્રશંસા કરવી એની ફરજ છે, પણ અભિમાન કરવું તમારી ફરજ નથી.

પરનિંદા કરવી - સાંભળવી પાપ છે, તેમ સ્વપ્રશંસા કરવી, સાંભળવી પણ પાપ છે.

પર-નિંદાથી હજુ બચી શકાય, સ્વપ્રશંસાથી બચવું મુશ્કેલ છે. આ અનુકૂળ ઉપસર્ગ છે, મીઠું ઝેર છે. દુઃખ હજુ પચાવી શકાય. સુખ પચાવવું મુશ્કેલ છે. આ બહુ જ મોટું ભયસ્થાન છે.

લોકોની વધારે અવર-જવર એક પલિમંથ-વિઘ્ન છે. આનાથી અભિમાન કરીએ તો થઈ રહ્યું !

સ્વપ્રશંસા આપણે કરીએ તો નહિ, પણ કોઈ કરતું હોય તો મલકાવું પણ નહિ, એમ પૂ. ઉપાધ્યાયજી મ. કહે છે.

લેખક, ચિંતક, વક્તા, પ્રતિષ્ઠિત પુરુષ બનીએ, એમાં બહુ જ મોટો ખતરો છે. મોહરાજાની મોટી ચાલ છે.

ઓળખાણ વધે તેટલા ગોચરીના દોષો વધે. માટે જ અજાણ્યા ઘરમાંથી લાવવાનું વિધાન છે. અજાણ્યા ઘરમાંથી નિર્દોષ ગોચરી આવે ત્યારે કેટલો આનંદ થાય ? મનગમતી વસ્તુનો આનંદ નહિ, પણ નિર્દોષતાનો આનંદ ! નિર્દોષ ગોચરીમાં પણ છેલ્લે માંડલીના પાંચ દોષો સેવો તો બધા પર પાણી ફરી વળે !

પૂર્વપુરુષો મહાન શાસન-પ્રભાવક હોવા છતાં તેમણે ગર્વ નથી કર્યો તો આપણએ કયા મોટા પ્રભાવક ?

પૂ. આચાર્યશ્રી સુસ્થિતસૂરિજીએ આટલી પ્રતિષ્ઠાઓ કરાવી, પણ ક્યાંય પ્રતિમા પર નામ વાંચ્યું ? પ્રતિષ્ઠા કે શિલાલેખમાં આપણું નામ ન આવે તો આપણે ધૂંઆફૂંઆ થઈ જઈએ છીએ.


ગૌતમસ્વામીએ પોતાનો શિષ્ય પરિવાર સુધર્માસ્વામીને સોંપ્યો, આથી આખી પરંપરામાં ગૌતમસ્વામીનું નામ ક્યાંય ન આવે, નામ ગયું તો ગૌતમસ્વામી દુઃખી થયા'તા ?

✧ ✧ ✧ ✧ ✧

*पूज्य आचार्य प्रवरश्री कलापूर्णसूरिजी म. के स्वर्गवास के समाचार जान कर मन अत्यन्त पीड़ा से भर उठा है। **वे इस सदी के महान् आचार्य थे । स्वाध्याय, परमात्म-भक्ति से परिपूर्ण उनका जीवन प्रेरणायोग्य** है। उनके महान्, संयममय आध्यात्मिक जीवन की अनुमोदना करते हुए हम अपनी श्रद्धांजलि अर्पण करते है। दिव्यात्मा को नमन करते है।*

*- **खरतरगच्छीय उपा. मणिप्रभसागरनी वंदना***

१६-२-२००२, मालपुरा.



અષાઢ સુદ ૫
૧૭-૦૭-૧૯૯૯, શનિવાર

તીર્થના આલંબનથી અનેક તરી ગયા, તર્યા, તરશે. એ તીર્થને ટકાવવા આપણા પૂર્વાચાર્યોએ ખૂબ જ પરિશ્રમ કર્યો છે. એના દ્વારા જે આત્મિક આનંદ પ્રાપ્ત કર્યો, તે આનંદ સૌને મળે, તે માટે અનેક ગ્રંથો રચ્યા. હરિભદ્રસૂરિજીના ગ્રંથો એમાં મોખરે છે.

સંઘે યશોવિ.ને 'લઘુ હરિભદ્ર' તરીકે નવાજેલા છે, તેમના ગ્રંથો પણ આજે દીવાદાંડીરૂપ ગણાય છે.

(૧૦) कोपोऽपि चि निन्दया जनैः कृतया (न कार्यः) । લોકોની નિંદાથી ગુસ્સો નહિ કરવો.

સ્તુતિથી રાજી થવાનું નથી તેમ નિંદાથી નારાજ નથી થવાનું ! બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. જો સ્તુતિથી રાજી થવાના તો નિંદાથી નારાજ થવાના જ. એક હોય ત્યાં બીજું ન હોય તેવું પ્રાયઃ ન બને.

આપણા વખાણ કદાચ લોકો માટે કલ્યાણકારી થઈ જાય, પરંતુ આપણે અભિમાન કરવા ગયા તો ડૂબ્યા !

પરનિંદાથી પણ અપેક્ષાએ સ્વપ્રશંસા કરાવવી - સાંભળવી - સંભળાવવી મોટું પાપ છે. પ્રશંસાનું આ દોરડું એવું છે જો બીજા પકડે તો તરી જાય ને વ્યક્તિ સ્વયં પકડે તો ડૂબી જાય ! સ્વપ્રશંસા એક જ્વર છે, તેના માટે ટેબ્લેટ જોઈએ. પૂર્વાચાર્યની મહાનતાની વિચારણારૂપ ટીકડીથી આ તાવ ઊતરે છે.

બીજાની પ્રશંસાથી આપણા ગુણો વધે, સ્વપ્રશંસાથી ઘટે, અભિમાન વધે. સદ્ગુણો આવે, આવેલા સુરક્ષિત રહે તે માટે સાવચેત રહેવું જરૂરી છે. સદ્ગુણો રત્નો છે. મોહરાજા અભિમાન કરાવી લૂંટાવવા માગે છે. બુદ્ધિ આદિ શક્તિ ભગવાનના પ્રભાવથી મળી છે. તેની સેવામાં એ વાપરવાની છે. 'સારું થાય તે ભગવાનનું, ખરાબ થાય તે આપણી ભૂલનું' એમ માનવું.

તમારી પ્રશંસા થાય તે મોહરાજાને ક્યાંથી ગમે ? આથી તે તમને પાડવા મીઠું ઝેર આપે છે : સ્વપ્રશંસાનું, અભિમાનનું !

સ્વપ્રશંસાની અપેક્ષા મટી જશે પછી લોક-નિંદાથી તમે વિચલિત નહિ બનો. ક્ષમા-તપ વગેરે ગુણો ભલે આવે, પણ 'ક્ષમાવાન્, તપસ્વી' વગેરે કહેવડાવવું નહિ. ગુણો જાહેર નહિ કરવા. રત્નો કદી જાહેરમાં મૂકાતા નથી.

સદ્ગુણોની પ્રાપ્તિ અને સુરક્ષા, માત્ર ભગવાનની કૃપાથી જ શક્ય બને છે.

(૧૧) 'सेव्यां धर्माचार्याः' । ભગવાનના ૭૦૦ જ કેવળી. ગૌતમસ્વામીના ૫૦ હજાર શિષ્ય કેવળી હતા, છતાં ગૌતમસ્વામીએ અભિમાન નથી કર્યું; મારા બધા જ ચેલા કેવળી ! આ કોનો પ્રભાવ ? ધર્માચાર્યની સેવાનો. ધર્માચાર્યની સેવા કેવી અદ્ભુત ! ગુરુ છદ્મસ્થ હોવા છતાં શિષ્યો કેવળી !

ગૌતમસ્વામી પણ કેવા વિનયી ? એક શ્રાવક (આનંદ)ને ગુરુ આજ્ઞાથી મિચ્છા મિ દુક્કડં માંગવા જાય.

ભગવાનની ભક્તિના પ્રભાવથી કેવળજ્ઞાન આપવાની લબ્ધિ એમનામાં પ્રગટી હતી. એમનું જીવન કહે છે : તમે જો સાચા અર્થમાં શિષ્ય બનશો તો જ સાચા અર્થમાં ગુરુ બની શકશો.

આપણે જે કાંઈ કરીશું તેની પરંપરા ચાલશે.

અમને જો એકાસણા કરનાર ન દેખાયું હોત તો અમે અહીં એકાસણા ક્યાં કરવાના ? ચા પીવાની ટેવ ક્યાંથી છોડત ?

પૂ. કનકસૂરિજી મ.ની ભવ્ય પરંપરા મળી છે.

તબિયત બગડી જાય તો એકાસણું છોડવા કરતાં તેઓશ્રી ગોમૂત્ર લેવું પસંદ કરતા. પૂ. કનકસૂરિજીએ અમને આ બધું વાચનાથી નહિ, જીવનથી શીખવાડ્યું છે. બોલ-બોલ કરવાની તો અમને આદત છે.

ગુરુની સેવા એટલે માત્ર ગોચરી-પાણીની જ નહિ, આજ્ઞા-પાલનરૂપ સેવા જોઈએ.

ગોચરી વખતે 'વાપરું' કે સંથારા વખતે 'સંથારો કરું' એવી આજે પણ અમને આદત છે.

આના પ્રભાવે ઘણી વખત કટોકટીમાં પણ માર્ગ મળ્યો છે. કઠિન પંક્તિઓ પણ બેસી ગઈ છે.

પંડિત વ્રજલાલજી પાસે (વિ.સં. ૨૦૧૮) જામનગરમાં ન્યાયનો પાઠ ચાલે. પહેલા જ પાઠમાં એક પંક્તિમાં ગાડી અટકી પડી. પણ ગુરુકૃપાથી એ કઠિન પંક્તિ પણ બેસી ગઈ.

(૧૨) '**तत्त्वं जिज्ञासनीयं च** ।' ગુરુ-સેવા કરીશ તો મને તેઓ પદ આપી દેશે, એવી આશાથી નહિ, પણ નિઃસ્પૃહ ભાવે સેવા કરવાની. સેવા કરતાં-કરતાં તત્ત્વ જિજ્ઞાસા ગુરુ સમક્ષ મૂકવી.

આત્મા માત્ર સ્વ-સંવેદનથી જણાય અથવા કેવળી જાણી શકે, એવા આત્મતત્ત્વાદિ જાણવાની ઈચ્છા જાગવી એ પણ બહુ મોટી ઉપલબ્ધિ છે.

◆ કર્મચક્રના વ્યૂહનું ભેદન ધર્મચક્ર દ્વારા જ થઈ શકે.

અર્જુન સિવાય કોઈ ચક્રવ્યૂહ જાણતું નહોતું એની ખબર હતી દ્રોણને. આથી અર્જુનની ગેરહાજરીમાં એ વ્યૂહ ગોઠવ્યું. હવે કોણ ભેદે એ વ્યૂહને ? આખરે અભિમન્યુ તૈયાર થઈ ગયો : હું ભેદીને અંદર ઘુસી શકું છું, પણ બહાર નીકળવાની કળા નથી જાણતો.

અભિમન્યુ આ કળા ગર્ભમાં શીખેલો. આ પરથી હું ઘણીવાર કહું : માતા બાળકને ગર્ભમાંથી સંસ્કાર આપી શકે. માતા પર સંતાનનો મોટો આધાર છે.

મારી માતા ખમા-ક્ષમાબેન ખૂબ જ ધાર્મિક વૃત્તિનાં !



મુક્તિચન્દ્ર વિ.ના બા ભમીબેનને જોઉં ને એ યાદ આવે ! આકૃતિથી અને પ્રકૃતિથી બરાબર એવા જ ! મનફરામાં પહેલીવાર ભમીબેનને જોયા ત્યારે એમ જ થયું : અરે ! આ ક્ષમાબેન અહીં ક્યાંથી ? અત્યંત ભદ્રિક અને સાલસ સ્વભાવના !

એકબાજુ સેવા ને બીજી બાજુ તત્ત્વ જિજ્ઞાસા - બંનેમાંથી શું પસંદ કરવું ? પૂ. કનકસૂ. મ. ગયા પછી પ્રેમસૂ. મ.નો પત્ર આવ્યો : હવે આગળના અભ્યાસ માટે આવી જાવ. દેવેન્દ્રસૂ. મ. કહે : મારું શું ? બસ, અમે સેવામાં રોકાઈ ગયા.

◆ અંજારમાં પં. ભદ્રંકરવિ. મ.નો પત્ર આવ્યો : ધ્યાનવિચાર ગ્રંથનું એકવાર અવલોકન કરી લેજો. હું કંટાળ્યો : આ ભેદ-પ્રભેદોની ભાંજગડમાં કોણ પડે ? પણ પં.મ. પર પૂરો ભરોસો ! મેં થોડી મહેનત કરી ને ખૂબ જ આનંદ થયો. ગ્રંથ સમજાયો.

'જિનવર - જિન - આગમ એકરૂપે' એ પંક્તિ જો ખરી રીતે માનતા હોઈએ તો ગ્રંથમાં કંટાળાય કેમ ?

મારા અને મારા વચનમાં ભેદ છે ? જો આ ભેદ ન હોય તો ભગવાન અને ભગવાનના વચનમાં ભેદ શી રીતે હોય ? ભગવાનના વચન એટલે આગમ.

પછી તો ધ્યાન-વિચારમાંથી જે પદાર્થો મળ્યા છે, તે બીજે ક્યાંયથી નથી મળ્યા. મને લાગ્યું : આ તો આગમ ગ્રંથનો જ એક ટુકડો છે. પક્ખિસૂત્રમાં લખ્યું છે : **'झाण-विभत्ति' 'ध्यान विभक्ति'** તેનો જ આ (ધ્યાન વિચાર) અંશ હોય તેમ લાગ્યું. તેની શૈલી પણ આગમપર્વકની, ચાર નિક્ષેપા, સાત નય, સપ્તભંગી વગેરે એ જ પ્રમાણે !

◆ ૧૪ પૂર્વો ૧૪ પૂર્વીને છેલ્લી વખતે યાદ નથી રહેતા, નવકાર જ યાદ રહે છે. એ અપેક્ષાએ ૧૪ પૂર્વોથી નવકાર ચડી જાય. માટે જ હું આગંતુક પાસે નવકારવાળીની બાધાનો આગ્રહ રાખું છું.

✧ ✧ ✧ ✧ ✧



चिंतन - मुद्रा में पूज्यश्री, सुरेन्द्रनगर, दि. २५-६-२०००

શ્રી પંચવસ્તુક ગ્રંથ - પ્રારંભ

અષાઢ સુદ ૬
૧૮-૦૭-૧૯૯૯, રવિવાર

◆ હરિભદ્રસૂરિજીના ગ્રંથો આપણા માટે દીવડા છે. ઘોર કલિકાલ એટલે ભયંકર અંધારું ! અંધારાના અનુભવ વિના દીવાનો મહિમા ન સમજાય.

ગ્રંથ દ્વારા ગ્રંથકારનો પરિચય થાય છે. આટલી નાનકડી જીંદગીમાં કેવી રીતે આવા ગ્રંથો બનાવ્યા હશે ? વિહારો કરે, શાસન-સંઘના કામ કરે, સ્વયં અધ્યયન કરે, શિષ્યાદિને અધ્યાપન કરાવે, આ બધું કેવી રીતે કરી શક્યા હશે ? કેટલી અપ્રમત્ત દશા હશે એમની ? વિચારતાં હૃદય ગદ્‌ગદ્‌ બની ઊઠે છે.

◆ જે આવે તેની ભરતી કરવાનું પાંજરાપોળને ફાવે, આપણને નહિ. માટે દીક્ષાર્થીના ગુણો તપાસવા જરૂરી છે. ગુરુ કેવા ? વગેરેનું વર્ણન પણ આ ગ્રંથ (પંચવસ્તુક)માં આવશે.

મોટા પુરુષો પાસે રહેવાનો મોટો ફાયદો તેમના જીવનનો પ્રત્યક્ષ પરિચય થાય છે, તે છે. દરેક સાથે કઈ રીતે વ્યવહાર કરે છે ? તે જોવા મળે છે.

- પંચવસ્તુકની ટીકાનું નામ છે : શિષ્યહિતા.

- ઉપયોગહીન વંદન : દ્રવ્ય, કાચનો ટુકડો.

- ઉપયોગ સહિત વંદન : ભાવ, ચિંતામણિ રત્ન.

દ્રવ્યવંદન માત્ર કાયક્લેશ ગણાય. ભાવવંદન એકવાર પણ થાય તો ? **'इक्कोऽवि नमुक्कारो... तारेइ नरं व नारिं वा'**

અનુક્રમણિકા (પંચવસ્તુકની)

(૧) પ્રવ્રજ્યા વિધાન, (૨) પ્રતિદિન ક્રિયા (સામાચારી), (૩) વ્રતોમાં સ્થાપના, (૪) અનુયોગ (વ્યાખ્યા)ની અનુજ્ઞા, ગણની અનુજ્ઞા, (૫) સંલેખના : શરીર સાથે કષાયોને કૃશ બનાવવા. માત્ર શરીર કૃશ બનાવીએ તો તપ તાપ બની જાય.

◆ **वसन्ति एतेषु गुणाः इति वस्तुकम्** । જેનામાં ગુણો વસે તે 'વસ્તુક'. પ્રવ્રજ્યાદિ પાંચેયમાં જ્ઞાનાદિ ગુણો વસે છે માટે તે 'પંચ વસ્તુક' છે. **(૧) पव्वज्जा केण गुरुणा दायव्वा, कस्स (सीसस्स) दायव्वा ? कुत्थ (खित्ते दायव्वा । इत्यादि ।**

પ્રવ્રજ્યા (દીક્ષા) એટલે ? પ્રકૃષ્ટ વ્રજન- ગમન તે પ્રવ્રજ્યા. પાપથી નિષ્પાપ જીવન તરફ પ્રયાણ તે પ્રવ્રજ્યા. ખરેખર તો મોક્ષ તરફનું એ પ્રયાણ છે. 'પ્ર' ઝડપથી જવું, આગળ જ જવું, પાછળ નહિ, તે બતાવવા છે.

દેશવિરતિના ઉત્કૃષ્ટ સ્થાન કરતાં પણ છઠ્ઠા ગુણઠાણાના નિમ્નતમ સ્થાને રહેલા સાધુની શુદ્ધિ અનંતગણી વધુ હોય છે.

'आयुः घृतम्' ઘી આયુષ્યનું કારણ છે, માટે ઘીને જ આયુષ્ય કહ્યું છે. તેમ ચારિત્ર સ્વયં મોક્ષ છે. કારણ કે તે મોક્ષનું કારણ છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર થયો છે.

◆ મન આદિ યોગોથી કર્મ બાંધે તે ગૃહસ્થ. તે વડે કર્મ તોડે તે મુનિ.

✧ ✧ ✧ ✧ ✧



અષાઢ સુદ ૭
૧૯-૦૭-૧૯૯૯, સોમવાર

દીક્ષા આપનાર કેવા હોવા જોઈએ ? દીક્ષા આપવા તો આપણે ઉતાવળ કરીએ પણ તે માટે, ગુરુ બનવા માટે આપણે યોગ્ય છીએ ? તે જોવું જોઈએ.

દીક્ષા લેનારમાં ૧૬ ગુણો હોવા જોઈએ. ૧૬ ગુણો હોય તો ૧૦૦% સફળતા ! મોક્ષ નક્કી ! ભગવાનની દીક્ષા સ્વીકારનારને મોક્ષ ન મળે તો શું ચોર-લૂંટારાને મળે ?

ગુરુએ કૃપા કરીને ઓછા ગુણો હોવા છતાં દીક્ષા આપી હોય તો હવે પૂરા કરવા પ્રયત્ન કરવો. કોઈ કઠિન વાત નથી.

૧૬ કળાથી ચન્દ્ર પૂર્ણ બને. ૧૬ આનાથી રૂપિયો બને, તેમ ૧૬ ગુણોથી પૂર્ણ દીક્ષાર્થી બને.

દીક્ષાર્થીના ૧૬ ગુણો :

(૧) **आर्यदेश-समुत्पन्नः** આર્યદેશમાં ઉત્પન્ન થયેલો હોય.

(૨) **शुद्धजातिकुलान्वितः** શુદ્ધ કુળ અને શુદ્ધ જાતિમાં ઉત્પન્ન થયેલો હોય.

(૩) **क्षीणप्रायकर्ममलः** ક્લિષ્ટ કર્મમળ જેનું ક્ષીણ થઈ ગયું હોય.

(૪) **विमलबुद्धिः** નિર્મળ બુદ્ધિવાળો હોય.

(૫) **दुर्लभं मानुषं जन्म, जन्म मरणनिमित्तम्, चपलाः सम्पदः, विषयाः दुःखहेतवः, संयोगाः विप्रयोगान्ताः, प्रतिक्षणं मरणम्, दारुणो विपाकः इति अवगतसंसारनैर्गुण्यः** સંસારની નિર્ગુણતાનો જાણ હોય.

(૬) **तद्विरक्तः** સંસારથી વિરક્ત થયેલો હોય.

(૭) **प्रतनुकषायः** અલ્પ કષાયી.

(૮) **अल्पहास्यः** અલ્પ હાસ્યવાળો.

(૯) **कृतज्ञः** કૃતજ્ઞતા અને પરોપકાર વિશ્વના સૌથી મોટા બે ગુણો છે. બીજાના ઉપકારને લઈને સ્વીકારવો, માનવો તે કૃતજ્ઞતા. બીજા પર ઉપકાર કરવો તે પરોપકાર.

(૧૦) **विनीतः** દીક્ષાર્થીનો સૌથી મોટો ગુણ વિનય છે.

(૧૧) **राजादिप्रधानपुरुषसम्मतः** રાજા વગેરે મોટા માણસોને માન્ય પુરુષ દીક્ષા લે તો શાસનપ્રભાવના સુંદર થાય.

(૧૨) **अद्रोहकारीः** કોઈનો પણ દ્રોહ ન કરે તે ગુરુનો દ્રોહ થોડો કરે ? ગુરુને છોડીને હાલતો ન થાય. પ્રમત્તાવસ્થામાં પણ શૈલક ગુરુને પંથકે છોડ્યા નહોતા.

(૧૩) **कल्याणाङ्गः** રૂપવાન, ભદ્રમૂર્તિ.

(૧૪) **श्राद्धः** શ્રદ્ધાળુ.

(૧૫) **स्थिरः** સ્થિરમતિ.

(૧૬) **समुपपन्न** : ગુરુને સમર્પિત હોય.

આ રીતે ગુણપૂર્વક વિધિપૂર્વક દીક્ષા લીધેલી હોય તે જ ગુરુ બનીને દીક્ષા આપી શકે. ગુરુનો આ પ્રથમ ગુણ થયો.

(૨) **विधिपूर्वक-गृहीत-प्रवज्यः** વિધિપૂર્વક પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર.

(૩) **सेवित-गुरुकुलवासः** ગુરુકુલવાસી. બધા ગુણો ગુરુકુલવાસથી ખીલે. ગુરુ છોડ્યા પછી ટકાની કિંમત નથી. માછલાં સાગરમાં અથડામણના ભયથી બહાર નીકળી જાય તો ? નિર્દોષ આહારના બહાને પણ ગુરુકુલવાસથી બહાર વિચરી ન શકાય. ગુરુકુલવાસ એટલે ગુણરત્નોની ખાણ. અહીં અનેક રત્નોની પ્રાપ્તિ થાય. ગુરુકુળવાસને નહિ છોડનારો ગુરુની જ્ઞાનાદિ ગુણસમૃદ્ધિનો અધિકારી બને છે.

૧૬ ગુણોથી યુક્ત દીક્ષાર્થી, વિધિપૂર્વક દીક્ષા લઈને ગુરુકુલવાસનું સેવન કરે તો જ એ ગુરુ બનવાને લાયક બની શકે.

✧ ✧ ✧ ✧ ✧



અંતેવાસી કે સાથ પૂજ્યશ્રી, સુરેન્દ્રનગર, દિ.-૨૬-૬-૨૦૦૦.

અષાઢ સુદ ૮
૨૦-૦૭-૧૯૯૯, મંગળવાર

◆ **મેં ૩૦ વર્ષે દીક્ષા લીધી ! સંસ્કૃત જો ભણ્યો ન હોત તો ? કદાચ ભાષાંતરથી ચલાવવું પડત. ભાષાંતર એટલે વાસી માલ ! શા માટે મૂળ શબ્દો જ ન ભણવા ? આવા વિચારે જ હું સંસ્કૃત ભણ્યો.**

પૂ. આત્મારામજી મ. સ્થાનકવાસી શ્રાવકની ટકોરથી જ સંસ્કૃત ભણવા પ્રેરાયેલા.

શ્રાવકની સાથે પૂ. આત્મારામજીનો વાર્તાલાપ.

શ્રાવક : **'आप की पढाई कितनी हुई ?'**

આત્મારામજી : **'मेरी पढाई पूरी हो गई ।'**

'ज्ञान कभी पूरा होता है ? यह तो कूपमंडूक जैसी बात हुई । ज्ञान कभी पूरा नहीं हो सकता ।'

આ વાર્તાલાપમાંથી સંસ્કૃત ભણવાનો ઉત્સાહ જાગ્યો. ગુરુએ કહ્યું : 'વ્યાકરણ ભણવાથી મિથ્યાત્વ લાગે.'

'ભલે લાગે, પણ ભણવું તો છે જ.' ભણ્યા. સાચો અર્થ જાણી સન્માર્ગે આવ્યા. ૧૭ સાધુઓ સાથે સંવેગીમાં આવ્યા.

સ્થાનકવાસી વેષમાં રહીને જ ભયંકર વિરોધ વચ્ચે પણ મૂર્તિનો પ્રચાર કરેલો.

હું એ કહેવા માગું છું કે નાની ઉંમર હોય તો સંસ્કૃતઆદિના અભ્યાસમાં પ્રમાદ નહિ કરવો. જરાક અઘરું લાગ્યું ને તરત જ છોડી દેવું, એ વૃત્તિ બરાબર નથી. તમે જે શીખેલા હો તે જરા પણ કંજૂસાઈ વિના બીજાને આપતા રહો.

પોતે શીખેલું બીજાને શીખવવાથી જ ઋણથી કંઈક અંશે મુક્ત થવાય છે.

◆ ગુરુના ગુણો :

(૪) **निर्मल बोधः**

(૫) **वस्तुतत्त्ववेदी** : બોધ અલગ છે. સંવેદન અલગ છે. સંવેદન એટલે અનુભૂતિ ! અધ્યાત્મગીતામાં - 'વેદી' શબ્દનો પ્રયોગ થયો છે. વેદન કરવું એટલે અનુભવ કરવો. 'વસ્તુતત્ત્વવેદી' એટલે આત્મતત્ત્વનું વેદન કરનાર.

(૬) **उपशान्तः क्रोध-विपाकाऽवगमेनः** ક્રોધના ફળો જાણવાથી સદા શાન્ત રહેનાર. સમતાનંદ જાણનારો ક્રોધ શા માટે કરે ?

(૭) **प्रवचनवत्सलः** ચતુર્વિધ સંઘ પ્રત્યે ભરપૂર વાત્સલ્ય હોય. તો જ આવનાર શિષ્ય પર વાત્સલ્ય વરસાવી શકે. **પૂ. કનકસૂ. મ.માં આ ગુણ અમે જોયો છે. અહીં ગુરુએ માતા-પિતા બંનેની ફરજ બજાવવાની છે. વાત્સલ્ય વિના, આવનારો શિષ્ય ટકી ન શકે.**

(૮) **सर्वजीवहितरतः** પુદ્ગલની રતિ નહિ, પણ સર્વના હિતની રતિ. તે વિના રહેવાય નહિ.

(૯) **'परहितचिन्ता मैत्री, परदुःखविनाशिनी करुणा'**: ઈત્યાદિ ચાર જીવનમાં ઉતારવાથી સ્વ-પરનું સાચું હિત સધાય છે. હિતકારી પ્રેરણા વખતે પણ જો તે સામે થાય તો મૌન રહે.

(૧૦) **आदेय-वचनः** જેમના વચન બધા વધાવી લે તેવું પુણ્ય.

(૧૧) **अनुवर्तकः भावानुकूल्येन सम्यक् पालकः** । શિષ્યના ભાવની અનુકૂળતા પ્રમાણે તેનું પાલન કરનાર. આ

બધા ગુણોમાં વિચારતાં કાર્ય-કારણભાવ પણ સમજાશે.

શિષ્યોને તેની યોગ્યતા અને રુચિ પ્રમાણે સાધનામાં જોડે, તે અનુવર્તક. મૂરખ શિષ્યને પણ વિદ્વાન આ ગુણથી બનાવી શકાય.

ક્યાંય ન સચવાતો સાધુ પૂ.પં. ભદ્રંકરવિ. પાસે સચવાઈ જતો. સ્વભાવ પણ બદલાઈ જતો. એમનામાં અનુવર્તક ગુણ ઉત્કૃષ્ટરૂપે હતો.

(૧૨) **ગંભીર** : વિશાળચિત્ત હોય. ગંભીર આલોચના પણ જરાય બહાર ન જાય. સાગરમાંથી જેમ રત્નો બહાર ન આવે.

(૧૩) **અવિષાદી** : પરલોકના કાર્યમાં ખેદ ન કરે. પરિષહોથી ઘેરાયેલા હોય તો પણ છ કાયની હિંસા ન કરે, દોષ ન લગાડે. કોઈપણ કાર્યમાં કંટાળો ન લાવે. કર્મ-નિર્જરાના લાભને જ જુએ. ગ્રાહકોની ભીડ વખતે પણ વેપારી જેમ કંટાળે નહિ - સામે નફો દેખાય છે ને ?

મળ્યા કરતાં વધુ કામ કરવું પડે તો કંટાળો આવે ? 'સેવાનો લાભ મને જ મળે. કોઈપણ કામ મને સોંપજો.' એવા અભિગ્રહધારી મુનિ પણ હોય છે. કમલવિ. મ. એવા હતા. સુરેન્દ્રનગરમાં (વિ.સં. ૨૦૧૪) ૫૫ ઠાણામાં સવારે એ જ જાય. તપસ્વી મણિપ્રભ વિ. પણ એવા જ. આહાર ખૂટે કે વધે બંનેમાં તૈયાર.

(૧૪) **ઉપશમાદિ - લબ્ધિયુક્ત:** બીજાને પણ શાંત કરવાની શક્તિ. આ લબ્ધિ કહેવાય. પૂ.પં. ભદ્રંકરવિ.મ.માં આ શક્તિ જોવા મળતી. ગમે તેવા ક્રોધીને શાંત કરી દેતા.

(૧૫) **ઉપકરણ-લબ્ધિ:** સામગ્રી સામેથી મળે - એવું પુણ્ય હોય.

(૧૬) **સ્થિર લબ્ધિ:** દીક્ષા આપે તે સંયમમાં સ્થિર બની જાય. પૂ. કનકસૂ. મ.માં આવી લબ્ધિ જોવા મળેલી.

(૧૭) **પ્રવચનાર્થવક્તા** : સૂત્ર-અર્થને કહેનાર.

(૧૮) **સ્વગુરુપ્રદત્તપદ** : ગુરુ ન હોય તો દિગાચાર્ય દ્વારા પદ પામેલા હોય. આવા ગુરુ જ દીક્ષા આપવાના અધિકારી છે. કાળના દોષથી આવા ગુરુ ન મળે તો ૨-૪ ગુણ ન્યૂન - ગુરુ પણ ચાલે.

'एतादृशेन गुरुणा सम्यक् विधिना प्रव्रज्या दातव्या, न तु स्वपर्षद्वृद्ध्याशया । 'पानकादिवाहको मे भविष्यति' इति आशयः न सम्यक् ।'

આવા ગુરુએ સમ્યગ્ વિધિપૂર્વક દીક્ષા આપવી. પોતાનો પરિવાર વધારવાના આશયથી કે પાણી વગેરે લાવવામાં કામ લાગશે, એવા આશયથી દીક્ષા નહિ આપવી જોઈએ.

શિષ્યના અનુગ્રહ માટે જ (સ્વાર્થ માટે નહિ) તથા તેનો હું સહાયક બનીશ તો મારા કર્મોનો પણ ક્ષય થશે, એ જ આશયથી દીક્ષા આપે.


✧ ✧ ✧ ✧ ✧

*આપના શિરછત્ર ગુરુદેવ અને અમારા અનન્ય ઉપકારી, જ્ઞાન-સંસ્કારદાતા ગુરુ પૂજ્યપાદ આ.ભ.શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના અચાનક કાળધર્મના સમાચાર મળતાં અંતરમાં વીજકડાકા જેવો આંચકો લાગ્યો । ક્ષણભર તો ઉંડી ગમગીની સાથે અવાચક થઇ જવાયું । આ અંગે પત્ર ક્યાં લખવો એની મૂંઝવણમાં વિલંબ થયો છે । હવે આ પત્ર દ્વારા અમે અમારા વતી એ દિવ્યપુરુષના દિવ્ય આત્માને ભાવાંજલિ અર્પીએ છીએ । પૂજ્યપાદશ્રીની વસમી વિદાયથી વર્તમાન જૈનશાસનનો પ્રબળ પુણ્યસિતારો ખરી પડ્યો છે. આધ્યાત્મિક જગતનો શત-શત તેજે ઝળહળતો આદિત્ય અસ્તાચલે ઢળતાં એ જગતમાં તો ખરેખર ઘોર અંધારાના ઓછાયા છવાયા છે એવું લાગે છે અને લાગશે । **હવે ભલે કદાચ આપણા પ્રવર્તમાન સંઘમાં વિદ્વત્તા અને શાસનપ્રભાવનાના ઝાકઝમાળ ઘણાય જોવા મળશે, પરંતુ વિશિષ્ટ પ્રભુભક્તિ, વૈરાગ્યના રસઝરણા, આત્મસાધના અને વાત્સલ્ય - પ્રેમ - સહાનુભૂતિ - કરુણા આદિ ગુણોનો વૈભવ એ મહાપુરુષ પાસે જે હતો એના દર્શન દુર્લભ બની જશે ।***

આપ સૌ ઉપર આવેલી સંઘ - સમુદાયની ક્ષેમ-કુશલતાની જવાબદારી એજ ગુરુવર્યની અદૃશ્ય કૃપાથી આપ વહન કરી શકશો, એમાં શંકા નથી । માંડવીમાં પ્રવચનસભામાં પણ અમે પૂજ્યશ્રીના ગુણાનુવાદ સાથે શ્રદ્ધાંજલિ આપેલી ।

- એજ... અચલગચ્છીય ગણિ મહાભદ્રસાગરની વંદના

૧૫-૩-૨૦૦૨, માંડવી-કચ્છ



પદસ્થપદમાં પ્રવેશ કરતા પૂજ્યશ્રી,
સુરેન્દ્રનગર, દિ. ૨૬-૬-૧૯૯૯

અષાઢ સુદ ૯
૨૧-૦૭-૧૯૯૯, બુધવાર

◆ સ્વાધ્યાય યોગ ચિત્તની નિર્મળતા કરે, સ્વાધ્યાય કરે તેનું ચિત્ત અશાંત ન હોઈ શકે. સૂત્રોનો સ્વાધ્યાય એક પ્રકારની ભક્તિ જ છે. સૂત્રો કોણે બનાવેલા છે ? પ્રભુ-ભક્તિથી જેમણે પ્રભુના વચનો હૃદયમાં સંગૃહીત કર્યા છે તેવા પૂર્વાચાર્યોએ બનાવેલા છે. કોઈક સૂત્ર તો સ્તુતિરૂપે જ છે. આખું દંડક સ્તુતિરૂપે જ છે. **थोसामि सुणेह भो भव्वा 'स्तोष्यामि श्रुणुत भो भव्याः'** દંડકના પદો દ્વારા હું સ્તુતિ કરીશ. હે ભવ્યો ! તમે સાંભળો. દંડકનું આ મંગલાચરણ છે.

◆ મોક્ષનો ઇચ્છુક તે મુમુક્ષુ ! તે માટે સંસાર છોડવાની તૈયારીવાળો હોય. સાચી મુમુક્ષુતા ત્યારે કહેવાય, જ્યારે મોક્ષના ઉપાયોમાં સતત પ્રવૃત્તિશીલતા જોવા મળે. માત્ર મોક્ષનું રટણ ન ચાલે, રત્નત્રયીમાં પ્રવૃત્તિ જોઈએ.

◆ ભગવાન પ્રત્યે બહુમાન જગાડવાનું કામ ગુરુનું છે. અધ્યાત્મવેત્તા ગુરુ જ તમારા હૃદયમાં પ્રભુ બહુમાન-ભાવ પેદા કરાવી શકે. અધ્યાત્મગીતા વાંચશો તો અધ્યાત્મવેત્તા કેવા

હોય ? તે જાણી શકશો.

અધ્યાત્મગીતા પૂ. દેવચન્દ્રજીનો અદ્‌ભુત ગ્રંથ છે. અધ્યાત્મપ્રેમીઓ માટે સાચે જ ગીતા છે. ચોવીશીની જેમ આ પણ અમરકૃતિ છે. માત્ર ૪૯ શ્લોકો છે. એમાં સાત નયથી સિદ્ધ કોને કહેવાય ? તે સૌ પ્રથમ બતાવ્યું છે.

◆ 'જિણે આતમા શુદ્ધતાએ પિછાણ્યો, તિણે લોક-અલોકનો ભાવ જાણ્યો. **'एगं जाणइ सो सव्वं जाणइ, सव्वं जाणइ सो एगं जाणइ ।'** આચારાંગસૂત્રના આ પદોનો ભાવ સહજ રીતે અધ્યાત્મગીતાની ઉપરની પંક્તિમાં ગોઠવાઈ ગયો છે.

◆ અનાદિકાળથી જીવ મોહાધીન છે. અનુકૂળ વિષયો ભોગવવા આસક્તિપૂર્વક આતુર છે. આસક્તિથી વધુ ને વધુ પુદ્‌ગલો (કર્મો) ચોંટે. એરંડીયાનું તેલ લગાવી ધૂળમાં આળોટો શું થાય ? આથી જ નિયાણાની ના પાડી છે. આસક્તિ વિના નિયાણું ન થાય.

◆ 'શરીર એ હું છું' પરકર્તૃત્વનો આવો ભાવ રહે ત્યાં સુધી કર્મ બંધાયા જ કરે.

◆ **માત્ર ભણવાથી પંડિત થવાય, પણ આત્માનુભવી થવા જ્ઞાની થવું પડે, આત્માને વેદવો પડે, અધ્યાત્મગીતા જેવા ગ્રંથો આત્મા તરફ વાળે છે.**

◆ શુભ ભાવોથી પુણ્ય બંધાય, પણ ગુણ સંપાદન કરવું હોય, આત્મશુદ્ધિ કરવી હોય, મોક્ષ જોઈતો હોય તો શુદ્ધભાવ જોઈએ; ભક્તિથી જ આ શક્ય બને.

◆ બીજા જીવોની રક્ષા પણ સ્વભાવપ્રાણ ટકાવવા માટે જ છે. ભાવહિંસક આપણે પોતે જ બનીએ છીએ, જ્યારે વિભાવદશામાં જઈએ.

◆ પરહિંસાથી આપણા ભાવપ્રાણ હણાય છે, માટે જ દોષ લાગે છે. પરહિંસાથી મરનારના તો દ્રવ્યપ્રાણ જ જાય, પણ આપણા ભાવપ્રાણ જાય છે.

પોતાના ગુણોનો નાશ કરવો તે સ્વ-ભાવહિંસા છે.

આત્મગુણોને હણતો ભાવહિંસક કહેવાય.

જીવે અત્યાર સુધી આ જ કામ કર્યું છે. આ રીતે પરની અને સ્વની હિંસા જ કરી છે.

દા.ત. ગુસ્સામાં જેમ તેમ બોલ્યા. આથી સામાને પણ ગુસ્સો આવ્યો. અહીં બંનેના ભાવપ્રાણોની હિંસા થઈ.

'સ્વગુણ રક્ષણા તેહ ધર્મ

સ્વગુણ - વિધ્વંસના તે અધર્મ' આ નૈશ્ચયિક અર્થ છે.

બીજાની રક્ષા કરતાં, બીજાની જ નહિ, આપણી પણ રક્ષા થાય છે. માટે જ સાધુ માટે પ્રમાદ એ જ હિંસા કહેવાય છે. હિંસા ન થઈ હોય, પણ સાવધાની ન હોય, પ્રમાદ હોય તો હિંસાનો દોષ લાગે જ.

'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा' - તત્ત્વાર્થસૂત્ર.

અપ્રમત્તપણે ચાલતાં જીવ ચંપાઈ જાય તો પણ હિંસા નથી.

દ્રવ્યહિંસા નજરે ચડે છે. ભાવહિંસા નજરે ચડતી નથી. આ જ તકલીફ છે.

આવા તત્ત્વદૃષ્ટા ગુરુનો યોગ મળે ત્યારે યોગાવંચકની પ્રાપ્તિ થાય. કાળનો પરિપાક થાય ત્યારે જ આ બધું મળે.

આવા સદ્‌ગુરુ આપણી દ્રવ્ય-ભાવથી રક્ષા કરે. ગુણસંપન્ન બનાવે. ભગવાન સાથે જોડાવી આપે.

◆ **ભવભ્રમણનું મૂળ ગુણહીનતા છે. માટે સદ્‌ગુણોનો સંગ્રહ કરો. ધન વગેરે અહીં જ રહી જશે. ગુણો ભવાંતરમાં પણ સાથે ચાલશે. સદ્‌ગુણો જેવી કોઈ ઉત્તમ સંપત્તિ નથી. ભગવાન આપણને ગુણસંપત્તિ આપે છે.**

◆ ગુરુ માત્ર શ્રુતજ્ઞાન ભણેલા હોય એટલું જ નહિ, એમાં ઉપયોગવાળા હોય. જે વખતે જેની જરૂર હોય તે સ્મૃતિમાં હોય. ચરણાનંદી હોય. જ્ઞાનની તીક્ષ્ણતા એ જ ચારિત્ર ગણ્યું છે. 'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ'

આત્મતત્ત્વનું આલંબન લઈ તેમાં રમણ કરે, તેનો આસ્વાદ લે, આવા સદ્‌ગુરુના યોગથી અનેક જીવો ગ્રંથિભેદ કરી સમ્યક્ત્વ પામે.

આવા ગુરુના ગુણો ગુરુની પાસે હોય (રહે), પણ તેમની

નિશ્રામાં રહેનાર શિષ્યને શો લાભ ? આ પ્રશ્નનો જવાબ એ છે કે, એમના તરફ શિષ્યોના ભક્તિ અને બહુમાન વધે. નવદીક્ષિતો ગુણરત્નસાગર ગુરુ પર ભક્તિ - શ્રદ્ધા - બહુમાનથી તરી જાય.

જ્યાં ભાવથી ગુરુભક્તિ હોય ત્યાં ચારિત્રમાં સ્થિરતા હોય. આ વ્યાપ્તિ છે. ચારિત્રમાં સ્થિરતા થઈ, આ જ શિષ્યને ગુરુ દ્વારા લાભ થયો. **श्रद्धा - स्थिरता च चरणे भवति तथाहि गुरुभक्ति-बहुमानभावत एव चारित्रे श्रद्धा स्थैर्यं च भवति । नान्यथा ।**

ગુરુ બહુમાન નથી તો ચારિત્રમાં શ્રદ્ધા અને સ્થિરતા નહિ જ રહે. એનો અર્થ એ થયો કે આજે જો આપણામાં ચારિત્રમાં કાંઈ પણ શ્રદ્ધા કે સ્થિરતા હોય તો ગુરુભક્તિનો જ પ્રભાવ છે.

સમાપત્તિ : ધ્યાતા - ધ્યેય અને ધ્યાનની એકતા.

ધ્યાતા-આત્મા, ધ્યેય-પરમાત્મા અને ધ્યાનની એકતા એટલે ઐકાગ્ર્ય સંવિત્તિ.

સંવિત્તિ = જ્ઞાન.

શ્રુતજ્ઞાનથી બોધ મળે તે બોધને ભગવાનમાં એકાગ્રપણે લગાડી લેવો તે ધ્યાન.

સમાપત્તિમાં ધ્યાતા, પરમાત્માની સાથે સંપૂર્ણ ડૂબી ગયો હોય છે.

આ પ્રભુ સાથેની સમાપત્તિ આપણે કદી કરી નથી. સાંસારિક પદાર્થો સાથે ઘણીવાર કરી છે. આજે પણ કરીએ છીએ.

ઉચ્ચકોટિનો જીવ સમાપત્તિ સમયે, તીર્થંકર નામકર્મ પણ બાંધી શકે, એમ હરિભદ્રસૂરિ કહે છે.

'ગુરુ બહુમાન એ જ સ્વયં મોક્ષ છે.' એમ પંચસૂત્રના ૪થા સૂત્રમાં કહ્યું છે.

'ઘૃતમાયુઃ'ની જેમ ગુરુ-બહુમાન મોક્ષનું અનન્ય કારણ છે. અહીં કારણમાં કાર્યનો ઉપચાર થયો છે.

ગુરુભક્તિના પ્રભાવથી આવી સમાપત્તિ આ કાળમાં પણ થઈ શકે છે. મહાવિદેહની રાહ જોવાની જરૂર નથી.

✧ ✧ ✧ ✧ ✧



પૂજ્યશ્રી, વિ.સં. ૨૦૫૨, [illegible]

અષાઢ સુદ ૧૦
૨૨-૦૭-૧૯૯૯, ગુરુવાર

◆ પુણ્યના પ્રકર્ષ વિના પ્રભુશાસન મળતું નથી, સદ્‌ગુરુ મળતા નથી. સંસારના ચક્રમાંથી મુક્ત કરનાર સદ્‌ગુરુ છે. ગુરુ એવું સંયમ આપે છે કે જે મુક્તિ આપે.

◆ ગૃહસ્થતા દ્વારા નહિ, સંયમ દ્વારા મુક્તિ મળે છે. સંયમ એટલે મુક્તિનું સર્ટિફિકેટ. સંયમની ગાડીમાં બેઠા એટલે મુક્તિનું સ્ટેશન આવશે જ. શરત એટલી જ કે તમારે વચ્ચે ક્યાંય ઉતરવાનું નહિ. વચ્ચે આકર્ષણો ઘણા છે. ગુરુકૃપા જ આકર્ષણોથી આપણને બચાવે છે.

◆ જ્ઞાની-ગુણી ગુરુ દ્વારા આપણને પણ જ્ઞાન તથા ગુણાદિની પ્રાપ્ત થાય છે.

ગુરુમાં 'અનુવર્તક' ગુણ અતિજરૂરી છે. તે ગુણથી જ તે આશ્રિત શિષ્યોની પ્રકૃતિ જાણી શકે. બધાની પ્રકૃતિ જુદી-જુદી છે. કારણ કે બધા અલગ-અલગ ગતિમાંથી અલગ-અલગ સંસ્કાર લઈને આવ્યા છે. કોઈને ભૂખ તો કોઈને તરસ વધુ હોય. અહીંની વિચિત્રતાઓ પૂર્વજન્મને આધારિત છે. પ્રકૃતિને

અનુરૂપ માર્ગદર્શન મળે તો ઝડપી વિકાસ શક્ય બને.

ગુરુ મજબૂત શરીરવાળા પાસેથી તપ કરાવે. નબળા શરીરવાળો દેખાદેખીથી તેમ કરવા જાય તો અટકાવે. આ ગુરુ જ કરી શકે. પોતાને અનુરૂપ કરવાથી શિષ્ય પણ ઉત્સાહિત બનીને આરાધના કરી શકે છે, મોક્ષમાર્ગમાં આગળ વધવાની યોગ્યતા (વિનય-વિવેક-શ્રદ્ધા-સંયમમાં સ્થિરતા આદિ રૂપ) પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : વળી નવી યોગ્યતા શા માટે જરૂરી ? દીક્ષા પહેલાં જ એ યોગ્યતા જોયેલી જ હતી ને ?

ઉત્તર : રત્નમાં વિશિષ્ટ પાસા પાડવાથી ચમક આવે છે, તેમ શિષ્યમાં પણ આરાધનાની ચમક આવે છે. હીરો યોગ્ય હોવા છતાં પાસા પાડવામાં ન આવે, તો ચમક આવતી નથી.

દીક્ષા લીધા પછી થોડો સમય અપ્રમાદ રહે, પરંતુ વળી પ્રમાદ આવે, ભણવામાં, તપ વગેરેમાં. એ પ્રમાદને દૂર કરનારા ગુરુ છે. નિદ્રા સિવાય નિંદા (વિકથા), વિષય-કષાય, મદ્યપાન આદિ પણ પ્રમાદ છે. એ પ્રમાદથી બચાવનારા ગુરુ છે. એમ કરનાર જ સફળ ગુરુ કહેવાય.

ભદ્ર ઘોડાનું તો બધા દમન કરે પણ તોફાની ઘોડાનું પણ દમન કરે તે ખરો સારથિ. તોફાની-પ્રમાદી શિષ્યનું દમન કરે તે ખરા ગુરુ !

માતા-પિતાદિ કુટુંબને છોડીને આવનાર શિષ્યને જે યોગ્ય રીતે સંભાળે નહિ તે બહુ મોટો અપરાધી છે.

દીક્ષા આપવામાં જે રીતે (રાત્રે બેસાડવા, મા-બાપને સમજાવવા, જલ્દી દીક્ષા અપાવવી, જલ્દી મુહૂર્ત્ત કઢાવવું) ઉતાવળ કરવામાં આવે છે તે રીતે પછી પણ સંભાળવામાં આવે તો કોઈ ફરિયાદ ન રહે.

ઉતાવળ તો એટલી કે દીક્ષા સાથે જ વડી દીક્ષાનું પણ મુહૂર્ત્ત જોઈએ. પછી કોઈ સંભાળનારૂં ન હોય ત્યારે છેલ્લી ફરિયાદ અહીં આવે : આમનું શું કરવું ? અહીં કોઈ પાંજરાપોળ તો છે નહીં. શૈક્ષનું પરિપાલન યોગ્ય રીતે ન કરે તે પ્રવચનોમાં પ્રત્યનીક (શત્રુ) કહેવાય.

જૈનશાસનની અપભ્રાજના કરનાર શિષ્યમાં નિમિત્ત ગુરુ

બને છે તે યાદ રાખવું.

જૈનશાસનની આ લોકોત્તર દીક્ષા છે. એમાં કાંઈ પણ આડું-અવળું થાય તો બહુ મોટું જોખમ છે. આ ભવમાં ફજેતો ને પરભવમાં દુર્ગતિ ! તેની જવાબદારી ગુરુની કહેવાય.

આટલા જોખમ બતાવી હવે ફાયદા બતાવે છે.

ગુરુ તેને (શિષ્યને) આગમોક્ત વિધિથી ગ્રહણ તથા આસેવનશિક્ષાથી સમૃદ્ધ બનાવે. એને પણ ભવથી પાર ઉતારે, પોતે પણ ઉતરે. આમ થતાં મુક્તિનો માર્ગ પણ ચાલુ રહે છે.

સારા તૈયાર થયેલા શિષ્યો જૈનશાસનની જે પ્રભાવના કરે, વિનિયોગ કરે તેનો લાભ ગુરુને મળે.

જ્ઞાનની પરિણતિ - ઉપયોગ વધતાં ગુણ સમૃદ્ધિ અચૂક વધશે જ.

વૈરાગ્યશતક વગેરે શા માટે કંઠસ્થ કરાવવાના ? અમને પૂ. કનકસૂરિજી મ.એ આવા વૈરાગ્યવર્ધક પ્રકરણો કંઠસ્થ કરાવેલા. કુલક સંગ્રહ વગેરે પણ.

વાચના સાંભળીએ ત્યાં સુધી પરિણતિ સારી, પણ પછી ? કંઈક હૈયે - હોય હશે તો કામ લાગે. ગુરુની ગેરહાજરીમાં આ જ (પ્રકરણ ગ્રંથો) કામ લાગે. તો જ આત્મા દોષથી બચે, ગુણ-સમૃદ્ધ બને. દોષો સાથે શત્રુની જેમ યુદ્ધ કરવું પડશે. ગુણોને મિત્ર માનવા પડશે. ક્ષમા-નમ્રતાદિ મજબૂત હશે તો ક્રોધાદિ નહિ નડી શકે. ક્રોધાદિને કાઢવા ક્ષમાદિને સાધવા પડશે.

क्षमा शस्त्रं करे यस्य दुर्जनः किं करिष्यति ?

પુરાણની કથા : પાંચ પાંડવો કૃષ્ણ સાથે જય મેળવી પાછા ફરતા હતા. રસ્તામાં હિંસક પ્રાણી-ભૂતાદિવાળું જંગલ આવ્યું. આથી સૌ વારાફરતી જાગતા. સૌ પ્રથમ ભીમ જાગતો હતો ત્યારે એક રાક્ષસ આવ્યો. તે બોલ્યો : 'બધાને ખાઈ જઈશ.'

ભીમ : 'યુદ્ધ કર.'

યુદ્ધ થયું. ત્રણ પ્રહર યુદ્ધ ચાલ્યું. બીજાઓનો નંબર આવતાં તે બધાની સાથે પણ યુદ્ધ થયું. કૃષ્ણના નંબર વખતે આવેશથી વધતો રાક્ષસ જોઈને તેઓ (શ્રીકૃષ્ણ) સમજી ગયા :

આ ક્રોધ પિશાચ છે.

કૃષ્ણ : 'તમારા જેવા સાથે હું યુદ્ધ કરતો જ નથી.'

ન ગુસ્સો, ન કોઈ પ્રતિકાર ! રાક્ષસની હાઈટ ઘટી ગઈ. તે મચ્છર જેટલો થઈ ગયો. કૃષ્ણે તેને પગ નીચે દબાવી દીધો.

સવારે ઉઠ્યા ત્યારે બધા ઘવાયેલા હતા.

કૃષ્ણ : મેં તો એનો સામનો જ ન કર્યો.

ગુસ્સાનો સામનો કરીએ તો વધતો જ જાય. ગુસ્સો કરનાર કેટલો કરશે ? કેટલી ગાળો આપશે ? આખરે થાકવાનો. આપણે ભીમ નહિ, કૃષ્ણ બનવાનું છે.

જ્ઞાનાદિ સંપત્તિને લૂંટનારા આ ક્રોધાદિ પિશાચો છે.

ગુણ-સંપાદન, દોષ-નિગ્રહ, આ બે કરો. દોષ-ક્ષય તો આ ભવમાં નહિ કરી શકીએ. દોષ-નિગ્રહ કે દોષ-જય કરી શકીએ તોય ઘણું. અહીંનો અભ્યાસ ભવાંતરમાં કામ લાગશે.

જેના સંસ્કાર પાડીશું તેનો અનુબંધ ચાલશે. જેને ટેકો આપશું તેનો અનુબંધ ચાલશે. કોનો અનુબંધ ચલાવવો છે ? દોષોનો અનુબંધ એટલે સંસાર. ગુણોનો અનુબંધ એટલે મોક્ષ. નક્કી તમારે કરવાનું છે. અહીં કોઈ બલાત્કાર નથી.થઈ શકે પણ નહિ. ભગવાન પણ બલાત્કારે કોઈને મોક્ષમાં લઈ જઈ શકે નહિ. જમાલિ આદિને ક્યાં લઈ જઈ શક્યા ?

સમ્યક્ત્વ ભલે ન દેખાય, પણ એના શમાદિ લિંગો જરૂર દેખાય. જુઓ, શમ વગેરે ચિહ્નો છે કે ગુસ્સો વગેરે છે ? ગુસ્સો, મોક્ષ દ્વેષ, સંસાર રાગ (નામ-કીર્તિ-સ્વર્ગાદિની ઇચ્છા) નિર્દયતા, અશ્રદ્ધા, આ બધા સમ્યકત્વથી બરાબર વિપરીત લક્ષણો છે.

સમ્યક્ત્વના લક્ષણો :	**મિથ્યાત્વના લક્ષણો :**
શમ	ક્રોધ
સંવેગ	મોક્ષદ્વેષ - વિભાવદશા પર પ્રેમ.
નિર્વેદ	સંસાર રાગ - સ્વભાવ પર દ્વેષ.
અનુકંપા	નિર્દયતા
શ્રદ્ધા	શંકા

સારો કાળ હોય, સતત જ્ઞાનાદિનો અભ્યાસ - સંસ્કાર હોય તો તે જ જન્મમાં મુક્તિ શિષ્યો મેળવી જાય. એનો લાભ

ગુરુને મળે.

આવા સદ્‌ગુરુ શાસનના શણગાર છે. શિષ્યોમાં જિનશાસનનો પ્રેમ ઉભો કરીને તેઓ બહુ મોટું કાર્ય કરે છે.

વરઘોડા વગેરે આ જ કામ કરે છે - શાસન પર અનુરાગ પેદા કરાવવાનું. ગુણાનુરાગી મધ્યસ્થ જીવોને આવો અનુરાગ પેદા થાય.

'આ શાસન ભવ્ય છે, સુંદર છે.' જોનારના મનમાં આવા વિચારો આવ્યા એટલે ધર્મનું (સમ્યક્ત્વનું - મોક્ષનું) બીજ એમનામાં પડી ગયું, માનજો.

કેટલાકને એકવારના દર્શન - મિલન - શ્રવણથી હંમેશ માટે આવવાનું મન થાય.

સં. ૨૦૨૬માં નવસારી - મધુમતી ચાતુર્માસ હતું. પૂ. દેવેન્દ્રસૂરિજીની નિશ્રા હતી. એક સેલટેક્ષ ઓફીસરે રોજ ચાલતા યોગદૃષ્ટિ સમુચ્ચયના વ્યાખ્યાન સાંભળ્યા. ગમ્યા. પછી તો એ રોજ અચૂક આવે જ. ૯ થી ૧૦॥ વ્યાખ્યાન સાંભળવા માટે જ ખાસ ટિફીન ઓફિસમાં મંગાવતો. ગીતા વગેરેની જ જાણે અહીં વાત સાંભળવા મળે છે - એમ એને લાગ્યું.

ચાતુર્માસ પરિવર્તન એને ત્યાં કર્યું. દીકરાઓને બહારથી બોલાવ્યા.

જંબૂસરના **K. D.** પરમાર પણ આ જ રીતે પામેલા છે. પં.પૂ. મુક્તિવિ. મ.ના સમાગમથી ધર્મ પામેલા છે. તેઓ બહુ જ ગુણાનુરાગી છે.

એક વખત પૂ. મુક્તિવિ. એ એમને ૨૦૫૫માં મારી પાસે પોતે લઈ આવેલા. તેમનામાં ભક્તિયોગ હતો જ. સ્તવનાદિ ગમ્યા. આજે તો દૃઢશ્રદ્ધાળુ છે. જૈનધર્મી પણ ન બોલી શકે તેવું સરસ બોલી શકે છે.

અમે જ્યારે જંબૂસરમાં ગયેલા તે વખતે તેમણે પોતે જ બધો લાભ લીધેલો.

ઉત્તમ શિષ્યોના શિષ્યો પણ પ્રાયઃ ઉત્તમ પાકે. એ પરંપરા ચલાવવામાં ગુરુ નિમિત્ત બને છે.

✧ ✧ ✧ ✧ ✧



पृथ्वी के दर्शनार्थ लोगों की भीड़, सुरेन्द्रनगर, वि.सं. २०५६

અષાઢ સુદ દ્વિતીય ૧૦
૨૩-૦૭-૧૯૯૯, શુક્રવાર

અત્યારે પણ જેણે મોક્ષમાં જવું હોય તેણે પ્રભુના માર્ગરૂપ તીર્થનો આશ્રય લેવો જ પડે.

આજે પણ મોક્ષની આરાધના કરી શકતા હોઈએ તો તે ભગવાનનો પ્રભાવ છે.

તીર્થંકર ભગવાન તીર્થની સ્થાપના કરે, પણ તેનું સંચાલન ગણધર - સ્થવિરાદિ કરે, જે આજે પણ એમની ગેરહાજરીમાં આ પદ્ધતિના કારણે જૈનશાસન ચાલી રહ્યું છે.

◆ ગુરુ કેવા હોય ? જે અન્યદર્શનીઓને પણ આકર્ષી શકે. જેમના દર્શન માત્રથી બીજા જીવો ધર્મ પામી જાય.

साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधवः ।
तीर्थं फलति कालेन, सद्यः साधु - समागमः ॥

એનું એ જીવતું ઉદાહરણ હોય.

૭-૮ વર્ષ દક્ષિણમાં **M.P.** વગેરેમાં રહ્યા. સંતો પ્રત્યેનો લોકોનો અપાર બહુમાન જોયો. 'પેરિયાર સ્વામી' કહેતાં એ લોકો સાષ્ટાંગ દંડવત્ કરી લે, સૂઈ જાય. મોટરમાંથી ઉતરી

પડે, વંદન કરે, મોટરમાં બેસવાનો આગ્રહ કરે. વાહનમાં નહિ બેસવાની પ્રતિજ્ઞા સાંભળી આશ્ચર્ય વ્યક્ત કરે. માંસભક્ષી, મદિરાપાયી હોવા છતાં સદ્‌ગુરુ પ્રત્યે અપાર બહુમાન ! હૃદયના સરળ ! સમજાવીએ એટલે તરત જ માંસાદિ છોડવા તૈયાર થઈ જાય.

જે પ્રકારનું વિજ્ઞાન શિષ્યાદિ ગુરુ પાસેથી ગ્રહણ કરે તેનાથી તેમનો મોક્ષમાર્ગ ખુલ્લો થાય. પ્રયાણમાં આગળ વધે. જેઓ આવા હોય, તેમણે પોતાનું ગુરુપદ સફળ બનાવ્યું છે.

લઘુ = હલકું, ગુરુ = મહાન.

ઉત્તમ જીવન જીવીને, ગુરુ, 'ગુરુ' શબ્દને સાર્થક બનાવે છે.

ગુરુના બધા ગુણોમાં 'અનુવર્તક' ગુણને ખૂબ જ મહત્તા આપી છે, જેથી શિષ્યો ખૂબ જ સારા તૈયાર થાય.

પ્રેરણા - ઇચ્છા - પ્રયત્ન વગેરે ખૂબ જ હોવા છતાં શિષ્યો તૈયાર ન થાય તો ગુરુ દોષના ભાગી થતા નથી. ગુરુએ તે માટે સંપૂર્ણ પરિશ્રમ કરેલો છે.

ભગવાનના સમયમાં જમાલિ સ્વયં ભગવાનનું નથી માન્યા. ભગવાન શું કરી શકે ? ગુરુ શું કરી શકે ? પ્રેરણા - ઉપદેશ વગેરે હિતશિક્ષા આપે, પણ પેલાએ ન માનવાનું જ નક્કી કર્યું હોય તો ? તો હવે ગુરુ પર કોઈ જ દોષ નથી. આખરે ગુરુની પણ મર્યાદા હોય છે.

પ્રશ્ન : અપરાધ શિષ્યનો, ગુરુને શાનું પાપ ? કરે તે ભોગવે.

ઉત્તર : આજ્ઞા-ભંગ થવાથી દોષ લાગે, શિષ્યના પાપ ગુરુને આવી જાય એમ નહિ, પણ ભગવાનની આજ્ઞાનો લોપ થયો તેનો દોષ લાગે.

જે આજ્ઞા પાળી શકે તેવો ન હોય તેને પહેલાથી ગુરુએ દીક્ષા માટે ના પાડી દેવી જોઈએ : હું તમને સંભાળી શકું તેમ નથી. ના પાડવા માટે બહુ જ સત્ત્વ જોઈએ.

ગુરુની જઘન્ય યોગ્યતા :

સૂત્રાર્થ - વિજ્ઞ, સાધ્વાચારના પાલક, શીલવાન,

ક્રિયાકલાપમાં કુશળ, અનુવર્તક, શિષ્યનું ધ્યાન રાખનાર - પ્રતિજાગરૂક, આપત્તિના સમયે પણ અવિષાદી.

આટલા ગુણો તો ગુરુમાં હોવા જ જોઈએ.

હવે દીક્ષાર્થીના ૧૬ ગુણો

(૧) આર્યદેશ સમુત્પન્ન : આર્યભૂમિ (ભારતભૂમિ)માં ઉત્પન્ન થયેલો હોય. એટલે કે બીજ આર્યભૂમિનું હોય.

(૨) શુદ્ધજાતિકુલાન્વિત : માતાની જાતિ, પિતાનું કુળ - બંને ઉત્તમ જોઈએ. માણસો ઘણા છે, પણ બધા કાંઈ ઉત્તમ નથી હોતા. નીચ કુળના, અનાર્ય દેશના માણસોમાં સહજ રીતે જ યોગ્યતા ઓછી હોય છે.

(૩) વિમલબુદ્ધિઃ રત્નની કિંમત બુદ્ધિહીન ન કરી શકે. નિર્મળ બુદ્ધિવાળાની વિચારધારા નિર્મળ હોય. તેની વિચારધારાથી જ નિર્મળતાનો ખ્યાલ આવે. (દીક્ષાર્થીના ૧૬ ગુણો જુઓ અષાઢ સુદ ૭)

નિર્મળ બુદ્ધિવાળો જ માનવ - જન્મ દુર્લભતા વગેરેની વિચારણા કરે. માનવ જન્મની દુર્લભતા બીજી ગતિઓને જોવાથી જ સમજાય દેવગતિ, પુણ્ય અને નરકગતિ પાપ ભોગવવા માટે છે. દેવગતિમાં પણ દુર્ગતિ હોય છે. ઈર્ષ્યા - વિષાદ - અતૃપ્તિ હોય છે. તિર્યંચગતિ તો નજર સમક્ષ દુઃખપૂર્ણ છે. હવે ધર્મની યોગ્યતા એકમાત્ર માણસ પાસે રહી.

આથી જ મોહ, માણસને ફસાવવા કંચન કામિની આદિની જાળ બિછાવે છે. પતંગીયાને દીવામાં સોનું દેખાય છે, માણસને પીળી માટીમાં સોનું દેખાય છે. સોનું માટી જ છે. તત્ત્વદ્રષ્ટાઓ માટે બંને એક જ છે.

તમારું જીવન સંપૂર્ણ રીતે ધન કેન્દ્રિત છે. ધનની આસપાસ તમે ઘૂમો છો. અહીં આવો ખરા, પણ મન તો ધનમાં જ હોય. ઘણા તો અહીં આવીને કહી જાય : મહારાજ ! મહારાજ ! મારા આ પાકિટનું ધ્યાન રાખજો.

સાધુ તમારી પાકિટનું ધ્યાન ન રાખે. કદાચ ઉપડી જાય તો નામ સાધુનું આવે. **(મદ્રાસમાં એવા ઠગ ક્યારેક આવી જતા કે વંદન કરતાં કોઈ પાકિટ નીચે મૂકે ને તરત જ ઠગ**

એ ઉપાડીને હાલતો થાય. પેલાને ખબર જ ન પડે.)

વૈરાગ્ય માટે સંસારની નિર્ગુણતા જાણવી પડે. તે માટે આમ વિચારવું : સંયોગનો વિયોગ થવાનો જ છે. મૃત્યુ સામે જ ઉભું છે. વિષયો દુઃખદાયી છે. જો હું જીવનનો સદુપયોગ નહિ કરું તો ભયંકર પરિણામો ભોગવવા પડશે. આવી વિચારધારાથી જેણે સંસારની નિર્ગુણતા જાણી છે, તે દીક્ષા માટે યોગ્ય બને છે.

સંસાર તમને સારભૂત લાગે છે. જ્ઞાનીઓને અસાર લાગે છે.

સંસાર તમને ગુણપૂર્ણ લાગે છે. જ્ઞાનીઓને નિર્ગુણ લાગે છે.

જીવની પાંચ શક્તિઓ :

(૧) અમરતા, (૨) વાણીની અમોઘતા - વાણી જ્ઞાનની દ્યોતક છે. એટલે કે અમોઘ જ્ઞાન, (૩) આત્માનું જ્ઞાનાદિ ઐશ્વર્ય, (૪) અજન્મા સ્વભાવ, (૫) અક્ષયસ્થિતિ. તેને પાંચ અવ્રત હણે છે.

બીજાને મારવાથી 'અમરતા'ને હણીએ છીએ.

અસત્ય બોલવાથી 'અમોઘ વાણી' (અમોઘ જ્ઞાન) હણીએ છીએ.

ચોરી કરીને 'અનંત ઋદ્ધિ' હણીએ છીએ.

અબ્રહ્મથી 'અજન્મા' સ્વભાવને હણીએ છીએ; બીજાને જન્મ આપવાથી. પરિગ્રહથી અક્ષય સ્થિતિ ગુણ હણીએ છીએ.

ક્રોધાદિ, કામાદિ, હાસ્યાદિથી દીક્ષાર્થી પર હોય. એ કૃતજ્ઞ હોય, કરેલું ન ભૂલે, બીજાનું ઋણ સ્વીકારે તે જ પરોપકારમાં પ્રવૃત્ત થઈ શકે. બીજાના નાણા લો તો ઉપકાર સ્વીકારો કે નહિ ? કે લઈને બેસી જાવ ? ઉપકાર ન માનો તો 'નગુણા' કહેવાઓ.

નાણા ધીરનારનો ઉપકાર માનો તો જ્ઞાન આપનાર ગુરુનો ઉપકાર નહિ માનવાનો ?

નિગોદમાંથી કોઈ સિદ્ધે આપણને બહાર કાઢ્યા છે. હવે જ્યાં સુધી આપણે મોક્ષમાં જઈને બીજા જીવને નિગોદમાંથી

બહાર ન કાઢીએ ત્યાં સુધી એ ઋણ નહિ ઉતરે. કેટલું મોટું ઋણ છે આપણી ઉપર ?

અરિહંતનું કામ છે : સંસારી જીવોને મોક્ષે મોકલવાનું.

અરિહંતનું કામ છે : શાશ્વત સુખના ભોક્તા બનાવવાનું.

મોહનું કામ છે : શાશ્વત સુખના ભોક્તા નહિ જ બનવા દેવાનું.

મોહનું કામ અનાદિથી છે, તેમ ધર્મનું પણ અનાદિથી છે. મોહને આધીન રહે તે સંસારમાં રહે, ધર્મને આધીન રહે તે મોક્ષ તરફ પ્રયાણ કરે. આથી જ તથાભવ્યતાના પરિપાક માટે પ્રથમ ઉપાય ચારની શરણાગતિ છે.

એક વાર પણ જો અનન્ય શરણાગતિ સ્વીકારી તો અર્ધપુદ્ગલ પરાવર્ત્ત કાળમાં તો તમારો મોક્ષ નક્કી જ.

ભવ્યતા સમાન હોવા છતાં બધાની તથાભવ્યતા જુદી જુદી છે.

પાંચ કારણોમાં સૌથી મુખ્ય પુરુષાર્થ છે. તો એ પુરુષાર્થ શરણાગતિ માટે કેળવવાનો છે. ભગવાન જ મોક્ષના ઉપાય, મોક્ષના દાતા, મોક્ષનું પુષ્ટ કારણ છે, એમ માનીને તેઓની શરણાગતિ સ્વીકારવી.

ન સ્વતઃ ન પરતઃ માત્ર પરમાત્માની કૃપાથી જ મોક્ષ શક્ય બને. ગુરુની શરણાગતિ પણ અંતતોગત્વા ભગવાનની જ શરણાગતિ છે.

ભગવાનને કહી દો :

यावन्नाप्नोमि पदवीं, परां त्वदनुभावजाम् ।
तावन्मयि शरण्यत्वं, मा मुञ्च शरणं श्रिते ॥

'તું લાયક નથી મારા શરણ માટે.' - એમ ભગવાન કદી નહિ કહે. કૃતજ્ઞતા ગુણથી જ આવી શરણાગતિ આવી શકે. કર્મનું જોર ઘણું હોય, આપણું જોર ન ચાલે ત્યારે ભગવાનનું શરણ લેવું. એમનું બળ એ જ આપણા માટે તરણોપાય છે. જે ક્ષણે તમે ભગવાનને સ્મરો છો, તે જ ક્ષણે ભગવાન તમારામાં પધારે છે. અનેક જીવો યાદ કરે છે તો ભગવાનની શક્તિ ઘટશે, ભગવાન કેટલાને તારશે ? એવું

નહિ માનતા.

ભગવાનનું શરણું સ્વીકાર્યું એટલે આપણી ચેતના ભગવન્મયી બની. ભગવાનની શક્તિ આપણામાં ઉતરી. વ્યાકરણમાં '**माणवकोऽग्निः**' કહ્યું છે. અગ્નિનું ધ્યાન ધરનારો માણવક. એટલે કે માણવક સ્વયં અગ્નિ છે. અર્થાત્ માણવક અત્યારે અગ્નિના ધ્યાનમાં છે. તેમ ભગવાનનું ધ્યાન ધરનારો ખુદ ભગવાન છે.

ઉપયોગથી આપણો આત્મા અભિન્ન છે.

ઉપયોગ ભગવાન સાથે જોડાયો એટલે પત્યું. એ ઉપયોગ જ તમારું રક્ષણ કરે. છતાં કૃતજ્ઞ કદી એમ ન માને મારા ઉપયોગે મારી રક્ષા કરી. ભગવાનને જ એ રક્ષક માને.

લાઈટનું બિલ આવે. સૂર્ય, ચંદ્ર, મેઘ વગેરેએ કદી બિલ માંગ્યું ? આ ઉપકારી તત્ત્વોથી જ જગત ટકેલું છે.

કૃતજ્ઞ અને પરોપકારી સૂર્ય - ચન્દ્ર જેવા છે. ઉપકાર કરે છતાં માને નહિ. ઋણ-મુક્તિ માટે જ પ્રયત્ન કરે. ભગવાન તો કૃતકૃત્ય છે. ઉપકારની જરૂર નથી, માટે એ જગતના જીવો પર નિઃસ્વાર્થ ભાવે ઉપકાર કર્યા કરે.

'તમે તમારા જેવા બીજાને બનાવો.' એવી જવાબદારી દરેક સાધુ-સાધ્વીજીની છે. તમે ચાલ્યા જશો અચાનક, તો અહીં કોણ સંભાળશે ?

દીક્ષાર્થીનો બીજો મહત્ત્વપૂર્ણ ગુણ 'વિનય' છે. વિનયથી આજ્ઞા-પાલન આવે છે. 'જે કહેશો તે કરીશ, જે કહેશો તે માનીશ.' આજ્ઞાંકિતનો આવો મુદ્રાલેખ હોય છે.

કામ મળતાં વિનીતને આનંદ થાય, કામ કરીને ટેક્ષ નથી ચૂકાવવાનું, આપણું કર્તવ્ય છે. જ્ઞાનથી મળે, તેના કરતાં સેવાથી ઘણું મળશે. ભણેલું ભૂલી જવાય, પણ સેવા અમર બેન્કમાં જમા થાય છે. માટે જ સેવાને અપ્રતિપાતી ગુણ કહ્યો છે.

દીક્ષાર્થીમાં બાકીના ગુણો ઓછાવત્તા ચાલશે, પણ કૃતજ્ઞતા, વિનયમાં કોઈ બાંધછોડ નહિ.



પાલક કે સાથ પૂજ્યશ્રી, સુરેન્દ્રનગર, દિ. ૨૬-૩-૨૦૦૦

અષાઢ સુદ ૧૧
૨૪-૦૭-૧૯૯૯, શનિવાર

◆ ભગવાને ધર્મ બે પ્રકારે બતાવ્યો છે : શ્રાવક અને સાધુ ધર્મ. જો તેને મુક્તિનું કારણ બનાવવું હોય, ગુણ-વૃદ્ધિ, દોષ-હાનિ કરવી હોય તો તેનું વિધિપૂર્વક પાલન થવું જોઈએ. કર્મ-ક્ષય એટલે દોષ ક્ષય અને ગુણ-પ્રાપ્તિ. બંને પ્રકારના ધર્મો કર્મક્ષય માટે છે.

માટીમાંથી ઘડો બને તેમ યોગ્ય જીવમાં ઉપાદાનરૂપે રહેલા ગુણો પ્રગટ થાય. પહેલા ક્ષાયોપશમિક ભાવના, પછી ક્ષાયિક ગુણો મળે. સીધા જ ક્ષાયિક નહિ. કર્મના આવરણ ટળે તેમ ગુણો મળે, દોષો ટળે.

ગાઢ મિથ્યાત્વી જીવો આત્માનું અસ્તિત્વ પણ સ્વીકારવા તૈયાર નથી થતા. ૯ પૂર્વી પણ મિથ્યાત્વી હોઈ શકે. 'હું આત્મા છું.' એવી અનુભૂતિ તેને (અભવ્યને) ન થાય, માત્ર આત્માની જાણકારી તેને મળી શકે. આત્મતત્ત્વની પ્રતીતિ - શ્રદ્ધા અનુભૂતિ સર્વ પર પડદો પાડનાર મોહનીય છે.

અંધારું મૂંઝવણ પેદા કરનારું હોય છે. ચોર કે શાહુકાર અંધારામાં જણાતા નથી. અવિદ્યા - અજ્ઞાનનું અંધારું પેદા

કરનાર મોહનીય છે.

◆ 'ઉત્તમ ગુરુ જેવા જ ઉત્તમ શિષ્ય તૈયાર થાય.' એના માટે અહીં બધી વાતો કહી છે.

આ બધા ગુણો જાતમાં ઉતારવાના છે. સાંભળીને બેસી રહેવાનું નથી.

ગુરુના ગુણોમાં દીક્ષાર્થીના ૧૬ ગુણો આવી ગયા. કારણ કે એ રીતે વિધિપૂર્વક દીક્ષા લીધી હોય તે જ સદ્‌ગુરુ બની શકે.

દીક્ષાર્થીમાં પૂરેપૂરા ૧૬ ગુણોની અપેક્ષા રાખો તો કદાચ આ કાળમાં એક પણ શિષ્ય ન મળે. ન મળે તો શું થયું ? આપણો મોક્ષ અટકશે નહિ. 'મન મિલા તો ચેલા, નહિ તો ભલા અકેલા.'

૨-૪ ગુણો ન હોય, પણ સમર્પિત હોય તો ચલાવી શકાય. ગંભીર દોષો ન હોવા જોઈએ.

માનવ, આર્યદેશ, જાતિ, કુળ માત્રથી જ ન ચાલે. વિનય, સમર્પણશીલતા વગેરે ગુણ ખાસ જોવા જોઈએ.

ગુણવાન હોય તો જ એ ગુણપ્રકર્ષ સાધી શકશે. બીજરૂપે ન હોય તો અંકુર-વૃક્ષ શી રીતે થશે ?

વિનય સાથે દીક્ષાર્થી ભવવિરક્ત છે કે નહિ ? તે ખાસ જોવું. સંસાર એટલે વિષય-કષાય. તેનાથી જે નફરત કરતો હોય તે ભવવિરક્ત કહેવાય. વિષય-કષાયને સંસારનું મૂળ માને. તેને ટાળવા દીક્ષા લેવા ઇચ્છે તે યોગ્ય ગણાય. વૈરાગ્યથી આ ગુણો જણાય.

મોહનું વૃક્ષ ભયંકર છે. અનાદિભવ - વાસનારૂપી વૃક્ષનું મૂળ વિષય-કષાય છે. એનું ઉન્મૂલન દુષ્કર છે. આસક્તિ - ઇચ્છા - સ્પૃહાનું ઉન્મૂલન સહેલું નથી. અપ્રમત્ત જીવનથી જ એ શક્ય બને. દીક્ષા લેવી એટલે પાંચ મહાવ્રતો અપ્રમત્તપણે પાળવા.

પાંચ અવ્રતો ચાર કષાયોનું ફળ છે અથવા અવ્રતોથી કષાયો વધે છે, એમ પણ કહી શકાય.

પ્રથમ વ્રત : અહિંસા :

એક મુસ્લીમ વૈદ્ય હમણા આવ્યો. તે કહે : સંસ્કૃતમાં 'કુ' એટલે પૃથ્વી. 'રાન' એટલે ઘોષણા. પૃથ્વી પરની ઘોષણારૂપ આ કુરાનમાં ક્યાંય હિંસાની વાત જ નથી. કેટલાક મુસ્લીમ

એવા હોય છે જે હિંસા નથી કરતા, માંસાહાર નથી કરતા.

જામનગરમાં એક વૃદ્ધ માસ્તર આવતા. એના કપડા પર માંકડ દેખાયો. એણે કાઢ્યો નહિ. તેણે કહ્યું : એને સ્થાનભ્રષ્ટ કેમ કરાય ? 'ઠાણાઓ ઠાણં સંકામિયા'નો દોષ ન લાગે ?

એણે કહ્યું : 'એક મુસ્લીમે, પત્ની રૂ કાંતતી'તી માટે નાની છોકરીને ઘઉં લેવા માટે મોકલી. સડેલા જીવાતવાળા ઘઉં વેપારીએ પધરાવી દીધા. ઘેર આવીને ખોલતાં જીવડા દેખાયા. મુસ્લીમે કહ્યું : 'જલ્દી ઘઉં પાછા આપી આવ, પૈસા પાછા ન મળે તો કાંઈ નહિ, એ જ જગ્યાએ જીવડા તો પહોંચી જ જવા જોઈએ.' પેલી છોકરી ઘઉં પાછા આપી ગઈ.

મુસ્લીમ પણ આટલી અહિંસા પાળે તો અમે તો હિન્દુ છીએ.' એમ પેલા વૃદ્ધ માસ્તરે અમને જામનગરમાં કહેલું.

અભિહયા - વત્તિયા આદિ ૧૦ રીતે જીવોની વિરાધના ટળવી જોઈએ. અભિહયા એટલે અભિઘાત - ટક્કર - લાગવી. ઉપાધ્યાયશ્રી પ્રીતિવિ. ને ટક્કર વાગી અને ઉપડી ગયા. આપણે નાના જીવો માટે લોરીથી પણ ખતરનાક છીએ. ન જાણે આપણી ટક્કરથી કેટલાય જીવો મરતા હશે !

હિંસાનું મૂળ ક્રોધ છે. ક્રોધી માણસ અહિંસક ન બની શકે.

ક્રોધને ઉપમિતિકારે વૈશ્વાનર - અગ્નિ કહ્યો છે. હિંસાને ક્રોધની બહેન કહી છે. 'હિંસા ભગિની અતિબૂરી રે, વૈશ્વાનરની જોય રે.'

તેને જીતવા ક્ષમા, મૈત્રી જોઈએ.

◆ ૧લા વ્રત માટે ઈર્યાસમિતિ, નીચું જોઈને ચાલતાં અહિંસા - પાલનમાં સહાયતા મળે.

૨જા વ્રત માટે ભાષા સમિતિ. ઉપયોગપૂર્વક બોલતાં અસત્ય વિરમણ વ્રત બરાબર પાળી શકાય.

૩જા વ્રત માટે એષણા સમિતિ. નિર્દોષ ગોચરીથી સાધુ અચૌર્યવ્રત બરાબર પાળી શકે.

૪થા વ્રત માટે આદાન - ભંડમત્ત નિક્ષેપણા સમિતિ. વસ્તુ લેતાં-મૂકતાં સતત નજર નીચી રહે તો સ્ત્રી સંબંધી ઘણા દોષોથી બચી શકાય.

પાંચમા વ્રત માટે પારિષ્ઠાપનિકા. પરઠવતાં મૂર્ચ્છા ટાળવાના સંસ્કારો પડે. આમ પાંચ સમિતિ પાંચ વ્રતો પાળવામાં સહાયક છે.

◆ શમ, સંવેગાદિ ક્રમ પ્રધાનતાની અપેક્ષાએ છે. ઉત્પત્તિની અપેક્ષાએ આસ્તિક્યથી ઉત્ક્રમ સમજવાનો છે. પ્રથમ આસ્તિકતા, પછી અનુકંપાદિ એમ ઉલટું સમજવું.

૧લા વ્રતથી સમ્યક્ત્વ પ્રગટે. હિંસા સમ્યગ્ દર્શનનો નાશ કરે. ૧લા વ્રતથી દયા પ્રેક્ટીકલ બને છે. અહિંસા સમ્યક્ત્વીના હૃદયમાં હોય છે પણ વ્રતધરને અમલમાં આવી છે.

વિરતિ લીધા પછી જો જયણા વગેરેમાં કોઈ ઉપયોગ ન રાખીએ ૩-૪ દિવસે કાપ કાઢીએ, પાણી અનાપ-સનાપ ઢોળીએ તો ક્યાં રહ્યું ૧લું વ્રત ?

જયણા વિના જીવનો ઉદ્ધાર નથી. મહાનિશીથમાં આવે છે કે એક ઉગ્ર તપસ્વી નિગોદમાં ગયો. કારણ જયણાનું જ્ઞાન નહોતું.

જયણા-અજયણાનું ભાન જ ન હોય તે શું જયણા પાળવાનો ? પાપકર્મનો બંધ અજયણાથી નહિ અટકે.

૧૮ હજાર શીલાંગના પાલનથી અજયણા અટકે.

પેલા તપસ્વીને ગુરુએ અજયણા માટે ટકોર કરી, પ્રાયશ્ચિત્ત આપ્યું, પણ પેલો ન જ માન્યો. હા, એ ગુરુએ આપેલું પ્રાયશ્ચિત તપ દ્વારા પૂરું કરતો, પણ જયણા તો જીવનમાં નહિ જ.

આથી તે મરીને ૧લા દેવલોકમાં ગયો. ત્યાંથી વાસુદેવ બન્યો. ત્યાંથી નરકમાં ગયો. પછી હાથીના ભવમાં ને પછી અનંતકાળ માટે ઠેઠ નિગોદમાં ચાલ્યો ગયો.

વધુ ઉંચાઈએથી વધુ નીચે ગબડે. રસ્તામાં ચાલનારો પડે ને ઉપરની બિલ્ડીંગથી કોઈ પડે, તો ફરક પડે ને ?

તમારા કરતાં મને ૧૦ ગણું વધુ પ્રાયશ્ચિત્ત આવે; જો હું ભૂલ કરું !

૨જું વ્રત : જૂઠું બોલવામાં અભિમાન મુખ્ય કારણ છે. આ બાજુ બીજો કષાય અભિમાન છે.

જૂઠું બોલીને પણ માણસ પોતાના ખભાને ટટ્ટાર રાખશે. એને ઉપમિતિમાં 'શૈલરાજ' કહ્યો છે. પર્વત જેવો અક્કડ !

અભિમાન આવ્યું એટલે વિનય ગયો. વિનય ગયો એટલે જ્ઞાન ગયું. અભિમાન, જ્ઞાનમાં ભોગળ છે. દા.ત. સ્થૂલભદ્ર. ઘણા જ્ઞાનને ઘટાડવાનો ઉપાય છે, અભિમાન. અભિમાન કરો એટલે તમારું જ્ઞાન ઘટી જાય. જરાક પ્રભાવ બતાવવા ગયા સ્થૂલભદ્ર તો નવો પાઠ બંધ થઈ ગયો.

૨જું વ્રત નમ્રતા દ્વારા જ્ઞાનની સમૃદ્ધિ આપે.

૩જું વ્રત : નીતિમત્તા આપે. નીતિ ગઇ તો આચરણ શું રહ્યું ? ન્યાયપૂર્વકનું વર્તન વિશ્વસનીય બને છે.

ચોરીમાં સહયોગી માયા છે. ૩જો કષાય પણ માયા છે. વેપારી ભેળ-સંભેળ માયા વિના કરે છે ? કિંમત સાચા માલની લો, અને માલ નકલી પધરાવો, આમાં ચોરી અને માયા બંને ખરા કે નહિ ?

સરકાર ૪૨૦મી કલમનો, છેતરપીંડીનો કાયદો લગાવે ને ?

૪-થું વ્રત અનાસક્તિ આપે છે. કંચન-કામિનીનો પણ લોભ હોય છે. અસલમાં ચાર જ મહાવ્રત છે. ૨૨ ભગવાનના કાળમાં અને મહાવિદેહમાં હંમેશ માટે ચાર મહાવ્રતો જ છે. આ તો આપણે વક્ર-જડ છીએ માટે ૪થું વ્રત અલગ લેવું પડ્યું છે.

જે વીર્ય આપણને અજન્મા બનાવવામાં સહાયક બને, ઉત્સાહ વધારે, તે દ્વારા આપણે આપણા જન્મ વધારીએ છીએ. કોઈને જન્મ આપવો એટલે પોતાના જન્મ વધારવા.

'વિરતિને પ્રણામ કરીને ઇન્દ્ર સભામાં બેસે મેરે પ્યારે ! એ વ્રત જગમાં દીવો.' બ્રહ્મચર્યનો મહિમા એમ વીરવિ. ગાય છે.

બ્રહ્મચર્યનું રક્ષણ નવ વાડથી કરવાનું.

બ્રહ્મ એટલે આત્મા. તેમાં ચરવું તે બ્રહ્મચર્ય.

૪થું વ્રત આપણને આત્મામાં લીન બનાવે. જે તેનો ભંગ કરે તે આત્મામાં રમણ ન કરી શકે.

૫મું વ્રત અપરિગ્રહ, વિપક્ષમાં લોભ.

એકેન્દ્રિય જીવ પણ પરિગ્રહ સંજ્ઞાથી પોતાના મૂળીયા નિધાન પર ગોઠવે. આસક્તિવાળા જીવો એકેન્દ્રિય બનીને આમ કરે.

આપણા માટે (સાધુ માટે) પરિગ્રહ ત્યાગ. ગૃહસ્થો માટે પરિગ્રહ પરિમાણ.

ખોખા ભરીને રાખીએ એ ઉપકરણ નહિ, અધિકરણ કહેવાય. જ્યારે જોઈએ ત્યારે મળે છે. શા માટે ખોખા ભરવા ? ઉપડે એટલી જ ઉપધિ રાખવી. વધુની જરૂર શી છે ?

આપણને જોઈને નવા પણ શીખશે, એ ભૂલતા નહિ.

ભચાઉમાં પૂ. કનકસૂરિજી મ. સાથે અમે હતા. ગચ્છાધિપતિ પાસે સ્ટોક રાખવો પડે; ઉપગ્રહ - ઉપકાર કરવા માટે.

અમૃતભાઈના પિતા ગોરધનભાઈએ કહ્યું : તમારે આટલો પરિગ્રહ ? 'આ તો આચાર્ય ભગવંતના છે.' અમે કહ્યું પછી સમજ્યા. આચાર્ય મ.ને જરૂર પડે, પણ બીજા બધાને શી જરૂર ?

'પોટકાં આવ્યા કે નહિ ? ખોવાઈ તો નથી ગયા ને ?' પછી મન આવા જ વિચારોમાં રહે.

'પરિ' એટલે ચારે બાજુથી, 'ગ્રહ' એટલે લેવું તે પરિગ્રહ. 'બાવો બેઠો જપે. જે આવે તે ખપે.' ખોખામાં ધ્યાન ન રાખીએ તો કેટલા જંતુઓ પડે ? ખોખા વધે એટલે કબાટ જોઈએ. કબાટ ઓછા પડે એટલે ફ્લેટ જોઈએ. ક્યાં સુધી પહોંચ્યા ! આપણે ?

છતાં કહેવાઈએ અપરિગ્રહી ! બોક્ષથી મોક્ષ મળશે, એવું તો નથી માની લીધું ને ?

શિષ્યાદિ પર રાગ પણ પરિગ્રહ છે. મૂર્ચ્છા એ જ પરિગ્રહ છે. પાછલા દરવાજે પરિગ્રહ આવી ન જાય, તેનો ખ્યાલ રાખવાનો છે.

૧૦૮ માળની બિલ્ડીંગ, એકેક માળમાં ૧૦૦ ઓરડા. બધા પૂર્ણરૂપે હીરા-મોતીથી ભરેલા છે. બધો થઈને કેટલો માલ ?

આપણા આત્માના અસંખ્ય પ્રદેશ છે. એકેક પ્રદેશમાં અનંત ગુણો છે. કેટલા ગુણો થશે ?

આ ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો તો ?

ભણવાનો - ગુણોનો લોભ સારો છે, તપનો, સ્વાધ્યાયનો, સેવાનો લોભ સારો છે, પણ વસ્તુઓ ભેગી કરવાનો લોભ ખતરનાક છે. એનાથી બચવા જેવું છે.

✧ ✧ ✧ ✧ ✧



ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ સુદ ૧૨
૨૫-૦૭-૧૯૯૯, રવિવાર

બે પ્રકારના ધર્મમાંથી સાધુધર્મ જલ્દી મોક્ષપ્રદ છે.

પ્રવ્રજ્યા : પ્રકૃષ્ટ વ્રજન-ગમન. જે જલ્દી મોક્ષમાં લઈ જાય તે પ્રવ્રજ્યા.

દીક્ષા - ચારિત્ર મોક્ષનું પ્રકૃષ્ટ સાધન હોવાથી, તેનો સ્વીકારનાર મોક્ષમાર્ગનો પ્રવાસી કહેવાય. શ્રાવક-ધર્મને પ્રવ્રજ્યા ન કહેવાય, પ્રવ્રજ્યાની તૈયારી કહેવાય. પહેલા સાધુધર્મની પરિભાવના પછી પરિપાલના. દેશવિરતિ ધર્મ, સર્વવિરતિ માટે પાળવાનો છે. દેશ-વિરતિધર જો યુવરાજ છે તો સર્વવિરતિધર મહારાજા છે. આજનો શ્રાવક આવતીકાલનો મહારાજા છે.

માટે તો શ્રાવક માટે સાધુની સામાચારી સાંભળવાનું વિધાન છે - સાધુ-સાધ્વીના તમામ આચારને શ્રાવક-શ્રાવિકા પણ જાણે. જાણવામાં ફરક નહિ. પાલનમાં ફરક. આથી જ સમજુ શ્રાવિકા કદી રાંધતી વખતે સાધુ માટે રસોઈ ન બનાવે.

◆ આ વિષમકાળમાં ૧૬ ગુણોવાળો દીક્ષાર્થી

દુર્લભતમ છે. બીજા ગુણોને ગૌણ કરી તેમાં વૈરાગ્ય - વિનયાદિભાવ - ગુણોને પ્રધાનતા આપી દીક્ષા આપી શકાય.

મોહવૃક્ષના ઊંડા મૂળીયા વિષય-કષાય પર ટકેલા છે. માટે જ વિષય-કષાય પરનો વૈરાગ્ય સૌ પ્રથમ જોઈએ. અહીં આવીને વિષય-કષાયના તોફાનો થાય તો શાસનની ભયંકર અપભ્રાજના થાય. આજ-કાલ તો છાપાનો જમાનો ! પહેલા પણ આવા બનાવો બનતા, પણ છાપે નહોતા ચડતા. ઘરમાં નથી બનતા ? આજે છાપે ચડવાથી ભયંકર અપભ્રાજનાના પ્રસંગો બન્યા છે.

મોહના ડાળી-પાંખડા કાપશો તો કાંઇ નહિ વળે, મૂળ પર ઘા થવો જોઈએ. નરકના જીવો શાલ્મલી વૃક્ષ નીચે વિશ્રામ કરવા જાય ને ઉપરથી તલવાર જેવા પાંદડા પડે; કપાઈ મરે, વિશ્રામ તો ન મળે પણ... મોહ તો પેલા શાલ્મલી વૃક્ષથી પણ ખતરનાકછે.

તીવ્ર મોહ અને તીવ્ર અજ્ઞાનના કારણે જ નિગોદના જીવો ત્યાં પડેલા છે. નહિ તો ત્યાં હિંસાદિમાંનું દેખાતું કોઈ પાપ નથી.

अइगरुओ मोहतरु, अणाइभवभावणाइ-विषयमूलो ।
दुक्खं उम्मूलिज्जइ, अच्चंतं अप्पमत्तेहिं ॥

લુણાવામાં વિશાળ વડલો. દીક્ષા વગેરે માટે કદી મંડપની જરૂર ન પડે. એ વડલો તો સારો, પણ મોહનું વૃક્ષ ખતરનાક !

◆ જેને મોક્ષે જવાની ઈચ્છા નથી તેણે નિગોદમાં જવાની તૈયારી રાખવી પડે. બીજે ક્યાંય અનંતકાળ સુધી રહેવાની વ્યવસ્થા જ નથી. ત્રસકાયની ઉત્કૃષ્ટ સ્થિતિ બે હજાર જ સાગરોપમ છે. એટલા સમયમાં સ્વસાધ્ય (મોક્ષ) સિદ્ધ ન થાય તો નિગોદ તૈયાર જ છે.

◆ વિષયની સ્પૃહા સંસારનું મૂળ છે. અપ્રમત્ત સાધક પણ તે સ્પૃહાનું મુશ્કેલીથી ઉન્મૂલન કરી શકે છે. માટે જ આ ગુણ તો હોવો જ જોઈએ. સંસારથી વિરક્ત જ અપ્રમત્ત બની શકે, સાચા અર્થમાં સાધક બની શકે. અપ્રમત્ત સાધકને પણ

મોહને મારવામાં મુશ્કેલી પડતી હોય તો સસ્પૃહની તો વાત જ ક્યાં કરવી ? ભગવાન મહાવીરની સાધનાના ૧૨॥ વર્ષ યાદ કરો. એ મોહને મારવાનો ઉત્કૃષ્ટ પુરુષાર્થ હતો.

મોહનું મૂળ પણ મિથ્યાત્વ છે. તેનો જય સમ્યક્ત્વથી થાય. મોહે સ્ત્રીને શસ્ત્ર બનાવ્યું છે. તે માટે ધન જોઈએ. આથી જ કંચન-કામિનીની દાસ આખી દુનિયા છે.

ધનનો નહિ, જ્ઞાનનો રાગ જોઈએ,

સ્ત્રીનો નહિ, પ્રભુનો રાગ જોઈએ, - એમ ભગવાન શીખવે છે.

જીવમૈત્રી અને પ્રભુ-ભક્તિની કળા અપનાવો એટલે મોહનું મૃત્યુ થતું દેખાશે. **પ્રભુને હૃદયમાં વસાવવા એ જ મોહના મૃત્યુનો મુખ્ય ઉપાય છે. પ્રભુ સિવાય મોહ-મૃત્યુની કળા બીજે કશેથી નહિ મળે.**

પ્રભુભક્તિ વિના પ્રભુનું વચન પણ (આગમો પણ) મોહ-વૃક્ષને ઉખેડી શકે નહિ, એમ હરિભદ્રસૂરિ કહે છે. વચનયોગ ત્રીજું સોપાન છે.તે પહેલા પ્રીતિ - ભક્તિ યોગ જોઈએ.

◆ અપ્રમાદ એટલે જ્ઞાનદશામાં જાગૃતિ. આડા-અવળા વિચારોમાં રહો, તો જાગવા છતાં પ્રમાદ છે. ભગવતીમાં ૮ પ્રકારનો પ્રમાદ કહ્યો છે. પછી ક્યારેક કહીશ.

◆ અવિનય, આવેશ, માયા, છળ, કપટ આદિ કરવા એ મોહ છે. દોષને દોષ ન માનવો તે મિથ્યાત્વ છે. ૧૭ દોષને આ એકલું મિથ્યાત્વ પહોંચી વળે, ચડી જાય. એ હિંસાદિને પાપરૂપે ન જ સ્વીકારે. માટે જ મિથ્યાત્વ મહાપાપ છે.

◆ દીક્ષાર્થી મા-બાપ પાસે વિનય ન કરતો હોય તો અહીં પણ નહિ કરે. ગૃહસ્થના સામાન્ય નિયમોનું પાલન ન કરનારો અહીં આવીને લોકોત્તર નિયમો શી રીતે પાળી શકશે ? દીક્ષાર્થી 'ઘરમાં શું કરતો હતો' તેની તપાસ કરવાથી આ વસ્તુનો ખ્યાલ આવે.

સાચોરનો ભાઈ આધોઈ (સં. ૨૦૧૬)માં ભણવા

આવ્યો. વણવીરને ઘેર જમવા ગયો. ત્યાં ધમાલ કરી આવ્યો. અમે કહી દીધું : તારું અહીં કામ નથી. પછી બીજા સમુદાયમાં દીક્ષા લીધી. અત્યારે એકલા ફરે છે.

ભવાભિનંદીને કદી દીક્ષા ન અપાય.

પ્રશ્ન : ભલે એ ભવાભિનંદી હોય, પણ જિનવચનથી એ દોષ દૂર થઈ જશે... તો દીક્ષા આપવામાં શો વાંધો ?

ઉત્તમ : સંસાર રસિકને કદી જિનવચન નહિ ગમે. એ ધર્મ કરશે તો પણ સાંસારિક સિદ્ધિ માટે જ. ભારે કર્મી ક્લિષ્ટ પરિણામી જીવોને કદી જિનવચન ગળે ઉતરતું નથી. મેલા કપડામાં કદી કેસરીયો રંગ ચડે ? માટે એવી ભ્રાંતિમાં રહેતા જ નહિ.

ગાંધીધામના દેવજીભાઈમાં આ બધા જ ગુણો દેખાતા. વૈરાગ્ય, નમ્રતા, સરળતા, ક્ષમા, ભદ્રિકતા, દાક્ષિણ્ય વગેરે ગુણો દેખાય. જ્યારે ધર્મ પામ્યા નહોતા ત્યારે પણ કોઈને ખાલી હાથે પાછો મોકલતા નહિ. ક્યાંથી આવ્યા આ સદ્‌ગુણો ? પૂર્વજન્મના સંસ્કારો.

વસ્ત્રને ઉજળું કરીને રંગાય તેમ કોઈને ધર્મ-રંગથી રંગવો હોય તો એની વિષય-કષાયની મલિનતા દૂર કરવી જોઈએ.

જેને વિષયો વિષ્ટા જેવા, કષાયો કડવા ઝેર લાગે, તે જ દીક્ષાને યોગ્ય ગણાય.

ભૂંડ વિષ્ઠાનો રાગ કદી ન છોડે. ભવાભિનંદી સંસારનો રાગ કદી નહિ છોડે. ભૂંડને પકડીને તમે દૂધપાક, મીઠાઈ વગેરે ખવડાવો તો પણ વિષ્ઠા નહિ છોડે. તેમ ભવાભિનંદીને ગમે તેટલું સમજાવો. અકાર્યને નહિ છોડે, તક મળતાં જ કરી લેશે.

માટે ગુણસંપન્નને જ દીક્ષા આપવી. ૧૬માંથી કોઈ પણ ગુણની અપેક્ષા રાખ્યા વિના દીક્ષા આપવામાં આવે તો સ્વ-પરનું ભયંકર અહિત થશે.





અષાઢ સુદ ૧૩
૨૬-૦૭-૧૯૯૯, સોમવાર

પાંચ દ્વારો - પાંચ વસ્તુ તરીકે બતાવ્યા છે. માટે આ ગ્રંથનું નામ 'પંચવસ્તુક' છે. ચાર અનુયોગમાં અહીં ચરણ-કરણાનુયોગ પ્રધાનરૂપે છે. ચારેય અનુયોગ આપણાં આધ્યાત્મિક જીવનને પરિપુષ્ટ બનાવે.

(૧) દ્રવ્યાનુયોગ સમ્યગ્ દર્શન નિર્મળ કરે.

દ્રવ્ય-ગુણ પર્યાય જાણવાથી આત્માદિ પદાર્થો વિષે નિઃશંક અને સ્થિર બનાય છે. આત્માદિ પદાર્થો, જણાવવા માટે કે કીર્તિ માટે શીખ્યા, પણ પોતા માટે જરાય ન શીખ્યા. આ દીપક સમ્યક્ત્વ કહેવાય. અભવ્ય જેવા રહ્યા આપણે.

ભેદજ્ઞાન પામવા માટે આ તત્ત્વજ્ઞાન શીખવાનું છે.

જીવોનું સ્વરૂપ જાણવાથી તેનું સાધર્મ્ય જણાય છે ને તેથી સર્વ જીવો સાથે મૈત્રી સધાય છે. એ માટે જ જીવવિચાર આદિ ભણવાના છે.

જીવોના ભેદ, કર્મ, ગતિ કે જાતિના કારણે પડે છે. ચેતનાની અપેક્ષાએ કોઈ ભેદ નથી. એટલે પહેલા જીવોની

એકતા પણ (અભેદ) મનમાં હોવી જ જોઈએ. હિન્દ મહાસાગર, અરબી મહાસાગર કે બંગાળનો અખાત વગેરે સાગરના ભેદો જાણતી વખતે એ વસ્તુ ખ્યાલમાં હોવી જોઈએ કે સાગરરૂપે બધા એક છે. માત્ર ભૌગોલિક સ્થિતિના કારણે નામ અલગ છે.

(૨) ગણિતાનુયોગ જ્ઞાન માટે; એકાગ્રતાથી જ્ઞાન વધે.

(૩) ચરણકરણાનુયોગ ચારિત્ર માટે.

(૪) કથાનુયોગ ત્રણેયનું ફળ છે. આથી જીવ વિરાધનાથી બચે. આરાધનામાં આગળ વધે.

ઉત્તરાધ્યયન વગેરેમાં કથાનુયોગ છે. બીજું આવે તે ગૌણ. કોઈકમાં ચારેય અનુયોગ પણ હોય. આર્યરક્ષિતસૂરિજી દ્વારા આ વિભાગીકરણ થયું.

◆ 'જેની પાસે હું દીક્ષા લઉં તેનું કહ્યું ન માનું, તેનો વિનય ન કરું, તેનો દ્રોહ કરું તો શો મતલબ છે દીક્ષાનો ?' ભવભીત દીક્ષાર્થી આ પ્રમાણે વિચારે.

◆ ગુણહીનને દીક્ષા આપતાં સ્વ-પરના બંને ભવ બગડે. વિનીત પુણ્યવાન, અવિનીત પુણ્યહીન હોય. સંપત્તિ હોય તેને ધનવાન કહેવાય. અહીં વિનયાદિગુણ એ આંતર સંપત્તિ છે.

નવકારમાં 'નમો'ની પ્રધાનતા છે તે વિનયદર્શક છે. અવિનીતને શિક્ષા આપો તો તમને જ વળગશે : 'તમે કેવા છો ? તે બધું હું જાણું છું. રહેવા દો...' એને તમે હજાર ઉપાયે પણ સમજાવી નહીં શકો. વિનય વિના વિદ્યા - સમકિત ક્યાંથી ? વિનીત કદી પોતાની ઈચ્છા મુજબ નહીં કરે. અવિનીત પોતાની મરજી મુજબ જ બધું કરે. અવિનીત વિહિત નહિ, અવિહિત અનુષ્ઠાન જ કરતો રહેશે. ક્યાંય ફરી આવે, કાંઈ પણ કરી આવે, ગોટાળા વાળી આવે, ગુરુને કાંઈ જણાવે જ નહિ.

ગૌતમસ્વામીએ ૩૬ હજાર પ્રશ્નો પૂછ્યા, આપણે ગુરુને કાંઈ ન પૂછીએ. પૂછવા જેવું રહ્યું જ નથી ને ! સર્વજ્ઞ થઈ ગયા !!

અવિનીત ઉદ્ધતને વારંવાર ટોકો તો તેને આર્ત્તધ્યાન થાય : 'જ્યારે જુઓ ત્યારે ટક... ટક... બસ મને એકને જ જોયો છે...?' વિનીતને શિખામણ આપવાથી - ટકોરથી રાજી થાય. અશ્રદ્ધાળુ - અવિનીતને દુઃખ થાય.

◆ ભીખ માંગીને ખાવું તે દુનિયામાં હલકામાં હલકો ધંધો છે. જો આપણે અહીં સંયમયોગનું પાલન ન કરીએ તો ભીખારી કરતાં પણ ગયા. ભીખારી તો હજુએ નમ્ર હોય. અહીં તો નમ્રતાય ગઈ.

કેટલાક શ્રાવકો અવિનીતને કહે : 'હું આચાર્ય મહારાજને કહી દઈશ.' 'કહી દોને... આચાર્ય મહારાજથી હું ડરતો નથી.' આ તેનો જવાબ હોય.

દશવૈકાલિકમાં નવમા વિનય અધ્યયનમાં સૌથી વધુ ૪ ઉદ્દેશા છે. ઉત્તરાધ્યયનમાં પહેલું અધ્યયન વિનય માટેનું છે. આ પરથી વિનયગુણનો મહિમા ખ્યાલમાં આવશે. એની ગુજરાતી સજઝાયો પણ છે. મોટી ઉંમરના સાધુઓને અમારા વડીલો એ સજઝાય શીખવતા : 'વિનય કરજો રે ચેલા...' વગેરે...

પાલિતાણા (૨૦૩૬)માં વિનય વિષે જ્યાં જ્યાંથી જે કાંઈ મળ્યું તે એકઠું કરવામાં પ્રયત્ન કર્યો છે.

અસાધ્ય દર્દીને જેમ વૈદ્ય છોડી દે તેમ અવિનીતને ગુરુએ છોડી દેવા જોઈએ. અસાધ્ય કેસને હાથમાં લે તો વૈદ્યનો અપયશ થાય. દર્દી પણ હેરાન થાય. એનો ત્યાગ કરવામાં જ ભલાઈ...!

દીક્ષા આપવી એટલે જીવના કર્મરૂપી રોગની ચિકિત્સા કરવી. ગુરને વૈદ્ય થવાનું છે. શિષ્યને દર્દી બનવાનું છે. જેને સંસાર રોગ દૂર કરવાની ઇચ્છા હોય તેને જ દીક્ષા આપવી. જે પોતાને દર્દી જ ન માને તેની ચિકિત્સા શી રીતે થઈ શકે ?

પ્રશ્ન : આ જૈનશાસનમાં તો કાંઈ જ અસાધ્ય ન હોવું જોઈએ. અહીં જો અસાધ્ય હોય તો જીવ જશે ક્યાં ?

ઉત્તર : તમારી વાત સાવ સાચી. જિનશાસનને કશું અસાધ્ય નથી. પણ તેના પ્રયોગ માટે તો યોગ્યતા જોઈએ ને ? સ્વયં તીર્થંકર પણ અભવ્ય કે દુર્ભવ્યને પ્રતિબોધ ન આપે. દેશનામાં પણ 'હે ભવ્યો' એમ જ કહે. ગમે તેટલા

હોશિયાર ભાગવતકાર - કથાકાર હોય પણ ભેંશોને ભેગી કરીને કથા ન કરે. ભેંશો ભલેને ગમે તેટલું માથું હલાવે, પણ સમજે કાંઈ નહિ.

મહાનિશીથનું અસાધ્ય દર્દીનું ઉદાહરણ = સુસઢ નામના સાધુને જયણા સાથે બીયા - બાડું ! સ્નાન સૂતકનો ય સંબંધ નહિ. માટે જ 'કહં ચરે કહં ચિટ્ઠે ?' વગેરે જયણાનું સ્વરૂપ સૌ પ્રથમ સાધુઓને સમજાવવું જોઈએ. ઉગ્ર તપ કરે છે, પણ સુસઢ બધા જ અસંયમ સ્થાનમાં વર્તે છે.

ગુરુ : 'હે મહાસત્ત્વશીલ ! અજ્ઞાનતા દોષના કારણે તું સંયમ - જયણા જાણતો નથી. તેના કારણે તારું આ બધું વ્યર્થ જાય છે. આલોચના લઈને બધું શુદ્ધ કર.' આલોચના શરૂ કરી, પણ જીવનમાં કોઈ જ સુધારો નહિ. સંયમ જયણા યથાયોગ્ય કર્યા નહિ. છઠ્ઠ - અઠ્ઠમથી લઈ છ મહિના સુધી તપ કરે પણ જયણાનો 'જ' ન હોય.

કાર્ય કર્યું કે નહિ ? તેની રાહ મૃત્યુ નથી જોતું. તે અચાનક જ આવી પડે છે. મૃત્યુ પામીને સામાનિક દેવ, વાસુદેવ થઈને, સાતમી નરકે ગયો. ત્યાંથી હાથી થઈને નિગોદમાં ચાલ્યો ગયો... અનંતકાળ માટે.

અઢાર હજાર શીલાંગનું સંપૂર્ણ - અખંડપણે પાલન તેનું નામ જયણા છે. એ વાત તેણે જાણી નહિ. આથી પુણ્યહીન સુસઢ નિગોદમાં ગયો. કાયક્લેશ કર્યો તેનાથી અર્ધું કાર્ય પણ જો તેણે પાણી માટે કર્યું હોત, અર્થાત્ પાણી માટે ઉપયોગ રાખ્યો હોત તો મોક્ષ થઈ જાત. પાણી - તેઉ અને મૈથુન આ ત્રણ મહાદોષો છે. એ તેણે જાણ્યું નહિ. એ સાધુ પાણીનો ઉપયોગ વધારે કરતો હતો.

આ ત્રણે મહાપાપસ્થાનો છે. કારણ કે, ત્રણેયમાં અનંત જીવોનો ઉપઘાત છે. માટે પાણીમાં **'जत्थ जलं तत्थ वणं'** ના સૂત્રથી અનંત જીવો છે. અગ્નિને 'સર્વતોભક્ષી' કહ્યો છે. તેનાથી છકાયની વિરાધના લાગે. મૈથુનમાં સંખ્યાત - અસંખ્યાત જીવોની હત્યા થાય છે. તીવ્ર રાગ વિના મૈથુન સેવાતું નથી.

આવો સાધુ પ્રથમ વ્રત પાળી શકતો નથી. પ્રથમ વ્રત ગયું તો શેષ ૪ પણ ગયા જ સમજો.

આ રીતે ઉચ્છૃંખલાપૂર્વક વર્તનારા સુસઢે બીજા માટે પણ આવ મિથ્યા પરંપરા ઉભી કરવાના નિમિત્તો પેદા કર્યા. આવાને ભાવિમાં સ્વપ્નમાં પણ 'ધર્મ' શબ્દ સાંભળવા ન મળે. અબોધિદાયક આ ત્રણનો ત્યાગ કરવો આવશ્યક છે.

પ્રશ્ન : છ માસી સુધીનો ઉગ્ર તપ નિરર્થક કેમ થાય ?

ઉત્તર : કાયક્લેશ તો ઊંટ-કૂતરા-ગધેડા-બળદ વગેરે પણ ઘણા કરે છે. પણ જયણા ક્યાં ? જયણા વિનાનો બધો કાયક્લેશ ફોગટ છે.

તપના પ્રભાવે દેવલોક મળી જશે કદાચ, પણ પછીનું દૃશ્ય ભયંકર હશે... નરક તિર્યંચાદિ દુર્ગતિ જ મળવાની.

પ્રશ્ન : છએ કાયમાંથી ત્રણમાં જ કેમ અબોધિ થાય ?

ઉત્તર : છએ કાયમાં પાપારંભ છે જ. પણ આ ત્રણની વિરાધનાથી અનંત જીવોની વિરાધના થાય છે, તેથી મહાપાપારંભ છે. બધા સંયમ સ્થાનોમાં જયણા જ મુખ્ય છે.

✧ ✧ ✧ ✧ ✧

૨૬મી જાન્યુઆરીએ કચ્છના ધરતીકંપની જેમ આજે અચાનક ધરતીકંપ થયો તે પૂજ્યપાદ શાસન પ્રભાવક પુન્યકાય આચાર્ય ભગવંતશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના આઘાતજનક સમાચાર મળ્યા ।

સૌને ખૂબ જ વ્યથા થઈ । પાવાપુરી પ્રતિષ્ઠાના સંસ્મરણો આંખ સામે તરવરવા લાગ્યા ।

આવા અધ્યાત્મમૂર્તિના કાળધર્મના સમાચાર સૌને વ્યથા પહોંચાડે પણ તમો બધા તો તેઓશ્રીની વાણીમાં સ્નાન કરી નીતરી રહ્યા છો । વૈરાગ્યભાવની જ્યોતમાં આ આઘાતને પચાવી તેઓશ્રીના માર્ગે આગળ વધી ખૂબ-ખૂબ શાસન પ્રભાવના સાથે સ્વકલ્યાણના માર્ગે આગળ વધો ।

*- એજ... **અશોકસાગરસૂરિની અનુવંદના***

મ.સુ. ૪, સુરત.



વાંકી (કચ્છ) ચાતુર્માસ પછી, વિહાર કરીને

અધ્યાત્મ સાર : સાધકને શિખામણ

અષાઢ સુદ ૧૫
૨૮-૦૭-૧૯૯૯, બુધવાર

◆ પૂર્વકાળમાં લખવાની જરૂર નહોતી પડતી. ગુરુ દ્વારા બોલાયેલું શિષ્યને યાદ રહી જતું. લખવાની જરૂર તો બુદ્ધિ ઘટી ત્યારથી જ પડી. વધુ પુસ્તકો ઘટી ગયેલી બુદ્ધિની નિશાની છે.

◆ કઠણમાં કઠણ ગ્રંથો રચનાર જૈન વાઙ્મયમાં નવ્ય ન્યાયના પુરસ્કર્તા ઉપા. શ્રી યશોવિજયજીએ સરળમાં સરળ ગુજરાતી ગ્રંથો પણ રચ્યાં છે, એ જાણીને સાશ્ચર્ય આનંદ થાય. તર્કતીક્ષ્ણ એમના ગ્રંથો, એમની તીવ્ર બુદ્ધિમત્તાને તથા ભક્તિભર્યા સ્તવનો વગેરે એમના ભક્તિપૂર્ણ મધુર હૃદયને જણાવનારા છે... જ્ઞાનસાર એમની સાધનાની પરાકાષ્ઠારૂપે જન્મેલી અનન્ય કૃતિ છે.

અધ્યાત્મસારના અંતે મહત્ત્વપૂર્ણ શિખામણ આપી છે.

વાસણમાંનું છિદ્ર જેમ અંદર રહેલા પ્રવાહીને ખાલી કરી

નાખે તેમ નિંદા પણ છિદ્રનું કામ કરે છે. સાધનાનું બધું અમૃત, તે છિદ્ર દ્વારા નીકળી જાય છે.

◆ **કૃષ્ણને સડેલી કૂતરીમાં પણ ઉજ્જવલ વસ્તુ દેખાય. આપણને તો ઉજ્જવલમાં પણ કાલીમાના દર્શન થાય છે. દુર્યોધન મરી ગયો પણ એની આંખ આપણામાં જડાયેલી હજુ જીવે છે.**

બીજાની નિંદા કરવી એટલે સ્વમાં ગુણના આગમનને રોકવું. નિંદા કરવાનું મન થાય ત્યારે 'સ્વ'માં દૃષ્ટિ કરવી. હું કેવો છું ?

પૂ. હેમચન્દ્રાચાર્ય જેવા પણ જ્યારે '**त्वन्मतामृत**' કહેતા હોય, સ્વ-દુષ્કૃતોનો ખુલ્લો એકરાર કરતા હોય તો આપણે વળી કઈ વાડીના મૂળા ?

સ્વ-દુષ્કૃતગર્હાની તીવ્રતા કેવળજ્ઞાન પણ અપાવી શકે. સ્વમાં દુષ્કૃત દેખાય પછી જ બીજામાં સુકૃતો દેખાય ને ત્યાર પછી જ ઉત્કૃષ્ટ સુકૃતના સ્વામીના શરણે જવાનું મન થાય.

'નમો' એ દુષ્કૃતગર્હા, 'અરિહં' એ સુકૃત અનુમોદના, 'તાણં' એ શરણાગતિ... 'નમો': જે દુષ્કૃત ગર્હા કરે, જે સ્વને વામન ગણે તે જ ઝૂકી શકે. 'અરિહં' : જે દુષ્કૃત ગર્હા કરે તેને જ અરિહંતમાં સુકૃતની ખાણ દેખાય.

'તાણં' અને તે જ શરણું સ્વીકારી શકે.

ગુણ જોવા હોય તો બીજાના અને અવગુણ જોવા હોય તો પોતાના જ જોવા. આટલી નાનકડી વાત યાદ રહી જાય તો કામ થઈ જાય.

(૧૩) 'शौचम्' પવિત્રતા જોઈએ. પવિત્રતા એટલે નિર્મળતા. બીજા પ્રયોગથી મેળવેલી સ્થિરતા ચાલી જશે. માટે પહેલા નિર્મળતા જોઈએ. નિર્મળતા, સ્થિરતા, તન્મયતા આ જ સાચો ક્રમ છે. આ જ ક્રમથી પ્રભુ મળી શકે.

નિર્મળતા એ પાયો છે. સ્થિરતા મધ્યભાગ છે અને તન્મયતા શિખર છે. ત્રણેય યોગોની નિર્મળતા જોઈએ.

બ્રહ્મચર્ય ભાવસ્નાન છે. બ્રહ્મચર્યથી વગર નાહ્યે કાયા પવિત્ર બને છે. કટુ અને અસત્ય વચનોથી વાણી અપવિત્ર

બને છે. કાયાની પવિત્રતા સદાચાર છે. વાણીની નિર્મળતા સત્ય - મધુર - હિતકારી વચન છે.

આસન - પ્રાણાયામ ઇત્યાદિ કરવા માત્રથી પવિત્રતા નહિ આવે. થોડીક આભાસી સ્થિરતા આવશે, પણ એ ઝાઝી નહીં ટકે. યોગના ક્લાસો ચલાવીને યોગના નામે થોડા આસનો - પ્રાણાયામો શીખવી તેઓ ખીસ્સા ભરી જશે, પણ તમારું મન પવિત્રતાથી નહિ ભરાય. એના પહેલાના બે અંગો 'યમ અને નિયમ' ભૂલાઈ ગયા છે. જેના જીવનમાં યમ-નિયમ ન હોય તેનામાં પવિત્રતા ન આવે. નિર્મલ બનેલું ચિત્ત જ સ્થિર બને છે.

અહિંસાદિ પાંચ યમ છે. સ્વાધ્યાયાદિ પાંચ નિયમ છે. એ આજે ભૂલાઈ ગયા છે. નિર્મળતા માટે જ સવારે પહેલા ભક્તિ અને પછી માળા ગણાવું છું.

કપડાં મેલા થઈ જશે તેનો ભય છે, પણ અસદાચારથી કાયા, અસત્યાદિથી વચન, દુર્વિચારથી મન મલિન થઈ જશે, તેનો કોઈ ભય નથી !

અન્ય દર્શનીઓમાં પણ ધ્યાનની પૂર્વે નામ સંકીર્તનની ભક્તિ બહુ જ પ્રસિદ્ધ છે. 'હરે રામ હરે કૃષ્ણ' ધૂન ગવડાવ્યા પછી જાપ આદિમાં પ્રવેશ કરાવવામાં આવે છે. દા.ત. ગૌરાંગ ચૈતન્ય મહાપ્રભુનો સંપ્રદાય.

સ્વાધ્યાય, સ્તોત્રાદિથી વાણી પવિત્ર બને છે.

મૈત્ર્યાદિથી મન પવિત્ર બને છે.

કાયા, વચન અને મનની પવિત્રતા ક્રમશઃ હાંસલ કરવાની છે. કાયા અને વચનની પવિત્રતા મેળવ્યા વિના સીધા જ તમે મનની પવિત્રતા મેળવી ન શકો. આ ક્રમ છે. પહેલા સદાચારાદિથી શરીર પવિત્ર બનાવો. પછી સત્યાદિથી વાણી અને પછી મનનો નંબર રાખો. શૌચ- પવિત્રતા પછી જ સ્થિરતા આવે માટે...

(૧૪) પછી લખ્યું **સ્થૈર્યમ્** - સ્થિરતા જોઈએ.

(૧૫) એ સ્થિરતા પણ દંભહીન જોઈએ. માટે લખ્યું : **અદમ્ભઃ** સાધકનું જીવન દંભ-વિહોણું ખુલ્લા પુસ્તક જેવું

હોવું જોઈએ.

(૧૬) **વૈરાગ્યમ્** ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત બનેલું મન ચંચળ બને છે. એની ચંચળતાને નાથવા વૈરાગ્ય જોઈએ.

(૧૭) **આત્મનિગ્રહઃ વૈરાગ્ય** પછી જ તમે આત્મ-નિગ્રહ કરી શકો.

(૧૮) સંસારના દોષો જોવા.

સંસાર એટલે વિષય-કષાય. પ્રત્યેક ક્ષણે વિષય-કષાયના દોષો વિચારવા.

વિષયો વિષથી પણ ભયંકર છે. વિષ એક જ વાર મારે. વિષયો વારંવાર મારે, ભાવપ્રાણની હત્યા કરે. 'સુગર કોટેડ' ઝેર છે. વિષય ભોગવનારને ખ્યાલ નથી આવતો. એમાં ઝેરનું દર્શન થાય તો જ વિષયો છોડી શકાય.

ગમે તેટલા ભોગવવામાં આવે તો પણ વિષયો ભોગવનારને તૃપ્તિ નથી આપી શકતા. બ્રહ્મદત્તને યાદ કરો. આજે ક્યાં છે ?

કષાયને પણ ઉત્પન્ન કરનાર વિષયો છે. મૂળ આસક્તિ છે જીવને વિષયો પર. વિષયોમાં કોઈ આડું આવે તો તેના પર કષાય થાય છે.

જે ગુણે સે મૂલઠાણે, મૂલઠાણે સે ગુણે ।

વિષયો આત્માના નહિ, પુદ્ગલના ગુણો છે. પુદ્ગલો પર છે. પર પર આસક્તિ કરીએ તો સજા ન મળે ? બીજાના મકાન પર તમારો દાવો કરો તો તમને પેલો સજા ન આપે ? કેસ ન કરે ? પુદ્ગલોનો આપણા પર કેસ ચાલુ છે, કહે છે : 'આ જીવ મારા પર પોતાનો દાવો કરે છે. એને સજા થવી જોઈએ.' ફલતઃ આપણને સજા મળી છે, મળી રહી છે ને ભાવિમાં પણ મળશે, જો આપણે 'પર'નો કબજો નહિ છોડીએ.

તીર્થંકરોનું ભલું થાઓ કે જેમણે આપણને સમજાવ્યું : આ કબજો છોડો, પર પરની તમારી માલિકી હટાવો. તો જ તમે સજામાંથી મુક્ત બની શકશો. એ વિના તમારું સંસાર પરિભ્રમણ બંધ નહિ થાય.

સંસારનો બીજો પાયો છે : કષાય.

કસાઈ બકરાની કતલ કરે, તેમ કષાયો ચારે ગતિના જીવોની કતલ કરે છે.

કષાયના આવેશ વખતે આપણે કેવા બની જઈએ છીએ ? મન - વચન - કાયા કેવા કંપવા લાગે છે ? ક્યારેક તો સ્વસ્થતાપૂર્વક એ રૌદ્ર સ્વરૂપ જુઓ ! તમને ગુસ્સા પર ગુસ્સો આવી જશે.

(૧૯) 'चिंत्यं देहादिवैरूप्यम्'

શરીરાદિની વિરૂપતા વિચારવી.

આઠ વર્ષ પહેલા જે માણસોના શરીર જોયેલા, અત્યારે જોઈએ છીએ ત્યારે સ્વરૂપ કેટલું બદલાયેલું લાગે છે ? શરીરનો આ જ સ્વભાવ છે : પળે પળે ગળવું ! નષ્ટ થવું !

નશ્વર શરીર છે માટે જ અનશ્વર તત્ત્વ પર નજર નાખો, એમ જ્ઞાની કહે છે.

✧ ✧ ✧ ✧ ✧

આજે ૧૦.૩૦ વાગે સુ. ૪ના આચાર્ય ભગવંતના કાળધર્મના સમાચાર મળ્યા । જો કે એમની સાધના અતિ ઉત્તમ કોટિની હતી । તેથી સદ્ગતિ તો ચોક્કસ પામ્યા જ છે ।

તમો બધાને આનાથી અપરિમિત દુઃખ થયું હશે । બધાને જ દુઃખ થાય તે સ્વાભાવિક છે । છતાં ભવિતવ્યતા આગળ, કર્મ આગળ કોઈનું ચાલતું નથી ।

તમો સર્વને હું ભારપૂર્વક જણાવું છું કે તમો નિરાશ ન થતા । તમો અમારી સાથે જ છો । અમે તમારી સાથે છીએ । અમારી હૂંફ રાખી ઉત્તમ કોટિની શાસનની આરાધના કરશો । જેથી ઉત્તમ સ્થાને પધારેલા આચાર્ય ભગવંત પણ વિશિષ્ટ રૂપે પ્રસન્ન થશે અને શાસન, સંઘમાં સહાયક થશે ।

અગ્નિસંસ્કાર શ્રી શંખેશ્વર મહાતીર્થમાં થાય તે વિશેષ ઇચ્છનીય છે. તો શક્ય પ્રયત્ન કરશો ।

- એજ... વિજય જયઘોષસૂરિની અનુવંદના

મ.સુ. ૪, નડિયાદ.



ભચૌ (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ વદ ૧
૨૯-૦૭-૧૯૯૯, ગુરુવાર

◆ પૂર્વ જન્મમાં કરુણાને ખૂબ જ ભાવિત બનાવી હોવાથી ભગવાન સ્વયં કરુણાવંત છે તથા તેમનો ધર્મ પણ કરુણામય છે. મેઘરથ રાજા કબૂતર બચાવવા પ્રાણ આપવા તૈયાર થઈ ગયેલા. પોતાના આત્મા કરતાં પણ બીજાને વધુ ગણવા '**आत्मवत् सर्वभूतेषु**' થી પણ મૂઠી ઉંચેરી આ દૃષ્ટિ છે. મંત્રી વગેરે ના પાડે છે, છતાં મહારાજા સ્વ-નિર્ણયથી ચલિત ન થયા. કરુણા ના પાડે છે, શરણાગતનું ગમે તે ભોગે રક્ષણ કરવું, એમ કરુણા એમને શીખવે છે.

શાન્તિનાથ ભ.નો આ પૂર્વનો ત્રીજો ભવ છે. તે જ ભવમાં આવી કરુણાથી એમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું.

આચારાંગ સૂત્ર કરુણાનું ઝરણું છે.

ગોવિંદ પંડિતે જૈનદર્શનનું ખંડન કરવું હોય તો દીક્ષા લઈને અભ્યાસ કરવો પડે, એવા આશયથી દીક્ષા લીધેલી, પણ આચારાંગ સૂત્ર વાંચતા હૃદય પલટાયેલું. પછી સાચી દીક્ષા સ્વીકારી.

◆ શાસ્ત્ર બીજાની પરીક્ષા માટે નથી, સ્વના નિરીક્ષણ માટે છે. બીજાના દોષો જોયા કરશો તો શાસ્ત્ર તમારા માટે શસ્ત્ર છે.

◆ મારું સ્વાસ્થ્ય ભલે બરાબર ન હોય, પણ વાચનાદિથી ઉલ્ટું વધુ સ્ફૂર્તિમય રહે છે. તમે ગ્રહણ કરજો અને પછી જીવનમાં ઉતારી વિનિયોગ કરજો. કંજૂસ નહિ બનતા.

આપણી જ્ઞાન સંપત્તિ - અધ્યાત્મ સંપત્તિ જો આપણે બીજામાં વહેંચીશું નહિ તો તે સાનુબંધ નહિ બને, ભવાંતરમાં મળનારી નહિ બને. જૈનશાસન શા માટે જયવંતું છે ? વિનિયોગની પ્રક્રિયા ચાલુ રહી છે માટે.

નૈયાયિક પંડિતો ક્લિષ્ટ ભાષામાં લખે - જેથી કોઈ પોતાની વાત સમજી જ ન શકે. જ્યારે જૈનાચાર્યોએ સરળ ભાષામાં લખ્યું છે. બધા સમજે - ગ્રહણ કરે, જીવનમાં ઉતારે. આ વિનિયોગ છે.

(૨૦) 'भक्ति र्भगवति धार्या'

ભગવાન પર ભક્તિ ધારણ કરવી.

આટલા ગુણો આવ્યા, હવે ભક્તિની શી જરૂર છે ? ભક્તિ નહિ હોય તો આ બધા ગુણો અભિમાન પેદા કરશે. અભિમાન થયું એટલે પતનનો પ્રારંભ થયો સમજી લો.

બત્રીશ - બત્રીશીમાં તો ત્યાં સુધી કહી દીધું :

सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं, परमानन्द-सम्पदाम् ॥
'સમગ્ર શાસ્ત્રનો સાર, મેળવ્યો મેં મથી-મથી;
પરમાનંદની પ્રાપ્તિ, થાય છે પ્રભુ-ભક્તિથી.'

ભગવાન બીજું કાંઈ નથી માંગતા - માત્ર સમર્પણ માંગે છે. તે પણ પોતાના માટે નહિ, ભક્ત માટે જ.

પોતાના માટે ભગવાનને નમન, પૂજન, સમર્પણ કે ભક્તિની જરૂર નથી. ભક્ત માટે આ બધું જરૂરી છે.

◆ સમ્યગ્દર્શન એ મૈત્રી અને ભક્તિના પાયા પર ઉભું છે. આનાથી મધુર પરિણામ પેદા થાય છે. એનાથી પહેલા

લાંબડાની કડવાશ માત્ર હોય છે.

◆ **सम्यग् दर्शन - ज्ञान - चारित्राणि मोक्षमार्गः ।**

- तत्वार्थ सूत्र

આ સૂત્રમાં ઉત્ક્રમથી પાંચ પરમેષ્ઠી રહેલા છે.

'માર્ગ'થી અરિહંત, 'મોક્ષ'થી સિદ્ધ, 'ચારિત્ર'થી આચાર્ય, 'જ્ઞાન'થી ઉપાધ્યાય, 'દર્શન'થી સાધુ અને 'સમ્યગ્'થી નમસ્કાર નિર્દિષ્ટ થયેલ છે.

◆ મોક્ષની અભિલાષા એટલે સિદ્ધ થવાની અભિલાષા. સિદ્ધની અભિલાષા એટલે શુદ્ધ થવાની અભિલાષા. **જેટલા અંશે તમે શુદ્ધ બનો છો, તેટલા અંશે તમે સિદ્ધ બનો છો. અહીં જ તમે ક્ષણે-ક્ષણે સિદ્ધ બની રહ્યા છો.**

'કડે - માણે કડે' ના સિદ્ધાંતથી આમ કહી શકાય. 'મિજ્જમાણે - મડે' થી જેમ અત્યારે આપણે મરી રહ્યા છીએ, તેમ શુદ્ધ થતા આપણે અત્યારે જ સિદ્ધ બની રહ્યા છીએ, એમ ન કહી શકાય ?

◆ નિશ્ચયથી પ્રતિપત્તિ પૂજા ૧૧-૧૨-૧૩ ગુણઠાણે હોય, પણ એનો પ્રારંભ ૪થા ગુણસ્થાનકથી થઈ શકે.

પ્રભુ - આજ્ઞાપાલનરૂપ પૂજા સૌ પ્રથમ આવવી જોઈએ, પછી પ્રતિપત્તિ પૂજા આવે. હિંસાદિ આશ્રવોનો ત્યાગ કરવો તે પ્રભુનું આજ્ઞાપાલન છે. મિથ્યાત્વ - અવિરતિ - પ્રમાદ - કષાય - યોગ - આ આશ્રવોના પાંચ દ્વાર છે. તેને રોકવા તે પ્રભુની આજ્ઞા છે.

આશ્રવોના દ્વાર ખુલા ન રખાય. દુકાનના દ્વાર એક રાત ખુલા રાખી તો જુઓ ! અનાદિકાળથી આપણે પાંચ-પાંચ દ્વારા ખુલા રાખ્યા છે. લૂંટ ન થાય તો બીજું શું થાય ?

સંવર : આશ્રવનું પ્રતિપક્ષી છે. દરવાજે જેમ વોચમેન રાખો છો, તમે આત્મમંદિરે સંવરના વોચમેન જોઈએ.

વિવેક જેવો કોઈ વોચમેન નથી.

વિવેક પ્રભુકૃપાથી મળે છે. હેય - ઉપાદેયની સમ્યક્ જાણકારીપૂર્વકનું જ્ઞાન સાથેનું આચરણ તે વિવેક.

◆ **પ્રભુ-ભક્તિમાં રંગાઈ જશો, તેટલા ગુણો તમને**

નહિ છોડે. આ તો ચોળમજીઠનો રંગ છે. ભક્તિ 'વિનયગુણ' છે. વિનયગુણ આવે તો બીજા કયા ગુણો ન આવે ? પ્રભુ-ભક્તિ એ ઉત્કૃષ્ટ વિનય છે. સંસારના વિનયમાં આકાંક્ષા છે : કંઈક મેળવવાની. અહીં એ પણ નથી. સંપૂર્ણ નિરાકાંક્ષ બનીને ભક્ત ભગવાનની ભક્તિ કરે છે. એ તો ત્યાં સુધી કહી દે છે : મારે એના બદલામાં મુક્તિ પણ જોઈતી નથી.

◆ સૂર્યના એક જ કિરણે અંધકાર ભાગે, તેમ ભગવાનની એક જ સ્તવનાથી તો શું ? ભગવાનની કથાથી પણ પાપ ભાગે, એમ માનતુંગસૂરિજી કહે છે :

'आस्तां तव स्तवन'

પરિચિત સ્તોત્રોમાં પણ કેટલું ભર્યું છે ? કદી વિચાર્યું ?

ચૈત્યવંદન સ્તવનોમાં તમને ટાઈમ નકામો જાય છે, એમ લાગે છે ? તમે એકવાર ભક્તિનો સ્વાદ તો ચાખો. ન્યાલ થઈ જશો.

◆ **'ભગવાન સાંભળી લે ખરા, પણ બોલે નહિ.' એ વાક્ય હું હમણા બોલી ગયો તે તમે સાચું માનો છો ? ભગવાન સાંભળે છે, આપણા સ્તવનો, આપણી સંવેદનાઓ, આપણી પ્રાર્થનાઓ તે સાંભળે છે, એમ તમે માનો છો ? કે આ માત્ર ઉપચાર લાગે છે ? યાદ રાખો કે જ્યાં સુધી તમે 'સાક્ષાત્ ભગવાન સાંભળી રહ્યા છે' એવું નહિ માનો ત્યાં સુધી ભક્તિ કરી નહિ શકો.**

◆ શક્રસ્તવમાં ભગવાનનું એક સુંદર વિશેષણ છે : **विश्वरूपाय** । ભગવાન 'વિશ્વરૂપ' છે, એટલે કે વિશ્વવ્યાપી છે. ઘટ-ઘટના અંતર્યામી છે ભગવાન !

'त्वामव्ययं' આ ગાથામાં જે જે ભગવાનના વિશેષણો છે, તે બધા જ ભગવાનની જુદી-જુદી શક્તિ બતાવનારા છે.

◆ **તમે ભયભીત કેમ છો ? ભગવાનની શરણાગતિ સ્વીકારી નથી માટે. નિર્ભય બનવું હોય તો પહોંચો ભગવાન પાસે.**

'अभयकरे सरणं पवज्जहा'

એમ અજિતશાન્તિકાર ઘોષણા કરે છે.

◆ બીજા કાર્યો માટે કલાકોના કલાકો કાઢી શકો છો. પ્રભુ-ભક્તિ માટે તમે થોડો વધુ સમય ફાળવી નહિ શકો ?

ભક્તિમાં ઊંડા ઉતરશો પછી સમજાશે કે સ્વાધ્યાય, વાંચન, સંપાદન, સંશોધન, અધ્યયન, અધ્યાપન, જાપ, ધ્યાન, સેવા વગેરે તમામ પ્રભુ-ભક્તિના જ પ્રકારો છે. અત્યારે તમારા આ કાર્યો શુષ્ક છે. કારણ ભક્તિ ઉતરી નથી. ભક્તિનો દોર જોડાઈ જાય તો આ બધા કાર્યોના મણકા માળા બની તમારા કંઠમાં શોભી ઊઠે.

(૨૧) - 'सेव्यो देशो विविक्तश्च' યોગીએ એકાન્ત સ્થળનું સેવન કરવું. આટલું એકાંત પવિત્ર સ્થાન (વાંકી) આટલા વર્ષોમાં નથી મળ્યું. સાધના માટે આ વાંકી ક્ષેત્ર ઉત્તમોત્તમ છે. માટે અહીં રહી સાધના પર ભાર મૂકજો. જાપ-ધ્યાન વગેરેની જેટલી અનુકૂળતા અહીં મળશે તેટલી બીજે ક્યાંય નહિ મળે.

◆ ૯૨ વર્ષીય સા. લાવણ્યશ્રીજી મ. આજે બપોરે ૧.૩૦ વાગે કાળધર્મ પામ્યા છે. આ સાધ્વીજી ખૂબ જ ગુણીયલ હતાં. મારાથી ડબ્બલ પર્યાય એટલે કે મારી ઉંમર જેટલો દીક્ષા પર્યાય હતો. ગુણથી પણ વૃદ્ધ હતાં. આવી વેદનામાં પણ અપૂર્વ સમાધિ રાખી. બુદ્ધિશાળી પણ ખૂબ જ. તે યુગમાં ૧૮ હજારી કરેલી. છેલ્લા ૧૫ વર્ષથી બીમાર હતાં. સાથે રહેનારાએ પણ કમાલ કરી છે, અપૂર્વ સેવા કરી છે. જેટલી અનુમોદના કરીએ, તેટલી ઓછી છે.

આપણે વૃદ્ધ બનીશું, આ જગતમાંથી વિદાય લઈશું એ હકીકત કદી ભૂલવી નહિ.

બીજાના મૃત્યુમાં આપણું મૃત્યુ જોવું. પોતાનું મૃત્યુ જેને પ્રતિપળ દેખાય તે વૈરાગી બન્યા વિના ન રહી શકે. મૃત્યુની દરેક ઘટના આપણા વૈરાગ્યને વધારનારી બનવી જોઈએ.

✧ ✧ ✧ ✧ ✧



અષાઢ વદ ૨
૩૦-૦૭-૧૯૯૯, શુક્રવાર

◆ ભગવાને ૩૦ વર્ષ સુધી તીર્થને સ્થિર બનાવવા લગાતાર છ-છ કલાક સુધી સતત દેશના આપી. કારણ કે – માણસનો ભૂલકણો સ્વભાવ છે. એને પુનઃ પુનઃ યાદ કરાવવા છતાં એ પુનઃ પુનઃ ભૂલી જાય છે. માટે જ પુનરાવર્તન પર આટલું મહત્ત્વ આપવામાં આવે છે.

ભણેલું કેમ ભૂલાઈ જાય છે ? પુનરાવર્તન ન કર્યું માટે. ભણો છો ત્યારે જ્ઞાનાવરણીય કંઈક તૂટે, પણ બાકીના સમયે શું થાય છે ? જ્ઞાનાવરણીય સતત બંધાતું જ રહે છે, એથી જ આપણે ભણીએ છીએ,તેથી ભૂલીએ છીએ વધુ.

દીક્ષા લીધા પહેલાના કેવા ઉત્તમ મનોરથો હતા ? હવે એ કેમ ભૂલાઈ ગયા ? માટે જ પાંચેય આચારોનું પાલન સતત કરવાનું છે; જ્યાં સુધી ક્ષાયિક ભાવ ન આવે ત્યાં સુધી ક્ષાયોપશમિક ભાવોની તો સતત માવજત કરવી જ રહી. એ ક્યારે ચાલ્યા જાય, કાંઈ કહેવાય નહિ.

◆ શાસ્ત્રનું અધ્યયન ગુરુ પાસે કરવાનું મુખ્ય કારણ

એ કે એના દ્વારા સ્વ-દોષો ખ્યાલમાં આવે. શાસ્ત્ર આપણી સમક્ષ અરીસો બનીને આવે છે; સ્વ-દોષ દર્શન માટે.

◆ ભૂખ વખતે ખાવ તો ભૂખ શમી જાય. તરસ વખતે પાણી પીઓ તો તરસ શમી જાય, પણ ક્રોધ વખતે ક્રોધ કરો તો શમી જાય એવું નથી, ઉલ્ટું વધે. માયા, માન, લોભ, કામ, ઈર્ષ્યા વગેરે તમામમાં એમ જ સમજવું. આ બધું મોહનીયનું ઉત્પાદન છે.

(૨૦)મો ગુણ છે ભગવાનની ભક્તિ : ભક્તિ એટલા માટે કે એ ન હોય તો આવેલા ગુણો સચવાય નહિ.

આપણા તરફથી પ્રભુ પર અનુરાગ વધતો જાય તેમ તેમ પ્રભુનો અનુગ્રહ આપણા પર વધતો જાય.

બિલાડીના બચ્ચાને મા સ્વયં પકડે છે. ભક્તને ભગવાન પકડે છે.

વાંદરીના બચ્ચા માને સ્વયં પકડે છે. જ્ઞાની, ભગવાનને પકડે છે.

વાંદરીના બચ્ચાને કૂદતાં નથી આવડતું, છતાં મા જેટલું કૂદે તેટલું જ એ કૂદી જાય. શા માટે ? છાતીએ વળગેલું છે માટે.

એ જ રીતે ભગવાનને આપણે પકડી લઈએ તો ? સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લઈએ તો ભગવાન આપણું બધું જ સંભાળી લે.

વાંદરીનું બચ્ચું જ્યાં સુધી પુત્ર નથી થતું ત્યાં સુધી માતાને છોડતું નથી. આપણી પાસે આટલી પણ સમજ નથી ? આપણે ભગવાનને શી રીતે છોડી શકીએ ?

વિ.સં. ૨૦૨૯ મનફરા - ચાતુર્માસ પ્રવેશ વખતે નાનકડા પૂર્ણચન્દ્રવિ. ને ભોજાભાઈ કારિયાએ ખભા પર ઉપાડી લીધેલા. તેમ અમુક કક્ષા પછી ભગવાન સ્વયં ભક્તની રક્ષા કરે છે.

મદ્રાસમાં એક વખતે એવી પરિસ્થિતિ હતી કે જવાની તૈયારી ! મેં કલ્પતરુ વિ.ને કહી પણ દીધું : બસ, જાઉં છું : વોસિરે... વોસિરે. મુહપત્તિના બોલ પણ બોલી શકતો નહિ.

પણ... ભગવાને મને ઊભો કરી દીધો. એક જન્મમાં બે જીવનનો અનુભવ થયો. મને તો આમાં પ્રત્યક્ષ ભગવાનની કૃપા દેખાય છે. નેલ્લોરવાળા નારાજ થઈ ગયેલા : અમારી પ્રતિષ્ઠાનું શું ? મેં કહેલું : ગમે તે રીતે આવીશ. પ્રતિષ્ઠા (વિ.સં. ૨૦૫૨ વૈ.સુ.) પણ થઈ.

આગમિક પદાર્થને શ્રદ્ધાથી ગ્રહણ કરી શકાય, યુક્તિથી નહિ. યૌક્તિક પદાર્થને તર્કથી ગ્રહણ કરી શકાય. બંનેમાં જો ગરબડ થઈ જાય તો જ્ઞાનની સૂક્ષ્મતા નથી એમ સમજવું. ભક્તિનો આ પદાર્થ શ્રદ્ધાગમ્ય છે, અનુભવગમ્ય છે.

બિલાડીના બચ્ચાને માએ પકડી લીધું ત્યારે બચ્ચાએ શું કર્યું ? શ્રદ્ધાથી સંપૂર્ણ સમર્પણ કર્યું. જો એ સમર્પણ ન કર્યું હોત તો ? મા તરફ શંકા કરી હોત તો ? મા એને બચાવી ન શકત.

આવી શરણાગતિ જો આવી જાય આપણામાં...

પૂર્વનું વેર લેવા રાત્રે નાગરાજનું રૂપ લઈ દેવ આવ્યો. ગુરુએ શિષ્યની છાતી પર ચડી છરીથી લોહી કાઢી નાગને આપ્યું. નાગ જતો રહ્યો, શિષ્ય બચી ગયો. સવારે પૂછતાં શિષ્યે કહ્યું : 'ગુરુ મારા તારણહાર છે. તેઓ જે કરશે તે બરાબર જ કરશે. મને પૂર્ણ વિશ્વાસ છે. શંકા કે અશ્રદ્ધાનું કોઈ કારણ નથી.'

ગુરુને તેની યોગ્યતાથી આનંદ થયો. આનું નામ શરણાગતિ !

બિલાડી ને વાંદરી જેમ સ્વ-સંતાનને પોતાના જેવા બનાવે છે તેમ ભગવાન સમર્પિત ભક્તને સ્વતુલ્ય બનાવે છે.

આપણી ભક્તિ અને પ્રભુની શક્તિ ! આ બંને જોડાઈ જાય એટલે કામ થઈ જાય.

तस्मिन् (परमात्मनि) परम - प्रेमरूपा भक्तिः

- नारदीय भक्तिसूत्र

પ્રભુના જ પરમ પ્રેમમાં મન તરબોળ થઈ જાય; એ જ સર્વસ્વ અને તરણ તારણ લાગે, એવો ભાવ તે ભક્તિ છે.

પુરુષાર્થ કે તેની સફળતાનું અભિમાન, ભક્તિ જ ગાળી

શકે તેમ છે. નહિ તો સફળતાનું અભિમાન આપણને મારી નાખશે. કેટલાય સાધકોની સાધના અભિમાનથી રોળાઈ ગઈ.

'સ્વપુરુષાર્થથી હું આગળ પહોંચી જઈશ, એમ માનીને હવે આપ મારી ઉપેક્ષા કરશો નહિ. આટલી ભૂમિકા સુધી આપની કૃપાથી જ પહોંચ્યો છું. હવે ઉપેક્ષા કરો તો કેમ ચાલે ? આ કોના ઉદ્‌ગારો છે ? (કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરિના)

અહંના મોટા પહાડને તોડવા ભક્તિ સિવાય બીજું કોઈ સાધન નથી. ભક્તિના વજ્રથી અહંતાનો ડુંગર ચૂર-ચૂર થઈ જાય છે. માટે જ પ્રથમ સોહં બની નહિ, પણ દાસોહં બનીને સાધના કરવાની છે.

(૨૧) 'सेव्यो देशः सदा विविक्तश्च'

આપણી સાધનામાં વિક્ષેપ ન પડે એવું સ્થાન પસંદ કરવું - એકાન્ત સ્થાન !

ઘણી ભીડથી સાધનામાં વિક્ષેપ પડે છે. તમે અહીં ઘણી સંખ્યામાં રોજ આવો છો તે સારી વાત છે. કેટલીયે વાર આવો, હું એનો એ જ છું. એ જ વાસક્ષેપ છે. માટે તમે ઘણા બધા વારંવાર ન આવો તો સારું !

પરિપકવ માટે એકાન્ત સ્થાન બરાબર છે, અપકવ માટે નહિ. તેના માટે પ્રમાદનું કારણ બને.

(૨૨) 'स्थातव्यं सम्यक्त्वे' :

'સમ્યક્ત્વમાં સ્થિર રહેવું.'

આત્મ-તત્ત્વની સ્પર્શના તે નિશ્ચય સમ્યક્ત્વ. જેવું સ્વરૂપ પ્રભુનું છે, તેવું જ મારું છે. માત્ર કર્મથી દબાયેલું છે, એ વાત પર પૂર્ણ વિશ્વાસ - સંવેદનાત્મક પ્રતીતિ - સમ્યગ્‌દર્શન કરાવે છે. પ્રભુનું ધ્યાન તે નિશ્ચયથી આપણું જ ધ્યાન છે. એમ સમ્યગ્‌ દર્શન શીખવે છે.

ભગવાને આપણને કદી જુદા માન્યા નથી. આપણે જરૂર માન્યા છે. ભગવાને જુદા માન્યા હોત તો તેઓ ભગવાન બની જ શક્યા ન હોત.

તત્ત્વ ન જાણ્યું હોય તે જ ભગવાનને જુદા માને.

અત્યારે પણ પ્રભુ આપણને - સંપૂર્ણ જગતને સત્ - ચિત્ - અને આનંદથી પરિપૂર્ણ માને છે. પોતાના જેવું જ સ્થાન બીજાને આપવું, એ રીતે જોવું એ પ્રેમની નિશાની નથી ? પોતાના જેવું જ ભોજન અપાય તો એના પર પ્રેમની જ નિશાની થઈ ને ? ભગવાન આપણા સર્વ પર પ્રેમની વર્ષા કરી રહ્યા છે.

આ પ્રેમની અનુભૂતિ આપણા હૃદયમાં થવી જોઈએ.

પ્રભુ પણ જેને પોતાના સાધર્મિક બંધુ ગણતા હોય એ છકાયના જીવો પ્રત્યે અજયણાપૂર્વક વર્તન થાય ? પ્રભુના પરિવારનું અપમાન શી રીતે થઈ શકે ?

સમ્યગ્દર્શન આવતાં જ સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય દૃષ્ટિ આવે છે. જીવોની રક્ષામાં જ મારી રક્ષા છે, એમ સમજાય છે.

'આતમ સર્વ સમાન નિધાન મહા સુખકંદ;
સિદ્ધતણા સાધર્મિક સત્તાએ ગુણવૃંદ.'

આ સમ્યક્ત્વીના ઉદ્ગારો છે.

પ્રભુએ જેને પ્યારા માન્યા તેને હું પ્યારા માનીને જીવન જીવું એ જ મુનિનું લક્ષ્ય હોય. જો આવું લક્ષ્ય ન હોય તો બધી દ્રવ્ય ક્રિયાઓ ગણાશે. પ્રાણ વગરના ક્લેવર જેવી ! બીજ વાવ્યા વિનાની ખેડૂતની મહેનત જેવી !

(૨૩) **'विश्वास्यो न प्रमादरिपुः ।'**

શત્રુ બહાર નથી, આપણી અંદર જ છે.

'खणं जाणाहि पंडिए' 'समयं गोयम मा पमायए'

ભગવાનના આ બધા સૂત્રો પ્રમાદ ઉડાડવા માટેના જ છે.

- અન્યદર્શનીઓ પણ કહે છે :

'प्रमाद एव मनुष्याणां शरीरस्थो महारिपुः ।'

✧ ✧ ✧ ✧ ✧





વાંકી (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ વદ ૩
૩૧-૦૭-૧૯૯૯, શનિવાર

धण्णा य उभयजुत्ता धम्मपवित्तीइ हुंति अन्नेसिं
जं कारणमिह पायं, केसिंचि कयं पसगेणं ॥ १०८ ॥

◆ ભૌતિક સુખો કરતાં સંયમ જીવનમાં અધિક આનંદ ન હોય તો ચક્રવર્તી પોતાનું રાજ્ય છોડી સંયમ સ્વીકારે નહિ. ઇન્દ્રિયોના સુખ માત્ર કાલ્પનિક છે. વસ્તુતઃ કશું નથી. ઝાંઝવાના જળમાં હરણને પાણી દેખાય. મૂઢને સંસારમાં સુખ દેખાય, અમૂઢને નહિ. આ વાત અલ્પ સંસારીને જ સમજાય, ભવાભિનંદી - દીર્ઘસંસારીને નહિ, ભારેકર્મીને નહિ, હળુકર્મીને સમજાય. હળુકર્મી શબ્દથી જ મને દેવજીભાઈ (ગાંધીધામ) યાદ આવી જાય. એમના ગુણોથી ખ્યાલ આવી જાય. દેવજીભાઈને અમે કદી આવેશમાં તો જોયા જ નથી. આ આપણા સંસારનો માપદંડ છે. સર્વજ્ઞ ભલે નથી, પણ શાસ્ત્ર છે, ગુરુ છે. એના દ્વારા આપણે યોગ્યતા જાણી શકીએ.

◆ અયોગ્યને દીક્ષા આપવાથી શું થાય ?

દિગંબરમતપ્રવર્તક સહસ્રમલ્લ, પહેલેથી જ,

સંસારીપણાથી જ ઉદ્ધત સ્વભાવનો હતો. દીક્ષા લઈને આખરે અલગ ચોકો જમાવ્યો.

ગુરુએ એને દીક્ષા નહોતી આપી, પણ પોતાની મેળે જ તેણે વેષ પહેરેલો. પછી દાક્ષિણ્યથી ગુરુએ વિધિપૂર્વક દીક્ષા આપવી પડેલી.

દીક્ષાર્થી ઉંમરની અપેક્ષાએ ૮ વર્ષથી વધુ અને ૬૫ વર્ષથી અંદરનો જોઈએ. ૮ વર્ષનો સાવ બાળક ન કહેવાય.

અવિવેકનો ત્યાગ એ સાચી દીક્ષા છે. બાહ્ય ત્યાગ સાથે અવિવેકનો ત્યાગ કરનાર વિરલ હોય છે. બાહ્ય ત્યાગ તો પશુ-પક્ષીઓ પણ કરે છે. પણ મૂળ વાત છે વિવેકની. વિરાગ વિવેકથી ટકે છે. કષાય આવે ત્યારે સમજવું અવિવેક પેસી ગયો છે. તજવા લાયક કષાયોને અપનાવ્યા તો વિવેક ક્યાં રહ્યો ?

◆ **'कस्मिन्'** - દ્વાર. કયા ક્ષેત્રમાં દીક્ષા આપવી ?

જ્યાં ભગવાનનું સમવસરણ થયેલું હોય, વિચરણ થયેલું હોય, તે ભૂમિ ઉત્તમ ગણાઈ છે.

જિનભવન, ઈક્ષુવન, (શેરડીનું ખેતર) વડ-પીપળ વગેરે દૂધીયા ઝાડ હોય, જ્યાં અવાજના પડઘા પડતા હોય, દક્ષિણાવર્ત્ત પાણી ફરતું હોય, તે ભૂમિ દીક્ષા માટે ઉત્તમ છે.

ક્યાં દીક્ષા ન આપવી ? ભાંગેલી-તૂટેલી, બળેલી-જળેલી, સ્મશાન, અમનોજ્ઞ ભૂમિ, ખંડિયેર, ખારી જમીન, અંગારાવાળી, વિષ્ઠા-ઉકરડાવાળી જમીન વગેરે સ્થળે ન આપવી.

દીક્ષા માટે કાળની શુદ્ધિ : ૧૪, ૩૦, ૮, ૯, ૪, ૧૨ વર્જિત તિથિ છે. (અમે રાજનાંદગાંવથી વદ ૪ શનિએ નીકળ્યા. અહીં પ્રવેશ પણ વદ ૪ શનિએ થયો.)

દીક્ષા માટે શ્રેષ્ઠ નક્ષત્ર : ૩ - ઉત્તરા, રોહિણી, અનુરાધા, રેવતી, પુનર્વસુ, - સ્વાતિ - અશ્વિની વગેરે. (વિશેષ ગુરુગમથી જાણવું.)

'ઉત્સાહ એ જ મુહૂર્ત્ત' એમ કહીને જ્યોતિષની ઉપેક્ષા ન કરી શકાય. જિનાજ્ઞા - ભંગનો દોષ લાગે.

મહા સુ. ૨ (વિ.સં. ૨૦૫૩) સિરિગુપ્પા - (કર્ણાટક)માં પ્રતિષ્ઠા થઈ ને તે જ વખતે મુસ્લીમોનો હુમલો થયો. દુકાનો

સળગાવી. લાખોની નુકશાની થઈ. કર્ણાટકમાં હાહાકાર મચી ગયો. મહારાજને બેલ્લારી જવું પડ્યું. મુંઝાયેલા લોકો અમારી પાસે આવ્યા. ત્યાં જઈને અમે ફંડ કરાવ્યો. આજુબાજુના હુબલી - બેંગ્લોર વગેરે સ્થાનોથી ઘણા લોકો આવ્યા. મુસ્લીમો પણ આવ્યા. ૧૮ લાખ રૂ. થઈ ગયા. થોડીક વિધિમાં ગરબડ થાય તો આવી સ્થિતિ પણ થઈ શકે.

◆ **પ્રશ્ન-દ્વાર :** દીક્ષાર્થીને પૂછવું : તું શા માટે દીક્ષા લે છે ?

તેના ઉત્તર પરથી યોગ્યતા નક્કી કરી શકાય. 'આપના સિવાય કોઈ ઉદ્ધાર કરે તેમ નથી. આ અસાર સંસારથી' આ સિવાય બીજો કોઈ હેતુ ન હોવો જોઈએ.

વિનયરત્ને રાજાનું ખૂન કરવા દીક્ષા લીધેલી.

વૈરાગ્ય થોડો હોય તો ધર્મકથા દ્વારા વધારવો. દુઃખગર્ભિતને જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં પલટાવવો. સાધુના આચારો - નિયમો જણાવવા. અમારા પૂ. કનકસૂરિ મ. સ્પષ્ટ કહેતા : ચા નહિ, એકાસણા કરવા જોઈશે.

દીક્ષાર્થી સચિત્ત વગેરેનો ત્યાગ કરી શકે છે ? વનસ્પતિ પર પગ મૂકે છે ? કે છોડીને જાય છે ? ખારી જમીન, પાણી વગેરે છોડે છે કે નહિ ? તેમાં અંદરની પરિણતિ હોય તો જ જયણાનો ભાવ જાગે.

આ રીતે પરીક્ષા થઈ શકે.

અધ્યાત્મસાર

પ્રશ્ન : કરવો છે આત્માનો અનુભવ તો વચ્ચે ભગવાનની શી જરૂર ?

ઉત્તર : ભગવાન સાથે સંબંધ બંધાયા વગર આત્માને જાણી શકાય નહિ.

શ્વેતાંબર સંઘ વ્યવહાર પ્રધાન છે. નિશ્ચય બતાવવાની ચીજ નથી, સ્વયં પ્રગટનારી છે.

માટે શ્વેતાંબર પાસે ધ્યાન નથી, એમ નહિ માનતા, ચારિત્ર હોય ત્યાં ધ્યાન હોય જ. દેશવિરતિને અલ્પમાત્રામાં હોય.

વ્યવહાર વિના આપણે નિશ્ચય પામી શકતા નથી. વ્યવહાર કારણ છે. નિશ્ચય કાર્ય છે.

આલંબન ઉપર ચડાવે, નીચે પડતાને બચાવે. ભગવાનનું આલંબન લઈએ તો કદી નીચે ન પડાય, ઉત્તરોત્તર વિકાસ જ થાય.

જુઓ પૂ. ઉપા. મહારાજના ઉદ્‌ગારો :

શ્રી અરજિન ભવજલનો તારુ, મુજ મન લાગે છે વારુ;
બાહ્ય ગ્રહી જે ભવ-જલ તારે, આણે શિવપુર આરે. (૧)
તપ-જપ-મોહ મહાતોફાને, નાવ ન ચાલે માને રે;
પણ મુજ નવિ ભય હાથો હાથે, તારે તે છે સાથે રે. (૨)
ભક્તને સ્વર્ગ - સ્વર્ગથી અધિકું, જ્ઞાનીને ફલ દેઈ રે;
કાયા કષ્ટ વિના ફળ લઈએ, મનમાં ધ્યાન ધરેઈ રે. (૩)
જે ઉપાય બહુવિધની રચના, જોગ માયા તે જાણો રે;
શુદ્ધ-દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દીએ પ્રભુ સપરાણો રે. (૪)
પ્રભુ-પદ વળગ્યા તે રહ્યા તાજા, અળગા અંગ ન સાજા રે;
વાચક - 'જસ' કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. (૫)

પ્રકાંડ પંડિત હતા યશોવિજયજી ! ચિંતામણિ નામના નવ્ય ન્યાયનો ગ્રંથ માત્ર એક દિવસમાં કંઠસ્થ કરી લીધેલો. ૭૫૦ શ્લોક યશોવિ. એ અને ૫૦૦ વિનયવિ. એ કંઠસ્થ કરી લીધા. ત્યારે એક દિવસ માટે પંડિતજી બહાર ગયેલા હતા.

એક વાત સમજી લો : ભક્તની ભાષા અલગ હોય છે. તાર્કિકોની ભાષા અલગ હોય છે.

તાર્કિકો કહેશે : ભગવાન કશું જ કરતા નથી.

ભક્ત કહેશે : ભગવાન જ બધું કરે છે.

'દેવ-ગુરુ પસાય' વ્યવહારથી બોલો છો, પણ હૈયાથી બોલો છો ?

મહાન નૈયાયિક યશોવિ. આ સ્તવનમાં કેવા પરમ ભક્તરૂપે દેખાય છે ? છે ક્યાંય તર્કની ગંધ ? છે ક્યાંય તર્કના તોફાન ?

'મારો હાથ પકડીને ઠેઠ મોક્ષનગરે ભગવાન મૂકે છે.' આવા ઉદ્‌ગારો ભક્ત સિવાય કોણ કાઢી શકે ?

બિલાડી જેમ પોતાના બચ્ચાને સુરક્ષિત સ્થાનમાં મૂકે છે, તેમ ભગવાન ભક્તને મોક્ષમાં મૂકે છે,એવો ભક્તનો ગાઢ

વિશ્વાસ હોય છે.

ભગવાન ભલે વીતરાગ છે, પણ સાથે પતિતને પાવન કરનારા, શરણાગતની રક્ષા કરનારા છે. એ ભૂલવાનું નથી.

યશોવિ. કહે છે : ભલે મોહના મહાતોફાન આવે, ગમે તેટલા ઝંઝાવાતો આવે, પણ મને કોઈ ભય નથી. તારનારો પ્રભુ મારી પાસે છે.

ભગવાનનું નામ મારી પાસે છે, એટલે ભગવાન મારી પાસે છે. 'નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન.' એમ માનવિ. કહે છે.

તમને પ્લેનમાં પણ વાર લાગે, ભગવાનને આવતાં કોઈ વાર નથી લાગતી. નામ બોલો ને હાજર ! તમે હજુ ભગવાનની શક્તિઓને ઓળખતા નથી. ભગવાન વિભુ છે, એમ માનતુંગસૂરિજીએ કહ્યું છે. વિભુ એટલે કેવળજ્ઞાનથી વિશ્વવ્યાપી. સર્વત્ર પ્રભુ દેખાય તેને ભય શાનો ?

ભગવાન આપણી ગુપ્તમાં ગુપ્ત પ્રવૃત્તિ પણ જાણે છે - એવો વિશ્વાસ છે ? એવું જાણ્યા પછી આપણે અશુભ પ્રવૃત્તિ કરી શકીએ ખરા ?

'लोगो जत्थ पइट्ठिओ'

શ્રુતજ્ઞાનમાં પણ લોક પ્રતિષ્ઠિત હોય તો ભગવાનમાં નહિ ?

પ્રશ્ન : આટલી બધી સાધનાઓમાં અમારે કઈ સાધના કરવી ? અમે મૂંઝાઈ ગયા છીએ.

ઉત્તર આપતાં ઉ. યશોવિ. મ. કહે છે : અસંખ્ય યોગનો વિસ્તાર (માયા = વિસ્તાર) ઘણો છે. શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયના ધ્યાનથી પ્રભુ તરત જ મુક્તિ આપે છે.

વિદેહમુક્તિ ભલે અહીં ન મળે, જીવન્મુક્તિ મળી શકે.

'જીવન્મુક્તિ' એટલે જીવતાં-જાગતાં સદેહે મુક્તિનો અનુભવ કરવો.

પ્રભુના ગુણ - પર્યાયોનું ધ્યાન ધરતો યોગી એવી કક્ષાએ પહોંચે છે કે શુક્લધ્યાનનો અંશ, આ કાળમાં પણ મેળવી શકે છે, એમ યશોવિ. એ સ્વયં યોગવિંશિકામાં લખ્યું છે.

✧ ✧ ✧ ✧ ✧



અષાઢ વદ ૪
૦૧-૦૮-૧૯૯૯, રવિવાર

જૈનશાસનમાં શ્રેષ્ઠતા આજે પણ જળવાઈ રહી છે તેનું કારણ ગીતાર્થો જિનાજ્ઞા - પાલન કરી રહ્યા છે, તે છે. આજ્ઞાનુસારની પ્રવૃત્તિમાં ૧૦૦% સફળતા છે, એમ નિશ્ચિત માનજો.

◆ મેવાડમાં ચિત્તોડગઢના વિદ્વાન તરીકે હરિભદ્ર ભટ્ટ વિખ્યાત હતા. સાધ્વીજી સ્વાધ્યાય કરતા હતા.

સૂવા માટે નહિ, સમાધિ માટે સંથારો છે. નિગોદમાં ઉંઘવાનો ધંધો ખૂબ જ કર્યો છે. અહીં જાગૃતિ માટે ઉદ્યમ કરવાનો છે. આયુષ્ય દર્ભાગ્રિસ્થ જળબિંદુ જેવું છે એમ જાણતો મુનિ પ્રમત્ત શી રીતે બને ? સાધુ સદા અપ્રમત્તતા માટે જ સ્વાધ્યાયમાં રમમાણ રહે. સ્વાધ્યાય કરતા સાધ્વીજીના શબ્દો હરિભદ્રના કાને અથડાયા :

'चक्किदुगं हरिपणगं' અર્થ ન સમજાયો. અહંને ટક્કર લાગી.

જ્ઞાની ભણતો જાય તેમ તેને લાગે : મારું કેટલું ઘોર અજ્ઞાન હતું ! અજ્ઞાનનું ભાન કરાવે તે જ સાચું જ્ઞાન !

હરિભદ્રભટ્ટ અર્થ સમજવા સાધ્વીજી પાસે ગયા ત્યારે તેમણે સાધુ મ. પાસે મોકલ્યા. ગયા. અર્થ સમજવા પ્રાર્થના કરી. 'એ માટે દીક્ષા લેવી પડે. દીક્ષા વિના આગમોના અર્થો અમે સમજાવતા નથી.' ગુરુની આવી વાતથી હરિભદ્ર દીક્ષા માટે તૈયાર થઈ ગયા. આવી રીતે દીક્ષિત હરિભદ્રસૂરિજીએ પંચવસ્તુક ગ્રંથની રચના કરી છે.

◆ મુમુક્ષુની પરીક્ષા :

મુમુક્ષુની - સાધુની જીવદયાની પરિણતિ જાણવા જઘન્યથી ૬ મહિના પરીક્ષા કરે. વધુમાં વધુ બે વર્ષ સુધી. જરૂર પડે તો ૪ વર્ષ સુધી પણ પરીક્ષા કરે.

દીક્ષા - વિધિ વખતે શિષ્યને ડાબી બાજુ રાખે.

દીક્ષાવિધિ વખતે સૂત્રોનું શુદ્ધતાપૂર્વક ઉચ્ચારણ થવું જોઈએ.

રજોહરણ એટલે ?

हरइ रयं जीवाणं बज्झं अब्भंतरं च जं तेणं ।
रयहरणंति पवुच्चइ कारणकज्जोवयाराओ ॥
हरति रजो जीवानां बाह्यम् आभ्यंतरं च यत् तेन ।
रजोहरणमिति प्रोच्यते कारणे कार्योपचारात् ॥

पंचवस्तुक गाथा - १७२

જેનાથી બાહ્ય અને અભ્યાંતર રજનું હરણ કરાય તે રજોહરણ કહેવાય. અભ્યંતર કર્મ-રજ દૂર કરવાનું ઓઘો કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી તેને રજોહરણ કહેવાય.

દીક્ષા વખતે ચૈત્યવંદનાદિ જરૂરી છે. તે ભક્તિયોગ છે. પ્રભુની ભક્તિથી ઉત્તમ ભાવો ટકે છે. ન હોય તો જાગે છે.

દીક્ષા પછી પણ તરત મંદિરમાં નૂતનમુનિને લઈ જવામાં આવે છે. પશ્ચિમમાં ઈશાન ખૂણે માળા ગણવામાં આવે છે. પછી પણ રોજ કમ સે કમ સાત વાર ચૈત્યવંદન હોય છે. આ બધું જ ભક્તિયોગની પ્રધાનતા દર્શાવે છે.

મોટા સંઘોમાં પોલીસ આદિ જોઈએ ને ? તેમ અહીં દીક્ષા-વિધિમાં પણ શાસનદેવતા આદિને યાદ કરવામાં આવે છે.

◆ **भक्तिर्भगवति धार्या**

જગતમાં સ્વાર્થથી ભક્તિ ઘણાની કરી, પણ હવે પ્રભુની નિઃસ્વાર્થ ભક્તિ કરવાની છે. પૂનમિયા, મહુડી, નાકોડા-ભેરૂ વગેરેના ભક્તોને ખાસ સૂચના કે અપેક્ષા જેટલી છોડશો તેટલુ વધુ મળશે. તમે માંગી-માંગીને કેટલું માંગવાના ? હકીકત એ છે કે **શું માંગવું ? એ પણ આપણને ખબર નથી. ભગવાન, નહિ માંગવા છતાં આપનારા છે, એવો વિશ્વાસ હોવો જોઈએ.**

◆ ઘણા કહે છે : મહારાજ ! દેરાસરનું કામ શરૂ કર્યું ને અમારી પડતી શરૂ થઈ. આવા લોકોને હું કહું છું : પડતી તમારા કર્મોને લીધે થઈ છે. ભગવાન કદી કોઈનું બૂરૂં કરે નહિ. આ તો સારું થયું કે દેરાસરનું કામ થઈ ગયું. આવી સ્થિતિ વહેલી શરૂ થઈ ગઈ હોત તો તમે શું કરી શકત ? આમાં પણ ભગવાનની કૃપા જુઓ, **સુખમાં, અનુકૂળતામાં તો બધા જુએ, દુઃખ અને પ્રતિકૂળતામાં પણ જે ભગવાનની કૃપા જોઈ શકે તે જ સાચો ભક્ત છે.**

ભક્તિનું ફળ બતાવતાં શક્રસ્તવમાં કહ્યું છે : સર્વ સંપત્તિઓનું મૂળ પ્રભુનો અનુરાગ વધતો જાય છે.

'सर्व-सम्पदां मूलं जायते जिनाऽनुरागः ।'

આવો પ્રેમ જાગી જાય તો બીજું તો ઠીક. પ્રભુનું પદ પણ દુર્લભ નથી.

પ્રભુ ભક્તિ સમ્યક્ત્વને નિર્મળ કરે, બોધિ અને સમાધિને આપે.

'आरुग्ग बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु' - લોગસ્સ.

નવકાર પછી, લોગસ્સ સૂત્રની મહત્તા છે. છ આવશ્યકમાં બીજું આવશ્યક (ચતુર્વિંશતિ સ્તવ) લોગસ્સના મહિમાને પ્રગટ કરે છે.

સામાયિકના પરિણામ પેદા કરવા હોય કે ટકાવવા હોય તો ભગવાનની કૃપા જોઈએ. માટે બીજા આવશ્યકમાં લોગસ્સ દ્વારા પ્રભુ-ભક્તિ જણાવી છે.

ભગવાનના સ્તુતિ - સ્તવન - મંગલ વગેરેથી બોધિ -

સમાધિની પ્રાપ્તિ થાય છે, એમ ઉત્તરાધ્યયન - (૨૯મા અધ્યયનમાં કહ્યું છે.

ભગવાનનો સંકલ્પ, (સર્વને સુખી બનાવવાનો, સર્વને મુક્તિમાં લઈ જવાનો સંકલ્પ) ભગવાનના નામ-કીર્તનથી આપણને સ્પર્શે છે.

◆ આપણા મોટામાં મોટા દોષો (વિષયોની આસક્તિ, કષાયોનો વળગાડ વગેરે) પ્રભુ-ભક્તિથી ટળે છે. ક્યારેક આત્મનિરીક્ષણ કરજો. મારામાં માયા કેટલી ? લોભ કેટલો ? વાસના કેટલી ? આ બધાનું ઉન્મૂલન ભક્તિ વિના શક્ય નથી.

દોષોને પંપાળીને રાખીશું ત્યાં સુધી ગુણો શી રીતે આવશે ? ક્રોધ નહિ કાઢો ત્યાં સુધી ક્ષમા શી રીતે આવશે ? **ક્રોધાદિ કાઢો. ક્ષમાદિ પોતાની મેળે આવશે. ઘરમાંથી કચરો કાઢો, સ્વચ્છતા પોતાની મેળે આવશે.**

✧ ✧ ✧ ✧ ✧

પ.પૂ. આચાર્ય ભગવંત કલાપૂર્ણસૂરિજીના કાલધર્મના સમાચાર વજ્રઘાત સમા બન્યા ! શાસનના જ્યોતિર્ધર હતા । યોગના વ્યોમાકાશમાં ઝળહળતા સૂર્ય હતા । તેમના વિદાયની કળ હજુ વળી નથી ।

પૂજ્ય કલાપૂર્ણસૂરિજીના જીવનના પાંચ વિશિષ્ટ ગુણો મેં નીચે મુજબ જોયા છે :

(૧) અદ્ભુત અપ્રમત્ત દશા (અપ્રમાદ યોગ)

(૨) ઉત્કૃષ્ટ અદ્વૈતાનુભૂતિ આપતી ભક્તિ

(૩) અપ્રતિમ કરુણાદૃષ્ટિ અને જીવન (જાણે કે ક્ષાયિકના ધરની)

(૪) ગુપ્તિસાધક શ્રેષ્ઠ 'કાયોત્સર્ગ - ધ્યાન'

(૫) સર્વશ્રેષ્ઠ સંઘ મૈત્રી

આ પાંચેય ગુણો સંઘમાં પ્રસાર પામે તેવું આપણે (સહુ) જીવન જીવીએ અને તેમની પાસે એ માંગીએ ।

- શશિકાન્તભાઈની વંદના

૨૨-૨-૨૦૦૨



અષાઢ વદ ૫
૦૨-૦૮-૧૯૯૯, સોમવાર

◆ ૨૧ હજાર વર્ષ સુધી શાસન - પરંપરા ચલાવવાની છે. માટે જ ઉત્તમ ગુરુ તથા ઉત્તમ શિષ્ય કેવા હોય, તેનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. ઉત્તમ ભૂમિ અને ઉત્તમ બીજ હોય તો જ ઉત્તમ ફળ આવે. ખારી ભૂમિ કે સડેલું બીજ હોય તો ? બેમાંથી એક પણ ખરાબ હોય તો પણ ફળ ઉત્તમ ન આવે.

આર્ય સિવાયના અનાર્ય દેશોમાં આત્માની ચિંતા છે જ નહિ. આત્માની સ્વીકૃતિ જ નથી, જે જન્મ - પુનર્જન્મ કરતો રહે છે.

સાક્ષાત્ તીર્થંકર પણ વિધિપૂર્વક હાથ જોડીને જ્યારે **'करेमि सामाइअं'** ની પ્રતિજ્ઞા લે છે ત્યારે જ મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. સીધા ૭મા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે, આ વિધિના પ્રભાવનું ઉત્તમ ઉદાહરણ છે.

સાત ખમાસમણા વિનયના પ્રતીક છે. એકેક ખમાસમણામાં વિનય ટપકે છે.

શિષ્ય : **'संदिसह किं भणामि'** ?

'આજ્ઞા આપો શું કહું ?'

ગુરુ : **'वंदित्ता पवेयह'**

'વંદન કરીને પ્રવેદન કરો.'

પછી શિષ્ય ખમાસમણ આપે. કેટલો ઉત્કૃષ્ટ વિનય અહીં ઝળકે છે ?

શિષ્ય સંવિગ્ન હોય. સંવિગ્ન એટલે ભવભીરુ અને મોક્ષનો અભિલાષી.

◆ કાયોત્સર્ગ સંયમમાં સહાયક બનતો મહાન યોગ છે. એને કરવાનો હોય, પારવાનો હોય નહિ, છતાં અહીં એટલે પારવાનો છે કે એના પછીની વિધિ કરવાની છે, માટે કોઈ 'એક નવકારનો કાઉસ્સગ્ગ, થોય સાંભળીને પારજો.' એમ બોલે તેમાં કોઈ જ દોષ નથી. કાઉસ્સગ્ગ કરવાની વિધિ છે તેમ પારવાની પણ વિધિ જ છે; ઉલ્લું, ન પારીએ તો દોષ લાગે.

ગુરુ શ્વાસ રોકીને શિષ્યનો ત્રણ ચપટીએ અખંડ લોચ કરે, અહીં ચપટી માટે **'अट्ठा - अष्टा'** શબ્દનો પ્રયોગ થયેલો છે.

◆ પ્રતિક્રમણ - ચૈત્યવંદન તો મહાન યોગ છે. એ વખતે વાતો તો કરાય જ શી રીતે ? યોગક્રિયાનું આ કેટલું મોટું અપમાન છે ? વાતો તો ઠીક, ઉપયોગ પણ બીજે ન જોઈએ, બેઠા-બેઠા પ્રતિક્રમણ કર્યું, વાતો કરી, ઉપયોગ ન રાખ્યો તો આપણે કર્યું શું ? આ યોગ પણ શુદ્ધતાથી ન થાય તો બીજા યોગ શું કરવાના આપણે ?

શશીકાન્તભાઈને આ વખતે પ્રતિક્રમણની આ મહત્તા સમજાવી. ગણધરો માટે પણ જે ફરજિયાત છે, તે તમારા માટે જરૂરી નહિ ? પ્રતિક્રમણ છોડીને તમે બીજા કોઈ ધ્યાન-યોગ કરી શકો નહિ, બીજા ટાઈમે ભલે કરો, પણ આ ટાઈમ તો પ્રતિક્રમણ માટેનો જ છે. એને ગૌણ બનાવી શકાય નહિ.

◆ શ્રુતજ્ઞાન અને જિન બંને એકરૂપે છે, એમ પુક્ખરવરદી સૂત્રમાં જણાય છે. શ્રુતજ્ઞાનની સ્તુતિ હોવા છતાં પ્રારંભમાં ભગવાનની સ્તુતિ શા માટે ? આવા પ્રશ્નના જવાબમાં નિર્યુક્તિકાર કહે છે : ભગવાન અને શ્રુતજ્ઞાન અલગ નથી, બંને એક જ છે.

'જિનવર જિનાગમ એકરૂપે, સેવંતાં ન પડો ભવકૂપે,'

એમ વીરવિ. એ એટલે જ કહ્યું છે.

ભગવાન માટે જે દ્રવ્યશ્રુત છે (બોલાયેલા કે લખાયેલા શબ્દો દ્રવ્યશ્રુત છે) તે આપણા ભાવશ્રુતનું કારણ બની શકે છે.

◆ ભગવાનનું નામ છે ત્યાં ભગવાન છે. ભગવાનની મૂર્તિ છે, ભગવાનના આગમ છે, ત્યાં ભગવાન છે. ક્યાં નથી ભગવાન ? ક્યારે નથી ભગવાન ? યાદ કરો ત્યારે ભગવાન હાજર છે. આપણી બધી જ વિધિઓમાં ચારે - ચાર પ્રકારના (નામાદિ) તીર્થંકરોની ભક્તિ સમાવિષ્ટ છે.

નમુત્થુણંમાં **'जे अ अईआ'** માં ત્રણેય કાળના તીર્થંકરોને વંદના છે.

નમુત્થુણંમાં ભાવજિનની સ્તુતિ છે. એમાં એકાકાર બનો. તમારા માટે આ જ ધ્યાન બની જશે.

માટે જ સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકાને કોઈ અલગ યોગ શિબિરની જરૂર જ નથી. આ જ યોગ છે, આ જ ધ્યાન છે.

આપણી અવિધિની મોટી નુકશાની એ છે કે પરંપરા ગલત પડે. નવા આવનારને એમ જ લાગે : 'આ તો આમ જ ચાલે. વાતો કરાય, બેસીને કરાય, ઉંઘાય, માંડલી વિના પણ કરી શકાય.' ઇત્યાદિ મિથ્યા પરંપરાનું આલંબન આપવું બહુ મોટો અપરાધ છે.

કોઈ ગુનો કર્યો હોય તો તેને માંડલી બહાર કરવામાં આવે છે પણ માંડલીથી અલગ પ્રતિક્રમણ કરીને તમે સ્વયં માંડલીથી બહાર થઈ જાવ, એ કેવું ?

અધ્યાત્મસાર : **'भक्ति र्भगवति धार्या'**

ભક્તિને હૃદયમાં ધારણ કરશો તો ભગવાન સ્વયં આવી જ જશે. 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી.' એટલે જ ગાયું છે.

ભગવાન મહાન છે. આપણે વામન છીએ. મહાનને વામન શી રીતે ધારણ કરી શકે ? ઘડો શી રીતે સાગરને પોતાનામાં સમાવી શકે ?

યશોવિ. મ. કહે છે :

'લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ તુમને દલમાં લાવું રે;
કેહને એ દીજે શાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાશી રે.

પ્રભુ ! હું નાનો છું, છતાં તમે મને સમાવી શકતા નથી. તમે મોટા છો, છતાં હું તમને સમાવી શકું છું, બોલો શાબાશી કોને આપવી ? 'મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝી...' મારું મન અણુ છે, ખૂબ જ નાનું છે, પણ એમાં ભક્તિ ઘણી મોટી છે. મારી આરાધનાની નાવડી (દરી)નો તું નાવિક (માઝી) છે.

'અથવા થિરમાંહી અથિર ન માવે...' અથવા સ્થિરમાં અસ્થિર ન આવી શકે, એમ કદાચ આપ કહેતા હો તો હે પ્રભુ ! હું કહું છું : મોટો હાથી નાના દર્પણમાં નથી આવી જતો ? પણ પ્રભુ ! મને શક્તિ આપનાર આપ જ છો. જેના પ્રભાવે બુદ્ધિ મળી તેને શાબાશી અપાય.

ભગવાન ભલે મોટા હોય, ભારે હોય, પણ ભગવાનનું નામ સાવ જ હલકું અને સરળ છે. એ નામનું આલંબન તો આપણે લઈ શકીએ ને ? નવકાર પ્રભુનું નામ છે.

'ॐ ह्रीं श्रीं अर्हं नमः ।'

આ સપ્તાક્ષરી મંત્ર પણ 'નમો અરિહંતાણં'નું રૂપાંતર છે. એ પણ ન ફાવે તો માત્ર 'અરિહંત' કે 'ॐ નમઃ' કે 'અર્હં' કે 'ॐ'નો જાપ પણ કરી શકાય.

બધા જ મંત્રોમાં પ્રભુ રહેલા છે, એ ભૂલવાનું નથી.

મંત્રથી અવશ્ય આપણું અનુસંધાન પ્રભુ સાથે જોડાય. ફોન કરો ને બીજાની સાથે સંપર્ક થાય, તેમ મંત્ર દ્વારા ભગવાન સાથે સંપર્ક થાય. એવું કોઈ ક્ષેત્ર નથી કે એવો કોઈ કાળ નથી કે જ્યારે પ્રભુ-નામ લઈ ન શકાય. નામાદિ રૂપે જ ભગવાન આખા જગતને પવિત્ર બનાવી રહ્યા છે. ભગવાનનો સંકલ્પ આ રીતે વિશ્વમાં કામ કરી રહ્યો છે.

'नामाऽऽकृति द्रव्यभावैः' - सकलार्हत्

પ્રભુને ધારી રાખવા હોય તો એમના નામને પકડો અથવા એમની મૂર્તિને પકડો. એ પ્રભુના જ રૂપો છે.

✧ ✧ ✧ ✧ ✧



પૂ. જીતવિજયજી મ.સા.

પૂ. જીતવિજયજી મ.ની સ્વ. તિથિ

અષાઢ વદ ૬
૦૩-૦૮-૧૯૯૯, મંગળવાર

◆ પરોપકાર અન્ततોગત્વા સ્વોપકાર જ છે, એ વાત સમજાય નહિ ત્યાં સુધી આમણે પરોપકારમાં ઢીલા જ રહેવાના. બીજો મારી વસ્તુ કેમ વાપરે ? આ વૃત્તિ ગઈ નથી તો સમજી લેવું આપણે પરોપકાર રસિક નથી બન્યા. સ્વ-પરનો ભેદ ભગવાનને ત્યાં છે જ નહિ. 'આ મારો આ પારકો' આ વૃત્તિ ક્ષુદ્ર છે. ગૌતમસ્વામી વગેરેએ સુધર્માસ્વામીને સ્વ-શિષ્યો સોંપી દીધા. 'સ્વ-પર'નો ભેદ મટી ગયો હશે ત્યારે ને ? ભગવાન તો સર્વ જીવો પ્રતિ આત્મતુલ્ય દૃષ્ટિવાળા બનેલા હતા.

આપણી જીવનભરની સમતા-સામાયિક છે. રોજ-રોજ સમતા વધતી જવી જોઈએ. આ મુનિ - જીવનમાં સમતા નહિ આવે, કષાયો નહિ ઘટે તો ક્યાં ઘટશે ? તિર્યંચમાં ? નરકમાં ? નિગોદમાં ?

બે ઘડી પછી શું થવાનું છે તેની કોને ખબર છે ? ભુજમાં હું દેરાસરમાં જવાનો હતો, 'પણ પહેલા વરઘોડામાં જઈ આવું, પછી દેરાસર જઈશ.' એમ વિચારી વરઘોડામાં ગયો, પણ કોને ખબર હતી કે હવે દેરાસર નહિ, સીધું મારું સ્થાન હોસ્પિટલમાં હશે ! ૧૫ દિવસ સુધી લગાતાર દર્શન ન થયા. (ગાયે લગાડ્યું ત્યારે) **'બહુવિગ્ઘો હુ મુહુત્તો'** એમને એમ નથી કહેવાયું.

◆ લેફ્ટ વખતે લેફ્ટ જ, રાઈટ વખતે રાઈટ જ પગ સૈનિકોનો આગળ આવે. લેફ્ટ-રાઈટનો સવાલ નથી, શિસ્તનો સવાલ છે. અહીં જોગમાં પણ ખમાસમણ ઈત્યાદિ દ્વારા વિનય શીખવાનો છે, શિસ્ત શીખવાનું છે. માટે જ આટલા ખમાસમણા વગેરે આપવાના હોય છે.

ગુરુ પછી કહે : **'ગુરુગુણેહિં વુડ્ઢાહિ'** મહાન ગુણોથી તું વૃદ્ધિ પામ.'

દીક્ષા દિવસે દીક્ષિતે ઓછામાં ઓછું આયંબિલ કરવું.

બોલીઓનો ઉલ્લેખ અહીં ક્યાંય નથી. ઉપકરણોના ચડાવા તો આચાર્ય સમંત છે. (ઉપકરણના ચડાવા ન થાય તો પણ કોઈ અવધિ નથી) પણ નામકરણના (અગાઉથી નામ નક્કી કરી લખાવી દેવું) ચડાવા ઉચિત નથી. આ ચડાવાઓના કારણે દીક્ષાદાતા આચાર્યશ્રીની હિતશિક્ષા વગેરે ગૌણ થઈ જાય છે.

◆ બે હજાર સાગરોપમ પહેલા નિયમા આપણે એકેન્દ્રિયમાં જ હતા. આ આપણો ઈતિહાસ છે. અનંતકાળ પહેલા નિયમા અનંતકાયમાં હતા. બાદર વનસ્પતિમાં વધુ વખત રહી શકીએ તેમ નથી. પૃથ્વી વગેરે એકેન્દ્રિય અસંખ્ય અવસર્પિણી-ઉત્સર્પિણી જ રાખી શકે, વધારે નહિ. અનંતકાળની સુવિધા તો માત્ર નિગોદમાં જ છે.

'અમે તો એવી આશામાં હતા કે તમે મોક્ષમાં જશો ને અમને કાઢશો. પણ તમે તો પાછા અહીંના અહીં આવી ગયા.' આમ નિગોદના આપણા જૂના સાથીદારો આપણી અવ્યક્તરીતે મજાક કરશે, જ્યારે ફરી નિગોદમાં આપણે જઈશું !

૧૫ દુર્લભ પદાર્થો :

(૧) ત્રસપણું, (૨) પંચેન્દ્રિયત્વ, (૩) મનુષ્યત્વ, (૪) આર્યદેશ, (૫) ઉત્તમ કુળ, (૬) ઉત્તમ જાતિ, (૭) રૂપ સમૃદ્ધિ - પંચેન્દ્રિય પૂર્ણતા, (૮) બળ (સામર્થ્ય), (૯) જીવન (આયુષ્ય), (૧૦) વિજ્ઞાન - વિશિષ્ટ બુદ્ધિ, (૧૧) સમ્યક્ત્વ, (૧૨) શીલ, (૧૩) ક્ષાયિકભાવ, (૧૪) કેવળજ્ઞાન, (૧૫) મોક્ષ.

આ દુર્લભ ૧૫ પદાર્થોમાં અત્યારે આપણને માત્ર ૩ જ ખૂટે છે : (૧) ક્ષાયિકભાવ, (૨) કેવળજ્ઞાન અને (૩) મોક્ષ.

◆ **મારો અનુભવ એવો છે કે નિર્મળ બુદ્ધિ હંમેશ ભગવાનની ભક્તિથી જ આવે છે.**

'धिइमइपवत्तणं' શાન્તિનાથ ભગવાનનું અજિતશાન્તિમાં આ વિશેષણ છે. ધૃતિમતિના પ્રવર્તક ભગવાન છે.

'જેમ જેમ અરિહા સેવીએ રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન.'

- વીરવિ. મ.

◆ કઈ એવી ચીજ છે : જે પ્રભુથી ન મળે ?

ભગવાન તો બધાને આપવા તૈયાર જ છે. ભગવાનમાં કોઈ પક્ષપાત નથી, આપણે લેવામાં અપાત્ર ઠરીએ છીએ.

ગુરુ બધાને સરખું શીખવે, પણ વિનીત મેળવી શકે, અવિનીત ન મેળવી શકે. બે સિદ્ધપુત્રોનું ઉદાહરણ.

ડોશીનો ઘડો ફૂટ્યો.

અવિનીત : પુત્ર મરી ગયો.

વિનીત : પુત્ર હમણાં જ આવશે.

અર્થઘટન કરવા માટે નિર્મળ પ્રજ્ઞા જોઈએ. ઘડો ફૂટ્યો એટલે માટી, માટીમાં મળી ગઈ અને પાણી પાણીમાં. તેમ પુત્ર પણ જન્મભૂમિમાં પાછો આવી જશે, એવું અર્થઘટન વિનીતે કરેલું, જ્યારે અવિનીતે 'ઘડો ફૂટ્યો' એટલે પુત્ર મરી ગયો - એવું અર્થઘટન કરેલું. વિનીતનું અર્થઘટન સાચું ઠર્યું.

ભક્તિ, જે ચીજ ન મળી હોય તે પણ આપે. પૂ.પં. ભદ્રંકરવિ. આના જીવતા-જાગતા ઉદાહરણ હતા. પૂ પ્રેમસૂ. મ.ના આટલા શિષ્યોમાં એમની પાસે જ આવી નિર્મળ પ્રજ્ઞા ક્યાંથી આવી ? નવકાર, પ્રભુ-ભક્તિ ઇત્યાદિના પ્રભાવથી.

◆ વિદ્યા-મંત્ર વગેરે ગુપ્ત રાખવાની ચીજ છે. આ તો આપણે એવા છીએ : કામ થોડું કરીએ ને ગાજીએ ઘણા.

◆ **ભક્તિ :**

પ્રભુનો પ્રેમ વધે તેટલો પુદ્ગલનો પ્રેમ ઘટે.

'મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન-મન થાય રે;
વદન અનુપમ નિરખતાં, મારા ભવભવના દુઃખ જાય રે.
'दिट्ठेऽवि तुह मुहकमले, तिन्निवि नट्ठाइं निरवसेसाइं ।
दारिद्दं दोहग्गं जम्मंतर - संचियं पावं ॥'
'નિશદિન સૂતાં - જાગતાં, હૈડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીયે, તબ ઉપજે આનંદ પૂર રે.'

- પૂ. ઉ. યશોવિ. મ.સા.

ભગવાનના ઉપકારોને યાદ ન કરો તો આનંદ ક્યાંથી આવે ? નિગોદમાંથી બહાર કોણે કાઢ્યા ? આટલી ભૂમિકાએ કોણે પહોંચાડ્યા ? મારા હૃદયમાં એક પણ અવગુણ પેસતો નથી, એવી સ્થિતિ આપે જ આપી છે ને ? ઓછો ઉપકાર છે ?

ભગવાનના પ્રભાવથી એકેક ગુણ આવતા જાય તો કેટલા વધે ? ૧ માંથી ૧૧, ૧૧ માંથી ૧૧૧, એમ દસ ગણું થતું જાય.

એક વિનય આવે તો ? વિનય પછી વિદ્યા, વિવેક, વિરતિ વગેરે આવતા જ જાય. આને ગુણાનુબંધ કહેવાય.

કેવળજ્ઞાનથી ભગવાન વિભુ છે જ, પણ સમુદ્ઘાતના ૪થા સમયે ભગવાન સાચા અર્થમાં વિભુ હોય છે, સર્વ લોકવ્યાપી હોય છે. આ ચિંતનથી મનને સર્વવ્યાપી બનાવી શકાય છે.

પ્રશ્ન : નાનો પરમાણુ ! તેના પર અનંત સિદ્ધોની દૃષ્ટિ શી રીતે સમાય ?

ઉત્તર : નાચતી એક નર્તકી પર ૧૦ હજારની દૃષ્ટિ પડી શકે ? શી રીતે સમાય ? T.V. ના માધ્યમથી તો ક્રોડોની દૃષ્ટિ પડી શકે. પૌદ્ગલિક દૃષ્ટિ પુદ્ગલ પર પડી શકે તો કેવળજ્ઞાનની દૃષ્ટિ શા માટે ન પહોંચે ?

✧ ✧ ✧ ✧ ✧



અષાઢ વદ ૭
૦૪-૦૮-૧૯૯૯, બુધવાર

◆ દીક્ષા પછી દીક્ષાચાર્ય નવદીક્ષિતને હિતશિક્ષા આપે. એમાં ૧૫ પદાર્થોની દુર્લભતા જણાવે. ૧૨ તો અત્યારે મળેલા છે, એમ કહીએ તો ચાલે, બાકીના ત્રણ મેળવવા પ્રયત્ન કરીએ તો જ ૧૨ની સફળતા.

આચાર્યની દેશના સાંભળીને બીજાઓને પણ દીક્ષા લેવાના ભાવ થાય. સુંદર બિલ્ડીંગ, સારું ફર્નિચર, ગાડી વગેરે જોઈ તે મેળવવાની કોશીશ કરોને ? તેમ દીક્ષા માટે મન થાય ? દીક્ષા પ્રસંગો વારંવાર જોવાથી તે મેળવવાનું મન થવું જોઈએ.

◆ દીક્ષાથી શું જોઈએ ? સાધ્ય શું ? ચાલતાં પહેલા તમારી મંઝિલ નક્કી હોય છે. દુકાનમાં પૈસો સાધ્ય હોય છે. અહીં શું સાધ્ય ? મોક્ષ ? ત્યાં જઈને કરશો શું ? દોરા-પાટા વગેરે કરવાના ? ત્યાં સદૈવ આત્મ-સ્વભાવની રમણતા કરવાની છે, એ ખ્યાલમાં છે ને ? આ જીવનમાં આત્મ-સ્વભાવ-રમણતાની ઝલક નહિ મેળવી હોય તો ત્યાં શી રીતે

મળી શકશે ? કઇ કિંમતથી આપણે મોક્ષ નામની ચીજ ખરીદવા નીકળ્યા છીએ ?

હેમચન્દ્રસૂરિજીના યોગશાસ્ત્રનો ૧૨મો પ્રકાશ જુઓ : આત્માનુભૂતિનું વર્ણન છે. યશોવિ.ના ઉદ્‌ગારો જુઓ :

'મારે તો બનનારું બન્યું જ છે, (એટલે કે અનુભવનો આસ્વાદ મળી ચૂક્યો છે) હુ તો લોકને વાત શીખાઉં રે;

વાચક 'જસ' કહે સાહિબા, એ ગીતે તુમ ગુણ ગાઉં રે...'

આત્માનુભવ આ જ જન્મમાં થવો જોઈએ. તો જ જીવનની સફળતા છે. ન મળે ત્યાં સુધી ઝંખના રહેવી જોઈએ. તડપન જોઈએ : હજુ નથી મળ્યું ? ક્યારે મળશે ? ક્યારે મળશે ? મારો સમય વ્યર્થ જઈ રહ્યો છે, આત્માનુભૂતિની ઝલક વિના.

કરોડ રૂપિયાની દુકાનમાં તમે વેપાર કરો કે પાના રમો ? આત્માનુભૂતિ મળી શકે તેવા આ ભવમાં તે માટે પ્રયત્ન કરવો કે પશુ - સુલભ ભોગો માટે ?

◆ ૧૦મી ચીજ છે : વિજ્ઞાન-વિશિષ્ટ બોધ, જે ભગવાન આપે. ભગવાન ક્યારેક ગુરુના માધ્યમથી આવે છે, ક્યારેક બીજા કોઈ નિમિત્તથી પણ આવે છે.

હમણા નવસારીમાં રત્નસુંદરસૂરિજીએ પૂછેલું : ભગવાનની કરૂણા મારા પર છે, એમ હું શી રીતે માનું ? મેં કહ્યું : 'તમે દીક્ષા શી રીતે લીધી ?'

'શિબિરમાં ગયેલો, ભુવનભાનુસૂરિએ પકડી લીધો. લીધી દીક્ષા.'

'તમને જ કેમ પકડ્યા ? બીજાને કેમ નહિ ?' આ જ ભગવાનની કૃપા છે એ ગુરુના માધ્યમથી આવે છે. ગુરુ પણ આખરે તો ભગવાનના જ ને ?'

◆ દુઃખ કરતાં સુખ ભયંકર છે. સાધ્ય ચૂકાય છે; અનુકૂળતા દ્વારા. આપણે પ્રતિકૂળતાથી ગભરાઈએ છીએ. ખરેખર એ જ મિત્ર છે. અનુકૂળતાથી આપણું સત્ત્વ દબાઈ જાય છે.

પોતાની નિંદા (દુષ્કૃત ગર્હા) સાંભળવી વગેરેમાં સત્ત્વ જોઈએ.

'अणुस्सोओ संसारो, पडिस्सोओ तस्स उत्तारो' આવી સમજ ભગવાન આપે છે. આ જ વિજ્ઞાન છે. ગુરુ ચોવીશે કલાક સાથે ન રહે, પણ તેમણે આપેલું જ્ઞાન આપણી સાથે રહે, વિવેક સાથે રહે, વિવેક - ચક્ષુ - પ્રદાતા ગુરુ છે. વિજ્ઞાન (વિવેકયુક્ત જ્ઞાન) મળે તો જ પાછળની ૯ દુર્લભ ચીજોની સાર્થકતા છે.

◆ ભગવતી સૂત્રમાં કહ્યું છે : સાધુ માટે પ્રમાદ એ જ આરંભ, ગૃહસ્થ માટે હિંસાદિ, પણ સાધુ માટે તો પ્રમાદ એ જ આરંભ છે. પ્રમત્ત અવસ્થામાં (મૂર્ચ્છિત અવસ્થામાં) જીવહત્યા ન થાય તોય પાપ લાગે, અપ્રમત્ત અવસ્થામાં (અમૂર્ચ્છિત અવસ્થામાં) જીવહત્યા થાય તોય પાપ ન લાગે. ઉપયોગમાં રહે તે જ સાચું જ્ઞાન ! જેમ રોકડા પૈસા જ ખરા પૈસા કહેવાય. ઉધાર જ્ઞાન કામ ન લાગે. રોકડું જ્ઞાન જોઈએ... પ્રતિક્ષણ ઉપયોગમાં આવનારું !

'जयं चरे जयं चिट्ठे' ઇત્યાદિ જાગૃતિને જણાવનારા સૂત્રો સદા નજર સામે રહે તો ક્યાંય વાંધો ન આવે. જાણેલું જ્ઞાન જીવનમાં ઊતારવાનું છે, મગજમાં સંઘરવાનું નથી.

નિશ્ચયથી સમ્યક્ત્વ ન મળે ત્યાં સુધી દેહાધ્યાસ નહિ ટળે, શરીરમાં આત્મબુદ્ધિ નહિ ટળે. અત્યારે તો આપણે શરીરમાંથી ઊંચા નથી આવતા. આત્માની તો વાત જ ક્યાં કરવી ?

આવું નિશ્ચય સમ્યક્ત્વ આવ્યા પછી સર્વવિરતિનો ભાવ સતત રહે, ન રહે તો શ્રાવકપણું તો ઠીક, પણ સમ્યક્ત્વ પણ ન ટકે !

વ્યવહારની શ્રદ્ધા વ્યવહારમાં કામ લાગે. નિશ્ચયની શ્રદ્ધા નિશ્ચયમાં કામ લાગે. વ્યવહારમાં નિષ્ણાત બન્યા પછી જ નિશ્ચયમાં જવું જોઈએ. તળાવમાં તરી તરીને નિષ્ણાત બન્યા પછી જ દરિયામાં કૂદવું જોઈએ. સીધી જ નિશ્ચયમાં છલાંગ નિશ્ચયાભાસ બની રહે, પ્રમાદ પોષક બની રહે. એવા ઘણાં દાખલા જોયા છે.

સમ્યક્ત્વ અને જ્ઞાન જ ભવાંતરમાં સાથે આવે છે,

ચારિત્ર નહીં. માટે જ સમ્યક્ત્વ અને જ્ઞાનને એવા દૃઢ બનાવીએ કે ભવાંતરમાં પણ સાથે આવે.

આપણું જ્ઞાન યુધિષ્ઠિર જેવું ભાવિત બનેલું હોવું જોઈએ. ભીમ કે દુર્યોધન જેવો પાઠ નહિ, યુધિષ્ઠિર જેવો પાઠ જોઈએ. ક્રોધ ન કરવો - ક્ષમા રાખવી... એ પાઠ.

એક મત એવો છે કે જે ગુરુને માનતો જ નથી. આગળ વધતા ભગવાનને પણ છોડી દે છે. તેમને ક્રિયાઓ જડ લાગે. વ્યવહાર ઘણો તુચ્છ લાગે.

આપણું જ્ઞાન બીજાને જણાવવા માટે છે કે સ્વને જાણવા માટે છે ? જ્ઞાન બે પ્રકારના (૧) પ્રદર્શક, (૨) પ્રવર્તક. પ્રદર્શક જ્ઞાન દેખાડવાનું હોય છે. પ્રવર્તક જ્ઞાન રત્નત્રયીમાં પ્રવર્તન કરાવે. તમે શા માટે જાણો છો ? બીજાને જણાવવા માટે ? તમે જ નહિ સમજ્યા હો તો બીજાને શી રીતે સમજાવી શકશો ? તમે જ જીવનમાં નહિ ઊતાર્યું હોય તો બીજાનું ભલું શી રીતે કરી શકશો ?

વક્તા બનવાનું નથી, અનુભવી બનવાનું છે. ૫૦૦ સાધુઓમાં વક્તા તો એક જ હોય. બાકીના અકિંચિત્કર ? નહિ, સ્વાધ્યાય તપ આદિ કરનારા એ મુનિઓના દર્શનથી પણ પાપ ખપે ! સમ્યક્ત્વ વિનાનું તમારું જ્ઞાન પણ અજ્ઞાન બનશે અને ચારિત્ર પણ વિચિત્ર બનશે.

◆ તીર્થંકરની અષ્ટપ્રાતિહાર્ય - સમવસરણાદિ ઋદ્ધિ જલસા કરવા માટે નથી. એ તો એ જ પચાવી શકે. આપણે તો થોડું માન મળતાં કુદવા લાગીએ ! જ્યારે તીર્થંકર ભગવાન એ ઋદ્ધિ દ્વારા પણ પુણ્ય ખપાવે છે. અંતર તદ્દન અલિપ્ત છે.

◆ રત્નાકરસૂરિએ ઠવણીમાં રત્નો રાખેલા. અપરિગ્રહનો ઉપદેશ આપતાં શેઠે પૂછ્યું : 'સાહેબ ! બરાબર નથી સમજાતું. આત્મનિરીક્ષણ કરતાં પોતાની ભૂલ સમજાઈ, પરિગ્રહ - દોષનો ખ્યાલ આવ્યો. પરિગ્રહ ત્યજી શુદ્ધ સાધુ બન્યા. પછી 'શ્રેયઃ શ્રિયાં મંગલકેલિ સદ્મ...' સ્વદુષ્કૃત ગર્હારૂપ સ્તુતિ બનાવી. જે આજે અણમોલ ગણાય છે. 'મંદિર છો મુક્તિતણી.' તેનો ગુજરાતી અનુવાદ છે.

◆ મોહનીયની સાત પ્રકૃતિ જાય કે ક્ષયોપશમ થાય ત્યારે જ આત્માનું રૂપ દેખાય છે. એમાં પણ ભગવાનની કૃપા જોઈએ.

ભગવાનની ભક્તિ આત્માની શક્તિને જાણવા માટે છે. નાનપણથી બકરાના ટોળામાં રહેલો સિંહ પોતાનું સિંહત્વ ભૂલી જાય તેમ આપણે પણ આપણી અંદર રહેલું પરમાત્મત્ત્વ ભૂલી ગયા છીએ.

◆ ઓસિયામાં શ્રી સિદ્ધચક્ર પૂજનનો પ્રાચીન તાંબાનો પટ્ટ છે. શ્રી સિદ્ધચક્ર પૂજન પ્રાચીન કાળથી ચાલે છે. કોણે કહ્યું એ નવું છે ? અમે ઓસિયા ગયેલા ત્યારે પ્રદક્ષિણા વખતે મેં શ્રી સિદ્ધચક્રનું અર્ધું માંડલું જોયું. મેં ટ્રસ્ટીઓને કહ્યું : બીજો અર્ધો ભાગ પણ હોવો જ જોઈએ. શોધતાં મળ્યો. જોડ્યો. માંડલું તૈયાર થઈ ગયું. પછી ફલોદીમાં (વિ.સં. ૨૦૩૫) શ્રી સિદ્ધચક્ર પૂજન વખતે એ જ તાંબાનો પટ્ટ મંગાવેલો. માંડલાની જરૂર નહોતી પડી.

શ્રી સિદ્ધચક્ર પૂજન ભણાવવા ત્યારે હિંમતભાઈ આવેલા.

✧ ✧ ✧ ✧ ✧

અધ્યાત્મયોગી આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિજીના કાળધર્મ અંગેનો પત્ર મળ્યો । વાંચી ખૂબ જ દુઃખ થયું । તેઓશ્રીના જવાથી શાસનને ન પૂરી શકાય તેવી મોટી ખોટ પડી છે । તેઓશ્રીએ પોતાના પરમાત્મભક્તિ, સ્વાધ્યાયરસિકતા, ચારિત્રશુદ્ધિ, શાસનનિષ્ઠા આદિ આગવા ગુણોથી જગતને એક મહાન આદર્શ આપેલ છે । તેઓશ્રીના કાળધર્મના સમાચાર મળતાં જ તે જ દિવસે ખીવાન્દી મંગલ ભુવનમાં સકલ સંઘ સાથે દેવવંદન તેમજ ગુણાનુવાદ કરેલ । જેમાં આચાર્યશ્રી અજિતચંદ્રસૂરિજી મ.સા., આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મ.સા. (આચાર્યશ્રી નીતિસૂરિજીની સમુદાયના) આચાર્યશ્રી ધર્મધુરંધરસૂરિજી આદિ પધારેલ ।

આચાર્યશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં શાસનદેવ તેમના આત્માને શાંતિ આપે ।

- એજ... અરિહંતસિદ્ધસૂરિની અનુવંદના

ફા.સુ. ૨, પાલીતાણા.



અષાઢ વદ ૮
૦૫-૦૮-૧૯૯૯, ગુરુવાર

◆ જિનશાસનની જઘન્ય આરાધના પણ ૭-૮ ભવમાં મોક્ષે પહોંચાડી દે.

◆ શીલવાન્, સત્ત્વવાન્ મહાપુરુષોના હાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાથી દીક્ષા નિર્વિઘ્ને પળાય છે. એ મહાપુરુષ આપણને ભગવાન સાથે જોડી આપે છે.

◆ ભગવાનની ભક્તિ ચારિત્રાવરણીય કર્મને તોડનારી છે, એવો આપણને સૌને અનુભવ છે.

◆ સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન હોય ત્યાં વહેલું-મોડું સમ્યક્ ચારિત્ર આવે જ. સમ્યક્ ચારિત્ર આવે તો જ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન સાચા કહેવાય. એની આ કસોટી છે.

'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ'

- અધ્યાત્મ ગીતા.

જ્ઞાનથી ચારિત્ર જુદું નથી, એ જૈનદર્શનની વિશેષતા છે. જૈનદર્શનના અનુષ્ઠાનોથી યોગ-ધ્યાન જુદા નથી કે જેથી અલગ

યોગ-શિબિર કરાવવી પડે. માત્ર તેમાં રહેલા તેને પ્રગટ કરવાની જરૂર છે.

જ્ઞાનની તીક્ષ્ણતા એટલે જ્ઞાનનો તીવ્ર ઉપયોગ. જેવું જાણ્યું તેવું જ પાલન. જાણવું તેવું જ જીવવું ! દા.ત. ક્રોધની કટુતા જાણી. જ્યારે જ્યારે ગુસ્સો આવે ત્યારે ત્યારે ક્રોધને વશ નહિ થવું. આ જ્ઞાનની તીક્ષ્ણતા થઈ. જ્યારે જે જ્ઞાનની જરૂર હોય ત્યારે ત્યારે તે જ્ઞાન ઉપસ્થિત થઈ જાય, આચરણમાં આવી જાય તે જ્ઞાનની તીક્ષ્ણતા કહેવાય. કોઈ વસ્તુ લેવી-મૂકવી હોય તો પુંજી-પ્રમાર્જીને લેવી-મૂકવી તે જ્ઞાનની તીક્ષ્ણતા કહેવાય. આ તીક્ષ્ણતા એ જ ચારિત્ર ! ચારિત્ર એટલે આપણે આપણા માલિક છીએ, તેવો અનુભવ કરવો, તેમ જીવવું !

જ્ઞાન એકાગ્ર બને ત્યારે તે ધ્યાન થઈ જાય. જે વખતે જે વિષય હોય તેમાં એકાકાર બની જાય.

'ध्यानं चैकाग्र्य - संवित्तिः'

- જ્ઞાનસાર

એકાગ્ર થવામાં મને વાર લાગે, કોઈપણ કાર્યમાં મને વાર લાગે, પણ એકાગ્ર ન થાઉં ત્યાં સુધી છોડું નહિ.

ચિત્તની ચપળતાને ટાળનાર એકાગ્રતાપૂર્વકનું જ્ઞાન છે !

જ્ઞાનસારમાં જ્ઞાન માટે જ્ઞાનાષ્ટક, શાસ્ત્રાષ્ટક, અવિદ્યાષ્ટક, જ્ઞાનનું ફલ શમાષ્ટક આ બધા અષ્ટકો બતાવેલા છે.

માર્ગનો જાણકાર પણ ચાલે નહિ ત્યાં સુધી ઈષ્ટ સ્થળે પહોંચે નહિ. તેમ ગુણસ્થાનકની બધી જ પ્રકૃતિ વગેરેને જાણનારો પણ જીવનમાં ન ઉતારે તો ગુણસ્થાનોના માર્ગે આગળ વધી શકે નહિ.

જ્ઞાનમાં એકાગ્ર થવા માટે પણ વિહિત ક્રિયાઓ જોઈએ. ક્રિયાઓ છોડીને એકલા જ્ઞાનથી ન ચાલે.

◆ રસ્તામાં તમે વધુ વખત રોકાઈ ન શકો. યા તો ઉપર જાવ યા તો નીચે. નીચે નિગોદ, ઉપર મોક્ષ છે. બંને સ્થળે અનંતકાળ સુધી રહેવાની સગવડ છે. મનુષ્યાદિના જન્મો

રસ્તા પરના સ્ટેશનો છે. સ્ટેશન પર ઘર બાંધવાની ભૂલ કરતા નહિ.

◆ **એક તરફ ચારિત્ર અને બીજી તરફ ચિંતામણિ છે, કોણ વધે ? ચારિત્ર કેવળજ્ઞાન - મોક્ષ આપી શકે. ચિંતામણિ પાસે આવી શક્તિ નથી. આ જન્મમાં પણ ચારિત્ર, ચિત્તની પ્રસન્નતા, સમતા, લોકો તરફથી પૂજ્યતા આપે છે, પરલોકમાં સ્વર્ગાપવર્ગ આપે છે.**

ચિંતામણિ આમાંથી કશું ન આપી શકે. ચિત્તની પ્રસન્નતા તો ન આપે, હોય તોય ઝૂંટલી વે. ચિંતાને વધારનાર ચિંતામણિ ક્યાં ? ને ચિંતા ચૂરનાર ચારિત્ર ક્યાં ?

ઇન્દ્ર તો ઠીક, વિમાનના માલિક બનવું હોય તોય સમ્યક્ત્વ જોઈએ. તામલિ - પૂરણ વગેરે તાપસ ઇન્દ્ર બન્યા, પણ અગાઉના ભવમાં છેલ્લે છેલ્લે સમ્યક્ત્વ પામી ગયા હતા.

આચાર્ય ભગવંતની વાપરેલી કામળી મળે તો કેટલો આનંદ થાય ? આ કામળી આચાર્ય ભગવંત ઓઢતા હતા, એમ ગૌરવ લઈએ.

આ ચારિત્ર માટે ગૌરવ નહિ ? આ ચારિત્ર અનંતા તીર્થંકરો, ગણધરો, યુગપ્રધાનો દ્વારા સેવાયેલું છે. કેટલું ગૌરવ હોવું જોઈએ ?

◆ **ગુણો સ્વાભિમાની છે. વગર બોલાવ્યે પણ દોષો આવી જશે. ગુણો બોલાવો તો જ આવશે. આવ્યા પછી પણ જરાક સ્વમાન ઘવાતાં ભાગી જશે. ગુણો માટે તીવ્ર ઝંખના જોઈએ. એમને વારંવાર બોલાવવા પડે. મોંઘેરા મહેમાનને વારંવાર બોલાવવા પડે છે ને ?**

માટે હે પુણ્યવાન્ ! અગણિત ગુણોની ખાણ ચારિત્ર પામીને તું પ્રમાદ કરતો નહિ. આચાર્ય ભગવંત આ રીતે નૂતન દીક્ષિતને હિત શિક્ષા આપે.

અધ્યાત્મસાર : 'भक्ति र्भगवति धार्या'

ગુણોની પ્રાપ્તિ અને સુરક્ષા ભગવાનના પ્રભાવથી જ થાય છે. ભગવાનની સંપૂર્ણ આજ્ઞા ગૃહસ્થાવસ્થામાં પળાતી નથી.

હિંસા સતત ચાલુ રહે છે. આથી ધ્યાનમાં એકાગ્રતા આવતી નથી. માટે જ ચારિત્ર જરૂરી છે.

પ્રભુના ૪ નિક્ષેપા એટલે પ્રભુના ૪ સ્વરૂપ !

પ્રભુના નામ - મૂર્તિ - દ્રવ્ય વગેરે તેમના જ રૂપો છે. આગમ, તીર્થ વગેરે પણ પ્રભુના જ રૂપો છે.

ચતુર્વિધ સંઘ દ્રવ્ય તીર્થ છે. ભાવિ તીર્થંકરો આમાંથી થાય છે. જિનાગમ ભાવતીર્થ છે. - **જિનાગમ એટલે જિનાગમ પ્રમાણે જીવાતું જીવન ! કાગળ પર લખાયેલ શબ્દો કે બોલાયેલા આગમના શબ્દો એ તો દ્રવ્ય આગમ છે.**

૧૧ ગણધરોને દ્વાદશાંગી બનાવવાની શક્તિ આપનાર કોણ ? જેઓ મિથ્યાત્વી - અભિમાની હતા, તેમને નમ્ર બનાવી, તીર્થના વારસદાર કોણે બનાવ્યા ? ભગવાને જ.

આવા ગણધરો એમ માને કે, મેં મારા જ પુરુષાર્થથી દીક્ષા મેળવી, દ્વાદશાંગી બનાવી વગેરે ? નહિ, તેઓ તો ભગવાને જ બધું આપ્યું ને આપશે, એમ જ માનતા હતા. તેમણે ભગવાન પાસે પ્રાર્થના કરતાં કહ્યું :

'आरुग्ग बोहिलाभं समाहिवमुत्तमं दिंतु'

'ભગવન્ ! અમને આરોગ્ય, બોધિલાભ અને ઉત્તમ પ્રકારની સમાધિ આપો.'

ગુરુ પણ તમને પોતાના તરફથી ચારિત્રનું દાન નથી કરતા, ભગવાન તરફથી, પૂર્વાચાર્યો તરફથી આપે છે. તેઓ તો માત્ર પ્રતિનિધિ છે. માટે જ તે વખતે બોલાય છે : **'खमासमणाणं हत्थेणं'**

રસોઈયો કદી અભિમાન ન કરી શકે : મેં બધાને જમાડ્યા ! શેઠે જ જમાડ્યા એમ કહે.

ગુરુ રસોઈઆ છે. શેઠ ભગવાન છે.

ગુરુ શિષ્યને કહે : ભગવાનના પ્રભાવથી મને મળ્યું છે માટે તમે પણ ભગવાનની ભક્તિ કરજો.

ગુરુ પોતાના નહિ, ભગવાનના ભક્ત બનાવે. ભગવાન સાથે જોડી આપે તે જ સાચા ગુરુ !

✧ ✧ ✧ ✧ ✧



અષાઢ વદ ૯ + ૧૦
૦૬-૦૮-૧૯૯૯, શુક્રવાર

◆ ૧૫ દુર્લભ પદાર્થોમાં સંયમ - શીલ, ક્ષાયિકભાવ, કૈવલ્ય અને મોક્ષ સૌથી વધુ દુર્લભ છે. જો કે, પંદરેય વસ્તુઓ ઉત્તરોત્તર વધુ ને વધુ દુર્લભ છે.

◆ સંયમની ભાવના આ ભવમાં નહિ તો ભવાંતરમાં તો ઉદયમાં આવે જ. શક્ય હોય તો આ જ જન્મમાં સંયમ લેવું.

◆ ઉત્તરોત્તર વસ્તુ ન મેળવો કે મેળવવાની ઈચ્છા ન રાખો તો પૂર્વ પૂર્વની ચીજો પણ ચાલી જાય.

◆ **સમ્યક્ત્વના ૬૭ બોલ, સમ્યક્ત્વને ટકાવે પણ ખરા, ન આવેલું હોય તો લાવે પણ ખરા. તે કાર્ય પણ છે ને કારણ પણ છે.**

◆ **નફો ન વધે તો દુકાનનો અર્થ નથી, તેમ બળ, આયુષ્ય વગેરે મળ્યા પછી તેના દ્વારા સમ્યક્ત્વાદિ ન મળે તો કોઈ અર્થ નથી.**

◆ સમાપત્તિ (યોગાચાર્યોનો શબ્દ)ના ૩ કારણો :

(૧) નિર્મળતા, (૨) સ્થિરતા અને (૩) તન્મયતા.

સ્વભાવરમણતા, સામાયિક, આ જૈન દર્શનના સમાપત્તિ માટેના શબ્દ છે. સં. ૨૦૨૬માં પૂ.પં. ભદ્રંકરવિ.ને લખ્યું. રાજી થયા. નવસારીની બાજુના જલાલપુરમાં પરમ શાંતિ હતી. મહિનામાં હું પાંચ ઉપવાસ કરતો. ત્યાંના પરમ શાંત વાતાવરણમાં ધ્યાન લાગી જતું.

◆ અહિંસાથી... નિર્મળતા... ઉપશમ... દર્શન.
સંયમથી... સ્થિરતા... વિવેક... જ્ઞાન.
તપથી... તન્મયતા... સંવર... ચારિત્ર

આવે. આ ત્રિપુટી બધે જ ઘટે.

આમ જોઈએ તો ત્રણેમાં ત્રણે ત્રણ પણ ઘટે.

દાનથી નિર્મળતા, શીલથી સ્થિરતા, તપથી તન્મયતા.

ભાવથી ત્રણેયની એકતા.

પ્રશ્ન : આ સમાપત્તિ સમ્યક્ત્વ પહેલા હોય કે પછી ?

ઉત્તર : જેટલા 'કરણ' અંતવાળા શબ્દો (અપૂર્વકરણ, યથાપ્રવૃત્તિકરણ વગેરે) છે, તે બધા જ સમાધિવાચક છે.

કરણ એટલે - 'નિર્વિકલ્પ સમાધિ !'

◆ ધ્યાનવિચાર ગ્રંથ વાંચ્યા પછી લાગ્યું કે બધી જ ધ્યાન પદ્ધતિઓ આમાં સમાયેલી છે.

૪ લાખ, ૬૮ હજારથી વધારે ધ્યાનના ભેદો તેમાં બતાવેલા છે. તમે કોઈએ વાંચ્યો છે કે નહિ ? તે ખબર નથી, પણ વાંચવા જેવો છે, એમ જરૂર કહીશ.

અભવ્ય જીવ પણ અનંતીવાર યથાપ્રવૃત્તિકરણ કરે. યથાપ્રવૃત્તિકરણ એટલે 'અવ્યક્ત સમાધિ' - એમ હરિભદ્રસૂરિજી કહે છે. ચરમ યથાપ્રવૃત્તિકરણ ચરમાવર્ત કાળમાં જ આવે.

કાળ પણ પૂરક છે. અચરમ કાળ ન હોય તો ચરમ કાળ શી રીતે આવત ?

અભવ્ય જીવને પણ 'વિષય સમાપત્તિ' થાય, ભાવસમાપત્તિ ન થાય. વિષય સમાપત્તિ વિના એકાગ્રતા ન આવે.

હરિભદ્રસૂરિજીએ ૪થી દૃષ્ટિમાં સમાપત્તિનું વર્ણન કર્યું છે.

◆ આત્મશુદ્ધિ રોકનાર કર્મપ્રકૃતિ છે. એને હટાવો તો આત્મશુદ્ધિ પાસે જ છે. કર્મગ્રંથ ભણતાં કર્મપ્રકૃતિઓ ગણીએ છીએ, પણ હટાવતા નથી. કર્મપ્રકૃતિઓ માત્ર ગણવાની નથી, હટાવવાની પણ છે.

આપણે ક્રોધ - માન - માયા આદિને અકબંધ રાખીને કર્મ - પ્રકૃતિઓ માત્ર ગણ્યા કરીએ છીએ !

ધ્યાન વિના સમાપત્તિ ન થાય. સમાપત્તિ ધ્યાનનું ફળ છે.

પ્રશ્ન : મરુદેવીને સમાપત્તિ શી રીતે આવી ? તિર્યંચાદિ પણ સમ્યક્ત્વ પામે છે, તેમને સમાપત્તિ ક્યાંથી આવી ?

ઉત્તર : કરણોની પ્રાપ્તિ બે રીતે થાય : જ્ઞાનપૂર્વક અને સહજતાથી. કરણ અને ભવન. થઈ જાય તે ભવન. કરવું પડે તે કરણ.

निसर्गाद् अधिगमाद् वा । નિસર્ગથી થાય તે ભવન. અધિગમથી થાય તે કરણ.

કરણમાં પ્રયત્ન છે. ભવનમાં સહજતા છે.

માનવ મરીને માછલું થયો. ત્યાં સમ્યક્ત્વ થયું. જાતિસ્મરણથી પૂર્વભવના દુષ્કૃતો બદલ પશ્ચાત્તાપ થયો. આ ભવન છે.

સંસ્કાર પાડો તે જન્માંતરમાં પણ સાથે આવે. કોઈ વાત, વાચના કે વ્યાખ્યાનમાં વારંવાર કરું તો સમજજો કે એના મારે સંસ્કાર પાડવા છે.

◆ સમાપત્તિ કોને નથી ?

T.V. જોનાર, વેપાર કરનાર, છાપા વાંચનાર - વગેરેમાં પણ સમાપત્તિ છે.

જે વિષયમાં રસ હોય ત્યાં સમાપત્તિ આવે. પણ એ આર્ત્તધ્યાનજન્ય છે. અશુભનો અભ્યાસ અનાદિકાળનો છે. શુભ માટેના સંસ્કારો ક્યારેય નથી પડ્યા.

◆ યોગ કે ધ્યાન શિબિરોમાં - (વિપશ્યના શિબિરોમાં) માત્ર એકાગ્રતા પર ભાર મૂકવામાં આવે છે, નિર્મળતા પર

બિલ્કુલ નહિ. નિર્મળતા વગરની એકાગ્રતાનું કોઈ મૂલ્ય નથી. એ તો બિલાડીને પણ સુલભ છે, બગલાને પણ સુલભ છે.

જેને ભાવચારિત્ર પ્રાપ્ત થયું છે તેને સમાપત્તિ સિદ્ધ થઈ છે, એમ સમજવું.

અધ્યાત્મસાર : **'ભક્તિ ર્ભગવતિ ધાર્યા...'**

◆ પાંચ મિનિટ પણ જો તમારી આંખો - હૈયું - વગેરે ભગવાનમાં ઠરે તો નિર્મળતા આવે, ધ્યાન સુલભ બને.

ભગવાનની ભક્તિ કરીએ તો ભગવાન આપણા બની જાય. ભગવાન જગતના છે એ બરાબર, પણ જ્યાં સુધી 'મારા ભગવાન' બનતા નથી ત્યાં સુધી ભક્તને સંતોષ થતો નથી.

અંજન વખતે હું માનું છું : ભગવાનનું અંજન કરનાર હું કોણ ? ભગવાને મારું અંજન કર્યું. પોતાનું સ્વરૂપ યાદ કરાવ્યું.

ભક્તિ એટલે ૭ રાજલોક દૂર રહેલા ભગવાનને હૃદયમાં બોલાવવાની 'કળા'. યશોવિ.ના મનમાં 'પેઠા' તો આપણા હૃદયમાં ન પ્રવેશી શકે ? ભગવાનના પ્રવેશ વિના તો 'પેઠા' શબ્દ નહિ જ વાપર્યો હોય.

દૂર રહેલા ભગવાનને નજીક લાવી આપે તે ભક્તિ. ભક્તિ લોહચુંબક છે, જે ભગવાનને ખેંચી લાવે છે.

'તુમ પણ અલગા રહ્યે કિમ સરશે ? ભક્તિ ભલી આકર્ષી લેશે...

ગગને ઊડે દૂરે પડાઈ, દોરી બળે હાથે રહી આઈ...'

- માનવિજય

પતંગ ભલે દૂર છે; દોરી હાથમાં છે. ભગવાન ભલે દૂર છે, ભક્તિ હાથમાં છે. દોરી હાથમાં છે તો પતંગ ક્યાં જવાનો છે ? ભક્તિ હૃદયમાં છે તો ભગવાન ક્યાં જવાના છે ?

✧ ✧ ✧ ✧ ✧



વાંકી (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ વદ ૧૧
૦૭-૦૮-૧૯૯૯, શનિવાર

શાસ્ત્રના અધ્યયન વિના દેશ કે સર્વવિરતિ પાળી શકાય નહિ. માટે જ શાસ્ત્રનું અધ્યયન, નિદિધ્યાસન, ચિંતન અને ભાવન કરવું જરૂરી છે. ભાવન કોટિમાં ન આવે ત્યાં સુધી જ્ઞાન આપણું બનતું નથી.

જ્ઞાનાચારના ૮ આચારોમાં આનો જ નિર્દેશ છે.

છેલ્લા ત્રણ આચાર : સૂત્ર - અર્થ - તદુભય.

સૂત્રથી શ્રુતજ્ઞાન અર્થથી ચિન્તાજ્ઞાન અને તદુભયથી ભાવનાજ્ઞાન.

સૂત્રથી શબ્દજ્ઞાન, અર્થથી સમજણ અને તદુભયથી જીવન સમૃદ્ધ બને.

પ્રશ્ન : 'જીવનમાં ઉતારવું' એ ચારિત્રાચારમાં ન આવે ?

ઉત્તર : જ્ઞાન તે જ સાચું કહેવાય જે આચરણમાં આવે.

ચારિત્ર જ્ઞાનથી જુદું નથી. પરિણતિવાળું બન્યું તે જ્ઞાન જ ચારિત્ર છે.

'જ્ઞાનદશા જે આકરી, તેહ ચરણ વિચારો;
નિર્વિકલ્પ ઉપયોગમાં, નહિ કર્મનો ચારો...'

- ઉપા. યશોવિ. મ. ૧૨૫ ગાથાનું સ્તવન

◆ જ્ઞાનની તીક્ષ્ણતા, ચરણ તેહ

- દેવચન્દ્રજી, અધ્યાત્મ ગીતા

◆ જિહાં લગે આતમ તત્ત્વનું, લક્ષણ નવિ જાણ્યું;
તિહાં લગે ગુણઠાણું ભલું, કિમ આવે તાણ્યું...'

- યશોવિ.

ગુણઠાણું તાણવાથી મારી મચડીને નથી આવતું, વેષ પહેરવાથી નથી આવતું, તે માટે આત્મ-તત્ત્વનું લક્ષણ જાણવું પડે.

◆ સંયમ જીવન ઉત્તમ રીતે જીવવાની સ્કૂલ એટલે કે ગુરુકુળવાસ. આવું જાણ્યા પછી સ્કૂલમાં કોણ તાલીમ ન લે ?

◆ જૈનકુળમાં જન્મ મળે એટલે સંયમ મળે જ એવું નથી. અત્યારે એક ક્રોડ જૈન હોય તો સંયમી કેટલા ?

૧૦,૦૦૦. બરાબરને ? ૯૯ લાખ, ૯૦ હજાર બાકાત થઈ ગયા. આમાં આત્મજ્ઞાની કેટલા ? યોગસારકાર કહે છે : દ્વિત્રાः । બે-ત્રણ મળી જાય તોય ભયો ભયો !

કેટલું દુર્લભ છે આત્મજ્ઞાન ?

આ બે-ત્રણમાં આપણો નંબર લગાડવાનો છે. નિરાશ થઈને સાધના છોડી દેવાની નથી. લોટરીના ઈનામ તો ૨-૪ને જ લાગે, પણ બાકીનાય આશા તો રાખે ને ?

◆ સાધુએ સંસારની નિર્ગુણતા વારંવાર ચિંતવવી જોઈએ. એ વૈરાગ્યનો ઉપાય છે ને તેનાથી જ વૈરાગ્ય ટકે છે. વૈરાગ્યથી જ વિરતિ ટકે છે.

પ્રશ્ન : ભાવથી વિરતિનો પરિણામ એ જ મહત્ત્વની વાત છે. તો તે માટે જ પ્રયત્ન કરવો જોઈએ. વિધિની કડાકૂટ શા માટે ? વિધિ-વિધાન વિના પણ મરુદેવી - ભરત મહારાજા વગેરેને ચારિત્રના પરિણામ આવી ગયા હતા. કેવળજ્ઞાન ચારિત્રના પરિણામ વિના તો ન જ થાયને ? તેઓ વિધિ-બિધિ કાંઈ કરવા નહોતા ગયા. બીજું, વિધિ બધી કરી, છતાં વિરતિના પરિણામ જરાય ન આવ્યા, એવા પણ અનેક

ઉદાહરણો છે, જેમ કે અંગારમર્દક, વિનયરત્ન વગેરે.

માનો કે શિષ્યમાં વિરતિના પરિણામ પહેલા જ ઉત્પન્ન થઈ ગયા છે, તો વિધિ-વિધાનની જરૂર શી ? અને પરિણામ નથી થયા તો બધું જૂઠું છે. મૃષાવાદનો દોષ લાગે. ન હોય છતાં કહેવું તે જુઠું જ ને ?

ઉત્તર : વિરતિનું પરિણામ તે જ પ્રવ્રજ્યા તે તમારી વાત સાચી છે. પણ તેનું મુખ્ય - પુષ્ટ સાધન આ વિધિ-વિધાન છે.

સારું ખાતર વગેરે બધું જ હોવા છતાં ખેતી નિષ્ફળ ન જ જાય, એવું થોડું છે ? વેપારમાં નુકશાની ન જ જાય, એવું થોડું છે ? છતાં ખેતી-વેપાર કોઈ બંધ કરે છે ? મોટા ભાગે આ વિધિ-વિધાન વિરતિના પરિણામ લાવવામાં સહાયક બને છે.

ઓઘો લેતી વખતે કેટલો આનંદ - ઉમંગ હોય છે, તે અનુભવ-સિદ્ધ છે.

(**પ્રશ્ન :** ઓઘો લેતી વખતે કેટલું નાચવું ?

ઉત્તર : થોડુંક જ. આજે તો પડી જવાય તેટલું નાચે. આ કાંઈ નૃત્યસ્ટેજ છે ?)

લગ્ન પછી જેમ પતિ-પત્નીરૂપે દંપતી સમાજ-માન્ય બને છે, તેમ દીક્ષા વિધિ પછી સાધુ રૂપે સમાજ-માન્ય બને છે.

સોગંદ વિધિ લીધા પછી જ 'મંત્રી' કહેવાય.

રીઝર્વ બેંકની સહી પછી જ 'રૂપિયો' કહેવાય. તેમ દીક્ષા-વિધિ પછી 'સાધુ' કહેવાય. તેના કાર્યથી, તેની પરિણતિથી તેના પરિણામ જાણી શકાય. તેને સ્વયંને થાય : 'હું હવે વિધિપૂર્વક સાધુ થયો છું. મારાથી હવે અકાર્ય ન જ થાય.'

આ બધું તો પ્રત્યક્ષ જોવા મળે છે.

આથી જ નૂતનદીક્ષિતને તે જ વખતે સમસ્ત સંઘ વંદન કરે છે; કદાચ ભાવથી પરિણામ ન જાગ્યા હોય તો પણ.

વ્યવહાર-માર્ગ આ રીતે જ ચાલે.

આ વંદનથી, વંદન લેનારની પણ જવાબદારી વધી જાય : આ બધા જ મને વંદન કરે છે, તો હવે મારે તેને અનુરૂપ જીવન જીવવું જોઈએ.

ભરત વગેરેના ઉદાહરણો અહીં ન લેવાય. એ કાદાચિત્ક

છે, રાજમાર્ગ નથી. એમ તો કોઈકને ઘરમાં જ કેવળજ્ઞાન થાય, કોઈને અન્યલિંગે પણ થઈ જાય તો તેનું અનુકરણ ન થાય. કોઈકને લોટરી લાગી ને તે કરોડપતિ બની ગયો, પણ તેવી આશાથી બીજો કોઈ બેસી રહે તો ?

પ્રશ્ન : ચંડરુદ્રાચાર્યના શિષ્યને વિધિ ક્યાં હતી ?

ઉત્તર : તમે ક્યાં સંપૂર્ણ વાત જાણો છો ? સંભવ છે : ચપટી જેટલા વાળ બાકી રાખ્યા હોય ને પછી વિધિ વખતે તેનો લોચ કર્યો હોય. વિધિ વિનાની દીક્ષા હોય તો કેવળજ્ઞાન થાય ?

શ્રાવકો પણ લોચ કરાવે. લોચ કરાવ્યા પછી પણ તે ઘેર જઈ શકતો હતો, પણ તે ઘેર ન ગયો, દીક્ષા માટે જ આગ્રહ રાખીને રહ્યો. આ તેની ઉત્તમતા જાણીને જ આચાર્યે દીક્ષા આપી.

યોગ્યતામાં તો ગુરુથી પણ ચડી ગયા. ગુરુથી પણ પહેલાં કેવળજ્ઞાન મેળવી લીધું.

જો તમે જિનમતને ઇચ્છતા હો તો વ્યવહાર - નિશ્ચય બંનેમાં એકેયનો ત્યાગ નહિ કરતા.

વ્યવહારથી શુભ પરિણામ જાગે, જ્ઞાનાવરણીયાદિનો ક્ષયોપશમ થાય. ચૈત્યવંદનાદિ વિધિ ચારિત્રના પરિણામ પેદા કરનારી છે.

વિધિ દ્વારા જ 'હું સાધુ થયો છું' એવા ભાવ જાગે.

વ્યવહારના પાલનથી ભાવ - જે નિશ્ચય રૂપ છે, ઉત્પન્ન થાય છે.

ભગવાનની ભક્તિ કરતાં કરતાં જ વિરતિના પરિણામો વધે છે, તે અનુભવસિદ્ધ છે.

◆ **પ્રભુને જોઈ જોઈ જેમ-જેમ પ્રસન્નતા વધે તેમ તેમ તમે માનજો : હું સાધનાના સાચા માર્ગે છું. ભક્તિજન્ય પ્રસન્નતા કદી મલિન ન હોય.**

અધ્યાત્મસાર

ભગવાન ભક્તિથી બંધાયેલા છે. જેમ કોઈ દેવ અમુક મંત્ર કે વિદ્યાથી બંધાયેલો હોય ! મંત્ર ગણો ને તેને હાજર થવું પડે ! ભક્તિ કરો ને ભગવાનને હાજર થવું જ પડે.

ભગવાન ન પધારે ત્યાં સુધી દીક્ષાની વિધિનો પ્રારંભ પણ થતો નથી. સ્થાપના તીર્થંકરની આ વાત છે. તો પછી ભગવાન આપણા હૃદયમાં ન આવે તો સાધનાનો પ્રારંભ શી રીતે થાય ?

સ્થાપના દ્વારા કે નામ દ્વારા આખરે તો આપણે ભાવ - તીર્થંકરની જ સ્તુતિ કરવાની છે. પોસ્ટકાર્ડના એડ્રેસમાં તમે વ્યક્તિનું નામ લખો છો. મતલબ નામથી નથી, વ્યક્તિથી છે અને એ P.C. મૂળ વ્યક્તિને પહોંચી જ જાય છે.

નામ કાંઈ ઓછી વાત નથી. તમારી ગેરહાજરીમાં પણ બેન્ક આદિમાં લેવડ-દેવડ તમારા નામથી થાય જ છે ને ?

ભગવાન જેમ બોધિ આપે તેમ તેમની મૂર્તિ અને નામ પણ બોધિ અને સમાધિ આપે. જુઓ લોગસ્સ.

'आरुग्ग-बोहिलाभं समाहिवर - मुत्तमं दिंतु ।' પૂર્ણ આરોગ્ય એટલે મોક્ષ. તે બોધિ અને સમાધિથી મળે છે. માટે પ્રભો ! મને બોધિ અને સમાધિ આપો.

આ ગણધરોની સ્તુતિ છે.

ભગવાનની ભક્તિથી દિવસે-દિવસે ચારિત્રાવરણીય કર્મ કપાય છે ને પછી એક દિવસ આત્માનુભૂતિ થાય છે.

◆ આથી જ સાચો ભક્ત ભગવાનને કદી ભૂલતો નથી.

'નિશદિન સૂતાં જાગતાં, હૈડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ, તબ ઉપજે આનંદ પૂર રે...'

- પૂ. યશોવિજયજી

ભક્તિ દ્વારા ધર્મનો અનુબંધ પડે છે, જેથી તે ભવાંતર પણ સાથે ચાલે છે.

ક્ષયોપશમભાવની શુદ્ધિ વૃદ્ધિ દિન-પ્રતિદિન થતી રહે છે. વચ્ચે જો તૂટી જાય તો ? ૧૦ દિવસ વેપાર બંધ રાખો તો ?

સતત ધર્મ કરવો જોઈએ; જો એને શુદ્ધ અને સાનુબંધ બનાવવો હોય. ધર્મનો સાતત્ય-ભાવ જ એમાં મુખ્ય અંગ છે, એમ પંચસૂત્રમાં લખ્યું છે. કદી ભક્તિની ધારા તોડો નહિ.

માંદગી વખતે (મદ્રાસમાં) મારી ભક્તિની ધારા તૂટી ગયેલી. ફરી તેવા ભાવ જગાવતાં છ મહિના લાગેલા.

✧ ✧ ✧ ✧ ✧



વાંકી (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ વદ ૧૨
૦૮-૦૮-૧૯૯૯, રવિવાર

◆ સાધુ ધર્મની પરિભાવના કરે તે શ્રાવક ! એના યોગે જ એનું શ્રાવકપણું ટકે. એ દ્વારા જ એનામાં દીક્ષાયોગ્ય ૧૬ ગુણો પ્રગટે.

◆ પુરુષાર્થ જીવનો... અનુગ્રહ ભગવાનનો... ! ખૂટતા ગુણો ભગવાનના અનુગ્રહથી મળે.

◆ ચૈત્યવંદનાદિ વિધિ, જે દીક્ષા વખતે કરાય છે, તેનામાં એવી શક્તિ છે કે જેથી વિરતિના પરિણામ જાગે અને ટકે. જે ચૈત્યવંદનમાં ત્યારે આવી શક્તિ હોય તે ચૈત્યવંદનમાં અત્યારે કાંઈ જ શક્તિ ન હોય એવું બને જ શી રીતે ?

ચૈત્યવંદન એના એ જ છે !

દીક્ષા લઈને એવા જ પરિણામ હંમેશ માટે રહેતા હોય તો કોઈ શાસ્ત્રાદિ રચનાની કે ઉપદેશની જરૂર જ ન પડત, પણ પરિણામોમાં વધ-ઘટ થઈ શકે છે. માટે જ આ બધો પ્રયત્ન છે.

માટે જ સિંહ + શિયાળની ચતુર્ભંગી બતાવી છે.

પરિણતિ જીવોની આવી હોવાથી જ આ બધું બતાવ્યું છે.

◆ વ્યવહાર છોડો તો તીર્થ જાય.

નિશ્ચય છોડો તો તત્ત્વ જાય.

તીર્થ ક્લેવર છે, તત્ત્વ પ્રાણ છે.

પ્રાણહીન ક્લેવરની કિંમત નથી તેમ ક્લેવર વિના પ્રાણો પણ રહી શકતા નથી. વ્યવહાર જ નિશ્ચયને પ્રાપ્ત કરાવે છે. નિશ્ચયનું કારણ બને તે જ વ્યવહાર. વ્યવહારની સાપેક્ષતા જાળવી રાખે તે જ નિશ્ચય.

દીક્ષા-વિધિ વખતે કદાચ ચારિત્રના પરિણામ ઉત્પન્ન ન પણ થાય, પરંતુ તોય દીક્ષા-વિધિ નિષ્ફળ નથી. કારણ કે પછી પણ પરિણામ જાગી શકે છે. ન જાગે તો પણ દીક્ષાદાતા દોષિત નથી. તેમણે તો વિધિની જ આરાધના કરી છે. કદાચ એવું પણ બને. દીક્ષા પછી તે ઘેર જાય, તોય દીક્ષા-દાતા નિર્દોષ છે.

ભગવાન મહાવીરના હાથે દીક્ષિત નંદિષેણ જેવા પણ ઘેર ગયા છે. ભગવાન જાણતા હતા છતાંય દીક્ષા આપી. અલબત્ત, નંદિષેણના અતિઆગ્રહથી જ. વેશ્યાના ઘેર ૧૨ વર્ષ રહ્યા તોય ત્યાં રોજ ૧૦ને પ્રતિબોધ આપતા. ૧૨ વર્ષમાં લગભગ ૪૨ હજાર સર્વવિરતિધરો શાસનને આપ્યા. આ પણ ફાયદો જ થયો ને શાસનને ?

દીક્ષા આપતી વખતે ગુરુનો આશય 'એ સંસાર-સાગરથી પાર ઉતરે, મોહની જાળમાંથી છૂટે, એની મોક્ષયાત્રામાં હું સહાયક બનું.' એવો હોય.

'દોષ લાગશે, મૃષાવાદ લાગશે' એવા ભયથી આચાર્ય દીક્ષા આપવાનું બંધ કરે તો શું થાય ? શાસન અટકી પડે.

ભરતાદિને ગૃહસ્થપણામાં કેવળજ્ઞાન થયું તેમાં પર્વજન્મની આરાધના કારણ છે. ગૃહસ્થપણામાં કેવળજ્ઞાન થયું એ બરાબર, પણ ગૃહસ્થપણું એ કેવળજ્ઞાનનું કારણ નથી. કારણ તો પૂર્વભવની સાધુતાની સાધના જ છે, એમની પાટ પર ૮ રાજાઓને આરીસાભુવનમાં કૈવલ્ય થયું, ત્યાં પણ તેની પૂર્વભવની સાધના જ કારણ હતી, એમ સમજવું.

તમને દીક્ષા-વિધિ એટલા માટે બતાવીએ છીએ... જોતાં-જોતાં સાંભળતાં-સાંભળતાં તમને પણ દીક્ષાનો ભાવ જાગે.

સાધુની પ્રસન્નતા જોઈ તમને કાંઈ લાગતું નથી ? મહારાજ કેવા પ્રસન્ન રહે છે ! સાચે જ સાચું સુખ અહીં જ છે. માટે અહીં જ આવવા જેવું છે !

અધ્યાત્મસાર

ભક્તિ (= સમ્યગ્ દર્શન) સમ્યક્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર આપે ને અંતે મુક્તિ આપે છે. નવકાર અને લોગસ્સ આ બે જિનશાસનના પ્રસિદ્ધ ભક્તિસૂત્રો છે, એમ સમજો. નવકારમાં સામાન્ય જિનને નમન છે. લોગસ્સમાં નામગ્રહણ પૂર્વક વિશિષ્ટ જિનને નમન છે.

નામકીર્તન દ્વારા લોગસ્સમાં ભગવાનની ભક્તિ ગણધરો દ્વારા થયેલી છે. નમુત્થુણંમાં દ્રવ્ય-ભાવ જિનની અને અરિહંત ચેઈઆણંમાં સ્થાપના જિનની સ્તુતિ છે.

ભાવ જિન જેટલો ઉપકાર કરે, તેટલો જ ઉપકાર નામ-સ્થાપનાદિ જિન પણ કરે. ભાવજિન પણ બે પ્રકારે : આગમ, નોઆગમ. સમવસરણસ્થ જિનનો ધ્યાતા પણ આગમથી ભાવ નિક્ષેપે ભગવાન જ છે.

'જિનસ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે...'

ભક્તની ભક્તિ અને ભગવાનની શક્તિ, બંને મળે એટલે કામ થાય. ભક્તનો અનુરાગ વધે તેમ-તેમ ભગવાનનો અનુગ્રહ વધતો જ જાય.

યોગ્ય શિષ્ય દરેક વખતે ગુરુને આગળ કરે.

તેમ ભક્ત દરેક વખતે ભગવાનને આગળ કરે.

આવશ્યક નિર્યુક્તિમાં પ્રશ્ન છે : નમસ્કાર કોનો ગણાય ?

નમસ્કરણીય ભગવાનનો કે, નમસ્કાર કર્તા ભક્તનો ?

નમસ્કરણીય ભગવાનનો ગણાય, પણ આપણે પોતાનો જ માની બેઠા છીએ. અમુક નયથી કરનારનો પણ ગણાય, પણ ભક્તની ભાષા તો આ જ હોય : ભગવાનનું જ બધું છે !

ભક્ત ભગવાનનું માને, પણ ભગવાન પોતાનું ન માને. આપણે ભગવાનનો નય પકડીને બેસી ગયા.

ગુરુ કહી શકે : મેં નથી કર્યું.

ભગવાન કહી શકે : 'મેં કશું નથી કર્યું. જે કર્યું તે

તીર્થંકર નામકર્મ ખપાવવા કર્યું.' પણ એ વાક્ય આપણને જરાય ન શોભે. એમનો નય (દૃષ્ટિકોણ) આપણે પકડી લઈએ તો કૃતઘ્ન બની જઈએ.

'જેહ ધ્યાન અરિહંત કો, સો હી આતમધ્યાન.'

આ શ્વેતાંબર સંઘની પ્રણાલિકા છે. આત્મ ધ્યાન નહિ, પ્રભુનું ધ્યાન કરું છું, એમ જ બધા કહેશે.

હરિભદ્રસૂરિ કહે છે : હું ભગવાનને ઇચ્છાયોગથી નમસ્કાર કરું છું : 'નમસ્કાર હો !' નમસ્કાર કરનાર હું કોણ ?

ઉત્તમમાં ઉત્તમ તક મળે, આરાધનાના અવસરો મળે તે કોના પ્રભાવે ? ભગવાનના જ પ્રભાવે.

બાકી શરીરનો શો ભરોસો ? હમણાં જ મુન્દ્રાથી સમાચાર આવ્યા છે કે એકનું B.P. Down થઈ ગયું છે. ક્યાં છે આપણા હાથમાં બધું ?

નૈગમનય ભગવાનનો નમસ્કાર માને. નોકરે ઘોડો ખરીદ્યો, પણ ગણાય કોનો ? શેઠનો જ.

પરમાત્માનું ધ્યાન કરતાં આત્મધ્યાન આવવાનું જ છે.

◆ **ભોજનમાં ભૂખ ભાંગવાની શક્તિ જ ન હોય તો ભૂખ ભાંગે ? ફોંતરા ખાવાથી ભૂખ ભાંગે ? ભગવાનમાં મોક્ષ આપવાની શક્તિ જ ન હોય તો મોક્ષ આપે ?**

'બોધિ અને સમાધિ' તમને ભક્તિથી મળ્યા. તમે ભક્તિ કરી એટલે મળ્યા કે ભગવાને આપ્યા ?

ભગવાનના સ્થાને બીજાની ભક્તિ કરો... બોધિ-સમાધિ નહિ મળે.

હરિભદ્રસૂરિજીએ બધા જ દર્શનોનો યોગદૃષ્ટિ સમુચ્ચયમાં સમાવેશ કરીને જાણે કહ્યું : જૈન દર્શન તો બધા જ દર્શનોને પીને બેઠું છે !

◆ **પ્રશ્ન :** 'જયવીયરાયમાં' માર્ગાનુસારી વગેરે માંગવામાં આવ્યા, પણ જેને તે મળી ગયું છે તે શું કામ 'જયવીયરાય' બોલે ? ૬-૭ ગુણઠાણે રહેલો સાધુ... તેને માર્ગાનુસારિતાથી શું કામ ?

ઉત્તર : એ ગુણોને નિર્મળ કરવા.

✧ ✧ ✧ ✧ ✧



વાંકી (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ વદ ૧૩
૦૯-૦૮-૧૯૯૯, સોમવાર

◆ પંચવસ્તુકમાં લખેલી વિધિ (આગમની વિધિ જ લખી છે) આપણે જોઈ. આજે પણ આ પ્રમાણે જ વિધિ ચાલે છે, એ જાણીને કેટલો આનંદ થાય ? આપણી શુદ્ધ પરંપરા પર કેટલું માન જાગે ?

તમારામાં ભક્તિ આવી તો તે તમને બધી જ વખતે બચાવી લેશે. જ્ઞાનમાં અહંકાર કે કદાગ્રહ નહિ થવા દે. 'હું કહું છું તે જ સાચું, આ વિદ્વત્તાનો ગર્વ વિદ્વાનને હોઈ શકે, ભક્તને નહિ. પૂર્વ પુરુષોને યાદ કરવાથી વિદ્વત્તાનો ગર્વ દૂર થઈ શકે.

મહાન જૈનાચાર્ય કાલિકસૂરિ... વિશાળ ગચ્છના સ્વામી. અવિનીત શિષ્યોથી ત્રાસી ગયેલા. ભૂલો થતાં ટોકતા રહેવાથી સામેથી જવાબ આવવા લાગ્યા. આથી સંપૂર્ણ શિષ્યમંડળનો ત્યાગ કરીને શય્યાતરને, જણાવીને જતા રહ્યા. 'શિષ્યો બહુ જ આગ્રહ કરે તો જ જણાવવું, નહિ તો નહિ' - એમ શય્યાતરને જણાવેલું. સાગર નામના આચાર્ય, જે તેમના જ

પ્રશિષ્ય હતા, ત્યાં પહોંચી ગયા. સાગર આચાર્ય આ જાણતા નહોતા. જોરદાર વાચના આપી. પછી પૂછ્યું : 'વાચના કેવી લાગી ?' 'સરસ' પછી અંજલિમાંથી ઝરતા પાણીની જેમ આપણામાં પેઢી - દરપેઢીએ જ્ઞાન ઘટતું જાય છે, તે સમજાવ્યું. તીર્થંકરો પણ અભિલાપ્ય પદાર્થોમાંથી અનંતમો ભાગ જ કહી શકે. તેનો અનંતમો ભાગ શિષ્ય-પ્રશિષ્યાદિ ક્રમશઃ ગ્રહણ કરતા રહે. આવા અલ્પજ્ઞાનનો અભિમાન શો ?

પછી શિષ્ય પરિવાર આવતાં સાગરાચાર્યને ખબર પડતાં પગે પડી ખમાવ્યા. ત્યાં સુધી તો 'આ વૃદ્ધ મુનિ છે.' એવું જ માની બેઠેલા.

◆ દેવવંદન - ચૈત્યવંદનાદિ વિના દીક્ષા-વિધિ થતી નથી. એનો અર્થ જ એ કે ભક્તિમાર્ગ એ જ વિરતિનું પ્રવેશદ્વાર છે.

દીક્ષા જીવનમાં ૪વાર સજઝાય જ્ઞાનયોગ માટે, સાત વાર ચૈત્યવંદન ભક્તિયોગ માટે છે, તે જ્ઞાનથી ભક્તિ મહાન છે, તેમ જણાવે છે.

પ્રશ્ન : 'સુંદર મજાની સામગ્રી ઋદ્ધિ-સમૃદ્ધિ હોવા છતાં પાપોદયના કારણે તે છોડવાનું મન થયું. પૂર્વભવમાં દાન ન આપ્યું તે જ કારણે આ ભવમાં ઘેર-ઘેર ભિક્ષા જવું પડે છે, એમ કેટલાક માને છે - તે અંગે આપ શું કહો છો ?

(સં. ૨૦૧૭, રાજકોટ, દિગંબર પંડિત, કાનજીસ્વામીના ભક્તોએ બોલાવેલો. પરાસ્ત કરવા માટે અમારી પાસે આવ્યો. પંડિતાઈ પ્રદર્શિત કરતાં કહ્યું : 'આપ સે હમ ઉંચે હૈ ।'તે વખતે હું કાંઈ બોલ્યો નહિ, પણ નક્કી કર્યું કે ન્યાયનો અભ્યાસ કર્યા વિના હવે રહેવું નથી.)

'ક્યાંય ઠેકાણું નહિ ! રખડવાનું જ લલાટે લખાયેલું ! આમાં ક્યાં ધર્મ થાય ? રહેવા, ખાવા-પીવા વગેરેની વ્યવસ્થામાંથી ઉંચા અવાય તો ધર્મધ્યાન થાય ને ? કપડા-મકાન તો ઠીક, ઉચિત સમયે ભોજન પણ ન મળે. આવી સ્થિતિ પાપના ઉદય વિના ન જ આવી શકે ને ? માટે ગૃહસ્થપણામાં રહીને જ પરોપકારના કામ થતા રહે તે જ

સાચો ધર્મ' આ છે એક અન્યનો મત.

ઉત્તર : તમે 'પાપના ઉદયથી દીક્ષા મળે છે.' એમ કહો છો. અમે પૂછીએ છીએ : 'પુણ્ય-પાપ એટલે શું ?' 'ભોગવતાં સંકલેશ થાય તે પાપ, સાતા રહે તે પુણ્ય.' એ જ સાચું લક્ષણ છે. પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી જ ગૃહસ્થત્વનો ત્યાગ થાય. પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તે જ સંસાર છોડી શકે.'

પુણ્ય-પાપની સંકલેશ-અસંકલેશરૂપ આ વ્યાખ્યા કરી. હવે વિચારો : વધુ સંકલેશ તો ગૃહસ્થપણામાં છે. સાધુને સંકલેશનો અંશ પણ નથી. બહારથી સારા દેખાતા મોટા પુંજીપતિઓ અંદરથી કેટલા દુઃખી હોય છે, તે તમે જાણો છો ?

દુનિયાના સૌથી શ્રીમંત વ્યક્તિએ એક પ્રશ્નના જવાબમાં કહેલું : દુનિયામાં સૌથી વધુ દુઃખી હું છું. અહીં સુખ ક્યાં છે ?

જોધપુરમાં એક ઘરે મુમુક્ષુપણામાં ગયેલો. એ શ્રીમંત ભાઈએ સન્માન કરીને મને શત-શત ધન્યવાદ આપીને કહ્યું : તમે સાચા માર્ગે છો. અમારે તો ધંધો વધ્યો છે તેમ ચિંતાનો કોઈ પાર રહ્યો નથી. ચિન્તા... ચિન્તા... ચિન્તા... એ માણસ જોધપુરનો મોટો શ્રીમંત હતો.

શશીકાન્તભાઈ : આજે ઉદ્યોગપતિ ઉદ્વેગપતિ છે.

એકભાઈ સુખી માણસ શોધવા નીકળેલો. સુખીમાં સુખી જૈન સાધુ છે. એમ જાણીને એ ભાઈ, ઘણી રખડપટ્ટી પછી જૈન મુનિ જંબૂવિજયજી મ. પાસે પહોંચ્યો. બે દિવસ સુધી સાધુચર્યાનું નિરીક્ષણ કર્યું. પૂછ્યું : આજીવિકાનું શું ? કેટલી મૂડી ?

'हम न पैसे रखते है, न छूते है, न स्त्री को छूते है, न पानी को । संघ की व्यवस्था ही ऐसी है कि भोजनकी चिन्ता नहीं रहती ।' પેલો સ્તબ્ધ થઈ ગયો.

મને પણ કહેવામાં આવેલું : 'તમે દીક્ષા લો છો ? એ પણ ગુજરાતમાં ? ત્યાં શું છે ? સાધુઓ તો દાંડે-દાંડે લડે છે.' મેં એક જ જવાબ આપેલો : 'આપ ભલા તો જગ ભલા !'

તમે જુઓ છો : અહીં આવીને મેં ઝગડા નથી કર્યા.

હા... ઝગડા મીટાવ્યા છે ખરા.

સં. ૨૦૨૩ - મનફરામાં ઝગડા ઘણા ! મેં કહી દીધું : ઝગડામાં પ્રતિષ્ઠા નહીં થાય. સાધુ-સાધ્વીને ગોચરી બંધ કરવાની વાત કરી. ત્યારે ઝગડા પતાવવા સંમત થયા. ઝગડો પત્યો. પ્રતિષ્ઠા થઈ. બેણપમાં ૧૨ વર્ષનો ઝગડો પત્યો.

શશીકાન્તભાઈ : તો તો ઝગડાવાળા સંઘોમાં આપને બોલાવવા પડશે.

ઉત્તર : માનવાની તૈયારી હોય તો બોલાવજો. નહિ તો કોઈ મતલબ નહિ.

બેણપમાં અચાનક ખબર પડી. ઝગડા છે. મોટા આચાર્યથી નથી પત્યા. ભગવાનની કૃપાએ ઝગડો મટ્યો.

'સાધુ સદા સુખીયા ભલા, દુઃખીયા નહિ લેવ લેશ;
અષ્ટકર્મને વારવા, પહેરો સાધુનો વેષ.'

આ તમે બોલો છો ખરા, પણ ક્યારે ? કપડા બદલતી વખતે - સંસારીનો વેષ પહેરતી વખતે !

સાધુ પાસે સમતાનું, નિર્ભયતાનું, ચારિત્રનું, ભક્તિનું, મૈત્રીનું, કરુણાનું, જ્ઞાનનું સુખ છે. મૈત્રીની મધુરતા, કરુણાની કોમળતા, પ્રમોદનો પમરાટ, મધ્યસ્થતાની મહાનતા હોય તેવું આ સાધુજીવન પુણ્યહીનને જ ન ગમે.

✧ ✧ ✧ ✧ ✧

'હમણા પોણા નવ વાગે જ આઘાતજનક સમાચાર મળ્યા કે પૂ. આચાર્યશ્રી કલાપૂર્ણસૂરિજી મહારાજ કેશવણા મુકામે સવારે ૭.૨૦ વાગે કાળધર્મ પામ્યા છે' સમાચાર સાંભળી દિલ ધડકી ગયું... ખેદ થયો... વર્તમાનકાળમાં પહેલી હરોળના શ્રેષ્ઠ આચાર્ય ભગવન્ત પરમાત્માના અદ્ભુતભક્ત, જબ્બર પુણ્યના સ્વામી - આરાધક આચાર્યદેવની શ્રીસંઘને ન પુરાય તેવી ખોટ પડી ગઈ. અનેક અમંગળ એંધાણીઓમાં પૂજ્યશ્રીની ઉપસ્થિતિ જ અમંગળોને દૂર કરનારી હતી ।

- એજ... ઉપા. વિમલસેનવિજય
પંન્યાસ નંદીભૂષણવિજય
મ.સુ. ૫, મલાડ.



વાંકી (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ વદ ૧૪
૧૦-૦૮-૧૯૯૯, મંગળવાર

◆ શ્રાવક ધર્મ, સાધુ ધર્મનો પૂર્વાભ્યાસ છે. શ્રાવક ધર્મનું પાલન કરતો કરતો હું સાધુ ધર્મને યોગ્ય બનું, એવી શ્રાવકની ભાવના હોય.

◆ સંસારનું ચક્ર ચાલુ રહે છે - પ્રભુની આજ્ઞાના વિરાધનથી.

સંસારનું ચક્ર અટકે છે - પ્રભુની આજ્ઞાના આરાધનથી.

આશ્રવ સંસારનો, સંવર મુક્તિનો માર્ગ છે.

આ ભગવાનની આજ્ઞા છે. નિઃશંક બનીને પ્રભુની આ આજ્ઞા પાલન કરનાર અવશ્ય સંસાર તરી જાય છે.

◆ ચિત્તમાં સંકલેશ હોય ત્યાં સુધી સ્થિરતા નથી આવતી. સ્થિરતા ન આવવાના કારણે પ્રભુમાં મન લાગતું નથી.

હિંસાદિના કારણે ગૃહસ્થોનું મન સંક્લિષ્ટ રહે છે માટે જ સંયમનું સંપૂર્ણ પાલન થઈ શકતું નથી. જો થઈ શકતું હોય તો તીર્થંકરો કે ચક્રવર્તીઓ સંસારનો ત્યાગ કરત નહિ.

આત્માના અનંત ખજાનાથી વંચિત રાખવા જ મોહરાજાએ તમને એકાદ લાખ કે ક્રોડની લાલચ આપી છે.

હિંસાથી ચિત્ત કલુષિત થાય. અહિંસાથી નિર્મળ થાય.

હિંસા એટલે પર-પીડન !

પ્રમાદ પણ હિંસા... ખાસ કરીને સાધુ માટે.

ગૃહસ્થો માટે આરંભ... પરપીડન એટલે હિંસા...

પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિનો ભોગ લઈને આપણે જીવીએ અને જરૂર પડે ત્યારે તેના માટે કાંઈ નહિ કરવું ? માણસનું કર્તવ્ય છે કે તે પોતાનાથી નબળાનું રક્ષણ કરે.

પ્રણિધાનનો અર્થ છે : પોતાનાથી હીન જીવો પર કરુણા સાથે ભાવાર્દ્ર બનતું મન !

અધિક ગુણી પ્રત્યે પ્રમોદ. સર્વ જીવો સાથે મૈત્રી.

સ્વજનના સુખે તમે સુખી, દુઃખે દુઃખી થાવ છો. સ્વજનોનો સંબંધ તમે છોડતા નથી. ભગવાન કહે છે : જગતના સર્વજીવો તમારા સ્વજનો જ છે. એમની સાથે તમે સંબંધનો છેડો ફાડી શકો નહિ. મારે શું લેવા દેવા જીવો સાથે ? - એમ તમે કહી શકો નહિ. તમારી જવાબદારીથી છટકી શકો નહિ. છટકવા પ્રયત્ન કરો તો ડબ્બલ સજા મળે.

जीव + अस्ति + काय = जीवास्तिकाय ।

અનંત જીવોના + અનંત પ્રદેશોનો + સમૂહ = જીવાસ્તિકાય !

આમાંથી એક પણ જીવ કે એક જીવનો એક પ્રદેશ પણ બકાત રખાય તો જીવાસ્તિકાય ન કહેવાય. એમ ભગવતી સૂત્રમાં ભગવાને કહ્યું છે.

ભગવાને કોઈને બકાત નથી રાખ્યા, આપણે બધાને બકાત રાખ્યા; આપણી જાત સિવાય.

જીવમાત્ર સાથે સ્નેહભાવ - આત્મભાવ - મૈત્રીભાવ રાખ્યા વિના ધ્યાન લાગી શકતું નથી. એ ધ્યાન નહિ, ધ્યાનાભાસ હોઈ શકે.

સર્વ જીવો સાથે આત્મતુલ્ય વર્તન કરવું, **आत्मवत् सर्व-भूतेषु** - આમ જૈનેતરોનું પણ કથન છે.

નિર્મળતા વિના સ્થિરતા નહિ, સ્થિરતા વિના તન્મયતા નહિ.

શ્રાવક જીવનમાં ધ્યાન કરાય નહિ તેમ નહિ, પણ નિશ્ચલ ધ્યાન ન આવે, ધ્યાન-અભ્યાસ જરૂર થઈ શકે. સંયમથી જ નિશ્ચલ ધ્યાન આવે. નિર્વાત દીપ જેવા ધ્યાન માટે તો સંયમ જ જોઈએ.

અહિંસાથી પર જીવો સાથેનો સંબંધ.

સંયમથી સ્વ સાથેનો સંબંધ સુધરે છે.

જીવોની હિંસા કરીને તમે તમારા જ ભાવપ્રાણોની હત્યા કરો છો. કરુણા કોમળતા સમ્યગ્દર્શનના ગુણો છે. તેનો નાશ થાય છે. જેટલા અંશે અહિંસા તેટલા અંશે નિર્મળતા આવે જ.

દીક્ષા લેતાં મેં પહેલા પૂછાવ્યું : મને ધ્યાન માટે ૪-૫ કલાક મળશે ?

'તો ગુફામાં ચાલ્યા જાવ' પૂ. કનકસૂરિજીનો જવાબ આવ્યો.

પરોપકાર એ સ્વોપકારથી જુદો નથી. પરોપકાર સ્વોપકાર એક જ છે. માટે તીર્થંકરો દેશના દ્વારા પરોપકાર કરતા રહે છે.

અહિંસા - સમ્યગ્ દર્શન

સંયમ - સમ્યગ્ જ્ઞાન

जीवाजीवे अयाणंतो कहं सो नाहीइ संजमं ?

તપ - સમ્યક્ ચારિત્ર.

ઉપકરણોને જયણાપૂર્વક લેવા - મૂકવાની ક્રિયા તે અજીવ સંયમ છે.

૧૭ અસંયમને જીતવા તેનું નામ સંયમ.

(૫ ઇન્દ્રિય, ૪ કષાય, ૫ અવ્રત, ત્રણ યોગ આ ૧૭)

ત્રણ યોગ ગૃહસ્થપણામાં ધર્મપ્રવૃત્તિ કરો ત્યારે જ શુભ... નહિ તો નહિ.

◆ અઢાર હજાર શીલાંગ યાદ રાખવા તદ્દન સરળ છે.

એકેન્દ્રિયના પાંચ ભેદ.

બેઈ. - તેઈ. - ચઉ. - પંચેં. + અજીવ =૧૦ પ્રકારે જયણા કરવાની.

એક દાંડો લેતાં જયણા ન કરી તો ૧૮ હજારમાંથી સીધા બે હજાર જાય.

અજીવ સાથે પણ જયણાપૂર્વક વર્તવાનું છે. પૂ. દેવેન્દ્રસૂરિજીને અમે જોયા છે. સાંજ પડ્યે પોથી વગેરેને વીંટીને જયણાપૂર્વક મૂકી દેતા.

સાધુ આહારાદિ ૪ સંજ્ઞાનો વિજેતા હોય. સંજ્ઞા દ્વારા સંચાલિત પશુ હોય, સાધુ તો સંજ્ઞા પર નિયંત્રણ કેળવે.

૪ સંજ્ઞાથી ૧૦ને ગુણતાં ૧૦ x ૪ = ૪૦

૪૦ x ૫ ઇન્દ્રિય = ૨૦૦

૨૦૦ x ૧૦ યતિધર્મ =૨૦૦૦ (એટલે મેં દાંડો નહિ પડિલેહતાં ૨૦૦૦ જાય એમ કહેલું)

૨૦૦૦ x ૩ યોગ = ૬૦૦૦

૬૦૦૦ x ૩ (કરણ, કરાવણ, અનુમોદન) = ૧૮ હજાર.

આ ૧૮૦૦૦ શીલાંગ છે. ૧૮ હજાર શીલાંગ માટે બીજી પણ અનેક રીતો છે.

◆ તમે બીજાને અભયદાન આપો તો તમે સ્વયં નિર્ભય બનો જ.

પાલીતાણામાં કુંદકુંદવિજયજીએ કાલગ્રહણ લેવા હાથમાં મોરપીંછ લેતાં છૂપાયેલો સાપ ભાગ્યો. આજ્ઞાની પાછળના આ રહસ્યો છે.

આપણે આહારી, પ્રભુ અણાહારી છે. તપ કરતાં આપણે પ્રભુ સાથે સંબંધ બાંધીએ છીએ. આથી જ ઉપવાસના દિવસે મન તરત ચોંટે છે. કારણ કે, ચિત્ત નિર્મળ હોય છે. તપ સાથે જપ કરવામાં આવે તો સોનામાં સુગંધ ભળે છે.

◆ **ભક્તિ :**

દૂર રહેલા ભગવાનને હૃદયમાં ધારણ કરવાની કળા તે ભક્તિ. ભગવાન ગમે તેટલા સમર્થ હોય, પણ છેવટે ભક્તિને આધીન છે.

સર્વ જીવો પર ભગવાનની અનંત કરુણા વહી રહી છે. એમણે આપણી સાથે છેડો ફાડી નાખ્યો નથી. ફાડે પણ શી

રીતે ? એમને ભગવાન બનાવનાર સર્વ જીવો જ છે. માટે આપણે ભક્તિ કરીએ અને ભગવાન તરફથી કોઈ પ્રતિભાવ ન આવે, એવું બને જ નહિ.

ભક્ત હઠ પકડે તો ભગવાનને આવવું જ પડે. ખરેખર તો આવેલા જ છે. આપણે આવેલા ભગવાનને જાણતા નથી. ભક્ત હઠ દ્વારા આવેલા ભગવાનને ઓળખી લેવાની કળા સાધી લે છે.

અનુત્તર વિમાનવાસી દેવના પ્રશ્નનો જવાબ ભગવાન દ્રવ્ય મનને પ્રયોગ કરીને આપે, તો આપણને કોઈ જ જવાબ ન આપે, એવું બને જ શી રીતે ?

ભગવાન કાંઈ કૃષ્ણ કે મહાદેવના રૂપમાં નથી આવતા, પણ આનંદરૂપે આવે છે. ભગવાન આનંદમૂર્તિ છે, સચ્ચિદાનંદ છે. જ્યારે જ્યારે તમે આનંદથી ભરાઈ જાવ છો ત્યારે ત્યારે સમજી લેજો : ભગવાને મારામાં પ્રવેશ કર્યો છે.

ભગવાનની શરત આટલી જ છે : તમે મારા ધ્યાન વખતે બીજાનું ધ્યાન નહિ ધરતા. એકાગ્રપણે મારું જ ધ્યાન ધરશો તો હું આવવા તૈયારજ છું. મેં ક્યારે ના પાડી ? ખરેખર તો તમારા કરતાં હું વધુ આતુર છું.

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક તો જાણે કલ્પવૃક્ષ છે.

- સા. યશોજ્વલાશ્રી
બીલીમોરા

✧ ✧ ✧ ✧ ✧


લાગે છે : આપના આ પુસ્તકો અમર થઈ જવાના.

- સા. પ્રફુલ્લપ્રભાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી મારા જીવનમાં ઘણા ફાયદા થયા.

- સા. મુક્તિરેખાશ્રી
નવસારી



વાંકી (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

અષાઢ વદ ૦))
૧૧-૦૮-૧૯૯૯, બુધવાર

◆ પ્રભુનો વિનય, ગુરુની સેવા આદિ જેમ વધે તેમ તેમ આત્મગુણો પ્રગટે, પ્રગટેલા નિર્મળ બને.

એક પણ ગુણ પ્રભુના અનુગ્રહ વિના આપણે પામી શકીએ નહિ.

◆ સમ્યગ્ દર્શનાદિ ત્રણેય સાથે મળે તો જ મુક્તિનો માર્ગ બને. એક પણ ઓછું હોય તે ન ચાલે.

રત્નત્રયીની પ્રાપ્તિ તત્ત્વત્રયી દ્વારા થાય છે.

તત્ત્વત્રયી (દેવ-ગુરુ-ધર્મ) રત્નત્રયી ખરીદવાની દુકાનો છે. ત્યાંથી ક્રમશઃ દર્શન - જ્ઞાન - ચારિત્ર મળે છે.

શીરો તૈયાર કરવા લોટ, ઘી, સાકર જોઈએ, તેમ મોક્ષ મેળવવા સમ્યગ્ દર્શનાદિ ત્રણેય જોઈએ.

ભગવાન કહે છે : મારી ભક્તિ કરવા ચાહતા હો તો મારા પરિવાર (સમગ્ર જીવરાશિ) ને તમારા હૃદયમાં વસાવો. એ વિના હું ખુશ થવાનો નથી.

◆ પ્રશ્ન હતો કે પાપના ઉદયથી દીક્ષા લેવાનું મન

થાય, સુખ છોડીને દુઃખમાં પડવાનું મન થાય.

ઘેર ઘેર ભિક્ષા માટે ફરતા, લોચ કરાવતા, તડકામાં ખુલે પગે ઘુમતા જૈન સાધુને જોઈ કોઈ જૈનેતરને પાપનો ઉદય લાગે તે સ્વાભાવિક છે.

આચાર્યશ્રી જવાબ આપતાં કહે છે : જે ભોગવતાં સંક્લેશ થાય તે પાપ, સંક્લેશ ન થાય તે પુણ્ય. ગૃહસ્થને તો પળે-પળે સંક્લેશ છે. સૌ પ્રથમ ગૃહસ્થને પૈસા જોઈએ. પૈસાની કોઈ ખાણ નથી. વેપાર, ખેતી કે મજૂરી બધે જ સખત મહેનત કરવી પડે છે. અહીં સંક્લેશ નથી થતો ? પૈસા કમાતાં સંક્લેશ ન થતો હોય, અશાંતિ ન જ થતી હોય, એવું કોઈ કહી શકશે ? સંક્લેશ હોય ત્યાં દુઃખ એમ તમે જ કહ્યું. તો હવે ગૃહસ્થને પાપનો ઉદય ખરો કે નહિ ?

ગમે તેટલું મળ્યું હોય છતાં હજુ વધારે મેળવવાની તૃષ્ણા છે, તે સંક્લેશ ખરો કે નહિ ? ઇચ્છા, આસક્તિ, તૃષ્ણા આ બધા સંક્લેશના જ ઘરો છે.

સાધુને આવો સંક્લેશ નથી હોતો, સર્વ પરિસ્થિતિમાં સંતોષ હોય છે. સંતોષ એ જ પરમ સુખ છે.

જે લક્ષ્મીમાં આસક્તિ થાય તે પાપાનુબંધી પુણ્યના પ્રભાવે મળેલી છે, એમ માનજો.

મૂર્ચ્છા સ્વયં દુઃખ છે. મૂર્ચ્છા મહાન સંક્લેશ છે. આ અર્થમાં મોટા રાજા-મહારાજાઓ પણ દુઃખી છે. માણસ જેટલો મોટો, સંક્લેશ પણ એટલો જ મોટો ! સંક્લેશ મોટો તેટલું દુઃખ પણ મોટું ! મોટા રાજકારણીઓનું જીવન જોઈ લો.

'શત્રુ રાજા ચડી આવશે તો ? ચલો, મોટો કિલ્લો બનાવીએ. શત્રુને હંફાવીએ.' આવી ચિંતા અગાઉ રાજાઓને રહેતી.

આજે હરીફ રાજકારણીને હરાવવા - હંફાવવા, વોટ મેળવવા, પ્રતિપક્ષી દેશને હરાવવા, અણુબોંબ બનાવવા વગેરે અનેક સંક્લેશો દેખાય જ છે.

પ્રશ્ન : સાધુપણું આટલું ઉંચું હોવા છતાં તે લેનારા થોડા, તેનું કારણ શું ?

ઉત્તર : ભાઈ ! ઝવેરીની દુકાન ઓછી જ હોય. શાકભાજીની જ ઘણી હોય. છતાં એમાંય ઓછા સાધુઓમાં ઉચ્ચકોટિનું સાધુપણું પાળનારા બે-ત્રણ જ હોય. આ કાળ જ એવો છે. મહાવિદેહ ક્ષેત્રોમાં ક્રોડો છે.

હું સંખ્યા - વૃદ્ધિના મતનો નથી. ન સચવાય તો રાખવા ક્યાં ? ઢોરો માટે તો પાંજરાપોળો છે, પણ અહીં પાંજરાપોળો નથી.

પૂ. ભદ્રંકરવિજયજી પંન્યાસજીએ કહેલું : કોઈ બાબત માટે ચિન્તા નહિ કરવી. કેવળીએ જોયું છે તે જ થઈ રહ્યું છે. આપણે કેવળીથી પણ મોટા છીએ ? એમનાથી અન્યથા થવું જોઈએ, એવું વિચારનારા આપણે કોણ ?

આજે ઘેર ઘેર T.V. છે. નાનપણથી જ T.V. જોનારી આજની પેઢી, અમારી પંક્તિમાં ક્યાં બેસે ?

આવા યુગમાં આટલા દીક્ષિત થાય છે તે પણ સૌભાગ્યની વાત છે. મોટા વેપારીઓ વગેરે સુખેથી ભોજન પણ કરી શકતા નથી, મળેલું સુખ પણ ભોગવી શકતા નથી. 'નથી મળ્યું'ની ચિંતામાં જે 'છે' તે પણ ચાલ્યું જાય છે, એવી ચિન્તાવાળો દીન હોય, પેટ ભરવા પૂરતું પણ ઘણાને ન હોય, ઘણાને વ્યાજની ચિંતા હોય.

ઉપરથી ઘણા સારા દેખાતા અંદરથી ખોખલા થઈ ગયેલા હોય. અમારી પાસે વેદના ઠાલવે ત્યારે ખ્યાલ આવે.

આને પુણ્યોદય કહીશું તો પાપોદય કોને કહીશું ?

જેના દ્વારા અનાસક્તિ મળે, સંકલેશ ન હોય, તે પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. દા.ત. શાલિભદ્ર, ધન્નાજી આદિ.

અધ્યાત્મસાર : ભક્તિ

ભગવાનની ભક્તિ કદી જ નિષ્ફળ જતી નથી.

ભક્તિ વધે તેમ આત્માના આનંદની, આત્માનુભૂતિની શક્તિ વધે; એમ દેવચન્દ્રજીનો સ્વાનુભવ છે.

બધું સુલભ છે, ભક્તિ દુર્લભ છે. મહાપુણ્યોદયે જ ભગવાન પર પ્રેમ જાગે, પછી ભક્તિ ઉભરાય, ત્યારબાદ તેમની આજ્ઞા પાળવાનું મન થાય.

પ્રભુ પ્રત્યેનો સાચો પ્રેમ ભક્તને સાધુ બનાવે, છેવટે પ્રભુ બનાવે એમાં નવાઈ શી ?

ઈયળ ભમરીના ધ્યાનથી, ભમરી બને, તેમ પ્રભુનું ધ્યાન કરનારો પ્રભુ બને. આમ પણ કુદરતી નિયમ છે : જે જેનું ધ્યાન કરે, તે તેવો બને જ. જડનું ધ્યાન કરનારો એટલે સુધી 'જડ' બને કે એકેન્દ્રિયમાં પહોંચી જાય. આત્માની સૌથી અજ્ઞાનાવસ્થા એકેન્દ્રિયમાં છે. મરીને એવું ઝાડ બને, જે પોતાના મૂળ નિધાન પર ફેલાવે. અમુક વનસ્પતિ માટે કહેવાય છે કે એના મૂળીયા નીચે નિધાન હોય છે.

આગમથી ભાવ નિક્ષેપે, જેટલા સમય સુધી તમે પ્રભુનું ધ્યાન ધરો છો, તેટલા સમય સુધી તમે પ્રભુ જ છો.

પેલી દીકરાની વહુએ આંગતુકને કહી દીધેલું : શેઠ મોચીવાડે ગયા છે. ખરેખર તો શેઠ સામાયિકમાં હતા, પણ મન જોડામાં હતું. મોચીવાડામાં હતું, તે વહુ સમજી ગયેલી.

જ્યાં આપણું મન હોય, તે રૂપે જ આપણે હોઈએ છીએ.

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યપાદ અધ્યાત્મયોગી સૂરિદેવના કાળધર્મના સમાચાર હમણાં જ સાંભળ્યા । આંચકો અનુભવ્યો । દેવવંદન કર્યું ।

પૂજ્યશ્રીની વિદાયથી માત્ર આપના સમુદાયને જ ખોટ પડી છે એવું નથી । અમપણે બધા દરિદ્ર બન્યા છીએ... આપ સહુની વેદનામાં અમારું પણ સમવેદન જાણશો ।

આપના ઉપર આવી પડેલી જવાબદારી સુંદર રીતે વહન કરવાનું સામર્થ્ય આપને મળી રહે એ જ પ્રભુ પાસે પ્રાર્થના ।

મહાપુરુષોની અણધારી વિદાય શૂન્યતા થોડ઼ી વાર ઉભી કરે છે । પરંતુ તેઓ દિવ્ય રૂપે અનેક ગણી વધુ શક્તિ સાથે આપણી સાથે હોય છે... આપને પણ આ વાતની પ્રતીતિ થશે જ...

આપ સ્વસ્થ બની જશો । સંઘને નિશ્રા આપી પાલીતાણા પધારો...

- એજ... મુનિચંદ્રસૂરિની અનુવંદના

મ.સુ. ૪, ગાંધીનગર.



ભાંડુ (કચ્છ) ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૫

શ્રાવણ સુદ ૧
૧૨-૦૮-૧૯૯૯, ગુરુવાર

◆ જે ગ્રંથ આપણે વાંચતા હોઈએ, તેના કર્તા પ્રત્યે બહુમાન વધવાથી આપણે તે ગ્રંથના રહસ્યો સમજી શકીએ.

અસલમાં જ્ઞાન નથી ભણવાનું, વિનય ભણવાનો છે. ગુરુ નથી બનવાનું, શિષ્ય બનવાનું છે.

આમાં જ્ઞાન કરતાં વિનય ચડી જાય, તો હું શું કરું ? જ્ઞાનીઓએ જ વિનયને આટલી પ્રતિષ્ઠા આપી છે. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન આદિ જોઈ લો.

ડીસામાં (વિ.સં. ૨૦૪૦) એક માળી રોજ વ્યાખ્યાનમાં આવે. એકવાર કહ્યું : હું જે પ્રશ્નો પૂછવા માંગતો હોઉં, તે પ્રશ્નોના જવાબ સ્વયમેવ વ્યાખ્યાનમાં મળી જાય છે. આવો કેટલીયે વખત અનુભવ થયો છે.

આ વ્યક્તિનો નહિ, જિનવાણીનો પ્રભાવ છે.

જિનવાણી પર બહુમાન વધવું જોઈએ.

અત્યાર સુધી સંસારમાં કેમ ભટક્યા ?

'**जिणवयणमलहंता**' જિનવચન મેળવ્યા વિના !

◆ એક એવો પણ મત છે, જે માને છે : સાધુ કરતાં ગૃહસ્થાશ્રમ શ્રેષ્ઠ છે : 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ !' પાપના ઉદયથી તેને છોડવાનું મન થાય છે. આવા મતનું નિરાકરણ હરિભદ્રસૂરિજીએ પંચવસ્તુકમાં કર્યું છે.

અઢારેય પાપ છોડનારને પુણ્યશાળી કહેવાય કે પાપી ? આ પુણ્યોદય કે પાપોદય ? હરિભદ્રસૂરિ પ્રશ્નને મૂળમાંથી પકડે છે : પુણ્ય શું ? પાપ શું ? અસંક્લેશ એટલે પુણ્ય. સંક્લેશ એટલે પાપ. સ્વાભાવિક છે કે ગૃહસ્થો પાસે ગમે તેટલી સમૃદ્ધિ હોય, છતાં સંક્લેશ ન હોય એવું ન જ બને. વધુ સમૃદ્ધિ તેમ વધુ સંક્લેશ ! જ્યાં સંક્લેશ હોય, આસક્તિ હોય, ત્યાં પુણ્યોદય કેવો ?

સામગ્રીમાં આસક્તિ હોય તો સમજવું : પાપાનુબંધી પુણ્ય. ચક્રવર્તી બ્રહ્મદત્તની પુણ્યાઈ કેટલી હતી ? સમૃદ્ધિ કેટલી હતી ? પણ આસક્તિ કેટલી હતી ? એ આસક્તિ એને ક્યાં લઈ ગઈ ? ૭મી નરકે !

'परस्पृहा महादुःखं, निःस्पृहत्वं महासुखम्'

- ज्ञानसार

સુખ અને દુઃખની આ સીધી - સરળ વ્યાખ્યા છે.

ઈચ્છાથી મળતી વસ્તુ દુઃખ જ આપે. ઈચ્છા વિના સહજરૂપે મળી જાય તેમાં નિર્દોષ (અનાસક્ત) આનંદ હોય.

સંસારની પ્રાપ્તિ ઈચ્છા દ્વારા થાય છે.

ઈચ્છાનો ત્યાગ કરવાથી મોક્ષ મળે છે. ખરેખર તો ઈચ્છાનો ત્યાગ એ જ મોક્ષ છે.

ઈચ્છા સ્વયં બંધન છે, સંસાર છે. ઈચ્છાનો ત્યાગ મોક્ષ છે.

◆ હમણા ૬ મહિના પહેલા નવી મુંબઈ નેરૂલમાં અંજનશલાકા વખતે નાના છોકરાઓએ નાટક ભજવેલું, 'ટેન્શન-ટેન્શન' જેમાં બધા જ (વકીલો, ડૉકટરો, શ્રેષ્ઠીઓ) ટેન્શનવાળા છે, સાધુ જ ટેન્શન મુક્ત છે, એવું બતાવાયેલું.

દીક્ષિતને છે કોઈ ટેન્શન ? નો ટેન્શન, નો ટેન્શન, નો ટેન્શન.

વિષયોની ઈચ્છા પણ દુઃખદાયી હોય તો વિષયોનું સેવન શું કરે ?

જે વૃક્ષની છાયા પણ કષ્ટદાયી હોય તો

તે વૃક્ષના ફળોની તો વાત જ શી ?

નિર્ણય તમારે કરવાનો છે : સ્પૃહા જોઈએ કે નિઃસ્પૃહતા ? એકાન્તમાં વિચારજો. આત્માને પૂછજો.

જે ટેન્શન, જે પ્રયત્ન, જે કષ્ટ તમે સંસારના માર્ગે સહો છો તેમાંનો થોડોક જ પુરુષાર્થ જો આ બાજુ સાધનાના માર્ગે કરવામાં આવે તો ?

પ્રશ્ન થઈ શકે : સંસારની જેમ ઈચ્છા છે, તેમ મોક્ષની પણ ઈચ્છા છે. તો ફરક શો પડ્યો ?

અમે કહીએ છીએ : તમે મોક્ષ શું છે ? એ જ સમજ્યા નથી. મોક્ષ એટલે જ ઈચ્છાનો ત્યાગ ! બધા જ પ્રકારની ઈચ્છાઓ ટળે પછી જ મોક્ષ મળે.

ઈચ્છા અને મોક્ષ ? બંને પરસ્પર વિરોધી છે. હા, બહુ બહુ તો તમારી ભાષામાં આટલું કહી શકાય : મોક્ષ એટલે ઈચ્છારહિત બનવાની ઈચ્છા ! જો કે, પછી તો ઈચ્છારહિત બનવાની ઈચ્છા પણ છોડવી પડે છે.

અસદ્ ઈચ્છાને જીતવા સદ્ ઈચ્છા જોઈએ જ. દીક્ષા લઈને ભણવાની, તપ કરવાની કે સાધનાની ઈચ્છા તો હોવી જ જોઈએ.

પ્રશ્ન : સાધુ આટલા કષ્ટ સહે તો તેમને અનુભૂતિનું, આત્મિક સુખ, અનારોપિત સુખ કેવું હોય ? કેટલું હોય ?

ઉત્તર : સંસારનું સુખ આરોપિત છે. કોઈપણ વસ્તુમાં ઇષ્ટ-અનિષ્ટની કલ્પના અવિદ્યાજન્ય છે. ખરેખર કોઈ પણ વસ્તુ સુખ કે દુઃખ આપનાર નથી. આપણી અવિદ્યા ત્યા સુખ કે દુઃખનું આરોપણ કરે છે. આને આરોપિત સુખ કહેવાય.

આ દૃષ્ટિએ સાતા વેદનીયજન્ય સુખ પણ, જ્ઞાનીની નજરે સુખ નથી, પણ દુઃખનું જ બીજું સ્વરૂપ છે.

જે તમને અવ્યાબાધ આત્મિક સુખથી અટકાવે તે સુખને (વેદનીયજન્ય સુખને) સારું કઈ રીતે ગણી શકાય ?

તમારા ક્રોડ રૂપિયા દબાવીને કોઈ માત્ર ૫-૧૦ રૂપિયા આપીને તમને રાજી કરવા મથે તો તમે રાજી થાવ ? અહીં આપણે વેદનીય કર્મે આપેલા સુખથી રાજી થઈ રહ્યા છીએ ! જ્ઞાનીઓની નજરે આપણે ઘણા દયનીય છીએ.

સાધુનું સુખ અનારોપિત હોય.

આવું સુખ કેટલું હોય તે ભગવતીમાં વર્ણવેલું છે. એક વર્ષમાં તો અનુત્તર વિમાનના દેવોના સુખને પણ ચડી જાય, તેવું સુખ સાધુ પાસે હોય છે.

અધ્યાત્મસાર : ભક્તિ

પાણી પીઓ તો શીતળતા મળે જ. પાણીના સરોવર પાસે માત્ર બેસો તો પણ શીતળતા મળે. તેમ ભગવાનના સાન્નિધ્ય માત્રથી ઇન્દ્રભૂતિ ગૌતમના અહંકારાદિના તાપ ટળી ગયા.

અહીં તમને તાપનો અનુભવ થાય છે કે શીતળતાનો ? ભગવાન સાથે સામીપ્ય અનુભવવાથી આપણે આત્મિક સુખની શીતળતા અનુભવી શકીએ; આ કાળમાં પણ.

માટે જ યશોવિ. કહે છે : **ભક્તિ ર્ભગવતિ ધાર્યા** ।

ભક્તિની જો ધારણા દૃઢતાપૂર્વક કરી તો ભવાંતરમાં પણ એ સાથે ચાલે. ધારણાનો કાળ અસંખ્યાત વર્ષ કહ્યો છે. વજ્રનાભ ચક્રવર્તીના ભવમાં દીક્ષા લઈને આદિનાથનો જીવ અનુત્તરમાં ગયો. પછી તીર્થંકર રૂપે અવતર્યો. ત્યાં ભણાયેલા ૧૪ પૂર્વનું જ્ઞાન સાથે ચાલ્યું. આ ધારણા છે. (અષ્ટાંગ યોગમાં 'ધારણા' છઠ્ઠો યોગ છે.)

જ્યારે જ્યારે અરતિ થાય ત્યારે આત્મનિરીક્ષણ કરવું. શાના કારણે મને આ થાય છે ? રાગથી દ્વેષથી કે મોહથી ?

જે દોષ દેખાતો હોય, તેના નિવારણનો ઉપાય વિચારવો.

ત્રણેય દોષોની એક જ દવા બતાવું ? પ્રભુની ભક્તિ...! ભક્તિના પ્રભાવે ત્રણે ત્રણ દોષો જાય. ભક્તિ એટલે સંપૂર્ણ શરણાગતિ ! સંપૂર્ણ સમર્પણ !

વિનય સર્વ ગુણોનો જનક કહેવાયો છે. ભક્તિ પરમ વિનયરૂપ છે.

પ્રભુ પ્રત્યે આપણને વ્યક્તિરાગ નથી, ગુણોનો રાગ છે. ધીરે-ધીરે આપણને પ્રભુના ગુણો પ્રત્યે ગાઢ રાગ થતો જાય છે.

ભક્તિની ધારણા ખૂબ જ દૃઢ બનાવો.

✧ ✧ ✧ ✧ ✧



શ્રાવણ સુદ ૨
૧૩-૦૮-૧૯૯૯, શુક્રવાર

એરપોર્ટવાળાનો આ જ ધંધો ! જેને જ્યાં જવું હોય ત્યાંની ટિકિટ આપી ત્યાં પહોંચાડે ! તીર્થંકરોનો આ જ વ્યવસાય : જેને મોક્ષમાં જવું હોય તેની જવાબદારી અમારી !

એર-સર્વિસની ટિકિટ માટે પૈસા જોઈએ. અહીં પૈસાનો ત્યાગ જોઈએ. અરે, ઈચ્છામાત્રનો પણ ત્યાગ જોઈએ !

જેમ અત્યારે ટ્રેનોના સંઘ નીકળે છે ને ? ટિકિટ આદિની વ્યવસ્થા સંઘપતિ તરફથી ! મિલાપચંદજી મદ્રાસવાળાએ એક હજાર માણસોને ટ્રેનથી સમ્મેતશિખરજી આદિની યાત્રા કરાવેલી. દોઢ ક્રોડનો ખર્ચ થયેલો. અહીં પણ આવું જ છે : બધી જ જવાબદારી ભગવાનની છે.

◆ ભગવાનનું શાસન આપણને સહનશીલ, સાધનાશીલ અને સહાયશીલ બનાવે છે. જેનામાં આ ત્રણ ગુણ હોય તેને જ સાધક કહેવાય.

સાધુને પ્રતિકૂળતામાં વધુ સુખ લાગે. સંસારીથી ઉલ્ટું **'यदा दुःखं सुखत्वेन'** દુઃખ જ્યારે સુખરૂપ લાગે ત્યારે જ

સાધનાનો જન્મ થયો ગણાય.

◆ સન્નિપાતવાળાને તમે દવા આપવા જાવ ને એ તમને લાફો પણ મારી દે છતાં તમે તેના પર ગુસ્સો નહિ કરતાં તેની દયા જ ચિંતવો છો, તેમ સમ્યગ્દૃષ્ટિ અપરાધી પર પણ દયા ચિંતવે છે. ગુસ્સાની તો વાત જ ક્યાં ? બિચારો કર્માધીન છે ! એનો દોષ નથી ! આ તો કરુણાપાત્ર છે, ક્રોધપાત્ર નહિ !

◆ ભગવાનનો સાધુ ભિખારી નથી, ચક્રવર્તીનો પણ ચક્રવર્તી છે. તેને મળતું સુખ દેવેન્દ્ર કે ચક્રવર્તી પણ મેળવી શકે નહિ.

પણ એ સાધુ સહન-સાધના અને સહાયતા કરનારા હોવા જોઈએ.

◆ અહિંસાથી પુણ્યાનુબંધી પુણ્ય.

સંયમથી સંવર

તપથી નિર્જરા થાય. આ પુણ્યાદિ ત્રણેય નવ તત્ત્વોમાં ઉપાદેય છે. મોક્ષ ત્રણેયના મિલનથી થાય છે.

અહિંસા પાળીએ તો સંયમ પાળી શકાય.

સંયમ પાળીએ તો તપ પાળી શકાય.

અહિંસા માટે સંયમ, સંયમ માટે તપ જોઈએ.

આમ ત્રણેયમાં કાર્ય - કારણભાવ છે.

◆ પ્રમાદ ગતિને રોકનાર છે. એ ગતિ ચાહે દ્રવ્ય હોય કે ભાવ ! દ્રવ્ય માર્ગની અને મોક્ષ માર્ગની ગતિ, પ્રમાદ રોકે છે.

◆ રામચન્દ્ર મુનિ કેવળજ્ઞાનની પ્રાપ્તિની તૈયારીમાં હતા ત્યારે સીતેન્દ્રે વિચાર્યું : એ જો પહેલા મોક્ષમાં જશે તો ? નહિ, સાથે મોક્ષમાં જવાનું છે. ઉપસર્ગ કર્યા પણ રામચન્દ્રજી તો ધ્યાનમાં અચલ રહ્યા. કૈવલ્ય મેળવ્યું. સીતા પાછળ રહી ગયા.

સાધના-માર્ગમાં આગળ જતો, પાછળવાળાની વાટ જોઈને ઉભો રહી શકતો નથી. પાછળવાળાએ જ દોડવું રહ્યું.

◆ પ્રતિકૂળતા ટાળવા પ્રયત્ન કરીએ છીએ, પણ પ્રતિકૂળતા તરફનો અણગમો ટાળવા પ્રયત્ન આપણે કરતા નથી. પરિણામ એ આવે છે : પ્રતિકૂળતા ટળતી નથી,

અનુકૂળતા મળતી નથી.

વલસાડ પહેલા અતુલમાં પડી ગયો. ભયંકર વેદના, પણ ૨૪ કલાક તો કોઈને વાત કરી જ નહિ.

પ્રતિકૂળતા સહન કરવાની આદત ન હોય તો ?

પ્રતિકૂળતા સહન કરવાની આદતથી અંતે પરમ સુખનો, અનુભવ થાય છે. તેજોલેશ્યાની અભિવૃદ્ધિનો અનુભવ આ જ જન્મમાં થઈ શકે છે.

'तेजोलेश्याविवृद्धिर्या...'

- ज्ञानसार

૧૨ મહિનાના પર્યાયમાં તો સંસારના સુખની મર્યાદા આવી ગઈ. અનુત્તર વિમાનનું સુખ ટોચ કક્ષાનું છે. પણ સાધુનું સુખ તો એનાથી પણ આગળ જાય છે. એની કોઈ મર્યાદા નથી. એને કોઈ સીમાડા નથી. સ્વયંભૂરમણ સમુદ્રનો છેડો છે, પણ આત્મિક સુખનો કોઈ છેડો જ નથી.

તેજોલેશ્યા એટલે સુખાસિકા !

'मग्गदयाणं' ના પાઠમાં 'માર્ગ'નો અર્થ સુખાસિકા કર્યો છે. સુખાસિકા એટલે સુખડી ! આત્મા જેનો આસ્વાદ મેળવી શકે તે સુખાસિકા ! અધ્યવસાયોની નિર્મળતાથી આવી સુખાસિકાનો આસ્વાદ મળે છે.

બીજા સુખો સંયોગોથી મળે, ઈચ્છાથી મળે.

આ સુખ સંયોગો વિના, ઈચ્છા વિના મળે અરે, મોક્ષની ઈચ્છા પણ જતી રહે.

'मोक्षोऽस्तु वा माऽस्तु'

- हेमचन्द्रसूरि.

'મોક્ષનું સુખ અહીં જ મળે છે. માટે હવે તેની (મોક્ષની) પરવા નથી.' ભક્તની આ ખુમારી છે. અથવા તો કહો કે આત્મવિશ્વાસ છે : મોક્ષ મળશે જ. હવે શાની ચિંતા...?

આવા સુખી સાધુને પાપનો ઉદય માનવો તે બુદ્ધિનું દેવાળું નથી ? પાપના ઉદયથી ગૃહસ્થપણું મળેલું છે. ચારિત્ર મોહનીય કર્મ પ્રકૃતિ અશુભ કે શુભ ?

મુક્તિનું સુખ પરોક્ષ છે. જીવન્મુક્તિનું સુખ પ્રત્યક્ષ છે.

મુક્તિનું સુખ જેને જોઈતું હોય, જીવન્મુક્તિનું સુખ અનુભવવા તેણે પ્રયત્ન કરવો જોઈએ. તે માટે પ્રભુ-ભક્તિ પરમ આવશ્યક છે.

અધ્યાત્મસાર : ભક્તિ

तस्मिन् परमात्मनि परमप्रेमरूपा भक्तिः । – नारदीय भक्तिसूत्र

જીવનું મુખ્ય લક્ષણ જ્ઞાન છે. તેનાથી જ તે અજીવથી જુદો પડે છે. જ્યાં જ્ઞાન હોય ત્યાં પ્રેમ પણ હોવાનો જ. પ્રેમ પ્રતીક છે. જ્ઞાન સ્વરૂપ છે. ચેતન બીજા ચેતન સાથે પ્રેમ કરે, પણ અજ્ઞાની જીવ શરીર સાથે કરી બેસે છે. શરીર પુદ્ગલ છે. જે પ્રેમ પ્રભુ સાથે કરવાનો હતો, તે પુદ્ગલ સાથે થઈ ગયો. સાવ જ ઉલ્ટું થઈ ગયું. 'જીવે કીધો સંગ, પુદ્ગલે કીધો રંગ !' પતી ગયું. આત્મા ખરડાઈ ગયો.

જીવ પ્રેમ-રહિત કદી બની શકે નહિ. એ પ્રેમ ક્યાંક તો હોવાનો જ.

રખે માનતા : વીતરાગ પ્રેમરહિત બની ગયા છે. પ્રભુનો પ્રેમ તો ક્ષાયિકભાવનો બની પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે. પરમ વાત્સલ્ય અને પરમ કરુણાથી તે ઓળખાય છે.

સમ્યગ્દૃષ્ટિના લક્ષણમાં આ પ્રેમ જ અભિવ્યક્ત થયો છે. શમ, કરુણા, અનુકંપા વગેરે પ્રેમ જ વ્યક્ત કરે છે. બીજાને પોતાની દૃષ્ટિએ જોવું તે પ્રેમ છે. સિદ્ધ ભગવંતો સૌને પોતાના જેવા પૂર્ણરૂપે જુએ છે. આ ઓછો પ્રેમ છે ? પ્રેમ વિના દયા, કરુણા, અનુકંપા વગેરે થઈ જ ન શકે. આપણે હવે પ્રેમનું સ્થાન બદલવાનું છે. પુદ્ગલથી પ્રભુ તરફ લઈ જવાનો છે.

પ્રભુને પામવાના ચારેય યોગોમાં પ્રેમ દેખાઈ રહ્યો છે. પ્રીતિ, ભક્તિમાં તો પ્રેમ સ્પષ્ટ છે જ.

વચન આજ્ઞામાં પણ પ્રેમ સ્પષ્ટ છે જ. પ્રેમ ન હોય તેની વાત માનો ખરા ? વચન એટલે આજ્ઞા માનવી.

અસંગ : જેના પ્રત્યે પ્રેમ હોય તેના સ્વરૂપ પ્રત્યે પણ પ્રેમ હોવાનો જ. જેના પ્રત્યે પ્રેમ હોય તેની સાથે જ એકમેક બની શકાય. અસંગ એટલે પુદ્ગલનો સંગ છોડી પ્રભુ સાથે એકમેક બની જવું.

મિત્ર કે લગ્નના પ્રેમમાં પણ આવું જ છે.

બીજાનો પ્રેમ છોડીએ ત્યારે જ પ્રભુ સાથે મળી શકીએ.

ચોથા યોગનું માત્ર નામ અસંગ છે, પણ ખરેખર તો પ્રભુનો પ્રેમ જ છે. અસંગ તો માત્ર પુદ્ગલથી કરવાનો છે.

'પ્રભુ ! અમારા શત-શત પુણ્યથી અરૂપી હોવા છતાં આપ રૂપ (મૂર્તિ) ધારણ કરીને આવ્યા છો.' આ પ્રેમના ઉદ્ગાર છે.

હમણા જિજ્ઞાસુ સાધક મેજીસ્ટ્રેટ આવ્યા. પ્રકૃતિનો નિયમ છે જેને જે જોઈતું હોય તે મેળવી જ આપે. ન મળે તો સાધનામાં કચાશ સમજવી. સાધના માટે કોઈ માર્ગદર્શન ન હોય તો પ્રભુ સ્વયં આવીને માર્ગદર્શક બને છે.

તેમણે કહ્યું : હું મુસ્લીમ છું. મારા ધર્મ પ્રમાણે નિરંજન નિરાકારનું ધ્યાન ધરું છું, પણ પકડાતું નથી. મન થોડી ક્ષણમાં છટકી જાય છે.

'ઉપાય બતાવું ? આપણે સંસારી રૂપી છીએ, અરૂપી નિરંજનને શી રીતે પકડી શકીએ ? માટે આપણે સાકાર-રૂપી-પ્રભુને પકડીને પ્રારંભ કરવો જોઈએ.'

તેણે તે વાત સ્વીકારી. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનો ફોટો પણ સ્વીકાર્યો.

'અક્ષયપદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવરૂપ રે;
અક્ષરસ્વર ગોચર નહિ, એ તો અકલ અમાપ અરૂપ રે...'

- યશોવિ. મ.

આ અસંગ યોગનું વર્ણન છે.

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકનો સ્વાધ્યાય એક સંજીવની રૂપ મારા માટે બન્યો છે. સંજીવની મૃતપ્રાયઃ બનેલા આત્માને જીવંત બનાવી સ્ફૂર્તિ અને ચેતના આપે છે. તેમ આ પુસ્તકના ત્રણ જ દિવસના સ્વાધ્યાયે મૃતપ્રાયઃ બનેલા મારા ભાવ પ્રાણોને ચેતનવંત બનાવી સ્વાધ્યાય માટે સક્ષમ બનાવ્યા છે.

- સા. હર્ષોજ્જ્વલાશ્રી
રાધનપુર



શ્રાવણ સુદ ૩
૧૪-૦૮-૧૯૯૯, શનિવાર

◆ દેવોની જેમ અસંખ્યાત વર્ષનું આયુષ્ય નહોતું હરિભદ્રસૂરિજીનું, આપણા જેટલું જ હતું. કાર્ય પણ શાસનના, સંઘના, વ્યાખ્યાનના, વિહારાદિના કરતા જ હતા. છતાં અલ્પ જીંદગીમાં એમણે જે વિરાટ કાર્ય કર્યું છે તે જોઈને મસ્તક ઝૂકી પડે છે, એમના ચરણોમાં.

◆ સાધુ કરતાં અમારું જીવન સારું ! કમ સે કમ ભીખ તો નથી માંગતા અમે. અહીં અમે દાન-પુણ્યાદિ કરીએ છીએ. વળી, ત્યાં લોચાદિના કેટલા બધા કષ્ટો ?' આવું વિચારનારો વર્ગ પહેલા હતો તેમ નહિ, આજે પણ છે.

◆ આપણે સાધુઓ પણ ક્યારેક અણગમો થવાથી વિચારીએ છીએ : આના કરતાં તો દીક્ષા ન લીધી હોત તો... આવા વિચારોથી ભવાંતરમાં પણ ચારિત્ર ન મળે, એવું કર્મ આપણે બાંધી લઈએ છીએ.

આપણે ઈચ્છીએ છીએ : પેલાએ સ્વભાવ બદલાવવો જોઈએ. હું કહું છું : એ સંભવ નથી. આપણો સ્વભાવ આપણે

બદલાવી શકીએ. એ આપણા હાથમાં છે. સૃષ્ટિ ન બદલાય. સૃષ્ટિ બદલી શકીએ. ગામ ન બદલાય. ગાડું બદલાવી શકીએ. પરિસ્થિતિ ન બદલાવી શકીએ. મનઃસ્થિતિ બદલાવી શકીએ.

◆ બીજાને જે આપીએ તે આપણા માટે સુરક્ષિત બની ગયું સમજો. ધન, જ્ઞાન, સુખ, જીવન, મરણ, દુઃખ, પીડા વગેરે બધું જ.

બીજાને જ્ઞાન આપીએ તો આપણું જ્ઞાન સુરક્ષિત.
બીજાને ધન આપીએ તો આપણું ધન સુરક્ષિત.
બીજાને સુખ આપીએ તો આપણું સુખ સુરક્ષિત.
બીજો જીવન આપીએ તો આપણું જીવન સુરક્ષિત.

◆ સ્વયં તરી શકનાર જ બીજાને તારી શકે.
સ્વયં દેખતો માણસ જ બીજાને માર્ગ બતાવી શકે.
સ્વયં ગીતાર્થ મુનિ જ બીજાને માર્ગ બતાવી શકે.

◆ મહાપુણ્યોદય હોય તો જ મળેલી સામગ્રીનો ત્યાગ કરી સાધુપણું સ્વીકારવાનું મન થાય, એમ હરિભદ્રસૂરિજી કહે છે.

◆ **દીક્ષા લીધા પછી પણ કોઈપણ પ્રકારની આકાંક્ષા પ્રતિબંધક છે. તપસ્વી, વિનયી, સેવાભાવી, શાન્તમૂર્તિ, ભદ્રમૂર્તિ, વિદ્વાન, પ્રવચનકાર વગેરે તરીકેની પોતાની પ્રતિષ્ઠા ઉભી કરવાની વૃત્તિ સાધુતાને રોકે છે.**

◆ સંસાર સ્વાર્થમય છે. વેપારી ભલે કહે : તમે ઘરના છો. તમારી પાસેથી લેવાય નહિ, પણ ખરેખર એ લીધા વિના રહે નહિ. સોની જેવો તો સગી બહેન કે દીકરીને પણ છોડી શકે નહિ.

ગૃહસ્થપણામાં આરંભ-પરિગ્રહ, હિંસા, જૂઠ વગેરે વિના ચાલે જ નહિ. એના ત્યાગ વિના પંચ પરમેષ્ઠીમાંથી એક પણ પદ મળે નહિ.

હિંસા-જૂઠ આદિથી ભરેલો સંસાર, મહાપુણ્યોદય હોય તો જ છોડવાનું મન થાય.

વિષમિશ્રિત અન્નની જેમ અનુકૂળતાઓ પરિણામે ભયંકર વિપાક આપનારી છે. માટે જ તે ત્યાજ્ય છે.

સંયમ અને સમાધિનું સુખ જે સાધુ અનુભવે છે તેના માટેની આ વાત છે. બાકી અહીં આવીને જે સાધુપણું પાળતા નથી તેઓ તો ઉભયભ્રષ્ટ છે.

'નિર્દય હૃદય છકાયમાં, જે મુનિ વેષે પ્રવર્તે રે;
ગૃહિ-યતિલિંગથી બાહિરા, તે નિર્ધન ગતિ વર્તે રે...

- યશોવિ. ૧૨૫ ગાથાનું સ્તવન

અહીં જો સાધુપણું સારી રીતે નહિ પાળીએ તો ફરી આ મળવું લગભગ અસંભવ છે. ૧૪ પૂર્વીઓ પણ અનંતની સંખ્યામાં નિગોદમાં પડ્યા છે, એ યાદ રાખવા જેવું છે.

નાનકડો ગુરુનો ઠપકો સહન નહિ થતાં પરિણામ કેવું આવે ? તે ભુવનભાનુ કેવળી ચરિત્રમાં બતાવ્યું છે.

એક ૧૪પૂર્વી ઊંઘમાં પડ્યા. ઊંઘ મીઠી લાગે. સ્વાધ્યાય ન ગમે. ગુરુએ ઠપકો આપ્યો તો સહન ન થયું, સ્વીકાર્યું નહિ. મરીને નિગોદમાં !

◆ મોટા શહેરોમાં વ્યાખ્યાનમાં માત્ર વૃદ્ધો જ આવે. એ પણ પર્યુષણ સુધી જ. આવક માટે જ સાધુને બોલાવ્યા હોય તેમ લાગે. સોલાપુર જેવામાં પણ પર્યુષણ પછી વ્યાખ્યાન બંધ રાખીએ તેવી હાલત થઈ ગયેલી.

◆ ગુરુ તમને ક્યારે કહે ? ઠપકો સાંભળતાં તમે રાજી થાવ તો. થોડી પણ નારાજગી ચહેરા પર દેખાય તો ગુરુ કહેવાનું ઓછું કરે, યાવત્ બંધ પણ કરી દે.

ગુરુના ઠપકાના પ્રત્યેક વચનને જે ચંદન જેવું શીતલ માને તે જ ધન્યભાગી શિષ્ય પર ગુરુની કૃપા વરસે.

धन्यस्योपरि निपतत्यहितसमाचरणघर्मनिर्वापी ।
गुरुवदन-मलय-निःसृतो वचनरसश्चन्दनस्पर्शः ॥

- प्रशमरति

પ્રમાદ મીઠો લાગે છે, બહુ જ મીઠો ! જે મીઠો લાગે તેને દૂર કરવો મુશ્કેલ હોય છે. સુગરકોટેડ ઝેર છે આ પ્રમાદ ! મિત્રનું મહોરું પહેરીને આવનારો શત્રુ છે આ પ્રમાદ ! એને ઓળખવામાં ૧૪પૂર્વી પણ થાપ ખાઈ ગયા છે.

प्रमाद एव मनुष्याणां शरीरस्थो महारिपुः ।

શત્રુ હોવા છતાં પ્રમાદ એટલો મીઠો લાગે કે ગુરુ પણ એની પાસે કડવા લાગે. ગુરુના વચન કડવા લાગે, એટલે સમજી લેવાનું : હવે અહિત ખૂબ જ નજીક છે.

પ્રેમ કરવાનો સ્વભાવ મનુષ્યને જ નહિ, જીવમાત્રને હોય છે, અવિવેકી જીવ શરીર પર કે શરીરધારી પર પ્રેમ કરી બેસે છે. આ પુદ્‌ગલનો પ્રેમ છે. પ્રેમ તો આત્મા પર, આત્માના ગુણો પર કરવા જેવો છે.

રાજુલને સખીઓએ કહ્યું : અમે તો પહેલેથી જ કહ્યું હતું કે એ કાળા છે. કાળા ખતરનાક હોય, એની ખાતરી હમણાં થઈ ગઈ ને ? ચલો, હજુ કશું બગડ્યું નથી. બીજાની સાથે લગ્ન થઈ શકશે.

આ સાંભળતાં જ રાજુલે સખીઓને ચૂપ કરી દીધી. હું એ વીતરાગી સાથે જ રાગ કરીશ.

રાગીનો રાગ, રાગ વધારે. વીતરાગીનો રાગ, રાગ ઘટાડે. રાગ આગ છે. વિરાગ બાગ છે. રાગ બાળે - વિરાગ અજવાળે. રાજુલે વિરાગનો માર્ગ લીધો.

પ્રભુ સાથે ગાઢ પ્રેમ બાંધશો તો સંસારના વ્યક્તિ અને વસ્તુનો પ્રેમ સ્વયમેવ ઘટી જશે, તુચ્છ લાગશે. ખરેખર તો એ તુચ્છ જ છે. મોહના કારણે એ આપણને સારો લાગે છે.

જેમ જેમ પ્રભુ સાથે પ્રેમ વધતો જશે તેમ તેમ સંસારનો પ્રેમ ઘટતો જશે. પ્રભુ સાથે પ્રેમ કરવો એટલે પ્રભુના નામ, મૂર્તિ, ગુણ વગેરે પર પ્રેમ કરવો, પ્રભુના ચતુર્વિધ સંઘ, સાત ક્ષેત્ર પર પ્રેમ રાખવો, પ્રભુના પરિવાર રૂપ સમગ્ર જીવરાશિ પર પ્રેમ રાખવો. પ્રભુ-પ્રેમીના પ્રેમનો વ્યાપ એટલો વધે કે એમાં સમગ્ર બ્રહ્માંડને સમાવી લે. કોઈ બકાત ન રહે.

'सव्वे जीवा न हंतव्वा... न परियावेअव्वा...'

આ ભગવાનની આજ્ઞા છે. પ્રભુપ્રેમીને પ્રભુ-આજ્ઞા ન ગમે એવું બને ?

પૂર્ણિમાના ચન્દ્રને જોઈને સાગર ઉલ્લસે તેમ પ્રભુ-ભક્ત પ્રભુને જોઈને ઉલ્લસે.

શરદપૂર્ણિમાના દિવસે દરિયો જોયો છે ? ચન્દ્રને મળવા જાણે એ વાંભ-વાંભ ઉછળે છે. ભક્ત પણ પ્રભુને મળવા તલસે છે.

✧ ✧ ✧ ✧ ✧



શ્રાવણ સુદ ૪
૧૫-૦૮-૧૯૯૯, રવિવાર

◆ રોજ છ કલાક સુધી ભગવાન શું કહેતા હશે ? સમ્યક્ત્વ પામેલાનું સમ્યક્ત્વ નિર્મળ બને. ન મળેલું હોય તેને સમ્યગ્ દર્શન મળે. મળેલા ગુણ નિર્મળ બને, એવી તાકાત ભગવાનની દેશનામાં હોય છે.

◆ ધ્યાનને તીક્ષ્ણ બનાવનાર જ્ઞાન છે. ઉપયોગની તીવ્રતા, તેનું નામ જ્ઞાન ! આપણું નામ આપણે ક્યારેય ભૂલતા નથી. પ્રભુનું નામ હજુ ભૂલાઈ જાય. આપણા નામમાં આપણો તીવ્ર ઉપયોગ છે. એ ભૂલાતું નથી, તેમ પ્રભુના નામ અને પ્રભુના સૂત્રો ભૂલાવા ન જોઈએ.

◆ મૂર્તિમાં હજુય આપણે ભગવાન માનીએ છીએ, પણ આગમોમાં, અક્ષરોમાં ભગવાન છે, એવું હજુ શિક્ષણ લીધું નથી. અન્ય દર્શનીઓમાં આ અંગે ઘણું છે.

દેરાસર બંધ હોય કે રાત્રિ હોય તો ત્યાં હજું ન જવાય, પણ ભગવાનનું નામ ન લેવાય એવું કોઈ ક્ષેત્ર કે એવો કોઈ કાળ નથી. **એવી શ્રદ્ધા દૃઢ બને કે ભગવાનના નામમાં પણ**

ભગવાનના દર્શન થાય, ભગવાનના આગમોમાં પણ ભગવાનના દર્શન થાય, તો કામ થઈ જાય.

'मन्त्रमूर्तिं समादाय देवदेवः स्वयं जिनः ।
सर्वज्ञः सर्वगः शान्तः सोऽयं साक्षाद् व्यवस्थितः ॥'

પદ્યાનુવાદ :

'પ્રભુ-મૂર્તિમાં છે શું પડ્યું ? છે માત્ર એ તો પત્થરો,
પ્રભુ-નામમાં છે શું પડ્યું ? છે માત્ર એ તો અક્ષરો !'
એવું કહો ના સજ્જનો, સાક્ષાત્ આ ભગવાન છે,
નિજ નામ મૂર્તિનું રૂપ લઈ, પોતે જ અહીં આસીન છે !!!

(હરિગીત)

શિષ્યોએ ઊંઘમાં ખલેલ પાડી એના કારણે એક આચાર્યે આગમોની વાચના આપવી જ બંધ કરી. આટલા મોટા આચાર્યને પણ મોહ પ્રભુ અને પ્રભુનામ ભૂલાવી દે તો આપણે કોણ ? અહીં દર્શન મોહનીયનું આક્રમણ થયું.

મોહનીય કર્મ તમને તમારી જાત જણાવવા દેતો નથી, તો ભગવાનને ક્યાંથી જાણવા દે ?

નામ યુક્ત જ સ્થાપના, દ્રવ્ય અને ભાવ હોય. નામ વગરના શેષ ત્રણ નિક્ષેપા ન હોઈ શકે.

મૂર્તિ સામે છે. પણ કોની છે ? મહાવીરસ્વામીની.

'મહાવીરસ્વામી' આ નામ તેમની મૂર્તિ સાથે જડાયેલું હોય જ.

શહેરમાં તમે જાવ ને કોઈને તમે મળવા માંગો છો, પણ નામ જ ભૂલાઈ ગયું છે તો તમે શી રીતે મળી શકશો ? શી રીતે પૂછી શકશો ? નામ વ્યક્તિની ઓળખમાં સહાયક છે.

સામાન્ય વ્યક્તિનું નામ પણ આટલું મૂલ્યવાન હોય તો ભગવાનના નામના મૂલ્યની તો વાત જ શી કરવી ?

ભગવાનના દર્શન, માત્ર દર્શન ખાતર નથી કરવાના, ભગવાન થવા માટે કરવાના છે. ભગવાન ક્યારે બની શકાય ? ભગવાન કેવા છે ?

વીતરાગ ભગવાન રાગ-દ્વેષ વગરના છે. આપણે પણ તેવા બનવાનું છે, એ ખ્યાલ હોવો ઘટે.

મંત્ર અને મૂર્તિરૂપે સાક્ષાત્ ભગવાન સામે હોય. પછી માળા ગણતાં ઉંઘ આવે ? આમંત્રણ આપીને ભગવાનને તમે બોલાવ્યા છે. પછી ઉંઘો તો ભગવાનનું અપમાન ન કહેવાય ?

હું વાચના આપું ને તમે ઉંઘો તો શું કહેવાય ?

પ્રભુ-નામ કે પ્રભુ-આગમ પર પ્રેમ હોય તો ઉંઘ આવે ?

પાણી મંગાવતાં શિષ્ય પાણી જ લાવે છે, ઘાસલેટ નહિ. આ નામનો પ્રભાવ છે. તો પ્રભુ બોલતાં પ્રભુ જ આવે. બીજું કોણ આવે ? પોતાના નામ સાથે પ્રભુ જોડાયેલા છે.

નામની જેમ આકાર (મૂર્તિ) પણ પ્રભુ સાથે જોડાયેલો છે.

ચાર પ્રકારના ભગવાન છે : નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.

नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंदपडिमाओ ।
दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था ॥

- चैत्यवंदन भाष्य. गा. ५१

આ ચારેય રૂપે ભગવાન સર્વ ક્ષેત્રમાં અને સર્વ કાળમાં વ્યાપક છે. અહીં પણ છે. ત્યાં પણ છે. અત્ર-તત્ર-સર્વત્ર છે. માત્ર જોવાની આંખ જોઈએ, શ્રદ્ધાની આંખ જોઈએ.

શ્રદ્ધાની આંખ વિના મૂર્તિમાં તો શું, સાક્ષાત્ ભાવ ભગવાનમાં પણ ભગવાન નહિ દેખાય.

◆ મદ્રાસ ગયા ત્યારે (વિ.સં. ૨૦૪૯) પાણી માટેની લાઈનો જોઈ. પાણીની ખૂબ જ તંગી. શાહુકાર પેટમાં ૧૭ લાખનો રોજનો પાણીનો વ્યાપાર ! પાણીનું મૂલ્ય ત્યારે સમજાય.

પાણી ત્રણ કામ કરે : (૧) દાહ શમાવે, (૨) મલિનતા દૂર કરે, (૩) તરસ છીપાવે. તેમ ભગવાનનું નામ પણ ત્રણ કામ કરે.

(૧) કષાયનો દાહ, (૨) કર્મની મલિનતા અને (૩) તૃષ્ણાની તરસ મિટાવે.

પાણીનું એક નામ છે : 'जीवन' । પાણી વિના આપણને ચાલે ? પાણી વિના ન ચાલે તો ભગવાન વિના શી રીતે ચાલે ?

૪ નિક્ષેપામાં ભવ્ય જીવોને ખૂબ જ ઉપકારક બે છે : નામ અને સ્થાપના ! ભાવ જિનની નહિ, તમે નામ અને સ્થાપનાની જ ઉપાસના કરી શકો છો. એક યુગમાં ૨૪ જ ભાવ ભગવાન છે. બાકીના કાળમાં નામ અને સ્થાપના જ ઉપકાર કરે છે.

જેઓ ભાવને જ આગળ કરીને નામ-સ્થાપનાને ગૌણ રાખે છે, તેઓ હજુ વસ્તુ તત્ત્વ સમજ્યા જ નથી.

ભાવ ભગવાન સામે હોવા છતાં જમાલિ, ગોશાળા, વગેરે તર્યા નથી. કારણ હૃદયમાં ભાવ પેદા કર્યો નથી. ભાવ વંદકે પેદા કરવાનો છે. એ વિના સાક્ષાત્ ભગવાન પણ તારી શકે નહિ. ભાવ પ્રગટે તો નામ કે સ્થાપના પણ તારી શકે.

પ્રભુ સાથે એકતા કર્યા વિના સમકિત પણ ન મળે તો ચારિત્ર તો મળે જ ક્યાંથી ?

પંચવસ્તુક : પ્રતિવાદીને જવાબ આપતાં હરિભદ્રસૂરિજી કહે છે : સાધુને ઘરબારની જરૂર નથી. નિશ્ચયથી એનો વસવાટ આત્મામાં છે. આથી એવી સમતા પેદા થયેલી હોય છે કે કોઈ પણ આવાસ દ્વારા ચલાવી શકે. કેટલીકવાર અમે બસ સ્ટેશન પર પણ રહેલા છીએ.

✧ ✧ ✧ ✧ ✧

'कह्युं कलापूर्णसूरिए' पुस्तक मळी गयेल छे. जोयुं. खूब ज चिंतनीय - मननीय सुवाक्योनो खजानो भरेल छे.

संकलनकर्ता आपने पण खूब खूब धन्यवाद... व्याख्यानमां ओछा लोको आवे, पण पुस्तक रुपे बहार पडेला विचारो हजारो लोको वांचे एटले हजारो लोको सुधी पूज्यश्रीनी प्रसादी पहोंचाडवानुं भगीरथ कार्य कर्या बदल खूब खूब अनुमोदना सह धन्यवाद...

- हेमन्तविजय



नियम देते हुए पूज्यश्री,
वढवाण, वि. सं. २०४७

श्रावण सुद ५
१६-०८-१९९९, सोमवार

દેવવંદનાદિ સૂત્રોમાં એવી શક્તિ છે, અનાદિકાળના ચારિત્ર મોહનીયાદિ કર્મોનો ક્ષય કરી આપણામાં વિરતિના પરિણામો પેદા કરે. તીર્થંકરો પણ જ્યારે હાથ જોડીને સામાયિકનો પાઠ ઉચ્ચરે છે ત્યારે તેમને વિરતિના પરિણામો પેદા થાય છે.

પરિણામો તો આપણી અંદર પડેલા જ છે, પણ આ સૂત્ર, ક્રિયા વગેરે પ્રગટ કરનારા પુષ્ટ કારણો છે.

જે તાકાત નવકાર, ઈરિયાવહિયં, લોગસ્સ વગેરેમાં છે, તે નૂતન રચનામાં ન આવે.

અંજારમાં ડૉ. યુ. પી. દેઢિયા કહે : બધા સૂત્રો પ્રાકૃતમાં છે. અમને સમજાતા નથી. ગુજરાતીમાં રચના થાય તો ઉપકારક ઘણા બને.

કાચ અને ચિંતામણિ જેટલો બંનેમાં ફરક આવે. એ પવિત્ર સૂત્રોના રહસ્યાર્થો, મંત્ર-ગર્ભિતતા વગેરે ગુજરાતીમાં શી રીતે ઉતારી શકાશે ? અર્થોને સમાવવાની જે શક્તિ

પ્રાકૃતમાં છે, તે ગુજરાતીમાં ક્યાંથી લાવવી ? સંસ્કૃતની ગરિમા ગુજરાતીમાં ક્યાંથી લાવવી ?

'राजानो ददते सौख्यम् ।' આ વાક્યના ૮ લાખ અર્થ થાય. પંજાબી યુવાનોને જવાબ આપવા સમયસુંદરજીએ ૮ લાખ અર્થ કરી બતાવ્યા હતા.

લોગસ્સનું નામ છે : નામસ્તવ ! નામસ્તવ એટલે નામ વડે ભગવાનની સ્તુતિ ! એક પ્રતિક્રમણમાં કેટલા લોગસ્સ આવે ? ગણી લેજો.

કાઉસ્સગ્ગમાં લોગસ્સના સ્થાને, આવડતો હોય તો લોગસ્સ જ ચાલે, નવકાર નહિ. આ વિધિ છે. ન આવડતો હોય તેમના માટે નવકાર ઠીક છે.

સૂર્ય-ચન્દ્રનો પ્રકાશ સૂર્ય-ચન્દ્રમાં જ સીમિત નથી રહેતો, ચારેબાજુ ફેલાય છે. રત્નાદિનો પ્રકાશ સ્વમાં જ સીમિત રહે છે. ભગવાનનો જ્ઞાનપ્રકાશ સ્વમાં જ સીમિત નથી રહેતો, સર્વત્ર ફેલાય છે. માટે જ પ્રભુને **'लोगस्स उज्जोअगरे'** (જ્ઞાનાતિશય) કહેવાય છે. લોકને ઉદ્યોત કરનારા પ્રભુ છે. આના કારણે જ ધર્મતીર્થની સ્થાપના કરી શક્યા છે. **'धम्मतित्थयरे'** (વચનાતિશય) **'जिणे'** (અપાયા પગમાતિશય) **'अरिहंते'** (પૂજાતિશય) અહીં ચાર અતિશયો પણ સમાવિષ્ટ છે.

પંચવસ્તુક

પ્રશ્ન : અમારા માટે રહેવાને મકાન છે, સાધુને રહેવાનું સ્થાન કયું ?

ઉત્તર : તત્ત્વથી સાધુ આત્મામાં જ રહે. પરમ સમતામાં મગ્ન રહેવાથી ગમે તેવા સ્થાનોમાં રાગ-દ્વેષાદિ ન કરે.

ધર્મશાળામાં તમે, સારી હોય કે ખરાબ, રાગ-દ્વેષ કરતા નથી, તેમ સાધુ પણ ન કરે. સાધુ બીજાના બનાવેલા સ્થાનમાં ઊતરે, સ્વયં ન બનાવે. પોતાને માટે બનાવે તો **'ममेदं स्थानम्'** આ મારું છે - એમ મમત્વ થાય.

પ્રશ્ન : ગૃહસ્થોની જેમ ભોજન-પાન નથી મળતા. તકલીફ પડે ને ?

ઉત્તર : સાધુ જે ભૂખ-તરસ સહે છે, તેમાં સંક્લેશ નથી થતો, પરંતુ આનંદ થાય છે. કારણ કે જાણે છે કે આનાથી અસાતાવેદનીય આદિ કર્મ ખપે છે. અરે, કેટલીકવાર તો જાણી જોઈને ઉપવાસાદિ કરીને ભૂખ સહે છે. ભગવાનનું છદ્મસ્થ જીવન જુઓ. કેટલી ઘોર તપશ્ચર્યા !

જો કે આ તપ બધા માટે ફરજિયાત નથી. જેવી જેની શક્તિ અને ભાવના ! એક લોચ ફરજિયાત છે ! એ ધૈર્ય અને સત્ત્વ વધારવા માટે છે. લોચાદિના કાયક્લેશથી સાધુ પાપકર્મની ઉદીરણા કરે છે. ભવિષ્યમાં આવનારા પાપકર્મોને અત્યારથી જ ઉદયમાં લાવીને ખતમ કરી દેતાં ભાવિના તેટલા પાપકર્મો ખપી જાય છે. તેથી સાધુ આનંદ માને છે.

◆ કાલગ્રહણમાં વહેલું ઊઠવું, સાવચેતી રાખવી, વગેરે શા માટે ? આવી પ્રક્રિયામાંથી પસાર થયાં, પછી પણ એવી જાગૃતિ અને એવો અપ્રમાદ બન્યો રહે માટે. યોગોદ્વહનમાં જાગૃતિના સંસ્કારો અપાય છે.

વ્યાધિના ક્ષયમાં દર્દીઓ કડવામાં કડવા ઉકાળાઓ - દવાઓ વગેરે પ્રેમથી લે છે. ઉપવાસ કરે છે, પરહેજી પાળે છે તેમ અહીં પણ સાધુ બધું પ્રેમથી કરે છે; કર્મના રોગને કાઢવા.

કડવી દવા ન પીએ, માલ-મલીદા ખાય, પરહેજી ન પાળે તો દર્દીની શી હાલત થાય ? રોગ ઉલ્ટો વધે. **અનુકૂળતાથી આપણો કર્મ-રોગ વધે છે.**

દાળ-શાકના ઠેકાણા ન હોય, રોટલી ઉતરે જ નહિ તેવી હોય, તે વખતે તમને આનંદ થાય ? સાચું કહેજો. ખરેખર આનંદ થવો જોઈએ. શુદ્ધ ગોચરીથી આનંદ આવવો જોઈએ.

ઉદ્વેગપૂર્વક વાપરો તો ધૂમ્ર દોષ લાગે. યાદ છે ને ?

અનુકૂળ ભોજન હોય, પણ દોષિત હોય, ત્યારે મનની સ્થિતિ કેવી ? મનમાં છૂપો પણ આનંદ થતો હોય તો ચેતી જજો.

◆ ભગવાનનો પ્રભાવ તો જુઓ ? કોઈ પણ સ્થળે જૈન સાધુને આહારપાણી ન મળે એવું ન બને. એક પણ જૈન ઘર ન હોય તો પણ ન બને.

સૌરાષ્ટ્રમાં ખેરવા ગામમાં બધા અજૈન ભાવપૂર્વક વહોરાવે. આચાર્યોનું સામેયું પણ કરે. 'બધા ક્યાં ગયા ?' એમ પૂછતાં એ વડીલે કહ્યું : ધંધાના કારણે બીજા બહાર ગયા છે, પણ હું અહીં જ રહ્યો છું અને અહીં જ રહીશ; સાધુ-સાધ્વીની ભક્તિ માટે જ. મારા પિતાની એવી ઈચ્છા હતી. આજે અમે આ સ્ટેજ પર છીએ તે આના પ્રભાવે.

આજે જૈન બચ્ચો પણ એવો મળે ખરો જે આ નિમિત્તે ગામ ન છોડે ?

◆ **ભક્તિ** : શ્રીમંત કે સુખી હોય તેટલા માત્રથી માણસ આદરણીય નથી બનતો, પણ જો એ પરોપકારી, દાની હોય તો આદરણીય જરૂર બને છે.

ભગવાન માત્ર ગુણ કે જ્ઞાન સમૃદ્ધ નથી, પણ પરોપકારી અને દાની પણ છે. એમના ગુણો વિનિયોગની કક્ષા સુધી પહોંચી ગયેલા છે.

ભગવાને બધાને દાન આપ્યું ત્યારે પેલો બ્રાહ્મણ બહાર ગયેલો. ભગવાને દીક્ષા લીધા પછી નિર્ધન જ ઘેર આવ્યો. પત્નીના કહેવાથી ભગવાન પાસે માંગવા જતાં મુનિ અવસ્થામાં પણ ભગવાને વસ્ત્રનું દાન કરેલું. સહજ પરોપકારની વૃત્તિ વિના આવું ન બની શકે.

પ્રભુ નામમાં પણ ઉપકારની શક્તિ છે. 'પ્રભુ નામ કી ઔષધિ, સચ્ચે ભાવ સે ખાય; રોગ-શોક આવે નહિ, દુઃખ-દોહગ્ગ મીટ જાય.' પણ શ્રદ્ધા હોવી જોઈએ.

◆ આપણો સંસારનો પ્રેમ બદલાઈને જો પ્રભુ પર વહેવા લાગે તો સાધનાનો માર્ગ ખુલ્લો થઈ ગયો સમજજો.

પ્રગટ્યો પૂરણ રાગ, મેરે પ્રભુ શું પ્રગટ્યો...

પ્રભુ ! મારા હૃદયમાં આપના પ્રત્યે જે પ્રેમનો પૂર પ્રગટ્યો છે. તેને કોની સાથે સરખાવું ? સમુદ્ર સાથે ? નદી સાથે ?

ચન્દ્ર ભલે આકાશમાં છે. કિરણો (ચાંદની) ધરતી પર છે અને સમુદ્રને ઉલ્લસિત કરે છે.

ભગવાન ભલે મોક્ષમાં છે. પણ ગુણ-ચાંદની સમગ્ર

પૃથ્વી પર પથરાયેલી છે.

આંધળાને સૂર્ય શું ને ચન્દ્ર શું ? એની પાસે ચાંદનીનો પ્રકાશ ન પહોંચે. હૃદયના દ્વાર બંધ છે, તેની પાસે ભગવાનની કૃપાના કિરણો નથી પહોંચી શકતા.

પ્રભુની ગુણ-સુવાસ સર્વત્ર છે, એના માટે 'નાક' જોઈએ.

પ્રભુની ગુણ-ચાંદની સર્વત્ર છે, એના માટે 'આંખ' જોઈએ.

'સંપૂર્ણ - મંડલ - શશાંક - કલા - કલાપ.' ભક્તામરના આ શ્લોક પરનો અર્થ વિચારી જોજો. ઝવેરીને ખબર પડી જાય : આ પત્થર નથી, હીરો છે.

ભક્તને ખબર પડી જાય : આ પ્રભુકૃપા છે, સામાન્ય વાત નથી. આખું ભક્તામર પ્રભુ-નામની સ્તુતિ જ છે. જોવાની દૃષ્ટિ જોઈએ, ભક્તનું હૃદય જોઈએ, તમારી પાસે.

જ્યાં ભગવાનના ગુણ હોય ત્યાં ભગવાન હોય કે નહિ ? જ્યાં ગુણ હોય ત્યાં દ્રવ્ય ન હોય એવું બને ? દ્રવ્ય વિના ગુણો રહે ક્યાં ? ચાંદની છે ત્યાં ચન્દ્ર છે જ.

આરીસો રાખીને જુઓ. સ્વચ્છ જળની થાળી ભરીને રાખો. હૃદય દર્પણ જેવું સ્વચ્છ બનાવો. પ્રભુ-ચન્દ્ર આ રહ્યા.

✧ ✧ ✧ ✧ ✧

બન્ને દળદાર ગ્રંથ મળ્યા. ઘણી ખુશી થઈ. પૂજ્યશ્રીની આ પવિત્ર વાણી-ગંગાને વહેતી કરી તમો બન્ને પૂજ્ય ગણિવર્યોએ અતીવ મહત્ત્વનું સંપાદન કાર્ય કર્યું છે જે ધન્યવાદાર્હ છે.

- પંન્યાસ વિશ્વકલ્યાણવિજય
શ્રી પાર્શ્વ પ્રજ્ઞાલય તીર્થ.



વઢવાણ (ગુજરાત) ઉપાશ્રય में पूज्यश्री, वि.सं. २०४७

શ્રાવણ સુદ ૬
૧૭-૦૮-૧૯૯૯, મંગળવાર

◆ નાથ એટલે અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ અને પ્રાપ્ત ગુણોની રક્ષા કરનાર, દુર્ગતિમાં પડતા જીવોને બચાવનારા. નાના છોકરાની જેમ હાથ પકડીને તેઓ બચાવતા નથી, આપણા પરિણામોની રક્ષા કરીને બચાવે છે. તીવ્ર અશુભ પરિણામ થાય તે પહેલા જ આપણને ભગવાન શુભ-અનુષ્ઠાનોમાં જોડી દે છે.

રાગ-દ્વેષના નિમિત્તોથી જ દૂર રહીએ તો તત્સંબંધી વિચારોથી કેટલા બચી જઈએ ? આત્મા નિમિત્તવાસી છે. જેવા માણસો સાથે આપણે રહીએ તેની અસર પડવાની જ. વાંચીએ તો તે ગ્રંથોની અસર પડવાની. જ્યાં રહીએ તે સ્થાનની પણ અસર પડવાની જ.

◆ પ્રતિકૂળતા વખતે પણ સહનશીલતા કેળવેલી હોય તો ગમે તેટલા દુઃખો વખતે પણ આપણે વિચલિત ન બનીએ. લોચ, વિહાર વગેરે આવી કેળવણી માટે જ છે. ભણવું એ જ કેળવણી નથી. વિહાર, લોચ, ગોચરી આદિ પણ ઉત્કૃષ્ટ

કક્ષાની કેળવણી છે.

દીક્ષા લીધી ત્યારે હું તો ૩૦ વર્ષનો હતો, પણ આ (પૂ. કલાપ્રભવિ., પૂ. કલ્પતરુવિ.) ૮, ૧૦ વર્ષના હતા, છતાં અમે બધા એકાસણામાં આવી ગયા. કારણ કે અહીંનું વાતાવરણ જ એવું હતું.

દીક્ષા લઈને આવ્યા પછી રાજસ્થાનમાં ઘણા પૂછતા : આ (બાલ મુનિઓ) ક્યાંથી ઊઠાવી લાવ્યા ? ગુરુ મહારાજ કહેતા : 'એમના પિતા સાથે છે.'

ઘણા બાળદીક્ષાનો વિરોધ કરતા, ઊઠાવી જવાની પણ વાતો કરતા. તેમને જડબાતોડ જવાબ અપાતા.

સંયમીનું જીવન એટલે અસલામતીનું જીવન ! એને વળી સલામતી શાની ? અજ્ઞાત ઘરોમાં જવાનું ! જ્ઞાતને ત્યાં જવાનું તો હમણાં હમણાં થઈ ગયું. અસલામતીમાં રહેવાથી આપણું સાહસ, સત્ત્વ આત્મવિશ્વાસ આદિ ગુણો વધે છે.

અહીં આવ્યા પછી શક્તિ ન હોય તો પણ તપ કરવો જ એવું નથી. એક સાધુ, વર્ષીતપ, ઓળી, માસક્ષમણ વગેરે કરે એટલે બીજાએ કરવું જ, એવું નથી. શાસ્ત્રકાર કહે છે :

सो हु तवो कायव्वो, जेण मणो मंगुलं न चिंतेइ ।
जेण न इंदियहाणी, जेण य जोगा ण हायंति ॥
तत् हि तपः कर्तव्यं, येन मनोऽसुदरं न चिन्तयति ।
येन न इन्द्रिय-हानिः, येन च योगाः न हीयन्ते ॥

- पंचवस्तुक २१४

જે તપમાં બાટલા લેવા પડે, ઈન્જેક્શન લેવા પડે, બેસીને ક્રિયાઓ કરવી પડે, આંખો નબળી પડે, શરીર સાવ જ કથળી જાય, એવો તપ કરવાની શાસ્ત્રકાર ચોક્ખી ના પાડે છે.

◆ સાધુની ભિક્ષાના બે નામ છે : ગોચરી અને માધુકરી ! ગાય અને ભમરો બંને ઘાસ અને ફૂલને પીડા આપ્યા વિના થોડું થોડું લે છે. માટે તેમના નામ પરથી ગોચરી અને માધુકરી (ગો =ગાય, મધુકર =ભમરો) શબ્દો બન્યા છે.

◆ સાધુનું જીવન જ એવું છે જો તેનું સુંદર રીતે પાલન કરવામાં આવે તો આ જીવનમાં પણ સુખ અને પરલોકમાં

પણ સુખ !

જેઓ દ્રવ્યદીક્ષિત બનીને માત્ર ઉદર માટે જ ભિક્ષાર્થે ફરે છે, તેનો જિનેશ્વરદેવે નિષેધ કર્યો છે. તેઓને પાપનો ઉદય છે, એમ જરૂર કહી શકાય. આવાઓ ન તો સાધુ છે, ન ગૃહસ્થ છે, ઉભયભ્રષ્ટ છે.

'લહે પાપ-અનુબંધી પાપે, બલ-હરણી જન-ભિક્ષા;
પૂરવ ભવ વ્રત ખંડન ફલ એ, પંચવસ્તુની શિક્ષા.'

- ૩૫૦ ગાથાનું સ્તવન

આ જ પંચવસ્તુકનો ભાવ યશોવિ. એ આ રીતે દર્શાવ્યો છે.

ગૃહસ્થાપણામાં ધ્યાનમાં સ્થિરતા નથી આવતી તે અંગે કહે છે : મોટા ભાગે ગૃહસ્થો ચિન્તામાં પડ્યા હોય. પૈસાની, સરકારની, ગુંડાની, ચોરની બીજી પણ હજારો પ્રકારની ચિન્તામાં ધ્યાનમાં સ્થિરતા આવવી મુશ્કેલ છે.

હવે વાત રહી પરોપકારની. ગૃહસ્થો માત્ર અન્નદાન આપે છે. જ્યારે સાધુ અભયદાન આપેછે. અભયદાન કરતાં કોઈ મોટું દાન નથી. ગૃહસ્થપણામાં સંપૂર્ણ અભયદાન સંભવિત નથી. અભયદાન માટેની પેલી ચોરની પ્રસિદ્ધ વાર્તા પછી કરીશું.

◆ **ભક્તિ** : ચૈત્યવંદન ભક્તિયોગ છે. સ્વાધ્યાય જ્ઞાનયોગ છે. પાલન કરવું છે ચારિત્રયોગનું તો ભક્તિ અને જ્ઞાનયોગ કેમ ? એ બંને ચારિત્રને પુષ્ટ બનાવનારા છે માટે. જો તમે ભક્તિ અને જ્ઞાન છોડો તો ચારિત્ર રીસાઈને ચાલ્યું જશે. એ કહેશે : એ બંને વગર હું તમારે ત્યાં રહી શકું તેમ નથી.

દેરાસરમાં માત્ર પા કલાક જ કાઢો છો ? સાત ચૈત્યવંદનો કેવા કરો છો ? તે નિરીક્ષણ કરજો. ભક્તિ વિના શી રીતે ટકશે ચારિત્ર ?

જાતને એકાંતમાં પૂછજો : તને કોના પર વધુ રાગ છે ? કોના પર રાગ રાખવાથી વધુ લાભ છે ?

◆ આત્મા માલિક છે. શરીર નોકર છે. અત્યારે

ભાડેથી રાખેલો છે. એને એકાદ ટાઈમ ભોજન, થોડોક આરામ આપવાનો, આટલું ઠરાવ્યું છે. હવે જો નોકર જ શેઠ થઈ જતો હોય તો વિચારવા જેવું નહિ ? ઘોડો જ ઘોડેસ્વારનો માલિક બની જતો હોય તો વિચારવા જેવું નહિ ? ઈન્દ્રિયોના ઘોડાની લગામ આપણા હાથમાં છે ?

જો આપણી પાસે ઈન્દ્રિયોને, શરીરને નિયંત્રણમાં લાવવાની શક્તિ નથી તો સમર્થને શરણે જાવ; ભગવાનના શરણે !

સંયમ સારી રીતે પાળવું હોય તો ભક્તિ વિના ઉદ્ધાર જ નથી, મૈત્રી વિના ઉદ્ધાર નથી. મૈત્રી દ્વારા જીવો સાથેનો સંબંધ અને ભક્તિ દ્વારા ભગવાન સાથેનો સંબંધ સુધારવાનો છે. એ વિના ચારિત્રની શુદ્ધિ નથી, પ્રાપ્તિ નથી, એટલું લખી રાખજો.

સંયમ ભલે મળી ગયું, પણ સુરક્ષા માટે ભક્તિ અને જ્ઞાનયોગ જોઈશે જ. એટલે જ હું કેટલાય દિવસથી '**भक्ति र्भगवति धार्या**' પર અટકી ગયો છું.

પરમાત્મા દ્વારા ભૂલાયેલા આત્માને શોધી કાઢવાનો છે. ન મળે ત્યાં સુધી પરમાત્માને છોડવાના નથી. 'કબજે આવ્યા તે નવિ છોડું' વગેરે પંક્તિઓ દ્વારા મહાપુરુષો આપણને શીખવે છે : કદી પ્રભુને નહિ છોડતા. હું પણ તમને આ જ શીખવું છું : પ્રભુને નહિ છોડતા. ભગવાન પાસે હઠ લઈને બેસી જાવ : પ્રભુ ! તમને કદી નહિ જ છોડું.

◆ ફંડમાં વધુમાં વધુ કેટલું આપો ? ને દીકરાને કેટલું આપો ? બધું જ !

ભગવાન આપણા પરમપિતા છે. પોતાનો બધો જ શ્રુતખજાનો ગણધરોને આપ્યો. પોતે દેશના આપીને પછી કોને દેશના આપવા દે ? ગણધરને શિષ્ય પુત્ર જ છે.

જ્ઞાન-સમજ વધે તેમ ભગવાન પ્રત્યે પ્રેમ વધે જ. તો જ સમજ વધી છે, એમ કહી શકાય. યશોવિ.ને સમજ વધતાં-વધતાં પ્રભુમાં જ સર્વસ્વ દેખાયું. છેવટે કહી દીધું : 'જ્ઞાનના દરિયાનું વલોણું કરતાં મને ભક્તિનું અમૃત મળ્યું છે. આ જ સાર છે !

સમજની આ જ કસોટી છે.

ભાવ તીર્થંકર પ્રત્યે પ્રેમ ક્યારે પ્રગટશે ? નામ, મૂર્તિ પર પ્રેમ હશે ત્યારે ! અત્યારે આપણી ભગવાને પરીક્ષા કરી છે, કરી રહ્યા છે - એમ માનજો. ભગવાન જોઈ રહ્યા છે : આ ભગત મારા નામ અને મૂર્તિ પર કેટલો પ્રેમ ધરાવે છે, એ જરા જોવા તો દો ! જે મારા નામ-મૂર્તિ પર પ્રેમ નહિ કેળવે તે મારી પર પ્રેમ કેળવશે, એમ માની શકાય નહિ.

◆ દ્રવ્યનું દ્રવ્યમાં સંક્રમણ નથી, ગુણોનું સંક્રમણ છે. ચાંદની છે ત્યાં ચન્દ્ર છે. ગુણો છે ત્યાં પ્રભુ છે ! ગુણરૂપે સર્વત્ર પ્રભુ પથરાયેલા છે.

પ્રભુનો પ્રેમ એટલે ગુણોનો પ્રેમ, સાધનાનો પ્રેમ ! ગુણો પર પ્રેમ જાગ્યો એટલે ગુણો આવવાના જ ! વ્યક્તિ એકબીજામાં સંક્રાન્ત ન થાય, પણ ગુણ સંક્રાન્ત થાય. સાકર, લોટ + ઘીમાં જાય તો શીરો થઈ જાય, દૂધને મીઠું બનાવી દે. તેમ ભગવાન પણ ગુણરૂપે આવીને આપણા જીવનને, આપણા વ્યક્તિત્વને મધુર બનાવી દે છે.

✧ ✧ ✧ ✧ ✧

અધ્યાત્મયોગી, અજોડ શાસન પ્રભાવક, કચ્છ વાગડ દેશોદ્ધારક, પ.પૂ.આ.ભ.શ્રી કલાપૂર્ણસૂરિ મ.સા.ની ચિર વિદાયથી શાસનને ન પૂરી શકાય એવી ખોટ પડી છે.

વિશ્વમાં ફેલાયેલી અશાંતિમાં એન્થ્રેક્ષ - પ્લેગ અને અણુયુદ્ધના વાદળ ઘેરાયા છે ત્યારે આવા પુન્યશાળી આચાર્ય ભગવંતની હાજરી ખૂબ જ જરુરી હતી. જે નમસ્કાર મંત્રની આરાધના દ્વારા આવનાર સંકટ સમયે ઢાલરૂપ થયા હોત.

ગત વર્ષે પાલીતાણાના ચાતુર્માસમાં પ.પૂ.આ.ભ.શ્રીનું ઉપનિષદ્ માણવા મળ્યું અને વાચના દ્વારા અમારા કર્ણયુગલો ધન્ય બન્યા હતા.

*- એજ... **અચલગચ્છીય સર્વોદયસાગર***

(પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિ મ.સા.ના શિષ્ય)ની વંદના

મ.વ. ૧૧, દેવલાલી.



વઢવાણ (ગુજરાત) મે પૂજ્યશ્રી [illegible], વિ.સં. ૨૦૫૬

શ્રાવણ સુદ ૭
૧૮-૦૮-૧૯૯૯, બુધવાર

◆ આગમો પર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકાઓ ન હોય તો વાસ્તવિક અર્થ સમજાય નહિ, માટે જ ચૂર્ણિ ટીકા વગેરે પણ આગમ જેટલા જ ઉપકારી છે. અર્થને ન માનીએ તો ભગવાનની, સૂત્રને ન માનીએ તો ગણધરની આશાતના થાય. કારણ કે તેના આદ્ય પ્રરૂપક તેઓ છે.

◆ વિદ્યાથી વિવાદ નથી કરવાનો, વિવેક જગાવવાનો છે. વિવેકથી વૈરાગ્ય - વિરતિ - વિજ્ઞાન વગેરે પ્રગટે છે.

આપણે એમ માની લીધું : વૈરાગ્ય તો મુમુક્ષુને હોય. સાધુને જરૂર નહિ. વૈરાગ્ય વિના ચારિત્ર ટકે શી રીતે ? જ્ઞાન વધે તેમ વૈરાગ્ય વધવો જોઈએ. દોષોની નિવૃત્તિ અને ગુણોની પ્રાપ્તિ કરાવે તે જ સાચું જ્ઞાન ! જ્ઞાનથી જો અભિમાનાદિ વધે તો અજ્ઞાન કોને કહીશું ? દીવાથી અંધારું વધે તો દીવો કોને કહીશું ? પ્રભુ-ભક્તિ વૈરાગ્યાદિ ગુણો જ્ઞાનથી વધવા જોઈએ. જ્ઞાન - ભક્તિ - વૈરાગ્ય ત્રણેય સાધનામાં જરૂરી છે.

◆ દીક્ષા એટલે ચોરાશી લાખ જીવયોનિના જીવોને

અભયદાનનું ઘોષણા-પત્રક ! દયા, કરુણા વિના દીક્ષા ન ટકે. એ માત્ર મનથી ન ચાલે વર્તનમાં આવવું જોઈએ. સાધુ એને વર્તનમાં મૂકે છે. ગૃહસ્થો એ ન કરી શકે.

મંડિક ચોરની કથા : વધયોગ્ય ચોરને બીજી રાણીઓએ એક જ દિવસ માટે બચાવ્યો ને ભક્તિ કરી. જયારે અણમાનીતીએ જીવનભર માટે અભયદાન આપ્યું. ખાવા-પીવાનું સાદામાં સાદું આપ્યું. સારામાં સારી મીઠાઈ કરતાં ચોરને અભયદાન વધુ ગમ્યું. સાચે જ જીવને સૌથી વધુ પ્રિય અભયદાન છે.

મરતાને બચાવવો તે અભયદાન છે, અહિંસા છે.

જીવતાને મદદ કરવી તે દયા છે.

હૃદયમાં છલકાતી કરુણા બે રીતે પ્રગટ થાય છે : નકારાત્મકપણે અને હકારાત્મકપણે. અહિંસા, કરુણાનું નકારાત્મક પાસું છે, દયા હકારાત્મક.

જીવોને કતલખાનાથી બચાવવા તે અહિંસા.

તે જીવોને પાંજરાપોળમાં નિભાવવા તે દયા.

અહિંસા જેટલું જ મહત્ત્વ દયાનું છે. ક્યારેક એથી પણ વધી જાય. મરતા જીવ પર તો કદાચ બધા જ દયા કરે, પણ જીવતા પર દયા વિરલા કરે.

અહિંસાથી પ્રધાનપણે સંવર-નિર્જરા થાય. દયાથી પુણ્ય થાય. સાધુ માટે અહિંસા મુખ્ય છે. ગૃહસ્થો માટે દયા મુખ્ય છે.

જીવોને પીડા ન થાય તેની તકેદારી સાધુ રાખે.

જીવોનું જીવન-યાપન સુખેથી થાય તેની તકેદારી ગૃહસ્થ રાખે. અહિંસા અભયદાનથી ટકે. દયા દાનથી ટકે.

દાન વગરની દયા માત્ર બકવાસ છે.

◆ ગુરુ શિષ્યને સ્વજનાદિથી વિયોગ કરાવીને પાપ નથી કરતા, આત્માના ભૂલાઈ ગયેલા ક્ષમાદિ સ્વજનો સાથે મિલાપ કરાવે છે.

સંયમ જીવનમાં શુદ્ધ ઉપયોગ પિતા છે. ધૃતિ (આત્મરતિ) માતા છે. સમતા પત્ની છે. સહપાઠી સાધુ જ્ઞાતિ છે.

- જ્ઞાનસાર

એનાથી પણ આગળ વધીને ગુરુ પ્રભુ સાથે મિલન કરાવી આપે છે.

લોચ - વિહારાદિ દ્વારા મેળવેલી સહનશીલતા જીવનભર કામ લાગે. પછી નાનકડું દુઃખ વિચલિત ન કરી શકે.

◆ **ભક્તિ :**

આપણે જૈન સાધુ તરીકે ઓળખાઈએ છીએ. જૈન એટલે જિનનો સાધુ ! જે ભગવાનથી આપણે ઓળખાઈએ એ જ ભગવાનને ભૂલી જઈએ તો કૃતઘ્ન ન કહેવાઈએ ?

સાધુ કોઈપણ ઘરે વહોરવા જાય, કોઈ ચાર્જ નહિ, સુલભતાથી ગોચરી આદિ મળી જાય, એ કોનો પ્રભાવ ? ભગવાનનો ! એ ભગવાનને ભૂલાય શી રીતે ?

ભગવાન વિદ્યમાન હતા ત્યારે પણ લોકો પોતાના હૃદયમાં તેમનું નામ જ રાખતા હતા, સ્થાપના દ્વારા જ ઉપાસના કરતા હતા. ભગવાન મોક્ષે ગયા પછી પણ નામ અને સ્થાપનામાં કોઈ ફરક નથી પડ્યો. એ તો એના એ જ છે. એની કલ્યાણકારકતા પણ એની એ જ છે.

ભગવાન પ્રત્યે ભક્તિ ન જાગતી હોય તો માનવું : હું દીર્ઘસંસારી છું. અલ્પકાલીન સંસારવાળાને ભગવાન ગમે જ. અલ્પકાળમાં જે સ્વયં ભગવાન બનવાનો છે, એને ભગવાન ન ગમે એ શી રીતે ચાલે ? ભગવાન ન ગમે તે ભગવાન બની શકે નહિ.

યશોવિ. જેવા તો ત્યાં સુધી કહે છે : મુક્તિથી પણ મને ભક્તિ પ્યારી છે. જ્યાં ભક્તિ ન હોય એવી મુક્તિથી મારે શું કામ છે ?

ભક્ત સર્વ જીવમાં પણ ધીરે-ધીરે ભગવાન જુએ છે. આજે નથી, પણ કાલે એ ભગવાન બનવાનો જ છે.

જીવ શિવ જ છે. આજનું બી, કાલનું વૃક્ષ છે. માળી બીમાં વૃક્ષ દેખે છે. ભક્ત જીવમાં શિવ જુએ છે.

यत्र जीवः शिवस्तत्र, न भेदः शिवजीवयोः ।
न हिंस्यात् सर्वभूतानि, शिवभक्ति-समुत्सुकः ॥

- अन्य दर्शन

આપણે પણ માનીએ છીએ :

जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमेव च ॥

- शक्रस्तव

આવશ્યક નિર્યુક્તિમાં...

પ્રશ્ન : કેવળજ્ઞાનનું પ્રમાણ કેટલું ?

ઉત્તર : ગુણ-ગુણીનો અભેદ. એ દૃષ્ટિએ જઘન્યથી બે હાથ (કૂર્માપુત્ર) અને ઉત્કૃષ્ટથી ચૌદ રાજલોક. (સમુદ્‌ઘાત વખતે) સામાન્ય દેહધારી કેવળીનું ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષ્ય.

આ પદાર્થ કેવળજ્ઞાનનું ધ્યાન કરતી વખતે ખૂબ જ સહાયક બને તેમ છે.

સં. ૨૦૨૮માં લાકડીઆ ચાતુર્માસમાં ઓરડીમાં હું લખતો હતો. અચાનક જ પ્રકાશ રેલાયો. જોયું તો ખુલ્લી નાની બારીમાંથી સૂર્યનો પ્રકાશ આવ્યો હતો, વાદળ હટવાથી. ક્ષયોપશમની બારી ખુલે તો જ્ઞાનનું અજવાળું રેલાય.

સમુદ્‌ઘાતના ૪થા સમયે કેવળી સર્વલોકવ્યાપી બને ત્યારે એમના આત્મપ્રદેશો આપણને પણ સ્પર્શે છે. પ્રભુ જાણે સામેથી મળવા આવે છે. દર છ મહિને આ રીતે પ્રભુ આપણને મળવા આવે જ છે. આપણે પ્રભુને ક્યારે મળીએ છીએ ?

સકલ જીવરાશિના પ્રેમથી જે કેવળી બન્યા તે છેલ્લે છેલ્લે આ રીતે મળવા આવે જ ને ? હવે તો મોક્ષમાં જવાનું છે. પછી ક્યારે મળવાના ? કેવળી ભલે કર્મક્ષય માટે કરતા હોય, પણ એમાં આપણુંય કલ્યાણ ખરું ને ? પ્રધાનમંત્રી ભલે ગમે તે કારણે તમારા ગામમાં આવે પણ તમારા ગામના રસ્તા વગેરે તો વ્યવસ્થિત થઈ જાય ને ?

✧ ✧ ✧ ✧ ✧



गोचरी लाभ लेता हुआ संघ, [illegible], वि.सं. २०५२

श्रावण सुद ८
१९-०८-१९९९, गुरुवार

◆ श्री संघमां, तीर्थमां पोतानी शक्ति भगवाने એ रीते भरी જેથી ૨૧ હજાર વર્ષ સુધી ચાલે. એ તીર્થની સેવા આપણે કરીએ તો એની શક્તિનું આપણામાં સંક્રમણ થાય.

જો રાવણના અભિમાનથી - દુર્યોધનના ગુસ્સાથી રામાયણ - મહાભારતનું સર્જન થઈ શકતું હોય તો ગુણોનું સર્જન ન થઈ શકે ? દુર્ગુણો કરતાં ગુણોની શક્તિ ઓછી છે ?

એક સંગીતકાર, શિલ્પકાર, શિક્ષક કેટલાને તૈયાર કરે ? તો એક તીર્થંકર કેટલાને પહોંચાડી શકે ? ભગવાન આદિનાથનું કેવળજ્ઞાન અસંખ્ય પાટપરંપરા સુધી ચાલતું રહ્યું.

◆ સમ્યગ્દર્શન થાય છે ત્યારે જીવને ખ્યાલ આવે છે : બેં બેં કરતી બકરી હું નથી, હું મોતીનો ચારો ચરનારો હંસ છું, ગર્જના કરતો કેસરીયો સિંહ છું. હું જન્મ-મરણના ચક્કરમાં પીસાતો પામર કીટ નથી, પરમાત્મા છું.

'अजकुलगत केसरी लहे रे, निज पद सिंह निहाल;
तिम प्रभु - भक्ते भवी रहे रे, आतम शक्ति संभाल.'

- पू. देवचंद्रजी

◆ ભગવાનની હાજરીમાં કર્મો (મોહરાજા) ટકી શકતા નથી. સૂર્યની હાજરીમાં જેમ અંધારું ટકી શકતું નથી. પ્રભુના સાન્નિધ્યમાં વધુ ને વધુ રહો, તમારી બધી જ સમસ્યા હલ થઈ જશે. **પ્રભુથી જેટલા દૂર, સંકટો તેટલા નજીક...! પ્રભુથી જેટલા નજીક, સંકટો તેટલા દૂર - તમે હૃદયમાં વજના અક્ષરે આટલું લખી રાખો.**

પંચવસ્તુક :

સાધુ પ્રભુ - આજ્ઞાપૂર્વક જીવનારો સાધક છે, ખસઠ નથી. (ખ-ખાવું, સ-સૂવું, ઠ-ઠલ્લે જવું) ખસઠો માટે પૂ. જીતવિ. કહેતા : ભરૂચના પાડા બનવું પડશે. ભરૂચ જોયું છે ને ? ઊંચું નીચું ! તે જમાનામાં નળ નહોતા. પખાલીઓ પાડા દ્વારા પાણી લાવતા. આવી હિતશિક્ષાઓ આપી-આપીને પૂ. જીતવિ.એ વાગડ સમુદાયના બાગમાં પૂ. કનક-દેવેન્દ્ર સૂરિ જેવા ફૂલો સજર્યા હતા.

◆ સાધુ દિવસમાં કેટલીવાર ઈરિયાવહિયં કરે ? ૧૦-૧૫ વાર પણ થઈ જાય. ઈરિયાવહિયં મૈત્રીનું સૂત્ર છે. કોઈપણ અનુષ્ઠાન, જીવો સાથે તૂટેલી મૈત્રીનો તાર પુનઃ અનુસંધાન પામે એ પછી જ સફળ બને, એ જણાવવા ઈરિયાવહિયં કરવામાં આવે છે. નવકાર નમ્રતાનું, કરેમિ ભંતે સમતાનું તેમ ઈરિયા. મૈત્રીનું સૂત્ર છે.

◆ લોઢું ડૂબે, લાકડું તરે. લાકડાનું આલંબન લેનારો પણ તરે. ધર્મી તરે, અધર્મી ડૂબે. ધર્મીનું આલંબન લેનારા પણ તરે.

◆ જે ધર્મને ભગવાન પણ નમે, તે ધર્મ ભગવાનથી મોટો ગણાય. ભગવાન પણ ધર્મના કારણે મોટા છે. 'ધર્મ મોટો કે તીર્થંકર મોટા ?' એ પ્રશ્નનો જવાબ આ છે. તીર્થંકર માત્ર અમુક સમય સુધી જ દેશના આપે. બાકીના સમયમાં આધાર કોનો ? ધર્મનો ! ભગવાન કે ગુરુ નિમિત્ત કારણ જ

બની શકે. ઉપાદાન કારણ તો આપણે જ છીએ. પુરુષાર્થ તો આપણે જ કરવો પડશે.

પુરુષાર્થમાં રુકાવટ કરનાર પ્રમાદ છે.

તમને કોના પર વિશ્વાસ ? પ્રમાદ પર કે પુરુષાર્થ પર ? શત્રુ હોવા છતાં પ્રમાદને ખૂબ પંપાળ્યો. મિત્ર હોવા છતાં ધર્મ-પુરુષાર્થની કાયમ ઉપેક્ષા જ કરી છે. ૨૪ કલાકમાં પ્રમાદ કેટલો ? પુરુષાર્થ કેટલો ? પુરુષાર્થ હોય તો પણ એ કઈ બાબત અંગે હોય ? અવળી દિશાનો પુરુષાર્થ તો ઘણો કર્યો. ક્ષણે-ક્ષણે ૭ કર્મો તો આપણે બાંધીએ જ છીએ. તે શુભ બાંધવા છે કે અશુભ ?

હમણા જ ભગવતીસૂત્રમાં આવ્યું :

'પ્રમાદ ક્યાંથી આવ્યો ? યોગ (મન-વચન-કાયા)થી.

યોગ ક્યાંથી ? શરીરથી, શરીર ક્યાંથી ? જીવથી આવ્યું.' આ જીવ જ સર્વનો મૂળાધાર છે. એની શક્તિને જગવો. એ સૂતેલો સિંહ છે. જાગ્યા પછી કોઈ એની સામે ટકી ના શકે.

૧૫૮ પ્રકૃતિઓ ભલે ગમે તેટલી બળવાન લાગતી હોય, પણ એ ત્યાં સુધી જ બળવાન છે, જયાં સુધી આત્મસિંહ સૂતેલો છે. સિંહ ગર્જના કરે અને છલાંગ ભરે પછી બકરીઓ ક્યાં સુધી ટકે ?

◆ નેપોલીયને એક વખતે લશ્કરને ઓર્ડર કર્યો : 'શત્રુનો ભય છે. લશ્કરી છાવણીમાં કોઈએ લાઈટ કરવી નહિ.' પછી સ્વયં જોવા નીકળ્યો. મોટો વડો જ લાઈટ સળગાવી પ્રિયાને પત્ર લખી રહ્યો હતો.

નેપોલીયને કહ્યું : તમને ખબર નથી આજે શાનો ઓર્ડર છે ? હુકમનો અનાદર કર્યો ? પ્રિયાને પત્ર લખ્યો ને ? હવે એમાં નીચે લખો : 'મેં મારા માલિકની આજ્ઞાનું ખંડન કર્યું. તેથી માલિક મને હમણા જ ગોલીથી ઉડાવી દેશે. આ છેલ્લી પંક્તિ છે.'

અને... સાચે જ નેપોલીયને પેલા લશ્કરી વડાને ગોળીથી વીંધી નાંખ્યો.

એક સામાન્ય સમ્રાટ્‌ની આજ્ઞાનો અનાદર આવું ફળ

આપે તો તીર્થંકરની આજ્ઞાનો અનાદર શું ફળ આપે ? તે કલ્પના કરી લો.

આજ્ઞામાં અવરોધરૂપ મોટાભાગે આપણો પ્રમાદ જ હોય છે, એ ભૂલશો નહિ. આપણું જીવન પ્રમાદ-બહુલ છે.

પ્રમાદ પાંચ પ્રકારનો તો ઘણીવાર સાંભળ્યો. ક્યારેક આઠ પ્રકાર બતાવીશ. (જુઓ શ્રા.વ. ૧૦, રવિવાર)

◆ **ભક્તિ :**

આ વિષમકાળમાં જો પ્રભુ-ભક્તિ મળી ગઈ તો સમજી લેજો : ભવ-સાગરનો કિનારો આવી ગયો.

'એક વાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય.' **'इक्कोवि नमुक्कारो'**

એકવાર પણ પ્રભુની ઝલક મળી જાય તો જીવન સફળ !

ભગવાનના દર્શન પણ તેને જ મળે, જેને વિરહનો ઉકળાટ હોય.

વિરહ જેટલો ઉત્કટ, મિલન તેટલું જ મધુર !

તરસ જેટલી ઉત્કટ, પાણી તેટલું જ મધુર !

ભૂખ જેટલી ઉત્કટ, ભોજન તેટલું જ મધુર !

'દરિસણ દરિસણ રટતો જો ફિરું... તો રણરોઝ સમાન...' આનંદઘનજીની આ પંક્તિમાં પ્રભુ-વિરહ કેવો દેખાઈ રહ્યો છે ?

આપણે પ્રભુ વિરહ વિના પ્રભુ દર્શન પામવા ચાહીએ છીએ. ઉકળાટ વિના વાદળ પણ નથી વરસતા તો પ્રભુ ક્યાંથી વરસે ? અત્યારે ઠંડુ વાતાવરણ છે. જરાય ઉકળાટ નથી. તો વાદળ ક્યાં વરસે છે ?

પ્રભુ-મિલન, (કેવળજ્ઞાનની પ્રાપ્તિ) તો ક્ષણવારમાં જ, અન્તર્મુહૂર્તમાં જ થવાનું છે, પણ એના માટે જનમ-જનમની સાધના જોઈએ, પ્રભુ-વિરહનો ઉત્કટ તલસાટ જોઈશે.

◆ યથાપ્રવૃત્તિકરણ આમ અસંખ્ય પ્રકારે છે, પણ મુખ્ય બે પ્રકારે : ચરમ યથાપ્રવૃત્તિકરણ અને અચરમ યથાપ્રવૃત્તિકરણ.

અસંખ્ય યથાપ્રવૃત્તિકરણો થયા પછી છેલ્લું એવું

યથાપ્રવૃત્તિકરણ આવે જે તેને અપૂર્વકરણમાં લઈ જાય. અપૂર્વકરણ એવું વ્રજ છે, જે રાગ-દ્વેષની તીવ્ર ગાંઠ વીંધી નાખે. રાગ-દ્વેષની ગાંઠ ભેદાતાં પ્રભુના દર્શન થાય. વાદળ હટતાં જેમ ચન્દ્રના દર્શન થાય.

◆ હરિભદ્રસૂરિનું વચન એટલે આગમિક વચન ! એવી મહોરછાપ હરિભદ્રસૂરિ પછી થયેલા દરેક આચાર્યોએ લગાવી છે. કેવા એ ગીતાર્થ અને શાસન-સમર્પિત મહાપુરુષ હશે ! એમના ગ્રંથો વાંચો. તમને એમનું હૃદય વાંચવા મળશે.

✧ ✧ ✧ ✧ ✧

જે સમાચાર સાંભળવા મળ્યા, એ સમાચારે દિલને જબરજસ્ત આંચકો આપ્યો ।

ભક્તિમાં સતત ઝુમતું રહેતું એ હૃદય, સહુને વાત્સલ્યમાં ભીંજાતું રાખતું એ હૃદય, મુખ પર સદાય સ્મિત ફરકાવતો રહેતો એ ચહેરો, પુણ્યની પરાકાષ્ઠાના દર્શન કરાવતું રહેતું એ વ્યક્તિત્વ આજે...

આપણા સહુના વચ્ચેથી કાયમ માટે વિદાય થઈ ચુક્યું છે, એ માનવા મન કોઈ હિસાબે તૈયાર થતું નથી...

મારા જેવા અપાત્ર અને અજ્ઞ પર તેઓશ્રીએ કેવી કરુણા વરસાવી છે ? તેઓશ્રીના પાવન સાંનિધ્યમાં જ્યારે જ્યારે આવવા મળ્યું છે, તેઓશ્રીએ વરસી જવામાં બાકી રાખી નથી...

તેઓશ્રીની વિદાયથી માત્ર મેં - તમે કે સમસ્ત સંઘે જ કંઈક અણમોલ વ્યક્તિત્વ ગુમાવ્યું છે એવું નથી, સમસ્ત માનવલોકે કંઈક એવું ગુમાવ્યું છે કે જે નુકસાનીને ભરપાઈ કેમ કરવી એ પ્રશ્નનો કોઈ જવાબ મળે તેમ નથી...

આ પળે તમારા સહુની મનઃસ્થિતિ કેવી હશે એ હું કલ્પી શકું છું । પણ નિશ્ચિત ભવિતવ્યતા સામે આપણે સહુ લાચાર જ છીએ ને ?

અધ્યાત્મયોગી એ તારક પૂજ્યશ્રીનો આત્મા તો શીઘ્ર મુક્તિમાં બિરાજમાન થશે જ પણ જ્યાં હોય ત્યાંથી એ તારકનો આત્મા આપણા સહુ પર કૃપાદૃષ્ટિ વરસાવતો રહે એ જ શાસનદેવને પ્રાર્થના...

- એજ... વિ. રત્નસુંદરસૂરિની વંદના
મ.સુ. ૪, નડિયાદ



શ્રાવણ સુદ ૯
૨૦-૦૮-૧૯૯૯, શુક્રવાર

◆ શ્રાવકની સમગ્ર પ્રવૃત્તિ ચારિત્રાવરણીય કર્મના ક્ષય માટે જ હોય. ક્યારેક પ્રસંગ આવી પડતાં તે દીક્ષા લેવા તૈયાર થઈ જાય. પ્રવ્રજ્યા પછી પ્રતિદિન સાધુની દિનચર્યા કેવી હોય ? તે જાણવાનો શ્રાવકને અધિકાર છે.

◆ પડિલેહણા : સાધુ કોઈ પણ ચીજ પડિલેહણ વગરની ન વાપરે. ગોચરી જતી વખતે પણ દૃષ્ટિ પડિલેહણ કરે. એક વખતે ગુરુએ શિષ્યને એ અંગે સહજ ટકોર કરી.

શિષ્યને થયું : વારંવાર શું જોવાનું ? હમણા તો જોયેલું.

ઝોળી ખોલીને જોયું તો અંદર વીંછી હતો.

ઘણી વખત જોયા વિના તરપણી લઈ જતાં અંદર દોરો, પૂંજણી વગેરે પડેલા હોય. આવું ઘણી વખત બનતું હોય છે. માટે જ જોવું જરૂરી છે.

હું નાનો હતો. સ્થંડિલ જવાની ઉતાવળ. ગંજી ઉતારીને ખીલી પર લટકાવ્યું. પાંચ-દસ મિનિટ પછી એમને એમ પહેરી લીધું. જોયું તો છ ઈંચ મોટો વીંછી. પણ કરડ્યો નહિ, અમારું

ઘર વીંછીનું ઘર હતું. સાફ કરે તો ૧૦-૧૫ વીંછી તો નીકળે જ. પણ મને કદી વીંછી કરડ્યો નથી. 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।'

દરેક ક્રિયા જયણાપૂર્વકની હોવી જોઈએ. જયણા ન રાખી તો આપણને તો દોષ લાગ્યો જ સમજો. પછી ભલે જીવહિંસા ન પણ થઈ હો ! સાધુ માટે પ્રમાદ એ જ હિંસા !

જેના હૃદયમાં પ્રભુ હોય તેને પ્રમાદ હોય ? પ્રમાદ નહિ, પ્રમોદ (આનંદ) હોય. પ્રભુ-ભક્તિ આવતાં જ પ્રમાદ પ્રમોદમાં પલટાઈ જાય.

◆ મદ્રાસમાં મોટા મોટા ડૉકટરોનો ભેટો થયેલો છે. તેમનામાં ભગવાનની શક્તિ જોવા મળી. તેઓ કહેતા : **'हम तो निमित्त है । भगवान करेंगे तो अच्छा होगा । ईश्वर की प्रेरणा से हुआ । ईश्वर ने किया । हम कौन ? हम सिर्फ निमित्त है ।'** આવા ઉદ્‌ગારો સંભળાય. આપણે હોઈએ તો શું કહીએ ? કહેવા ખાતર 'દેવ-ગુરુ-પસાય' કહીએ, પણ અંદર અભિમાન પડેલું જ હોય...

◆ પડિલેહણ-વિધિ જેમ અત્યારે કરીએ છીએ તેમ અહીં પંચવસ્તુકમાં બતાવી છે.

પડિલેહણ આદિ આપણે બહુ જલ્દી કરીએ છીએ.

આપણને જલ્દીની પડી છે. જ્ઞાનીઓને જીવોની પડી છે. પડિલેહણ જલ્દી કરવાથી મોક્ષ-માર્ગે ધીમે પહોંચાય, ધીમે કરવાથી જલ્દી પહોંચાય. આમાં ટાઈમ બગડતો નથી, સફળ થાય છે. સ્વાધ્યાય કરીને આખરે શું કરવાનું છે ? 'ज्ञानस्य फलं विरतिः'

◆ **ભક્તિ :**

પડિલેહણ પણ આજ્ઞારૂપ એક ભક્તિ જ છે.

◆ પ્રભુ પ્રત્યે પ્રેમ એટલે તેમના ગુણો પ્રત્યે પ્રેમ, પ્રભુના ગુણો અનંત છે, અનંતાનંત છે. એકેક પ્રદેશમાં ઠાંસીને ભરેલા છે ગુણો !

એ જ ગુણો આપણામાં પણ છે. અનંત ખજાનો પાસે હોવા છતાં આપણે ઘોરી રહ્યા છીએ, પ્રમાદમાં છીએ. ભગવાન કહે છે : જરા તો જાગીને જુઓ ! અનંતનો ખજાનો તમારી પાસે

જ છે. **તમે ઇન્દ્રિયસુખમાં મૂઢ થઈને પડ્યા રહો તે મોહને ખૂબ જ ગમે છે. કારણ કે જો તમારી મૂઢતા ચાલી જાય તો મોહની પક્કડ છૂટી જાય, અનંતની ભાળ તમને મળી જાય.**

મોહની આધીનતાથી કર્મ બંધાય.

ભગવાનની આધીનતાથી કર્મ તૂટે.

પ્રભુ જ મોહની જાળમાંથી આપણને છોડાવી શકે.

પુદ્‌ગલના પ્રેમથી છૂટવા પ્રભુનો પ્રેમ જોઈએ.

પ્રેમ આત્માનો સ્વભાવ છે. એ છોડી ન શકાય. પણ તેનું રૂપાંતર કરી શકાય. પુદ્‌ગલનો પ્રેમ પ્રભુમાં જોડી શકાય.

શબ્દાદિ પુદ્‌ગલના ગુણો છે. જ્ઞાનાદિ આત્માના ગુણો છે. આપણને કયા ગુણો ગમે ? જે ગુણો ગમશે તે મળશે.

◆ પ્રભુનો શરણાગત નિર્ભય હોય. ભય હોય તો સમજવું : હજુ પ્રભુનું સંપૂર્ણ શરણું સ્વીકાર્યું નથી.

◆ પ્રભુના ગુણો અને પ્રભુ ! પ્રભુનું નામ અને પ્રભુ, પ્રભુની મૂર્તિ અને પ્રભુ એક જ છે.

◆ નદીનું પૂર જ્યારે કાંઠા તોડીને વહેવા લાગે ત્યારે કૂવો, તળાવ, નદી બધું જળબંબાકાર થઈ જાય છે, ત્યાં કોઈ ભેદ રહેતો નથી. પ્રભુ સાથે એકતા સધાઈ જાય છે, ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતા સધાઈ જાય છે ત્યારે બધું એક થઈ જાય છે.

◆ કોઈપણ પદાર્થ પર આસક્તિ ન થાય, એવું જીવન ક્યારે બને ? પ્રભુ પ્રત્યે પ્રેમ જાગે, પ્રભુ સાથે એકતા સધાય ત્યારે.

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક મલ્યું. આધ્યાત્મિક વાચનાઓનું સરસ સંકલન કર્યું છે. અધ્યાત્મ-યોગી પૂજ્ય આચાર્ય-ભગવંતની પાને-પાને વિવિધ મુદ્રાઓ દ્વારા દર્શન પણ થાય છે. તત્ત્વના ખજાનાથી ભરપૂર છે. ખરેખર ! તમારું સંપાદન દાદ માંગી લે તેવું છે.

- આચાર્ય વિદ્યાનંદસૂરિ



વઢવાણ (ગુજરાત) में पूज्यश्री का प्रवेश, वि.सं. २०५७

શ્રાવણ સુદ ૧૦
૨૧-૦૮-૧૯૯૯, શનિવાર

અલ્પ સંસારીને પ્રભુની વાણી-આજ્ઞા ગમે છે, તે મુજબ જીવન જીવવાનું ગમે છે. આ જ મોક્ષનો સાચો ઉપાય છે. આજ્ઞાખંડન એ જ ભવભ્રમણનો હેતુ છે. કર્મ-બંધનો મુખ્ય હેતુ આજ્ઞાવિરાધના જ છે.

◆ પ્રમાદ નહિ અપ્રમાદ, શુભયોગો, સમ્યક્ત્વ વગેરે આવે તો આપણી પ્રયાણની દિશા બદલાઈ જાય, મોક્ષની દિશા આવી જાય. પહેલાનો અવળો પુરુષાર્થ સવળો પુરુષાર્થ બની જાય.

કર્મો બાંધવા-ભોગવવામાં પુરુષાર્થ હોય જ છે, પણ એ હવે કેવો કરવો ? એ નક્કી કરવાનું છે. હું કહું છું કે પુરુષાર્થ કરવો જ છે તો અવળો શા માટે કરવો ? સવળો શા માટે ન કરવો ?

◆ 'આ કરવું, આ નહિ, ઈત્યાદિ ઝીણી-ઝીણી વાતોનો ઉપદેશ એટલે આપ્યો છે કે **આપણે વક્ર અને જડ છીએ. નટનો નિષેધ કર્યો હોય તો નટીનું નાટક જોનારા અને**

વળી પાછા પ્રેરક ગુરુને તોડનારા આપણે છીએ ! જેટલી વકતા અને જડતા વધુ તેટલો વિધિનિષેધનો ઉપદેશ વધુ ! માણસ જેટલો જંગલી અને અસભ્ય, કાયદા-કાનૂન તેટલા જ વધુ ! વધતા જતા કાયદા, માણસની વધતી જતી અસભ્યતાને બતાવે છે, વિકાસને નહિ.

◆ પડિલેહણ - ગોચરી મૌનપૂર્વક થવા જોઈએ. ગોચરી તો એવી રીતે થવી જોઈએ કે પાસે કોઈને ખબર જ ન પડે કે અહીં ગોચરી આદિ કંઈક ચાલે છે.

◆ સાધુને ગુસ્સો નહિ કરવાની પ્રતિજ્ઞા આપવાનો સવાલ જ નથી. દીક્ષા લીધી ત્યારથી એ પ્રતિજ્ઞા છે જ. જ્યારે જ્યારે ગુસ્સો આવે ત્યારે-ત્યારે એ પ્રતિજ્ઞામાં અતિચાર લાગે છે. સાધુનું નામ જ ક્ષમાશ્રમણ છે. ૧૦ પ્રકારના યતિધર્મોમાં પ્રથમ ક્ષમા છે. સામાયિકનો અર્થ સમતા થાય છે. સમતાનો અભ્યાસ વધતો જાય તેમ આનંદ વધતો જાય.

ક્રોધથી અપ્રસન્નતા ને સમતાથી પ્રસન્નતા વધે છે.

સમ્યક્ત્વ સામાયિક અને ચારિત્ર સામાયિક દીક્ષા વખતે જ સ્પષ્ટ આલાવાના ઉચ્ચારણપૂર્વક ઉચ્ચરાવવામાં આવે છે. યોગોદ્વહન એટલે શ્રુતસામાયિકની સાધના !

સંકલેશ સંસારનો, સમતા મોક્ષનો માર્ગ છે.

'ક્લેશે વાસિત મન સંસાર,
ક્લેશ - રહિત મન તે ભવપાર.'

સંક્લેશથી ૧૪ પૂર્વી નિગોદમાં ગયા છે ને અસંક્લેશથી 'મા રુષ મા તુષ' આ બે વાક્ય પણ યાદ નહિ રાખી શકનાર માષતુષ મુનિ કેવળજ્ઞાની બન્યા છે.

◆ નારકીનો જીવ જેમ નરકથી, કેદી કેદથી ભાગવા ઈચ્છે તેમ મુમુક્ષુ સંસારથી છૂટવા ઈચ્છે. ક્રોડપતિનો પુત્ર પણ વિષયોને વિષ જેવા માને.

પાંચ લક્ષણો અંદર રહેલી ઉત્કટ મુમુક્ષુતાને બતાવે છે.

(૧) શમ : ગુરુ ગમે તેટલા કડવા વેણ કહે, પણ તે ગુસ્સે ન થાય.

(૨) સંવેગ : મોક્ષની તીવ્ર ઈચ્છા હોય. અર્થાત્

આત્મશુદ્ધિની તીવ્ર ઈચ્છા હોય.

(૩) નિર્વેદ : નરકથી જ નહિ, સ્વર્ગના સુખોથી પણ વિરક્ત હોય. ગરીબીથી જ નહિ, અમીરીથી પણ વિરક્ત હોય.

(૪) અનુકંપા : દુઃખી જીવો પ્રત્યે કરુણાર્દ્ર હૈયું હોય. છજીવનિકાયના વધમાં પોતાનો વધ થતો જુએ.

(૫) આસ્તિક્ય : દેવ-ગુરુના વચન પર પૂરો ભરોસો હોય. આથી કંપૂર્ણ સમર્પિત હોય.

◆ **આવો જન્મ ફરી-ફરી નહિ મળે. મહેરબાની કરીને આત્મસાધનાનું કાર્ય પછી પર નહિ રાખતા. આવી સામગ્રી ફરી-ફરી ક્યાં મળશે ? નાવડી કિનારે આવવાની તૈયારી છે ને આપણે પ્રમાદ કરીશું ? આ હું મારા હૃદયની વાત કરું છું.**

સામ સામાયિક (સમ્યક્ત્વ)ના લક્ષણો

અહીં સાકર-દ્રાક્ષ કરતાં અનંતગુણા મીઠા પરિણામ હોય છે. વિશુદ્ધ લેશ્યાના પ્રભાવથી સાકર વગર જ મીઠાશ આવે. ત્રણ લેશ્યા ટળે ને તેજોલેશ્યા શરૂ થાય ત્યારથી આનંદ-પ્રસન્નતા વધે જ.

જીવ મૈત્રી અને જિન-ભક્તિ આ બંને, સામ સામાયિક મેળવવાના ઉપાયો છે. મૈત્રી જિન-ભક્તિ આ બંને વધશે તો જીવનમાં મધુરતા અનુભવાતી પ્રત્યક્ષ જોવા મળશે. અનુભવી જુઓ. જો કટુતા હોય તો સમજવું : હજુ હૃદયમાં કષાયો બેઠા છે.

જિનભક્તિ - જીવમૈત્રી આદિના સંસ્કારો, પટુતા, અભ્યાસ અને આદરથી એટલા મજબૂત કરવા જોઈએ કે ભવાંતરમાં પણ સાથે આવે.

✧ ✧ ✧ ✧ ✧





वल्लाण (गुजरात) में पूज्यश्री का प्रवेश, वि.सं. २०४७

श्रावण सुद ११
२२-०८-१९९९, रविवार

◆ સ્વયંભૂરમણ જેવો સમુદ્ર પણ નાનો પડે એટલી કરુણા ભગવાનના હૃદયમાં ભરેલી છે. તે ભવમાં જ નહિ, સમ્યક્ત્વથી પૂર્વના ભવોમાં પણ પરોપકાર બુદ્ધિ સહજ હોય છે. એમના સમ્યક્ત્વને વરબોધિ અને સમાધિને વરસમાધિ તરીકે શાસ્ત્રકારોએ ઓળખાવી છે. બીજા જીવો પોતાનો મોક્ષ સાધે, જ્યારે ભગવાન સ્વમોક્ષ સાથે અન્યોનો મોક્ષ પણ સાધી આપે. પોતે જ નહિ, બીજાને પણ જીતાડી આપે તે જ નેતા બની શકે. ભગવાન ઉચ્ચ નેતા છે. **'जिणाणं जावयाणं'** છે.

◆ ઉત્તમોત્તમ, ઉત્તમ, મધ્યમ, વિમધ્યમ, અધમ અને અધમાધમ - આ છ પ્રકારમાં ઉત્તમોત્તમ તરીકે માત્ર તીર્થંકર ભગવાનને ગણ્યા છે.

અહીં ચુંટણી નથી. એ સ્વયં ગુણોથી બીનહરીફ ચુંટાઈ આવે છે; આપણે ધર્મકારી ખરા, પણ ધર્મદાતા નથી. ભગવાન ધર્મદાતા છે, બોધિ-દાતા છે.

માટે જ ભગવાનને ધર્મે પોતાના નાયક બનાવ્યા છે.

◆ દીક્ષા વખતે કરેમિ ભંતે દ્વારા સામાયિકનો પાઠ ઉચ્ચારીએ છીએ. સામાયિક એટલે સમતા. એના વિના સાધનાનો પ્રારંભ થઈ શકે નહિ. ઝઘડો કરીને તમે માળા ગણી જુઓ - મન નહિ લાગે. સરોવરમાં ગમે તે સ્થાને એક નાનો કાંકરો ફેંકો. એના તરંગો બધે જ ફેલાઈ જશે; ઠેઠ કિનારા સુધી. સરોવરની જેમ જગતમાં પણ આપણા શુભાશુભ કાર્યોના તરંગો ફેલાય છે. જીવાસ્તિકાય એક છે, બે નથી. આથી જ **'सव्वपाणभूअजीवसत्ताणं आसायणाए'** એમ પગામસિજ્જાયમાં કહ્યું, સકળ, જીવરાશિની માફી માગી. સર્વ જીવો પર મૈત્રી કરવાની જ છે. કદાચ નિર્ગુણી પ્રત્યે માધ્યસ્થ્ય રાખવું પડે તો પણ તે મૈત્રી અને કરુણાથી યુક્ત જ હોવું જોઈએ.

મુંબઈ જઈને દર વર્ષે ગૃહસ્થોની રકમ વધતી જાય ને ? સાધુ જીવનમાં એ રીતે સમતા વધે છે ખરી ? સાધુ જીવનના અનુષ્ઠાનો જ એવા છે જે સમતા વધારે. **'तपोधनाः, ज्ञानधनाः, समताधनाः खलु मुनयः'** એમ કહ્યું છે.

જ્ઞાનની મૂડી વધે તેમ સમતા વધે. માટે જ જ્ઞાન પછી શમાષ્ટક, જ્ઞાનસારમાં મૂક્યું છે.

पीयुषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्महर्षयः ॥

- ज्ञानसार-ज्ञानाष्टक

◆ નાનપણમાં મારી પાસે બે ગ્રંથો આવ્યા. કેશરસૂરિકૃત - 'આત્મજ્ઞાન પ્રવેશિકા' અને મુનિસુંદરસૂરિકૃત - 'અધ્યાત્મ કલ્પદ્રુમ.'

આ વાંચ્યા પછી અધ્યાત્મની રુચિ પ્રગટી. મારવાડમાં પુસ્તકો બહુ ઓછા મળે. કોઈકે પુસ્તકો લખ્યા તો આપણને કામ લાગ્યા. તો આપણું જ્ઞાન પણ બીજાને ઉપકારક બને, તેવું કંઈ નહિ કરવું ? ગૃહસ્થો પાસે સંપત્તિની મૂડી છે. તેઓ તે આપે છે. આપણે જ્ઞાન આપવાનું છે.

જ્ઞાન આપવાથી કદી ખૂટતું તો નથી જ, પ્રત્યુત વધતું જ રહે છે.

જ્ઞાન પ્રમાણે સમતા આવે, મૂડી પ્રમાણે વ્યાજ આવે.

◆ 'શ્વાસમાંહે સો વાર સંભારું એમ આપણા પૂર્વજો કહી ગયા ને આપણામાંથી કેટલાક માત્ર શ્વાસ જોવામાં પડી ગયા. શ્વાસ મુખ્ય બની ગયો ને પરમાત્મા ઊડી ગયા. ઘડીયાળને માત્ર જોવાનું નથી. એના દ્વારા માત્ર સમયજ્ઞાન પ્રાપ્ત કરવાનું છે. કેટલાક સમયજ્ઞાન છોડીને માત્ર ઘડીયાળ જોવામાં પડી ગયા !!

એકાગ્રતા વિના ધ્યાન ન થાય. નિર્મળતા વિના એકાગ્રતા ન આવે. ભગવાનની ભક્તિ વિના નિર્મળતા ન આવે. જ્યાં ભગવાન નથી ત્યાં કશુ નથી, એ ધ્યાન નથી, બે ધ્યાન છે.

◆ મોક્ષ-સુખ ભલે પરોક્ષ છે, સમતાનું સુખ અહીં જ છે; પ્રત્યક્ષ છે.

◆ **પુસ્તકો પણ આપણને તે જ ગમશે, જેવા આપણા પૂર્વજન્મના સંસ્કારો હશે. અત્યારે સંસ્કારોના જે પુટ આપીશું તે આગામી જન્મમાં સાથે આવશે.**

◆ **દક્ષિણમાં જઈને દુનિયાની દૃષ્ટિએ ભલે અમે શાસન-પ્રભાવક બન્યા, પણ એ બધું ફાસ-ફુસ છે. મહાત્માઓ તૈયાર થાય એ ખરી શાસન-પ્રભાવના છે. મહાત્માઓને તૈયાર કરવાના લક્ષ્યથી જ વાંકીમાં ચાતુર્માસ રોકાણ કર્યું છે.**

◆ પૂ. પં. ભદ્રંકરવિ. પાસે ત્રણ વર્ષ રહીને પ્રત્યક્ષ જોવા મળ્યું : સંઘ સાથે, જીવો સાથે, મુનિઓ સાથે કેવો સમતાભર્યો વ્યવહાર કરવો. એમનું જીવન મૂર્તિમંત સમતા હતું.

◆ **હું ભગવાન ભરોસે છું. કાંઈ નક્કી નથી હોતું : શું બોલવું ? 'દાદા ! તું બોલાવે તેમ બોલીશ. સભાને યોગ્ય હોય તે બોલાવજે. તેવા શબ્દો મારા મોંમા મૂકજે,' એમ માત્ર પ્રાર્થના કરું છું.**

◆ સામ સામાયિક મધુરતા લાવે. તે મન-વચન-કાયામાં ઝલકતી દેખાય. દેખાવની મધુરતા નહિ, પણ જીવનનું અંગ હોય. આ મધુરતાથી દેવ-ગુરુ-આગમ વગેરે પ્રત્યે ભક્તિભાવ પ્રગટે, ચતુર્વિધ સંઘ પ્રત્યે બહુમાનભાવ પ્રગટે.

કામળી, દાંડો, ઓઘો વગેરે 'મારા' પણ ભગવાન 'મારા' એવું ક્યારેય થયું ? 'જીવમાત્ર મારા' એવું ક્યારેય લાગ્યું ?

'सर्वे ते प्रियबान्धवाः, नहि रिपुरिह कोऽपि ।
मा कुरु कलिकलुषं मनो, निज सुकृतविलोपि ॥

- शान्त सुधारस

मैत्रीभावना
सर्वे तुज प्रिय बंधु छे, नथी शत्रु कोई;
ઝગડો કરી મન ના બગાડ, જશે સુકૃત ભાઈ !

✧ ✧ ✧ ✧ ✧

१६-१-२००२ शनिवार के दिन प.पू.गुरुदेव आ.वि. कलापूर्णसूरीश्वरजी का स्वर्गगमन की बात सुनकर मुझे तो विश्वास ही नहीं हुआ । पर दो-चार बार नाकोड़ा आदि ओर से समाचार ज्ञात होने के बाद ऐसा हुआ कि कुछ क्षण स्व भान नहीं रहा । फिर कुछ क्षण के बाद मानो सारा विश्व शून्य सदृश लगा । फिर उसी विचारधारा में चढते हुए जैसे पूज्य प्रवर श्री गौतम स्वामी को भगवान महावीरस्वामीजी का मोक्ष पदार्पण का समाचार नगरवासी एवं देवताओं के द्वारा श्रवण कर स्व भान भूलकर विलाप करने लगे वही दृश्य मैं स्व में अनुभव करते हुए आनन्दबाष्प आ गये । अपने सारे साधु समुदाय में ही नहीं बल्कि सारा भारतभर दुःख का अवसर बन गया ।

प्रवर गुरु भगवंत को कौन नहीं चाहते थे ? जीवमात्र के साथ कल्याणमय मंगल वचन शुभाशीष, जिनके सम्पर्क से चाहे साधु हो या गृहस्थ, प्रसन्न होकर लौटते थे । मैं भी स्वयं आप पूज्यश्रीजी के साथ दो दिन में रहा हूं । स्वबन्धु की तरह वात्सल्य दर्शाये, वह मैं अपने स्थूल शब्दों से व्यक्त नहीं करता ।

- मु. राजतिलकविजय की वंदना
जोधपुर



વઢવાણ (ગુજરાત) ઉપાશ્રય મેં પૂજ્યશ્રી, વિ.સં. ૨૦૪૭

શ્રાવણ સુદ ૧૨
૨૩-૦૮-૧૯૯૯, સોમવાર

◆ અહિંસારૂપી સિદ્ધશિલા પર જેણે વાસ નથી કર્યો તે ઈષત્પ્રાગ્ભારા સિદ્ધશિલા પર વાસ નહિ કરી શકે.

ઈષત્પ્રાગ્ભારા સિદ્ધશિલા કાર્ય છે. અહિંસા કારણ છે.

'શિવમસ્તુ સર્વ જગતઃ'માં આવતો શબ્દ 'શિવા'નો અર્થ અહિંસા થાય. પ્રશ્નવ્યાકરણમાં અહિંસાના પર્યાયવાચી શબ્દોમાં 'શિવા' શબ્દ પણ છે. **'अहं तित्थरमाया'** હું અહિંસા - શિવા, કરુણા, તીર્થંકરની માતા છું. 'કરુણા વિના કોઈ જ તીર્થંકર બની શકે નહિ. માટે જ બધા ગુણોને ઉત્પન્ન કરનાર, શેષ વ્રતોનું રક્ષણ કરનાર અહિંસા જ છે.

હૃદય કઠોર હોય તો સમજવું : અનંતાનુબંધી કષાય છે. એ હોય ત્યાં સુધી સમ્યગ્ દર્શન ન હોય. સમ્યગ્ દર્શન ન હોય ત્યાં સુધી ગુણ પણ અવગુણ કહેવાય. અવગુણ તો અવગુણ છે જ.

સમ્યગ્ દર્શનને પેદા કરનાર અહિંસા છે, મૈત્રી છે, પ્રભુભક્તિ છે. કઠોરહૃદયી મૈત્રી કે ભક્તિ ન જ કરી શકે.

એક તો અનંતાનુબંધી કષાય પડ્યો હોય ને સાથે મિથ્યાત્વ પડ્યું હોય, પછી પૂછવું જ શું ?

પડિલેહણ, કાજો વગેરે સાધુના આચારો અહિંસાને પુષ્ટ કરનારા છે. પડિલેહણ - કાજો કાઢતાં આવી ભાવના ભાવો : ઓહ ! મારા પ્રભુએ કેવો ઉત્તમ ધર્મ બતાવ્યો છે ! કેવી કરુણા ઝળકે છે પ્રત્યેક અનુષ્ઠાનમાં ?

અહીં કોઈ ક્રિયા નાની નથી. કાજો કાઢવાની ક્રિયાથી પણ કેવળજ્ઞાન થઈ શકે.

◆ ઈર્યાસમિત સાધુને જોઈ ઈન્દ્રે પ્રશંસા કરી. અશ્રદ્ધાળુ દેવે પરીક્ષાર્થે રસ્તામાં કીડીઓ અને સામેથી દોડતો ગાંડો હાથી વિકુર્વ્યો. સાધુ મરવા તૈયાર થયા, પણ કીડીઓ પર ન ચાલ્યા. હાથીએ ઊંચકીને વધારે કીડીઓવાળી ભૂમિ પર ફેંક્યા. તે વખતે પણ પોતાને વાગ્યું તેના નહિ, પણ કીડીઓ પ્રત્યેની કરુણાવાળા વિચારો જોઈ દેવ ઝૂકી પડ્યો અને માફી માંગી.

◆ પડિલેહણના છ દોષો :

(૧) આરભડા : ઉલ્ટું કરવું કે ઉતાવળે કરવું તે.

(૨) સંમર્દા - મસળવું, ઉપધિ પર બેસવું, છેડા વાળેલા હોવા.

(૩) અસ્થાન સ્થાપના : અસ્થાને મૂકવું.

(૪) પ્રસ્ફોટના - ઝાટકવું.

(૫) વિક્ષિપ્તા : પ્રતિલેખિત વસ્ત્રને ફેંકવું.

(૬) વેદિકા : પાંચ પ્રકારે અવિધિપૂર્વક બેસવું.

આ છ પડિલેહણના દોષો છે.

◆ **ભક્તિ :**

મુનિચન્દ્રવિજય : અજૈનોમાં નારદીય ભક્તિસૂત્ર છે, તેમ જૈનોનું કોઈ ભક્તિસૂત્ર (કે ભક્તિશાસ્ત્ર) ખરું ?

પૂજ્યશ્રી : જગ ચિંતામણિ, વીતરાગ સ્તોત્ર - લોગસ્સ, નમુત્થુણં - ललितविस्तरा, શક્રસ્તવ - ચૈત્યવંદન ભાષ્ય (૨૪ દ્વાર, ૨૦૭૪ પ્રકાર) ('सव्वोवाहि विसुद्धं एवं...')ગુરુભક્તિમાં વાંદણા, ગુરુવંદનભાષ્ય, નવસ્મરણ વગેરે આપણા જૈનોના

ભક્તિશાસ્ત્રો છે.

'भत्तीइ जिणवरिंदाणं सिज्झंति पुव्वसंचिआ कम्मा ।'

સૂયગડંગમાં વીરસ્તુતિ અધ્યયન, (તેરાપંથીમાં માંગલિક તરીકે વપરાય છે)થી મારણાંતિક કષ્ટો દૂર થાય છે.

જંબૂસ્વામીએ પૂછ્યું : મેં મહાવીરસ્વામી નથી જોયા. આપે જોયા છે તો આપ વર્ણવો. આના જવાબમાં સુધર્માસ્વામીએ ભગવાન મહાવીરસ્વામીનું આબેહૂબ વર્ણન કર્યું છે તે સૂયગડંગમાં વીરસ્તુતિ અધ્યયન તરીકે સમાવિષ્ટ છે.

તમારી પાસે બુદ્ધિ છે, લખવાની શક્તિ છે તો આ બધાનું સંકલન કરીને ભક્તિશાસ્ત્ર વિષે લખી શકાય. ભક્તિના મૂળસ્રોત ગણધર ભગવંતો છે.

નામાદિ ૪ પ્રકારે ભક્તિદર્શક સૂત્રોની ઝલક :

નામ : લોગ્ગસ્સ (નામસ્તવ, લોગસ્સ કલ્પ વગેરે સાહિત્ય, 'સાહિત્ય વિકાસ મંડળ' તરફથી બહાર પડેલું છે.)

સ્થાપના : અરિહંત ચેઈઆણં સૂત્ર.

દ્રવ્ય : જે અ અઈઆ સિદ્ધા.

ભાવ : નમુત્થુણં સૂત્ર

◆ સૂર્યાભ દેવે ભક્તિ માટે ભગવાનની મંજૂરી માંગી, નૃત્ય, નાટ્ય વગેરે તેણે શરૂ કર્યું. સાધુ-સાધ્વીજી બેઠા રહ્યા. **પ્રભુ-ભક્તિ થતી હોય ત્યારે બેસવાથી સ્વાધ્યાય જેટલો જ લાભ થાય.**

◆ ભગવાનમાં ગુણોનો અને પુણ્યનો પ્રકર્ષ છે. સામાન્ય કેવળીમાં પુણ્યનો એટલો પ્રકર્ષ નથી હોતો. ભગવાનના ગુણો અને પુણ્ય બીજાને કામ લાગે જ. આત્મકલ્યાણથી તત્ત્વ પમાય. પરોપકારથી તીર્થ ચાલે.

✧ ✧ ✧ ✧ ✧





વલ્લભીપુર (ગુજરાત) માં પૂજ્યશ્રી [illegible]

શ્રાવણ સુદ ૧૩
૨૪-૦૮-૧૯૯૯, મંગળવાર

◆ ડૂબતાને જહાજ, અંધારામાં અથડાતાને દીપક, મારવાડમાં બપોરે વૃક્ષ, હિમાલયની ઠંડીમાં અગ્નિ મળે તેમ અસાર સંસારમાં આપણને તીર્થ મળ્યું છે.

સમ્યગ્ દર્શન રાજમાર્ગ છે. માર્ગાનુસારિતા ત્યાં પહોંચાડનારી પગદંડી છે. માર્ગ સાવ જ ભૂલી જઈએ, ત્યારે આપ મેળે આપણને સાચો રસ્તો નથી મળતો, કોઈ ભોમિયાની જરૂર પડે છે. જેને ચાલવાની આદત છે, જે રસ્તો ભૂલ્યા છે, તેમને આ વાત સમજાશે. ભગવાન પણ સંસારના જંગલમાં ભૂલેલા આપણા માટે ભોમિયા છે. અનેક મતભેદો છે; આ સંસારમાં. એમાં આપણને ફાવતો મત આપણે પકડી લઈએ છીએ. ભગવાને કહ્યો તે નહિ, આપણને ફાવે તે માર્ગ સાચો માની લઈએ છીએ. આવી મનઃસ્થિતિને બદલાવનાર ભગવાન છે.

◆ જ્યારે પણ મોક્ષ મળશે ત્યારે કર્મબંધનના હેતુઓથી નહિ, કર્મનિર્જરાના હેતુઓથી મળશે.

મિથ્યાત્વ - અવિરતિ - પ્રમાદ - કષાય - યોગ સંસાર માર્ગ છે.

સમ્યક્ત્વ - વિરતિ - અપ્રમાદ - અકષાય - શુભયોગ મોક્ષમાર્ગ છે. આપણે કયા માર્ગે ચાલવું છે ? રસ્તાઓ ઘણા દેખાવાના. તે વખતે માથું ઠેકાણે રાખીને એક જિનોપદિષ્ટ નિશ્ચિત માર્ગ પર ચાલવાનો નિર્ણય રાખવો પડશે.

◆ આપણા શરીરને આપણે કેટલું સાચવીએ છીએ ? જરાય તકલીફ ન થાય તેની પૂરી તકેદારી રાખીએ છીએ. એવું જ વર્તન જગતના તમામ જીવો સાથે, છકાયના જીવો સાથે થાય તો જ પડિલેહણ આદિ ક્રિયાઓ જયણાપૂર્વક થઈ શકે.

ન્યાય, યોગ અને ૧૪ વિદ્યાના પારગામી બ્રાહ્મણ કુળમાંથી આવેલા હોવા છતાં હરિભદ્રસૂરિજી જિનાજ્ઞા, આજ્ઞાવિહિત અનુષ્ઠાનો પ્રત્યે એવા સમર્પિત છે કે એકેક અનુષ્ઠાનોનું પૂર્ણ બહુમાનપૂર્વક વર્ણન કર્યું છે. ચાહે પડિલેહણનું હોય કે બીજું કોઈ અનુષ્ઠાન હોય. આજે મોટા સાધકો પણ કહે : પ્રભુ પણ ક્યાં સુધી ? ક્યારેક તો છોડવા પડશે ને ? આખરે તો આત્મામાં જ ઠરવાનું છે ને ? **પણ હું કહું છું : ભગવાન ક્યારેય છોડવાના નથી. ભગવાન છોડવા પડે એવી સ્થિતિ અહીં નથી આવવાની. સમગ્ર ભારતમાં આ પ્રચાર છે. દિગમ્બરોમાં તો ખાસ, પણ શ્વેતામ્બરોએ ભક્તિમાર્ગ બરાબર પકડી રાખ્યો છે.**

૧૪મું ગુણસ્થાનક પણ પ્રભુની સેવા છે.

નિમિત્તકારણનું આલંબન લેવામાં જ ન આવે તો શુદ્ધાત્મપ્રાપ્તિરૂપ કાર્ય ક્યાંથી મળે ? દેવચન્દ્રજીકૃત ચન્દ્રપ્રભસ્વામીનું સ્તવન જુઓ.

જહાજ વિના સમુદ્ર ન તરાય તેમ ભગવાન વિના સંસાર ન તરાય. ધર્મ સ્થાપીને ભગવાન તારે, તેમ હાથ પકડીને પણ તારે. ભગવાન માર્ગદર્શક છે, તેમ સ્વયં માર્ગરૂપ (મગ્ગો) પણ છે, ભોમિયારૂપ પણ છે.

જ્ઞાન - દર્શન - ચારિત્ર મોક્ષમાર્ગ છે, એ ખરું, પણ

પ્રભુ પ્રત્યે પ્રેમ ન હોય તો આ જ્ઞાન - દર્શન - ચારિત્ર મળે જ નહિ.

યશોવિ. ત્યાં સુધી કહે છે : 'તાહરૂં ધ્યાન તે સમકિતરૂપ, તેહિ જ જ્ઞાન ને ચારિત્ર તેહ છેજી...' ભગવાનનું ધ્યાન એ જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

◆ **સર્વવિરતિનું આપણને સૂક્ષ્મ અભિમાન છે. આથી જ સ્વાધ્યાય પર જોર તો આપીએ છીએ, પણ ભક્તિ પર નહિ. સ્વાધ્યાય કરીશું, પુસ્તકો વાંચીશું, લખીશું, વ્યાખ્યાન આપીશું, પ્રસિદ્ધિનો આ જ માર્ગ છે ને ? ભગવાન પર પ્રેમ ક્યાં છે ?**

મા જેમ પરાણે પણ બાળકને જમાડે તેમ મહાપુરુષો આપણને પરાણે પણ ભક્તિમાં જોડે છે. એટલે જ તો દિવસમાં સાત વાર ચૈત્યવંદનનું વિધાન છે.

જગચિંતામણિમાં નામાદિ ચારેયથી ભગવાનની ભક્તિ થઈ શકે; જો કરવી હોય. જગચિંતામણિ રોજ ત્રણ વાર, ચોવિહાર ઉપવાસમાં એક વાર અને તિવિહાર ઉપવાસમાં બે વાર બોલીએ છીએ, પણ કદી અર્થના ઊંડાણમાં ઊતર્યા ?

◆ **'भक्ति र्भगवति धार्या'** અહીં 'ધાર્યા' લખ્યું, **'कार्या'** નહિ.

ધારી રાખવી એટલે જનમ-જનમમાં સાથે આવે એ રીતે ભક્તિના દૃઢ સંસ્કાર પાડવા.

ઉપયોગ ધ્યાનનો જ પર્યાયવાચી શબ્દ છે. ઉપયોગ એટલે જાગૃતિ, સાવધાની. અનુષ્ઠાન, ઉપયોગ-સહિત હોય તો જ નિરતિચાર થાય.

◆ ઠાણેણં-કાયિક, મોણેણં-વાચિક, ઝાણેણં-માનસિક ધ્યાન. આમ કાયોત્સર્ગમાં ત્રણેય યોગોનું ધ્યાન આવી ગયું.

◆ **પૂ.પં. ભદ્રંકરવિ. મ. કહેતા : લોગસ્સ સમાધિ સૂત્ર છે. તેનું બીજું નામ નામસ્તવ અને ત્રીજું નામ લોકોદ્યોતકર છે. અહીં લોકથી લોકાલોક લેવાનું છે. મીરાં, કબીર, ચૈતન્ય આદિ જૈનેતરો પણ પ્રભુ-નામ કીર્તનના માધ્યમે સમાધિ સુધી પહોંચી શક્યા છે. લોગસ્સ પ્રભુ નામ-કીર્તનનું સૂત્ર છે.**

◆ જગચિંતામણિ વખતે 'સકલકુશલવલ્લી' બોલવાની જરૂર નહિ. કારણ કે સકલનો ભાવાર્થ જગચિંતામણિમાં આવી જાય છે.

◆ અપ્રાપ્ત ગુણો મેળવી આપે, પ્રાપ્ત ગુણોની રક્ષા કરે તે નાથ અથવા અસત્પ્રરૂપણાથી રોકે, સત્પ્રરૂપણામાં જોડે તે નાથ. યોગ-ક્ષેમ કરે તે નાથ.

ભગવાન જગન્નાથ છે. ભગવાન જગરક્ખણ છે, દુર્ગતિમાંથી બચાવીને સદ્ગતિમાં સ્થાપિત કરે છે : કતલખાનાથી બચાવીને ગાયોને પાંજરાપોળમાં ન મોકલાય તો ? દુર્ગતિથી રોકીને ભગવાન આપણને સદ્ગતિમાં ન મોકલે તો ?

'જગબાંધવ, ભગવાન આપણા સાચા બંધુ છે. આપત્તિ વખતે બંધુ જ કામ લાગે, બીજા તો ભાગી જાય. **સંકટ વખતે આખું જગત ભલે તમને છોડી દે, ભગવાન કદી નહિ છોડે.** 'જગ ભાવવિઅક્ખણ' ભગવાન જગતના ભાવોને જાણનારા છે.

જગચિંતામણિમાં આ બધા નામ ભગવાન થયા.

'અટ્ઠાવય સંઠવિયરૂવ' તથા **'रिसह सत्तुंजि'** થી **'सासय बिंबाइं पणमामि'** સુધી સ્થાપના ભગવાન **'उक्कोसय सत्तरिसय'** થી દ્રવ્ય ભગવાન **'संपइ जिणवर वीस'** થી ભાવ ભગવાનની સ્તુતિ થઈ.

✧ ✧ ✧ ✧ ✧

અધ્યાત્મયોગી મહાન વિભૂતિ જિનભક્તિમાં તન્મયતા પ્રાપ્ત કરનાર આચાર્ય ભગવંત શ્રી વિ. કલાપૂર્ણસૂરિ મ.સા.ના કાલધર્મના સમાચાર જાણીને ઘણું જ દુઃખ થયું છે। આચાર્ય ભગવંતમાં અનેક ગુણો હતા । તેમાંય અધ્યાત્મયોગ અને જિનભક્તિ મોખરે હતા। આવા મહાન પુરુષના કાળધર્મના અકસ્માત સમાચાર મળતાં દુઃખ થાય તે સ્વાભાવિક છે । ચતુર્વિધ સંઘની સાથે દેવવંદન કર્યા ।

- એજ... આચાર્ય સ્થૂલભદ્રસૂરિની અનુવંદના

મ.સુ. ૬, ચિત્રદુર્ગ.



વઢવાણ (ગુજરાત) ઉપાશ્રય મેં પૂજ્યશ્રી, વિ.સં. ૨૦૪૭

શ્રાવણ સુદ ૧૫
૨૬-૦૮-૧૯૯૯, ગુરુવાર

અન્યૂન, અતિરિક્ત, વિપર્યાસ - આ પરથી પડિલેહણના આઠ ભાંગા થશે. આમાં અન્યૂનતાતિરિક્ત (વધુ પણ નહિ, ઓછું પણ નહિ) એ એક ભાંગો શુદ્ધ.

પડિલેહણનો સમય ક્યારે ?

કોઈ કહે : કૂકડો બોલે ત્યારે, કોઈ કહે : અરુણોદય થાય ત્યારે,

કોઈ કહે : પ્રકાશ થાય ત્યારે, કોઈ કહે : હાથની રેખા દેખાય ત્યારે,

કોઈ કહે : ઉપાશ્રયમાં એકીબીજાનું મુખ દેખાય ત્યારે,

ખરો સમય સૂર્યોદયથી થોડોક પહેલાનો. ચરમ પોરસીમાં પ્રતિક્રમણ સ્વાધ્યાય વગેરે થઈ જાય પછી.

◆ પહેલા પ્રહરનો ચોથો ભાગ બાકી રહે ત્યારે સવારે ઊઘાડા-પોરસી આવે.

◆ આપણાથી સૌ જીવોને સંતોષ મળે તો જ સંયમ સાર્થક બને. એક જીવ પણ તમારાથી અસંતુષ્ટ હશે તો

સાધનામાં મન નહિ લાગે.

શરીરમાં કોઈપણ ભાગમાં વાગે, દર્દ આપણને થાય, સમગ્રરૂપે થાય. કારણ કે આખું શરીર એક છે, તેમ જીવાસ્તિકાયરૂપે આપણે એક છીએ. આત્મા અસંખ્યપ્રદેશી છે, તેમ જીવાસ્તિકાય અનંત પ્રદેશી છે. જીવાસ્તિકાય સર્વજીવોનો સંગ્રહ છે. એક પણ જીવ બાકાત રહે ત્યાં સુધી તો જીવાસ્તિકાય ન જ કહેવાય, પણ એક જીવનો એક પ્રદેશ બાકી રહે ત્યાં સુધી પણ જીવાસ્તિકાય ન કહેવાય. આ જીવાસ્તિકાય એક છે.

જીવાસ્તિકાયનું સ્વરૂપ :

દ્રવ્યથી અનંત જીવદ્રવ્ય, ક્ષેત્રથી લોકાકાશવ્યાપી,

કાળથી નિત્ય - અનાદિ અનંત, ભાવથી અરૂપી વર્ણાદિથી રહિત.

જીવાસ્તિકાયનું લક્ષણ : ઉપયોગ. ઉપયોગ, ચેતના લક્ષણથી જીવ એક જ છે. આ ભણ્યા વગર પડિલેહણ, જયણા વગેરે સાચા અર્થમાં ન આવે. જયાં સુધી જીવાસ્તિકાયના આ પદાર્થને આત્મસાત્ ન કરીએ ત્યાં સુધી સંયમ નહિ પાળી શકાય.

સમુદાય, સમાજ, દેશ, માણસ તરીકે આપણે એક છીએ. આગળ વધીને જીવ તરીકે આપણે સૌ એક છીએ. દૃષ્ટિ ખૂબ જ વિશાળ બનાવવી પડશે. સર્વ જીવોને સમાવી લે તેવી દૃષ્ટિ.

ભગવન્ ! હું મૂઢ છું. હિત-અહિત જાણતો નથી. તારી કૃપાથી અહિતને જાણી તેનાથી અટકું, સર્વ જીવો સાથે ઉચિત પ્રવત્તિવાળો બનું,તેમ કરજે.

જીવાસ્તિકાય એક છે. એમાં કર્મકૃત ભેદ નથી આવતો. સિદ્ધ - સંસારી સર્વજીવોને જોડનાર જીવાસ્તિકાય છે.

શબ્દ, રૂપ, રસ વગેરે પણ નાસ્તિત્વ રૂપે આત્મામાં છે.

એક પ્રદેશ પણ ઓછો હોય તો જીવાસ્તિકાય ન કહેવાય તો આપણે એકપણ જીવને આપણી મૈત્રીમાંથી બકાત રાખીશું તો મોક્ષ શી રીતે મળશે ?

જીવરૂપે આપણે વ્યક્તિ ચેતના છીએ. જીવાસ્તિકાયરૂપે આપણે સમષ્ટિ ચેતના છીએ. આથી જ કોઈપણ જીવને સુખી કે દુઃખી બનાવવાના પ્રયત્નથી આપણે જ સુખી કે દુઃખી બનીએ છીએ.

'ખામેમિ સવ્વ જીવે' આ ભાવના પર તો આપણું આખું પર્યુષણ પર્વ અવલંબે છે.

◆ મુખ્ય ચીજ પંચાચાર (જ્ઞાનાચારાદિ) છે. તેની રક્ષા માટે જ બીજું બધું - મહાવ્રતાદિ છે.

◆ **ભક્તિ :**

ભક્તિ દર્શનાચારમાં આવે. તે બીજા ચારેયમાં સહાયક બને. ભક્તિ જાણકારીમાં ભળે તો સમ્યગ્ જ્ઞાન, વિશ્વાસમાં મળે તો સમ્યગ્ દર્શન, કાર્યમાં ભળે તો સમ્યગ્ ચારિત્ર, તપમાં ભળે તો સમ્યક્ તપ બને.

ભક્તિ ત્રણેય સામાયિક (શ્રુત, સમ્યક્ત્વ અને ચારિત્ર સામાયિક)ને લાવનારી છે. આથી જ કોઈપણ સામાયિક ગ્રહણ કરતી વખતે ભગવાનની ભક્તિ (દેવવંદનાદિ) કરવામાં આવે છે.

ભગવાન અભય, ચક્ષુ, માર્ગાદિ આપનારા છે.

અભય એટલે ચિત્તસ્વાસ્થ્ય.

મનનું ન લાગવું - અસ્તવ્યસ્ત રહેવું તે ભય. આ ફરિયાદ ભગવાન જ દૂર કરી શકે.

ચિત્તની વિહ્વળતા ભયથી જ આવે, એમ સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાશે.

'ભય ચંચળતા હો જે પરિણામની રે...' - આનંદઘનજી

'ભય મોહનીય ચઉદિશિએ'

ચારેબાજુ ભય છે. નિર્ભય એક ભગવાનનો ભક્ત છે.

પ્રસન્નતા અભયમાંથી જ જન્મે છે.

ચિત્ત અપ્રસન્ન બને, ત્યારે ભગવાનની ભક્તિ કરી જુઓ. પ્રસન્નતા ઝુમઝૂમ કરતી આવશે.

ખૂન કે ચોરી કરનાર માણસ સ્વયમેવ ભયગ્રસ્ત હોય છે, રાત્રે ઊંઘ નથી આવતી એ ભયનું ઘણું મોટું કદ છે. પણ નાના કદના ભય, આપણા સૌમાં છે જ.

ચિત્ત સ્વસ્થતા તે અભય. સ્વમાં રહેવું તે સ્વસ્થતા. સ્વ એટલે આત્મા. ભગવાન સ્વમાં રહેવાનું શીખવે છે. આત્મદેવ આપણી પાસે જ છે. આપણે પોતે જ છીએ.

રાજાના દર્શન દ્વારપાળ અટકાવે તેમ આત્માના દર્શન દર્શનાવરણીય અટકાવે છે. ભગવાન કહે છે : તમારા આત્મદેવના દર્શન કરો. એ માટે ભગવાન સ્વયં તમને આંખ આપે છે. ભગવાન ચક્ષુર્દાતા છે.

'હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન'

- આનંદઘનજી

✧ ✧ ✧ ✧ ✧

એકાએક મોટો ધડાકો થયો હોય એમ પૂજ્યપાદશ્રીજીના કાલધર્મના સમાચાર સવારે ૯.૦૦ વાગે મળ્યા । સકળ સંઘ સાથે દેવવંદનાદિક કર્યા ।

જ્યારે જિનશાસનના ગગનમાં અંધકાર ગાઢ બનતો વ્યાપી રહ્યો છે ત્યારે આ ઘટના અતિશય આઘાતજનક બની । આપણે મહાસંયમી, ઉત્કૃષ્ટ પ્રભુભક્ત, વાત્સલ્યમય પૂજ્યશ્રીજીને ગુમાવીને શું નથી ગુમાવ્યું ?

આપણા બેઘાઘંટુ સંયમજીવન સાથે આ અપૂર્વ આદર્શ હતો *। તે મહાત્મા, દેવાત્મા બન્યા છે। હવે તે ભરતક્ષેત્રના જિનશાસનના રાહબર બને। આપણને સાથ આપે। જિનશાસનની મશાલ લઈને આપણી સૌની આગળ રહીને દોટ મૂકે । શું હશે ભાવી ...? આવી કેટલી થપ્પડો ખાવાની આવશે ? સમજાતું નથી ।*

તમે સહુ વિયોગના આઘાતથી ખૂબ પીડાતા હશો । પણ તેવું ન કરતા । તેઓ ઉર્ધ્વગતિ પામ્યા છે। તેમની પાછળ સાચી શ્રદ્ધાંજલિ તો તેમની ભાવનાઓને જીવનમાં મૂર્તિમંત કરીએ તેમાં છે...

તત્ત્વદર્શનને ખૂબ આઘાત લાગ્યો છે । ચિંતા ન કરતા । હું સંભાળી લઈશ...

- એજ... ચન્દ્રશેખર વિ.ની વંદના
મ.સુ. ૪, ભાયખલા.



प्रेम से धर्म समझाते हुए पूज्यश्री, चक्लाणा, वि.सं. २०४७

શ્રાવણ વદ ૧
૨૭-૦૮-૧૯૯૯, શુક્રવાર

◆ દવા લઈએ તો રોગ અવશ્ય મટે. તેમ ધર્મસેવન (આરોગ્ય + બોધિ + સમાધિ)થી કર્મરોગ અવશ્ય મટે.

પૂર્ણ આરોગ્ય એટલે મોક્ષ.

આથી સિદ્ધ થયું કે આપણે રોગી છીએ.

રોગીએ રોગ મટાડવાના પ્રયત્નો કરવાના હોય.

શારીરિક રોગનો અનુભવ થાય છે. કર્મરોગનો અનુભવ થતો નથી.

સન્નિપાતના રોગીને ખબર નથી હોતી : હું રોગી છું. શરાબીને ખબર નથી હોતી : હું નશામાં છું. તેમ આપણને પણ કર્મરોગમાં ખ્યાલ આવતો નથી.

મદિરાપાયી અને મોહાધીનમાં કોઈ ફરક ખરો ? બંનેમાં બેહોશી છે. એકમાં બેહોશી સ્પષ્ટ દેખાય છે. બીજાની બેહોશી જોવા સૂક્ષ્મદૃષ્ટિ જોઈએ.

મિથ્યાત્વ દારૂ છે. એ મુંઝાવે. શરીર એ જ હું છું - એવું જ ભાન કરાવતો રહે.

દેહમાં આત્મબુદ્ધિ એ જ મિથ્યાત્વ.

જ્ઞાનમય આત્મા સ્વયં પોતાને હાડકા વિષ્ઠાવાળો દેહ માને એ કેવું ? યોગાચાર્યો એને અવિદ્યા કહે છે.

આત્મા નિત્ય, શુચિ, સ્વાધીન છે. શરીર અનિત્ય, અપવિત્ર અને પરાધીન છે.

◆ મિથ્યાત્વ ગયા વિના મળેલું દ્રવ્ય ચારિત્ર લાભદાયી બનતું નથી. દ્રવ્યચારિત્રવાળો અહીં પણ તોફાન કરે.

યા તો દેહ સાથે અભેદ સાધો,

યા તો દેવ સાથે અભેદ સાધો. બેમાંથી ક્યાંક તો એકતા કરવાની જ છે. ક્યાં એકતા કરવી છે ?

દેહને પસંદ કરવો છે કે દેવને ? દેવ ખાતર દેહને છોડવો છે કે દેહ ખાતર દેવને છોડવા છે ?

◆ બહિરાત્મદશા - હેય,

અંતરાત્મદશા - ઉપાદેય,

પરમાત્મદશા - સાધ્ય છે.

જ્યાં સુધી પરમાત્મદશા પ્રગટ ન થાય ત્યાં સુધી પરમાત્માને પ્રાણ-ત્રાણ અને આધાર સમજી ભજવા જોઈએ.

◆ શમ - સંવેગ - નિર્વેદ - અનુકંપાદિ લક્ષણો દેખાવા માંડે તો સમજવું : મિથ્યાત્વનું જોર ઘટી રહ્યું છે, સમ્યક્ત્વનો સૂર્યોદય થઈ રહ્યો છે.

સમ્યક્ત્વને શુદ્ધ રાખવા દર્શનાચારોનું પાલન અતિ જરૂરી. પહેલો જ્ઞાનાચાર. કારણકે જ્ઞાનથી તત્ત્વ જણાય ને પછી તે પર શ્રદ્ધા થઈ શકે.

આત્માના મુખ્ય બે ગુણ. જ્ઞાન, દર્શન. તેમાં પણ જ્ઞાન જ પ્રધાન છે.

'ગુણ અનંત આતમ તણા રે, મુખ્યપણે તિહાં દોય;
તેહમાં પણ જ્ઞાન જ વડું રે, જેહથી દંસણ હોય રે...'

- વિ. લક્ષ્મીસૂરિ

◆ આત્મનિરીક્ષણ કરતા રહીને રોજ જોવાનું છે : દવાથી કેટલા અંશે દર્દ દૂર થયું ? ધર્મથી કર્મ કેટલે અંશે ગયા ?

દેહમાં રહીને જ દેહનો મોહ છોડવો એ જ મોટી આધ્યાત્મિક કળા છે. કેવળજ્ઞાન આ જ દેહમાં થશે. અયોગી ગુણસ્થાનક આ જ દેહમાં મળશે.

દેહને છોડવાનો નથી, પણ તેની આસક્તિ છોડવાની છે. કાશીમાં જઈ કરવત લેવાની ભગવાનની આજ્ઞા નથી. દેહમાં આત્મશુદ્ધિ છોડવાની ભગવાનની આજ્ઞા છે.

મકાનમાં રહેનારો જેમ મકાનથી પોતાને અલગ જુએ છે, તેમ દેહથી સ્વને અલગ જુઓ. આ જ ખરી યોગકળા છે.

મકાન સળગે ત્યારે કાંઈ તમે સળગી જતા નથી. મકાન કરતાં તમને તમારી જાત વધુ પ્રિય છે. પણ અહીં આ વાત ભૂલાઈ જાય છે. આત્માથી શરીર પ્યારું લાગે છે.

આપણે બધા દર્દી છીએ, સાધુ કે સંસારી - બધાની અહીં ટ્રીટમેન્ટ ચાલે છે. અમે સાધુ હોસ્પિટલમાં દાખલ થયા છીએ. અમને અમારો રોગ ખૂબ જ ખતરનાક - સીરીયસ લાગ્યો છે. તમે શ્રાવકો ઘેર રહીને દવા લો છો.

દર્દીએ ડૉ.નું માનવું પડતું હોય છે. દવા ન લે, અપથ્ય ન છોડે તો દર્દ કેમ જાય ?

અહીં પણ યથાવિહિત વ્રત - નિયમાદિનું પાલન ન થાય તો કર્મરોગ શી રીતે જાય ?

દરેક વાતમાં તીર્થંકરોને શાસ્ત્રને, આગળ રાખો. તો જ ધર્મ - કાર્યની સિદ્ધિ થશે.

शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥

- ज्ञानसार, शास्त्राष्टक

સમ્યક્ત્વી દરેક સ્થળે ભગવાનને, ભગવાનના શાસ્ત્રને આગળ રાખ્યા વિના ન રહે. પહેલા શાસ્ત્ર નથી, પહેલા ભગવાનનો પ્રેમ છે. માટે જ પ્રથમ દર્શન, પૂજા છે. એ પ્રભુ પ્રેમના પ્રતીકો છે. પછી ભગવાનના શાસ્ત્રો પણ ગમવા લાગશે.

જેને ભગવાન ન ગમ્યા તેને ભગવાનના શાસ્ત્રો નહિ જ ગમે. એ પંડિત થઈને ભલે વાંચે, પણ પ્રભુ સાથે અનુસંધાન

નહિ જોડી શકે. માટે જ ચાર યોગમાં પ્રથમ (૧) પ્રીતિયોગ (૨) ભક્તિયોગ છે. પછી ત્રીજા નંબરે વચનયોગ છે.

પહેલા ભગવાન સાથે પ્રેમ કરો. પછી શાસ્ત્ર પર પ્રેમ પેદા થશે. આજ્ઞાનો પ્રેમ પેદા થશે. ભગવાન સાથે પ્રેમ કર્યા વિના આજ્ઞા... આજ્ઞા... શાસ્ત્ર... શાસ્ત્રની વાત બકવાસ માત્ર છે.

સ્થાન, વર્ણાદિ યોગો પણ પ્રભુપ્રેમ હોય તો જ સફળ બને. ભગવાન સથે અભેદ સાધવો હોય તો દેહનો અભેદ છોડવો પડશે.

એક ખાસ વાત - જે વખતે જે ક્રિયા કરતા હોઈએ તે વખતે તમારો સંપૂર્ણ ઉપયોગ તેમાં જ હોવો જોઈએ. તો જ ક્રિયા ફળદાયી બને. આવી ક્રિયા પ્રણિધાનપૂર્વકની કહેવાય છે.

આપણો લોભ ગજબનો છે. ઓઘોય બાંધીએ ને બીજાય બે-ચાર કામ સાથે કરતા જઈએ. એકેય કામમાં ભલીવાર ન હોય.

બધી ઇન્દ્રિયોનો ઉપયોગ એક જ કાર્યમાં હોવો જોઈએ.

પડિલેહણ વખતે માત્ર આંખ જ નહિ, કાન, નાક વગેરે પણ સાબદા જોઈએ. કાન, નાક વગેરે દ્વારા પણ જીવો જાણી શકાય.

જ્ઞાનસારમાં જેમ સાધ્યરૂપ પૂર્ણતા અષ્ટક પ્રથમ બતાવ્યું તેમ છ આવશ્યકોમાં પણ સામાયિકરૂપ સાધ્ય પ્રથમ છે. એનું સાધન ચતુર્વિંશતિ સ્તવ વગેરે છયે આવશ્યકો કાર્ય-કારણ ભાવે સંકળાયેલા છે.

વિ.સં. ૨૦૧૬ આધોઈમાં ઉત્તરાધ્યન જોગમાં મને બિમારી આવી. યુ. પી. દેઢિયા કહે : T.B. છે. પલાંસવાના સોમચંદ વૈદ કહે : T.B. નથી. દવા દ્વારા નીરોગી બનાવી દીધા. મેં આમાં ભગવાનની કૃપા જોઈ.

ભગવાન પર હું શા માટે જોર આપું છું ? હું જોર નથી આપતો, શાસ્ત્રો જ સર્વત્ર ભગવાનને જ આગળ કરે છે. હું શું કરું ?





રક્षા પોટલી को अभिमंत्रित करते हुए पूज्यश्री,
वढवाण, वि.सं. २०४७

શ્રાવણ વદ ૨
૨૮-૦૮-૧૯૯૯, શનિવાર

◆ સાધુધર્મ, શીઘ્ર મુક્તિમાં જવાનો ઉપાય છે. શ્રાવકધર્મ તેમના માટે છે, જેઓ હજુ સાધુ-ધર્મ પાલનમાં અસમર્થ છે, ઈચ્છુક છે, પરંતુ અસમર્થ છે.

◆ આપણામાં આવેલો ગુણ બીજાને આપીએ તો તે અક્ષય બને, આનંદકારી બને. લેવા કરતાં દેવામાં આનંદ ખૂબ જ છે.

પરોપકાર કરનાર સ્વ-પર ઉભય પર ઉપકાર કરે જ છે. એક પણ એવો ઉપકાર નથી, જ્યાં સ્વ-પર ઉપકાર ન હોય.

કલ્યાણ તો આપણા આત્માનું જ કરવાનું છે તો પછી છજીવકાયની રક્ષાની વાત વચ્ચે ક્યાંથી લાવ્યા ? એ જીવોના રક્ષણ વિના આત્મકલ્યાણ નથી જ, માટે.

આજે ભગવતી-ટીકામાં આવ્યું :

સંયમ એટલે છ જીવકાયની રક્ષાથી પર રક્ષા.

સંવર એટલે વિષય-કષાયથી સ્વરક્ષા.

સંયમ પર-રક્ષા માટે, સંવર સ્વરક્ષા માટે છે. બંને એક જ સિક્કાની બે બાજુઓ છે.

◆ ભગવાનની આજ્ઞા -

अवलंबऊण कज्जं जंकिंचि समायरंति गीयत्था ।
थेवावराह बहुगुण, सव्वेसिं तं प्रमाणं तु ॥
ण य किंचि अणुन्नायं पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
तित्थगराणं आणा कज्जे सच्चेण होअव्वं ॥

- पंचवस्तुक २७९, २८०

'કોઈ નિમિત્તનું આલંબન લઈને જે કંઈ પણ ગીતાર્થો આચરે છે, થોડો દોષ અને ઘણો લાભ હોય, તેવા કાર્યો પ્રમાણભૂત છે.

એકાન્તે ભગવાને કોઈપણ ચીજનો નિષેધ નથી કર્યો કે વિધાન નથી કર્યું. પરંતુ કોઈપણ કાર્યમાં ખરા હૃદયથી રહો, એ જ ભગવાનની આજ્ઞા છે.

◆ પુષ્ટિ અને શુદ્ધિ આ બે ધ્યાનમાં રાખો. જ્ઞાન અને દર્શનની પુષ્ટિ થવી જોઈએ. દોષો (કર્મો)ની શુદ્ધિ થવી જોઈએ. દરેક અનુષ્ઠાનમાં આ હોવા જોઈએ.

વૈદ્ય પહેલા શુદ્ધિ કરે; વિરેચનાદિ આપીને. પછી વસંતમાલિની આદિ દ્વારા પુષ્ટિ કરે.

સાધુપણાની દરેક ક્રિયા, જ્ઞાનાદિની વૃદ્ધિ જ કરનારી છે. પ્રતિક્રમણ પડિલેહણ ચૈત્યવંદન વગેરે બધું જ. સૂક્ષ્મતાથી જુઓ.

કેટલીક ક્રિયા જ્ઞાનાદિ વૃદ્ધિ માટે, પુષ્ટિ માટે છે. કેટલીક ક્રિયા કર્મની શુદ્ધિ માટે છે.

◆ ઈરિયાવહિયં જીવમૈત્રી સૂત્ર, તસ્સ ઉત્તરી શુદ્ધિ સૂત્ર અને કાયોત્સર્ગમાં લોગસ્સ ધ્યાનસૂત્ર છે.

◆ કાયિક - ઠાણેણં - કાયોત્સર્ગ મુદ્રા.

વાચિક - મોણેણં - લોગસ્સ માનસિક રીતે બોલવું.

માનસિક ધ્યાન - ઝાણેણં - માનસિક વિચારણા. તીર્થંકરોના ગુણની.

◆ કાયોત્સર્ગ તીર્થંકરો દ્વારા આચરિત ઉત્કૃષ્ટ ધ્યાન છે.

પ્રશ્ન : કાયોત્સર્ગમાં આત્મધ્યાન ક્યાં આવ્યું ?

ઉત્તર : પરમાત્મામાં આત્મા આવી જ ગયો. મન-વચન-

કાયા ત્રણેય પરમાત્મમય જ બનાવવાના છે. પરમાત્મા એટલે પરમશુદ્ધ આત્મા. એનું ધ્યાન એટલે આત્માનું જ ધ્યાન.

◆ માનસરોવરમાં હંસ રમે તેમ મુનિઓના મનમાં સિદ્ધો રમે.

આવા મુનિઓ અરૂપી અને દૂર રહેલા સિદ્ધોના, આપણને અહીં દર્શન કરાવે છે.

મુનિઓના મનમાં રમતા સિદ્ધોને જોવા આપણી પાસે શ્રદ્ધાની આંખ જોઈએ.

આંખ ચાર પ્રકારે :

ચામડાની (ચર્મ) ચક્ષુ : ચઉરિન્દ્રિયથી લઈ સૌને.

અવધિજ્ઞાનની આંખ : દેવ-નારકને.

કેવળજ્ઞાનની આંખ : કેવળી + સિદ્ધોને.

શાસ્ત્રની આંખ : સાધુઓને.

◆ બે હજાર સાગરોપમ પહેલા આપણે ચોક્કસ એકેન્દ્રિયમાં હતા. એટલા કાળમાં જો આપણે મોક્ષમાં ન જઈએ તો ફરી એકેન્દ્રિયમાં જવું પડશે..

આ જ આપણો ભૂતકાળ છે. મોક્ષમાં ન જઈએ તો આ જ આપણો ભવિષ્યકાળ છે.

T.V. સિનેમા વગેરે પાછળ પાગલ બનનારી આજની પેઢીને જોઈને ચિન્તા થાય છે : આમનું થશે શું ? આંખનો કેવો દુરુપયોગ ? ફરીથી આંખ નહિ મળે. આંખ ઘણા પુણ્યથી મળી છે. એનો દુરુપયોગ ન કરો. શાસ્ત્ર વાંચો. જયણા પાળો, જિનમૂર્તિના દર્શન કરો. આ જ આંખનો સદુપયોગ છે.

◆ **શાસ્ત્ર હૃદયમાં, જીવનમાં જીવંત જોઈએ. પળે-પળે એના ઉપયોગપૂર્વકનું આપણું જીવન જોઈએ. એ જ ખરું શાસ્ત્ર છે. ભંડારમાં પડેલા પુસ્તકો તો શાહી અને કાગળ છે, માત્ર દ્રવ્યશાસ્ત્ર છે. એ પ્રમાણેનું જીવન તે જ ભાવશાસ્ત્ર છે.**

◆ યોદ્ધાઓ ઢાલથી તલવારાદિના પ્રહારો રોકે તેમ સાધક ક્રોધાદિના પ્રહારને ક્ષમાદિથી રોકે.

◆ ક્રિયા વખતે સૂત્રો માત્ર સાંભળવાના જ નથી, અનૂચ્ચારણ (અનુ + ઉચ્ચારણ) પણ કરવાનું છે. તો જ

ક્રિયામાં જીવંતતા આવે.

◆ કાયોત્સર્ગ વધે તેમ સમાધિ વધે. માટે જ લોગસ્સને સમાધિસૂત્ર, પરમ જ્યોતિ સૂત્ર કહેલું છે. સાહિત્ય વિકાસ મંડળ તરફથી લોગસ્સ સ્વાધ્યાય પુસ્તક બહાર પડેલું છે, તે વાંચવા જેવું છે.

ચિત્ત વિક્ષિપ્ત હોય ત્યારે નવકાર.

ચિત્ત સ્વસ્થ હોય ત્યારે લોગસ્સ ગણો. જેથી લોગસ્સનો અનાદર ન થાય.

જૈનોમાં ધ્યાન નથી, એમ કોઈ કહેતા નહિ. અહીં તો નાનું બાળક પણ ધ્યાન કરે છે. નવકાર કે લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે તે ધ્યાન નથી તો બીજું શું છે ?

ધીરે-ધીરે પ્રયત્ન કરતાં એક લોગસ્સના કાઉસ્સગ્ગમાં પણ અપૂર્વ આનંદ આવવા લાગશે.

◆ આત્મા તો આનંદનો ખજાનો છે. ત્યાંથી આનંદ નહિ મળે તો બીજે ક્યાંથી મળશે ? આત્મામાંથી, પોતાની જાતમાંથી જે આનંદ મેળવી શકતો નથી તે દુનિયાના કોઈ ખૂણામાંથી આનંદ મેળવી શકશે નહિ.

◆ સ્વપ્નમાં પણ ધ્યાન, કાઉસ્સગ્ગ, સ્વાધ્યાય, ચૈત્યવંદન વગેરે ચાલતું હોય, મન આનંદમાં રહેતું હોય તો સમજવું : સાધના લાગુ પડી ગઈ છે.

◆ ચૈત્યવંદન શું ચીજ છે ? એ બરાબર જાણવું હોય તો એકવાર લલિતવિસ્તરા જરૂર વાંચો. પરમ સમાધિના બીજો કેવી રીતે અહીં રહેલા છે, તે જાણવા મળશે.

નમુત્થુણંની આઠ સંપદાથી ભગવાનની મહત્તા - મહાકરુણાશીલતા વગેરે જાણવા મળશે. સિદ્ધર્ષિ આનાથી જ પ્રતિબોધ પામેલા.

ભગવાનની આ મૂડીના આપણે વારસદાર નહિ બનીએ તો કોણ બનશે ? બાપની મૂડીનો વારસદાર પુત્ર જ બને ને ?

ભગવાન આપણા પરમ પિતા છે, આપણે સુપુત્ર બન્યા છીએ કે નહિ તે તપાસવાનું છે.

✧ ✧ ✧ ✧ ✧



વઢવાણ (ગુજરાત) મેં પૂજ્યશ્રી કા પ્રવેશ, વિ.સં. ૨૦૪૭

શ્રાવણ વદ ૩
૨૯-૦૮-૧૯૯૯, રવિવાર

◆ ધર્મ મંગળ જ કરે. અધર્મ, અમંગળ, અહિત જ કરે. મંગળનું બીજું નામ સુખ છે. ઘરથી નીકળતાં મંગળ કરીએ છીએ, પણ એ દ્રવ્ય મંગળ છે. ધર્મ દુનિયાના બધા જ મંગળોમાં ઉત્કૃષ્ટ છે : '**धम्मो मंगलमुक्किट्ठं** । ધર્મનું મૂળ વિનય છે. માટે જ નવકાર (નમો) મહામંગળ કહેવાય છે. **मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं** ।

◆ ધર્મને યોગ્યતા દેખાય તો જ આપણામાં તે આવે. અધર્મ યોગ્યતા - અયોગ્યતા કાંઈ જ જોતો નથી. તરત જ ઘસી આવે છે. જ્યારે ધર્મ યોગ્યતા વિના આવતો નથી જ.

યોગ્યતા માટે દરકાર કરવી પડે છે. અયોગ્યતા માટે કાંઈ જ જરૂરી નથી.

સહેજ યોગ્યતા ન દેખાય તો ધર્મ બારીમાંથી જોઈને જ ભાગી જાય, અંદર આવે જ નહિ. માટે જ ધર્માચાર્યો યોગ્યતા સૌ પ્રથમ જુએ છે. માટે જ અયોગ્યને ધર્મ સૂત્રો આપવાની શાસ્ત્રકારો ના પાડે છે.

પૂ. કનકસૂરિજી નિઃસ્પૃહશિરોમણિ હતા. પ્રસિદ્ધિ વગેરેની કોઈ અપેક્ષા નહોતી. ધારત તો ઘણા શિષ્યો કરી શકત, યોગ્યતા ન જણાતાં તેઓ વેગળા જ રહ્યા.

◆ મદ્રાસમાં રશિયાનો તત્ત્વજિજ્ઞાસુ આવેલો. એ માટે એ હિન્દી શીખીને આવેલો. મોહનલાલજી ઢઢ્ઢા, ખરતર ગચ્છના પ્રમુખ તેને લઈ આવેલા. 'मुझे तत्त्वज्ञान शीखना है ।' એની વાત જાણીને તત્ત્વજ્ઞાન - પ્રવેશિકાનો ૧લો પાઠ શીખવાડ્યો. ખૂબ જ રાજી થયો.

તમને આવી જિજ્ઞાસા ખરી ? અમારી પાસે શા માટે આવો છો ? ધંધો સારો ચાલે, તબિયત સારી રહે માટે ?

◆ ત્યાગ, વૈરાગ્ય, કરુણા, ભક્તિ, મૈત્રીના સંસ્કારો ગાઢ બનાવ્યા વિના ભવાંતરમાં સાથે નહિ આવે. માટે જ રોજ એ બધાના સંસ્કાર ઘટ્ટ કરવાના છે.

◆ બીજા જીવોનું ક્ષાયિક સમ્યક્ત્વ હોય તોય 'વરબોધિ' ન કહેવાય. ભગવાનનું ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પણ 'વરબોધિ' કહેવાય. એ પરોપકાર અને કરુણાના કારણે જ.

આવા કરુણાશીલ ભગવાન બીજે કયે સ્થળે મળવાના ?

તેઓ પટુ, અભ્યાસ અને આદરથી વૈરાગ્યાદિને સંસ્કાર આપીને એવા ઘટ્ટ બનાવે છે કે ભવાંતરમાં પણ સાથે આવે.

◆ **પં. ભદ્રંકરવિ. મ.ને પૂછ્યું : નવકારને જ તમે કેમ પકડ્યો ?**

પં. મ. કહેતા : આ બધા સૂત્રો, વિધિ, વિધાનો જોઈએ, ત્યારે એમ થાય કે આમાંનું બધું જીવનમાં ક્યારે ઉતારીશું ?

સૂત્રથી પણ નહિ તો અર્થથી કે તદુભયથી શી રીતે ઊતારી શકીશું ?

એટલે મેં વિચાર્યું : બધું તો નહિ પકડી શકાય, એક નવકાર બરાબર પકડી લઈએ તોય તરી જઈએ. આથી એક નવકાર બરાબર પકડ્યો.

◆ પટુ, અભ્યાસ અને આદર આ ત્રણેય (વૈશેષિકદર્શન પ્રથમ પાદ) જૈનેતરો માને છે, પણ મતિજ્ઞાનના પ્રકારોરૂપે આપણને પણ તે માન્ય છે, એમ જંબૂવિ.મ. એ

જણાવેલું.

◆ પૂ.પં. મુક્તિવિજયજી અભિધાન કોશ અને પ્રાકૃત વ્યાકરણનું વૃદ્ધાવસ્થામાં પણ પુનરાવર્તન કરતા હતા. જવાબમાં કહેતા : ભવાંતરમાં પણ સાથે લઈ જવા છે.

સંસ્કૃત ભાષા પર એમની જબ્બર પક્કડ હતી. અઘરામાં અઘરા ગ્રંથો સહેલાઈથી વાંચી-વંચાવી શકતા તથા શુદ્ધીકરણ કરી નોટો બનાવતા. આવી ૧૭ નોટો સાંતલપુરના ભંડારમાં હતી.

◆ ગ્રંથ માત્ર વાંચી લઈએ, એનો કોઈ ખાસ અર્થ નથી. વારંવાર ઘુંટી-ઘુંટીને ભાવિત બનાવીએ ત્યારે ફળદાયી બને.

જૂના ગ્રંથોને કદી સંભાળીએ છીએ ? એક ગ્રંથને બીજી-ત્રીજી વાર વાંચીએ છીએ ?

કોઈ વેપારી કદી કમાયેલી મૂડી ખોઈ નાખતો નથી. આપણે ભણેલું ભૂલી જઈએ છીએ. મૂડી સંભાળતા નથી.

જ્ઞાન જ આપણી મૂડી છે. એ જ ભવાંતરમાં સાથે આવશે. પુસ્તકો, બોક્ષ, ભક્તો, શિષ્યાદિ પરિવાર વગેરે કોઈ સાથે નહિ આવે.

કમ સે કમ એટલું કરો : નવકારથી લઈને આવશ્યક સૂત્રો સંપૂર્ણપણે ભાવિત કરો. નહિ તો આપણી ક્રિયા ઉપયોગ-શૂન્ય બની રહેશે. ઉપયોગશૂન્ય ક્રિયાનું કોઈ જ મૂલ્ય નહિ રહે.

મને પણ રસ નહોતો પડતો, જ્યારે હું આવશ્યક સૂત્રો શીખતો'તો, પણ અર્થ વગેરે જાણ્યા પછી ખૂબ જ રસ પડવા માંડ્યો. પ્રબોધ ટીકા, લલિતવિસ્તરા વાંચો. આવશ્યક સૂત્રોના રહસ્યો સમજાશે.

મહાન તપસ્વી પૂ. ભુવનભાનુસૂરિ મહારાજાએ તેના પર વિવેચના લખી છે. નામ છે : પરમ તેજ. એ પણ વાંચી શકાય.

◆ જૈનેતરોના મંત્ર 'ગાયત્રી મંત્ર' જ્ઞાનનો મંત્ર છે. નવકાર અધ્યાત્મમંત્ર છે. નવકારમંત્ર એ ગણધર ભગવંતોનું આપણને મળેલું ઉત્કૃષ્ટ દાન છે. એની માવજત કરીશું તો

ઈનામપાત્ર ઠરીશું. વેડફી નાખીશું તો સજાપાત્ર.

◆ મોક્ષની સાધનાના સંક્ષિપ્ત ઉપાયો છ આવશ્યક સિવાય બીજે ક્યાંય નથી. ૪૫ આગમોનો સાર આવશ્યકોમાં છે. ૪૫ આગમ એનો વિસ્તાર માત્ર છે.

◆ ધ્યાન એટલે એકાગ્રતાની સંવિત્તિ !

ધ્યાન એટલે સ્થિર અધ્યવસાય.

એકાગ્રતાપૂર્વક કાઉસ્સગ્ગ કરીએ તો સફળ બને. અન્યથા પ્રતિજ્ઞા-ભંગ થાય.

એક જ લોગસ્સનો ભલે કાઉસ્સગ્ગ કરો, પણ એવી એકાગ્રતાપૂર્વક ગણો કે સફળ બને.

◆ ચાવીથી તાળા ખૂલે, તેમ આવશ્યક સૂત્રોથી અનંત ખજાનાઓ ખુલે છે.

આગમોની ચાવી 'નંદી, અનુયોગ અને વિશેષાવશ્યક ભાષ્ય' આ ત્રણમાં છે.

◆ તપાગચ્છના ઉત્તમ વિ. એ ખરતર ગચ્છીય દેવચન્દ્રજી પાસે વિશેષાવશ્યક ભાષ્યનું અધ્યયન કરેલું.

વળી, દેવચન્દ્રજીએ અચલગચ્છીય જ્ઞાનસાગરજી પાસે વિશેષાવશ્યકનો અભ્યાસ કરેલો. દેવચન્દ્રજીએ ક્યાંય દાદાના સ્તવનો, ગીતો વગેરે બનાવ્યા હોય, તેમ જાણ્યું નથી. તેમણે જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા લખી છે. તેમાં મહોપાધ્યાય શ્રી યશોવિજયજીને ભગવાન તરીકે સંબોધ્યા છે.

આપણા માટે આવા ગ્રંથો સાચે જ ભગવાન બનીને આવે છે. જિનાગમ પણ જિનસ્વરૂપ છે. આજના યુગમાં જિનાગમ બોલતા ભગવાન છે. મૂર્તિ તો હજુ બોલતી નથી. આગમ બોલે છે.

◆ પ્રતિમા અનક્ષર બોધ આપે છે, માત્ર ઈશારાથી સમજાવે છે. આગમ અક્ષર બોધ આપે છે. પ્રતિમાના ઈશારા, પ્રતિમાનો સંકેત આપણે સમજી શકીશું ? તેઓની મુદ્રા કહે છે : મારી જેમ પદ્માસન લગાવી સ્વમાં એકાગ્ર બનો. ઉપયોગવંત બનો. ક્રિયામાં ઉપયોગ ભળશે ને તરત જ અમૃતનો રસાસ્વાદ મળશે.

જેટલા ગુણો ભગવાનના છે, તે બધા જ આપણને

આપવા માટે છે.

'न विकाराय विश्वस्योपकारायैव निर्मिताः ।
स्फुरत्कारुण्यपीयूष - वृष्टयस्तत्त्वदृष्टयः ॥

- ज्ञानसार

पिबन्ति नद्यः स्वयमेव नाम्भः...
परोपकाराय सतां विभूतयः ॥

તમને જે મળેલું છે તે બીજાને આપો. આ શાસનના પ્રભાવે જે ગુણ-શક્તિ આદિ મળ્યા છે તો શાસન માટે વાપરો.

વ્યાખ્યાન, વાચના, પાઠ, લેખન, અધ્યાપન વગેરે કરો ત્યારે ઋણમુક્તિની ભાવના કેળવજો. 'હું ઉપકાર કરું છું' એમ નહિ માનતા.

હરિભદ્રસૂરિ દરેક ગ્રંથને અંતે લખતા : 'આ ગ્રંથ દ્વારા જગતના જીવો દોષમુક્ત બનો. જેથી હું ઋણમુક્ત બનું.'

✧ ✧ ✧ ✧ ✧

અમે તો વડસ્માથી છ'રી' પાલતા શંખેશ્વરજીના સંઘમાં હતા અને સમાચાર મળ્યા । અધ્યાત્મયોગી આ.શ્રી કલાપૂર્ણસૂ. મ. નો સ્વર્ગવાસ થયો । આઘાત લાગ્યો । કેવા ઉત્તમ યોગી હતા ? મને તો અંગત રીતે ગયા વર્ષે કે.પી.ના અને ભેરુતારકના પ્રસંગોમાં જે નિકટતામાં રહેવાનું મળ્યું તે મારા જીવનની યાદગાર ક્ષણો બની રહી। મારા ઉપર તેઓનો કૃપાપૂર્ણ દૃષ્ટિપાત મને મળ્યો છે । તેઓ તો પોતાની સાધના આગળ ધપાવવા વધુ ઉંચા સ્થાને પધાર્યા છે । આપણી પાસે તેમના જીવનનો એક શ્રેષ્ઠ નકશો મૂકી ગયા છે ।

તમો બધાને ખૂબ જ આઘાત લાગ્યો હશે ! અને આવા સ્વજન સૂરિ ગુરુવરનો વિરહ વસમો હોય છે. સરોવરને હંસનો વિયોગ વેઠવો મુશ્કેલ હોય છે પણ હંસ તો જ્યાં પણ જાય ત્યાં શોભા અને સન્માનને પામે છે ।

આમ સાવ અચાનક જ ચાલ્યા જશે 'આવજો' કહેવા પણ નહીં રોકાય એવી કલ્પના ન હતી । પણ આ તો કુદરતનો અકાટ્ય કાયદો છે, જે માન્યા વિના છૂટકો નથી ।

- એજ... પ્રદ્યુમ્નસૂરિની અનુવંદના
૨૪-૨-૨૦૦૨, શંખેશ્વર.



પૂ. કનકસૂરીશ્વરજી મ.સા.

પૂ. કનકસૂરિજીની સ્વર્ગતિથિ

શ્રાવણ વદ ૪
૩૦-૦૮-૧૯૯૯, સોમવાર

◆ શરીર મોક્ષનું પરમ સાધન છે. એના વિના ધર્મ આરાધના થઈ શકે નહિ. માટે જ આ દેહને ટકાવવા સાધુએ આહાર ગ્રહણ કરવાનો છે. '**अहो जिणेहिं असावज्जा...**'

◆ અમારું અહીં (આ સમુદાયમાં) આવવાનું કેમ થયું ? કમલ વિ.ના પિતાજીએ એક વખતે ફલોદી ચાતુર્માસસ્થિત વિજયલબ્ધિસૂરિજીને પૂછેલું : વર્તમાનકાળમાં શ્રેષ્ઠ સંયમી કોણ ? ત્યારે લબ્ધિસૂરિજીએ પૂ.આ.શ્રી કનકસૂરિજીનું નામ આપેલું.

ત્યારે કમલવિ. ગૃહસ્થપણામાં હાજર હતા. એમણે આ યાદ રાખેલું. દીક્ષા તો આમ લેવી હતી રામચન્દ્રસૂરિજી પાસે. કારણ કે એમના જૈન પ્રવચનો વાંચવાથી વૈરાગ્ય થયેલો, પણ કમલવિ. એ પૂ. કનકસૂરિજી પાસે દીક્ષા લેવાનું નક્કી કરાવ્યું. વળી ફલોદીના કંચનવિ. પણ ત્યાં હતા.

આમ ભગવાને જ મને અહીં મોકલ્યો. હું તો પહેલેથી જ ભગવાન પર વિશ્વાસ રાખનારો ! એ જે કરશે તે બરાબર

જ કરશે. આવો પાકો ભરોસો !

◆ મદ્રાસનો અનુભવ :

ઘણાએ કહ્યું : તેઓ ધૂતારા છે, જવા જેવું નથી, પણ ભગવાનના સંકેતથી, ભગવાનના ભરોસે અમે મદ્રાસ ગયા. ત્યાં પણ મુહૂર્ત સંબંધી વિઘ્ન આવ્યા, પણ ટળી ગયા અને પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ. હું આમાં પણ ભગવાનની કૃપા જોઉં છું.

અમારું પ્રથમ ચાતુર્માસ તો ફલોદીમાં જ થયું. બીજા ચાતુર્માસ વખતે આમ તો પૂ. કનકસૂ. સાથે રાધનપુર નક્કી થયેલું, પણ પૂ. બાપજી મ.ની ઈચ્છા જાણીને અમદાવાદ તરફ પ્રયાણ થયું. પ્રથમ ગોચનાદ મુકામે જ ગોળાની તકલીફ થતાં પૂ. બાપજી મ. તરફથી ના આવતાં સાંતલપુર ચાતુર્માસ નક્કી થયું. રાધનપુરમાં ભદ્રસૂરિજીનું નક્કી થઈ ગયેલું. ભણવા માટે અમારું (કલાપ્રભવિ., રત્નાકરવિ., દેવ., તરૂણવિ. સાથે. બંને તોફાન કરે માટે એક કલ્પતરુવિ. ને સાંતલપુર રાખ્યા) ચાતુર્માસ રાધનપુર થયું. ત્યાં જ હરગોવનદાસ પંડિતજીના કહેવાથી પાઠશાળામાં વ્યાખ્યાન શરૂ થયા.

(કલાપ્રભવિ. ના પણ વ્યાખ્યાન ત્યાં શરૂ થયા)

પર્યુષણમાં પણ ત્રણ દિવસ વ્યાખ્યાન આપ્યા.

પછી માત્ર માંડવી સં. ૨૦૧૩ અને આધોઈ સં. ૨૦૧૬, આ બે જ ચાતુર્માસ પૂ.આ.શ્રીની નિશ્રામાં મળ્યા, પણ અંતરના આશીર્વાદ પૂરા મળ્યા.

ભગવાન જ બધું ભલું કરશે, આ વાત પર પૂરો ભરોસો.

◆ ભોજનમાં તૃપ્તિની શક્તિ કે આપણામાં ?

પાણીમાં તરસ છીપાવવાની શક્તિ કે આપણામાં ?

જો આપણામાં જ હોય તો ફોતરાં ખાઈને, પેટ્રોલ પીને ભૂખ-તરસ છીપાવો. થઈ શકે એવું ?

તમારામાં જ મુક્તિ માટેની શક્તિ હોય તો ભગવાન વિના જ સાધનામાં આગળ વધો. થઈ શકે એવું ?

તૃપ્તિમાં જેમ ખોરાક પુષ્ટ કારણ છે, તેમ મુક્તિમાં ભગવાન પુષ્ટ કારણ છે. બિલાડી કે વાનરીના બચ્ચા બનીને જાવ, ભગવાન પાસે. ભગવાન બધું સંભાળી લેશે.

✧ ✧ ✧ ✧ ✧



वढवाण (गुजरात) में पूज्यश्री का प्रवेश, वि.सं. २०४७

श्रावण वद ५
३१-०८-१९९९, मंगळवार

◆ વૈદ્ય રોગીની અવસ્થા જાણીને દવા આપે, રોગી અવસ્થામાં ચાલુ હોય તે આરોગ્ય અવસ્થામાં બંધ, આરોગ્ય અવસ્થામાં ચાલુ હોય તે રોગી અવસ્થામાં બંધ પણ થાય.

ભગવાન પણ જગતના ધન્વંતરિ વૈદ્ય છે.

આપણા જેવા દર્દીઓને સામે રાખીને નિયમો બનાવવામાં આવેલા છે. કોઈક સમયે જેનું વિધાન હોય, કોઈક સમયે તેનો નિષેધ પણ હોય.

◆ **'संयम खप करता मुनि नमीऐ, देश काळ अनुमाने.'**

મુનિ પણ દેશ અને કાળને અનુસરે. અત્યારે વર્ણન ચાલે છે ઉત્સર્ગનું. ગીતાર્થ દ્રવ્ય-ક્ષેત્રાદિ જોઈ નિયમોમાં ફેરફાર પણ કરી શકે.

◆ અશુભ નિમિત્તોથી દૂર રહીએ તો જ અશુભ ભાવોથી દૂર રહી શકીએ. માટે જ તીર્થંકરો સ્વયં પણ ગૃહસ્થપણાનો ત્યાગ (અશુભ નિમિત્તોનો ત્યાગ) કરીને દીક્ષા

ગ્રહણ કરે છે.

ભગવાન માટે જરૂરી તો આપણા માટે નહિ ? શ્રાવકો પણ અભિગ્રહાદિ ધારણ કરતા હોય તો સાધુ ધારણ ન કરે ?

◆ કચ્છ જેટલી કમાણી પણ મુંબઈમાં ન થાય તો તમે શું કરો ? આપણે પણ સંસાર છોડી અહીં આવ્યા. અહીં આવ્યા પછી પણ કમાણી ન વધારી તો વિચારવા જેવું નહિ ?

મને કદી યાદ નથી આવતું કે મેં કદી પ્રમાદ કર્યો હોય કે સમય નકામો બગાડ્યો હોય.

મુક્તિના મુસાફરને પ્રમાદ ન જ પરવડે.

◆ સાધુ ગોચરીએ નીકળે ત્યારે દ્રવ્યાદિ અભિગ્રહ ધારણ કરીને નીકળે. અભિગ્રહ ધારણ કરવામાં પણ પ્રસન્નતા.

એમની પ્રસન્નતાની સંસારીને ઈર્ષ્યા થાય. તમારી પ્રસન્નતા કોઈ ન જુએ તો કોણ તમારી પાસે આવશે ?

પ્રસન્નતા ચુંબકીય તત્ત્વ છે, જે અન્યને તમારી પાસે ખેંચે છે. આજના કાળમાં પણ સાધુ ચક્રવર્તીથી પણ ચડી જાય તેવી પ્રસન્નતાનો સ્વામી બની શકે છે.

◆ સાધુ-સાધ્વી તીર્થના સેવક છે, એટલું જ નહિ તે સ્વયં પણ તીર્થરૂપ છે. એટલે તમને ભગવાન પણ પ્રણામ કરે એવા સ્થાને છો. તીર્થને તીર્થંકર પ્રણામ કરે છે : **णमो तित्थस्स ।**

◆ આ તીર્થના પ્રભાવથી જ પ્રલયકાળના મેઘ અટકી રહ્યા છે. આવા તીર્થની પ્રાપ્તિની કેટલી ખુમારી હોય ?

આમ્રભટ્ટ બહુ જ ઉદાર. કોઈ વિજય મેળવીને તે આવ્યો. રાજા કુમારપાળે તેને સોનૈયાના થેલા ભરીને આપ્યા. હીરાનો હાર પણ આપ્યો. બહાર નીકળ્યા પછી યાચકોએ તેને ઘેરી લેતાં બધું જ દાનમાં આપી દીધું, હીરાનો હાર પણ આપી દીધો.

પાટણમાં ચોમેર પ્રશંસા થવા લાગી.

ઈર્ષ્યાળુઓએ કુમારપાળને કાન ભંભેરણી કરી : આપનાથી પણ વધુ પ્રશંસા આમ્રભટ્ટની થાય છે. દાન આપનું, પ્રસિદ્ધિ એની ! આ તો આપનું અપમાન કહેવાય. એનો

આશય સમજી લો. અમાપ લોકપ્રિયતા દ્વારા રાજ્ય પડાવવાની આ પૂર્વભૂમિકા છે.

મહારાજા ગુસ્સે ભરાયા. બીજે દિવસે મહારાજાની નારાજગી આમ્રભટ્ટ જાણી ગયો.

રાજા : 'કેમ આટલું દાન ?'

આંબડ : 'આપ નહિ, એ દાન હું જ કરી શકું !'

'કેમ ?'

'આપ તો દેથલીના ઠાકરડા ત્રિભુવનપાળના દીકરો. હું ૧૮ દેશના માલિક મહારાજા કુમારપાળનો દાસ. હું દાન ન કરું તો કોણ કરે ?'

રાજાનો ગુસ્સો ઠંડો પડી ગયો.

રાજાના સેવકને દાસત્વની આટલી ખુમારી હોય તો આપણને ભગવાનના દાસત્વની કેટલી ખુમારી હોવી જોઈએ ? દાસત્વની ખુમારી હોય તો ચૈત્યવંદનાદિ ક્રિયા તુચ્છતાપૂર્વક ન થાય.

બીજે બધે રસ જાગે, પણ ભગવાનની ભક્તિમાં જ રસ નહિ ? ક્યાં ગઈ દાસત્વની ખુમારી ?

◆ **ભક્તિ :**

ઈન્દ્રભૂતિ ભગવાનના શિષ્ય બન્યા ને ત્રિપદી દ્વારા અન્તર્મુહૂર્તમાં દ્વાદશાંગી બનાવી. એ શક્તિ ભગવાન દ્વારા જ પ્રગટી. પૂર્વાવસ્થામાં ક્યાં હતી આ શક્તિ ? ભગવાનના પ્રભાવથી જ ઈર્ષ્યા, માન, અવિરતિ, ક્રોધ, પ્રમાદ વગેરે દોષોએ વિદાય લીધી.

ચંડકૌશિકમાં પોતાની મેળે ૮મા દેવલોકે જવાની શક્તિ હતી ? કે ભગવાનના પ્રભાવથી પ્રગટી ?

બીજમાં વૃક્ષ બનવાની શક્તિ છે તો બનાવો. કોઠીમાં રાખીને. બીજ માટે ધરતી જરૂરી છે, તેમ ભક્ત માટે ભગવાન જરૂરી છે.

ભગવાનના પ્રભાવથી જ સંસારના મુસાફર આપણે મુક્તિના મુસાફર બની શકીએ.

હવે તમે જ વિચારો : ઉપાદાન પ્રબળ કે નિમિત્ત ?

ચૈત્યવંદન રહી જશે તો જોગમાં દહાડો પડશે, એવા ભયથી ચૈત્યવંદન ચૂકતા નથી તમે, પણ તમે કદી વિચાર્યું ? જે ચૈત્યવંદન રહી જવાથી દહાડો પડતો હોય, એમાં કેટલા રહસ્યો ભર્યા હશે ?

ભગવાનની ભક્તિ ભરેલી છે - ચૈત્યવંદનમાં.

માત્ર નામના સહારે અન્યદર્શનીઓ સમાધિ સુધી પહોંચ્યા છે, તો આપણે ભગવાનની ભક્તિની ઉપેક્ષા શી રીતે કરી શકીએ ?

રામકૃષ્ણ પરમહંસ કાલીમાને જોતા કે નામ સાંભળતા ત્યારે ભાવાવેશમાં આવી જતા.

પ્રભુનું નામ, મૂર્તિ કે આગમ તમારી પાસે છે એટલે પ્રભુ તમારી પાસે જ છે. ક્યાંય નથી ગયા ભગવાન.

'જગચિંતામણિ' સૂત્ર આગમ ખરું ને ? આવશ્યક સૂત્ર છે.

એના અર્થો - રહસ્યો કદીક વિચારો તો નાચી ઊઠશો. અટ્ઠાવય સંઠવિઅરૂવ...અષ્ટાપદ પર રહેલી મૂર્તિઓ સમક્ષ ગૌતમસ્વામી સ્તુતિ કરતાં કહે છે : 'આઠ કર્મોના નાશ કરનાર કરાવનાર ચોવીશેય તીર્થંકરો.'

અહીં ગૌતમસ્વામી મૂર્તિમાં સાક્ષાત્ ભગવાન જોઈ રહેલા છે.

આદિનાથ ભગવાને પુંડરીકસ્વામીને સિદ્ધક્ષેત્ર પર જ રહી જવા કહ્યું. નેમિનાથે પાર્શ્વનાથ પ્રતિમા મેળવીને જરા વિદ્યા ભગાડવા કહ્યું. મહાવીરસ્વામીએ અષ્ટાપદયાત્રા દ્વારા ચરમ શરીરીપણું બતાવ્યું. આ બધા દૃષ્ટાંતો બતાવે છે કે ભાવતીર્થંકરની ભક્તિ જેટલો જ લાભ સ્થાપના તીર્થંકરની ભક્તિ આપે.

'અષ્ટાપદ યાત્રાથી તે જ ભવે મોક્ષ મળે.'

ભગવાનની આ વાત જાણીને જ તપાસોએ અષ્ટાપદ યાત્રા માટે કમ્મર કસેલી.

ઉત્કૃષ્ટકાળે ૧૭૦ તીર્થંકરો, ૯ ક્રોડ કેવળીઓ, ૯૦૦૦ ક્રોડ (૯૦ અબજ) સાધુઓ. ૯૦ અબજ સાધ્વીઓ.

આ બધાને જગચિંતામણિમાં વંદન કરવાનું હોય છે. ભાવથી કરો તો કેટલો લાભ ?



વઢવાણ (ગુજરાત) આશ્રમ में पूज्यश्री, वि.सं. २०४७

શ્રાવણ વદ ૬
૦૧-૦૯-૧૯૯૯, બુધવાર

◆ પાળવામાં ભલે કષ્ટદાયી હોય, પણ ફળ જેનું લાભદાયી હોય ત્યાં કષ્ટ નથી લાગતું. વેપારીને વેપારમાં, ખેડૂતને ખેતીમાં, મજૂરને મજૂરીમાં કષ્ટ હોય છે, છતાં સામે લાભ દેખાતો હોવાથી કષ્ટ લાગતું નથી. તેમ સાધુને પણ મોક્ષનો લાભ દેખાતો હોવાથી કષ્ટ નથી લાગતું.

◆ **લખપતિનુ લક્ષ કોડપતિ તરફ, કોડપતિનું લક્ષ અબજપતિ બનવા તરફ હોય છે, તેમ શ્રાવકનું સાધુ તરફ, સાધુનું સિદ્ધિ તરફ લક્ષ હોવું જોઈએ. ન હોય તો સાધક તે સ્થાને પણ રહી ન શકે. શ્રાવકે શ્રાવકપણામાં કે સાધુએ સાધુપણામાં ટકી રહેવું હોય તો પણ આગળનું લક્ષ હોવું જ જોઈએ.**

◆ શ્રાવકની ઉત્કૃષ્ટ ભૂમિકા કરતાં પણ સાધુની જઘન્ય ભૂમિકામાં કેટલાય ગણી વિશુદ્ધિ વધારે હોય છે. શુદ્ધિ વધુ તેમ આનંદ વધુ ! બાર મહિનામાં જ સાધુ અનુત્તર વિમાનના દેવને પણ પ્રસન્નતામાં જીતી જાય. પછી તો આનંદ જે વધતો

રહે તેને વર્ણવવા કોઈ ઉપમા નથી.

કપડામાંથી મેલ દૂર થાય તેમ ઉજ્જવલતા વધે તેમ મનમાંથી અશુદ્ધિ દૂર થાય તેમ પ્રસન્નતા વધે. આ જ સાચો આનંદ છે. ઘરનો આનંદ.

◆ **બાહ્ય તપ પ્રથમ શા માટે ? જરૂરી શા માટે ? અભ્યંતર તપને ફોર્સ આપનાર બાહ્ય તપ છે. હું મારા અનુભવથી કહું છું કે જે દિવસે ઉપવાસાદિ કરેલા હોય તે દિવસે સાધનામાં વધુ ફોર્સ આવે.**

◆ આહારની લોલુપતા સાધુને ન હોય, માત્ર સાધના માટે આહાર ગ્રહણ કરે. ઈન્દ્રિયો શિથિલ ન થાય, સહાયક ધર્મ મટી ન જાય, સહનશીલતા ઘટી ન જાય, સ્વાધ્યાયમાં હાનિ ન થાય, માટે ભોજન લે.

મનગમતું ભોજન (ગુલાબજાંબુ, રસગુલ્લા વગેરે) મળે તો જ ગ્રહણ કરવું, એવા અભિગ્રહો ન થઈ શકે. આ તો આસક્તિ કહેવાય.

◆ **આપણા શિષ્ય પરિવારને જેવા બનાવવા હોય તેવા પ્રથમ આપણે બનવું પડે. એકાસણા, સ્વાધ્યાય, સંયમ, સેવા વગેરે ગુણોથી વિભૂષિત શિષ્ય ઈચ્છતા હો તો તમે પહેલા જીવનમાં એ ગુણો ઉતારો.**

◆ ગોચરીની આઠ પદ્ધતિઓ :

(૧) ઋજ્વી (સીધી) : ક્રમશઃ સીધા શેરીમાં જવું, ન મળે તો પાછા સ્થાનમાં.

(૨) ગત્વા પ્રત્યાગતિ : શેરીની બંને બાજુ. સીધા ગયા પછી પાછા સામી બાજુએ.

(૩) ગોમૂત્રિકા : સામ-સામે ગોમૂત્રની ધારના આકારે ઘરોમાં જવું.

(૪) પતંગ વીથી : પતંગીયાની જેમ અનિયત ઘરોમાં જવું.

(૫) પેટા : પેટી જેવા ચોરસ આકારે ઘરોમાં જવું.

(૬) અર્ધપેટા : અર્ધી પેટી જેવા આકારે ઘરોમાં જવું.

(૭) અભ્યંતર શંબુક : ગામની અંદરથી શરૂ કરી બહારના ઘરોમાં આવવું.

(૮) બાહ્ય શંબુક : બહારથી શરૂ કરી અંદર પૂરું કરવું.

◆ ૧૦ પ્રાણમાં આયુષ્ય ખૂટી જાય તો નવેય પ્રાણ નકામા ! એ પણ શ્વાસ લો તો ટકે. અહીં પણ શ્રુત, સમ્યક્ સામાયિક આયુષ્ય અને શ્વાસના સ્થાને છે.

આવશ્યક નિર્યુક્તિમાં સામાયિકના ત્રણ પ્રકાર બતાવ્યા છે.

(૧) શ્રુત, (૨) સમ્યક્ અને (૩) ચારિત્ર સામાયિક.

'आया सामाइए, आया सामाइअस्स अट्ठे'

- ભગવતી સૂત્ર

આત્મા સામાયિક છે, સામાયિકનો અર્થ છે.

'ભગવઈ અંગે ભાખીયો, સામાયિક અર્થ;
સામાયિક પણ આતમા, ધરો શુદ્ધો અર્થ...'

- ૧૨૫ ગાથા સ્તવન. યશોવિ.

શંકા : તો પછી બધા જીવોમાં સામાયિક ઘટી જશે.

સમાધાન : સંગ્રહનયથી ઘટે. નયપદ્ધતિ જૈનદર્શનની મૌલિક વિશેષતા છે. નયપદ્ધતિ જાણ્યા વિના ઘણા ગોટાળા વળી જાય.

સંગ્રહનયથી બધા જીવો સિદ્ધ સમાન છે. વ્યવહારનય જે વખતે જે હોય તે માને, કર્મસત્તાને આગળ રાખીને ચાલે. એ વિના વ્યવહાર ન ચાલે. 'મારા ઊધારા પૈસા ત્યાં પડ્યા છે. મને માલ આપો. તમે ત્યાંથી ઉઘરાણી કરી લેજો.' આમ બજારમાં ચાલે ? માટે આત્મસ્વભાવમાં રમણતા હોય ત્યાં સામાયિક સમજવું.

આ સામાયિક શી રીતે મેળવવું ? તેના ઉપાયો શેષ પાંચ આવશ્યકોમાં ક્રમશઃ મળતા જશે.

જ્ઞાન ભણવાથી નહિ, વિનય-સેવાથી આવે છે. માટે જ અભ્યંતર તપમાં વિનયનું સ્થાન સ્વાધ્યાયથી પહેલા મૂકવામાં આવ્યું છે. વિનય કરો તો જ્ઞાન મળે, સ્વાધ્યાય થઈ શકે. વિનયથી આવેલું જ્ઞાન અભિમાન નહિ કરાવે.

વિનય કોણ કરી શકે ? પોતાને લઘુ-તુચ્છ માને તે. તુચ્છ માને તે જ પ્રાયશ્ચિત્ત કરી શકે.

મુખ્ય અભ્યંતર તપ છે પણ બાહ્ય તપ તેને પુષ્ટ કરનાર છે.

बाह्यं तदुपबृंहकम् ।

- ज्ञानसार

◆ ચૈત્યવંદનમાં ભાવ કેમ નથી આવતા ? જેનું હું ચૈત્યવંદન કરું છું, એ કેવા છે ? એનું સ્વરૂપ હજુ આપણે સમજ્યા નથી.

અર્થ જાણીએ, ભગવાનનો મહિમા સમજીએ તેમ આનંદ વધે. આનંદ વધે તેમ શુદ્ધિ વધે. શુદ્ધિ વધે તેમ આનંદ વધે.

આમ આ અમૃતચક્ર છે. એકબીજા પર આધારિત છે. એકથી બીજાને પ્રોત્સાહન મળે.

અજિતનાથ ભગવાનના સમયમાં સર્વોત્કૃષ્ટ માનવની આબાદી હતી. ત્યારે તીર્થંકરો પણ બધે જ હતા : ૧૭૦. નવ ક્રોડ કેવળી અને નવ હજાર ક્રોડ (૯૦ અબજ) મુનિઓ હતા.

અત્યારે ૨૦ તીર્થંકરો છે. બે ક્રોડ કેવળી અને બે હજાર ક્રોડ (૨૦ અબજ) સાધુઓ છે. હવે ઉત્સર્પિણીમાં ૨૩મા તીર્થંકરના સમયે ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો થશે.

૧ તીર્થંકરનો પરિવાર : ૧૦ લાખ કેવળી, ૧૦૦ ક્રોડ મુનિઓ (૧ અબજ) હોય.

✧ ✧ ✧ ✧ ✧

હાલ હમણા જ પૂજ્યશ્રીના સમાચાર મળ્યા । ભૂકંપ કરતાં પણ જોરદાર આંચકો અને ધ્રાસકો હૃદયને હલબલાવી ગયો ।

અમારો એક આલંબન સ્તંભ તૂટી ગયો । આદર્શનું દર્પણ ચૂર થઈ ગયું । અમો સ્વયં વ્યથિત છીએ । આપશ્રીઓને શું આશ્વાસન આપી શકીયે ? છતાં સ્વસ્થ રહીને કર્તવ્યની આવી પડેલી શિલાને સંભાળજો ।

- એજ... આપના જ બંધુઓ
જિનચંદ્રસાગરસૂરિ - હેમચંદ્રસાગરસૂરિ
૧૬-૧-૨૦૦૨, સુરત.



આશીર્વાદ દેતા હુર પૂજ્યશ્રી, વિ.સં. ૨૦૪૭, વલ્લભણ (ગુજરાત)

શ્રાવણ વદ ૭
૦૨-૦૯-૧૯૯૯, ગુરુવાર

સાધુ અને શ્રાવકધર્મ બે પ્રકારનો ધર્મ ભગવાને ભૂમિકાના ભેદથી બતાવ્યો છે. કારણ કે જીવોની ભૂમિકા તેવી હોય છે. દૃઢ મનોબળી સાધુ અને હીન મનોબળી શ્રાવક બને છે.

સાધુપણું એટલે ભગવાનની આજ્ઞાનું પૂર્ણ પાલન.

શ્રાવકપણું એટલે ભગવાનની આજ્ઞાનું અપૂર્ણ પાલન, પણ શ્રદ્ધા પૂર્ણ.

હમણા ભગવતીમાં ભગવાન માટે વિશેષણ આવ્યું : '**उप्पन्ननाणदंसणे**' ઉત્પન્ન કેવળજ્ઞાનવાળા, એમ લખ્યું, પણ '**नाणदंसणधरे**' ન લખ્યું. તે એમ જણાવે છે કે કેવળજ્ઞાન ઉત્પન્ન કરવું પડે છે. જે કોઈ પણ જીવ કરી શકે છે. અન્યદર્શનીની જેમ અહીં અનાદિકાળથી જ્ઞાન છે, એવું નથી, ઉત્પન્ન થયેલું છે.

નાનપણમાં મને અધ્યાત્મ માટેની રુચિ ખરી, પણ કયું સાચું અધ્યાત્મ તે કયું ખોટું ? તેની ગતાગમ નહિ, પણ

પુણ્યયોગે મને પહેલેથી જ ભક્તિ પસંદ. જાણે કે સતત ભગવાન માર્ગદર્શન આપતા રહ્યા.

કોઈએ મને ગૃહસ્થાપણામાં (ખેરાગઢમાં) કાનજીનું પુસ્તક આપીને કહ્યું : આમાં ખરું અધ્યાત્મ છે. વાંચજો.

પુસ્તક ખોલતાં જ અંદર જોવા મળ્યું : 'ઉપાદાન જ મુખ્ય છે. નિમિત્ત અકિંચિત્કર છે.'

મેં તરત જ મૂકી દીધું ને પેલાને કહી દીધું : આ અધ્યાત્મ નથી.

હું બધા સાધુ-સાધ્વીજીને જણાવવા માંગું છું : જ્યાં દેવ-ગુરુની ભક્તિ ન હોય તેવા કોઈ અનુષ્ઠાનમાં સાચું અધ્યાત્મ છે, એમ માનશો નહિ.

પૂ. દેવચન્દ્રજી મહારાજ કહે છે : કોઠીમાં હજાર વર્ષ બીજ પડ્યા રહેશે. એમને એમ જ રહેશે; પણ જમીનમાં વાવો તો ?

'બીજે વૃક્ષ અનંતતા રે, પ્રસરે ભૂ-જલ યોગ.'

- પૂ. દેવચન્દ્રજી

તેમ આપણે પણ ભગવાનનો સંયોગ પામીને અનંત બની શકીએ. બીજને જમીન-પાણી વગેરે ન મળે તો પોતાની મેળે વૃક્ષ ન બની શકે તેમ જીવ એકલો જ શિવ ન બની શકે.

આ વાત તરફ તમારા કોઈનું ધ્યાન નથી તેનું મને બહુ જ દુઃખ છે. કેમ કોઈની નજર જતી નથી ?

પૂ. દેવચન્દ્રજી મ.એ પ્રથમ સ્તવનમાં પ્રીતિયોગ બતાવ્યો છે. ષોડશક - યોગવિંશિકા વગેરેમાં પ્રીતિયોગ બતાવ્યો છે, તે આ પ્રભુનો પ્રેમ સમજવો.

પ્રભુ પ્રેમના કારણે જ માર્ગ ભૂલાયો નથી. માટે જ **'સુહગુરુજાગો'** પ્રભુ પાસે આપણે રોજ માંગીએ છીએ.

જેના માથે ગુરુ હશે તે કદી માર્ગભ્રષ્ટ નહિ બને.

ગામ માટે ઘડા બનાવવાની જવાબદારી કુંભારની છે, તેમ જીવમાંથી શિવ બનાવવાની જવાબદારી ભગવાનની છે.

માટીને કુંભાર ન મળે તો પોતાની મેળે ઘડો બની શકે નહિ. ભગવાન વિના આપણે પણ ભગવાન બની શકીએ નહિ.

પંચવસ્તુક :

◆ ગોચરી માટે ભોજન સમયે જ જવું. આગળ-પાછળ નહિ. કારણ કે એમ કરતાં પૂર્વકર્મ-પશ્ચાત્કર્મ દોષ લાગે.

◆ શા માટે આપણે આટલી બોલ-બોલ કરીએ છીએ ? શક્તિ વેડફીએ છીએ ? મૌનથી શક્તિ-ઊર્જા વધે. મૌન એટલે વાણીનો ઉપવાસ. મનથી વિચારનો ખળભળાટ છોડો. મનનો ઉપવાસ આદરો.

મૌન રહે તે મુનિ. વાણી પર સંયમ રાખે તે વાચંયમ. ગોચરી વખતે જ નહિ, બીજા સમયે પણ મૌન રહે તે મુનિ ! આવું મૌન આવશે તો જ શક્તિનો સંચય થશે.

મન-વચન-કાયાથી આપણે કમાણી કરીએ છીએ કે વેડફીએ છીએ ? સંઘટ્ટો લેતાં જેમ નથી બોલતા તેમ પડિલેહણ - ગોચરી વખતે પણ નહિ બોલવું જોઈએ.

◆ ભક્તિ : હે આત્મન્ ! હવેથી હું તને કદી દુર્ગતિમાં નહિ મોકલું' આટલું નક્કી કરી લો. બીજા પર નહિ તો પોતાના આત્મા પર તો દયા કરો.

◆ દીક્ષા નથી મળી તેઓ ન મળ્યાનો અફસોસ કરે છે ને આપણે આળસ કરીએ તો ?

સંયમ સફળ બનાવવા બે ચીજો સરળ છે : ભક્તિ અને જ્ઞાન ! બીજા પરિષહ વગેરે તો આપણે સહન કરી શકીએ તેમ નથી. ભક્તિ વધે તેમ આનંદ વધે. ભક્તિનો સંબંધ આનંદ સાથે છે.

કોઈ મહાપુણ્યોદય જાગ્યો : આપણને ભક્તિ કરવાનું મન થયું. નહિ તો મન પણ ક્યાં થાય ?

આપણે ભક્ત માટે ટાઈમ કાઢી શકીએ છીએ, પણ સ્વયં ભક્ત બનીને પરમાત્મા માટે સમય કાઢી શકતા નથી.

પ્રેમલક્ષણા ભક્તિનો અભ્યાસ કરવો હોય તો ઉપા. યશોવિ.ની ચોવીશી કંઠસ્થ કરો. ક્રમશઃ તમને એક પછી એક સોપાન મળતા જશે.

ભગવાન સાથેના પ્રેમમાં ક્યાંય જોખમ નથી. જીવો સાથે પ્રેમ કરવા જતાં રાગ આવી શકે. પ્રેમ ઘણો કપટી શબ્દ છે.

ભગવાન પર પ્રેમ એટલે ભગવાનના ગુણો (જ્ઞાનાદિ)

પર પ્રેમ. કોઈ વ્યક્તિ પર નહિ. ગુરુ પર પ્રેમ એટલે ગુરુતત્ત્વ પર પ્રેમ. કોઈ વ્યક્તિગત પ્રેમ નહિ.

પ્રભુ-ભક્તના મનમાં પણ આરોહ-અવરોહ થયા કરે છે. માટે જ તમને કોઈ સ્તવનોમાં પ્રભુનો ઉત્કટ પ્રેમ દેખાશે તો કોઈ સ્તવનોમાં પ્રભુનો ઉત્કટ વિરહ દેખાશે.

શ્રદ્ધાવૃદ્ધિ માટે જ્ઞાન જરૂરી છે. સપ્તભંગી, નય, દ્રવ્ય-ગુણપર્યાયાદિનું જ્ઞાન શ્રદ્ધા વધારે. શ્રદ્ધા જ્ઞાન વધે તેમ ભક્તિ તાત્ત્વિક બનતી જાય. ચારિત્ર ભળે તો તો વાત જ શી કરવી ?

'સુમતિનાથ ગુણશું મિલીજી...' અહીં ભગવાનના ગુણો પર પ્રેમ અભિવ્યક્ત થયો છે. ઈષ્ટ વસ્તુ મળી જતાં મુખ મલકાઈ ઊઠે છે. ભક્ત માટે તો ભગવાન જ ઈષ્ટ વસ્તુ છે, બીજું કાંઈ જ નહિ.

પાણીમાં તેલ નાખો. એ પ્રસરી જશે, તેમ આપણા હૃદયમાં પ્રભુ-પ્રેમ પ્રસરી જવો જોઈએ.

✧ ✧ ✧ ✧ ✧

અચાનક આજે સવારના પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવંતના કાળધર્મના સમાચાર મળતાં એક આંચકો અનુભવ્યો ।

સદા અપ્રમત્ત, સ્વ-આરાધનામાં જાગૃત, પરમાત્મભક્તિ - મગ્ન પૂજ્યશ્રી જૈનશાસનની જબરજસ્ત પ્રભાવના કરવા સાથે અનેક આત્માઓને પરમાત્મભક્તિ - નવકાર મંત્રના સ્મરણમાં જોડીને ઉપકાર કરતા ગયા છે ।

આપના શિરછત્ર જવાથી દુઃખ થાય તે સહજ છે । સમસ્ત જૈન સંઘોને તથા વિશેષતઃ કચ્છને ન પૂરાય તેવી ખોટ પડી છે ।

પૂજ્યશ્રીનો આત્મા મહાવિદેહમાં જઈને પરમાત્મપદ પામીને આત્મકલ્યાણ સાધી લેશે । આપણને સૌને એ માર્ગે લઈ જવા સહાયક બને એ જ પ્રાર્થના ।

આપ બધા ખૂબ જ સમજુ છો । તેઓના ગુણોને અનુભવેલા છે । તેમના ગુણો આપણા જીવનમાં આવે એ સાચી શ્રદ્ધાંજલિ છે ।

અમોએ દેવવંદન કર્યા છે ।

- એજ... વજ્રસેનવિજયની વંદના
મ.સુ. ૪, સાબરમતી, અમદાવાદ.



પ્રવચન બીજી લાક્ષણિક મુદ્રા, વઢવાણ, વિ.સં. ૨૦૪૭

શ્રાવણ વદ ૮
૦૩-૦૯-૧૯૯૯, શુક્રવાર

◆ તારે તે તીર્થ. જેને પોતાના ડૂબવાનું ભાન હોય તે જ તરવાની ઝંખના કરે. ડૂબી રહ્યા છીએ તેમ લાગે છે ?

ડૂબતા પ્રાણીને બચાવવાનું કામ તીર્થનું છે.

વિષય-કષાયમાં ફસાવું એટલે ડૂબવું ! ડૂબતો માણસ બચવા ઈચ્છે, કેદી કેદમાંથી છૂટવા ઈચ્છે તેમ ધર્મી સંસારથી છૂટકારો ઈચ્છે.

આશ્ચર્યની વાત છે ! કેટલાય જીવો વારંવાર એ કેદમાં જવા ઈચ્છે છે.

પેલો વાણીયો જાણી જોઈને કેદમાં જવા ગુન્હા કરવા લાગ્યો. પૂછતાં કહ્યું : મેં ત્યાં વેપાર કર્યો છે. હવે બીજીવાર જાઉં તો ઉઘરાણી થઈ શકે ને ?

તમે આવા નથી ને ?

જેલ જેવા સંસારમાં ફરી-ફરી જવાનું મન થતું નથી ને ?

તમારે કોઈ હિસાબ બાકી રહ્યા નથી ને ?

જર-જોરૂ-જમીન ત્રણ આસક્તિના ને ઝગડાના મૂળ છે.

સંસાર હાથે કરીને ઊભો કર્યો છે. ઘટાડવાનું ક્યાંય નામ નથી. અત્યારે સંસારમાં જન્મ-મરણ ચાલુ છે તે બરાબર છે ? કે કંટાળો આવે છે ?

◆ દેહનો ત્યાગ એટલો જ મોક્ષનો અર્થ નથી. કેવળજ્ઞાનીઓનો પણ દેહ છૂટે છે. દેહ છૂટવાની સાથે કર્મ છોડી દેવા તે મોક્ષ છે. દેહ છૂટવાની સાથે વિષય-કષાયના સંસ્કાર સાથે લઈ જવા તે મરણ છે.

સાત જન્મ સુધી સર્વવિરતિ મળી જાય તો અવશ્ય મરણને મોક્ષમાં બદલાવી શકીએ.

સંસારના સાગરમાં દેશવિરતિની નાવડી નહિ ચાલે, સર્વવિરતિનું સ્ટીમર જોઈશે. માત્ર વેષ નહિ, ભાવસાધુપણું જોઈએ.

છકાયની રક્ષા સાથે આત્મા (શુભ અધ્યવસાયો)ની રક્ષા કરે તેને ભાવ સાધુપણું મળે.

◆ અત્યારે શ્રાવકોની તત્ત્વરુચિ ઘટી ગયેલી દેખાય છે. આજથી ૬૦-૭૦ વર્ષ પહેલા કેવા તત્ત્વજિજ્ઞાસુ શ્રાવકો હતા ? આજે ક્યાં છે ?

આજે તમે છુટ્ટીના કારણે મોટી સંખ્યામાં આવો છો, પણ વાસ્તવમાં જિનવાણી શ્રવણનો રસ ખરો ?

◆ આ તીર્થ ઉત્તમ બન્યું છે. એને હવા ખાવાનું સ્થાન નહિ બનાવતા. વાસક્ષેપ ન મળે તો કોઈ નારાજ નહિ થતા. ગુરુમુખે ધર્મલાભ સાંભળ્યો. આશીર્વાદ મળી ગયા, કામ થઈ ગયું. મોટો ધસારો થતો હોવાથી વાસક્ષેપ નાખી શકતો નથી. ડૉ.ની પણ ના છે.

◆ **પંચવસ્તુક** : માત્ર કષ્ટથી આત્મશુદ્ધિ થતી હોય તો બળદો, મજૂરો વગેરે ઘણા કષ્ટો સહે છે. એમાં આજ્ઞાપૂર્વકની આત્મશુદ્ધિનું લક્ષ્ય હોવું જોઈએ.

'જો કષ્ટે મુનિ મારગ થાવે, બળદ થાયે તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો.'

- ઉપા. યશો. ૩૫૦ ગાથાનું સ્તવન

અભિગ્રહો ધારવાથી સત્ત્વ વધે છે. ક્ષુધાદિ પરિષહો સહવાની શક્તિ આવે છે. અહંકાર, મોહ, મમત્વ આદિ દોષો ટળે છે.

આદિનાથજીને ૪૦૦ દિવસ સુધી ભિક્ષા ન મળી. કયા કારણે ? આપણે હોઈએ તો ક્યારનોય ઈશારો કરી દઈએ ! એ તો ઠીક, ૪૦૦૦ - કચ્છ - મહાકચ્છાદિ સહદીક્ષિતોએ પણ દીક્ષા પૂર્વે ભોજન વ્યવસ્થા માટે પૂછ્યું નથી. કેટલા સમર્પિત હશે ?

સોનાને આગ આદિની પરીક્ષામાંથી પસાર થવું પડે છે, તેમ સંયમીને પણ પરિષહોની આગમાંથી પસાર થવું પડે છે.

લોચ આદિ સ્વેચ્છાએ સહન કરવાની આદતના કારણે સહજ રીતે આવતા પરિષહાદિ સહેલાઈથી સહન કરી શકાય છે. લોચ વખતે સહન કરનારા આપણે એના સિવાયના પ્રસંગે કોઈ વાળ ખેંચે તો ? સહન કરીશું ?

વાળ તો આજે કોઈ નહિ ખેંચે પણ તમારું અપમાન થાય તેવા શબ્દો કહેશે. ત્યારે તમે શું કરશો ?

ગાળો તો નથી આપતો ને ? એમ વિચારજો.

ગાળો આપે તો લાકડી તો નથી મારતો ને ?

લાકડી મારે તો જાનથી તો નથી મારતો ને ?

જાનથી મારે તો ધર્મ-નાશ તો નથી કરતો ને ?

એમ વિચાર કરશો તો ક્યારેય ગુસ્સો નહિ આવે.

આકોશ, તર્જના, ઘાતના, ધર્મભ્રંશને ભાવે રે;
અગ્રિમ અગ્રિમ વિરહથી, લાભ તો શુદ્ધસ્વભાવે રે...

- ઉપા. યશોવિ., સજ્ઝાય. છદ્દું પાપસ્થાનક

પાપક્ષય, ઈર્યાપથિકી, વંદના... આદિ ૮ કારણે કાયોત્સર્ગ થાય છે. **पावक्खवणत्थ इरियाइ...** ચૈત્યવંદન ભાષ્ય.

◆ સુખલાલ પંડિતે કહેલું : પ્રતિક્રમણના સૂત્રો બીજા આચાર્યોએ રચેલા છે. તેની સામે પ્રશ્ન મૂકવામાં આવ્યો : તો પછી ગણધર ભગવંતો પ્રતિક્રમણમાં કયા સૂત્રો બોલતા હતા ?

પછી સુખલાલજીએ સૂત્રોનું ગણધર કર્તૃત્વ સ્વીકારવું પડ્યું.

◆ **નાગેશ્વર તીર્થમાં પહેલીવાર દર્શન કર્યા ત્યારે લાગ્યું : જાણે સાક્ષાત્ પાર્શ્વનાથ મળ્યા. બરાબર નવ હાથની કાયા ! ભોપાવરમાં શાન્તિનાથની, જયપુરમાં મહાવીરસ્વામી આદિ કાયોત્સર્ગસ્થ મૂર્તિઓ છે. આવી મૂર્તિઓ સમક્ષ કાયોત્સર્ગનો અભ્યાસ કરવા જેવો છે.**

અલૌકિક તેજવાળી મૂર્તિઓના દર્શનથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે. અમદાવાદમાં જાઉં ત્યારે મૂળીયા, મહાવીરસ્વામી, જગવલ્લભ અચૂક જાઉં. સાક્ષાત્ મહાવીરસ્વામી યાદ આવે. પણ તમે સ્વયં શાન્ત હો તો જ એવી અનુભૂતિ થાય. અહીં રોજ મહાવીરસ્વામીના શાન્તચિત્તે દર્શન કરો છો ? સાંજે ઘીના દીપકમાં ભગવાન કેવા સુંદર શોભે છે ? તમને શંખેશ્વર દાદા યાદ આવી જશે.

◆ ભક્તિ આપણી, પણ શક્તિ ભગવાનની. ભગવાનની કૃપાથી આપણી શક્તિઓ વ્યક્ત થતી રહે છે. ભગવાન જ આપણી શક્તિઓને બહાર લાવવાના મુખ્ય હેતુ છે. ગૌતમસ્વામી આનું ઉત્તમ ઉદાહરણ છે. એમનું અભિમાન વિનયમાં પરિણમ્યું. એમની તમામ વિનાશગામિની શક્તિઓ વિકાસગામિની બની.

અરિહંતની ભક્તિથી આપણી શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા આદિ વધતા ચાલે છે.

◆ ના પાડતા મા-બાપને અઈમુત્તાએ કહ્યું : મને મૃત્યુથી બચાવી શકતા હો તો હું દીક્ષા ન લઉં ! મા-બાપ ચૂપ થઈ ગયા.

૧૦૦ વર્ષના બૂઢા પણ મોત નથી ઈચ્છતા.

પેલી ડોશીએ ભેંસ જોઈ યમ સમજીને કહ્યું : હું માંદી નથી. માંદો તો પેલો છે.

સાધુપણું એટલે મૃત્યુંજયી મંત્ર. સાધુને કદી મૃત્યુનો ભય ન હોય. રોજ એ બોલે : **'आहारमुवहि देहं, सव्वं तिविहेण वोसिरइ'** રોજ આહાર, ઉપધિ, શરીરનો ત્યાગ કરીને જ સૂવે.

મૃત્યુંજયી તપ-જપ જોઈએ છે ?

મૃત્યુંજયી તપ છે : માસક્ષમણ.

મૃત્યુંજયી જપ છે : નવકાર મહામંત્ર. નવકાર મંત્રનું નામ છે : મૃત્યુંજયી મંત્ર. **મૃત્યુ નહિ આવે તેમ નહિ, નવકારથી મૃત્યુમાં અસમાધિ નહિ થાય. સમાધિથી મરવું એટલે મૃત્યુને જીતી જવું.**

નવકારનો જાપ તો ફલે જો તે કાળા કામો અને કાળા ધંધા ન કરો. (આવેલા લોકોને નવકારવાળી ગણવાની પ્રતિજ્ઞા અપાઈ).

✧ ✧ ✧ ✧ ✧



શ્રાવણ વદ ૯
૦૪-૦૯-૧૯૯૯, શનિવાર

◆ સિદ્ધાન્તોનો સ્વાધ્યાય વધે તેમ સંયમની શુદ્ધિ અને સ્થિરતા વધે, ભગવાન સાથે અભેદભાવે મિલન થાય. **ચારિત્ર એટલે જ પ્રભુનું મિલન.** સંતો, યોગીઓ પ્રભુ સાથે મિલન કરી શકે છે.

જાણ ચારિત્ર તે આતમા, શુદ્ધ સ્વભાવમાં રમતો રે;
લેશ્યા શુદ્ધ અલંકર્યો, મોહ વને નવિ ભમતો રે.

◆ આવા ચારિત્ર સુધી કોઈ રીતે પહોંચી શકાય ?

જ્ઞાન પ્રમાણે શ્રદ્ધા, શ્રદ્ધા પ્રમાણે ચારિત્ર, ચારિત્ર પ્રમાણે ધ્યાન, ધ્યાન પ્રમાણે ભગવાન મળે છે.

સાધનોમાં ન્યૂનતા રાખીએ છીએ માટે જ ભગવાન મળતા નથી.

ચાલ્યા વિના ધ્યેય કેમ આવે ? ખાધા વિના તૃપ્તિ કેમ મળે ? સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રભુ-પ્રાપ્તિનો ઉપાય છે. એ ન સેવીએ તો પ્રભુ કેમ મળે ? રસ્તો મળી ગયો, પણ ચાલવું તો પડે જ ને ?

દીક્ષા ધ્યેયની સમાપ્તિ નથી. સાધનાની પૂર્ણાહુતિ નથી, ખરેખર તો સાધનાનો પ્રારંભ છે.

મિથ્યાત્વ ગુણસ્થાનક પણ સાચા અર્થમાં અપુનર્બંધક (મૈત્રીદૃષ્ટિ)માં ઘટે. ગુણનું સ્થાન તે ગુણસ્થાનક. બાકી ઓઘથી મિથ્યાત્વ ગુણસ્થાનક તો એકેન્દ્રિયને છે તેમ આપણને પણ હોય તો ફરક શો પડ્યો ?

બહારથી આપણી ભલે પુષ્કળ પ્રશંસા થતી હોય, પણ એ કાંઈ આપણી સાધનાનું સર્ટિફિકેટ નથી. લોકોના કહેવાથી આપણે શ્રેષ્ઠ બની શકતા નથી.

અત્યારે આપણે જાણીએ છીએ ખરા, પણ બીજાને જણાવવા માટે. જ્યાં સુધી એ જ્ઞાન આપણી સાધનામાં ન લગાડીએ ત્યાં સુધી આત્મકલ્યાણ નહિ થાય.

પ્રીતિ, ભક્તિ, વચન, અસંગ - આ ચાર યોગોમાં સ્થિર, મજબૂત રહીએ તો ક્યાંય ભૂલા ન પડીએ.

જિનેશ્વર વિહિત એવું કોઈ અનુષ્ઠા નથી, જેમાં આત્મશુદ્ધિ ન હોય. નુકશાનીનો અંશ નહિ ને નફાનો પાર નહિ.

◆ નગર-પ્રવેશ વખતે પગ પૂંજવા ખરા, પણ લોકો કંઈક આડી-અવળી શંકા કરે તેમ હોય તો ન પણ પૂંજવા.

◆ પેશાબનો વેગ કદી રોકવો નહિ. રોકવાથી આંખને નુકશાન થાય.

◆ અત્યારે આપણા માટે શાસ્ત્ર એ જ તીર્થંકર છે. શાસ્ત્રનું બહુમાન તે ભગવાનનું બહુમાન છે.

शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।
पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥

શાસ્ત્ર આગળ ધર્યા, તેણે ભગવાનને આગળ ધર્યા. ભગવાનને આગળ ધર્યા, તેને સર્વસિદ્ધિ મળે જ.

◆ અર્થ પુરુષાર્થ દાન ધર્મ સાથે કામ પુરુષાર્થ શીલધર્મ સાથે
ધર્મ પુરુષાર્થ તપ ધર્મ સાથે મોક્ષ પુરુષાર્થ ભાવધર્મ સાથે
સંબંધિત છે.

◆ ડગલે ને પગલે શરીરમાંથી અશુચિ નીકળે છે. શરીરની શુદ્ધિ પાણીથી થઈ શકે. આત્મા પણ ડગલે ને પગલે ગમે તેટલી કાળજી રાખવા છતાં અશુદ્ધિથી ખરડાતો રહે છે. માટે જ ઈરિયાવહિયં દરેક અનુષ્ઠાન પૂર્વે જરૂરી છે.

પૂર્ણાનંદસૂરિ (પૂ. વલ્લભસૂરિજીના) રોજ ૧૦૮ વાર ઈરિયાવહિયં જપતા.

મોહનું કામ મલિન બનાવવાનું, ભગવાનનું કામ નિર્મળ બનાવવાનું છે. ઈરિયાવહિયં આપણું ભાવસ્નાન છે. ભગવાનની ભક્તિ આપણું ભાવસ્નાન છે.

ઈરિયાવહિયં જીવમૈત્રી. નવકાર - જિનભક્તિનું સૂત્ર છે.

◆ મૈત્રી આવે ત્યાં પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા આવે જ. પ્રમોદ, કરુણા અને મધ્યસ્થતા મૈત્રીને ટકાવનારા પરિબળો છે.

◆ અશુભ ભાવોનું મૂળ બે કનિષ્ઠ ઈચ્છા છે :

(૧) મને કોઈ દુઃખ ન આવો. મારા બધા દુઃખ ટળી જાવ.

(૨) દુનિયાના બધા જ સુખો મને જ મળે.

આમાંથી જ અશુભ ભાવો પેદા થાય છે. દ્વેષ, તિરસ્કાર, ઈર્ષ્યા, અસૂયા, માયા, લોભ વગેરે દોષો આમાંથી જ પેદા થાય છે.

◆ હવે એ બે અશુભ ભાવોને દૂર કરવા બે શુભ ભાવો જગાવો.

(૧) કોઈ પાપ ન કરો જગતમાં, (૨) કોઈ દુઃખી ન બનો જગતમાં.

બીજા માટે શુભ ભાવનાઓનો ધોધ વહાવતાં આપણને સુખનો ધોધ મળે છે.

દુઃખ મિટાવવા હોય તો પાપ મિટાવવા પડશે. કારણ કે દુઃખનું મૂળ પાપ છે.

તમારા કોઈ મિત્ર છે ? મિત્રના દુઃખે તમે દુઃખી બનો છો ને ? તે દૂર કરવા કાંઈક પ્રયત્ન કરો છો ને ?

હવે જગતના સર્વજીવોને મિત્ર બનાવો. **તમને સ્વહિતની**

ચિંતા હોય તો પણ પરહિતની ચિંતા કરો. પરહિતની ચિંતા વિના સ્વ-હિત થઈ શકતું નથી.

મૈત્રી ભાવનાથી કરુણાભાવના સક્રિય છે. અહીં દુઃખીના દુઃખ દૂર કરવાનો પ્રયત્ન છે.

અબ્રાહમ લિંકને (અમેરિકાના પ્રેસિડેન્ટ) ખાડાના કીચડમાં ફસાયેલા ડુક્કરને જાતે બહાર કાઢેલું.

આ કરુણા કહેવાય.

परहित-चिन्ता मैत्री, परदुःखविनाशिनी करुणा ।
पर-सुख-तुष्टिर्मुदिता, परदोषोपेक्षणमुपेक्षा ॥

◆ આ ચારેય ભાવનાનો, સ્વાધ્યાય કરવો હોય તો એક પુસ્તક છે. તેનું નામ છે : 'ધર્મબીજ.' પ્રસ્તાવના છે : ભદ્રંકરવિ. ની. લેખક છે : તત્ત્વાનંદવિ.

આ ચાર ભાવનાના બળે જ ભગવાનને અષ્ટપ્રાતિહાર્યાદિની ઋદ્ધિ મળી છે. **'तुभ्यं योगात्मने नमः'** વીતરાગ સ્તોત્રમાં હેમચન્દ્રસૂરિએ કહ્યું છે. યોગીને આ ચાર ભાવનાઓ સ્વયંસિદ્ધ હોય.

શાન્તસુધારસ ભાવનામાં વિનયવિ. કહે છે : યોગી ગમે તેટલી સાધના કરતો હોય, પણ શાન્તરસનો આસ્વાદ આ ભાવનાઓ વિના શક્ય નથી.

દુર્ધ્યાનની ભૂતડીઓ આ ભાવનાથી ભાગી જાય છે.

◆ **ભક્તિ :** જગચિંતામણિ : અદ્‌ભુત ભક્તિસૂત્ર છે.

આપણા સૂત્રો બે વિભાગમાં વહેંચાયેલા છે : મૈત્રી, ભક્તિમાં. નવકાર, નમુત્થુણં, જગ. વગેરે ભક્તિ સૂત્ર.


ઈરિયા., તસ્સ, વંદિત્તુ વગેરે સૂત્રો મૈત્રી સૂત્રો છે.

નમસ્કારમાં નમસ્કરણીયની વૃદ્ધિ થતી જાય તેમ ફળ વધતું જાય.

દાનમાં જેમ લેનારા વધે તો ફળ વધતું જાય.

દુકાનમાં ગ્રાહક વધે તો કમાણી વધતી જાય તેમ.

✧ ✧ ✧ ✧ ✧



શ્રાવણ વદ ૧૦
૦૫-૦૯-૧૯૯૯, રવિવાર

◆ **પિતા, પુત્ર જો વ્યસનોના રવાડે ચડે તો દુઃખી થયા વિના ન રહે. આપણે, જો દોષોના રવાડે ચડીએ તો આપણા પરમપિતા ભગવાન દુઃખી નહિ બને ?**

આપણે ભગવાનને આશ્રિત નથી બન્યા માટે જ દુઃખી બન્યા છીએ. ભગવાનનો આશ્રય નહિ કરીશું ત્યાં સુધી દુઃખી બનવાના જ.

સ્વાતંત્ર્ય એટલે જ મોહનું પારતંત્ર્ય, એ હજુ જીવને સમજાતું નથી. મોહની આધીનતાથી છુટવા ભગવાનની પરાધીનતા સ્વીકારવી જ પડશે.

ભગવાન કાંઈ તમને પરાધીન બનાવવા માંગતા નથી. બીજાની જેમ ભગવાન તમને પોતાના વાડામાં કેદ કરવા માંગતા નથી, પણ વાસ્તવિકતા એ છે કે આવી પરાધીનતા વિના આપણો ઉદ્ધાર નથી. આને પરાધીનતા ન કહેવાય, પણ સમર્પણભાવ કહેવાય.

◆ હરિભદ્રસૂરિને ઘણા કહેતા : તમે નવા-નવા

પ્રકરણો રચો છો, તેથી લોકો તમારા પ્રકરણો જ વાંચશે, આગમો મૂકી દેશે.

'મારા ગ્રંથોથી આગમો પરની રુચિ વધશે. આગમ-સાગરમાં પ્રવેશવાની આ તો નાવડીઓ છે. નાવડી સાગરથી વિરોધી શી રીતે હોઈ શકે ?'

હરિભદ્રસૂરિના આવા જવાબો હતા.

◆ એક સાધુ જ આ જગતમાં એવો છે, જે સ્વયં દુર્ગતિથી બચી, બીજા પણ અનેકને બચાવે છે. તરવૈયો જેમ તરે અને તરાવે.

ચારિત્રવિજયજી કચ્છીએ પાલીતાણામાં પૂર આવ્યું ત્યારે ૧૦૦ માણસોને પોતાના હાથે તાર્યા, તેમ સાધુ જીવને તારે છે.

◆ પતંજલિએ લખ્યું : **'योगश्चित्तवृत्तिनिरोधः ।** યશોવિ. એ લખ્યું : **'संक्लिष्टचित्तवृत्तिनिरोधः ।**

આ વ્યાખ્યા જૈન દર્શનની બની ગઈ. અશુભ વિચારોનો જ રોધ કરવો એ જ યોગ. શુભનો નિરોધ નથી કરવાનો.

પાતંજલ યોગ દર્શનની ઉપા.મ.ની ટીકાનું ભાષાંતર પણ પં. સુખલાલે કરેલું છે.

◆ શરીરના ત્રણ દોષ : વાત - પિત્ત - કફ.

આત્માના ત્રણ દોષ : મોહ - દ્વેષ - રાગ.

શરણાગતિ, દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના - આ ત્રણ રાગાદિ દોષોને દૂર કરે છે.

◆ આપણે કરીએ છીએ બધું જ. કદાચ વિધિપૂર્વક પણ કરીએ છીએ. પણ ઉપયોગ નથી હોતો. આ ઉપયોગ લાવવા જ મારો આટલો પરિશ્રમ છે.

પાંચ પ્રકારના અનુષ્ઠાનો વિષ, ગરલ, અનનુષ્ઠાન, તદ્હેતુ અને અમૃત. એ પાંચમાંથી ત્રણ વર્જ્ય છે.

ઉપયોગ તીવ્ર બને, એકાકાર બને, તો જ તદ્હેતુ અનુષ્ઠાન બની શકે. આપણું અનુષ્ઠાન અમૃત નહિ તો તદ્હેતુ અનુષ્ઠાન તો બનવું જ જોઈએ.

◆ વિજ્ઞાન અણુબોમ્બ આદિથી મારવાનું શીખવે છે.

ધર્મ અને ધર્માચાર્ય જીવવાનું અને જીવાડવાનું શીખવે છે.

આજનો જમાનો વિચિત્ર છે. માણસ સ્વયં જીવવા માંગતો નથી, બીજાને જીવાડવા માંગતો નથી.

બીજાને મારવાના પ્રયોગો આપણા જ મૃત્યુને નોતરે છે; આ જ ભવમાં પણ.

મચ્છર, કીડી વગેરે મારવાની દવા ? દવા તો જીવાડે; દવા મારે ? દવા મારે તો જીવાડશે કોણ ?

કીડી વગેરેને મારવાના ચોક વગેરેનો કદી ભૂલમાં પણ પ્રયોગ નહિ કરતા. સૂક્ષ્મજંતુને જે નુકશાન કરે તે કંઈક અંશે માનવીને પણ નુકશાન કરે જ.

◆ **विश्वास्यो न प्रमादरिपुः** । આરાધનામાંથી ચ્યુત કરનાર છે : પ્રમાદ - શત્રુ. મોહનો તો જ વિજય થાય જો આપણે પ્રમાદમાં પડીએ.

મદ્ય, વિષય, કષાય, નિદ્રા, નિંદા (વિકથા) આ પાંચ પ્રમાદ છે.

અજ્ઞાન ૧, સંશય ૨, મિથ્યાજ્ઞાન ૩, મતિ ભ્રંશ ૪, રાગ ૫, દ્વેષ ૬, ધર્મમાં અનાદર ૭ અને યોગોમાં દુષ્પ્રણિધાન ૮ આ આઠ પ્રમાદ ભગવતીમાં બતાવ્યા છે.

બધા પ્રમાદો અજ્ઞાનમાંથી પેદા થાય છે. માટે અજ્ઞાન સૌ પ્રથમ મૂક્યો. અનંતકાળ એકેન્દ્રિયમાં કાઢ્યો છે ને ! તીવ્ર અજ્ઞાન - તીવ્ર મોહ છે ત્યાં.

છીપ છે કે ચાંદી ? એ **'સંશય'**, વિપરીત જ્ઞાન તે **'મિથ્યાજ્ઞાન'**, છીપમાં ચાંદીની બુદ્ધિ.

પુદ્ગલમાં ચેતનનો ભ્રમ, આ જ અવિદ્યા છે. અનિત્યમાં નિત્ય, અપવિત્રમાં પવિત્ર, અચેતનમાં ચેતનબુદ્ધિ તે અવિદ્યા. શરીર અનિત્ય, અપવિત્ર, અચેતન છે છતાં આપણી બુદ્ધિ ઉલ્ટી છે.

'મતિભ્રંશ' - બુદ્ધિની ભ્રષ્ટતા, મિથ્યાજ્ઞાનનું આ ફળ છે. સમ્યક્ત્વથી મિથ્યાત્વ જાય, મતિભ્રંશ પણ જાય, પણ હજુ **'રાગ-દ્વેષ'** ઉભા રહે. ધર્મમાં **'અનાદર'** પણ ઉભો રહે. મન-વચન-કાયા બરાબર ન જોડાય તે પણ પ્રમાદ છે.

ધર્માનુષ્ઠાન વખતે ત્રણેય યોગોની ચંચળતા **'દુષ્પ્રણિધાન'** છે. આ આઠ મોઢાવાળો પ્રમાદ રાક્ષસનો વિશ્વાસ કરવા જેવો નથી, એમ ઉપા. મ. કહે છે.

જે વિશ્વાસ ભગવાન, ગુરુ પર મૂકવો જોઈએ તે વિશ્વાસ આપણે પ્રમાદ પર મૂકી દીધો છે.

◆ **ધ્યેયા આત્મબોધનિષ્ઠા ।** એમને એમ આત્મબોધ નહિ થાય, પહેલા પરમાત્માને પકડવા પડશે.

ખોવાયેલો આત્મા પરમાત્મા દ્વારા મળશે. જે દિવસે તમારું મન પરમાત્મામાં લાગ્યું તે દિવસે તમને આત્મા મળી ગયો સમજજો.

આપણા આત્માની ચિંતા આપણે જેટલી નથી કરતા, તેથી વધુ પરમાત્મા કરે છે.

આત્મબોધ થયા પછી પણ પ્રભુ કે પ્રભુશાસનની ઉપેક્ષા નથી કરવાની. આ ક્ષયોપશમ ભાવ છે. ક્યારે પણ જઈ શકે છે.

✧ ✧ ✧ ✧ ✧

જેમના હૃદયમાં હરક્ષણે વીતરાગ પરમાત્મા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની અવિસ્મરણીય ભક્તિ હતી અને જેમના શાસ્ત્રીય રાગે ગવાતા સ્તવનો સાંભળવાથી આનંદની અનુભૂતિ થતી હતી ।

પ્રભુ-પ્રેમના પ્યાલા પીવરાવતી દિવ્ય-વાણી અને જેમની વાચના દ્વારા પ્રગટ થયેલ ગ્રન્થ (કહે કલાપૂર્ણસૂરિ) દ્વારા વાંચનારના હૃદયમાં પ્રસન્નતા પ્રગટાવનાર તથા ભીતરમાં ભગવાનનો આવિષ્કાર કરાવી ભક્તિ દ્વારા આત્મામાં સમાધિનું બીજ રોપાવનાર આપણા સૌના મહાન ઉપકારી એવા પરમ ગુરુ આચાર્ય મ. કલાપૂર્ણસૂરીશ્વરજી અચાનક આપણને સાચી દિશાઓ બતાવી, પ્રભુ આજ્ઞાપાલક બનાવી મોક્ષ-માર્ગે શ્રી સીમંધર સ્વામી પાસે ચાલ્યા ગયા.

- અહિંસા મહાસંઘ

દ : બાબુભાઈ કડીવાળા



શ્રાવણ વદ ૧૧
૦૬-૦૯-૧૯૯૯, સોમવાર

◆ જ્ઞાનથી શ્રદ્ધા વધે. જ્ઞાન અને શ્રદ્ધાથી ચારિત્ર વધે. જ્ઞાનહીન શ્રદ્ધા ઉધાર હોય છે. જ્ઞાનથી પ્રાપ્ત શ્રદ્ધા સ્વયંની હોય છે. પહેલા માત્ર વડીલો પર વિશ્વાસ હતો. પછીથી જાતે સમજેલું હોય છે. પહેલી શ્રદ્ધા ચલિત થઈ શકે, બીજી નહિ.

જ્ઞાન + શ્રદ્ધા બંને સાથે મળીને ચારિત્ર લાવે જ.

આ ત્રણેય મળીને મોક્ષ લાવે જ. માટે જ '**सम्यग्दर्शन - ज्ञानचारित्राणि मोक्षमार्गः ।**' અહીં 'માર્ગઃ'માં એક વચન, ત્રણેય છુટા-છુટા નહિ, પણ સાથે મળે તો જ મોક્ષ થાય એમ જણાવે છે.

આખો નવકાર 'નમો અરિહંતાણં'માં સમાઈ જાય છે. કેમકે અરિહંત પંચ પરમેષ્ઠિમય છે. દીક્ષા લીધી ત્યારે મુનિ, ગણધરોના ગુરુ બન્યા ત્યારે આચાર્ય, પાઠ આપ્યો ત્યારે પાઠક - ઉપાધ્યાય, અરિહંત તો સ્વયં છે જ. સિદ્ધ પણ થવાના જ.

'लोकोत्तमो निष्प्रतिमस्त्वमेव, त्वं शाश्वतं मङ्गलमप्यधीश ।
त्वामेकमर्हन् शरणं प्रपद्ये, सिद्धर्षिसद्धर्ममयस्त्वमेव ॥'

- સિદ્ધસેન દિવાકરસૂરિ, શકસ્તવ

લોકોત્તમ મંગળ ચાર છે : અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ. સાકરનું નિર્માણ અન્ય દૂધ આદિને પણ મધુર બનાવવા માટે થયેલું છે, તેમ અરિહંત પણ અન્યને મંગલભૂત બનાવનાર છે. અરિહંત જ લોકોત્તમ છે, અપ્રતિમ છે, શાશ્વત મંગળ છે, શરણ્ય છે. એક અરિહંતમાં બીજા ત્રણેય મંગળ આવી જાય છે. (સિદ્ધ + ઋષિ + ધર્મ = સિદ્ધર્ષિસદ્ધર્મમયઃ)

◆ મારો મોક્ષ નિશ્ચિત થવાનો જ છે. હું હવે અરિહંતને છોડવાનો નથી જ. મારો આ દૃઢ નિર્ણય છે. આવી દૃઢતાથી અરિહંતને પકડી લો. નિસ્તાર થશે જ.

પુલ પર ચાલનારને ભયંકર નદીનો પણ ભય નથી. અરિહંતને પકડીને ચાલનારને, (જીવનારને) ભયંકર સંસારનો પણ ભય નથી. પુલ હજુ તુટી શકે, નદીમાં ડૂબાડી શકે. અરિહંતનું શરણું સંસારમાં ડૂબાડી શકે, એવું કદી બન્યું નથી, બનશે નહિ.

કેવા છે અરિહંત ?

ગુણ સઘળા અંગીકર્યા, દૂરકર્યા સવિદોષ...

- ઉપા. યશોવિ.

આપણે ઉલ્ટું કર્યું છે. બધા દોષ ભરીને બેઠા છીએ.

ગુણોના આદરના કારણે રીસાયેલા દોષો જતાં જતાં પ્રભુને કહી ગયા : અમને રાખનારા ઘણાય છે. અમને તમારી જરાય પડી નથી. જેમ ઉલ્લંઠ શિષ્ય જતાં જતાં ગુરુને કહી જાય : અમને રાખનારા ઘણાય છે, તમારી જરાય જરૂર નથી.

ત્યાંથી રવાના થયેલા દોષો આપણામાં ભરાઈ બેઠા. સાક્ષાત્ ભાવ - અરિહંત ન મળ્યા તો પણ ચિંતા નહિ કરતા. નામ-સ્થાપના-દ્રવ્યરૂપે અરિહંત પણ પુલ બનીને આપણી સમક્ષ આવી ઉભા છે.

આ પુલ પર શ્રદ્ધા છે ? જગતમાં બીજે બધે શ્રદ્ધા છે. માત્ર અહીં જ નથી ? પુલ પર શ્રદ્ધા છે, એટલી પણ શ્રદ્ધા અરિહંત પર નથી ?

◆ દીક્ષા લેતાં પહેલા મને ઘણા કહેતા : ગુજરાતમાં સાધુઓ દાંડે-દાંડે લડે છે. શું કરશો ત્યાં જઈને ?

હું કહેતો : આપ ભલા તો જગ ભલા ! હું સારો બનીશ તો બધું સારું બનશે.

ભગવાનના ભક્તનું કદી અકલ્યાણ થતું નથી. વિઘ્ન આવતા નથી.

કામી ભગવાનનો ભક્ત બની શકે પણ ભક્ત કામી ન બને. દા.ત. તુલસીદાસ ! રત્નાવલીમાં આસક્ત હતા. પછી ભક્ત બન્યા.

'જહાં રામ વહાં નહિ કામ, જહાં કામ વહાં નહિ રામ;
તુલસી દોનોં ના રહે, રવિ-રજની ઈક ઠામ '

- તુલસીદાસ

ગોચરીની આલોચનામાં જીવમૈત્રી, જિનભક્તિ, ગુરુભક્તિ ત્રણેય છે. ઈરિયાવહિયંથી જીવમૈત્રી, લોગસ્સ (ચતુર્વિંશતિ-સ્તવ)થી જિનભક્તિ, ગુરુ સમક્ષ કરવાથી ગુરુભક્તિ.

◆ સૌથી મોટો દોષ આપણો મનમોજી સ્વભાવ છે. મરજીમાં આવે તેમ હું કરું ! આને આપણે વળી ઉત્તમ ગુણ ગણીએ છીએ, સ્વતંત્રતા ગણીએ છીએ, પણ જ્ઞાની કહે છે : આ જ મોટી પરતંત્રતા છે.

न स्त्रीस्वातन्त्र्यमर्हति । સ્ત્રી જેમ કોઈ અવસ્થામાં સ્વાધીન - સ્વતંત્ર ન હોય. નાની વયમાં મા-બાપ, યૌવનમાં પતિ, ઘડપણમાં પુત્રના આધારે જીવે. (આવી સતીઓને ભગવાને પણ બિરદાવી છે) તેમ શિષ્ય પણ કદી સ્વતંત્ર ન રહે.

અત્યારે આ મર્યાદા લુપ્ત થતી જાય છે. સ્ત્રીસ્વાતંત્ર્યની ચળવળ ચાલે છે. એક તો વાંદરો ને ઉપરથી દારૂ પીવડાવવામાં આવે છે. આવા ભયંકર વાતાવરણમાં પૂર્વના પ્રબળ સંસ્કારો વિના દીક્ષા લઈ શકાય નહિ, એમ હું સ્વાનુભવના બળે કહી શકું તેમ છું.

◆ શિષ્ય માટે ભગવદ્-ભક્તિની જેમ ગુરુભક્તિ પણ જરૂરી છે. પંચસૂત્રમાં લખ્યું : गुरु – बहुमाणो मोक्खो । ગુરુના બહુમાનથી તીર્થંકર મળે, ગુરુના બહુમાનથી એવું પુણ્ય બંધાય, જેથી આ જીવનમાં પણ તીર્થંકર મળે. કઈ રીતે ? સમાપત્તિ

દ્વારા, ધ્યાન દ્વારા, એમ હરિભદ્રસૂરિએ કહ્યું છે.

गुरुभक्तिप्रभावेन, तीर्थकृद्दर्शनं मतम्

- हरिभद्रसूरि. योग. समु.

◆ ગુરુને વંદન કરતા હોઈએ ત્યારે તેઓ વ્યાક્ષિપ્ત, પ્રમત્ત (ઉંઘમાં), અવળા મુખવાળા, આહાર-નિહાર કરતા કે કરવાની તૈયારીમાં હોવા ન જોઈએ. (ત્યારે ગુરુને વંદન ન કરવા)

◆ સ્થંડિલ - માત્રુના વેગને રોકવાથી ઘણું નુકશાન થાય છે. માટે કદી રોકવા નહિ. પછીથી હોસ્પિટલમાં જવું તેના કરતાં પહેલેથી જ આપણે આપણું સ્વાસ્થ્ય જાળવી રાખવું જોઈએ. આપણે જ આપણા વૈદ્ય થવાનું છે.

અધ્યાત્મસાર

◆ એક પ્રમાદ બધા દોષોને તાણી લાવે. માટે જ તે જીતવા આત્મબોધની નિષ્ઠા કેળવવી. એ માટે **सर्वत्र एव आगमः पुरस्कार्यः** । સર્વત્ર આગમને આગળ રાખવા. 'નમો અરિહંતાણં' આગમનો સાર છે.

પ્રશ્ન : સામાયિક નિર્યુક્તિના પ્રારંભમાં નવકારની વ્યાખ્યા કેમ ?

ઉત્તર : નવકાર સામાયિકથી ભિન્ન નથી, એમ બતાવવા માટે. નવકાર સામાયિકનું આદિ સૂત્ર છે.

માલ ભગવાનનો, ગુંથણી ગણધરોની. માલ ભગવાનનો, પેકીંગ ગણધરોનું. આત્મા અતીન્દ્રિય છે. હેતુ - તર્કથી ન પામી શકાય. અનુભવગમ્ય જ છે આત્મા. **'त्यक्तव्याः कुविकल्पाः'** આગમના અભ્યાસથી કુવિકલ્પો દૂર થાય. નિર્વિકલ્પ દશાનો અનુભવ ન થાય ત્યાં સુધી કુવિકલ્પ-નિરોધનો અભ્યાસ કરવો.

'स्थेयं वृद्धानुवृत्त्या' હમેશાં વૃદ્ધને અનુસરવું. બધા જુવાન જોઈએ, વૃદ્ધો નહિ. એવી જીદ્દવાળા પેલા રાજાની કથા યાદ છે ને ?

'साक्षात्कार्यं तत्त्वम्' આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરવો. એની તીવ્રભાવના હોવી જોઈએ.

'આત્મસાક્ષાત્કાર કર્યા વિના નથી મરવું' આવો દૃઢ નિર્ણય કરો. જેમ શ્રાવકનો મનોરથ 'દીક્ષા વિના મરવું નહિ' હોય, તેમ સાધુનો મનોરથ આત્મસાક્ષાત્કારનો હોય.

આત્મસાક્ષાત્કાર એટલે પરમાત્માનો સાક્ષાત્કાર ! જે ક્ષણે પરમાત્મા દેખાશે તે જ ક્ષણે આત્મા દેખાશે.

પરમાત્મા જ કહેશે : તું અને હું એક જ છીએ. એટલે પરમાત્મા કે આત્માનું દર્શન એક જ છે.

दरिया से मोज, मोज से दरिया नहि है जुदा
हम से नहि, जुदा है खुदा, और खुदा से हम.

આ બધી બાબતો જીવનમાં અનુભવીને મેં તમને બતાવી છે. એમ યશોવિ. લખે છે : **अनुभववेद्यः प्रकारोऽयम् ।**

✧ ✧ ✧ ✧ ✧

આપ કૃપાલુ દ્વારા મને યાદ કરીને મોકલાવેલ પરમ પૂજ્ય ભગવાન કલાપૂર્ણસૂરિજીના ભાવોને રજૂ કરતું પુસ્તક 'कह्युं कलापूर्णसूरिए' મળ્યું. ખૂબ ખૂબ આભાર.

*પુસ્તક મળ્યું ખૂબ જ આનંદ થયો. **પરમાત્મ-સ્વરૂપ પૂજ્યશ્રીના પુસ્તક માટે અલ્પજ્ઞ એવો હું કોઈ પણ અભિપ્રાય આપું એ ભગવાન કલાપૂર્ણસૂરિજીનું અવમૂલ્યન કરનાર બને એવું લાગે છે.***

જે વાંચતા જ આત્માના ભયાનક આવેશ-આવેગ વગેરે ભાગી જઈ શાંત-પ્રશાંત-ઉપશાંત અવસ્થા (સ્વની) પ્રાપ્ત કરાવે એવું આ શાસ્ત્ર અનેક ભવ્યાત્માને આત્મ-કલ્યાણકારી બનશે જ એ શંકારહિત વાત છે. અસ્તુ...

- વિમલહંસવિજય
બારડોલી.



વિ.સં. ૨૦૨૩, વાંકી (કચ્છ), તા. ૨૧

શ્રાવણ વદ ૧૨-૧૩
૦૭-૦૯-૧૯૯૯, મંગળવાર

◆ ગુનો ન કરે તેને સજા નથી મળતી. રાગ-દ્વેષ ન કરે તેને કર્મ બંધાતા નથી. રાગ-દ્વેષ કરવા એ જ ગુનો. ગુનો કરનારને સજા મળે જ. સિદ્ધોને નથી મળતી. કારણ કે તેઓ કોઈ ગુનો કરતા નથી.

મલ્લિનાથ ભગવાનને સ્ત્રી બનવું પડ્યું. અચ્છેરું થયું, પણ કર્મસત્તાએ કાયદો ન બદલાવ્યો.

આ કર્મસત્તાથી છોડાવનાર ધર્મસત્તા છે.

મરુદેવી માતાને કર્મસત્તાથી છોડાવનાર ભગવાનના દર્શન હતા.

◆ જ્યારથી સંસાર છે ત્યારથી તીર્થંકર ભગવાન છે જ. તીર્થંકર ઘણીવાર મળ્યા હશે, પણ યોગાવંચકપણું નથી મળ્યું. તીર્થંકર કે ગુરુ મને તારનારા છે એવું ન જણાય ત્યાં સુધી યોગાવંચકપણું મળતું નથી.

ગોશાળો અને ગૌતમ બંનેને મહાવીર મળેલા. એકને ફળ્યા બીજાને ફુટ્યા. એકને યોગાવંચકપણું મળ્યું બીજાને ન મળ્યું.

◆ ગાડીમાં બેઠા પછી તમે શું પુરુષાર્થ કર્યો ? છતાં તમે મુંબઈથી અહીં આવી ગયા ને ?

ભગવાનના શ્રુત-ચારિત્રધર્મની ગાડીમાં બેસી જાવ. સ્વયમેવ મુક્તિનગરે પહોંચી જશો. આપણે માત્ર તેમાં બેસવાનો પ્રયત્ન કરવાનો છે, માત્ર સમર્પિત થવાનું છે. બાકી બધું ભગવાન સંભાળી લેશે.

સાગરમાં તોફાન આવે ત્યારે ખલાસી - નાવિકનું માનવું પડે, કહે તેમ કરવું પડે, તેમ મોહના તોફાનમાં દેવ-ગુરુની વાત માનવી પડે.

મેઘકુમારને દીક્ષાની પ્રથમ રાત્રે જ વિઘ્ન આવેલું ત્યારે ભગવાન મહાવીરનું માન્યા. આથી તેમનો જીવનરથ ઉન્માર્ગે જતાં બચી ગયો. ભગવાનને જે જીવન સારથિ બનાવે તેને ક્યાંય આડા-અવળા રખડવું પડે નહિ.

સંયમથી હિંમત હારી ગયેલા નિરાશ મેઘમુનિમાં મહાવીરદેવે આશાનો સંચાર કર્યો, હિંમત ભરી દીધી. અનુકૂળતાની અભિલાષાના સ્થાને પ્રતિકૂળતા પર પ્રેમ જગાડ્યો.

સુખશીલતાએ સંસારમાં ડૂબાડ્યા છે,

સહનશીલતાએ સંસારથી તાર્યા છે.

પૂર્વજન્મમાં શું સહન કરેલું તે મેઘકુમારને ભગવાને યાદ કરાવ્યું. એક યોજનનું માંડલું બનાવેલું તેમાં બીજા જીવોનો વિચાર કરેલો. બીજાના વિચારમાંથી જ ધર્મ શરૂ થાય છે.

હાથીનો એક ગુણ ધ્યાનમાં રાખવા જેવો છે : નીચી નજર કર્યા વિના પગ ન મૂકે.

મેઘકુમારના જીવે સસલાને બચાવેલો.

સેચનકે હલ્લ - વિહલ્લને બચાવેલા.

હાથીને આટલો વિવેક આવવાનું કારણ કર્મવિવર, તથા ભવ્યત્વનો પરિપાક. જીવો ભગવાનને પ્રિય છે. જીવોને પ્રિય બનાવીએ ત્યારે આપણે ભગવાનને પ્રિય બની જ જઈએ. એને બહુ મોટું ઈનામ મળે.

સમજ વિના કરાવેલો ધર્મ પણ મેઘકુમાર બનાવી શકે તો સમજથી કરાયેલો ધર્મ શું ન કરી શકે ?

હાથી આમ રીસાળ, અભિમાની, ખાવાની બાબતમાં અસહિષ્ણુ હોય છે, છતાં અઢી અઢી દિવસથી ભૂખ-તરસ સહીને પગ ઉંચે રાખ્યો; નિઃસ્વાર્થભાવે માત્ર એક સસલાને બચાવવા. એ કાંઈ નાની સૂની વાત નહોતી.

આથી જ ખુશ થયેલી કર્મસત્તાએ સસલાને બચાવનાર હાથીને મેઘકુમાર બનાવ્યો.

ભાવિ તીર્થંકર શ્રેણિક જેવા પિતા મળ્યા.

ભાવ તીર્થંકર મહાવીરદેવ જેવા ગુરુ મળ્યા.

ભગવાનનું શરણું સ્વીકારી લો એટલે તમારે કશું કરવાનું નહિ. તમે ભક્તિ કરતાં-કરતાં જ ભગવાન બની જશો.

ડ્રાઈવર પોતાની સાથે જ, પોતાની ગાડીમાં બેસનારને પણ ગંતવ્ય સ્થાને પહોંચાડી દે છે. ડ્રાઈવર પોતે પહેલા પહોંચી જાય ને બીજા પછી પહોંચે એવું કદી બનતું નથી.

ભગવાન પણ આવા જ છે. ભગવાન સ્વ-પર ધર્મનું પ્રવર્તન પાલન, વશીકરણ કરે છે. એ જ ધર્મસારથિ બની શકે, સારથિએ ઘોડાઓનું તથા ગાડીનું પ્રવર્તન, પાલન અને વશીકરણ કરવાનું હોય છે તેમ.

કોઈ પણ વ્યક્તિ કે ગુરુ તરફથી ધર્મ મળે, પણ એનું મૂળ સ્થાન તો ભગવાનમાં જ મળશે. ભગવાને ધર્મનું એવું વશીકરણ કરેલું છે કે એ ભગવાનને છોડીને બીજે કયાંય જાય નહિ. જેમ સારથિ પાસે ઘોડાનું વશીકરણ હોય છે.

ભગવાન મોક્ષમાં જાય પછી પણ એમના ગુણો અને શક્તિઓ આ વિશ્વમાં હોય જ છે.

ભગવાનના ગુણોનું, નામનું, મૂર્તિનું સ્મરણ, શ્રવણ, દર્શન અહીં બેઠા પણ આપણી કરી શકીએ છીએ.

જૈનદર્શન મૂળથી કોઈ પદાર્થનો અભાવ (અત્યંતાભાવ) નથી માનતું. આપણા માટે સંપૂર્ણપણે કોઈ ગેરહાજર નથી. એની સાથેના સંયોગનો અભાવ થાય છે.

આપણે છદ્મસ્થ છીએ. કદાચ ભગવાનને નથી જોઈ શકતા, પણ ભગવાન તો આપણા બધાને જુએ જ છે ને ?

એક નર્તકી પર હજારોની નજર સમાય તો એક પરમાણુ

૫૨ અનંતા પ્રભુનું અરૂપી જ્ઞાન કેમ ન સમાય ?

◆ **ભક્તિ :** જૈન દર્શનમાં ભક્તિસૂત્ર કયું છે ? એમ ન પૂછો. કયું સૂત્ર ભક્તિસૂત્ર નથી ? એમ પૂછો. બધા જ સૂત્રો ભક્તિસૂત્રો છે. કારણ કે બધા જ ભક્તિ ઉત્પાદક છે.

જગચિંતામણિમાં નામાદિ ચારેય પ્રકારે અરિહંત છે.

નામ બે પ્રકારે : (૧) સામાન્ય - અરિહંત - જગચિંતામણિ વગેરે.

(૨) વિશેષ - ઋષભાદિ - રિસહસત્તુંજિ વગેરે.

સ્થાપના : **सत्ताणवई सहस्सा... तिअलोए चेइए वंदे** ત્રણેય લોકના બિંબોને વંદન. ચૈત્ય એટલે જિનપ્રતિમા, જિનાલય ત્રણલોકના ચૈત્યની (જિનાલયની) સંખ્યા :

૯૭ હજાર, ૫૬ લાખ, ૮ ક્રોડ, ૩૨સો અને ૮૨.

દ્રવ્ય જિન :

तीआणगइ । ત્રણેય કાળના જિનને વંદન.

ભાવ જિન :

संपइ जिणवर वीस ।

✧ ✧ ✧ ✧ ✧


आ पुस्तक स्वाध्याय माटे/आत्मिक-विकास माटे घणुं ज सुंदर छे. वांचवानुं शरु कर्युं छे.

- मुनि संवेगवर्धनविजय
घाटकोपर, मुंबई.

✧ ✧ ✧ ✧ ✧

पुस्तक मल्युं छे. सुंदर प्रेरणादायी छे.
अनेकने उपयोगी बनशे.

- पद्मसागरसूरि



શ્રાવણ વદ ૧૪
૦૮-૦૯-૧૯૯૯, બુધવાર

◆ આપણા ઉપર એકેક પૂર્વાચાર્યનો ઉપકાર છે. જો એમણે શાસન ન ચલાવ્યું હોત તો ? સાંકળના દરેક અંકોડાની જેમ એકેકનો ઉપકાર છે.

◆ **જેઓ પામ્યા છે તેઓ પ્રભુના પ્રેમથી જ પામ્યા છે. પ્રભુપ્રેમની ઝલક મેળવનારાઓએ પોતાની સંપૂર્ણ જાતને પ્રભુને સોંપી દીધી. આપણે તો ઘણું બધું રાખીને થોડુંક આપીએ છીએ.**

ભગવાનને સર્વ પ્રથમ ઓળખનાર માનવ ગૌતમ હતા. આવ્યા હતા વાદ કરવા પણ થઈ ગયા શિષ્ય. મિથ્યાત્વ ગયું. સમ્યક્ત્વ આવ્યું. અપ્રમત્ત સુધીની ભૂમિકા ગૌતમ કોના થકી પામ્યા ? કેવળ ભગવાનના પ્રેમના પ્રભાવથી જ.

દાનવીર માણેકલાલ ચુનીલાલે (મુંબઈ) મને કહ્યું : 'મેં બધાને બધી છૂટ આપેલી, લેવાય તેટલું લઈ લો. પણ મારી પાસેથી કોઈ એક લાખ લેનારો નથી મળ્યો. એક ૫૦ હજારવાળો મળેલો.' માણસ કેટલું માંગી શકે ? પોતાના

ભાગ્યથી વધુ નહિ.

ભગવાન સર્વસ્વ આપવા તૈયાર છે. આપણે કેટલું લઈશું ? માંગો તો આજે જ સમ્યક્ત્વ મળી જાય.

'જિનભક્તિરત ચિત્તને રે, વેધકરસ ગુણ પ્રેમ રે;
સેવક જિનપદ પામશે રે, રસસિદ્ધ અય જેમ રે...'

લોઢા જેવા આત્માને પ્રભુ-ગુણના પ્રેમનો વેધકરસ સ્પર્શે એટલે આત્મા પરમાત્મ - સુવર્ણત્વથી ઝળકી ઉઠે.

પેલો વેધકરસ મળે કે ન મળે, આપણા હાથમાં નથી, પણ પ્રભુ-ગુણનો પ્રેમ આપણા હાથની વાત છે.

◆ **મારા ભાગ્યમાં ક્યાં ચારિત્ર છે ?' એવું કહેનારો 'મારા ભાગ્યમાં ક્યાં ભોજન છે ?' એવું કદી કેમ નથી કહેતો ?**

આજનું ભાગ્ય ગઈકાલનો આપણો પુરુષાર્થ છે. આજનો પુરુષાર્થ જ આવતીકાલનું ભાગ્ય બનશે.

◆ કોઈ અષ્ટાંગયોગ, કોઈ બીજી ધ્યાન પદ્ધતિ બતાવે. ભગવાને સામાયિક બતાવ્યું, જે બધી ધ્યાન-પદ્ધતિઓને ટક્કર મારે. સામાયિક ભગવાને માત્ર કહ્યું નથી, જીવનમાં ઉતાર્યું છે. સામાયિકમાં સર્વ અનુષ્ઠાનોનો સંગ્રહ છે. સર્વજ્ઞ કથિત 'સામાયિક ધર્મ' પુસ્તક બહાર પડેલું છે તે જોજો.

આપણી પાસે આવેલું સામાયિક ભરવાડના હાથમાં આવેલા ચિંતામણિ જેવું છે, જે કાગડાઓ ઉડાડવા તે ફેંકી દે છે.

◆ નવકાર, કરેમિભંતે સિવાય બીજા સૂત્રો પોત-પોતાના શાસનમાં ગણધરોના અલગ અલગ હોય. શબ્દોમાં ફરક; અર્થમાં નહિ. માટે જ કોઈ પણ તીર્થંકરે કહેલું હોય પણ તેમાં કોઈ ફરક ન આવે. અનંતા તીર્થંકરોએ જે કહ્યું છે એ જ તેઓ કહેશે. માટે જ સીમંધરસ્વામી પાસેથી સાંભળેલું નિગોદવર્ણન કાલિકાચાર્ય પાસેથી સાંભળતાં પણ સૌધર્મેન્દ્રને એવું જ લાગ્યું.

માથું ફરી ગયું હોય તે જ આગમમાં ફેરફાર કરે, કે ફેરફાર કરવાની ઈચ્છા કરે.

◆ જેટલી દૃષ્ટિ ખુલે તેટલી ઉત્તમતા દેખાય.

મુનિચન્દ્રસૂરિજીને કોઢીયામાં ઉત્તમ પુરુષ (શ્રીપાળ) દેખાયો. સિદ્ધો તો સૌ સંસારીને પણ સત્ - ચિત્ - આનંદથી પૂર્ણ જુએ છે.

◆ મંત્ર, વિદ્યા, સિદ્ધિ વગેરે અનેક દૃષ્ટિએ લોગસ્સ સૂત્ર મહત્ત્વપૂર્ણ છે. કાયોત્સર્ગમાં પણ તેનો પ્રયોગ કરાય છે. કાયોત્સર્ગમાં તે ધ્યાનાત્મક બનતાં તેનું બળ વધી જાય. કોઈ પણ વસ્તુ સૂક્ષ્મ બનતાં તેનું બળ વધી જાય છે. બોધિ સમાધિ પ્રાપ્ત કરવાની આમાં કળા છે. બીજા બધા મંત્ર-યંત્રાદિથી આ ચડી જાય. આ સૂત્રથી આપણું ચિત્ત પ્રસન્ન બને, જે પ્રસન્નતા સંસારમાં સૌથી દુર્લભ છે, ક્રોડો ડોલરથી પણ મળતી નથી. અહીં વગર પૈસે લોગસ્સ તમને ચિત્તની પ્રસન્નતા આપવા સજ્જ છે. કારણ કે લોગસ્સમાં તીર્થંકરનું ભાવપૂર્વકનું કીર્તન છે.

એવં મએ અભિથુઆ = સામે રહેલાની સ્તુતિ ! ભગવન્ ! આપ મારી સમક્ષ રહેલા છો ને મેં આપની સ્તુતિ કરી છે.

તમે આ લોગસ્સને જીવનમાં ઉતારવા માંગતા હો તો કહું. નહિ તો મૌન રહું.

તમારી સામે તો માત્ર ફોનનું ભૂંગળું છે, છતાં તમે વ્યક્તિની સાથે વાત કરો છો, લોગસ્સ, નવકાર, મૂર્તિ વગેરે પણ ભૂંગળા છે, જે પ્રભુની સાથે આપણને જોડી આપે છે. એકમાં યંત્રશક્તિ છે. બીજામાં મંત્રશક્તિ !

પ્રતિમા, નવકાર વગેરે અરિહંત છે; અરિહંત સાથે જોડનારા છે, એવું હજુ ચિત્તમાં લાગ્યું નથી. માટે જ મન પ્રભુમાં ચોંટતું નથી.

લોગસ્સ વગેરે રોજના થયા, એમ તમને લાગે છે, તો દુકાન, પત્ની વગેરે પણ રોજના નથી ? ત્યાં કેમ રસ આવે છે ? ત્યાં સ્વાર્થ છે તો અહીં સ્વાર્થ નથી ? સાચો 'સ્વાર્થ' જ અહીં છે. સ્વાર્થનો અર્થ સમજો. સ્વ એટલે આત્મા. અર્થ એટલે પ્રયોજન.

◆ **'तित्थयरा मे पसीयंतु'** ભગવન્ ! મારા પર પ્રસન્ન થાઓ. **'प्रसीद भगवन् मयि ।'** ભગવાન વળી અપ્રસન્ન હોય ? ભગવાન અપ્રસન્ન નથી, પણ આપણે પ્રસન્ન બનીએ એટલે ભગવાન પ્રસન્ન થયા ગણાય.

ભગવાનની પૂજાનું ફળ આ જ છે : ચિત્તની પ્રસન્નતા.

'अभ्यर्चनादर्हतः तस्मादपि मनःप्रसादस्ततः समाधिश्च निःश्रेयसम्... अतो हि तत्पूजनम् न्याय्यम्' - આમ ઉમાસ્વાતિ મહારાજ કહે છે.

ભગવાનના અર્ચનાદિથી જ્ઞાનાવરણીયાદિ ૪ ઘાતીકર્મોનો નાશ થાય. જ્ઞાન પ્રાપ્ત કરાવે માટે જ્ઞાનાવરણીય કર્મ.

દર્શન પ્રાપ્ત કરાવે માટે દર્શનાવરણીય કર્મ,

ચારિત્ર પ્રાપ્ત કરાવે માટે મોહનીય કર્મ,

ઉલ્લાસ પ્રાપ્ત કરાવે માટે અંતરાય કર્મને પ્રભુભક્તિ હટાવે છે.

◆ ગુરુનું જેટલું બહુમાન કરીએ તે ભગવાનનું જ બહુમાન છે.

'जो गुरुं मन्नइ सो मं मन्नइ' જે ગુરુને માને છે તે મને માને છે, એમ ભગવાને કહ્યું છે. ગુરુ તત્ત્વની સ્થાપના પણ ભગવાને જ કરી છે ને ?

આમ અલગ દેખાય, પણ આમ ગુરુ અને દેવ એક જ છે. અરિહંત સ્વયં પણ દેવ છે, તેમ ગુરુ પણ છે. ગણધરોના ગુરુ જ છે. દુનિયાના દેવ છે. અરિહંત બંને ખાતા સંભાળે છે.

જૈનેતર દર્શનની જેમ આપણે ત્યાં ગુરુ અને દેવ આત્યંતિક રૂપે ભિન્ન નથી.

ઉત્તરાધ્યયનમાં કહ્યું છે : પ્રભુ સ્તુતિ - કીર્તન આદિથી જ્ઞાનદર્શનાદિ રૂપ બોધિલાભ મળે છે. વળી, આ જ કાળમાં તે જીવન્મુક્તિનો અનુભવ કરાવે છે.

✧ ✧ ✧ ✧ ✧



શ્રાવણ વદ ૦))
૦૯-૦૯-૧૯૯૯, ગુરુવાર

'નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન...'

પ્રભુ નામ-મંત્રનું - મૂર્તિનું સ્મરણ દર્શન કરવાથી પરમાત્માના કેવલજ્ઞાનાદિ ગુણોનું ધ્યાન કરવાથી સાક્ષાત્ જાણે પ્રભુ સામે ઉભા હોય, ભક્તને બોલાવતા હોય એવા અનુભવો થાય છે.

ભક્તને થાય : આ સ્વપ્ન છે કે શું ? દેખાતા ભગવાન મારા હૃદયમાં પ્રવેશ પામી ગયા છે. ભગવાન જાણે મને બોલાવતા હોય ! અંગે અંગમાં વ્યાપી ગયા હોય તેવા અનુભવો થયા છે, આવા અનુભવો પ્રતિમાશતકમાં યશોવિજયજીએ બતાવ્યા છે.

શું આ વાત સત્ય હશે ? વીતરાગ, સિદ્ધશિલામાં રહેલા ભગવાન આ કાળમાં કઈ રીતે આવી શકે ?

મોક્ષમાં ગયેલા ભગવાન જૈનોના મતે તો નીચે આવે નહિ. રામ, કૃષ્ણ, શંકર વગેરે દર્શન આપે પણ વીતરાગ કેમ દર્શન આપે ? સાથે ઉપા. યશોવિજયજી મ. જેવા પ્રખર

વિદ્વાન આવા શબ્દો ટાંકે તો અનુભવ વિનાની તો વાત ન જ હોય.

કઈ વાત સાચી ? બંને વાત સાચી.

સિદ્ધમાં ગયા છે, નથી આવતા તે વાત સાચી તેમ યશોવિ. મ.ની વાત પણ સાચી.

ભક્તની ભાષા લોકથી તો જુદી પડે, પણ શાસ્ત્રથી પણ જુદી પડે, છતાં શાસ્ત્રવિરુદ્ધ ન કહેવાય. શાસ્ત્રથી અતિક્રાન્ત અનુભવ તે સામર્થ્ય યોગ છે.

ભક્તને વીતરાગ પ્રભુ મળ્યા વિના ન રહે, તે પણ સાચું છે.

यदा ध्यायति यद् योगी, याति तन्मयतां तदा ।
ध्यातव्यो वीतरागस्तद्, नित्यमात्मविशुद्धये ॥

- योगसार

આપણો ચારે બાજુ ભટકતો ઉપયોગ જ્યારે પ્રભુ-નામ-મૂર્તિ આદિમાં જાય ત્યારે તે આકારે બની જાય.

જેનું ધ્યાન કરે તેવા આકારે બની જાય.

પ્રતિમાનું ઉલ્લંઘન કરીને તમે મુક્તિનો માર્ગ હારી ગયા, ભગવાને કાંઈ પોતાની પૂજા માટે મૂર્તિ-નામ વગેરેનું નથી કહ્યું. એ બધું જણાવવા યશોવિજયજીએ પ્રતિમા શતક બનાવ્યું છે.

નામાદિ ૪માં ચિંતન કરતાં ચેતના પ્રભુમય બની જાય છે. દૂર રહેલી વસ્તુ પણ ત્યારે સાક્ષાત્ સામે દેખાય. એકાકારતા માત્ર હોવી જોઈએ.

તુમહિ નજીક નજીક સબહી હૈ,
તુમ ન્યારે તબ સબ હી ન્યારે...

આવું યશોવિજયજી મ. કઈ અપેક્ષાએ કહે છે ?

ભગવાન દૂર છે તો દૂર, નજીક છે તો નજીક છે. પણ દૂર-નજીક શી રીતે બને છે ?

ચેતના પ્રભુમાં એકાકાર બને ત્યારે પ્રભુ નજીક. પ્રભુમાં એકાકાર ન બને ત્યારે પ્રભુ દૂર - આ જ વાત છે.

આ બધા વાક્યો ૫૦૦-૧૦૦૦ વર્ષ પછી પણ કોઈ

ભક્તહૃદયી પેદા થાય ત્યારે તેને કામ લાગે માટે રચાયા છે.

'વીતરાગ છે' એમ કહીને તમે ભોળાને ભલે સમજાવો, પણ હું ન સમજું. મારે તો આપની પાસેથી જ મેળવવું છે. આપ જ આપશો. આ મારી બાળ-હઠ છે.' ભક્તની આ ભાષા છે.

ભગવાન પાસે બાળક બની જાવ. ભગવાન તમારા છે. ભગવાનને મેળવવા બાળક બનવું પડે. વિદ્વાનોનું અહીં કામ નથી.

આપણી ચેતના બીજે ગોઠવાયેલ છે, માટે જ પ્રભુ મળતા નથી.

'ધ્યાન પદસ્થ પ્રભાવથી, ચાખ્યો અનુભવ સ્વાદ.'

- માનવિજયજી ઉપાધ્યાય. પદ્મપ્રભ સ્તવન

'પદસ્થ' એટલે નામરૂપ પદનું ધ્યાન.

કર્મક્ષયથી મળતી વિદેહમુક્તિ છે. ભક્તિથી આ જ જીવનમાં મળતી મુક્તિ તે જીવન્મુક્તિ છે, ભક્ત એવી મુક્તિ અહીં જ અનુભવે છે.

આ કાળમાં ન હોવા છતાં ભક્તને ભગવાને આ મુક્તિ (જીવન્મુક્તિ) આપવી પડે છે.

પછી ભક્ત ખુમારીથી કહી ઉઠે છે : હવે મને મોક્ષની પણ પરવા નથી.

'મોક્ષોઽસ્તુ વા માઽસ્તુ' મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી...'

આ કાળમાં પણ ભક્તિ મુક્તિને ખેંચી શકે છે.

ભક્ત બની જુઓ. મીરાં, નરસી વગેરેને એમના ભગવાન મળે તો આપણને ન મળે ?

યશોવિજયજી મ.ને મળે તો આપણને ન મળે ?

તીર્થ છે ત્યાં સુધી તીર્થંકરને આંતરિક દેહથી અહીં રહેવું જ પડે છે, નામાદિથી રહેવું જ પડે છે.

'નામાઽઽકૃતિ દ્રવ્યભાવૈઃ' ચાર રૂપથી ભગવાન સર્વત્ર સર્વદા સર્વને પવિત્ર કરી રહ્યા છે, એમ હેમચન્દ્રસૂરિ એમને એમ તો નહિ કહેતા હોય.

'નામે તું જગમાં રહ્યો, સ્થાપના પણ તિમહી;
દ્રવ્યે ભવમાંહિ વસે, પણ ન કળે કિમહિ.'

- જ્ઞાનવિમલસૂરિ

આ શબ્દોને કદી તો ઊંડાણથી વિચારો.

ભગવાનનું નામ કે 'નમો અરિહંતાણં' આપણે સામાન્ય રીતે લઈએ છીએ. પણ ઉંડાણથી જુઓ તો એમાં જ ભગવાન દેખાશે.

તમારા નામને ભૂલી જજો, ભગવાનના નામને નહિ ભૂલતા.

પેલો શ્લોક યાદ છે ને ?

'મન્ત્રમૂર્તિં સમાદાય...'

દસ હજારનો ચેક મળી ગયો એટલે દસ હજાર મળી જ ગયા, કહેવાય. ભગવાનનું નામ મળી ગયું એટલે ભગવાન જ મળી ગયા કહેવાય.

બ્રિટીશકાળમાં કલકત્તાની કોલેજમાં ટીચરે વીંટી કાઢીને કહ્યું : આમાંથી કોણ નીકળી શકશે ?

એક વિદ્યાર્થીએ ચીઠ્ઠીમાં પોતાનું નામ લખીને ચીઠ્ઠી વીંટીમાંથી પસાર કરી દીધી. ચીઠ્ઠીમાં લખેલું હતું : 'સુભાષચન્દ્ર બોઝ'

વ્યક્તિ અને વ્યક્તિનું નામ અલગ નથી. વ્યવહારથી પણ આ સમજાય છે ને ? તમારી સહીથી કેટલાય કામો નથી ચાલતા ?

બુદ્ધિજીવીઓને આ નહિ સમજાય. આ માટે હૃદયજીવી - પ્રભુજીવી બનવું પડશે.

કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ કરી શકે નહિ, પરસ્પર અપ્રવેશી છે. પણ પ્રભુનું નામ આપણા હૃદયમાં પ્રવેશી શકે. અંગેઅંગમાં એકાકીભાવ પામી શકે.

જય વીયરાયમાં શું કહ્યું છે ? મારામાં કોઈ પ્રભાવ નથી, હું આ બધું મેળવી શકું, પણ તારા પ્રભાવથી. તારા પ્રભાવથી જ ભવનિર્વેદો વગેરે મળે. 'હોઉ મમં તુહ પ્પભાવઓ ભયવં ।'

પિતાના સામર્થ્ય પર વિશ્વાસ છે, પણ પરમાત્માના સામર્થ્ય પર વિશ્વાસ નથી.

પિતાનો વારસો પુત્ર સપુત્ર બને તો મેળવી શકે તેમ આપણે આજ્ઞાપાલક બનીએ તો એમની પ્રભુતા મેળવી શકીએ.

પ્રતિમા આલંબન માટે છે. ધીરે ધીરે આદત પડતાં એમ જ ભગવાન સામે દેખાવા લાગશે.

જલપાત્રમાં જેમ સૂર્ય દેખાય, તેમ ભક્તને મૂર્તિમાં ભગવાન દેખાય છે. જલપાત્રમાં દેખાતો સૂર્ય સાચો નહિ ?

મનફરામાં (વિ.સં. ૨૦૩૭) બહિર્ભૂમિએ જતાં તળાવમાં સૂર્યના પ્રતિબિંબના પ્રકાશથી પણ ગરમી લાગતી, માથું દુઃખતું.

બોલો, કયો સૂર્ય સાચો ? ઉપરવાળો સૂર્ય કે તળાવમાં પ્રતિબિંબિત સૂર્ય ? કયા ભગવાન સાચા ? ઉપર રહેલા તે કે હૃદયમાં આવેલા તે ? બંને સાચા.

તળાવ ડહોળાયેલું હોય તો પ્રતિબિંબ નહિ દેખાય. આપણું ચિત્ત પણ કલુષિત હોય તો ભગવાન નહિ આવે. ભગવાન નથી ભાગ્યા, પણ આપણે ભગાડી દીધા. આપણી પ્રસન્નતા પ્રભુની પ્રસન્નતા સૂચવે છે. એટલે કે ચિત્ત પ્રસન્ન બનતાં જ પ્રભુનું ત્યાં પ્રતિબિંબ પડે છે.

બોધિ - સમાધિ જીવન્મુક્તિ છે અને પૂર્ણ આરોગ્ય વિદેહમુક્તિ છે. આ બંને મુક્તિ ગણધરોએ લોગસ્સમાં ભગવાન પાસે માગી છે.

◆ **૪૫ વર્ષ દીક્ષા લીધે થયા. તેનાથી પણ પહેલા, બાળપણથી જ મેં ભગવાનને પકડ્યા. આગળ વધીને કહું તો કેટલાય ભવોથી ભગવાન પકડ્યા હશે તે ખબર નહિ. ભવોભવ ભગવાન સાથે છે, એમ જ મને લાગે છે.**

સાધના માટે ધીરજ જોઈએ. ઉતાવળે આંબા ન પાકે, હા, બાવળીયા પાકે.

'નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન.'

માનવિજયજીની આ પંક્તિ પરથી જ પુસ્તકનું નામ 'મિલે મન ભીતર ભગવાન' પાડ્યું છે.

મોહનીયનો જેટલા અંશે હ્રાસ થયો હોય તેટલા અંશે

આપણે સહજ સ્વભાવમાં સ્થિર થઈએ. તે વખતે આપણે સિદ્ધો સાથે મિલન કરી શકીએ. ત્યારે ભક્તને એમ લાગે છે : મારી પ્રેમસરિતા પ્રભુના મહાસાગરમાં મળી ગઈ છે.

નામસ્તવ (લોગસ્સ)નો મહિમા કેટલો છે તે ઉપધાનથી ખ્યાલ આવશે. તે મેળવવા તમારે કેટલો તપ વગેરે કરવો પડે છે ? તે સમજો. એનો મહિમા સમજાશે. માટે જ લોગસ્સ અને નમુત્થુણં બંનેના ઉપધાન અલગ ગોઠવ્યા છે.

મહાનિશીથમાં કહ્યું છે : પ્રભુનું નામ એટલું પવિત્ર છે કે શીલસંપન્ન સાધક જો એને જપે તો બોધિ, સમાધિ અને સિદ્ધિ શીઘ્ર પામે.

લોગસ્સનો કાઉસ્સગ્ગ જીવનમાં આવે માટે આ બધું કહ્યું છે.

આપણા સંઘમાં ૧૦૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરનારા છે. હિંમતભાઈ ૩૪૬ લોગસ્સનો કાઉસ્સગ્ગ રોજ કરે છે. એક વખત તો આખી રાત કાઉસ્સગ્ગમાં કાઢેલી.

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તકમાં લોકોત્તર વાણી છે.

- સા. હર્ષશ્રેયાશ્રી
રાધનપુર

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તકનો સ્પર્શ થતાં જ મારા એક એક રૂંવાડાઓ ખડા થતાં હૃદયમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં.

- સા. મોક્ષદર્શિતાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના મુખ-હૃદમાંથી વહેલી વાણીની ગંગા અમારી પાસે લાવીને આપે અમને પવિત્ર બનવાનો અવસર આપ્યો છે.

- સા. મૈત્રીકલાશ્રી
નવસારી



ભાદરવા સુદ ૮
૧૮-૦૯-૧૯૯૯, શનિવાર

સાધુની આહાર ચર્યા : ધર્મસંગ્રહ ગ્રંથના બીજા ભાગમાં સાધુની ચર્યા સવિસ્તર બતાવી છે. પ્રથમ ભાગમાં શ્રાવક-ધર્મનું વર્ણન છે.

એકેક વિધિનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરતાં જણાશે : તીર્થંકરોની જીવો પર કેટલી કરુણા છે !

સાદડીમાં (વિ.સં. ૨૦૩૨) ચાલુ માંડલીમાં એક મહાત્મા (ચારિત્રભૂષણવિ.) ના પાત્રામાંથી એક કૂતરો મેથીનો લાડવો ઊઠાવી ગયેલો.

માટે જ વાપરતાં પહેલા ઉપર-નીચે અને આજુબાજુ જોવાનું વિધાન છે.

ગોચરીમાં ફરતા, પસીનાથી રેબઝેબ થયેલા જૈન સાધુને જોઈને એક નિષ્ણાત વૈદ્ય પાછળ-પાછળ ચાલતો ઉપાશ્રયમાં આવ્યો. તાત્કાલિક વાપરશે તો મુનિને દોષોનો પ્રકોપ થશે – એમ તે માનતો હતો. પણ સાધુ મહારાજ તો પચ્ચક્ખાણ પારી, ૧૭ ગાથાનો સ્વાધ્યાય કરી પછી વાપરવા બેઠા, આથી

શરીરના ધાતુઓ સમ થઈ ગયા. પછી વાપરવા બેઠા તેથી વૈદ્ય સર્વજ્ઞોક્ત વિધાન પર ઝૂકી પડ્યો : કેવું સર્વજ્ઞનું શાસન !

ભયંકર ભૂખ લાગી હોય ત્યારે ૧૭ ગાથાનો સ્વાધ્યાય પણ ૭૭ ગાથા જેટલો લાભ આપે.

◆ ધર્મ કરીએ તો માત્ર આપણને જ નહિ, આખી દુનિયાને લાભ મળે. કઈ રીતે ? પક્ખિસૂત્રમાં ધર્મના કેવા વિશેષણો વાપર્યા છે ?

हिए सुए खमे निस्सेसिए आणुगामियाए ।

એટલે કે સર્વજીવોને કલ્યાણકારી આ ધર્મ છે.

આથી જ 'એક સાધુ સર્વ જગતનું રક્ષણ કરે છે.' એમ કહેવાય છે.

◆ ગોચરી લાવ્યા પછી પણ તેમાંથી બીજા સાધુની ભક્તિ કરવાની છે. ગૃહસ્થોમાં - શ્રાવકોમાં તો સાધર્મિક ભક્તિ માટે ચડાવા બોલાય. મદ્રાસમાં ફલે ચુંદડીનો ચડાવો ૫૧ લાખમાં ગયેલો. કોઈ ન લે તોય આગ્રહ કરનારને તો લાભ થાય જ. વિધિ અને ભક્તિ વિનાનું નિમંત્રણ પૂરણ શેઠની જેમ નિષ્ફળ બને. જ્યારે વિધિ સહિતનું જીરણ શેઠની પેઠે સફળ બને. ભલે એને ભગવાનનો લાભ ન મળ્યો પણ એનું નિમંત્રણ સફળ ! પૂરણ શેઠને ભલે ભગવાનનો લાભ મળ્યો, પણ તોય તેનું દાન નિષ્ફળ !

લાટ દેશના લોકો આપવાનો દેખાવ બહુ કરે, પણ આપે કાંઈ નહિ. આને લાટપંજિકા કહેવાય.

પેલા ડફોળ શંખની વાર્તા સાંભળી છે ને ? માંગો તે કરતાં ડબ્બલ આપવાનું કહે, પણ આપે કાંઈ નહિ.

માંડવીમાં આવો ડફોળ શંખ મળી ગયેલો. ઉપધાનમાં ત્રણ નીવી લખાવી ગયો ને કહે : હું ભીલડીયા વગેરેમાં ટ્રસ્ટી છું. કાંઈ પણ કામ હોય તો કહેજો. પછી, '૮૦૦/- રૂ.ની જરૂર છે' કહીને ૮૦૦/- રૂ. લઈને ગયો તે ગયો જ. ફરી આવ્યો નહિ.

સુરતના અમારા ચોમાસા પછી હસમુખ નામનો એક છોકરો ફોનથી સુરતના ટ્રસ્ટીઓ પાસેથી ૬૦ હજાર જેટલા રૂ.

લઈ ગયેલો.

ફોનમાં કહે : હું મુમુક્ષુ છું. આ.મ.ના પુસ્તક છપાવવામાં ૨૫-૩૦ હજારની જરૂર છે. મોકલાવો. પેલાઓએ અમારા વિશ્વાસથી મોકલાવેલા. અમને ઠેઠ મદ્રાસમાં ખબર પડી. પત્રમાં લખેલું : આપના કહેવા પ્રમાણે ૬૦ હજાર મોકલી આપ્યા છે.

આ ડફોળ શંખના નમૂના છે.

ડફોળ શંખ એટલે બોલે ઘણું, પણ કરે કાંઈ નહિ. આપે કાંઈ નહિ. ઘણા માણસો પણ આવા જ હોય છે.

◆ અશુદ્ધભાવ સંસાર છે.

શુદ્ધભાવ સંસાર પાર છે.

અનુસ્રોત એટલે દુનિયા ચાલે તે પ્રમાણે ચાલવું.

પ્રતિસ્રોત એટલે દુનિયાથી ઉલ્ટું ચાલવું.

પ્રતિકૂળતાને વધાવી લેવી તે મોક્ષમાર્ગ છે.

આપણું મન સંક્લિષ્ટ ન બને તેની કાળજી તીર્થંકર ભગવંતોએ રાખી છે. જેમ જેમ ભગવાનની ભક્તિ વધતી જાય તેમ તેમ ભાવોની વિશુદ્ધિ વધતી જાય.

'ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે...'

- દેવચન્દ્રજી

'જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ...'

- પદ્મવિજયજી

આપણને પ્રભુતા ગમે છે. પણ પ્રભુતા ઈચ્છવી એટલે લઘુ બનવું. લઘુ બનવું એટલે જ મહાન બનવું. મહાન બનવું એટલે જ લઘુ બનવું,

લઘુતા હશે ત્યાં ભક્તિ પ્રગટશે.

ભક્તિ હશે ત્યાં મુક્તિ પ્રગટશે.

✧ ✧ ✧ ✧ ✧





૧૧ દીક્ષા પ્રસંગ, ભુજ (કચ્છ)
વિ.સં. ૨૦૨૮, માઘ શુ. ૧૪., દિ. ૨૧-૧-૧૯૭૨

ભાદરવા સુદ ૯
૧૯-૦૯-૧૯૯૯, રવિવાર

પૂર્વના તીર્થંકરોની ભક્તિ વિના તીર્થંકર ભગવાન પણ તીર્થંકર બની શકતા નથી. વીશસ્થાનકોમાં મુખ્ય પ્રથમ પદ તીર્થંકર છે. શેષ તેનો પરિવાર છે.

પરમાત્મા પ્રત્યે પ્રેમ તીવ્ર પ્રકર્ષ પામે ત્યારે ભક્તિયોગનો જન્મ થાય.

◆ જીવ પ્રત્યે કરેલો પ્રેમ જીવને શિવ બનાવે છે.

ગુણી જીવ પ્રત્યે પ્રમોદ - આદરભાવ હોવો જોઈએ. એનો આદર કરવાથી એના બધા જ ગુણો આપણા બની જાય. આજ સુધી કોઈપણ જીવ ગુણીના બહુમાન વિના ગુણી બની શક્યો નથી. વેપારી પાસેથી તાલીમ લીધા પછી જ વેપારી બની શકાય છે. તેમ ગુણીની સેવા દ્વારા જ ગુણી બની શકાય છે.

તીર્થંકરના જીવનમાં બે ચીજ દેખાશે :

(૧) પ્રભુ પ્રત્યે અગાધ પ્રેમ !

(૨) પ્રભુ સાથે જોડાયેલા જગતના જીવો પ્રતિ પ્રેમ !!

આ બંને તમામ શાસ્ત્રોનો સાર છે.

આ જ સાધકની સીડી છે.

◆ ધર્મકુલમાં જન્મ લેવો, ઊછેર પામવો, ભગવાન - ગુરુ વગેરે ઉત્તમ નિમિત્તો મળવા એ કાંઈ જેવી તેવી વાત નથી.

આત્મા નિમિત્તવાસી છે. મંદિરમાં અલગ જ ભાવ આવે. થીયેટરમાં અલગ. આ તો અનુભવસિદ્ધ જ છે. હવે તો થીયેટરમાં પણ જવાની જરૂર નથી. T.V. લાવીને તમે ઘરને જ થીયેટર બનાવી દીધું છે. આ બહુ ખતરનાક છે. આના પરિણામ સારા નહિ આવે.

◆ ૨૨ વર્ષ પહેલા રજનીશભાઈ કચ્છ-માંડવીમાં આવવાના હતા. કચ્છના મહારાજાનો માંડવીમાંનો 'વિજય પેલેસ' મહેલ આશ્રમ રૂપે ફેરવાઈ જવાની તૈયારીમાં હતો. મેં લાકડીયાના બાબુભાઈ મેઘજીને વાત કરી : 'આ ઠીક થતું નથી.' પછી એવી બાજી ગોઠવાઈ ગઈ કે તેઓનું આગમન ટળી ગયું. અમેરિકા જતા રહ્યા. આ કચ્છી માડુનો વિજય હતો.

અમે દક્ષિણમાં ૫-૬ વર્ષ રહ્યા. ત્યાંની સ્થાનિક પ્રજા મૂળભૂત રીતે હિંસક છે. બકરાના બલિદાનો ઠેર-ઠેર અપાય છે. જ્યારે હેમચન્દ્રસૂરિ-કુમારપાળના પ્રભાવથી ગુજરાત-રાજસ્થાન કચ્છમાં એવું જોવા ન મળે. કચ્છમાં તો એવા મુસ્લીમો વસે છે, જેઓએ જીંદગીમાં માંસ જોયું નથી, ખાધું નથી. માંડવીમાં એક મુસ્લીમ માલીશ માટે આવેલો. તે કહેતો હતો : 'હું માંસ નથી ખાતો. આખું રામાયણ મોઢે છે, રામાયણના પ્રવચનો પણ આપું છું.'

આ અહીંની ધરતીનો પ્રભાવ છે.

જૈનોમાં તપના સંસ્કાર સહજ છે. નાના છોકરા પણ રમત-રમતમાં અઠ્ઠાઈ કરી નાખે. અહીં અમિત નામનો સાડા બાર વર્ષનો એક છોકરો છે. પર્યુષણમાં તેણે હસતાં-રમતાં અઠ્ઠાઈ કરી. મને તો ઠેઠ છેલ્લે ખ્યાલ આવ્યો. આ છે જૈન કુળના સંસ્કાર !

◆ **મુનિચન્દ્રવિજય :** ભગવાન જીરણ શેઠને ત્યાં કેમ ન ગયા ? પૂરણ (અભિનવ) શેઠને ત્યાં કેમ ગયા ?

ઉત્તર : ભગવાન છે. એમના જીવન માટે આપણે શું કહી શકીએ ? પણ એમ પ્રેરણા લઈ શકીએ : પરિચિત અને ભક્ત હોય ત્યાં જ ગોચરીએ જવું, બીજે નહિ, એવું સાધુને ન હોવું જોઈએ. એ ગમે ત્યાં જાય. અપરિચિત અને અજ્ઞાતને ત્યાં ખાસ જાય. વળી, વહોરાવ્યા વિના પણ લાભ મેળવી શકાય, એ પણ સંકેત આપ્યો. પાછળથી જ્ઞાનીને પ્રશ્ન પૂછવામાં આવતાં તેમણે પૂરણ શેઠ કરતાં જીરણશેઠને પુણ્યશાળી ગણાવ્યા.

બીજાને જમાડ્યા વિના કે કૂતરા ગાય વગેરેને આપ્યા વિના અહીંનો આર્યપુરુષ કદી જમે નહિ.

◆ અત્યારે ભયંકર દુકાળ છે. ટીપુંય વરસાદ નથી. પાંજરાપોળો ઠેર-ઠેર ઢોરોથી ઉભરાઈ રહી છે. સાંતલપુરમાં હમણાં જ પાંજરાપોળ શરૂ થઈ. બે જ દિવસમાં ૧૮૦૦ ઢોરો આવી ગયા. આવી હાલતમાં આપણે સૌએ જાગવાની જરૂર છે.

૪૨-૪૩ની સાલમાં હું અહીં હતો ત્યારે દુકાળ હતા. તે વખતે જૈનોએ રૂપિયાનો એવો વરસાદ વરસાવેલો કે સરકાર પણ જોતી રહી. કેન્દ્ર સરકારે પણ જૈનોને ધન્યવાદ આપેલા.

◆ **'भक्ति र्भगवति धार्या ।'**

આપણે હૃદયમાં અનેકોને ધારણ કરીએ છીએ. વેપારી, ગ્રાહકો - માલ વગેરે બધું મનમાં ધારે. વકીલો, અસીલ સંબંધી બધું યાદ રાખે - મનમાં ધારે - આમ બધા જ બધું જ ધારે છે. પણ ભગવાન કોણ ધારે છે ? ભગવાન કોના મનમાં છે ? ભગવાન આપણે ક્યારે હૃદયમાં ધારીએ ? મંદિરમાં હોઈએ ત્યાં સુધી. મંદિરમાંથી બહાર નીકળ્યા એટલે ભગવાન પણ આપણા હૃદયમાંથી બહાર નીકળ્યા એવું જીવન બનાવી મૂક્યું છે.

ભગવાન ભલે ચૌદ રાજલોક દૂર હોય, પણ ભક્તિથી ભક્ત તેમને હૃદયમાં વસાવી શકે છે.

દરેક ભક્ત જાણે છે કે સીમંધર સ્વામી ભરતક્ષેત્રમાં આવે નહિ, આવી શકે નહિ, છતાં પ્રાર્થીએ છીએ : 'શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો.' આ ખોટું ન કહેવાય. આપણો ઉપયોગ જ્યારે ભગવન્મય બન્યો ત્યારે આપણે સ્વયં ભગવાન બની ગયા. આને જ હૃદયમાં ભગવાન આવી ગયા કહેવાય.

ઘડાનું ધ્યાન ધરીએ તો આપણે ઘટમય બની ગયા. આપણો ઉપયોગ ઘટમય બની ગયો. ઘટમય કે ધનમય ઘણીવાર બનયા. હવે ભગવન્મય શા માટે ન બનવું ?

જ્ઞાનમાં એકાગ્રતા નથી હોતી, ધ્યાનમાં એકાગ્રતા હોય છે.

એટલે જ વીરવિજયજી કહે છે :

'તુમે ધ્યેયરૂપે ધ્યાને આવો, શુભવીર પ્રભુ કરુણા લાવો;
નહિ વાર અચલસુખ સાધંતે, ઘડી દોય મળો જો એકાંતે...'

માત્ર બે ઘડી ભગવાનમાં આપણો ઉપયોગ રહે તો કામ થઈ જાય ! - એમ વીરવિજયજી કહે છે.

ભગવાનની ભક્તિ જેના હૃદયમાં નથી, તેના માટે ભગવાન દૂર છે. ભક્તિ છે તેના માટે ભગવાન હાજરાહજૂર છે.

ગોશાળાની પાસે જ ભગવાન હતા, છતાં ભાવથી દૂર જ હતા. સુલસા દૂર હતી છતાં પણ ભક્તિથી તેના માટે ભગવાન નજીક હતા. દૂર રહેલા ભગવાનને નજીક લાવવા, હૃદયમાં પધરાવવા એનું નામ ભક્તિયોગ. એના માટે જ લાખો - અબજો રૂપિયા ખર્ચીને આ મંદિરો બંધાવ્યા છે.

ભગવાન પ્રત્યે પ્રેમભાવ જાગ્યો તો બધા જ પૈસા વસૂલ ! બાકી જૈનો ગાંડા નથી કે કોડો રૂપિયા મંદિરોમાં લગાવે. જૈનો સમૃદ્ધ છે તેનું કારણ પણ જિન-ભક્તિ અને જીવદયા છે.

તમે દાનનો પ્રવાહ ચાલુ રાખો તો લક્ષ્મી આવ્યા વગર નહિ રહે.

✧ ✧ ✧ ✧ ✧



૧૧ દીક્ષા પ્રસંગ, મુન્દ્રા (કચ્છ)
વિ.સં. ૨૦૨૮, માઘ શુ. ૧૪., દિ. ૨૯-૧-૧૯૭૨

(પૂ. કલ્પતરુવિ., પૂ. પૂર્ણચન્દ્રવિ. તથા મુનિચન્દ્રવિ.નો ભગવતી યોગોદ્વહનમાં પ્રવેશ)

ભાદરવા સુદ ૧૦
૨૦-૦૯-૧૯૯૯, સોમવાર

◆ ગોચરી પછી જ પચ્ચક્ખાણ પારવાના હોય. પહેલાથી શી રીતે પરાય ? ગોચરી મળશે જ એવી ખાતરી છે ?

'મળે તો સંયમવૃદ્ધિ, નહિ તો તપોવૃદ્ધિ' આવું ધારીને ગોચરી માટે નીકળવાનું છે.

અત્યારે જેમ વાપર્યા પહેલા દશવૈકાલિકની ૧૭ ગાથાઓનો સ્વાધ્યાય છે, તેમ દશવૈકાલિકની રચના પહેલા પણ આચારાંગ વગેરેનો સ્વાધ્યાય હતો જ. ઋષભાદિકના તીર્થમાં પણ તે તે ગ્રંથોનો સ્વાધ્યાય હતો જ.

◆ ક્ષયોપશમ આપણો કેટલો મંદ છે ? યાદ રાખેલું તરત જ ભૂલી જઈએ છીએ. નવાઈની વાત એ છે કે ભૂલવા જેવા અપમાન આદિ ભૂલતા નથી, પણ નહિ ભૂલવા જેવા

આગમિક પદાર્થોને તરત જ ભૂલી જઈએ છીએ.

◆ રાગ-દ્વેષનો ક્ષય કે ઉપશમ કરીએ તો જ કર્મબંધ અટકે.

સમગ્ર દ્વાદશાંગીનો સાર છે : રાગ-દ્વેષનો ક્ષય કરી સમતાભાવનો આશ્રય કરવો.

રાગ-દ્વેષ દો ચોર લૂટેરે,
રાગ ને રીસા દોય ખવીશા, યે હૈ દુઃખકા દિસા.

તમારી પાસે માલ છે, એવી માહિતી લૂંટારાને મળે, પછી એ શું કરે ? તમારો પીછો ન છોડે. લૂંટારો, તમે ગલીમાં વળો એટલે તરત જ પકડે, તમને લૂંટે. આ રાગ-દ્વેષ પણ બરાબર મોકો જોઈ તમારા પર તૂટી પડે.

ગયા રવિવારે, નેલ્લુરમાં (મદ્રાસથી ઉત્તરે) બપોરે ખુલી ઓફિસમાં લૂંટારો આવ્યો, છરો ભોંક્યો, લોહીલુહાણ કરી લૂંટ ચલાવી ભાગી ગયો. નામ આપે તો જાનથી મારવાની ધમકી આપેલી. આના કરતાં પણ રાગ-દ્વેષરૂપ લૂંટારા ખતરનાક છે.

સાધુએ વાપરતી વખતે રાગ-દ્વેષથી પર રહેવાનું છે. રાગ-દ્વેષના પ્રસંગો બહુધા ગોચરી સમયે થતા હોય છે.

'હે જીવ ! ભિક્ષાટનમાં તું ૪૨માંના કોઈ દોષથી ઠગાયો નથી તો હવે ભોજન વખતે રાગ-દ્વેષથી તું ઠગાઈશ નહિ.'

આમ આત્માને શીખામણ આપવી.

ભોજન સમયે બીજા કોઈ શીખામણ આપે તો ન ગમે, ગુરુની પણ ન ગમે. જીવ એટલો અભિમાની છે, કે કોઈની શીખ સાંભળવા લગભગ તૈયાર થતો નથી, પણ અહીં તો જીવ સ્વયં પોતાની જાતને શીખ આપે છે.

જીવ પોતાની વાત તો માને ને ?

બધા જ અનુષ્ઠાનો, જીવને રાગ-દ્વેષથી બચાવવા રખાયેલા છે. સાધુ પાસે જ્ઞાન-ધ્યાનની વિપુલ સામગ્રી હોય તો મોહ હુમલો ન કરી શકે. જે દેશ વિપુલ શસ્ત્ર સંરજામાદિથી તૈયાર હોય, તેના પર દુશ્મન દેશ હુમલો કરવાનો વિચાર કરી શકતો નથી.

◆ કામ કામને શીખવે સ્વાધ્યાય સ્વાધ્યાયને શીખવે.

ધ્યાન ધ્યાનને શીખવે આ અભ્યાસ છે. પુનઃ પુનઃ કરાતી ક્રિયા અભ્યાસ છે. અભ્યાસના કારણે જ સરખા અભ્યાસવાળા ૧૪ પૂર્વીઓમાં પણ છદ્ઠાણવડિઆ પડે છે, ચડ-ઉતર હોય છે.

◆ હું એવા વિચારનો કે કોઈપણ લખાણ શાસ્ત્રાધારિત જોઈએ. આધાર વિના કાંઈ લખવું જ નહિ.

મેં પહેલીવાર જ લેખ લખ્યો, અમરેન્દ્રવિ. એ કહ્યું : 'આ તો માત્ર પાઠોનો સંગ્રહ થયો. લેખ તો મૌલિક જોઈએ.'

મને એ પદ્ધતિ પસંદ નહિ.

મહાન ટીકાકારોએ પણ આગમગ્રંથોમાં પોતાના તરફથી કોઈ સ્વતંત્ર અભિપ્રાય નથી આપ્યો, તો આપણે કોણ ?

◆ **ભગવાનની શરત છે : બીજા હોય તો હું તમારા હૃદયમાં ન આવું. ભગવાનને બોલાવવા હોયતો પુદ્ગલનો પ્રેમ છોડવો પડશે.**

યા તો ભગવાન પસંદ કરો, યા તો પુદ્ગલાસક્તિ.

✧ ✧ ✧ ✧ ✧

આ અમૃતવાણી જાણે સાક્ષાત્ ભગવાનની જ છે.

- સા. સત્ત્વનિધિશ્રી
જોરાવરનગર

✧ ✧ ✧ ✧ ✧

આપશ્રી બંને ભાઈઓએ આ પુસ્તક માટે મહેનત ઉઠાવી છે, તે ધન્યવાદને પાત્ર છે.

- સા. અમીવર્ષાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક મળતાં જીવનમાં કાંઈક ઉત્થાન થાય તેવી આશા રાખું છું.

- સા. અમીગિરાશ્રી
અમદાવાદ



ભાદરવા સુદ ૧૧
૨૧-૦૯-૧૯૯૯, મંગળવાર

વિધિપૂર્વક પાલન કરો તો સાધુધર્મ જલ્દીથી અને શ્રાવકધર્મ ધીમેથી મોક્ષ તરફ લઈ જાય છે. શ્રાવકધર્મ કીટિકાગતિથી અને સાધુધર્મ વિહંગમગતિથી ચાલે છે.

વૃક્ષ પર કેરી ખાવા કીડી પણ ચડે, પોપટ પણ જાય, બંને વચ્ચે કેટલો ફરક ?

ભૂખ તીવ્ર હોય તો કીટિકાગતિ છોડીને વિહંગમગતિ જીવ સ્હેજે અપનાવે. આજે પાપના કાર્યોમાં વિહંગમગતિ નહિ, પણ પ્લેનની ગતિ છે, પણ ધર્મકાર્યોમાં કીડી જેવી ગતિ છે.

◆ અતિચાર એટલે ચારિત્ર જહાજમાં છિદ્રો ! છિદ્રો ધ્યાનમાં આવ્યા પછી પૂરવામાં ન આવે તો જહાજ ડૂબી જાય. છિદ્રો પૂરવાના બદલે મોટા-મોટા છિદ્રો (અતિચારો) કરતા રહીએ તો શું થાય ?

◆ શરીરમાં કોઈ ગુમડા કે ઘા પર જરૂર હોય તેટલું જ મલમ આપણે લગાડીએ છીએ, થપેડા નથી લગાડતા. તેમ

ભોજન સમયે સાધુ જરૂર પ્રમાણે જ આહાર લે. સારી ચીજ જોઈને વધુ ન લે.

હા... આહાર વધી ગયો હોય ત્યારે લઈએ તો નિર્જરા થાય, સહાયતા કરી કહેવાય. કોઈક સાધુને રૂક્ષ આહારથી કે કોઈ સાધુને સ્નિગ્ધ આહારથી અનુકૂળ આવતું હોય છે. જે રીતે સંયમ-નિર્વાહ થાય તે રીતે વર્તવું.

સાધુ સર્પની જેમ સ્વાદ લીધા વના કોળીયો ઉતારે. પીપરમીંટની જેમ આહાર આમ તેમ મુખમાં ફેરવે નહિ.

એક સેકન્ડ પણ રાગ-દ્વેષ ન આવી જાય, તે માટે ભગવાને કેટલી કાળજી રાખી છે ! ભોજન કરવાના ઉદાહરણો :

(૧) વ્રણ લેપ :

(૨) પૈડામાં તેલ :

(૩) પુત્રનું માંસ : (ચિલાતી પુત્રની પાછળ પડતી વખતે પુત્રી સુસમાનું માંસ ખાતા પિતાની મનોદશા કેવી હશે ?)

ભોજનનો ક્રમ :

પ્રથમ સ્નિગ્ધ મધુર, પિત્તના શમન માટે, બુદ્ધિ વગેરે વધે માટે.

પછી ખાટા પદાર્થો, છેલ્લે તુરા-કડવા પદાર્થો.

ભોજનના આ ક્રમનું કારણ એ પણ છે કે પાછળથી સ્નિગ્ધ પદાર્થો વધે, પેટ ભરાઈ ગયું હોય તો સ્નિગ્ધ પદાર્થો પરઠવવા પડે. માટે જ પ્રથમ સ્નિગ્ધ મધુર પદાર્થો આરોગવા.

ભોજનના વખાણ કરતા વાપરીએ તો અંગાર દોષ.

નિંદા કરતા વાપરીએ તો ધૂમ્ર દોષ લાગે.

ભોજનની ત્રણ પદ્ધતિઓ :

કટ છેદ (ખીચડી વગેરેમાં), પ્રતર છેદ (રોટલી વગેરેમાં) સિંહ ભક્ષિત (પાત્રામાં જેમ પડ્યું હોય તેમ જ વાપરવું) ત્રણ પદ્ધતિએ વાપરવાનું છે.

સારામાં સારા પદાર્થો હોય તેમાં આસક્તિ ન થાય માટે બાર ભાવના આદિથી મનને ભાવિત બનાવવું જોઈએ.

આહારના છ કારણો :

(૧) ક્ષુધાવેદનીય માટે, (૨) વેયાવચ્ચ માટે, (૩) ઈર્યાસમિતિ માટે, (૪) સંયમની સાધના માટે, (૫) પ્રાણ નિમિત્તે, (૬) ધર્મચિંતન માટે.

તપથી સેવા ન થઈ શકતી હોય તો તપ ગૌણ કરો. સેવા મુખ્ય છે. સેવા નહિ કરો ને ગ્લાનની સમાધિ ન રહે તો કેટલો દોષ લાગે ? આંખે અંધારા આવે તો ઈર્યાસમિતિપૂર્વક કઈ રીતે ચાલી શકાય ?

શરીરને નહિ, રાગ-દ્વેષને પાતળા બનાવવાના છે.

શાસ્ત્રોના પદાર્થોને વાગોળવા તે ધર્મચિંતા છે.

૨૩ કલાક બીજી પ્રવૃત્તિઓ કરીએ ને ૧ કલાક ધ્યાન કરીએ તો મન ક્યાંથી લાગે ? દિવસની તમામ પ્રવૃત્તિ તેને અનુરૂપ હોવી જોઈએ. તો જ ધ્યાનનું સાતત્ય રહે. ધ્યાનના સાતત્યથી જ તે સિદ્ધ થઈ શકે.

◆ **ભક્તિ :**

ભગવાનની ભક્તિ ભવસાગરથી પાર ઉતારે. માટે જ ભગવાને ભવસાગરમાં જહાજ સમાન ધર્મતીર્થની સ્થાપના કરી છે.

નામાદિ ૪ દ્વારા ભગવાન ધર્મ માટે સતત સહાયક બને છે.

યજમાન જાતે જ મહેમાનની દેખભાળ કરે તો મહેમાનને કેટલો આનંદ થાય ? ભગવાન ધર્મ-દેશના આપીને છૂટી નથી ગયા. સામે આવી ઊભા છે : આવો, હું હાથ પકડીને તમને લઈ જાઉં ! નામાદિ ચારેય ભવસાગરમાં મહાસેતુ સમાન છે.

◆ નર્મદા જેવી ભયંકર નદી હોય છતાં પુલ ઉપર ચાલતાં આપણને ભય નથી લાગતો. ભગવાને પણ ભયંકર સંસાર સમુદ્રમાં પુલ બાંધ્યો છે. ભક્તિના એ પુલ પર ચાલનારને ભવનો ભય સતાવતો નથી.

◆ જાપ વધતાં મનની નિર્મળતા વધે છે. પ્રભુ-નામ-જપ વખતે આપણા ત્રણેય યોગો એકાગ્ર બને છે. પ્રભુ-જાપ દ્વારા અનેક અજૈનો પણ આત્મશુદ્ધિ કરતા હોય છે. એના પ્રભાવથી જ આગામી જન્મમાં તેમને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય

છે. ગૌતમસ્વામી જેવાએ પૂર્વ જન્મમાં કે પૂર્વાવસ્થામાં આવી જ કોઈ સાધના કરી હશે ને ?

ચારમાંથી એકને છોડીને બાકીના ત્રણ નિક્ષેપો તો આજે પણ કામ કરે છે. એટલે જ ચતુર્વિધ સંઘ - મંદિર મૂર્તિ વગેરે વિના રહી શકે નહિ. એટલે જ જૈનો વસવાટ માટે પહેલા જિનાલય પાસે છે કે નહિ ? તે જુએ છે.

આ વાત બીલ્ડરો પણ સમજી ગયા છે.

પ્રભુના બધા જ ગુણો, બધી જ શક્તિઓ, પ્રભુના નામમાં અને મૂર્તિમાં સંગૃહીત છે. એ જોવાની તમારી પાસે આંખ જોઈએ.

પ્રભુએ ગુણની પ્રભાવના કરવા જ જન્મ લીધો છે. 'મારા જેવા બધા જ બને' એ જ ભગવાનની ભાવના.

જગતસિંહ શેઠને એવો નિયમ કે મારા નગરમાં જે આવે તેને ક્રોડપતિ બનાવવા. ૩૬૦ ક્રોડપતિ બનાવ્યા. પછી નિયમ બનાવ્યો : નગરમાં આવનાર દરેક સાધર્મિકને દરેક ક્રોડપતિ ૧૦૦૦/- સોનૈયા આપે ને દરરોજ સાધર્મિક ભક્તિ કરે. બહુ જ સરળતાથી આગંતુક ક્રોડપતિ બની જતો. **ઉદાર શેઠ જેમ બધા આગંતુકને પોતાના જેવા ક્રોડપતિ બનાવવા ઈચ્છે, તેમ ભગવાન, જગતના સર્વ જીવોને પોતાના જેવા ભગવાન બનાવવા ઈચ્છે છે.**

✧ ✧ ✧ ✧ ✧

આ કાળના અદ્ભુત પ્રભુભક્ત રૂપે તેઓશ્રી સમગ્ર સંઘમાં સુપ્રિસદ્ધ હતા । ए પ્રભુભક્તિના પ્રધાન પરિણામ રૂપે આંતરવિશુદ્ધિને તો તેઓશ્રી વર્યા જ હતા, પરંતુ એની સાથોસાથ સામાન્યજનને નજરે આવે એવી પનોતી પુન્યાઇ પણ વર્યા હતા । એમની અદ્ભુત પ્રભુભક્તિ તથા શ્રી નમસ્કાર નિષ્ઠાને હાર્દિક ભાવાંજલિ ।

- એજ... વિ. સૂર્યોદયસૂરિ
ગણિ રાજરત્નવિજય
મ.સુ. ૪, અંધેરી.



૧૧ દીક્ષા પ્રસંગ, મુંબ (કચ્છ)
વિ.સં. ૨૦૨૮, માઘ શુ. ૧૪, દિ. ૨૨-૧-૧૯૭૨

ભાદરવા સુદ ૧૨
૨૨-૦૯-૧૯૯૯, બુધવાર

◆ આગમ વાંચનમાં સરળતા પડે, એના રહસ્યો સમજાય, માટે હરિભદ્રસૂરિજી આદિએ પ્રકરણ ગ્રંથોની રચના કરી છે.

◆ ગર્ભમાં જ પર્યાપ્તિ પૂરી થઈ ગયા પછી આપણી અંદર સંસ્કારો પડવા લાગે છે. માતાનું મન, આસપાસનું વાતાવરણ વગેરે બધાની અસર પડે છે.

◆ ડૉકટર પણ દૂર કરી નથી શકતા તે કેન્સરાદિ રોગો પ્રભુ નામ-સ્મરણથી દૂર થાય છે, એમ હવે ડૉકટર પણ કબૂલ કરતા થયા છે. ડૉકટર કહે છે : દર્દી જો પ્રસન્ન ન રહે, જીવવાનું ન ઈચ્છે તો અમારી દવાઓ પણ એને બચાવી ન શકે.

ચિત્ત પ્રસન્નતા પ્રભુ-નામ સ્મરણથી મળે છે. જે ક્રોડો ડોલરથી પણ ક્યાંય મળી શકે નહિ.

સાધુ-સાધ્વી કેમ આટલા રોગગ્રસ્ત હોય છે ? માનસિક વિચારો તપાસવા જરૂરી છે. દ્વેષીલી પ્રકૃતિ, માયાવી સ્વભાવ

ઈત્યાદિ પણ રોગમાં ભાગ ભજવે છે.

કષાયો ભાવરોગ છે જ.

મનની પ્રસન્નતા લાખો રૂ.માં પણ ન મળે તેવી દવા છે. મનની પ્રસન્નતા હોય તો દ્રવ્ય-ભાવ રોગ રહી જ ક્યાંથી શકે ?

કદાચ દ્રવ્યરોગ આવી જાય તો પણ મનની પ્રસન્નતા ખંડિત ન જ થાય ને ? સનત્કુમાર ચક્રવર્તીને યાદ કરો. પોતાની થુંકમાં જ રોગ નિવારક શક્તિ હોવા છતાં ક્યારેય એનો ઉપયોગ ન કર્યો. ૭૦૦ વર્ષ સુધી પ્રસન્નતાપૂર્વક રોગો ભોગવતા રહ્યા.

આ રીતે રોગ પણ કર્મ-નિર્જરામાં સહાયક બને છે. કર્મો ભોગવવાનો ઉત્તમ અવસર છે, એમ માનીને આવેલા રોગોને વધાવી લેવા.

આપણને આવેલા રોગો એ આપણા જ કર્મોનું ફળ કે બીજા કોઈનું ફળ ? 'કોઈએ આમ કરી નાખ્યું' ઈત્યાદિ વાત પર વિશ્વાસ બેસે તો કર્મ સિદ્ધાન્ત પચ્યો નથી, એમ માનવું.

આપણા તેવા કર્મો ન હોય તો કોઈ કશું જ બગાડી શકે નહિ. બીજા માત્ર નિમિત્ત જ બને છે.

તીર્થંકરના કહ્યા પ્રમાણે ચાલનાર મુનિઓને આ જ ભવમાં લબ્ધિ-સિદ્ધિઓ પ્રગટે છે. એ લબ્ધિ-સિદ્ધિ વેડફી નાખવા માટે નથી. એનો અયોગ્ય પ્રયોગ નહિ કરવાની શક્તિ પણ સાથે મળે છે.

કેટલીકવાર પ્રશંસા ભારે પડી જતી હોય છે. તમારી પ્રશંસા બીજાની ઈર્ષ્યાનું કારણ બને અને તમારા માટે તે વિઘ્નરૂપ પણ બને. મહાવીરદેવની પ્રશંસા પેલો સંગમ ન સાંભળી ન શક્યો ને છ મહિના ભગવાનને હેરાન કર્યા. એવા કેટલાય ઉદાહરણ મળી આવશે.

◆ મહામુનિ મહારોગને પણ વિશિષ્ટ દૃષ્ટિકોણથી કર્મ-નિર્જરાનો અવસર બનાવી દે.

◆ **ભગવાનનો માર્ગ માત્ર જાણવા સમજવા માટે નથી, જીવવા માટે છે. તો જ આપણે ગન્તવ્ય સ્થાને શીઘ્ર**

પહોંચી શકીશું.

રસ્તો જાણો પણ ડગલું ય તે તરફ ન ભરો તો તમે ઈષ્ટ સ્થાને પહોંચી શકો ? આપણે બધું જાણીએ, પણ કાંઈ જ કરવા તૈયાર ન થઈએ તો ઈષ્ટ સિદ્ધ થાય ?

◆ ભગવાન નામાદિ ચારથી સર્વત્ર (સર્વ ક્ષેત્ર) સર્વદા (સર્વકાળે) સર્વજન પર ઉપકાર કરી રહ્યા છે, એમ હેમચન્દ્રસૂરિજી કહે છે. કોઈ કાળ એવો નથી, કોઈ ક્ષેત્ર એવું નથી જ્યાં પ્રભુ-નામ, પ્રભુ-મૂર્તિ ન હોય.

અમુક કાળમાં જ હોત તો **'क्षेत्रे काले च सर्वस्मिन्'** એમ ન લખત. પણ તમે જુઓ, ચારેય ગતિમાં જીવો સમ્યક્ત્વ પામે છે.

સમ્યક્ત્વ કઈ રીતે પામતા હશે ? ત્યાં પ્રભુનો ઉપકાર નહિ ?

◆ આજે જ ભગવતીમાં પાઠ આવ્યો : 'ગર્ભસ્થ જીવ નરકે પણ જઈ શકે સ્વર્ગે પણ જઈ શકે. શુભ અને અશુભ બંનેમાં **'तच्चित्ते, तल्लेसे, तम्मणे, तदज्झवसाए तदप्पियकरणे'** બની શકે.

ગર્ભમાં રહેલો જીવ વૈક્રિયશક્તિથી રૂપ વિકુર્વી સૈનિકો બનાવી લડાઈ કરી શકે, આયુષ્ય સમાપ્ત થાય તો મરીને નરકે પણ જાય. એ રીતે ધર્મના અધ્યવસાયથી સ્વર્ગે પણ જાય.

◆ સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલાઓને મૂર્તિના આકારમાં માછલા જોવા મળતાં જાતિસ્મરણ જ્ઞાન થાય છે, પછી સદ્ગતિએ જાય છે. અહીં આકારરૂપે ભગવાન આવ્યા.

◆ એક વાત પૂછું ? ગોચરી વખતે કેવા વિચાર આવે ?

સારા વિચાર ન કરો તો ખરાબ વિચાર આવશે જ. નાનકડા બાળકને મા ગમે ત્યાં રખડવા ન દે, તેમ મનને ગમે ત્યાં રખડવા ન દો. મન નાનું બાળક છે. દુકાનને તમે માલિક વગરની મૂકતા નથી તો મનને કેમ મૂકો છો ? એવી રીતે વાપરવું કે મન સ્વાદથી પર બની જાય.

બહેન કહેવા આવ્યા : મહારાજ ! ભૂલ થઈ ગઈ. ચામાં

ખાંડની જગ્યાએ મીઠું નંખાઈ ગયું છે.

સાગરજી મહારાજ તો વાપરી ગયેલા.

સાગરજી મહારાજ કહે : એમાં શું થઈ ગયું ?

આગમથી મતિ ભાવિત બનાવેલી.

જામનગરમાં એક વખતે દૂધમાં સાકરના સ્થાને મીઠું આવી ગયેલું. હું કાંઈ ન બોલ્યો. શું થયું ? પેટ સાફ થઈ ગયું.

વાપરતી વખતે સુ... સુ..., ચબ... ચબ... વગેરે અવાજ ન થવા જોઈએ. એકદમ ઉતાવળે નહિ વાપરવું. બહુ વિલંબ પણ નહિ કરવો. કાંઈ પણ ઢોળવું નહિ.

જોગમાં તો ધ્યાન રાખો છો. દહાડો પડવાનો ભય છે ને ? હંમેશ માટે એમ હોવું જોઈએ. એટલા માટે જ જોગ છે.

વાપરતી વખતે મનથી સ્વાધ્યાય ચિંતન આદિ કરી શકાય. પૂ. દેવેન્દ્રસૂરિજીમાં જોયું : અહીંથી ત્યાં માત્રુ કરવા જાય તો પણ સ્વાધ્યાય ચાલુ ! એક પણ મિનિટ બગાડે નહિ. આથી જ રોજ ૩-૪ હજારનો સ્વાધ્યાય કરી શકતા.

ભક્તિ : ભગવાનને જગતને પાવન-પવિત્ર બનાવવાનો શોખ છે ? જેમ તમને દારૂ-તમાકુનો શોખ છે.

જ્ઞાનીઓ કહે છે : હા..., એમને શોખ છે. ક્યારથી ? ઠેઠ નિગોદથી. સ્વાર્થનું વ્યસન આપણને સૌને છે. ભગવાનને પરોપકારનું વ્યસન છે. **'आकालमेते परार्थव्यसनिनः ।'**

નિગોદ વખતે પણ પરોપકાર ચાલુ હોય તો તીર્થંકરના ભવમાં, જ્યારે શક્તિઓ પરાકાષ્ટાએ પહોંચી છે, ત્યારે પરોપકાર કેમ ન કરે ?

દાનનું વ્યસન હોય ને પાસે ખૂબ પૈસા હોય તો કોણ દાન ન કરે ? ઓટરમલજી (મદ્રાસ) અહીં બેઠા છે. આજે જ બે લાખનું દાન કર્યું.

◆ જમતી વખતે તમે રોટલી, શાક, મીઠાઈ વગેરે જેનું નામ લો છો, તે વસ્તુ મળી જાય છે ને ? જે વ્યક્તિને તમે બોલાવો, તે વ્યક્તિ હાજર થઈ જાય છે ને ? તો પરોપકાર પરાયણ ભગવાનનું તમે નામ લો તો તેઓ હાજર

કેમ ન થાય ?

નામથી પ્રભુ સામીપ્યની અનુભૂતિ થાય.

'નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન.'

પ્રભુ આપણા હૃદયમાં આવ્યા એનો અર્થ એ કે આપણો ઉપયોગ પ્રભુમય થયો, ઉપયોગમાં પ્રભુ આવ્યા. ઉપયોગપૂર્વક તમે પ્રભુ-નામ લો છો ત્યારે પ્રભુમય જ બનો છો.

◆ વાણી ૪ પ્રકારે :

વૈખરી : મુખમાં, **મધ્યમા :** કંઠમાં, **પશ્યન્તી :** હૃદયમાં, **પરા :** જ્ઞાનમાં.

જે વાણીથી તમે પોકારો તે રૂપે પ્રભુ આવી મળે.

◆ **આરીસાની સામે ઊભા રહો, તમારું પ્રતિબિંબ પડે જ. આપણો ઉપયોગ નિર્મળ આરીસા જેવો હોય ત્યારે પ્રભુ આપણામાં પ્રતિબિંબિત બને જ.**

ઉપયોગમાં રહેલા ભગવાનને ઓળખી શકીએ એવી હજુ આપણામાં ક્ષમતા નથી. તેથી જ પ્રભુ દૂર લાગે છે.

✧ ✧ ✧ ✧ ✧

'कह्युं कलापूर्णसूरिए' पुस्तक मळ्युं. हजी तो हाथमां ज लीधुं छे परंतु

'First Impression is last Impression...'

प्रथम दृष्टिए ज प्रभाविक छे.

- गणि राजयशविजय

सोमवार पेठ, पुना.



बाएं से विवेक वि. - कल्पतरुवि. - दर्शन वि. - किरण वि. -
देवेन्द्रसूरिजी के साथ चिंतनमग्न पूज्यश्री दि. २१-०१-१९६७, वांकी (कच्छ)

ભાદરવા સુદ ૧૩
૨૩-૦૯-૧૯૯૯, ગુરુવાર

◆ પુષ્કરાવર્તની ધારા એટલી પ્રબળ હોય છે કે એનું પાણી જમીનમાં ખૂબ ઊંડે જાય છે, પછી વર્ષો સુધી વરસાદ ન પડે તોય પાક થયા કરે.

ભગવાનની વાણી પણ પુષ્કરાવર્તન મેઘ જેવી છે. ૨૧ હજાર વર્ષસુધી કામ કરશે, સર્વવિરતિનો પાક થયા જ કરશે.

◆ જેટલી શક્તિઓ કેવળજ્ઞાનીમાં પ્રગટરૂપે દેખાય છે, તે બધી જ શક્તિઓ બધા જ જીવોમાં પ્રચ્છન્નરૂપે રહેલી જ છે.

આપણું ભાવિ પ્રગટ સ્વરૂપ અત્યારે પણ કેવળજ્ઞાનીઓને પ્રગટ છે. એકના નાણા ઊધાર છે, બેન્કમાં જમા છે. બીજાના નાણા રોકડા છે.

જીવ અને શિવમાં આ જ ફરક છે.શિવનું ઐશ્વર્ય રોકડું છે. આપણું ઉધાર ! આપણું ઐશ્વર્ય કોઈએ (કર્મસત્તા) દબાવી દીધું છે. આપણે ઉઘરાણી કરી શકતા નથી. આપણે માલિક છીએ. ઉઘરાણી કરી શકીએ તેમ છીએ. આપણું આ સ્વામિત્વ

જગાડવા જ આ ધર્મશાસ્ત્રાદિ છે.

ભાવિમાં રોકડું થનારું આપણું ઐશ્વર્ય આજે પણ કેવળજ્ઞાનીઓ પ્રત્યક્ષ જોઈ રહ્યા છે. પરંતુ આજે તો આપણે ભિખારી છીએ. છતે પૈસે કંગાળ છીએ. હાથમાં કંઈ નથી.

મુંબઈના કેટલાક બિલ્ડર્સોના પૈસા જમીનમાં રોકાઈ ગયા હોય, જમીનના ભાવ ગગડી રહ્યા હોય, તેના જેવી આપણી સ્થિતિ છે. પૈસા આપણા હોવા છતાં આપણી પાસે નથી.

◆ જેને સામાન્ય લોકો સોનું-ચાંદી માને છે, જેની પાછળ દોડવામાં જીંદગી પૂરી કરે છે, જ્ઞાનીઓની નજરે એ માત્ર પીળી-સફેદ માટી છે.

'गिरिमृत्स्नां धनं पश्यन्, धावतीन्द्रिय-मोहितः ।
अनादिनिधनं ज्ञानं धनं पार्श्वे न पश्यति ॥

- ज्ञानसार ईन्द्रियजयाष्टकम्

◆ તમારા પૈસા ક્યાંક જમા હોય ને તમે તેનાથી અજાણ હો. સ્વાભાવિક છે કે અજ્ઞાનના કારણે તમે ઉઘરાણી કરવા ન જાવ. પૈસા માટે જ્યાં ત્યાં ભટક્યા કરો.

આપણી હાલત આજે એવી થઈ છે. આપણું આત્મ - ઐશ્વર્ય કર્મસત્તાએ દબાવી મૂક્યું છે. આપણે એથી અજાણ છીએ.

◆ **'ભણ્યા પણ ગણ્યા નહિ' એ કહેવત પુનરાવર્તનનું મહત્ત્વ પણ કહે છે. માત્ર ભણવું પૂરતું નથી. એને ગણવું જરૂરી છે. ગણવું એટલે પુનઃ પુનઃ આવર્તન કરવું, બીજાને આપવું. જે બીજાને આપીએ છીએ તે આપણું છે, બાકી બધું પારકું છે. બીજાને આપેલું જ્ઞાન જ રહે છે, એ મારો પોતાનો અનુભવ છે.**

ભણવાની સાથે ગણવું એટલે જીવનમાં ઉતારવું. ભણ્યા પછી એ જીવનમાં ન ઉતરે તો એનો અર્થ શો ?

◆ બંધ કરતાં અનુબંધ મહત્ત્વનો છે. અનુબંધ એટલે લક્ષ, ઉદ્દેશ, વલણ, અંદરનો હેતુ. જેમ વાંકી ખાતે આવનારો માણસ જે ખાતે પૈસા આપે તે જ ખાતામાં જમા થાય, તેમ આપણે જે આશયથી કાર્ય કરીએ તે જ સ્થાને જમા થાય.

મનને વિકૃતિયુક્ત બનાવે તે વિકૃતિ - વિગઈ. વિગતિ (વિગઈ)થી બચવું હોય તો વિગઈથી બચવું જોઈએ. વિકૃતિની પ્રકૃતિ જ મોહ પેદા કરનારી છે. વિકૃતિ વાપરીને સાધક મોહનો જય ન કરી શકે.

◆ **ભક્તિ :**

ચિત્તને વિકૃતિ-રહિત બનાવવા વિકૃતિ (વિગઈ)નો ત્યાગ જરૂરી છે તેમ ભગવાનની ભક્તિનો આદર જરૂરી છે.

◆ નવકારનો 'ન' પણ અનંત પુણ્યરાશિનો ઉદય થાય ત્યારે મળે છે. અહીં તો આપણને પૂરો નવકાર મળ્યો છે. પુણ્યોદયનું શું પૂછવું ?

◆ **એકબાજુ દુનિયાની બધી જ સંપત્તિ મૂકવામાં આવે ને બીજી બાજુ માત્ર પ્રભુનું નામ મૂકવામાં આવે. બંનેમાંથી કોણ ચડે ?**

જીંદગી આખી ધન-ધન-ધન કરતાં મરી ગયેલા મમ્મણને પૂછી જુઓ. ધનની ઉપેક્ષા કરી સામાયિક કરતા પુણિયા શ્રાવકને પૂછી જુઓ.

નવકાર મંત્રમાં પ્રભુના કોમન-સામાન્ય નામો છે. જેમાં બધા જ અરિહંતો, સિદ્ધો આદિ પંચ પરમેષ્ઠીઓ આવી જાય. **નવકાર ગણવા એટલે ભગવાનના ચરણોમાં માથું મૂકી દેવું.**

જેઓ સર્વવિરતિ સુધી પહોંચવા માંગતા હોય ને પહોંચી શકતા ન હોય તેઓ નવકારનું પ્રભુ-નામનું શરણું સ્વીકારી જુએ. પ્રભુ-નામથી કે પ્રભુ-મૂર્તિથી કોઈનું કલ્યાણ થયું છે ? એમ તમે પૂછતા હો તો મારું નામ પહેલું લખાવું. મને અહીં સુધી પહોંચાડનાર પ્રભુ-નામ અને પ્રભુ-મૂર્તિ છે.

મુંબઈ વગેરેથી તમે આટલી મોટી સંખ્યામાં અહીં કેમ આવો છો ? હું તો માનું છું : પ્રભુ મોકલી રહ્યા છે. પ્રભુ મોકલતા હોય તેમનું અપમાન શી રીતે થાય ?

મુંબઈથી તમે અહીં આવ્યા તો તમારી પેઢી બંધ કરીને આવ્યા ? તમારા નામથી ત્યાં પેઢી ચાલે છે ને ? ભગવાન મોક્ષમાં ગયા પણ એમની પેઢી અહીં ચાલે છે. એમના નામથી ચાલે છે. તમારા નામથી પેઢી ચાલે તો ભગવાનના નામથી ન ચાલે ?

નામ અને મૂર્તિ એ ભગવાન જ છે. દેરાસરમાં આપણે કઈ મૂર્તિ છે ? એમ નથી પૂછતા, કયા ભગવાન છે, એમ પૂછીએ છીએ. હા... જયપુરના મૂર્તિમહોલ્લામાં મૂર્તિનું પૂછીએ ખરા, પણ મંદિરમાં બિરાજમાન મૂર્તિમાં તો સાક્ષાત્ પ્રભુનું જ દર્શન આપણે કરીએ છીએ.

કાઉસ્સગ્ગ નવકારનો કરીએ કે લોગસ્સનો, બંનેમાં પ્રભુના નામ જ છે. એકમાં સામાન્ય નામ, બીજામાં વિશેષ નામ છે.

◆ ૧ શબ્દથી વૈખરી વાણી,
૨ વિકલ્પથી મધ્યમા વાણી,
૩ જ્ઞાનથી પશ્યન્તી વાણી,
૪ સંકલ્પથી પરા વાણી પ્રગટે છે.
જે ઉત્તરોત્તર કારણરૂપ છે.

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યપાદશ્રીના દેવલોક થયાના સમાચાર સાંભળી વજ્રઘાત અનુભવ્યો । જીવનભર ભક્તિના માધ્યમે પ્રભુ સાથે ઐક્ય અનુભવી આ કાળના મહાન યોગીએ વિદાય લીધી । હૈયું અંદરમાં રડી રહ્યું છે । હવે આવા પરમાત્મભક્ત બીજે ક્યાં જોવા મળશે ? પરમાત્મભક્તિ, જીવમૈત્રી અને જડ વિરક્તિનો ત્રિવેણી સંગમ પૂજ્યશ્રીમાં જોવા મળ્યો હતો । વિ.સં. ૨૦૫૫માં સુરતના પાંચ દિવસ દરમ્યાન પૂજ્યપાદશ્રીજીની સાથે રહેવા મળ્યું હતું તે દિવસો હજુ પણ યાદ આવે છે । પૂજ્યશ્રીના અલૌકિક ગુણોથી આકર્ષાઈને યોગદૃષ્ટિના અજવાળા ભાગ-૩ તેમના કરકમલમાં સમર્પણ કરવાની ભાવના જાગી હતી, જે સાકાર બનતા વિશેષ આનંદ અનુભવાયો હતો ।

પૂજ્યશ્રી આ કાળના મહાન સંત, અવ્વલ કોટિના પરમાત્મભક્ત, ઓલિયા ફકીર, શાંતિના ફિરસ્તા, શાંતિના દૂત, શાંતિનો પૈગામ હતા. જીવનભર ખીલીને પોતાની સુવાસ ચોમેર ફેલાવીને એક કમળ અકાળે કરમાઈ ગયું । એક દીવો પોતાનો પ્રકાશ ફેલાવીને અચાનક બુઝાઈ ગયો । હવે પૂજ્યશ્રીના માર્ગે આપણે સૌ ચાલીએ । પૂજ્યશ્રી જે કેડી કંડારી ગયા છે તેના ઉપર ચાલી કૃતકૃત્ય બનીએ ।

- એજ... મુક્તિદર્શનવિજયની વંદના
મ.સુ. ૧૩, મુંબઈ.



बांए से विवेक वि. और दर्शन वि. के बीच ध्यानमग्न पूज्यश्री
वि.सं. २०२३, पोष सु. ११, वांकी (कच्छ)

ભાદરવા સુદ ૧૪
૨૪-૦૯-૧૯૯૯, શુક્રવાર

પાણીના ત્રણ ગુણ.

(૧) તરસ છિપાવવી,

(૨) મલિનતા દૂર કરવી,

(૩) દાહ મિટાવવો.

પહેલાના પાણીમાં આવા ગુણો હતા, હમણા નથી, એવું નથી. અમુક ગામનું પાણી કામ કરે, બીજું ન કરે, એવુંય નથી.

ચોથામાં આરામાં કરે, હમણા નહિ, ચોથા આરામાં પાણી પીવાતું, હમણા પેટ્રોલ પીવાય છે, એવું ખરું ? ભગવાનની વાણી પણ પાણી જેવી છે.

(૧) તૃષ્ણાની તરસ મિટાવે.

(૨) કર્મની મલિનતા દૂર કરે.

(૩) કષાયનો દાહ શમાવે.

પાણી તો અગ્નિસંપર્કથી હજુયે ગરમ થાય, પણ આ જિનવાણી કે પ્રભુ કદી ગરમ થતા નથી.

પાણીની જેમ પ્રભુ અને પ્રભુની વાણી પણ ચોથા આરાની જેમ આજે પણ પોતાનું કામ કરે જ છે. જ્યારે રાગ-દ્વેષથી મન ગ્રસ્ત હોય છે ત્યારે અકળામણ અને ઉદ્વેગ વધી જાય છે. આવું થાય ત્યારે પ્રભુનામનો સહારો લેજો.

પ્રભુનામનો મહિમા પ્રસ્થાપિત કરવા જ બીજું આવશ્યક (ચતુર્વિંશતિ સ્તવ) દાખલ કરવામાં આવ્યું છે.

નામ-નામીનો અભેદ છે. આથી જ આપણા નામની પ્રશંસાથી હરખાઈએ છીએ, નિંદાથી અકળાઈએ છીએ.

સ્વ-નામ સાથે આપણે આટલું તાદાત્મ્ય સાધેલું છે એમાંથી છૂટવા પ્રભુ-નામ-જાપ આવશ્યક છે.

કોઈએ કોઈ વ્યક્તિનું નામ કહ્યું ને તરત જ એ વ્યક્તિની આકૃતિ આપણા માનસમાં ઝળકે છે. નામની સાથે આકાર અનિવાર્યપણે સંકળાયેલો છે. આથી જ નામ પછી સ્થાપના-નિક્ષેપો છે.

પૂ.કનકસૂરિજી ! નામ બોલતાં જ આકૃતિ યાદ આવે. માત્ર આકૃતિ જ નહિ, ગુણો પણ યાદ આવે. નિઃસ્પૃહતા, વાત્સલ્ય, વિધિપ્રેમ, કરુણા વગેરે ગુણો યાદ આવે. અહીં પણ પ્રભુના નામ + સ્થાપના દ્વારા પ્રભુના ગુણો યાદ આવે.

યોગનો પ્રારંભ પ્રભુ-નામથી થાય. આ પ્રીતિયોગ થયો.

પ્રેમ ગાઢ બને ત્યારે ભક્તિયોગ આવે.

ભક્તિયોગ ગાઢ બને ત્યારે વચનયોગ આવે.

વચનયોગ ગાઢ બને ત્યારે અસંગ યોગ આવે.

◆ મહાનિશીથના જોગ ૪ મહાત્માને ચાલે છે. આ વર્ષે જ અથથી ઇતિ સુધી મહાનિશીથ ફરી વાંચ્યો. પ્રભુ-નામ (નવકાર) પ્રભુ-ગુણો વગેરેનું વર્ણન વાંચતાં રોમાંચ હર્ષિત થાય. માટે જ સૌ પ્રથમ નવકાર આપવામાં આવે છે. નવકાર એટલે અક્ષરમય પંચ પરમેષ્ઠીઓ ! ભૌતિક દેહ ભલે ન હોય, અક્ષર દેહ છે જ. અક્ષર એટલે જ કદી ક્ષરે નહિ, ખરે નહિ.

નવકાર એટલે પ્રભુ - નામ !

નવકાર એટલે ગુરુ- નામ !!

નવકાર એટલે ગુણીઓના ગુણનું કીર્તન !!!

હું ૫૦ વર્ષથી ગાઢ રીતે પ્રભુ-ભક્તિ કરું છું. ભયંકર બિમારીમાં પણ ચાલુ ! રૂમથી બહાર નીકળાય નહિ તો પણ ભક્તિ ચાલુ જ.

અત્યારે નથી મા-બાપ, અત્યારે નથી ગુરુ - અમે તો ભગવાનના આધારે અત્યારે જીવીએ છીએ. ભગવાન છોડી દઈએ તો અમારી પાસે રહ્યું શું ? ભગવાન જ ગુરુ છે, મા છે, પિતા છે, બધું જ છે. બધું જ ભગવાન છે.

'अन्यथा शरणं नास्ति' નો ભાવ પેદા થાયતો નિરાધાર બાળક તરફ જેમ મા દોડતી આવે તેમ ભગવાન દોડતા આવશે.

'અભિનંદન જિન દરિસણ તરસીએ...' એ સ્તવન વાંચી જુઓ. આનંદઘનજી દરેક ફિરકામાં માન્ય છે. તેમની સ્તવના તો જુઓ. વિરહનો ઉકળાટ તો જુઓ ! એ સ્તવનો નથી, પણ પ્રભુ તરફ ઉછળતી હૃદય - સાગરની લહરીઓ છે. એમાં પ્રથમ ગુણસ્થાનકથી લઈ ૧૪મા ગુણસ્થાનક સુધીનો પૂરો આધ્યાત્મિક વિકાસક્રમ છે.

(૧) પ્રથમ સ્તવનમાં પ્રભુપ્રેમ.

(૨) બીજામાં માર્ગની શોધ.

(૩) ત્રીજામાં મિત્રાદૃષ્ટિ, પ્રથમભૂમિકા.

અભય - અદ્વેષ - અખેદની વાત. આ માટે યોગદૃષ્ટિ સમુચ્ચય વાંચી જોજો. મિત્રા દૃષ્ટિનું બીજું નામ અભય છે.

◆ 'કરણ'નો અર્થ સમાધિ થાય. સમાધિ સમજશો તો જ અપૂર્વકરણાદિ સમજાશે. યથાપ્રવૃત્તિકરણ જ અપૂર્વકરણ સુધી પહોંચાડે. યથાપ્રવૃત્તિકરણ અસંખ્યાતી વાર આવે, પણ ઉત્તરોત્તર વિશુદ્ધિ વધતી જ જતી હોય. જેમ નવા વિદ્યાર્થીનો એકડો ઉત્તરોત્તર સારો થતો જાય.

યથાપ્રવૃત્તિકરણ પણ અવ્યક્ત સમાધિ છે. આ અવ્યક્ત સમાધિના પ્રભાવે જ અભવ્ય જીવ દીક્ષા લઈ નવમા ગ્રૈવેયક સુધી જઈ શકે. અભવ્યમાં યોગ્યતા ન હોવાથી પછીથી પછડાય છે. એટલે જ હરિભદ્રસૂરિજીએ અપુનર્બંધક શબ્દ શોધ્યો છે. અપુનર્બંધક એટલે એવો જીવ જે ફરીથી કદી ૭૦ કોટાકોટિ

સાગરોપમ મોહનીયની સ્થિતિ નહિ બાંધે. અભવ્ય અપુનર્બંધક ન બની શકે.

◆ **મને ભક્તિ-જાપ-ધ્યાન વગેરે પસંદ છે, એટલે બધું હું એમાં ઘટાવું છું એવું નથી. આ જ માર્ગ છે. મહાપુરુષોને પૂછીને શોધીને મેં નક્કી કર્યો છે.**

◆ સાધ્ય ભલે સામાયિક છે, પણ છ આવશ્યકોમાં સરળ સાધના નામ-જપ (ચઉવિસત્થો) છે.

'અહીં સાધ્ય તો સામાયિક છે, સમતા છે, તો વચ્ચે નામસ્તવ (ચઉવિસત્થો) શા માટે લાવ્યા ?' નિર્યુક્તિમાં ઉઠાવેલો એવો પ્રશ્ન પ્રભુ-નામ-કીર્તનનો મહિમા બતાવે છે.

તીર્થંકરના નામગોત્રનું શ્રવણ પણ મહાફળદાયી છે. પ્રભુના કેટલા નામ છે ? હજારો નામ છે. શક્રસ્તવ વાંચી જુઓ. જેટલા ગુણો એટલા નામો. ગુણો ન ગણાય તો નામો પણ ન ગણાય.

'પ્રભુ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોત્રી ?' ભક્ત મૂંઝાઈ જાય છે.

મદ્રાસ વગેરેમાં મારવાડી સમાજમાં પહેલી પત્રિકા આજે પણ પાલીતાણા - સિદ્ધાચલ - આદિનાથના નામ પર લખાય છે.

(મદ્રાસવાળા માણેકચંદભાઈ :

मद्रास प्रतिष्ठा के बाद अनगिनीत लोग प्रभु के दर्शनार्थे आये । अजैन लोग भी आये, पूरी रात सुबह तीन बजे तक लाइन चालु रही ।)

પ્રભુ-નામ કીર્તનથી પ્રભુ સાથે પ્રણિધાન થાય છે. માટે જ લોગસ્સ સમાધિસૂત્ર છે, એમ કહી શકાય. માટે જ એના ફળરૂપે છેલ્લે સમાધિ માટેની માંગણી કરેલી છે :

'समाहिवरमुत्तमं दिंतु ।' રાયપસેણીય, ચઉસરણપયન્ના, ઉત્તરાધ્યયનમાં કહ્યું છે : દર્શનાચારની આથી (ચતુર્વિંશતિ સ્તવથી) વિશુદ્ધિ થાય છે. સમ્યગ્ દર્શન પ્રાપ્ત થાય છે, હોય તો વિશુદ્ધ થાય છે. સમ્યગ્ દર્શન કદાચ ન હોય તો પણ ચિત્તની પ્રસન્નતા તો થાય જ છે.

ચઉવિસત્થાના અર્થાધિકારમાં પ્રભુ-ગુણોનું કીર્તન કરવાનું

કહ્યું છે. કારણ કે પ્રભુ સૌથી ગુણાધિક છે. સ્તુતિ ગુણાધિકની જ થાય. એમના જેવો પણ દુનિયામાં બીજો કોઈ નથી તો ચડિયાતો ક્યાંથી હોય ?

પ્રભુ ભલે ગુણાઢ્ય હોય, પણ બીજાને શો ફાયદો ? માણસ ભલે ધનાઢ્ય હોય, પણ બીજાને શો ફાયદો ? ધનાઢ્ય કંજૂસ હોય તો ? માણસ કંજૂસ હોઈ શકે, પ્રભુ નહિ. પ્રભુના ગુણ-કીર્તનથી ભક્તને લાભ થાય જ.

જગતમાં પ્રભુના પ્રભાવે જ સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય છે. એના પ્રભાવે ભવાંતરમાં પણ સમ્યગ્ દર્શન મળે છે, અંતે મોક્ષ પણ મળે છે.

આ જન્મમાં પ્રસન્નતા, સમ્યગ્ દર્શન...
પરલોકમાં સદ્ગતિ, સિદ્ધિગતિ મળે.

✧ ✧ ✧ ✧ ✧

*'कहे कलापूर्णसूरि' पुस्तक मळ्युं. पूज्यश्रीना कोहिनुर हीरा जेवी रत्न-कर्णिकाओने शब्दोना दोरमां बांधी, एक नवलखा हार जेवी अद्भुत रचना आपी खूब खूब उपकार चतुर्विध-संघ पर कर्यो छे. **जीभ बोले, हृदय बोले एवा शब्दो घणी वार मल्या छे, परंतु अनुभव बोलतो होय एवा ताकातवर शब्दो तो क्यारेक ज मळे छे.** एवा शब्दो पहोंचाड्यानी कृतज्ञता हृदयपूर्वक व्यक्त करुं छुं.*

'कहुं कलापूर्णसूरिए' पुस्तक हमणा भूपतभाईए आप्युं छे. आवी श्रेणि बहार पड़े अने शब्दे-शब्द सचवाय एवी शुभाभिलाषा.

- संयमबोधिविजय
घाटकोपर, मुंबइ.



ભાદરવા સુદ ૧૫
૨૪-૦૯-૧૯૯૯, શનિવાર

◆ આગમાદિ ગ્રંથોનું પુનઃ પુનઃ વાંચન કરવાથી સંયમમાં શુદ્ધિ અને ભાવોલ્લાસમાં વૃદ્ધિ થાય છે.

◆ આહારનું પ્રમાણ સામાન્ય રીતે સાધુ માટે - ૩૨, સાધ્વી માટે - ૨૮ કોળીયા, પણ આ સૌને લાગુ ન પડે.

મન, વચન, કાયાના યોગો સીદાય નહિ, ક્ષુધા જેટલા પ્રમાણમાં શમી જાય, તેટલો આહાર સાધુ કરે.

વિગઈ વાપરવી હોય તે દિવસે તે માટેનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. બાટલા ચડાવવા પડે, દવા લેવી પડે એવો તપ પણ ન થાય અને એટલું ભોજન પણ ન લેવાય.

નિહાર માટે ૧૦૨૪ ભાંગા બતાવ્યા છે, તેમાં એક ભાંગો શુદ્ધ છે. સંલોક, આપાત, સચિત્ત, અચિત્ત, અનાપાત, અસંલોક ઇત્યાદિ પદો વડે ૧૦૨૪ ભાંગા થાય છે.

સ્થંડિલભૂમિ પોલાણવાળી ન હોવી જોઈએ. ત્રસાદિ જીવોથી યુક્ત ન જોઈએ, એનો અર્થ એ નથી કે સડક પર ગમે ત્યાં બેસી જવું. આથી તો શાસનની ભયંકર અપભ્રાજના થાય, બીજા

લોકો જૈન ધર્મની નિંદા કરે. આ મોટું પાપ છે. ક્યાંય જગ્યા ન હોય તો લીલોતરીવાળી જગ્યા પર પણ (ધર્માસ્તિકાયની કલ્પના કરીને) બેસી શકાય, પણ સડક પર ન બેસાય.

સ્થંડિલ વિધિ : સૂર્ય, ગામ અને પવનને પીઠ આપીને ન બેસાય.

દિવસે ઉત્તર સન્મુખ, રાત્રે દક્ષિણ સન્મુખ બેસાય.

લૌકિક વિધિનું પાલન જરૂરી છે, જેથી કોઈ નિંદા ન કરે. 'આ લોકો કેવા છે ? સૂર્યનારાયણને પીઠ કરીને બેઠા છે. કાંઈ ભાન છે ?' આવું કોઈ બોલી જાય તે પરવડે નહિ.

◆ એક સાધુની ગોચરીચર્યા જોઈને ઈલાચી મહાત્મા કેવલી બનેલા,એ આપણે બધા જાણીએ છીએ. નટડીના ધ્યાનમાંથી પ્રભુના ધ્યાનમાં દોરી જનાર મુનિ હતા. એક મુનિ કેટલું કામ કરે ?

એક કનકસૂરિજી મહારાજે કેટલું કામ કર્યું ? અમને કનકસૂરિજીએ ખેંચ્યા છે. એમનું નામ સાંભળીને અમે આવેલા. એ માટે અમે કોઈ જોષીને પૂછ્યું નથી. રાજનાંદગાંવથી પાલીતાણા આવ્યા ત્યાં સુધી પણ નક્કી નહોતું. તેઓશ્રી પંડિત કે વક્તા ભલે નહોતા, પણ આચારસંપન્ન હતા. આથી જ લબ્ધિસૂરિજી જેવાએ તેમની પ્રશંસા કરેલી.

પ્રથમ જ દર્શને મન અભિભૂત થઈ ગયેલું. વિ.સં. ૨૦૦૯માં વિદ્યાશાળામાં પ્રથમ દર્શન કરેલા. અસર મીઠી વાણીની નહિ પડે, દંભી વર્તનની નહિ પડે, તમારા આચારની અસર પડશે.

◆ વચનગુપ્તિ + ભાષાસમિતિ - આ બંનેના સમ્યક્ પાલનથી તમે આ જ જીવનમાં વચનસિદ્ધ પુરુષ બની શકો છો. ખોટું બોલવું નહિ, કોઈની નિંદા બોલવી + સાંભળવી નહિ. આટલું નક્કી કરો. પછી જુઓ - વચનસિદ્ધિ દોડતી - દોડતી આવે છે કે નહિ ?

◆ ભગવાન અને ગુરુને રાજી કરવા હોય તો એમની આજ્ઞાનું પાલન કરો. ગુરુકૃપા સામેથી આવી મળશે.

◆ શિષ્યને ગુરુ સમજ ન આપે અને શિષ્ય જે કાંઈ કરે તેનું પાપ ગુરુને લાગે. જો ગુરુ સાચી સમજ આપી સમ્યગ્ માર્ગે શિષ્યને વાળે, તે તે મુજબ વર્તે તો તેનું પુણ્ય પણ ગુરુને મળે.

◆ એકાન્ત બાલ - મિથ્યાત્વી, બાલપંડિત - દેશવિરતશ્રાવક, એકાંત પંડિત સાધુ, ભગવતી સૂત્રની આ વ્યાખ્યા આજે આવી. આ વ્યાખ્યા પ્રમાણે આપણે બાલ કે પંડિત ? T.V. પાસે બૂઢા અને વૃદ્ધ સ્ત્રીઓ પણ બેસી જાય તેમને બાલ કહીશું કે પંડિત ? એકાંત પંડિત માટે બે જ ગતિ કહી છે :

અંતક્રિયા (નિર્વાણ મોક્ષ) અથવા કલ્પોપપત્તિકા (વૈમાનિક દેવલોક). કર્મસત્તા એનું કશું બગાડી શકે નહિ.

◆ ભગવાન 'અનાહૂત સહાય' શી રીતે ? ચંડકૌશિકે ભગવાનને તેડું મોકલેલું ? 'હે ભગવન્ ! તમે પધારો. હું તમારું સામૈયું કરીશ. ભક્તિ કરીશ. જે કહો તે કરીશ. બસ, પધારો !' નહિ, ભગવાન વિના બોલાવ્યે ગયેલા. આટલા મહાન પ્રભુ વગર બોલાવ્યે જાય ? હા, વગર બોલાવ્યે જાય માટે જ તેઓ મહાન છે. કારણ કે એમણે સકલ જીવરાશિને પોતાનો પરિવાર માન્યો છે.

સ્વજન પાસેથી તેડાની અપેક્ષા રખાય ? બિમાર પડી ગયેલા સ્વજન તમને જાણવા મળે ત્યારે તમે ઘેર બેસી રહો કે દોડીને ત્યાં પહોંચી જાવ ?

ચંડકૌશિક ભયંકર રીતે બિમાર હતો, ભાવરોગી હતો. એને ભગવાનની કોઈ પડી નહોતી. એ તો ગર્વથી બધાને ભસ્મીભૂત કરતો હતો. એટલે જ ભગવાન સંબંધ વગરના સગા છે. નહિ તો ચંડકૌશિક સાથે ભગવાનને શું લેવા દેવા ?

બોલાવીએ ને ભગવાન ન આવે એવું તો બને જ શી રીતે ? ભગવાન તો ન બોલાવ્યા છતાં આવનારા છે. ભગવાનને કદાચ પ્રાર્થના ન કરો તો પણ તેઓ તમારું હિત કર્યા વગર રહે જ નહિ.

કોની પ્રાર્થનાથી ભગવાને તીર્થની સ્થાપના કરી ? દીક્ષા લીધી ? લોકાંતિક દેવોએ તે માટે વિનંતી કરી તે તો તેમનો

કલ્પ છે. ભગવાનને એની અપેક્ષા નહોતી. ભગવાન સ્વયંસંબુદ્ધ છે. કોઈની પ્રાર્થના વિના જ માત્ર કરુણાથી તીર્થ-સ્થાપના કરી છે ભગવાને.

સૂર્ય કોની પ્રાર્થનાથી ઊગે છે ?
ફૂલ કોની પ્રાર્થનાથી ખીલે છે ?
પાણી કોની પ્રાર્થનાથી તરસ છિપાવે છે ?
વાયુ કોની પ્રાર્થનાથી વહે છે ?
વાદળ કોની પ્રાર્થનાથી વરસે છે ?
કોયલ કોની પ્રાર્થનાથી ટહૂકે છે ?
એ તેમનો સ્વભાવ છે.

ભગવાનનો પણ પરોપકાર કરવનો સ્વભાવ છે; પ્રાર્થના વિના પણ. ચંડકૌશિકે કદી કહ્યું નહોતું : તમે મારું હૃદય પરિવર્તન કરજો.

ઘણા પૂછે છે : ચંડકૌશિક સાથે પૂર્વભવનો કોઈ સંબંધ હતો ?

ચંદના સાથે પૂર્વભવનો કોઈ સંબંધ હતો ?

સંબંધ હોય કે ન હોય, હેમચન્દ્રસૂરિ વીતરાગ સ્તોત્રમાં કહે છે : '**असंबंध बान्धवः**' ભગવાન સંબંધ વિનાના સ્વજન છે. એ દ્વારા ભગવાન આપણને પણ સૂચવે છે : તમે કદી પરોપકારમાં સંબંધ જોશો નહિ.

પરોપકાર અંતતોગત્વા સ્વોપકાર જ છે. જીવત્વનો તો બધાની સાથે સંબંધ છે જ.

✧ ✧ ✧ ✧ ✧

पुस्तको खूब ज सुंदर छे.
आत्माने ढंढोळता आवा पुस्तको बहार पाडता रहेजो.
आपनुं कार्य निर्विघ्ने थाय एवी प्रार्थना.

- आचार्य जयशेखरसूरि
धारवाड, हुबली.



બાંએ થી પૂ. વિવેક વિ., પૂ. કલ્પતરુવિ., પૂ. કિરણ વિ.,
પૂ. દેવેન્દ્રસૂરિજી, પૂ. કલાપૂર્ણવિજયજી વિ. ૨૬-૦૬-૧૯૬૭, વાંકાનેર (સ્ટેજ)

ભાદરવા વદ ૧
૨૬-૦૯-૧૯૯૯, રવિવાર

◆ સાર્થવાહની, સંઘપતિની જવાબદારી સૌના યોગ-ક્ષેમની છે, રસ્તામાં સુરક્ષા તથા જોઈતી વસ્તુ મેળવી આપવાની જવાબદારી સંઘપતિની હોય છે.

મોક્ષનગરીમાં લઈ જવાની જવાબદારી ભગવાનની છે. આપણે સૌ યાત્રિક છીએ. ભગવાન સંઘપતિ (સાર્થવાહ) છે. આથી જ **जगचिंतामणि** ચૈત્યવંદનમાં **'जगसत्थवाह'** તરીકે ભગવાન સંબોધાયા છે.

◆ ઘણા માનતા હોય છે : સાધ્વીજી નકામા છે. પણ સાધ્વીજી કેટલું કામ કરે છે, તે જાણો છો ? પૂ. હરિભદ્રસૂરિજીને તૈયાર કરનારા યાકિનીમહત્તરા સાધ્વીજી હતાં. આપણા પૂ. કનકસૂરિજીને તૈયાર કરનારા સા. આણંદશ્રીજી હતાં. એક સાધ્વીજી પણ કેટલું કામ કરી શકે છે ? તે કદી વિચાર્યું ? સાધ્વીજી પણ આટલું કરી શકે તો સાધુઓનું તો શું પૂછવું ?

કલકત્તામાં ૧૦૦૦ યુવકોની શિબિર પં. કીર્તિચન્દ્રવિ.

કરી રહ્યા છે. કીર્તિરત્ન - હેમચન્દ્ર વિ. એ પણ ગંગાવતીમાં પોતાની યોગ્યતા પ્રમાણે સારી જમાવટ કરી છે.

◆ **જેટલી કાળજી તમારા આત્માની કરો છો, તેટલી જ કાળજી બીજાની કરો. કારણ કે બીજો 'બીજો' નથી, આપણો જ અંશ છે. બીજાની હિંસામાં આપણી જ હિંસા છૂપાયેલી છે, એ સમજવું પડશે. બીજાની હિંસા કરીએ છીએ ત્યારે આપણે આપણી જ દસગણી હિંસા નિશ્ચિત કરી દઈએ છીએ.**

'હોય વિપાકે દસગણું રે, એકવાર કિયું કર્મ...'

◆ મોહની જેટલી પ્રબળતા વધુ તેટલી બીજી બધી જ અશુભ પ્રકૃતિઓ જોરદાર સમજવી. બીજી ઓછી અશુભ હોય તો વધુ અશુભ બને, વધુ ઘટ્ટ બને.

અરિહંતાદિની આશાતનાથી મોહનીય કર્મ બંધાય છે. મોહનીયનું પાપ હિંસાથી પણ વધુ છે. આજ્ઞાભંગનું પાપ સૌથી મોટું. મોહનું કામ આજ્ઞાભંગ કરાવવાનું છે. મિથ્યાત્વ વિના આજ્ઞાભંગ થઈ જ ન શકે.

સમ્યક્ત્વ થયા પછી જગતના સર્વ જીવો શિવરૂપે દેખાય. જેને પોતાનામાં શિવત્વ દેખાયું, તેને સર્વત્ર શિવ દેખાવાના. આ જ સમ્યગ્ દૃષ્ટિ છે.

સૃષ્ટિ કદી બદલાતી નથી. દૃષ્ટિ બદલાય છે. દૃષ્ટિ પૂર્ણ બને ત્યારે જગત પૂર્ણ દેખાય. દૃષ્ટિ સમ્યગ્ બને ત્યારે જગત સમ્યગ્ દેખાય.

કાળા ચશ્મા પહેરો તો જગત કાળું છે. પીળા પહેરો તો પીળું છે. પીળા ચશ્માને માત્ર ઉપમા નહિ સમજતા. આ વાસ્તવિકતા છે. જ્યારે અશુભ પરિણામ કરીએ છીએ ત્યારે કૃષ્ણલેશ્યા હોય છે. કૃષ્ણલેશ્યા કાળા પુદ્ગલોને ખેંચે છે. તેજોલેશ્યા પીળા પુદ્ગલોને ખેંચે છે. જેમ જેમ અધ્યવસાયો નિર્મળ થતા જાય તેમ તેમ સ્વચ્છ ને સ્વચ્છ પુદ્ગલો આપણે ખેંચતા રહીએ છીએ.

પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ કૃષ્ણલેશ્યા દ્વારા સાતમી નરકે લઈ જાય તેવા, ખૂબ જ અશુભ કર્મો બાંધ્યા, પણ તે સ્પૃષ્ટ હતા,

શુભધ્યાનની ધારાથી તરત જ ધોવાઈ ગયા, થોડી જ વારમાં કેવળજ્ઞાન થઈ ગયું.

સ્થંડિલ વિધિ :

સ્થંડિલની શંકા સમય પર થાય તે આગમની ભાષામાં 'કાલસંજ્ઞા' કહેવાય. કસમયે લાગે તે 'અકાલસંજ્ઞા' કહેવાય.

પૂ. પ્રેમસૂરિજી એકાસણું કરીને ૧।। વાગે બપોરે જ બહાર જતા. હું પણ એકવાર સાથે ગયેલો.

કૃમિના રોગીએ છાંયડામાં બેસવું. છાંયડાવાળી જગા ન મળે, કદાચ તડકે બેસવું પડે (સ્થંડિલ રોકવાનું નથી. એ રોકવાથી આયુષ્ય ક્ષય થાય. એ વખતે ભલે ન જણાય, પણ થોડું તો આયુષ્ય ખૂટે જ) તો થોડીવાર સુધી છાંયડો કરીને ઉભા રહે.

◆ **ભક્તિ** : કોઈ માણસ એટલો ચોંટીને બેસી જાય કે જલ્દી ખસે જ નહિ. આપણને એમ થાય : જલ્દી ખસે તો સારું !

પણ ભગવાન એ રીતે નારાજ નહિ થાય, જો ભગવાનને પકડીને તમે બેસી જશો તો.

'નિશદિન સૂતાં જાગતાં, હેડાથી ન રહે દૂર રે;
જબ ઉપકાર સંભારીએ, તવ ઉપજે આનંદપૂર રે...'

પણ તમે પ્રભુને નહિ, પૈસાને પકડીને બેઠા છો.

પૈસા જયાં પ્રતિષ્ઠિત થયેલા હોય ત્યાં પ્રભુ શી રીતે પ્રતિષ્ઠિત બની શકે ?

જેસલમેર, નાગેશ્વર આદિના સંઘોમાં જે હશે તેમને ખ્યાલ હશે. રોજ એકાસણા. ૧/૨ વાગે એકાસણું કરવાનું. ક્યારેક ત્રણ પણ વાગી જાય. તે વખતે પણ હું પ્રભુને ભૂલ્યો નથી. ચાહે બે કે ત્રણ વાગ્યા હોય, ત્યારે પણ શાંતિથી ભક્તિ કરતો.

આવી ભક્તિથી ચેતના ઊર્ધ્વીકરણ પામે. નવા-નવા ભાવો જાગે એનાથી આગળ - આગળનો માર્ગ સ્વયં - સ્પષ્ટ બનતો જાય. પ્રભુ સ્વયં માર્ગ બતાવે. પ્રભુને બરાબર પકડી લો. બધી જ સાધના તમારા હાથમાં છે. તમારી બધી ચિંતા

પ્રભુ પર છોડી દો. બધું સારું થઈને જ રહેશે, એવો દૃઢ વિશ્વાસ રાખો. 'माणवकः अग्निः ।' અગ્નિના ઉપયોગવાળો માણવક સ્વયં અગ્નિ છે. આ તમે વ્યાકરણાદિમાં ભણ્યા છો ને ? ભક્તિ માર્ગમાં આ સૂત્ર કેમ નથી લગાવતા ? અગ્નિના ઉપયોગવાળો માણવક અગ્નિ કહેવાય તો ભગવાનના ઉપયોગવાળો ભક્ત ભગવાન ન કહેવાય ?

ભગવાન પર અતૂટ શ્રદ્ધા ઉત્પન્ન થયા પછી જ આપણી સાધના શરૂ થાય છે, એ ભૂલશો નહિ.

'પુક્ખરવરદીવઢ્ઢે... ધમ્માઈગરે નમંસામિ' શ્રુતસ્તવ છે આ.

પ્રશ્ન : શ્રુતની સ્તુતિ છે તો પછી તીર્થંકરની સ્તુતિ શા માટે ?

ઉત્તર : શ્રુત ધર્મની આદિ કરનારા ભગવાન છે. શ્રુતની સ્તુતિ એટલે ભગવાનની સ્તુતિ. કારણ કે ભગવાન અને શ્રુતનો અભેદ છે. આગમો રચ્યા ગણધરોએ, પણ અર્થથી બતાવ્યા તો ભગવાને જ ને ?

વળી, ગણધરો સ્વયં કહે છે : **'सुअस्स भगवओ'** શ્રુત ભગવાન છે.

◆ **ભાવ તીર્થંકરથી પણ નામાદિ ત્રણ તીર્થંકર ઘણો ઉપકાર કરે. ભાવ તીર્થંકરનો સમય ઘણો જ ઓછો.. પણ એમના શાસનનો સમય ખૂબ જ લાંબો !**

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાં રત્નોનો ખજાનો ભર્યો છે. આવા ગુરૂદેવ હવે ક્યારે મળશે ?

- સા. મહાપ્રજ્ઞાશ્રી
બીલીમોરા

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક એ પુસ્તક નથી, પણ આત્માને સુધારવાની ચાવી છે.

- સા. અમીઝરણાશ્રી
અમદાવાદ



ભાદરવા વદ ૨
૨૭-૦૯-૧૯૯૯, સોમવાર

પ્રમાદ શત્રુ છે, છતાં મિત્ર માનીએ છીએ. ભવભ્રમણ પ્રમાદના કારણે જ છે. બીજા કર્મબંધના કારણો પ્રમાદમાં સમાઈ જાય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ - આ ચારેનો સમાવેશ પ્રમાદમાં થઈ જાય છે.

ભગવતીમાં પ્રશ્ન : કયા કારણે ભવભ્રમણ ?

ઉત્તર : પ્રમાદ...! માત્ર એક જ શબ્દનો જવાબ ! પ્રમાદનું પેટ એટલું મોટું છે કે બીજા બધાને તે પોતાનામાં સમાવી લે છે.

ઉંઘમાં તો પ્રમાદ છે જ, આપણા જાગવામાં પણ પ્રમાદ છે; નિંદા - વિકથા - કષાય આદિ જાગતાનો પ્રમાદ છે. આત્મભાવમાં જાગૃત થવું તે સાચી જાગૃતિ છે. આત્મભાવમાં જાગૃત ન થઈએ ત્યાં સુધીની જાગૃતિ પણ પ્રમાદ જ છે.

સર્વવિરતિ એટલે અપ્રમત્ત જીવન ! દિનચર્યા જ એવી કે પ્રમાદનો અવકાશ જ ન રહે.

રાધનપુરમાં હરગોવનદાસ પંડિત પાસે બીજા કર્મગ્રંથમાં

પૂ. ઓંકારસૂરિજીએ પ્રશ્નપેપરમાં પૂછેલું :

ઉંઘમાં સાધુનું ગુણઠાણું રહે કે જાય ?

ઉત્તર : ઉંઘમાં સાધુનું ગુણઠાણું રહે, જાય નહિ. ઉંઘ વખતે પણ આત્મજાગૃતિ કાયમ રહે. માટે જ સાધુ ખાય છતાં ઉપવાસી કહેવાય. જ્યારે ખાઉધરો માણસ ઉપવાસ કરે તોય મન ખાવામાં જ હોય.

આ જ અર્થમાં ભરત ચક્રીને વૈરાગી કહ્યા છે.

'મનહી મેં વૈરાગી ભરતજી...'

તીર્થંકરો ગૃહસ્થપણામાં લગ્ન કે યુદ્ધમાં પણ કર્મ બાંધે નહિ, પણ કાપે. ગૃહસ્થ જીવનમાં કર્મ કપાય છતાં શાન્તિનાથ આદિએ ચારિત્રની પસંદગી કરી ષટ્‌ખંડની ઋદ્ધિનો ત્યાગ કરી સર્વવિરતિ સ્વીકારી.

રાજમાર્ગ આ જ છે. આ રાજમાર્ગ જ જગતના જીવોને બતાવવાનો છે.

◆ **પ્રશ્ન :** ઉપવાસમાં ચોલપટ્ટો પછી પડિલેહણ કરવામાં આવે.

વાપરેલું હોય તો ચોલપટ્ટો પ્રથમ પડિલેહવામાં આવે, તેનું કારણ શું ?

ઉત્તર : વાપરતાં કોઈ સંનિધિ થયેલી હોય તો ધોઈ શકાય માટે.

◆ આજે કે કાલે, જ્યારે પણ મોક્ષ જોઈતો હોય ત્યારે સમતાનો આદર કરજો. જો આમ જ હોય તો સમતાની સાધના આજથી જ શરૂ કેમ ન કરવી ? સમતા લાવવી હોય તો મમતા કાઢવી પડશે. કોઈ પણ ગુણ જોઈતો હશે તો તેનાથી વિરુદ્ધ દુર્ગુણ કાઢવો જ પડશે. **દુર્ગુણ કાઢો એટલે સદ્‌ગુણ હાજર જ છે, એમ માનો. કચરો કાઢો એટલે સ્વચ્છતા ઓરડામાં પોતાની મેળે જ આવી જશે.**

◆ સંયમ જીવન સ્વીકાર્યા પછી જો અહંકાર મમકાર દૂર ન થઈ શકે તો સાધના શી રીતે થઈ શકશે ? સાધનાના વિઘાતક પરિબળો આ જ છે. આ જ ગ્રંથિ છે, ગાંઠ છે, રાગ-દ્વેષની તીવ્ર ગાંઠ. મમકાર રાગ અને અહંકાર દ્વેષનું

પ્રતીક છે.

એ ગાંઠને વીંધ્યા વિના સમ્યગ્ દર્શન મળી શકે નહિ.

ગ્રંથિની નજીક લાવનાર ચાર દૃષ્ટિઓ છે : મિત્રા, તારા, બલા, દીપ્રા.

◆ ગૃહસ્થને ધન વિના ન ચાલે, સતત તે માટે ઉદ્યમ કરતા જ રહે, તેમ સાધુને જ્ઞાન વિના ન ચાલે, સતત સ્વાધ્યાય કરતા જ રહે. ગૃહસ્થને કેટલું ધન મળે તો તૃપ્તિ થાય ?

ગૃહસ્થને ધનમાં તૃપ્તિ ન હોય તેમ સાધુને જ્ઞાનમાં તૃપ્તિ ન હોય. એ માટે એ સતત પ્રયત્નશીલ હોય.

અવિદ્યા - અજ્ઞાન - મિથ્યાત્વ એક છે.

વિદ્યા - જ્ઞાન - સમ્યગ્ દર્શન એક છે. આ પર્યાયવાચી શબ્દો છે. હમણા બહેનોએ પૂછ્યું : સમ્યગ્ દર્શનની નજીક શી રીતે જવાય ?

ઉત્તર : સમ્યગ્ દર્શનની પૂર્વ ભૂમિકારૂપે ચાર દૃષ્ટિઓ છે. જેમ જેમ દૃષ્ટિમાં વિકાસ થતો જાય તેમ તેમ સમ્યગ્ દર્શનની નજીક જતા જઈએ. સમ્યગ્ દર્શનની પૂર્વભૂમિકાઓ જાણવા આ યોગદૃષ્ટિઓ ખાસ વાંચવા - સમજવા જેવી છે.

◆ પ્રદર્શક અને પ્રવર્તક બે પ્રકારના આ જ્ઞાનમાં પ્રદર્શક જ્ઞાન બોજરૂપ છે. ગધેડા પર ચંદનના ભાર જેવું છે. જીવનને બદલાવી દે એ જ સાચું જ્ઞાન, પ્રવર્તક જ્ઞાન !

◆ મિત્રાદૃષ્ટિનું પ્રથમ જ લક્ષણ આ છે : **'जिनेषु कुशलं चित्तम् ।'** અત્યાર સુધી પ્રેમનો પ્રવાહ જે કંચન અને કામિની પ્રત્યે હતો તે હવે ભગવાન પર વહેવા માંડે છે.

जिनेषु कुशलं चित्तम् ।, મન, **तन्नमस्कार एव च** - વચન; **प्रणामादि च संशुद्धम्,** - કાયા, **योगबीजमनुत्तमम् ॥** આ મિત્રાદૃષ્ટિના લક્ષણો છે.

સંજ્ઞાથી પ્રેરાઈને જો કોઈ ભક્તિ કરતો હોય તો તે યોગબીજ ન કહેવાય.

ગુણ બે પ્રકારના : એક દેખાવ ખાતરના, બીજા હૃદયના, વાસ્તવિક.

उपादेयधियाऽत्यन्तं । संज्ञाविष्कम्भणाऽन्वितम् । फलाभिसन्धिरहितम् । ભક્તિ હોય ત્યાં વૈરાગ્ય હોય. સંસારના વિષયો વિષ્ઠા જેવા લાગે. આ પહેલી દૃષ્ટિના ગુણો છે. તે ગુણોનો વિકાસ ઉત્તરોત્તર વધતો જાય. દૃષ્ટિ એટલે શ્રદ્ધાયુક્ત જ્ઞાન. જ્ઞાન પ્રકાશરૂપ છે, જેનાથી જીવન આલોકિત થાય છે.

પ્રથમ દૃષ્ટિનો જ્ઞાનપ્રકાશ તણખલાના અગ્નિ જેવો કહ્યો છે, જે સળગીને તરત જ શાંત થઈ જાય.

પ્રથમ દૃષ્ટિમાં ક્યારેક આત્મિક આનંદની ઝલક આવે છે, પણ એ વધુ ટકતી નથી. ઝલક આવે છે ને વીજળીવેગે ચાલી જાય છે. ભલે એ ચાલી જાય, પણ અંદર ફરી એ મેળવવા અદમ્ય લાલસા મૂકતી જાય છે. પછી એ આનંદને શોધવા સાધક ખોજી બને છે. ભિન્ન-ભિન્ન મતોને તટસ્થભાવે અવલોકે છે.

ત્યારપછી ૪થી દૃષ્ટિમાં ગુરુનો અનુગ્રહ વર્ણવતાં કહ્યું છે : **'गुरुभक्तिप्रभावेन, तीर्थकृद्दर्शनं मतम् ।'**

પ્રભુદર્શન અહીં ગુરુ દ્વારા મળી શકે; ભલે આ ક્ષેત્ર-કાળમાં ભગવાન ન હોય.

જગતના જીવો કંચન - કામિનીના દર્શનમાં એટલા ગળાડૂબ ડૂબેલા છે કે ભગવાનના દર્શનની કદી યાદ જ નથી આવતી.

આવા લોકો કહે : **अस्मिन्नसार-संसारे, सारं सारंगलोचना ।**

◆ સમાપત્તિ એટલે ધ્યાન દ્વારા પ્રભુના ગુણોની સ્પર્શના.

◆ ભાવ અરિહંત ન મળે ત્યાં સુધી નામ અને સ્થાપનામાં ભક્તને પ્રભુ દેખાય.

પ્રેમીના પત્રમાં, પ્રેમીના ફોટામાં જેમ સાક્ષાત્ મિલનતુલ્ય આનંદ થાય તેમ પ્રભુ-નામ અને પ્રભુ મૂર્તિમાં ભક્તને મિલનતુલ્ય આનંદ થાય.

પ્રભુનો જાપ એ રીતે કરો કે મંત્રમાં તમને પ્રભુ દેખાય. પ્રભુ-મૂર્તિમાં તમે એવા દર્શન કરો કે તમને સાક્ષાત્ પ્રભુ દેખાય. अद्य मे सफलं जन्म, अद्य मे सफला क्रिया ।'

અહો ! પ્રભુ ! આજે મારો જન્મ સફળ. આજે મારી ક્રિયા સફળ !' આ ઉદ્‌ગારો શું કહે છે ? મૂર્તિમાં સાક્ષાત્ ભગવાનના દર્શન કરે તે જ આવું બોલી શકે !

'જેહ ધ્યાન અરિહંતકો, સો હિ આતમધ્યાન ! ભેદ કછુ ઈણમેં નહિ.'

આપણા વ્યવહાર-પ્રધાન ગ્રંથો આમ કહે છે.

પ્રભુને અલગ રાખીને તમે આત્મા મેળવવા માંગતા હો તો એ કોઈ કાળે નહિ બની શકે. ભગવાનને કાઢીને માત્ર આત્મા રાખવા ગયા તો માત્ર અહંકાર જ રહેશે. જેને તમે 'આત્મા' માનવાની ભૂલ કરતા રહેશો.

પણ જે પ્રભુને પકડી રાખશે તેને આત્મ-દર્શન થશે જ. પ્રભુ પોતે જ એક દિવસ તેને કહેશે; તું ને હું કાંઈ અલગ નથી. આપણે બંને એક જ છીએ.

✧ ✧ ✧ ✧ ✧

ભૂકંપમાં ભ્રમણ

આપશ્રીએ કપરા કાળમાં મુશ્કેલી વેઠીને ભૂકંપ-ગ્રસ્ત ક્ષેત્રોમાં વિચરી ભૂકંપ-ગ્રસ્ત માનવીઓને હુંફ અને હિમત આપી છે. એક-એક ગામનું વર્ણન વાંચતાં હૈયું કંપી ઊઠે છે, હૃદય રડી ઊઠે છે. આપનો પુરુષાર્થ સમજપૂર્વકનો અને સમયસરનો છે.

આપે પુસ્તકમાં ઘણા સ્થળે સત્કાર્યો પ્રત્યે અંગુલિ-નિર્દેશ પણ કર્યો છે. આપના હાથે સમાજ, સંઘ અને શાસનની ઉન્નતિના કાર્યો થતા રહે તેવી ભાવના સાથે-

- શ્રી દિનેશચન્દ્ર મુનિ
આઠ કોટી મોટી પક્ષ
જૈન ધર્મ સ્થાનક, માંડવી



खड़े होकर प्रवचन देते पूज्यश्री
दि. २१-०१-१९६७, वांकी (कच्छ)

भादरवा वद ७ + ४
२८-०९-१९९९, मंगळवार

◆ **'समणो इव सावओ हवइ जम्हा ।'**

ગૃહસ્થપણામાં રહીને પણ આવી સાધના કરી શકાય છે. જેથી જ્ઞાનીઓને પણ કહેવું પડે : તમે સાધુ જેવા બન્યા.

ઉદાયી રાજા, કામદેવ, આનંદ વગેરેના દૃષ્ટાંતો વાંચો. ઉપાસક દશા વાંચો. ભગવાનના ૧૦ શ્રાવકો કેવા મહાન હતા ? ભગવાન મહાવીરે પણ કહ્યું : આજે રાત્રે આનંદ શ્રાવકે ઉત્કૃષ્ટ પરિષહો સહન કર્યા.

'जास पसंसइ भयवं दढव्वयत्तं महावीरो ।'

આ રીતે જ શ્રાવકપણાની કરણીથી સાધુ ધર્મ માટેની પાત્રતા આવે. એ રીતે મળેલું ચારિત્ર સફળ બને.

◆ **પ્રશ્ન :** ચારિત્રના પરિણામ આવી ગયા હોય તો વિધિની શી જરૂર ? ન આવ્યા હોય તોય શી જરૂર ? નિરર્થક છે બંને રીતે.

હરિભદ્રસૂરિજી કહે છે : અમારી આ વિધિ એવી છે કે ચારિત્રના પરિણામ ન જાગ્યા હોય તો જાગે. જાગેલા હોય તો

નિર્મળ બનીને ટકી રહે. ત્રીજા વૈદ્યની જેમ આ સર્વ રીતે સુખકારી છે.

◆ સ્થંડિલ માત્રુના ૨૪ સ્થાન જોવાના છે. આપણે અત્યારે 'આઘાડે આસન્ને' (માંડલા) કરીએ છીએ તે એનું પ્રતીક છે.

'આઘાડે આસન્ને' માંડલા દ્વારા જ્ઞાનીઓની એ પણ નજર છે કે કોઈપણ સાધુ-સાધ્વી પોતાની કુદરતી હાજતને રોકે નહિ. એ રોકવામાં ઘણું નુકસાન છે.

◆ જૈન ધર્મને હરાવવા દીક્ષિત થનાર ગોવિંદ મુનિનું સાચું હૃદય-પરિવર્તન થયું ને ફરીથી દીક્ષા લીધી. આવું છે આ શાસન જે પોતાના વિરોધીઓને પણ પોતાનામાં સમાવી લે.

◆ કોઈ ભક્તિ આદિના કાર્યક્રમ મહાપુણ્યોદયે ગોઠવાયા હોય છે. પૂર્વમાં અર્હત્અભિષેક વગેરે અનુષ્ઠાનો ગોઠવાતા, જેમાં બધા જ સાધુ-સાધ્વીજીઓ એકઠા થાય. ન જનાર સાધુ-સાધ્વીને પ્રાયશ્ચિત્ત આવે, એમ છેદસૂત્રોમાં લખ્યું છે.

◆ **પ્રશ્ન :** કેવળજ્ઞાનીને શું બાકી રહ્યું જેથી તીર્થંકરની દેશના સાંભળવા બેસે ? જરૂર શી ? સમવસરણમાં કેવળી પર્ષદાની ગોઠવણ શા માટે ?

ઉત્તર : આ વ્યવહાર છે, ઔચિત્ય છે. ગુરુને જોઈને શિષ્યો પણ શીખે. બીજા લોકોને પણ ભગવાન પ્રત્યે બહુમાન જાગે. તીર્થંકરનો મહિમા વધે.

જુઓ તો ખરા ! ગુરુ ગૌતમસ્વામી છદ્મસ્થ છે, ૧૫૦૦ તાપસો કેવળજ્ઞાની છે, છતાં ગુરુની પાછળ ચાલે છે. કેવળજ્ઞાની શિષ્ય, છદ્મસ્થ ગુરુ ચંડરુદ્રાચાર્યને ઉપાડીને ફરે છે, લાકડીના માર પણ સહે છે. કેવળી કૂર્માપુત્ર છ મહિના સુધી મા-બાપની સેવા કરે છે. સાચે જ, વ્યવહાર બળવાન છે.

◆ મૃગાવતીની જગ્યાએ આપણે હોઈએ તો ગુરુને કહી દઈએ : 'તમે કેમ એકલા એકલા જતાં રહ્યાં ? મને કેમ કહ્યું નહિ ? ભૂલ તમારી છે, મારી જરાય નહિ. હું કાંઈ રખડવા નહોતી ગઈ, જેથી તમે મને ઠપકારો છો !'

આથી તો આપણને કેવળજ્ઞાન નથી થતું ને ? એમણે સમતાભાવે કેવળજ્ઞાન મેળવી લીધું, આપણે કેવળજ્ઞાનને દૂર ને દૂર ધકેલીએ છીએ.

◆ પાણીમાં લોઢું, લાકડું ને કાગળ નાખો. એક ડૂબી જશે (લોઢું), બીજા બે લાકડું અને કાગળ તરશે. તેમાંય લાકડું તો પોતે ય તરે ને બીજાનેય તારે. કાગળ પોતે તો તરે પણ બીજાને ન તારી શકે. લોઢું પોતેય ડૂબે ને બીજાનેય ડૂબાડે.

આપણે કોના જેવા ? આશ્રિતને તારનારા કે ડૂબાડનારા ?

◆ સમતા વારંવાર યાદ આવે માટે સાધુ દિવસમાં નવ વાર કરેમિભંતે બોલે.

પાંચ મહાવ્રતોથી પ્રાણાતિપાતાદિ પાંચેય અવ્રતોથી વિરમણ થયું. સામાયિકના પાઠથી ક્રોધાદિ પાપોથી વિરમણ થયું.

મુખ્ય તો સામાયિકનો જ પાઠ છે. એ પ્રતિજ્ઞામાં સર્વ પ્રતિજ્ઞા આવી જ ગઈ, પણ વડી દીક્ષા વખતે વિશેષ મહાવ્રત એટલા માટે પણ ઉચ્ચારવામાં આવે છે કે તેટલા ગાળા દરમ્યાન શિષ્યની બરાબર પરીક્ષા થઈ શકે. જો કાંઈ એવું જણાય તો રવાના પણ કરી શકાય.

પૂ. કનકસૂરિજીએ એક વ્યક્તિને દીક્ષા આપી. પછી ખ્યાલ આવ્યો : આને માખી મારવાની ન જાય તેવી આદત છે. પૂ. બાપજી મ.ને પૂછાવ્યું : આનું શું કરવું ? પૂ. બાપજી મ.એ લખ્યું : રવાના કરવો. પછી તેને ઉત્પ્રવ્રજિત કરવામાં આવ્યો.

◆ ૧૧મા ગુણઠાણે ચડેલા, ૧૪ પૂર્વી પણ અનંતા નિગોદમાં ગયા છે - એવું આપણને એટલા માટે કહેવામાં આવે છે કે આપણી સંયમમાં સાવધાની વધે. પ્રમાદ વધારવા માટે આનો ઉપયોગ નથી કરવાનો.

'એમના જેવા મહાપુરુષો પણ નિગોદમાં જાય તો આપણી સાધના શી વિસાતમાં ? મૂકો સાધના... કરો જલસા...!

આવું ઉંધું વિચારવા માટે આ નથી કહેવાયું.

◆ **મારો આત્મા ભારે છે કે લઘુ ? એનો અનુભવ**

આપણને શી રીતે થાય ? ધર્મ કરતાં આનંદ થવો જોઈએ. આનંદ થાય તો સમજવું : હું હળુકર્મી છું. કંટાળો આવે તો સમજવું : હું ભારેકર્મી છું.

◆ 'મા રુષ મા તુષ' આ બે વાક્ય પણ જેમને નહોતા આવડતા એવા મુનિ કેવળજ્ઞાન કેમ પામી ગયા ? તેઓ જાણતા હતા : મને ભલે નથી આવડતું, મારા ગુરુને તો આવડે છે ને ? મારા ગુરુનું જ્ઞાન એ મારું જ જ્ઞાન છે. આવા સંપૂર્ણ સમર્પણથી જ તેઓ કેવળજ્ઞાન પામી શક્યા હતા.

પુત્ર પિતાની મિલ્કતનો વારસદાર બને,

તો ભક્ત ભગવાનની મિલ્કતનો વારસદાર કેમ ન બને ?

તો શિષ્ય ગુરુની મિલ્કતનો વારસદાર કેમ ન બને ?

ભક્ત એટલે ભાવિ ભગવાન !

ભગવાને પોતાનું અંતરંગ ઐશ્વર્ય ભક્ત માટે જ અનામત રાખેલું છે.

✧ ✧ ✧ ✧ ✧

'कह्युं कलापूर्णसूरिए' पुस्तक जोयुं. अद्भुत वाचनाओने उद्धृत करीने लख्युं छे. ते श्रमण वृंदोने उपयोगी बनशे. बंधु-युगल जोडीए ज्ञान-साधनामां अभिवृद्धि करी तेनी अनुमोदना.

- आ. विजयगुणरत्नसूरि

- पं. रविरत्नविजय

सुरत.

✧ ✧ ✧ ✧ ✧

'कहे कलापूर्णसूरि' नामनुं पुस्तक मळ्युं. मात्र एक ज पानुं वांच्युं. ने वांच्या पछी एम ज लाग्युं के साक्षात् परमात्मानुं मिलन आ ज पुस्तकमां छे.

- आचार्य विजयरत्नाकरसूरि

समेतशिखरजी तीर्थ.



एक दीक्षा के वर्षीदान के घरेवोड़े में पू. देवेन्द्रसूरिजी के साथ पूज्यश्री
वि.सं. २०२३, पोष सु. ११, वांकी (कच्छ)

કંચનલાલ ગભરૂચંદ (ચાણસ્મા) આયોજિત નવકાર જાપ (આરાધક ૪૦૦ પુરૂષો)

પ્રથમ દિવસ : ભાદરવા વદ ૬
૩૦-૦૯-૧૯૯૯, ગુરુવાર

◆ કઈ તાકાત છે નવકારમાં જે ભવસાગર તરાવે છે ? જે અરિહંત, સિદ્ધ આદિમાં તારકતાની તાકાત છે, તે બધી જ નવકારમાં સામૂહિક રૂપે એકત્રિત થયેલી છે. માટે જ નવકાર શક્તિનો સ્રોત છે. તારકતાની તાકાત ઠાંસી-ઠાંસીને એમાં ભરી છે.

◆ સંસાર મીઠો લાગે છે, પણ ખરેખર મીઠો નથી - નામ માત્રથી મીઠો છે. 'મીઠા' ને આપણે 'મીઠું કહીએ છીએ, પણ એ મીઠું થોડું છે ? બરાબર આ મીઠા જેવો સંસાર છે. નામ મીઠું પણ સ્વાદ ખારો !

◆ નવકાર એટલે પ્રભુનો મંત્રાત્મક દેહ ! પ્રભુનું અક્ષરમય શરીર !

◆ પોતાના આત્માને સર્વમાં અને સર્વને પોતાના

આત્મામાં જુએ છે, તે પરમાત્મા છે.

◆ આપણે પરમાત્માને પણ પૂર્ણ માનવા તૈયાર નથી, પરંતુ પરમાત્મા આપણને પૂર્ણ માનવા તૈયાર છે, એટલું જ નહીં, તેઓ આપણને પૂર્ણરૂપે જોઈ જ રહ્યા છે.

◆ નવકારમાં અનંત અરિહંતાદિની સંકલ્પ-શક્તિ ભળેલી છે. માટે જ તે શક્તિનો સ્રોત છે. એનો જાપ કરવાથી, આપણો સંકલ્પ નબળો હોય તો પણ અસર થાય જ.

◆ નવકાર ગણો... ગણ્યા જ કરો. એકાગ્રતા નવકાર જ આપશે, પ્રભુ જ આપશે. આપણો પુરુષાર્થ ગૌણ છે. પ્રભુ કૃપા મુખ્ય છે. એમ માનીને સાધના કરો. મંત્ર તેને જ ફળે, મંત્ર અને મંત્રદાતા પર જેનું હૃદય વિશ્વાસ ધરાવતું હોય. નવકારમાં પ્રભુની તાકાત જોવા શ્રદ્ધાની આંખ જોઈએ. ચામડાની આંખથી અક્ષરો સિવાય કશું જ નહિ દેખાય.

◆ નવકાર કે પ્રભુના ગુણો ગાનારા આપણે કોણ ? માનતુંગસૂરિ જેવા કહેતા હોય : 'બાળક સાગરમાં પ્રતિબિંબિત ચન્દ્રને પકડવા મથે, તેમ મારો આપની સ્તુતિ માટેનો પ્રયત્ન છે.' તો પછી આપણે કઈ વાડીના મૂળા ?

◆ આ વખતે તો નક્કી કરો : પ્રભુના દર્શન કરવા જ છે.

સભા : 'આપ દર્શન કરાવી દો.'

'ભોજન જાતે કરવું પડે છે. તમારા તરફથી બીજો કોઈ ભોજન કરી શકે નહિ, સમર્પણ-ભાવ આપણે કેળવવો પડે. બીજો કેળવે તે ન ચાલે. આપણે સમર્પણ કેળવીશું તો પ્રભુ અવશ્ય દર્શન આપશે જ. તમારું હૃદય અહંકારથી જ્યાં ખાલી થયું ત્યાં અર્હનો પ્રકાશ પ્રગટ્યો સમજો. જે ખાલી બને છે તે જ ભરાય છે. તમારા હૃદયમાં સળગતો અહંકારનો દીવો ઓલવી નાખો. પરમાત્માની ચાંદની તમારા હૃદયમાં ઝળકશે. સ્વને અહંકારશૂન્ય બનાવવું, એ જ સમર્પણભાવ છે. એ જ સાધનાનું રહસ્ય છે.

◆ જગતના જીવો સાથે આપણો સૌથી મોટો સંબંધ જીવત્વનો છે. એથી વિશેષ બીજો કયો સંબંધ હોઈ શકે ? આપણો સંબંધ માત્ર પરિવાર પૂરતો છે. પરિવાર સાથેનો એ

સંબંધ પણ જીવત્વના નાતે નહીં, સ્વાર્થના નાતે છે. માટે જ એનો નિષેધ કરવામાં આવ્યો છે.

◆ પ્રશ્નો બધા મનમાં રાખો. પ્રશ્નો સંદેહને જણાવે છે : હજુ તમે પ્રભુને સમર્પિત થયા નથી. સમર્પણ પછી પ્રશ્નો કેવા ? અહંકારશૂન્ય મનમાંથી પ્રશ્નો મરી પરવારે છે.

નવ દિવસ સુધી મને બરાબર સાંભળો. તમારા બધા જ પ્રશ્નોના જવાબ પ્રાયઃ આવી જશે. ન આવે તો દસમા દિવસે કહેજો.

◆ ભગવાન આપણને પ્રત્યક્ષ નથી, પણ આપણે ભગવાન માટે પ્રત્યક્ષ છીએ, એમના કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત છીએ, કારણ કે ભગવાન સર્વજ્ઞ-સર્વદર્શી છે. આ હોલ આપણને પ્રત્યક્ષ છે, તેમ પ્રભુને આખું વિશ્વ પ્રત્યક્ષ છે.

ભગવાન સર્વજ્ઞ છે તેમ સર્વગ પણ છે. સર્વગ એટલે સર્વવ્યાપી, દેહરૂપે નહીં, પણ કેવળજ્ઞાન રૂપે સર્વવ્યાપી છે. માટે જ પ્રભુ 'વિભુ' છે.' માનતુંગસૂરિજીએ આ જ અર્થમાં **'त्वामव्ययं विभु...'** એ શ્લોકમાં પ્રભુને વિભુ કહ્યા છે.

✧ ✧ ✧ ✧ ✧

ભલે પૂજ્યશ્રી આપણાથી દૂર છે. પરંતુ આ બંધુ બેલડીએ પૂજ્યશ્રીની વાણીના પુદ્ગલોને ઝીલીને આ ચાર પુસ્તકોમાં ગુંથવા દ્વારા સાક્ષાત્ સમવસરણ જ ખડું કરી દીધું છે. બસ હવે સુતા કે જાગતા એક જ ગુંજન :

'કહે કલાપૂર્ણસૂરિ.'

- સા. સુજ્યેષ્ઠશ્રી
રતનપર

✧ ✧ ✧ ✧ ✧

અમારા જેવા બાળ જીવોને આ પુસ્તક એક આગમરૂપ જ બની ગયું છે.

- સા. નીરાગપૂર્ણાશ્રી
જામનગર



પાલીતાણા, જ્યે.શુ. ૧૦, વિ.સં. ૨૦૫૬

ભાદરવા વદ ૭
૦૧-૧૦-૧૯૯૯ : સવાર

◆ અનંતા જન્મો સામે આ એક જન્મની લડાઈ છે. પાપો જે જનમોજનમના એ બધાનો ક્ષય આ એક જ જન્મમાં કરવાનો છે. કઈ રીતે થઈ શકે ?

બહુ અઘરૂં છે, એમ નહિ માનતા. અનંતાનંત પાપોનો ઢેર એક જ જન્મમાં શી રીતે વિલીન થશે ? એમ માનીને ગભરાઈ નહિ જતા. અંધારૂં ગમે તેટલું જૂનું હોય કે ગમે તેટલું મોટું હોય, એને ભગાવવા પ્રકાશનું એક કિરણ બસ છે. પ્રકાશ આવે ને અંધકાર જાય, તેમ ધર્મ આવતાં જ અધર્મ જાય, અધર્મ - પાપ અંધકાર છે તો ધર્મ પ્રકાશ છે. અંધકારને દૂર કરતાં પ્રકાશને કાંઈ વર્ષો નથી લાગતા. એક જ ક્ષણનું કામ છે એ તો. કેવળજ્ઞાન પ્રાપ્ત કરતાં કાંઈ વધુ વાર નહીં લાગે. માત્ર અન્તર્મુહૂર્તનું કામ છે. ક્ષપકશ્રેણિના એ અન્તર્મુહૂર્તમાં અનંતા પાપકર્મો બળી જાય.

◆ લુણાવા (વિ.સં. ૨૦૩૨)માં ધ્યાનવિચાર પર લખવાનો અવસર આવ્યો. કલમ હાથમાં લીધી, પણ લખવું

શું ? પાસે કોઈ સામગ્રી નહીં, 'નમસ્કાર સ્વાધ્યાય' સાહિત્ય વિકાસ મંડળ તરફથી પ્રકાશિત પુસ્તક સામે પડેલું હતું. એવી આદત ખરી કે કોઈ પણ કામ શરૂ કરવું હોય તો બાર નવકાર ગણવા. બાર નવકાર ગણીને મેં એ પુસ્તક ખોલતાં પહેલા પ્રભુને પ્રાર્થના કરી : પ્રભુ ! મારે જે લખવું છે તે મને અપાવજો.

પુસ્તક ખોલતાં જ બરાબર મને જે જોઈતું હતું તે જ મલ્યું. ચાર ચીજો મળી. મારું હૃદય નાચી ઉઠ્યું. પછી એના આધારે મેં ધ્યાન-વિચાર લખવાનું શરૂ કર્યું.

◆ જ્યાં સુધી પોતાની અધૂરાશ ન લાગે ત્યાં સુધી પ્રભુ પાસે માંગવાનું મન ન થાય. માંગીએ નહિ ત્યાં સુધી મળે નહીં.

પોતાની ઉણપ દેખાય તે જ અહંકારથી શૂન્ય બની શકે. અહંકારથી શૂન્ય બને તે જ અર્હથી પૂર્ણ બને.

પ્રભુ પાસે માંગીએ તો મળે જ મળે... પણ માંગીએ જ નહિ તો...?

પ્રશ્ન : પ્રભુ તો મા છે. મા તો વગર માગ્યે પણ પીરસે, તો પ્રભુ કેમ આપતા નથી ?

ઉત્તર : મા વગર માંગ્યે બાળકને આપે તે સાચું, પણ બાળકની ઉંમર પ્રમાણે આપે, સ્તનપાન કરનાર બાળકને મા કાંઈ દૂધપાક ન આપે. નાનકડા બાળકને મા કાંઈ લાડવા ન આપે. આપે તો બાળકને નુકશાન જ થાય. **પ્રભુ આપણી યોગ્યતા પ્રમાણે આપી જ રહ્યા છે. યોગ્યતા વધતી જશે તેમ પ્રભુ પાસેથી વધુને વધુ મળતું જ જશે. તો પછી માંગવાની શી જરૂર છે ? યોગ્યતા જ વધારતા રહેવું ને ? એવો તમે પ્રશ્ન કરી શકો છો, પણ મારી વાત બરાબર સાંભળી લો. પ્રભુ પાસે દીન-હીન બનીને યાચના કરવાથી જ યોગ્યતા વધે છે. યોગ્યતા કેળવવાની સૌથી ઉત્કૃષ્ટ રીત આ છે : દીન, હીન, અનાથ અને નિરાધાર બની પ્રભુ સમક્ષ યાચના કરવી. અહંકારથી અક્કડ બનીને નહિ, નમસ્કારથી નમ્ર બનીને પ્રભુ પાસે યાચના કરવાની છે. નમ્ર જ ગુણોથી ભરાય છે, અક્કડ નહિ. સરોવર જ પાણીથી ભરાય છે, અક્કડ પહાડ નહીં.**

◆ **પ્રભુનું નામ સુખ આપે. શી રીતે ? પ્રભુના નામમાં પ્રભુના ગુણો અને પ્રભુની શક્તિ છૂપાયેલા છે, જ્યારે આપણે તે નામ દ્વારા પ્રભુ સાથે એકાકાર બની જઈએ છીએ ત્યારે પ્રભુના ગુણો અને શક્તિઓનું આપણામાં અવતરણ થાય છે.**

ફૂલની સુગંધ તેલમાં આવે તેમ પ્રભુ ગુણોની સુગંધ આપણામાં આવવા લાગે છે.

અત્તરની સુગંધ રૂમાં ભરીને ફરનારા તમે પ્રભુ-નામ દ્વારા પ્રભુ-ગુણો સંક્રાન્ત કરી શકાય, એટલી વાત નહિ સમજો ?

◆ **નાનપણથી જ મને પ્રભુ-ભક્તિ ખૂબ જ ગમે, કેટલીકવાર તો પ્રભુભક્તિમાં ૪-૫ કલાકો વીતી જાય, જમવા માટે બોલાવવા આવવું પડે એવું પણ બનતું.**

એકવાર તમે ભક્તિનો આનંદ માણશો તો વારંવાર એ મેળવવા લલચાશો.

◆ બુદ્ધિમાં અહંકાર જ્ઞાનનું અજીર્ણ છે. અહંકાર દ્વારા જ્ઞાનના અજીર્ણને જાણી શકાય. નમ્રતા દ્વારા જ્ઞાનામૃત પચ્યું છે, એમ જાણી શકાય

પ્રભુ મહાદાનવીર છે. માંગીએ તે આપવા તૈયાર છે પણ આપણે જ માગી શકતા નથી. એવા કંગાળ છીએ કે ક્ષુદ્ર અને તુચ્છ સિવાય બીજું કશું માંગતા શીખ્યા જ નથી.

જેમને પ્રભુ પાસેથી મળ્યું છે તેમણે ગાયું છે :

'ગઈ દીનતા અબ સબહી હમારી
પ્રભુ તુજ સમકિત - દાન મેં
આતમ અનુભવ - રસ કે આગે
આવત નહીં કોઉ માન મેં.'

પ્રભુ એવું આપે છે કે જેથી દીનતા - તુચ્છતા વગેરે ઉભી પૂંછડીએ ભાગી છૂટે છે.

◆ **'पूजा-कोटि-समं स्तोत्रम्'** એનો અર્થ એ નથી કે સ્તોત્ર બોલી દઈએ તો પૂજા આવી ગઈ. કારણ પૂજાથી સ્તોત્ર ચડિયાતું છે. એનું રહસ્ય એ છે કે **ક્રોડોવાર પૂજા કરશો ત્યારે સાચું સ્તોત્ર બોલી શકશો. ક્રોડોવાર સ્તોત્રો બોલતા રહેશો ત્યારે જાપ માટેની યોગ્યતા મેળવી શકશો. ક્રોડોવાર જાપ**

કરશો ત્યારે ધ્યાન લાગી શકશે અને ક્રોડોવાર ધ્યાન કરશો ત્યારે લયની ભૂમિકા સુધી પહોંચી શકશો.

પં. ભદ્રંકરવિજયજી કેટલી ઉંચી કક્ષાના સાધક હતા ? છતાં તેમણે પ્રતિક્રમણાદિ આવશ્યકોનો ત્યાગ નથી કર્યો. શા માટે ? એમને એમાં પણ ધ્યાનની જ પુષ્ટિ દેખાઈ. સાચો ધ્યાની પ્રતિક્રમણાદિથી તો ધ્યાનને પુષ્ટ બનાવે જ, પણ આહાર, વિહારાદિથી પણ ધ્યાનને પુષ્ટ બનાવે.

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના આઘાતજનક સમાચાર સાંભળી શોક સંતપ્ત હૃદયવાલો એવો વિચારમૂઢ બની ગયો છું કે આપશ્રીને શું લખું ? અને શું ન લખું ? કાંઈ જ સમજાતું નથી ।

પ્રાતઃ સમયે નાકોડા તીર્થના બન્ને મૈનેજરોએ મારી પાસે આવીને કાલધર્મના જે સમાચાર આપ્યા તે સાંભલતાંની સાથે હું એકદમ રડી પડ્યો, હૃદય ભાંગી પડ્યું, અંતર શૂન્ય થઈ ગયું, કાંઈ જ કરવાનું સુઝે નહી, મન્દિર પણ ઠેઠ સાડા બાર વાગ્યા પછી જઈ શક્યો ।

સવા મહિનાના અલ્પ સત્સંગમાં પૂજ્યશ્રી દ્વારા પ્રાપ્ત થયેલ અનહદ વાત્સલ્યભાવના કારણે અત્યારે પણ અનુભવાઇ રહેલ આન્તરિક સાન્નિધ્ય કાલધર્મના સમાચાર સાંભળતાંની સાથે જ જાણે ઝુંટવાઇ ગયું ।

સવા મહિનાના સાન્નિધ્ય દરમ્યાન પૂજ્યશ્રી સાથે કરવા મલેલ પરમાત્મભક્તિના અનુષ્ઠાનરૂપ ચૈત્યવંદન - દેવવન્દન - લાગલગાટ અનેકાનેક સ્તવન આ બધું યાદ કરું છું અને આંખોમાંથી આંસુઓ ટપકે છે અને આ રુદનના કારણે પત્રલેખનની ગતિ પુનઃ પુનઃ સ્તંભિત થઇ જતી હોવાથી અહીં સુધીનો પત્ર લખતાં દોઢ કલાક વ્યતીત થઇ ગયો છે અને હવે છેવટે નરેન્દ્રભાઈને આપની પાસે આવવા માટે અહીંથી રવાના થવાનો ગાડીનો સમય થઇ જવાના કારણે મનના બધા જ ભાવોને મનમાં જ દબાવીને પત્ર પુરો કરું છું ।

- એજ... મુનિ રૈવતવિજયની વંદના

૧૬-૦૨-૨૦૦૨, નાકોડા તીર્થ.



દીક્ષાર્થીઓ કે મુહૂર્ત કે અવસર વિધાન-ક્રિયાર્થ,
વિ.સં. ૨૦૫૬, દશહરા, પાલીતાણા, સાત ચોવીશી ધર્મશાલા

ભાદરવા વદ ૭
૦૧-૧૦-૧૯૯૯ : બપોર

◆ નવકાર શું આપે ? નવકારના પાંચ પદો આપણી રાહ જોઈ રહ્યા છે.

પાંચમાંથી જે પદ જોઈતું હોય તે બોલો.

સભા : અરિહંત, આચાર્ય

જોયું ? જીવનો અહંકાર કેવો પ્રબળ છે ? એ સીધો જ અરિહંત કે આચાર્ય બનવા માગે છે. પણ સાધુ બન્યા વિના ન આચાર્ય બનાય, ન ઉપાધ્યાય, ન અરિહંત. સૈનિક બન્યા વિના સેનાપતિ શી રીતે બનાય ? વહુ બન્યા વિના સાસુ શી રીતે બનાય ? શ્રોતા બન્યા વિના વક્તા શી રીતે બનાય ? ભક્ત બન્યા વિના ભગવાન શી રીતે બનાય ?

◆ જગત અપૂર્ણ દેખાય છે, જીવો અપૂર્ણ દેખાય છે તે આપણે હજુ અપૂર્ણ છીએ, એ સૂચવે છે. જે ક્ષણે આપણને સ્વમાં પૂર્ણતા દેખાશે તે જ ક્ષણે જગતના સર્વ જીવોમાં પણ પૂર્ણતા દેખાશે. પૂર્ણને બધુ પૂર્ણ દેખાય. અપૂર્ણને અપૂર્ણ દેખાય.

આપણને જગત કેવું દેખાય છે ! તે, જગત કેવું છે ? તે નહિ, પણ આપણે કેવા છીએ તે જણાવે છે. જગત દુષ્ટ જણાતું હોય તો ચોક્કસ આપણે દુષ્ટ છીએ. જગત અવ્યવસ્થિત જણાતું હોય તો ચોક્કસ આપણે અવ્યવસ્થિત છીએ. જગત વ્યવસ્થિત જણાતું હોય તો ચોક્કસ આપણે વ્યવસ્થિત છીએ. જગત ગુણી જણાતું હોય તો ચોક્કસ આપણે ગુણી છીએ. 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એમને એમ નથી કહેવાયું.

◆ ભગવાનને ભૂલી જવા એ જ આપત્તિ,
ભગવાનને યાદ રાખવા એ જ સંપત્તિ.

આ દૃષ્ટિ ખુલી જાય તો દુઃખ પણ સુખરૂપ લાગે, સુખ પણ દુઃખ લાગે. તત્ત્વ પામ્યાની આ જ નિશાની છે.

◆ ભુજમાં ગાયના કારણે ધક્કો લાગ્યો. ફેકચર થયું. મને ઊભો કરવામાં આવ્યો, પણ હું ચાલી શકું નહીં. એક પગ બરાબર, ચાલવા તૈયાર, પણ બીજો પગ બરાબર નહીં. બીજા પગની સહાયતા વિના એક પગ શું કરી શકે ?

મુક્તિમાર્ગે પણ એકલા નિશ્ચયથી કે એકલા વ્યવહારથી, એકલી ક્રિયાથી કે એકલા જ્ઞાનથી ન ચાલી શકાય. બંને જોઈએ.

જ્ઞાન આંખ છે તો ક્રિયા પગ છે. પગ વિના આંખ એકલી ચાલી શકે ? આંખ વિના એકલા પગ ચાલી શકે ? આંખ વિના પગ આંધળા છે. પગ વિના આંખ પંગુ છે.

પંખીને ઉડવા પાંખ પણ જોઈએ, આંખ પણ જોઈએ. આંખ જ્ઞાન છે. પાંખ ક્રિયા છે.

◆ **शोभा नराणां प्रिय सत्यवाणी** । (વર્ણમાતા)
वाण्याश्च शोभा गुरुदेवभक्तिः । (નવકાર માતા) નવકાર
भक्त्याश्च शोभा स्वपरात्म-बोधः । (અષ્ટપ્રવચન માતા) કરેમિભંતે
बोधस्य शोभा समता च शान्तिः ॥ (ત્રિપદી માતા) લોગસ્સ

પૂ.પં. ભદ્રંકરવિ.એ આ શ્લોક હાથે લખીને આપેલો. આ શ્લોક પર મેં ૧૫-૨૦ દિવસ વ્યાખ્યાનો આપેલા, તે ઘણાને યાદ હશે ! આમાં ચાર માતા, નવપદ વગેરે બધું આવી જાય છે.

આ શ્લોક પાકો થઈ ગયો ? હા, પાકો કરવાનો છે. હું

સમજું છું કે તમને કંઠસ્થ કરવું ગમતું નથી, વ્યાખ્યાનો તમને એટલે જ ગમે છે ને ? કાંઈ જ પાકું કરવાનું નહિ ! વ્યાજ વિના જ મૂડી લઈ જવાની ! ભરપાઈ કરવાની ચિન્તા જ નહીં.

મનુષ્યની શોભા મધુર અને સત્યવાણી છે.

વાણીની શોભા ગુરૂ અને દેવની ભક્તિ છે.

ભક્તિની શોભા સ્વ અને પરનો બોધ છે.

બોધની શોભા સમતા અને શાન્તિ છે.

(૧) વાણી : મનુષ્યની પ્રથમ શોભા વાણીથી છે. આપણે વાણીનો કેવો વ્યર્થ બગાડ કરીએ છીએ ! જો વાણીનો દુરુપયોગ કરીશું તો એવી ગતિમાં (એકેન્દ્રિયમાં) જવું પડશે, જ્યાં વાણી નહીં હોય ! આ પદમાં વાણીથી વર્ણમાતૃકા આવી.

(૨) ભક્તિ : વાણી પણ જો ભક્તિ-રહિત હોય તો વ્યર્થ છે. ભક્તિ એટલે 'નમો' ! નમસ્કારભાવ ! એના વિશેષ અર્થો જાણવા પૂ.પં. ભદ્રંકરવિ. ના પુસ્તકો વાંચી લેવા. 'નમો'ના અર્થોમાં આખી જીંદગી ચાલી જાય તો પણ પૂરા ન થાય. 'નમો'માં ઈચ્છા - સામર્થ્ય અને શાસ્ત્ર - ત્રણેય યોગો રહેલા છે. 'નમો'માં શરણાગતિ, દુષ્કૃતગર્હા, સુકૃત - અનુમોદના - ત્રણેય પૂ.પં. ભદ્રંકરવિ. એ ઘટાડેલા છે. 'નમો'માં સમ્યગ્ દર્શન ભળે તો જ ભાવ નમસ્કાર મળે.

ગણધરો તો અતિ ઉચ્ચ કક્ષાના છે. એમનો તો નમસ્કાર થઈ ગયો, છતાં 'નમો અરિહંતાણં' શા માટે બોલે ? પોતે જ્યાં છે તેથી પણ ઊંચી ભૂમિકા મેળવવા માટે !

'નમો' દ્વારા નવકારમાતા સૂચિત થાય છે. જ્ઞાન વધે તેમ ભક્તિ વધવી જોઈએ.

(૩) સ્વ-પરાત્મ બોધ : આ ભક્તિની શોભા છે.

નવકારના સાધકને સ્વ-પરનું ભેદજ્ઞાન અવશ્ય હોય, આ જ સમ્યગ્ દર્શન છે, એનું બીજ ભક્તિ છે, નમો છે.

લાડુ માટે ત્રણ ચીજ જોઈએ. ગોળ, ઘી અને લોટ ! ત્રણમાંથી એક ચીજ બાકાત રાખીને લાડુ બનાવો ભલા ! ઘી ન રાખો તો કુલર થાય, લોટ ન રાખો તો રાબડી થઈ જાય, પણ લાડુ ન થાય.

જ્ઞાન - દર્શન, ચારિત્ર આ ત્રણ મળે તો જ મોક્ષનો મોદક તૈયાર થાય.

આ ત્રણેય ક્યાંથી મળે ? ત્રણેય દુકાનો બતાવું ?

દેવ પાસે દર્શન, ગુરુ પાસે જ્ઞાન, ધર્મ પાસે ચારિત્ર મળે.

ભક્તિ સાચા અર્થમાં ત્યારે જ બને જ્યારે સ્વ-પર આત્માનો બોધ થાય. બોધ થયા પછી તેની રક્ષા કરવાનું મન થાય.

સ્વ-પરાત્મ બોધથી અષ્ટપ્રવચન માતારૂપ ત્રીજી માતા આવી.

(૪) સમતા-શાન્તિ : આ જ્ઞાનની શોભા છે.

જે ધ્યાન દ્વારા મળે છે. ત્રિપદી દ્વારા ધ્યાન મળે છે. ત્રિપદી ચોથી ધ્યાનમાતા છે.

✧ ✧ ✧ ✧ ✧

'कहे कलापूर्णसूरि' तथा 'कहुं कलापूर्णसूरिए' बंने पुस्तको मळेल छे. पूज्यपाद आचार्य भगवंत विजय कलापूर्णसूरीश्वरजी महाराज साहेबना साधना-जिनभक्ति रसपूर जीवनथी नीतरती साधक वाणी उपलब्ध करावववा बदल धन्यवाद... आनंद... अनुमोदना...

आ शुभ प्रयासो चालु राखवा विनंती...

श्रुतभक्तिमां सुंदर उद्यम करी स्वाध्याय-शील रहो छो ते बदल अभिनंदन...

- आचार्य कलाप्रभसागरसूरि

हैद्राबाद.



પાલીતાણા મેં વાચના, વિ.સં. ૨૦૫૬

ભાદરવા વદ ૮
૦૨-૧૦-૧૯૯૯ : સવાર

પ્રભુના નામો અનંત છે. કારણ કે ગુણો અનંત છે, શક્તિઓ અનંત છે. એકેક નામ એકેક ગુણ અને શક્તિનો પરિચાયક છે.

પૂ. આનંદઘનજી કહે છે :

એમ અનેક અભિધા (નામ) ધરે, અનુભવ-ગમ્ય વિચાર;
જે જાણે તેને કરે, આનંદઘન અવતાર.

◆ જીભ આપણી વિચિત્ર છે, એને ખાવા મીઠું જોઈએ, પણ બોલવા કડવું જોઈએ. સુભાષિતકાર કહે છે :

'शोभा नराणां प्रियसत्यवाणी'

મનુષ્યની શોભા રૂપ કે ઘરેણાથી નહીં, સત્ય અને મધુર વાણીથી છે.

કોઈપણ માણસ વાણીથી ઓળખાય. ઈન્દ્રભૂતિએ ભગવાન મહાવીરસ્વામીને શી રીતે પિછાણ્યા ? વાણીથી.

પ્રિય અને સત્ય વાણી બોલવી તે એક પ્રકારની સરસ્વતીની આરાધના છે. કડવી અને અસત્ય વાણી બોલવી

તે સરસ્વતીનું અપમાન છે.

વાણીના ચાર પ્રકાર :

વૈખરી : આપણે ઉચ્ચાર કરીએ છીએ તે.

વૈખરી વાણી આમ સ્થૂલ કહેવાય, પણ બીજી અપેક્ષાએ બધી વાણીનું એ મૂળ છે. એનાથી સાધનાનો પ્રારંભ થઈ શકે. પ્રભુના સ્તોત્રો, નવકાર વગેરે ઉચ્ચારણપૂર્વક બોલો. આ વૈખરી વાણી થઈ. એની સહાયતાથી તમે ધીરે ધીરે આગળ વધી શકો.

સ્તોત્રપૂર્વક જો તમે જાપ કરશો તો મન એકદમ એકાગ્ર બની જશે. પૂજા કર્યા પછી સ્તોત્રમાં, સ્તોત્ર કર્યા પછી જાપમાં, જાપ પછી ધ્યાનમાં અને ધ્યાન પછી લયમાં તમે સરળતાથી જઈ શકશો.

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः ।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः ॥

આ શ્લોક આ જ વાત જણાવે છે. આ શ્લોકના રચયિતા બપ્પભટ્ટસૂરિજી છે.

◆ એક શ્રાવિકા પણ પ્રભુભક્તિથી સમાપત્તિની કક્ષાની ભક્તિથી કેવો અપૂર્વ આત્મવિશ્વાસ ધરાવે છે ? તે જાણવા જેવું છે. આખી ઉજ્જૈનનગરી શત્રુ-સૈન્યની કલ્પનાથી ભયભીત હતી. મયણા તે વખતે પણ નિર્ભય હતી. સાસુએ પૂછેલા સવાલના જવાબમાં તેણે કહ્યું : આજે પ્રભુ-ભક્તિ સમયે થયેલા અપૂર્વ આનંદથી હું ખાતરીપૂર્વક કહી શકું છું કે આજે તમારો પુત્ર (શ્રીપાળ) મળશે. અને ખરેખર એવું જ થયું.

◆ **જે વાણીથી તમે પ્રભુ-ગુણ ગાયા, સ્તોત્રો બોલ્યા, નવકાર બોલ્યા એ વાણીથી હવે તમે કડવું બોલશો ? ગાળો બોલશો ? જો જો. મા શારદા રીસાઈ ન જાય ! શારદાનો ગમે તેટલો જાપકરો, પણ વાણીની કડવાશ નહિ છોડો તો શારદા નહીં રીઝે. અપમાન થતું હોય ત્યાં કોણ આવે ?**

◆ **આપણે બધું પછી ઉપર રાખીએ છીએ. પણ અનુભવીઓ કહે છે કે આ ભવમાં, અહીં જ, અત્યારે જ**

તમારે જે જોઈએ છે તે મેળવો. મોક્ષ પણ અહીં જ મેળવો. જે અહીં મોક્ષનું સુખ નહિ મેળવી શકે તે પરલોકનો મોક્ષ નહિ મેળવી શકે. આપણે પરલોકની આશામાં બેઠા છીએ : મુક્તિ ત્યાં મળશે. પણ અનુભવીઓ કહે છે : પહેલા અહીં મોક્ષ પછી ત્યાં મોક્ષ. અહીં નહિં તો ત્યાં પણ નહિ.

◆ હું દીક્ષા લેવા તૈયાર થયો ત્યારે ઘરના અમુક વડીલો કહેતા : અક્ષય ! તમે તો મહાન શ્રાવક આનંદ અને કામદેવથી પણ વધ્યા. તેમણે પણ દીક્ષા નહોતી લીધી, તમે લેવા તૈયાર થયા છો. એવા તમે કયા મોટા ? ઘેર રહી સાધના નથી થતી ?

શાસ્ત્રીય વાતનો પણ માણસ કેવો દુરુપયોગ કરે છે ? શાસ્ત્રમાંથી પણ પોતાને અનુકૂળ તર્ક માણસ કઈ રીતે શોધી કાઢે છે ? તેનો આ નમૂનો છે.

◆ શશીકાન્તભાઈ : આપની સાથે મોક્ષમાં જવાનો સંકલ્પ છે.

ઉત્તર : સાથે શા માટે ? મારાથી પણ પહેલા જાવ. પૂ. હેમચન્દ્રસૂરિજીએ કુમારપાળને પોતાનાથી પહેલાં મોક્ષમાં મોકલ્યા.

પણ, મોક્ષ વખતે જ સાથ કેમ ઈચ્છો છો ? અત્યારે જ સાથ લઈ લો ને ? કોણ ના પાડે છે ?

સાધુતા વિના સિદ્ધિ નથી એ તો જાણો છો ને ? સાધુ બન્યા વિના સિદ્ધ શી રીતે બનાશે ?

◆ આરાધના - સાધના સારી થઈ છે, તે શી રીતે જાણી શકાય ? મનની પ્રસન્નતાથી. પ્રસન્નતા વધે તે સાચી સાધના.

◆ પૂ.પં. ભદ્રંકરવિ. ને 'ધ્યાનવિચાર' નામનો અલભ્ય ગ્રંથ સ્વજન્મભૂમિ પાટણમાં જ મળ્યો. પૂ.પં. ભદ્રંકરવિ., અમૃતભાઈ કાળીદાસ વગેરેએ સાથે મળીને તે 'નમસ્કાર સ્વાધ્યાય' ગ્રંથમાં પ્રકાશિત કર્યો.

'ધ્યાનવિચાર' ગ્રંથ પ્રકાશિત કરીને પૂ.પં. મ.સા.એ ખૂબ જ ઉપકાર કર્યો છે.

'**जप रहस्य**' નામનું અજૈન સંન્યાસી પ્રત્યેકાનંદસ્વામી રચિત પુસ્તક પં. ભદ્રંકરવિ. એ મને આપેલું. જૈનેતરોએ પણ જપયોગ અંગે ઘણું લખ્યું છે. ઘણા રહસ્યો બતાવ્યા છે. તે એ પુસ્તકથી સમજાય છે.

◆ વર્ણમાતા : જ્ઞાનની જનની
નવકાર માતા : પુણ્યની જનની
અષ્ટપ્રવચન માતા : ધર્મની જનની
ત્રિપદી માતા : ધ્યાનની જનની છે.

ચારે ય માતા મળીને આપણને પરમાત્માના ખોળામાં મૂકી દે.

માતાએ તૈયાર કરીને તમને પિતાને સોંપ્યા,
પિતાએ શિક્ષકને સોંપ્યા, પછી ગુરુને સોંપ્યા,
ગુરુએ ભગવાનને ને ભગવાને સર્વજીવોને સોંપ્યા.

આમ તમે અખિલ બ્રહ્માંડ સાથે જોડાયા, તેના મૂળમાં માતા છે.

✧ ✧ ✧ ✧ ✧

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તક ખૂબ જ પરિશ્રમપૂર્વક તૈયાર કર્યું છે. ખૂબ-ખૂબ ધન્યવાદ.

પુસ્તકમાં આપેલા ખૂબ જ હૃદય-દ્રાવક પ્રસંગો ભલભલાને રડાવી દે તેવા છે.

- પં. ચન્દ્રજિત્‌વિજય
ચેન્નઈ

✧ ✧ ✧ ✧ ✧

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તક બે દિવસમાં પૂરું કર્યું. કમાલ કરી છે આપે.

પરિસ્થિતિ બહુ વિકટ થઈ છે.

- કાન્તિલાલ ધેલાભાઈ, લાકડીઆ
દાદર, મુંબઈ



પદવી-પ્રસંગ, પાલીતાણા, વિ.સં. ૨૦૫૭, માગ. સુ.૫

ભાદરવા વદ ૮
૦૨-૧૦-૧૯૯૯ : બપોર

◆ અનંતકાળના ભ્રમણમાં આવા વીતરાગ ભગવાન કદી મળ્યા નથી. મળ્યા છે તો શ્રદ્ધા કરી નથી, ભક્તિ કરી નથી, ભક્તિની પરાકાષ્ઠાએ નથી પહોંચ્યા, એ વાત નક્કી છે.

ભગવાન તો નિર્વાણ પામ્યા. તો મળ્યા શી રીતે કહેવાય ? એમની વાણી દ્વારા, એમની મૂર્તિ દ્વારા, અત્યારે ભગવાન આપણને મળ્યા છે. જેમ પત્ર દ્વારા કોઈ પ્રિય વ્યક્તિ મળે તેમ.

આગમ ભગવાનનો પત્ર છે. એમણે એ પત્ર ગણધરો પાસેથી લખાવ્યો છે.

પુષ્કરાવર્ત મેઘની જેમ ભગવાન વરસ્યા છે. ભગવાને ફૂલોનો વરસાદ વરસાવ્યો છે. ગણધરોએ એની માળા ગુંથી છે. એ માળા તે જ આગમ !

પત્ર ભલે ટપાલીએ આપ્યો, પણ છે કોનો ? પ્રેમ ટપાલી પર નહીં, પત્ર લખનાર પર થાય. અમે તો ટપાલી છીએ.

શશીકાન્તભાઈ : અમને તો ટપાલી પર પ્રેમ છે.

ઉત્તર : અમે એવા ટપાલી છીએ કે લાવીએ ખરા, પણ પહોંચાડી નથી શકતા.

◆ ભાવાવેશ અને ધ્યાનાવેશમાં સ્થળ + કાળ ભૂલાઈ જાય છે. તમને અહીં તમારું ગામ, તારીખ વગેરે કાંઈ યાદ આવે છે ?

ભાવાવેશ અને ધ્યાનાવેશ ભક્તિથી મળે છે.

'ભગવન્' ! આપ કેમ ઢીલ કરો છો આપવામાં ? હું ઉતાવળો છું. તમે ધીમા છો. આમ કેમ ચાલશે ?' એમ ભક્ત કહે છે.

◆ ભગવાનના આગમો વાંચો અને તમને ભગવાન પર પ્રેમ ન જાગે એવું ન બને.

◆ ગુરુમાં ભગવદ્ બુદ્ધિ જાગે તેને ભગવાન જલ્દી મળે. પંચસૂત્ર-૪માં

'गुरुबहुमाणो मोक्खो' લખ્યું છે.'

'गुरुभक्तिप्रभावेन तीर्थंकृद्दर्शनं मतम्' ॥

એમ યોગદષ્ટિ સમુચ્ચયમાં હરિભદ્રસૂરિજીએ કહ્યું છે.

◆ સાંભળતાની સાથે જ યાદ કેમ ન રહે ? રસ અને એકાગ્રતાપૂર્વક સાંભળો તો યાદ રહે. અમેરિકા કે યુરોપ ફોન જોડ્યો હોય, કોઈ મહત્ત્વના સમાચાર હોય તો યાદ રહે કે નહિ ? એટલી જ લગનીથી અહીં સાંભળો તો ?

યક્ષા, યક્ષદત્તા વગેરે સ્થૂલિભદ્રની સાત બહેનો ક્રમશઃ એક, બે વાર સાંભળીને યાદ રાખી લેતી હતી, સાતમી બેન સાત વાર સાંભળે ને યાદ રહી જાય. મોટી બેન એકવાર સાંભળે ને યાદ રહી જાય.

સાંભળીને યાદ રાખવાની પરંપરા ભગવાન મહાવીર પછી વર્ષો સુધી ચાલતી રહેલી.

બુદ્ધિ ઘટી એટલે પુસ્તકોમાં બધું લખાયું. વધતા જતા પુસ્તકો, વધતી જતી બુદ્ધિની નિશાની નથી, પરંતુ ઘટતી જતી બુદ્ધિની નિશાની છે, એમ માનજો.

અહીં તમારે એ રીતે યાદ રાખવાનું છે.

◆ જેના પર તમને બહુમાન થયું એ વસ્તુ તમારી થઈ ગઈ.

ગુરુ પર બહુમાન તો ગુરુ તમારા.

ભગવાન પર બહુમાન તો ભગવાન તમારા.

ભલે ભગવાન કે ગુરુ ગમે તેટલા દૂર હોય, પણ બહુમાન નજીક લાવી આપે છે. ભગવાન કે ગુરુ ગમે તેટલા નજીક હોય, પણ બહુમાન ન હોય તો તેઓ આપણાથી દૂર જ છે.

◆ અમારા જમાનામાં ૧૦ આને કિલ્લો ચોકખું ઘી મળતું. આજે ડાલડા ઘી પણ ન મળે. શુદ્ધ ઘી આયુષ્યનું કારણ કહેલું છે. 'ઘૃતમાયુઃ' એ આયુર્વેદનું પ્રસિદ્ધ વચન છે.

ઘી જ આયુષ્ય છે, એટલે કે આયુષ્યનું કારણ છે. કારણમાં અહીં કાર્યનો ઉપચાર થયો છે, તેમ ગુરૂ પરનો વિનય (બહુમાન) મોક્ષ છે એમ પંચસૂત્રમાં કહ્યું છે.

◆ ચામડાની આંખ ઉપર છત જુએ, બહુ-બહુ તો સૂર્ય-ચન્દ્ર અને તારા જુએ, પણ શ્રુતચક્ષુ - શ્રદ્ધાચક્ષુ તો, ઉપર સિદ્ધશિલા જુએ.

◆ दूरस्थोऽपि समीपस्थो,यो यस्य हृदये स्थितः ।
समीपस्थोऽपि दूरस्थो, यो न यस्य हृदि स्थितः ॥

ગોશાળો ભગવાનની નજીક હતો, સામે ચડીને શિષ્ય તરીકે રહ્યો હતો, છતાં દૂર જ હતો. કારણ બહુમાન ન્હોતું. સુલસા, ચંદના વગેરે દૂર હતા. નિર્વાણ-સમયે ગૌતમ સ્વામી દૂર હતા, છતાં નજીક કહેવાય. કારણ કે હૃદયમાં બહુમાન હતું.

ટ્રીન... ટ્રીન... ટ્રીન... ઘંટડી વારંવાર વાગે એટલે ફોન તમારે ઉપાડવો જ પડે. 'નમો અરિહંતાણં... નમો અરિહંતાણં' રૂપી ઘંટડી સતત વગાડતા જ રહો. ભગવાન આપણો ફોન ક્યારેક તો ઉપાડશે જ. હા... એ માટે અપાર ધૈર્ય જોઈએ.

(બધાને નવ લાખ જાપ માટે રોજ પાંચ બાંધી નવકારવાળીની બાધા અપાઈ)

તમારે ત્યાં બે-ચાર વાર ઘંટડી વગે ને તમે ફોન ઉપાડો

છો. નવલાખ વાર તમારી ઘંટડી પ્રભુના દરબારમાં વાગશે તો ભગવાન તમારો ફોન નહિ ઉપાડે ?

પ્રશ્ન : વચ્ચે આયુષ્ય પૂરું થઈ ગયું તો ?

ઉત્તર : નવલાખની તમારી બાધા નહિ ભાંગે. આગામી ભવમાં તમને એવો જન્મ મળશે જ્યાં જન્મતાંની સાથે જ નવકાર મળશે. નવકાર ભવાંતરમાં પણ સાથે ચાલશે.

◆ સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવનગુરુ, જાણું તુમ ગુણ ગ્રામજી;
બીજું કાંઈ ન માંગું સ્વામી, એહિ જ છે મુજ કામજી.

'ભગવન્ ! ઓ ત્રણ લોકના નાથ ! તમારા ગુણોનો વૈભવ હું જાણું છું. બીજું કાંઈ માંગતો નથી. બસ, આ ગુણો જ મારે જોઈએ છે. આનાથી જ મારે કામ છે.'

પૂ. દેવચન્દ્રજી મ.ની આ પ્રાર્થના, આપણી પ્રાર્થના બની જાય તો કેટલું સારું ?

તારો હું પ્રેષ્ય, દાસ, સેવક, કિંકર છું. આપ માત્ર 'હા' પાડો એટલે પત્યું. પૂ. હેમચન્દ્રસૂરિજીની આ પ્રાર્થના ભગવાનનો ખરો ભક્ત કેવો હોય તે જણાવે છે.

પ્રશ્ન : કોઈક સ્થળે આઠ કોડ, આઠ લાખ, આઠ હજાર, આઠસો આઠ નવકાર ગણીએ તો ત્રીજે ભવે મોક્ષ મળે. કોઈક સ્થળે નવકારના આંકડા જુદા જુદા આવે છે. આમાં સાચું શું ?

ઉત્તર : જેટલો જેનો ખોરાક હોય તેટલો તેને અપાય. કોઈકનો ખોરાક દસ રોટલી હોય તો કોઈકનો બે રોટલી. મૂળ વાત પેટ ભરવાની છે. મૂળ વાત તૃપ્તિની છે. જેટલા નવકારથી તમારું કલ્યાણ થાય તે બધા જ સ્વીકાર્ય. આમાં સંખ્યાનો કોઈ આગ્રહ નથી.

એકાદ નવકારથી પેલો સાપ ધરણેન્દ્ર બની ગયો હતો. ક્યાં નવ લાખ નવકાર એ ગણવા ગયેલો ?

બધાની કક્ષા અલગ-અલગ, તેમ તેના માટે નવકારની સંખ્યા પણ અલગ-અલગ !

✧ ✧ ✧ ✧ ✧



પદવી-પ્રસંગ, પાલીતાણા, વિ.સં. ૨૦૫૭, માગ. સુ. ૫

ભાદરવા વદ ૯
૦૩-૧૦-૧૯૯૯ : સવાર

◆ માતા-પિતા તરફથી આપણને સહજ રીતે જ કેટલાક સંસ્કારો એવા મળ્યા છે કે, જે કદી ભૂંસાઈ શકે નહીં. જૈન કુળમાં જન્મેલો સ્વાભાવિક રીતે જ શિકાર, માંસ, મદ્ય આદિથી દૂર રહે, એ સહજ લાભ છે. જો આપણે કોઈ માંસાહારી કુળમાં જન્મ્યા હોત તો ? જરા કલ્પના તો કરી જુઓ !

સર્વ પ્રથમ માતા-પિતાએ આપણને સ્કૂલમાં મોકલ્યા, ત્યાં આપણને પહેલી માતા મળી, વર્ણમાતા ! અ થી હ સુધીના અક્ષરો વર્ણમાતા છે.

આ વર્ણમાતાને ગણધરો પણ નમે છે. ભગવતી સૂત્રના પ્રારંભમાં આ વર્ણમાતાને **'नमो बंभीए लिवीए'** કહીને ગણધરો દ્વારા નમસ્કાર કરવામાં આવ્યો છે.

બ્રાહ્મી લિપિના આદ્યપ્રણેતા ભગવાન શ્રી ઋષભદેવ છે. લિપિ ભલે ભગવાને પ્રગટ કરી, પણ અક્ષરો તો શાશ્વત જ છે.

'न क्षरति इति अक्षरम्' એવી અક્ષરોની વ્યાખ્યા કરવામાં આવી છે. એટલે કે અક્ષરો અનાદિકાળથી છે, અનંતકાળ સુધી રહેવાના છે.

ભગવાને માત્ર ભૂલાઈ ગયેલી આ વાતને પ્રગટ કરી. ભગવાન ઋષભદેવ આ જગતના સૌથી પહેલા શિક્ષક છે.

જો એમણે સભ્યતા, શિક્ષણ અને સંસ્કૃતિની સ્થાપના ન કરી હોત તો માનવ-જાત આજે જંગલી હોત ! માનવને સભ્ય બનાવનાર આદિનાથજી હતા.

અક્ષરોમાંથી જ બધું જ્ઞાન ઉત્પન્ન થાય છે. કોઈ પણ ધર્મશાસ્ત્ર, કોઈ પણ ધર્મદેશના કે કોઈ પણ પ્રકારનું પુસ્તક આ અક્ષરોના માધ્યમથી જ પ્રગટ થાય છે. માટે જ વર્ણમાલાને જ્ઞાનની માતા કહી છે.

વર્ણમાતાની ઉપાસના કરનારો જ નવકારમાતાને મેળવી શકે, ગણી શકે, પામી શકે.

નવકારમાતાની ઉપાસના કરનારો જ અષ્ટપ્રવચન રૂપ ત્રીજી ધર્મમાતાને મેળવી શકે.

ધર્મમાતાને મેળવનારો જ ત્રિપદીરૂપ ચોથી ધ્યાનમાતાને મેળવી શકે.

માટે **'शोभा नराणां...'** એ શ્લોકમાં ચાર માતાનો આ ક્રમ બતાવ્યો છે.

તીર્થંકરો પણ કેવળજ્ઞાન પામ્યા પછી કેવળજ્ઞાન દ્વારા ધર્મદેશના નથી આપતા, શ્રુતજ્ઞાનરૂપ આ વર્ણમાતાથી ધર્મ-દેશના આપે છે. હું કે તમે જે બોલો છો તે વર્ણમાતાનો પ્રભાવ છે.

◆ **ક્રોધના જય વિના, ઉપશમની પ્રાપ્તિ વિના ચોથી ધ્યાનમાતા મળી શકે નહિ. પરમાત્માનો અનુગ્રહ હશે કે અમારી માતાનું નામ જ ક્ષમા હતું. માત્ર નામ જ નહિ, મૂર્તિમંત ક્ષમા જ હતા. કદિ મેં એમનામાં ગુસ્સો જોયો નથી.**

નામ પ્રમાણે ગુણો ન આવે તો માત્ર આપણે નામધારી છીએ, ગુણધારી નહિ.

◆ પ્રથમ માતાની (વર્ણમાતાની) ઉપાસના માટે

હેમચન્દ્રસૂરિએ યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં ધ્યાનવિધિ બતાવી છે.

નાભિમાં ૧૬ પાંખડીવાળું કમળ, અ થી અઃ સુધીના અક્ષરો ત્યાં સ્થાપવા.

હૃદયમાં ૨૪ (વચ્ચે કર્ણિકા સહિત) પાંખડીવાળું કમળ, ક થી મ સુધીના અક્ષરો ત્યાં સ્થાપવા. વચ્ચેની કર્ણિકામાં 'મ'ની સ્થાપના કરવી.

મુખ પર ૮ પાંખડીવાળું કમળ, ય થી હ સુધીના અક્ષરો ત્યાં સ્થાપવા. આમ ધ્યાન ધરવાનું છે.

પછી સોના જેવા ચળકતા અક્ષરો તમને ફરતા દેખાશે.

◆ બાળક જેવું છે મન - એને રખડવું બહુ ગમે. એવા મનને કહી દેવું. તારે રખડવું હોય તો આ ત્રણમાં જ રખડજે.

(૧) વર્ણ : પ્રભુના નામમાં રમજે.

(૨) અર્થ : પ્રભુના ગુણમાં રમજે.

(૩) આલંબન : પ્રભુની મૂર્તિમાં રમજે.

આ ત્રણને ચૈત્યવંદન ભાષ્યમાં આલંબનત્રિક કહેવાયું છે.

◆ નવકાર ગણનારને પૂછું છું : આનાથી તમને ગુરુ પર બહુમાન વધ્યું ? ગુરુ દ્વારા તમને ભગવાન પર પ્રેમ વધ્યો ?

◆ બે પ્રકારની ઉપાસના :

(૧) ઐશ્વર્યોપાસના : પ્રભુના ઐશ્વર્યનું અને ગુણોનું ચિંતન. જ્ઞાનાતિશયાદિ ચાર અતિશયો, અષ્ટપ્રાતિહાર્યાદિનું ચિંતન.

કોઈ મોટા શેઠ કે નેતા સાથે સંબંધ બાંધવાનું તમને ગમે ને ? પણ ભગવાનથી મોટા ઐશ્વર્યવાળા બીજા કોણ છે ? તો પછી પ્રભુ સાથે જ સંબંધ બાંધોને ?

પ્રભુ સાથે મધુર સંબંધ બાંધવા જેવો નથી ?

(૨) માધુર્યોપાસના : પ્રભુ સાથે મધુર સંબંધ બાંધવો એ જ માધુર્યોપાસના !

◆ અરવિંદ મિલનું કાપડ ક્યાંથી પણ લો, એ જ હશે ! સારું - શ્રેષ્ઠ ક્યાંયથી પણ મળે, એ પ્રભુનું જ છે. ચાહે એ કોઈપણ દર્શનમાં હોય !

◆ **ઘણીવાર મને થાય : આ બધા વક્તાઓની સામે**

મારે શું બોલવું ? બધો માલ ખૂટી ગયો. ભગવાન પાસે જઈને પોકારું ! ભગવાન પાસે પ્રાર્થના કરતાં જ બધું જૂનું પૂ.પં. ભદ્રંકરવિજયજી પાસેથી સાંભળેલું યાદ આવી જાય. આજે જ ઘણું બધું યાદ આવી ગયું.

હું અહીં સૂત્રાત્મક બોલવા પ્રયત્ન કરું છું. કારણ કે અહીં ઘણા એવા વિદ્વાન વક્તા, મુનિઓ, સાધ્વીઓ બેઠેલા છે જે ઘણાને પહોંચાડી શકશે.

'लोकोत्तमो निष्प्रतिमस्त्वमेव त्वं शाश्वतं मङ्गलमप्यधीश ।
त्वामेकमर्हन् शरणं प्रपद्ये, सिद्धर्षिसद्धर्ममयस्त्वमेव ॥

અરિહંત લોકોત્તમ છે, અપ્રતિમ છે.

સિદ્ધો પણ કહે : ના ભઈ, અમને મુખ્ય નહિ બનાવતા. અમને અહીં પહોંચાડનાર અરિહંતો છે. અમારામાં લોકોત્તમતા અરિહંતના કારણે આવી છે.

चत्तारि लोगुत्तमा માં ભલે સિદ્ધોનું સ્થાન છે, પણ એ ચારેયમાં મુખ્ય તો અરિહંત જ ને ? સિદ્ધચક્રમાં, નવપદમાં કે બીજે બધે જ અરિહંત જ મુખ્ય છે.

ઈંડું પહેલાં કે મરઘી ? (આવો પ્રશ્ન ભગવતીમાં છે) ભગવાન કહે છે : બંને અનાદિથી છે કોઈ પહેલું નહિ, કોઈ પછીનું નહિ.

તેમ અરિહંત અને સિદ્ધ પણ અનાદિથી છે.

लोको... માં ચોથી પંક્તિ રહસ્યપૂર્ણ છે : **'सिद्धर्षिसद्धर्ममयस्त्वमेव'** બાકીના ત્રણ મંગળ (સિદ્ધ + ઋષિ + ધર્મ) આપ જ છો. **'चत्तारि लोगुत्तमा'** માં અરિહંત સિવાયના બાકીના ત્રણ લોકોત્તમો આમાં આવી ગયાને ?

◆ ભગવાન સાથે સંબંધ બાંધવાની કળાથી માધુર્યોપાસના થશે. દુનિયા સાથે સંબંધ બાંધતાં શીખ્યા છીએ, પણ ભગવાન સાથે નહિ.

त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः ।
प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं गतिर्मतिः ॥

બીજાને કહેવા માટે આ બધું યાદ નહિ રાખતા, પણ ભગવાનને માતા-પિતા-નેતા, દેવ વગેરે ગણીને તેમની સાથે

તમે સ્વયં સંબંધ બાંધજો. આ બધું જીવનમાં ઉતારજો.

◆ તમને ભગવાન પર વિશ્વાસ નથી ? મને છે.

મને તો વિશ્વાસ છે કે ભગવાન મારું બધું સંભાળી લેશે. એ જ બધું બોલાવશે. બાકી મારી પાસે પુસ્તક જોવાનો ક્યાં સમય છે ? જ્યાં પાંચ મિનિટ મળે કે માણસો હાજર. આવા મળનારાઓને હું શી રીતે નારાજ કરી શકું ? મૈત્રીની વાતો કરનારો હું અહીં મૈત્રી ન રાખું ? ખાલી બોલું જ ?

૧. **उपयोगो लक्षणम्** - જ્ઞાનમાતા માટે વર્ણમાળા

૨. **परस्परोपग्रहो जीवानाम्** - પુણ્યમાતા માટે નવકાર

૩. **गुणपर्यायवद् द्रव्यम्** - ધર્મમાતા માટે અષ્ટપ્રવચનમાતા

૪. **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्** - ધ્યાનમાતા માટે ત્રિપદી.

તત્ત્વાર્થના આ ચારેય સૂત્રો, ચારેય માતાઓને દૃઢ બનાવનારા છે.

પૂ.પં. ભદ્રંકરવિ. નો છેલ્લો પત્ર પિંડવાડાથી આવેલો, એમાં લખેલું : અસહ્ય વેદનાથી બીજું બધું ભૂલાઈ જાય છે, પણ '**उपयोगो लक्षणम्**' નું ચિંતન ચાલુ છે. એ પત્ર સંભાળીને રાખેલો છે. આજે પણ અમારી પાસે છે.

પૂ.પં. ભદ્રંકરવિ. કહેતા : તમે મારા ઉપકારી છો. નહિ તો હું કોને આ બધું કહેત ?

ભગવાન કહે છે : જીવો બધા મારા ઉપકારી છે, નહિ તો હું કોના પર કરૂણા ભાવના ભાવત ? કોની સાથે એકતા કરત ?

ઘણી ભીડ થઈ જાય, હું અકળાઈ જાઉં ત્યારે, પં. ભદ્રંકર વિ.મ. યાદ આવે.

વજ્રસેનવિ. કોઈક દર્શનાર્થીને રવાના કરે, (સાહેબજીને તકલીફ ન પડે એ આશયથી)ને એમને ખબર પડે તો ઉધડો લઈ લે. રવાનો કર્યો કેમ ? આવી અમૈત્રી ? ભગવાને એમને અહીં મોકલ્યા અને તું તેમને અહીંથી બહાર ધકેલે છે ?

આ યાદ આવી જાય ને હું તરત જ તૈયાર થઈ જાઉં. શારીરિક સ્થિતિને ગૌણ કરીને પણ હજાર-હજાર માણસને મેં અહીં વાસક્ષેપ નાખ્યો છે.

✧ ✧ ✧ ✧ ✧



પદવી-પ્રસંગ, પાલીતાણા, વિ.સં. ૨૦૫૭, માર્ગ. સુ. ૫

ભાદરવા વદ ૯
૦૩-૧૦-૧૯૯૯ : બપોર

◆ ત્રીજી ધર્મમાતાના ખોળામાં તમે બેસી ગયા છો. દેશવિરતિ તો ખરીને ? એટલા અંશે તમે બેસી ગયા, ધર્મમાતા પાસેથી જ ચોથી ધ્યાનમાતા પાસે જવાય.

આજે જ ભગવતીમાં વાંચ્યું, અવિરતિ એટલે શું ? ઈચ્છાનો નિરોધ ન કરવો તે અવિરતિ.

◆ જીવોની ઉપેક્ષા કરી તે નિર્દયતા કહેવાય.

જીવોની અપેક્ષા કરી તે કોમળતા કહેવાય.

જીવોની અપેક્ષા તે જ વિરતિ છે.

કોઈ આપણા પ્રાણ લેવા આવે. પિસ્તોલ બતાવે ત્યારે આપણા ભાવ કેવા હોય ? કેટલો ભય વ્યાપી જાય ? આખું અંગ કંપી ઉઠે !

આવા વખતે કોઈ અભયદાન આપે તો કેવું લાગે ? આપણાથી ભયભીત જીવોને અભયદાન આપીએ છીએ ત્યારે તેઓને આટલો આનંદ થાય છે.

અવિરત સમ્યગ્ દૃષ્ટિ જીવ પાપમાં કદાચ પ્રવૃત્તિ કરે તો

કેવી રીતે ? તપેલા લોખંડ પર ચાલવું પડે તો તમે કેવી રીતે ચાલો ? બસ, એ જ રીતે અવિરત સમ્યગ્ દૃષ્ટિ પાપ પ્રવૃત્તિ કરે.

સૌથી વધુ દુઃખી કોણ ?

ભગવતીમાં પ્રશ્ન છે.

જવાબમાં નરક કે નિગોદના જીવો નહિ, પણ અવિરત સમ્યગ્ દૃષ્ટિ જીવો કહ્યાં છે. તેઓ પોતાના દુઃખે દુઃખી નહિ, પણ બીજાના દુઃખે દુઃખી હોય છે. પોતાના દુઃખે તો આખી દુનિયા દુઃખી છે.

બીજાનું દુઃખ પોતાનું લાગે ત્યારે સમજવું : સમ્યગ્ દર્શન આવ્યું છે.

અહીંના જીવોની ઉપેક્ષા કરીને આપણે કઈ મૂડી પર સિદ્ધશિલાની અપેક્ષા રાખીએ છીએ ?

◆ **પ્રશ્ન** : ભગવાનની આટલી ઉત્તમ જીવન-શૈલી હોવા છતાં જગતના જીવો કેમ સ્વીકારતા નથી ?

ઉત્તર : જેલમાં રહેનારાઓને પૂછો.

હજારોને મંત્રમુગ્ધ કરી દેતા પ્રવચનો આપવા છતાંય આપણે સ્વયં સ્વીકારી શકતા નથી. તો પછી બીજાની શી વાત કરવી ?

ચારિત્રાવરણીય કર્મ અંદર બેઠું છે. એ આ સ્વીકારવા દેતું નથી.

પૂ.પં. ભદ્રંકરવિ. મળ્યા છતાં કેમ તમે અહીં ન આવી શક્યા ? વિચારજો.

મને પણ આવા પ્રશ્નો, દીક્ષા પહેલા ૩-૪ વર્ષ નડેલા. પણ તમને ઠીક કહું છું : તમારા જેવા દુઃખો-પરિષહો - અહીં નથી.

જેલમાં તો દુઃખો જ હોય ને !

◆ વીતરાગ સ્તોત્રના પ્રથમ પ્રકાશમાં 'भवेयं तस्य किंकरः' કહ્યું, ૨૦મા પ્રકાશમાં 'तव प्रेष्योऽस्मि'કહ્યું. અહીં દાસભાવ પરાકાષ્ઠાએ પામેલો જણાય છે.

(૧) પ્રેષ્ય :

स्वामिना यत्र प्रेष्यते तत्र यः गच्छति, स प्रेष्यः ।

સ્વામી જ્યાં મોકલે ત્યાં જાય તે પ્રેષ્ય કહેવાય.

પ્રેષ્ય, દાસ, સેવક, કિંકર આ ચારેયના અર્થમાં ફરક છે.

તમે તૈયાર ખરા ? મહાવિદેહ માટે તૈયાર થઈ જાવ, પણ નરક માટે તૈયાર થાવ ? કદાચ ભગવાન ત્યાં જવાનો આદેશ આપે.

પ્રભુના પ્રેષ્ય બનવા માટે મનની આવી ભૂમિકા હોવી જોઈએ : સ્વામી જ્યાં મોકલે ત્યાં જવા તૈયાર છું.

ગુરુએ આદેશ આપતાં સાપને પકડવાં જતાં શિષ્યને ખૂંધ સીધી થઈ ગઈ. પછી ગુરુએ અટકાવી દીધો.

आज्ञा गुरूणामविचारणीया । અજૈનોમાં વાત આવે છે :

રાત્રે નાગદેવતા શિષ્યનું ખૂન લેવા આવે છે. ગુરુએ આ જાણી લીધું.

છરી લઈ છાતી પર ચડીને ખૂન કાઢીને નાગદેવતાને પીવડાવ્યું. નાગદેવતા જતા રહ્યા.

સવારે શિષ્યને પૂછ્યું : તને કયો ભાવ પેદા થયો, જ્યારે હું તારી છાતી પર ચડી બેઠો હતો ?

'આપ મારા ગુરુ છો, યોગ્ય લાગે તે કરી શકો છો' શિષ્યે જવાબ આપ્યો. પછી ગુરુએ આત્મસાક્ષાત્કારની વિદ્યા આપી. આવી ભૂમિકા આપણી ખરી ?

(૨) દાસ : જૂના જમાનામાં દાસ-દાસી તરીકે માણસો વેંચાતા.

ચંદનાનું ઉદાહરણ પ્રસિદ્ધ છે.

ખરીદીને જ લીધેલો હોય તે 'દાસ' કહેવાય. આજની ભાષામાં ગુલામ. **क्रयक्रीतः दासः** । એના શરીર પર નિશાની કરવામાં આવે. જીવનભર એ દાસપણું કરે.

ઉત્તમ દાસ = **सम्यक् सेवायां निपुणः** । કયા ટાઈમે સ્વામીને શું જોઈએ ? તે સ્વામીને કહેવું ન પડે.

દુનિયાના દાસ ઘણીવાર બન્યા છીએ, પ્રભુના દાસ કદી નથી બન્યા. પ્રભુનો દાસ બને તેની દાસ દુનિયા બને.

ભગવાનનો દાસ ન બને તેને દુનિયાના દાસ બનવું પડે.

(૩) સેવક : **सेवते इति सेवकः** । સેવા કરે તે સેવક. પ્રભુ ચરણની સેવા શી રીતે થઈ શકે ? ચંદનાદિથી પૂજા કરવી તે દ્રવ્ય સેવા છે. આજ્ઞાપાલન, વિરતિનો સ્વીકાર તે ભાવ સેવા છે. 'ચરણ'નો બીજો અર્થ ચારિત્ર થાય છે. ચારિત્રનું સેવન કરવું તે પણ ચરણ-સેવા કહેવાય.

'આજ મારા પ્રભુજી સામું જુઓને, સેવક કહીને બોલાવો રે'

આ સ્તવનમાં જ્ઞાનવિમલસૂરિજીએ આ જ ભાવ દર્શાવ્યો છે.

(૪) **किंकरः किं करोमि ? आदिशतु भवान् । (इति यः स्वामिनं पृच्छति स किंकरः ।)** પ્રેષ્ય આદિ બધા કરતાં કિંકરપણું કઠણ છે. ભગવન્ ! હવે શું કરું ? આદેશ આપો. આવો ભાવ જેનામાં હોય તે કિંકર છે, ભગવાનનો આદેશ - આજ્ઞા આગમોમાં જણાવેલા છે. તદનુસાર જીવન જીવે અથવા જીવવાનો પ્રયત્ન કરે તે 'કિંકર' કહેવાય.

✧ ✧ ✧ ✧ ✧

જ્યારે ડીસામાં ચાતુર્માસ આપની સાથે હતા ત્યારે તો ખરેખર આપ બંધુ બેલડીને ઓળખી ન શક્યા. પણ આ પુસ્તકે તો આપની સાચી ઓળખ કરાવી છે.

- સા. દિવ્યદર્શિતાશ્રી : માંડવી

✧ ✧ ✧ ✧ ✧

મારું હૈયું સંકલનકાર બંધુબેલડી પૂ.પં. મુક્તિચંદ્રવિ. મ. તથા પૂ.ગં. મુનિચંદ્રવિ. મ.સા.ને અંતરના અહોભાવની અંજલિનું અર્પણ કરે છે.

- સા. નીલપદ્માશ્રી : જામનગર

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની વાચનાના અણમોલ, ટંકશાળી વચનો મનમાં ઘૂંટાયા કરે છે.

- સા. નયદર્શિતાશ્રી : જામનગર



भाद्रवा वद १०
०४-१०-१९९९ : सवार

◆ वांकीनो आ मंगल प्रसंग चेतनानुं ऊर्ध्वीकरण करवा माटे छे. चेतनाना ऊर्ध्वीकरण तरफ रुचि पेदा थाय तो पण आपणुं काम थई गयुं समजो.

◆ **पू.पं. भद्रंकरवि. म.ना हृदयमां अपार करुणा हती. आवनार जीवनुं कल्याण करवा सतत मथता रहेता. नानकडा बाळकने पण नवकार प्रेमथी आपता. एक व्यक्तिने नवकार गणवा पा कलाक समाजावेलुं ते अमे जोयुं छे. नवकार पोते ज एनामां निर्मळता पेदा करशे, योग्यता पेदा करशे, एम तेमनी दृढ श्रद्धा हती.**

◆ नवकार सौ प्रथम अहंकार पर कुठाराघात करे छे. मोहनी ईमारत अहं अने मम पर उभेली छे. नवकार आ पायामां ज सुरंग फोडे छे. मम पण अहंना कारणे ज छे.

'अहं' एटले हुं ! 'मम' एटले 'माडं' !

'हुं' ज नथी तो माडं क्यांथी थवानुं ?

नवकारमंत्र शीखवे छे : 'न अहं' 'न मम'

અ પ્રતિમંત્ર જપો. મોહરાજા કાંઈ નહીં કરી શકે.

હું એટલે શરીર નહિ, પણ આત્મા.

હું એટલે અરિહંતનો સેવક. અરિહંતનો પરિવાર (ગુણ-સમૃદ્ધિ) તે મારા.

◆ પૂ.પં. ભદ્રંકરવિ. મ. જ્ઞાનસારની પહેલા યોગશાસ્ત્રના ૪ પ્રકાશ કરાવતા. સાધના હમેશાં ક્રમશઃ જ થઈ શકે. યોગશાસ્ત્ર ૪ પ્રકાશ વ્યવહાર પ્રધાન છે. જ્ઞાનસાર નિશ્ચય પ્રધાન છે. વ્યવહાર પ્રધાન બન્યા પછી જ નિશ્ચયપ્રધાન બની શકાય. તળાવમાં તર્યા પછી જ દરિયામાં તરવા કૂદી શકાય. તળાવ વ્યવહાર છે. સમુદ્ર નિશ્ચય છે.

◆ **તમે તમારા સંતાનોનું શિક્ષણ-ધંધા આદિ માટે તો ધ્યાન રાખો છો, પણ તે દુર્ગતિમાં ન જાય, તેની કદી કાળજી કરી ? મને મારા મામા બાજુમાં બેસાડીને સામાયિક કરાવતા, ભક્તામર પાકું કરાવતા. તમે તમારા સંતાનો માટે કેટલો સમય આપો છો ?**

મહેન્દ્રભાઈને આવું અનુષ્ઠાન કરાવવાનું કેમ મન થયું ? ઊંડે-ઊંડે એ પણ વિચાર ખરોને કે મારા પરિવાર-સ્વજનો વગેરે ધર્મ-માર્ગે વળે.

◆ ચાર માતામાં સૌ પ્રથમ જ્ઞાનમાતા - વર્ણમાળા(તા)

સૌથી છેલ્લી ધ્યાનમાતા - ત્રિપદી.

પાયામાં વર્ણમાતા જોઈએ.

શિખરમાં ધ્યાનમાતા છે. જ્ઞાનથી શરૂ થયેલી સાધના ધ્યાનમાં પૂર્ણતા પ્રાપ્ત કરે.

◆ **૪૦૦ આરાધકોમાં પહેલો નંબર હું હિંમતભાઈને આપું, કોઈ નારાજ નહિ થતા. પૂ. પં. ભદ્રંકરવિજયજી પછી પણ એમણે અમારો સાથ નથી છોડ્યો. દર ચોમાસામાં આવવા તૈયાર. અમારી પાસે બેસે એટલું જ નહિ, બીજા સાધુઓ પાસે પણ બેસે. અમારી પાસે આવે છે, એટલે નહિ, પણ એમનામાં યોગ્યતા વિકસેલી છે માટે આમ કહું છું.**

◆ **જ્ઞાન કદાચ પ્રયત્ન-સાધ્ય છે, પણ ધ્યાન અને સમાધિ કૃપા-સાધ્ય છે. પ્રથમ આપણી ભૂમિકા તૈયાર થાય પછી જ કૃપાના અવતરણ માટે યોગ્યતા તૈયાર થાય.**

◆ એવો વિચાર હતો : ગુજરાતમાં જઈશું ત્યારે યોગ્ય જિજ્ઞાસુઓ મળશે તો ધ્યાન-વિચાર ગ્રંથ વાચનામાં વાંચવો.

બાબુભાઈ કડીવાળા : તો પાલીતાણામાં અમે ચાર મહિના રહીશું.

'अज्ञातवस्तुतः ज्ञाते सति श्रद्धा अनन्तगुणा भवति ।'

અજ્ઞાત કરતાં જાણેલી વસ્તુમાં શ્રદ્ધા અનંતગણી હોય છે.

◆ આપણે પણ ગણીએ, પૂ.પં. મ. પણ નવકાર ગણતા, ફરક શું ? એમની કક્ષા અતિ ઉચ્ચ હતી, માટે એમને અલગ ફળ મળે, આપણને અલગ મળે.

નવકાર શ્રીમતીએ પણ ગણ્યો ને આજની 'શ્રીમતીઓ' પણ ગણે છે. પણ ફરક ક્યાં પડ્યો ? પત્થર એક જ છે. તમે હાથથી ફેંકો અને બીજો ગોફણથી ફેંકે તો ફરક પડવાનો જ ને ! એ જ પત્થરને બંદૂકથી ફેંકવામાં આવે તો ?

એક નાનો વેપારી ૨૪ કલાક કામ કરે છે તે માંડ ૧૦૦૦ કમાય છે. મોટો વેપારી ખાસ કાંઈ કરતો નથી. છતાં લાખો કમાય છે. કારણ કે મૂડી ઘણી છે. પેલા પાસે મૂડી ઓછી છે. મૂડી પ્રમાણે નફો મળી શકે.

પૂ.પં.મ. પાસે જ્ઞાનની મૂડી ઘણી હતી. આથી જ ઘણું કમાયા.

◆ **चिन्ताभावनापूर्वकः स्थिराध्यवसायो ध्यानम् ।** ધ્યાનવિચારનું આ પહેલું સૂત્ર છે. ચિન્તા અને ભાવના-જ્ઞાનપૂર્વકના અધ્યવસાય તે ધ્યાન છે.

ચિન્તા ૭ પ્રકારની છે.

૨૪ ધ્યાનના ભેદોમાં નવકારનો જાપ તે પદધ્યાન છે. આ ધ્યાન શ્રેષ્ઠ છે. કારણકે નવકારના પાંચ પદો સૌથી શ્રેષ્ઠ છે. રાજા, અમાત્ય, શ્રેષ્ઠી, સેનાપતિ વગેરે મહત્ત્વપૂર્ણ પદ છે. તેમ પંચ પરમેષ્ઠીના આ પાંચ પદો મહત્ત્વપૂર્ણ છે.

◆ માનતુંગસૂરિ કહે છે :

આપની સ્તુતિમાં શું શક્તિ છે ? આપની સ્તુતિ કરતો આપના જેવો જ બની જાય છે. પોતે જ જવાબ આપતાં કહે છે : પોતાના આશ્રિતને પોતાના જેવો ન બનાવે તે શેઠ શા કામનો ?

◆ પાંચ પરમેષ્ઠીમાં તમને કયું પદ જોઈએ ? એકે ય

નથી જોઈતું. બરાબરને ? તમને બીજું જ કાંઈ જોઈએ છે. તમને જે જોઈએ છે તે જ્ઞાનીની નજરે અતિ તુચ્છ છે.

તુચ્છની માંગણી નહિ કરતા. ચક્રવર્તી જેવા ખુશ થાય ને ઘેર-ઘેર ભીખ માંગવા જેવી અધમ માંગણી કરશો ?

આપણે ભવોભવ આવું જ કર્યું છે.

◆ **જ્ઞાન અને ક્રિયારૂપી પૈડાવાળા ધ્યાનરૂપી રથમાં બેસી જાવ. ભગવાન સારથિ બનીને તમને મુક્તિપુરીમાં લઈ જશે.**

◆ બાળક નાનું છે, પણ માતાના ખોળામાં હોય તો કોઈ ભય ? આપણે નાના હતા ત્યારે ખોળામાં હતા, એટલે બચી શક્યા છીએ. નહિ તો કોઈ બિલાડી ઉપાડી જાત. ને આપણા સો એ વર્ષ ત્યારે જ પૂરા થઈ જાત !

ચાર માતાના ખોળામાં બેસી જાવ.

કોઈ ભય નહિ રહે, પણ માતાના ખોળામાં તે જ જઈ શકે, જે 'બાળક' બને. આપણે પંડિત બનીને જઈએ છીએ... મહાન બનીને જઈએ છીએ.

◆ ભુજથી હમણાં એક મુસ્લીમ મેજીસ્ટ્રેટ આવ્યો, એ ધ્યાન કરતો હતો, પણ જરા મૂંઝવણમાં હતો. જિજ્ઞાસુ હતો.

તેણે કહ્યું : 'ધ્યાન કરું છું.'

'શાનું ?'

'નિરંજન-નિરાકારનું, અમારી પ્રણાલિકા પ્રમાણે, ધ્યાન કરું છું.' પણ વિક્ષેપો આવે છે, માર્ગદર્શન માગવા આવ્યો છું.

'મારું માનશોને ? ખરેખર ધ્યાનરુચિ હોય તો સાકાર ધ્યાનથી શરૂ કરો.'

શંખેશ્વર પાર્શ્વનાથનો ફોટો આપીને કહ્યું, અહીંથી શરૂ કરો.

'**तहत्ति**' કહીને તેણે સ્વીકાર્યું.

એના જીવનમાં મદ્ય-માંસ આદિનો ત્યાગ હતો જ.

નવસારી - સીસોદરામાં દીક્ષા પ્રસંગ વખતે શાન્તિસ્નાત્રમાં જૈન મેજીસ્ટ્રેટ આવ્યો. જૈન હોવા છતાં અજૈનની સાધના કરે.

સાંજે પાંચ વાગે આવ્યો, કહ્યું : ગીતાનો પાઠ કરું છું. કૃષ્ણને મેં ઈષ્ટદેવ બનાવ્યા છે.'

'શું અનુભવ કર્યો ?'

'આગળની ભૂમિકા પકડાતી નથી. માર્ગદર્શન જોઈએ છે. આજ સુધી કોઈ ગુરુ મળ્યા નથી.'

'વિશ્વાસ છે મારી વાત પર ? કૃષ્ણનું ધ્યાન કરશો તો તમારી ચેતના કૃષ્ણમય બની જાય. નરસિંહ - મીરા વગેરેને આ રીતે જ દર્શન થયેલા.'

'મારે તો નિરંજન - નિરાકારના દર્શન કરવા છે.'

'એના માટે તમારે સાકાર વીતરાગ પ્રભુનું ધ્યાન કરવું પડશે. સરાગીનું ધ્યાન તમને સરાગી બનાવશે.

यदा ध्यायति यद् योगी, याति तन्मयतां तदा ।
ध्यातव्यो वीतरागस्तद् नित्यमात्म विशुद्धये ॥

- योगसार

મેં એને વીતરાગનું ધ્યાન બતાવ્યું. તે આનંદથી નાચી ઉઠ્યો. મેં આવો આનંદ, ક્યારેય જોયો નથી.પછી સાષ્ટાંગ દંડવત્ ઝૂકી પડ્યો.

◆ પટુ, અભ્યાસ અને આદરથી એવા સંસ્કારો પાડો કે જન્મ-જન્માંતરોમાં સાથે ચાલે.

'पट्वभ्यासादरैः पूर्वं तथा वैराग्यमाहरः'

- वीतराग स्तोत्र

ભક્તિ, જ્ઞાન વગેરેના સંસ્કારો આવા બનવા જોઈએ. આપણા સંસ્કાર હજુ એવા નથી થયા, જે ભવાંતરમાં સાથે ચાલે. આવા સંસ્કારને જૈન પરિભાષામાં અનુબંધ કહેવાય.

નવ દિવસના આ સંસ્કારો તમારા ક્યાં સુધી ટકવાના ? તે વિચારજો.

◆ શશીકાન્તભાઈનો મનોરથ છે : બધા ધ્યાની બને. મારો મનોરથ છે : પહેલા સાધક બને, જ્ઞાની બને, ભક્ત બને, ચારિત્રવાન્ બને, પછી ધ્યાની બને. આવી ગઈને ચારેય માતા ?

જ્ઞાની : વર્ણમાતા - વર્ણમાળાથી

ભક્ત : પુણ્યમાતા - નવકારથી

ચારિત્રવાન્ : ધર્મમાતા - અષ્ટપ્રવચન માતાથી

ધ્યાની : ધ્યાનમાતા - ત્રિપદીથી બનાય.

✧ ✧ ✧ ✧ ✧



પદવી-દીક્ષા-પ્રસંગ, પાલીતાણા, વિ.સં. ૨૦૫૭, માગ. સુ. ૫

ભાદરવા વદ ૧૦
૦૪-૧૦-૧૯૯૯ : બપોર

◆ પહેલી માતા જ્ઞાન, બીજી ભક્તિ, ત્રીજી વિરતિ અને ચોથી સમાધિ આવે.

◆ જગતસિંહ શેઠે ૩૬૦ને ક્રોડપતિ બનાવ્યા. અરિહંત પ્રભુના શાસનમાં જ આવું થઈ શકે. ૩૬૦ તરફથી રોજ નવકારશી ચાલે. નવા આગંતુક સાધર્મિકને દરેક તરફથી એટલું મળતું કે એ તરત જ શ્રીમંત બની જતો.

◆ **પૂ.પં. ભદ્રંકર વિ.મ.સા.એ આપ્યું તે તમે ભૂલી જાવ ? તમે ભલે ભૂલી જાવ. પણ હું ન ભૂલું.**

◆ સાગરમાં નાનકડું ટીપું ભળે કે નદી ભળે, સાગર તેને પોતાનું સ્વરૂપ જ આપી દે, સાગર જ બનાવી દે.

પ્રભુ પાસે જે આવે તેને પ્રભુ પોતાના જેવો જ, પ્રભુ બનાવી દે.

પ્રભુનો પ્રેમ એટલે તેમની મૂર્તિનો, નામનો અને આગમનો પ્રેમ.

ભક્તિને મહાપુરુષો જીવન્મુક્તિ માને છે. જીવન્મુક્તિ

મળેલી હોય તેને જ મુક્તિ મળી શકે. ભક્તિ વિના નવપૂર્વી પણ મુક્તિ મેળવી શકે નહિ.

'तस्मिन् परमात्मनि परमप्रेमरूपा भक्तिः' એમ નારદીય ભક્તિસૂત્રમાં લખ્યું છે. શ્રેણિકે આ પ્રેમરૂપ ભક્તિથી જ તીર્થંકર નામકર્મ બાંધ્યું.

ભગવાનને છોડીને ધ્યાન નહિ થાય, બેધ્યાન થશે, દુર્ધ્યાન થશે. **જ્યાં ભગવાન ન હોય તેને કદી ધ્યાન માનશો નહિ, તેવા ધ્યાનથી ભરમાશો નહિ.**

◆ શ્રાવક દુર્ગાદાસે, પૂ. દેવચન્દ્રજીને કહ્યું : ભગવન્ ! આપ તો અધ્યાત્મરસમાં મહાલો છો. અમારા પર ઉપકાર થાય એવું આપ કાંઈક કરી શકો ?

કોઈ રચના કરો.

દુર્ગાદાસની આ વિનંતીથી શ્રી દેવચન્દ્રજીએ અધ્યાત્મગીતા બનાવી છે. નાનકડી કૃતિ, પણ અધ્યાત્મરસથી ભરેલી છે.

પૂ. દેવચન્દ્રજીએ દુર્ગાદાસને 'મિત્ર' તરીકે ઉલ્લેખ્યો છે.

◆ **ભક્તિ અને વિરતિ શુદ્ધભાવથી તમે અપનાવો, પછી તમને ધ્યાનમાં પહોંચાડવાની જવાબદારી મારી.**

સમગ્ર જીવરાશિ પરની ભાવ કરૂણા જ ભગવાનને ભગવાન બનાવે છે.

ભક્તિથી પ્રભુ પ્રત્યેનો સમર્પણ ભાવ,
વિરતિથી જીવો પ્રત્યેનો મૈત્રીભાવ જાગે.
આ બંનેથી સમાધિ મળે જ.
પહેલી માતા (વર્ણમાતા) જ્ઞાન આપે.
બીજી માતા (પુણ્યમાતા નવકાર) ભક્તિ આપે.
ભગવાનની ભક્તિ નામાદિ ૪ પ્રકારે થઈ શકે છે.
ત્રીજી ધર્મમાતા, અષ્ટપ્રવચન માતા વિરતિ આવે.
ચોથી ધ્યાનમાતા, ત્રિપદી, સમાધિ આપે.

◆ આ કાળમાં આજ્ઞા કદાચ ન પાળી શકાય, પણ આજ્ઞા પર આદર હોય તો ય તરી જવાય.

'સૂત્ર અનુસાર વિચારી બોલું, સુગુરુ તથાવિધ ન મિલે;

ક્રિયા કરી નવિ સાધી શકીએ, એ વિખવાદ ચિત્ત સઘળે.'

પૂ. આનંદઘનજીના આ ઉદ્‌ગારો પર વિચારજો.

◆ મહાપુરુષોના ગ્રંથો મળવા એટલે મહાપુરુષો સાથે મિલન થયું સમજવું. આનંદઘનજી, દેવચન્દ્રજી જેવા યોગીઓની કૃતિઓ આપણને મળે છે, તે આપણા અહોભાગ્ય છે.

◆ પુત્ર-પિતા, પતિ-પત્ની વગેરે તમારા સંબંધોની પ્રીતિ સ્વાર્થયુક્ત છે, મલિન છે, માત્ર ભગવાનની પ્રીતિ જ નિર્મળ છે.

◆ ઉપર જવાના પગથિયામાંથી કયું પગથિયું મહત્ત્વપૂર્ણ ? બધા જ ! તેમ સાધનાના બધા જ સોપાનો મહત્ત્વપૂર્ણ છે.

પગથિયામાં વચ્ચે વધુ વખત ઉભા ન રહી શકાય, પાછળથી આવનારા ધક્કા મારશે. આપણે અત્યારે વચ્ચે છીએ. 'પંથ વચ્ચે પ્રભુજી મળ્યા, હજુ અર્ધે જાવું.' ચૌદ રાજલોકમાં વચ્ચે છીએ. નિગોદથી નિર્વાણની યાત્રામાં વચ્ચે છીએ. ૧૪ ગુણઠાણામાં વચ્ચે છીએ. (અત્યારે વધુમાં વધુ સાતમા ગુણઠાણે પહોંચી શકીએ) પણ વચ્ચે વધારે વખત ન રહી શકાય. આપણી પાછળ અનંતા જીવો ઉભા છે, જો આપણે આગળ નહીં જઈએ તો પાછળ ધકેલાવું પડશે, નિગોદમાં જવું પડશે. કેમ કે ત્રસકાયમાં બે હજાર સાગરોપમથી વધારે ન રહી શકાય.

◆ **જ્ઞાન બે પ્રકારનું : સુખભાવિત અને દુઃખભાવિત.**

સુખભાવિત જ્ઞાન, સુખભાવિત ધર્મ થોડુંક જ કષ્ટ આવતાં નષ્ટ થઈ જાય છે. દુઃખભાવિત ધર્મ કષ્ટો વચ્ચે પણ અડીખમ રહે છે. માટે જ પરમ કરૂણાનિધાન ભગવાન મહાવીરદેવે લોચ, વિહાર, ભિક્ષાચર્યા, ૨૨ પરિષહ ઈત્યાદિ કષ્ટો બતાવ્યા છે. નહિ તો કરૂણાશીલ ભગવાન આવું કેમ બતાવે ?

✧ ✧ ✧ ✧ ✧



પદવી-પ્રસંગ, પાલીતાણા, વિ.સં. ૨૦૫૭, માર્ગ. સુ. ૫

ભાદરવા વદ ૧૧
૦૫-૧૦-૧૯૯૯ : સવાર

◆ મળેલા સમય, શક્તિ કે સંપત્તિ કોક પૂર્વના પુણ્યના પ્રતાપે મળી છે, તો હવે તે શક્તિઓ બીજા માટે કામ લાગવી જોઈએ. તો તે અક્ષય બને છે અન્યથા ખૂટી જાય છે.

◆ સિદ્ધ ભ. ના સુખ સામે કોઈપણ પદાર્થની તુલના ન થઈ શકે.

જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંત સિદ્ધ છે. અરે, આ સ્થાનમાં પણ જ્યાં આપણે બેઠેલા છીએ ત્યાં પણ અનંત સિદ્ધો બેઠેલા છે.

ભક્તની ભાષા અલગ હોય.

દુનિયાની ભાષા અલગ હોય.

આપણી આસપાસ અનંતા નિગોદના જીવો રહેલા છે કે નહિ ? તે બધા સત્તાથી સિદ્ધ છે કે નહિ ?

'પૂરણ મન સબ પૂરણ દિસે.' ભક્તને બધે પૂર્ણ દેખાય છે. સિદ્ધો જ નહિ, ભક્તો પણ જગતને પૂર્ણરૂપે જોતા થઈ જાય છે.

शोभा नराणां प्रियसत्यवाणी

પ્રિય અને મધુર વાણી તમારી શોભા છે.

તમારી વાણી કેવી ? વાણીથી દોસ્તી થાય, વાણીથી દુશ્મની થાય. બધા તમારા મિત્રો ખરા કે નહિ ? કે કોઈ દુશ્મન ખરો ?

આરાધના કરવા આવતા પહેલા બધા સાથે મિચ્છા મિ દુક્કડં કરીને આવ્યા છોને ?

પહેલા મૈત્રી, પછી શુદ્ધિ, પછી સાધના.

◆ **પ્રભુ સાથે સંબંધ જોડવો હોય તો સૌ પ્રથમ તેમના નામ સાથે સંબંધ જોડવો જોઈએ. આપણને ઉતાવળ છે. સીધા જ સીમંધરને મળવા માંગીએ છીએ, પણ 'સીમંધર' આ નામ અહીં જ છે, એની સાથે પહેલા સંબંધ જોડોને ? કોણ અટકાવે છે ? જે થઈ શકે તેવું કરે નહિ, તેને ન થઈ શકે તેવું કેવી રીતે મળી શકે ?**

નામ ફોન છે. તેના દ્વારા પ્રભુ સાથે સંબંધ જોડી શકાય. રાજનાંદગાંવમાં અમારા જમાનામાં પોસ્ટ ઓફિસ પર એક જ ફોન હતો. લગાડવા માટે ત્યાં જવું પડે ૦॥-૧ કલાક વાટ જોવી પડે. અત્યારે તો પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.

નામ લેતાં જ તમે પ્રભુ સાથે સંબંધ જોડો છો ?

◆ છ આવશ્યકો પૂરા જીવનમાં હોવા જોઈએ. એ ભૂલી ગયા એટલે મહાપુરુષોએ પ્રતિક્રમણમાં જોડી દીધા.

સામાયિક, ચતુર્વિંશતિસ્તવ વગેરે સતત કરવાના છે.

પ્રતિક્રમણ એટલે પાપથી પાછળ હટવું, સતત પાપથી પાછળ હટવાનું છે.

◆ ચાર માતાની બરાબર સેવા કરીએ તો પાંચમા પરમ પિતા પરમાત્માનું મિલન થાય જ. શરત એ જ છે કે આપણે વિનયી હોઈએ. વિનીત પુત્રને જ પિતાનો વારસો મળે ને !

◆ પરોપકાર આવે, તેના જીવનમાં સદ્‌ગુરુનો યોગ થાય જ.

જયવીયરાયમાં આ જ ક્રમ બતાવ્યો છે :

'परत्थ - करणं च । सुह गुरु जोगो' કેટલાય

પરમાર્થના કાર્યો કરનારા અમારા સંપર્કમાં આવ્યા છે ને તેમણે આનંદ વ્યક્ત કર્યો છે.

◆ **દુઃખી જોઈને તમારું હૃદય કંપી ન ઉઠે તો કયું ધ્યાન કહેવાય ? દુર્ધ્યાન કે શુભ ધ્યાન ?**

જે ધ્યાન તમને દુઃખી પ્રત્યે સંવેદનશીલ ન બનાવે તે ધ્યાન ખાડામાં પડો ! એવા ધ્યાનથી ચેતજો, જે તમને જગતથી નિરપેક્ષ બનાવી દે, તમારા હૃદયને નિષ્ઠુર બનાવી દે.

◆ સમુદ્‌ઘાત વખતે કેવલજ્ઞાની ૪થા સમયે સર્વલોકવ્યાપી છે. સમુદ્‌ઘાત દ્વારા આખા લોકને પવિત્ર કરે છે. તે વખતે મંદિર + મૂર્તિમાં પણ વ્યાપે કે નહિ ? કેવલજ્ઞાનરૂપે ભગવાન મંદિર કે મૂર્તિમાં પણ અવતર્યા કહેવાય.

તે વખતે પોતે પવિત્ર કાર્મણ વર્ગણાને છોડે છે, એ પવિત્ર પુદ્‌ગલો આખા બ્રહ્માંડમાં ફેલાઈ જાય છે. એ પવિત્ર પુદ્‌ગલોને જ્ઞાની જ જાણી શકે. ભગવતીમાં હમણા જાણવા મળ્યું : આત્મા તો અગુરૂલઘુ છે, પણ ભાષા-મન-કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો પણ અગુરૂલઘુ છે. એટલે જ સર્વત્ર તે અપ્રતિહત છે. એ સમગ્ર બ્રહ્માંડમાં ફેલાઈ જઈ શકે છે. ચતુઃસ્પર્શી પુદ્‌ગલો અગુરુલઘુ. આઠ સ્પર્શી ગુરૂલઘુ હોય છે.

◆ ૧લી માતા તમને પ્રિય અને સત્ય વાણી આપે છે. પ્રિય અને સત્ય વાણીથી જગત તમારું મિત્ર બનશે, સામેથી બધા દોડતા આવશે.

ઘણીવાર પત્રકારો મને પૂછે : શું તમે કોઈ વશીકરણ કરો છો ? લોકો કેમ દોડતા આવે છે ?

હું કહું છું : કોઈ વશીકરણ નથી. વશીકરણ હોય તો પણ એ મંત્ર કે કામણ વગરનું છે.

એક સુભાષિતકારે કહ્યું છે :

न हीदृशं संवननं त्रिषु लोकेषु विद्यते ।
दया मैत्री च भूतेषु, दानं च मधुरा च वाक् ॥

જીવો પર દયા-મૈત્રી, દાન અને મધુર વાણી - આના જેવું વશીકરણ ત્રણેય જગતમાં બીજું એકે ય નથી.

यदीच्छसि वशीकर्तुं जगदेकेन कर्मणा ।
पराऽपवाद-सस्येभ्यो, गां चरन्तीं निवारय ॥

'એક જ કાર્યથી જો તું જગતને વશ કરવા ઈચ્છતો હોય તો પરનિંદા રૂપી ઘાસ ચરતી તારી વાણીરૂપી ગાયને અટકાવ.'

વાણીથી પરોપકાર થાય છે.

પરોપકારથી ગુરુનું મિલન થાય છે.

◆ **દક્ષિણમાં કેમ લોકપ્રિયતા મળી ?**

અમને અમારા ગુરુદેવોએ શીખવ્યું છે : કદિ માંગવું નહિ. માત્ર ધર્મકાર્યમાં સહાયતા જ કરવી. કોઈ પ્રોજેક્ટ રાખવા નહિ. આજે લોકો માંગનારાઓથી થાકી ગયા છે. માંગવાનું બંધ કરો છો ત્યારે લોકોમાં તમે પ્રિય બનો છો.

દક્ષિણમાં પ્રતિષ્ઠાઓની હારમાળાઓથી સૌથી મોટો લાભ આ થયો : સ્થાનકવાસીઓએ પણ મંદિરમાં ચડાવા લીધા. મૂર્તિમાં માનતા થયા. મદ્રાસ નવા મંદિર પ્રતિષ્ઠા વખતે ત્રણ લાખ તમિલ લોકોએ પણ ભગવાનના દર્શન કરેલા.

◆ અહીંનો સ્વાદ (જાપ, પ્રવચન આદિના) જેણે ચાખ્યો, તે જીવનમાં કદિ નહિ ભૂલી શકે. જો તેણે ખરેખર સ્વાદ ચાખ્યો હશે !

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર આવા સાક્ષાત્ તીર્થંકર સમાન ગુરુમૈયા હાજર હોવા છતાં તેમની વાણીનું પીયુષપાન ન કરી શકી. જેમ વરસીદાનથી વંચિત રહી ગયેલા બ્રાહ્મણને ભગવાને દેવદૂષ્ય આપી સંતોષ આપ્યો, તેમ આપની વાચનાથી વંચિત રહી ગયેલી મને આપના આ પુસ્તકો દ્વારા સંતોષ મળ્યો છે.

- સા. દિવ્યકૃપાશ્રી
માંડવી

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર ! એવું જ લાગે છે કે આ પુસ્તક વાંચ્યા જ કરીએ.

- સા. શ્રુતજ્ઞાશ્રી
રાજકોટ



થાણા में रंगोली, वि.सं. २०५४

ભાદરવા વદ ૧૧
૦૫-૧૦-૧૯૯૯ : બપોર

◆ ઉપધાનથી નવકાર આદિ સૂત્રોનો વાસ્તવિક અધિકાર મળે છે. મારી નિશ્રામાં જ કરો, એવું નથી કહેતો, પણ ઉપધાન ક્યાંય પણ કરવું જ છે, એવું નક્કી કરો.

મહાનિશીથ સૂત્રમાં આ અંગેનું વિધાન છે.

મહાનિશીથ જેવા મહાન અને પવિત્ર સૂત્રમાં પંચમંગલ મહાશ્રુતસ્કંધ રૂપ નવકાર માટે ઉપધાન-વહન કરવાનું કહ્યું છે.

મહાનિશીથ સૂત્રની એકજ પ્રત હાથમાં આવેલી, તે પણ ઉધઈથી ખવાઈ ગયેલી. પૂ. હરિભદ્રસૂરિજીએ એનો ઉદ્ધાર કર્યો છે.

માત્ર તપાગચ્છીય પરંપરા જ મહાનિશીથ સૂત્રને માને છે.

◆ કર્મોનો ક્ષય તપથી જ થાય. તપનો ધીરે-ધીરે અભ્યાસ કરો. પચ્ચક્ખાણ પર વિશ્વાસ કેળવો. પચ્ચક્ખાણ લેતાં જ મનઃસ્થિતિ કેવી બદલાઈ જાય છે ! તે જાણો છો ?

ઉપવાસના પચ્ચક્ખાણ લીધા હોય તે દિવસે ભૂખ જ

નહિ લાગે, પચ્ચક્ખાણનો આ પ્રભાવ છે.

બાહ્યતપ આભ્યંતર તપનો હેતુ છે.

ગાઢ અભ્યાસથી પાડેલા તપના સંસ્કારો જન્મ-જન્માંતરોમાં પણ સાથે ચાલે છે. તપના જ નહિ, કોઈ પણ ગુણ કે અવગુણના સંસ્કારો સાથે ચાલે.

◆ **પાંચ પરમેષ્ઠી કરુણાના ભંડાર છે.**

કરુણા પરાકાષ્ઠાએ ન પહોંચે તો ભગવાન તીર્થંકર નામકર્મ બાંધી શકે નહિ. દુઃખી જીવોની દયાનો અભાવ હોય ત્યાં કરુણા હોઈ શકે ? કરુણાર્દ્ર ચિત્ત, દુઃખત્રસ્ત જીવની ઉપેક્ષા કરી શકે નહિ, ઉપેક્ષા કરે તેનામાં કરુણા આવી ન કહેવાય, ધ્યાન પરિણમ્યું ન કહેવાય.

નવકાર આત્મસાત્ કરવાથી કરુણા વધવાની, ગુણો વધવાના, દેવ-ગુરુ ભક્તિ વધવાની.

◆ બીજાના ગુણોને જોઈને તમે રાજી થયા, એટલે એ ગુણો તમારામાં આવવા શરુ થયા એમ માનજો. અત્યારે આપણને પોતાના ગુણો માટે પ્રમોદ છે. બીજાના ગુણ માટે પ્રમોદ ખરો ?

ગુણો કેમ રોકાયેલા છે ? અભિમાનના કારણે.

બીજી માતા નમ્રતાનો સંચાર કરી ગુણોના દ્વાર ખોલી આપે છે.

નવકારમાં છ વાર નમો આવે છે. ૧૦૮ નવકારમાં ૬૪૮ વાર નમો આવે છે. તમે કેટલી માળા ગણી ?

હવે નમ્રતા કેટલી વધી ? નવકાર ગણ્યા પછી નમ્રતા વધવી જોઈએ.

નમ્ર જ ભક્ત બની શકે,

નમ્ર જ પ્રમોદ કેળવી શકે,

નમ્ર જ ગુણોને આમંત્રણ આપી શકે.

◆ **લોકોની ભાષા અલગ, ભક્તની અલગ !**

લોકો કહે છે : ભગવાન વીતરાગ છે, ભગવાનને કાંઈ લેવા-દેવા નથી.

ભક્ત કહે છે : ભગવાન કરુણાશીલ છે. ભગવાન બધું

જ આપે છે. 'त्वं शंकरोसि' દ્વારા છાતી ઠોકીને માનતુંગસૂરિ કહે છે : ભગવન્ ! તમે જ સુખ કરનારા શંકર છો.

આપનારા ભગવાન છે. તમે શું આપવાના ? ૧૦-૨૦ માળની બિલ્ડીંગ બનાવી એટલે ભીખારી અને કૂતરાના રોટલા તો ગયા, પણ અમારા ધર્મલાભ પણ ગયા.

દયા-દાન ગયા, બહાર વોચ મેન ઉભો છે. કોઈ આવે તો ખરો ! તમારા એશ-આરામની અમે પ્રશંસા ન કરીએ. ઉદારતા-દાન આદિની જરૂર કરીએ.

'જે કોઈ તારે નજરે ચડી આવે, કારજ તેહના સફળ કર્યા' ભગવાનની નજરે ચડે તેના કાર્ય સિદ્ધ ન થાય, એ વાતમાં કોઈ માલ નથી.

ભક્ત તો કહેશે : ભગવન્ ! તમે વીતરાગ થઈને છૂટી નહિ શકો, હું છોડવાનો જ નથી.

◆ **ભગવાનનો સંઘ આવો કૃપણ અને તુચ્છ કેમ ? પંન્યાસજી મ. બહુ જ ચિંતિત રહેતા હતા. પરોપકાર, મૈત્રી, નમ્રતા આદિનો સંઘમાં સંચાર થાય તે માટે ખૂબજ પ્રયત્નશીલ હતા.**

મને પણ એક વાર કહ્યું : 'તમને ધ્યાન-વિચાર પર લખતાં આવડે છે,

'परस्परोपग्रहो जीवानाम्' પર લખતાં નથી આવડતું ? જીવોનો ઉપકાર યાદ નથી આવતો ? તમારો જન્મ ક્યારે ?'

મેં કહ્યું : 'વિ.સં. ૧૯૮૦માં'

'ઓહ ! તો તમારો દોષ નથી. પહેલા વિશ્વયુદ્ધ પછી લોકોના હૃદયમાંથી દયા-ભાવના ચાલી ગઈ. કાળ જ એવો ખતરનાક છે.' પં. મહારાજે કહ્યું.

◆ ધર્મ વધારે વહાલો કે પ્રાણ ?

ત્રીજી દૃષ્ટિવાળાને ધર્મ વહાલો લાગે. ધર્મ માટે પ્રાણ પણ છોડવા તૈયાર થઈ જાય. પ્રાણ છોડવા તૈયાર થઈ જાય એ ધનનો તો આસાનીથી ત્યાગ કરવા તૈયાર થઈ જશે.

◆ ૩॥ ક્રોડ શ્લોકના રચયિતા હેમચન્દ્રસૂરિજી કહે છે : ભગવન્ ! હું આપની પાસે પશુથી પણ પશુ છું, જ્યારે આપણે થોડુંક જાણી લઈને ધરતીથી અદ્ધર ચાલવા લાગીએ છીએ.

◆ મૈત્રી અંગે વિવાદ થયો ત્યારે પંન્યાસજી મહારાજે એ માટે ઢગલાબંધ પાઠો આપ્યા, પણ ચર્ચા ન કરી, વિવાદ ન કર્યો. મારી મૈત્રીની વાતથી જ જો અમૈત્રી થતી હોય તો એ પણ ન જોઈએ, પંન્યાસજી મ. પરમ મધ્યસ્થતા તરફ ચાલ્યા ગયા.

પ્રભુમાં ગુણ, પુણ્ય આદિનો પ્રકર્ષ રહેલો છે. આથી જ તેઓ અચિન્ત્ય શક્તિના સ્વામી બનેલા છે.

નિર્મળ પ્રજ્ઞાવાળાને જ આ સમજાશે.

પંચસૂત્રની આ વાત 'अचिंत्त सत्तिजुत्ता हि ते भगवंतो' નિર્મળ બુદ્ધિવાળાને જ સમજાશે. ભગવાનની અચિન્ત્ય શક્તિ જાણવા એવી દૃષ્ટિ ખુલવી જોઈએ.

✧ ✧ ✧ ✧ ✧

પરમ પૂજ્ય આચાર્ય ભગવંતના કાળધર્મ પામ્યાના આઘાતજનક સમાચાર સાંભલ્યા। મારા જેવા કેટલાયે સાધકોએ શીળી છત્રછાયા ગુમાવી। નાવ અધવચ્ચે રહી અને કાળે આવી કારમી પળ આપી। સહરાનું રણ ઓળંગવા જેવી દશા થઈ ગઈ। મારા જીવન પર તેમની જે કૃપા વરસી છે, વાત્સલ્ય મળ્યું છે તેનું વર્ણન લખવા શબ્દો નથી। તેમના ચરણની રજ મારા મસ્તકે પડી તેનું મને ગૌરવ છે। પાટ પર બેસી કેવા નિઃસ્પૃહભાવે અને મા-બાળકને શીખવે તેમ વાચના આપતા તે દૃશ્ય આંખ સામે ખડું થાય છે। આંખ ગદ્‌ગદ્ થઈ। હવે કોણ બાકીનો માર્ગ કપાવશે ? તમારી સૌની મનોદશા પણ આવી જ છે। ત્યાં કોણ કોને શું કહે ?

પૂ.શ્રી માટે મારી અંતિમયાત્રાના દર્શન કરવાની ભાવના હતી, પણ કાંતિભાઈએ વિગત જણાવી એટલે મનની ભાવના શમાવવી પડી છતાં જ્યાં મારી ભાવના વ્યક્ત થાય તેવું કાર્ય સોંપશો અને મને ઋણમુક્ત કરશો। બાકી તો...

ગુરુવર તેરે ચરણોં કી, મુઝે ધૂલ મિલ ગઈ ।
ચરણોં કી રજ પા કર, તકદીર બદલ ગઈ ॥

- સુનંદાબહેનની વંદના

૧૬-૨-૨૦૦૨, એલિસબ્રીજ, અમદાવાદ



थाणा में दक्षिण-प्रदर्शनी, वि.सं. २०५४

ભાદરવા વદ ૧૨
૦૬-૧૦-૧૯૯૯ : સવાર

◆ આનંદ છે, અત્યારે આપણે ભગવાનના વચનોનો, સાથે મળીને સ્વાધ્યાય કરીએ છીએ.

જિન-વચન આજ સુધી આપણને નથી મળ્યું. મળ્યું હશે તો ફળ્યું નહિ હોય. જિન-વચનમાં આદર જાગી જાય તો કામ થઈ જાય. જુઓ અજિત શાન્તિ શું કહે છે ?

जइ इच्छह परम-पयं,
अहवा किर्त्तिं सुवित्थडं भुवणे,
तो तेलुक्कुद्धरणे,
जिणवयणे आयरं कुणह.

જો તમે મોક્ષ કે સર્વવ્યાપી કીર્તિ ઇચ્છતા હો તો, ત્રણ લોકનો ઉદ્ધાર કરનાર જિન-વચનમાં આદર કરો.

◆ નવકારમાં શું તાકાત છે ? નવકાર ગણ્યો એટલે વજના પાંજરામાં તમે બેસી ગયા. પતી ગયું. હવે કોઈનોય ભય નહિ.

◆ જિન-વચન હૃદયમાં પરિણામ પામે તે સ્તુતિ-

સ્તોત્રનું ફળ છે.

◆ 'નામ ગ્રહંતાં આવી મિલે મન ભીતર ભગવાન' આમ કહેતા ઉપાધ્યાય માનવિજયજીના હૃદયમાં ભગવાન આવી શકે તો આપણા હૃદયમાં કેમ ન આવી શકે ? આ મહાપુરુષોના વચનોમાં વિશ્વાસ તો છે ને ? એ વચન પર વિશ્વાસ રાખીને સાધનાના માર્ગે આગળ વધશો તો માનવિજયજીની જેમ તમને પણ આવો અનુભવ થશે.

◆ માળી બીજમાં વૃક્ષ જુએ છે. શિલ્પી પત્થરમાં પ્રતિમા જુએ છે. પ્રભુ ભક્ત, પ્રભુનામમાં પ્રભુ જુએ છે.

◆ **ધર્મ પર પ્રેમ છે ? ધર્મ એટલે મોક્ષ. ધર્મ મોક્ષનું કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર થઈ શકે. મોક્ષ પર પ્રેમ હોય તો ધર્મ પર કેમ નહિ ?**

તૃપ્તિ ગમે કે ભોજન ? તૃપ્તિ ગમે છે ? ભોજન વિના તૃપ્તિ શી રીતે મળશે ? ધર્મ વિના મોક્ષ શી રીતે મળશે ? મોક્ષ પર પ્રેમ હોય તો ધર્મ પર પ્રેમ હોવો જ જોઈએ.

◆ ભક્તિ એટલે જીવન્મુક્તિ. જેણે આવી ભક્તિ અનુભવી તે કહી શકે : 'મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી' કારણ કે ભક્તિમાં મુક્તિ જેવો આસ્વાદ તેને મળી રહ્યો છે.

◆ કેવળજ્ઞાન મોટું કે શ્રુતજ્ઞાન ? પોત-પોતાના સ્થાને બંને મોટા, પણ આપણા માટે શ્રુતજ્ઞાન મોટું ! એ જ આપણું ઉપકારી છે. સૂરજ ભલે મોટો હોય, ભોંયરામાં રહેનાર માટે દીવો જ મોટો છે.

◆ આ વીતરાગ જિનેશ્વર દેવને તમે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, બુદ્ધ વગેરે સર્વ નામે પોકારી શકો.

તે તે નામોની વ્યાખ્યા ભગવાનમાં ઘટી શકે.

ભગવાન બ્રહ્મા છે. કારણ કે તેઓ પરબ્રહ્મ સ્વરૂપી છે.

ભગવાન વિષ્ણુ છે. કારણ કે કેવળજ્ઞાનરૂપે વિશ્વવ્યાપી છે.

ભગવાન શંકર છે. કારણ કે સૌને સુખ આપનારા છે.

ભગવાન બુદ્ધ છે. કારણ કે કેવળજ્ઞાનરૂપી બોધને પામેલા

છે.

ભગવાન કૃષ્ણ છે. કારણ કે કર્મોનું કર્ષણ કરે છે.

ભગવાન રામ છે. કારણ કે આત્મ સ્વરૂપમાં સતત રમણ કરે છે.

◆ લોક કરતાં અનંતગણો અલોક છે. તેવા અનંત લોક + અલોકોને ઉપાડી ક્યાંય ફેંકી દે, એવી શક્તિ પરમ આત્માના એક આત્મપ્રદેશમાં છે.

◆ **વારંવાર બોલાતા 'દેવ-ગુરુ પસાયનો અર્થ શો ?**

એ જ કે કાંઈ થયું છે તેમાં ભગવાનની કૃપા છે. મારું કશું નથી. આપણે વારંવાર આ શબ્દ બોલીએ તો છીએ, પણ જીવન સાથે તેનો કોઈ સંબંધ રાખ્યો નથી. દરેક કાર્યોની સફળતામાં દેવ-ગુરુ યાદ આવે ખરા ? સાચું કહેજો.

◆ સાહિબ સમરથ તું ધણી રે,
પામ્યો પરમ આધાર;
મન વિશરામી વાલહો રે,
આતમ ચો આધાર.

આત્માના આધારરૂપ, મનના વિશ્રામરૂપ, પરમ આધારરૂપ સમર્થ સાહેબ જિનેશ્વર દેવના દર્શન કર્યા એટલે સર્વના દર્શન કર્યા. એ દર્શન થયા પછી T.V. વગેરે જોવાનું મન થાય ? T.V. જોવાનું મન થાય તો સમજજો : હજુ ભગવાનને જોયા જ નથી. (ટી.વી.ની બાધા અપાઈ)

◆ અભય, ગુણપ્રકર્ષવાળા અને અચિન્ત્ય શક્તિમાન્ ભગવાન છે. પણ એથી બીજાને શો લાભ ? ભગવાન પરોપકારના સ્વભાવવાળા પણ છે. આપણી જેમ સ્વાર્થમાં જ મસ્ત થઈને રહેનારા પ્રભુ નથી.

આપણને જેમ ચા આદિનું વ્યસન છે તેમ પ્રભુને પરોપકારનું વ્યસન છે. પ્રભુનો સંગ કરીએ તો એમનું વ્યસન આપણામાં ન આવે ? દારૂડીઆ સાથે રહેતો માણસ દારૂનો વ્યસની બને તો પ્રભુનો પ્રેમી પરોપકાર-વ્યસની ન બને ? ન બને તો સમજવું : પ્રભુનો સંગ થયો જ નથી.

◆ અભિમાન મહાન માણસને પણ નીચે પછાડે છે.

રાવણ, દુર્યોધન આદિ આના ઉદાહરણો છે. બીજી માતા (નવકારમાતા) આપણો અહંકાર તોડે છે. આપણો સાધનાનો માર્ગ નિર્વિઘ્ન બનાવે છે.

◆ પ્રશ્ન વ્યાકરણમાં અહિંસાના ૬૦ નામો આપ્યા છે. તેમાં અહિંસાનું એક નામ 'શિવા' પણ છે.

अहं तित्थयरमाया, सिवादेवी तुम्ह नयरनिवासिनी;
अम्ह सिवं तुम्ह सिवं, असिवोवसमं सिवं भवतु स्वाहा.

એનો આપણે શો અર્થ કરીએ છીએ ? શિવાદેવી નેમિનાથ ભગવાનની માતા ? પણ એના કરતાં 'શિવા'નો અર્થ કરૂણા = અહિંસા કરીએ તો ? કરૂણા જ તીર્થંકરત્વની માતા છે.

સુરતમાં પૂ. ભુવનભાનુસૂરિજીને આ ૬૦ નામો બતાવ્યા, 'શિવા' શબ્દ બતાવ્યો, આનંદિત થઈ ગયેલા.

◆ **અહિંસાનું અહીં જે પાલન કરે તેને પૂર્ણ અહિંસારૂપ સિદ્ધશિલા મળે. જે ધર્મનું પૂર્ણ પાલન કરે તેને મોક્ષ મળે. કારણ આવે તો કાર્ય આવવાનું જ છે. દીવો આવશે તો પ્રકાશ ક્યાં જશે ? ભોજન આવશે તો તૃપ્તિ ક્યાં જશે ? તૃપ્તિ માટે નહિ, પણ ભોજન માટે જ પ્રયત્ન કરનારા આપણે ધર્મ માટે કેમ પ્રયત્ન કરતા નથી ? ચાલવાનો પ્રયત્ન ચાલુ રાખશો તો મંઝિલ ક્યાં જશે ? ચાલવાનું ચાલુ રાખો, મંઝિલ પોતાની મેળે આવશે. ભોજન કરો. તૃપ્તિ પોતાની મેળે મળશે. દીવો જલાવો, પ્રકાશ પોતાની મેળે મળશે, ભક્તિ કરો, મુક્તિ પોતાની મેળે મળશે.**

મુક્તિ-મુક્તિનો જાપ કરીએ, પણ એના કારણનો સમાદર ન કરીએ તો આપણે પેલા મૂર્ખા જેવા છીએ, જે તૃપ્તિ-તૃપ્તિનો જાપ તો કરે છે પણ સામે જ પડેલા લાડવા ખાતો નથી.

◆ આંધળો ને પાંગળો બંને સાથે રહે તો ઇષ્ટ સ્થાને જઈ શકે, પણ અલગ રહે તો ?

ક્રિયા અને જ્ઞાન સાથે મળે તો મોક્ષ મળે, પણ અલગ રહે તો ? મોક્ષ દૂર જ રહે !

◆ ત્રીજી માતા આજ્ઞાપાલન માટેની છે.

नमो अरिहंत + आणं = પ્રભુની આજ્ઞાને નમસ્કાર !

આજ્ઞાને નમસ્કાર એટલે આજ્ઞાનું પાલન કરવું.

બીજી માતાએ આત્મતુલ્ય દૃષ્ટિ આપી. પણ ત્રીજી માતાએ તે આત્મતુલ્ય વર્તન આપ્યું. પછી બીજાનું દુઃખ, પોતાનું દુઃખ જ લાગે.

પરની દયા તે પોતાની જ દયા છે. એવી દૃષ્ટિ અહીં ઉઘડે છે.

વિરતિ ધર્મનું શુદ્ધ પાલન તો જ થઈ શકે. અહીંથી જતાં પહેલા ૧૨ વ્રતો લઈ લેજો. જો કે, સામાન્ય રીતે અહિંસાદિનું પાલન જૈનોમાં હોય જ. જાણી જોઈને તમે જીવોને મારો છો ? કીડી-મંકોડા પર જાણીને જોઈ પગ મૂકો છો ? જૈન બચ્ચો સ્વાભાવિક રીતે જ આવું ન જ કરે. હવે માત્ર વ્રત લેવાની જરૂર છે.

◆ પટુ, અભ્યાસ અને આદર - આ ત્રણ રીતે સંસ્કારો પડે છે.

(૧) પટુ : દા.ત. યુરોપમાં હાથી નથી હોતા, કોઈએ તેમને હાથી બતાવ્યો તેમણે ધારીને જોયો ૨-૪ વાર જોયો, હવે તે કદી નહિ ભૂલે. આ જ વાત ધર્મકાર્યમાં ઘટાડવી.

(૨) અભ્યાસ : દેલવાડા આદિની કોતરણી જોઈ છે ? કેવી રીતે બનાવી હશે ? અભ્યાસનું આ ફળ છે. અહીં એવા વૈદ્ય હતા કે નાડી જોઈને રોગ કહી દેતા. એવા પગી હતા કે અજ્ઞાત વ્યક્તિનું પગેરું શોધી કાઢતા. આ અભ્યાસ (પુનઃ પુનઃ પ્રયત્ન તે અભ્યાસ)નું ફળ છે. અભ્યાસ જેટલો મજબૂત તેટલા સંસ્કાર તેટલા ગાઢ પડશે.

(૩) આદર : ભવોભવ સાથે ચાલે તે. કોઈક દિવ્ય અનુભૂતિ થવાથી એવો આદર ઉત્પન્ન થાય છે કે જે ભવોભવ ન જાય.

આ ત્રણના પ્રભાવથી જ ભગવાન જન્મજાત વૈરાગી હોય છે. પૂર્વભવના સંસ્કારો આ ભવમાં આવી શકતા હોય તો આ ભવના સંસ્કારો આગામી ભવમાં નહીં આવે ? આ ભવમાં

હવે કેવા સંસ્કારો નાખવા છે ? તે તમારે વિચારવાનું છે.

આ તીર્થમાં ઉત્તમ ભાવો પ્રભુના પ્રભાવથી ઉત્પન્ન થાય છે. એ ભાવો સદા ટકી રહે. જન્મ-જન્માંતરમાં સાથે ચાલે, તેને 'અનુબંધ' કહેવામાં આવે છે.

નહિ ઉભા થયેલા શુભ ભાવોને પ્રભુ ઊભા કરે છે. ઊભા થયેલા ભાવોને ટકાવે છે. માટે જ પ્રભુ નાથ છે. પ્રાપ્તિ અને સુરક્ષા કરાવી આપે તે નાથ કહેવાય છે.

મળેલા ગુણોનું સંવર્ધન અને સુરક્ષા પ્રભુ-નિર્દિષ્ટ ક્રિયાઓના પાલનથી થાય છે. કારણ કે અત્યારે આપણા ગુણો ક્ષાયોપશમિક ભાવના છે.

વેપારી, જે દિવસે કમાણી ન થાય તે દિવસ વાંઝિયો ગણે, તેમ જે દિવસે શુભ ભાવની, ગુણની કમાણી ન થાય તે દિવસને વાંઝિયો ગણજો.

◆ **'स्व-परात्मबोधः'** આ ભક્તિની શોભા છે.

'સ્વ' અને 'પર' એટલે શું ?

'સ્વ' એટલે હું અને 'પર' એટલે તું ? માત્ર કુટુંબીજન ? નહિ, 'સ્વ' એટલે આત્મા અને 'પર' એટલે બીજી આખી દુનિયા - જડ-ચેતન બધું જ.

જડ-ચેતનનો સાચો બોધ ત્યારે જ ગણાય, જ્યારે બધા જ સાથે ઉચિત વર્તન થાય. એ જ કરૂણા છે, એ જ અષ્ટપ્રવચન માતા છે. તીર્થંકરની અને આખા જગતની માતા એક જ છે : કરુણા !

◆ દ્રવ્યકર્મ ભાવકર્મ અને નોકર્મ કર્મના આ ત્રણ પ્રકારો છે.

દ્રવ્યકર્મ તે કાર્મણ વર્ગણા, ભાવકર્મ તે રાગદ્વેષ અને નોકર્મ તે શરીર-ઇન્દ્રિયો છે.

આ ત્રણેય કર્મોથી મુક્તિ પ્રાપ્ત કરવાની છે.

◆ વિરતિધરોમાં યોગ વ્યક્તરૂપે હોય છે. સમ્યગ્ દૃષ્ટિ વગેરેમાં યોગનું બીજ હોય છે. માટે જ યોગના ખરા અધિકારી વિરતિધરો મનાયા છે.

◆ **गुणपर्यायवद् द्रव्यम्** । આપણું આત્મદ્રવ્ય કેવું છે ?

ગુણ-પર્યાયનો ખજાનો છે.

◆ ૧લી માતા - પ્રીતિ યોગ આપે.

બીજી માતા - ભક્તિ યોગ આપે.

ત્રીજી માતા - વચન યોગ આપે. વચન એટલે આજ્ઞાપાલન.

ચોથી માતા - અસંગ યોગ આપે. અસંગ એટલે સમાધિ.

◆ **मुक्तिं गतोपीश ! विशुद्धचित्ते । गुणाधिरोपेण ममासि साक्षात् ॥**
भानुर्दवीयानपि दर्पणेऽशु - सङ्गान्न किं द्योतयते गृहान्तः ? ॥

મુક્તિ ગયો તોય વિશુદ્ધિચિત્તે, ગુણોવડે તું અહિંયા જ ભાસે;

હો સૂર્ય દૂરે પણ આરિસામાં, આવી અને શું ઘર ના પ્રકાશે ?

'પ્રભુ ! આપ મોક્ષમાં ગયા છો, છતાં ગુણના આરોપથી મારા વિશુદ્ધ ચિત્તમાં સાક્ષાત્ બિરાજી રહ્યા છો. દૂર રહેલો પણ સૂર્ય દર્પણમાં સંક્રાન્ત થઈને શું ઘર અજવાળતો નથી ?'

આ કુમારપાળની પ્રાર્થના છે.

આટ-આટલું સામે હોવા છતાં ભગવાન આપણને કેમ દૂર લાગે છે ?

◆ ગુપ્તમાં ગુપ્ત વાત, વેપારનું રહસ્ય, વેપારી ભલે બીજા કોઈને ન આપે, પણ પોતાના વિનીત પુત્રને તો જરૂર આપે જ. આપણે પ્રભુના વિનીત પુત્ર થઈ જઈએ તો ? આજ્ઞાપાલક થઈ જઈએ તો ? ભગવાનના ખજાનાના માલીક ન બની શકીએ ?

◆ 'અધ્યાતમ રવિ ઊગ્યો મુજ ઘટ,
મોહ તિમિર હર્યું જુગતે;
વિમલ વિજય વાચકનો સેવક,
રામ કહે શુભ ભગતે.'

ભગવાન સૂર્ય બનીને હૃદયમંદિરમાં પધારે છે, ત્યારે આવા ઉદ્ગારો નીકળી શકે. કર્મ-વિવર એ જ બારી છે, ત્યાંથી જ પરમનું અજવાળું આપણા ઘટમાં આવી શકે છે.

◆ કઠોરતા હોય ત્યાં સુધી ચિત્ત વિશુદ્ધ નહિ બને. જે

દિવસે કઠોરતા કરી હોય તે દિવસે ધ્યાન નહિ લાગે. અનુભવ કરી જોજો. અનુભવીઓને પૂછી જોજો.

માટે જ ધ્યાનમાતા પહેલા ધર્મમાતા બતાવી.

અષ્ટપ્રવચન માતા દ્વારા સર્વ જીવો પ્રત્યે કરુણાભાવ જાગે, આત્મતુલ્ય ભાવ જાગે, પછી જ ચોથી ધ્યાન-માતા માટે યોગ્યતા પ્રગટે.

આત્મતુલ્યભાવ કરતાં પણ આત્મૈક્યભાવ બળવાન છે. ભગવાન સર્વ જીવોને આત્મતુલ્ય ભાવે જ નથી જોતા, સર્વ જીવો સાથે પોતાને એકરૂપે જુએ છે.

◆ **પરમાત્મા સાથે અભેદ ક્યારે સધાય ?**

શરીર સાથે ભેદ સધાય ત્યારે. ત્યારે જ સર્વ જીવો સાથે અને પ્રભુ સાથે અભેદ-ભાવ સધાય.

આવો અભેદ આવતાં અમૃતકુંડમાં સ્નાન કરતા હોઈએ તેવો અનુભવ થાય છે 'પીઓ અનુભવ રસપ્યાલા' એવા ઉદ્‌ગારો આ દશામાં નીકળે છે. શરાબીની જેમ અનુભવનો પણ એક લોકોત્તર નશો હોય છે, જ્યાં દેહનું ભાન ભૂલાઈ જાય છે.

આ અનુભવનો પ્યાલો જેણે પીધો તેને ગાંજા-ભાંગ વગેરે ન ગમે. સાતે ધાતુના રસને ભેદીને આત્માના રસને આવો યોગી વેદે છે.

◆ મૈત્રીથી ક્રોધનો, પ્રમોદથી માનનો, કરુણાથી માયાનો, માધ્યસ્થ્યથી લોભનો જય થાય છે.

◆ નામનું આલંબન ૧લી માતા આપે.

મૂર્તિનું આલંબન બીજી માતા આપે.

આગમનું આલંબન ત્રીજી માતા આપે.

કેવળજ્ઞાનનું આલંબન ચોથી માતા આપે.

◆ ગણધરોના '**भयवं किं तत्तं ?**' પ્રશ્નના જવાબમાં ભગવાને ક્રમશઃ '**उप्पन्ने इ वा विगए इ** (સામાન્ય રીતે બધા '**विगमेइ**' કહે છે, પણ પૂ. જંબૂવિ.ના સંશોધન પ્રમાણે '**विगए इ**' હોવું જોઈએ. આથી અહીં '**विगए इ**' મૂક્યું છે.) **वा धुवे इ वा**' જવાબ આપ્યા. આ ત્રિપદીમાંથી દ્વાદશાંગીનો જન્મ

થયો. નિર્વિકલ્પ સમાધિ વિના આવું ઉત્કૃષ્ટ નિર્માણ થઈ શકે નહિ. શબ્દાતીત અવસ્થામાં ગયા પછી બધા શબ્દો તમારા દાસ બનીને ચરણ ચૂમે છે. શબ્દો તમારે શોધવા પડતા નથી, શબ્દો તમને શોધતા આવે છે, રચના સહજ રીતે થઈ જાય છે.

આત્મપ્રદેશનો આનંદ અલગ, અવ્યાબાધ સુખનો આનંદ અલગ.

જેમ કોઈ ઉદાર માણસ અલગ-અલગ મીઠાઈઓથી ભક્તિ કરે, તેમ ચેતના ચેતનની ભક્તિ કરે છે. અનાદિકાળથી ચેતને કદી ચેતનાની સામે ય જોયું નથી. હવે ચેતનાએ નક્કી કર્યું છે : એવી ભક્તિ કરું, ચેતન કદી બહાર જાય જ નહિ.

ચેતના પતિવ્રતા સ્ત્રી છે. જે કદી સ્વામીને છોડતી નથી. આપણે એટલા નફ્ફટ છીએ કે કદી એની સામું જોયું નથી.

सहभाविनो गुणाः, क्रमभाविनः पर्यायाः

ગુણ સદા સાથે જ રહે એ કદી આપણો સાથ ન જ છોડે.

✧ ✧ ✧ ✧ ✧

પ્રથમ સંપાદકને કોટિશઃ પ્રણામ. આ પુસ્તક વાંચતા પૂજ્યશ્રીજી પ્રત્યે અત્યંત અહોભાવ પ્રગટે છે.

- સા. દર્શનગુણાશ્રી
માંડવી

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર ! આપ ધન્યવાદને પાત્ર છો. બોલવામાં અને લખવામાં ઘણો ફરક પડે છે. બોલવામાં સ્પીડ હોય, જ્યારે લખવામાં ધીમી ગતિ હોય. પણ આપ પૂજ્યોએ લખવામાં અત્યંત સ્પીડ રાખી છે કે જેવું ગુરુદેવ બોલ્યા કે તરત જ એ ટંકશાળી વચનોને આપે ટાંકી દીધા છે. જે આજે અમારી સન્મુખ આવી પહોંચ્યા છે.

- સા. વિરતિધર્માશ્રી
સાંતલપુર



ભાદરવા વદ ૧૩
૦૭-૧૦-૧૯૯૯ : બપોર

હું બોલું ને તમને મીઠું લાગે, એ મારા હાથમાં નથી. લાગે છે કે તીર્થંકરોનો આ પ્રભાવ છે, પ્રથમ માતાનો પ્રભાવ છે જે સત્ય અને પ્રિયવાણી શીખવે છે, જે દેવ-ગુરુની ભક્તિ શીખવે છે.

૧લી માતા સાધુ ભગવંત સાથે મિલન કરાવે, મોક્ષ-માર્ગમાં સહાય કરે તે સાધુ.

બીજી માતા ઉપાધ્યાય ભગવંત સાથે મિલન કરાવે જ્ઞાન આપે તે ઉપાધ્યાય. વિનય અને ભક્તિના તેઓ જીવંત દૃષ્ટાંત છે.

ત્રીજી માતા આચાર્ય ભગવંત સાથે મિલન કરાવે, આચાર્ય આચાર-પાલન કરે.

ચોથી માતા અરિહંત ભગવંત સાથે મિલન કરાવે, ત્રિપદી આપીને ધ્યાનમાં લઈ જાય.

ચાર માતાના ખોળામાં બેઠા એટલે પાંચમી ગતિ (મોક્ષ) મળે જ.

◆ ભક્તિના બે પ્રકાર છે : વાનરી અને માર્જારી ભક્તિ.

ભક્તિ કરીએ છીએ, પણ શ્રદ્ધા-વિશ્વાસ નથી.

વાંદરીને તેનું બાળક વળગી રહે, એટલે તેનું કામ થઈ ગયું. તેને કૂદવાની જરૂર નહિ. **આપણે જો ગુરુ કે અરિહંતને વળગી રહીએ તો ભય શાનો ? દુર્ગતિનો ભય શાનો ? ભગવાનને જે વળગે તે દુર્ગતિમાં ન જ જાય.**

શશીકાન્તભાઈ : અમે આપને વળગી રહ્યા છીએ, સદ્‌ગતિમાં લઈ જશોને ?

પૂજ્યશ્રી : આનું નામ જ શંકા ! તમે વળગી રહો તો કોની તાકાત છે કોઈ દુર્ગતિમાં લઈ જાય ?

શશીકાન્તભાઈ : આપ 'હા' પાડો, એમ કહું છું. શંકા નથી.

પૂજ્યશ્રી : આ પણ શંકા છે. ભોજનને પ્રાર્થના નથી કરવી પડતી : હે ભોજન ! તું ભૂખ મટાડજે. તૃપ્તિ આપજે. ભગવાનને પ્રાર્થના નથી કરવી પડતી, એ તેમનો સ્વભાવ છે પણ આપણને પૂર્ણ શ્રદ્ધા નથી માટે જ શંકા થાય છે, પ્રશ્ન થાય છે.

ટ્રેન પર કેટલો વિશ્વાસ છે ? તમે ઉંઘી જાવ છો... પણ ડ્રાઈવર ઉંઘી જાય તો ? તમને ડ્રાઈવર પર વિશ્વાસ છે, પણ દેવ-ગુરુ પર વિશ્વાસ નથી. એટલે જ પૂછવું પડે છે.

શશીકાન્તભાઈ : મિચ્છા મિ દુક્કડં.

પૂજ્યશ્રી : ના, આમાં તમે કાંઈ ખોટું નથી પૂછ્યું. તમે પૂછ્યું ન હોત તો આટલું આ ખુલત નહિ. લોકોને જાણવા મળત નહિ.

યોગાવંચક સાધક ફળ પ્રાપ્ત કરે જ. ગુરુ પ્રત્યે અવંચકપણાની બુદ્ધિ તે યોગાવંચકતા છે.

ગુરુને જોયા, પાસે બેઠા, વાત સાંભળી, વાસક્ષેપ લીધો, એટલા માત્રથી ગુરુ મળી ગયા છે એમ ન કહી શકાય. ગુરુમાં ભગવદ્ બુદ્ધિ જાગે તો ગુરુ મળ્યા કહેવાય.

ડીસામાં એક એવા ભાઈ મળેલા, તેમણે કહ્યું : ૩-૪

મહિનાથી આવું છું. એકે ય પ્રશ્ન પૂછ્યો નથી, પણ બધા જ પ્રશ્નોનો જવાબ આવી ગયો છે.

'પ્રભુ ! આપ આદેશ આપો. મારે શું કરવું ?' આમ તે કહેવા લાગ્યો. આ ગુરુમાં ભગવદ્‌બુદ્ધિ થઈ કહેવાય.

ગુરુ તત્ત્વ છે, વ્યક્તિ નથી. તમે બહુમાન કરો છો, નારા લગાઓ છો તે વ્યક્તિના નહિ, ગુરુ તત્ત્વના છે.

ગુરુને વળગી રહે તેને ગુરુ ભવ-પાર કરાવી દે. આ થઈ વાનરી ભક્તિ. વાનર-શિશુનું ફક્ત આટલું જ કામ - વળગીને રહેવું.

ટ્રેનમાં જનારનું ફક્ત આટલું જ કામ - ટ્રેનમાં બેસી રહેવું. તે સ્વયં ઈષ્ટ સ્થાને પહોંચી જાય.

ઉવસ્સગ્ગહરંમાં કહ્યું : **'ता देव दिज्ज बोहिं'** ભગવન્ ! મને બોધિ આપો.' બધું જ હોત તો આમ માંગવાની જરૂર શી પડે ?

આવતી કાલે ચૌદશ છે. આયંબિલ કરજો, મંગળરૂપ છે. વિઘ્ન નિવારક છે. થાળી-જીભ-મન વગેરે કાંઈ નહિ ખરડાય.

આયોજક ન કહી શકે, પણ અમે કહી શકીએ.

કાલે રસ પડી જાય તો આસો ઓળીમાં આવી જજો.

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક વાંચતાં તો પ્રભુ ભક્તિમાં ઓતપ્રોત બની જઈએ છીએ. જેમ ગુલાબની સુગંધ તેલમાં આવે તેમ આ પુસ્તક વાંચતા ભક્તિની ફોરમ મારામાં આવે તેવું લાગે છે. અંતે પ્રભુ સંદેશ અનેક લોકો સુધી પહોંચાડવાનું કાર્ય અમારા માટે કરનાર પૂ.પં. મુક્તિચંદ્રવિ. મ.સા. તથા પૂ.ગ. મુનિચંદ્રવિ. મ.નો ઉપકાર તો ભવોભવ સુધી ભૂલી શકાય તેમ નથી.

- સા. વિનયગુણાશ્રી
પાલનપુર



ભાનુચંદ્રજી દેતે હુએ મુખ્યશ્રી, ચેન્નઈ (મદ્રાસ), વિ.સં. ૨૦૫૦

પૂ. સિદ્ધિસૂરિ સ્વર્ગતિથિ

ભાદરવા વદ ૧૪
૦૮-૧૦-૧૯૯૯ : સવાર

◆ એક પ્રકાશિત દીવો અનેકને પ્રકાશિત કરે, એક તીર્થંકર અનેકને પ્રકાશિત કરે. ભગવાન મહાવીરપ્રભુનો જલાવેલો શાસન-દીપ ૨૧ હજાર વર્ષ સુધી બુઝાયા વિના ઝળહળતો રહેશે.

◆ મનુષ્યની શોભા મધુર અને સત્યવાણી છે. ઈન્દ્રભૂતિ ભગવાન મહાવીરને જીતવા આવેલા, પણ ભગવાનની પ્રિય અને મધુર વાણીએ એમને વશ કરી લીધા. ભગવાનના જ તેઓ શિષ્ય થઈ ગયા.

◆ ગુરુની સેવા ક્યાં સુધી કરવી ?

गुरुत्वं स्वस्य नोदेति, शिक्षा-सात्म्येन यावता ।
आत्मतत्त्व-प्रकाशेन, तावत् सेव्यो गुरूत्तमः ॥

જ્યાં સુધી ઘટમાં અનુભવ પ્રકાશ ન થાય, જ્યાં સુધી શિક્ષા દ્વારા અંદર ગુરુત્વ પેદા ન થાય, ત્યાં સુધી ગુરુની સેવા

કરવી જોઈએ.

સમ્યગ્ દર્શન થયું તેને આત્મદર્શન, તત્ત્વદર્શન અને વિશ્વદર્શન થયું સમજો.

◆ ભક્તિનો બીજો પ્રકાર : માર્જારી ભક્તિ !

વાનરશિશુ માતાને વળગે છે. જ્યારે બિલાડી બચ્ચાંને પકડે છે.

જ્ઞાની અને ભક્તની ભક્તિમાં આટલો ફરક છે.

જ્ઞાની ભગવાનને પકડે છે. આ વાનરી ભક્તિ. દા.ત. અભયકુમાર

ભગવાન ભક્તને પકડે છે. આ માર્જારી ભક્તિ. દા.ત. ચંડકૌશિક.

અભયકુમારે ભગવાનને પકડ્યા હતા. યેન કેન પ્રકારેણ દીક્ષા લઈ ભગવાનનું શરણું લીધું હતું. જ્યારે ચંડકૌશિકને તારવા ભગવાન સામે ચડીને ગયા હતા.

◆ **जीयात् पुण्यांगजननी, पालनी शोधनी च मे ।**

મારા પુણ્યરૂપ શરીરને જન્મ આપનારી, તેનું પાલન શોધન કરનારી માતા જય પામો.

માતા શું કરે છે ? બાળકને જન્મ આપે, ઉછેરે, સાચવે અને સાફ કરે. મા સિવાય આ કામ કોણ કરી શકે ? યાદ છે આ બધું ? શૈશવને યાદ કરો. પારણામાં સૂતેલા હતા ત્યારે કોણ ઝૂલાવતું ? કોણ હાલરડા ગાતું ? કોણ દૂધ પીવડાવતું ? કોણ દેરાસરે લઈ જતું ? કોણ નવકાર શીખવતું ?

આવા સંસ્કાર આપનાર માતા શી રીતે ભૂલાય ? એની અવગણના શી રીતે થઈ શકે ? ૪૦૦ સાધકોમાં મા ની અવગણના કરનારો કોઈ નહિ જ હોય. એવાને અહિં આવવાનું મન પણ ન થાય.

આપણે રડતા'તા ને મા દોડતી આવતી.

આપણે ભૂખ્યા થતાને મા દૂધ પીવડાવતી.

આપણે પથારી બગાડતા ને મા તે કાઢીને સૂકી પથારીમાં સૂવડાવતી. આવી મા તમે ભૂલો ખરા ? ભગવાન પણ જગતની મા છે, જગદંબા છે.

મદ્રાસમાં એવી હાલત થયેલી, તબિયત એટલી ખરાબ થયેલી કે જવાની તૈયારી, મુહપત્તિના બોલ પણ ન બોલી શકું. આવી અવસ્થામાં મને ઉગારનાર કોણ ? મા સિવાય કોણ ? ભગવાનમાં હું 'મા'ના દર્શન કરું છું.

એમણે આવીને મને બચાવી લીધો. આજે મને લાગે છે : ભગવાને મને જાણે પુનરવતાર આપ્યો.

◆ **'मग्गे अविप्पणासो, आयारे विणययया - सहायत्तं'**

નિર્યુક્તિમાં આમ શ્રી ભદ્રબાહુસ્વામીએ પંચ પરમેષ્ઠીના ગુણો ગણાવ્યા છે.

અરિહંત માર્ગદાતા છે.

સિદ્ધ અવિનાશી છે.

આચાર્ય આચાર-પાલક અને આચાર-પ્રસારક છે.

સ્વયં વિનીત ઉપાધ્યાય ભગવંતો વિનય-દાયક છે.

उपाध्यायानां तु नमस्कारार्हत्वे विनयो हेतुः, यतस्तान स्वयं विनीतान् प्राप्य कर्मविनयनसमर्थविनयवन्तो भवन्ति देहिन : ।

- आवश्यहारिभद्रीयवृत्तिः

ઉપાધ્યાયની નમસ્કરણીયતામાં વિનય હેતુ છે. કારણ કે સ્વયં વિનીત ઉપાધ્યાયને પામીને જીવો કર્મનો નાશ કરનાર વિનયવાળા બને છે. (પૂ. પ્રદ્યુમ્નસૂરિજીએ 'વિનયન'નો અર્થ વિનિયોગ-જ્ઞાનનો વિનિયોગ કરવાનો એવો કર્યો છે.)

સાધુ મોક્ષ-માર્ગમાં સહાયતા કરનારા છે.

◆ બીજાનું જ્ઞાન આપણામાં શી રીતે સંક્રાન્ત થાય ? વિનયથી, બહુમાનથી.

વિનય હશે તો જ્ઞાન આવવાનું જ છે. માટે જ જ્ઞાનની બહુ ફિકર નહિ કરતા, વિનયની કરજો. નવકાર વિનય શીખવે છે. નવકાર વિનયનો મંત્ર છે. નવકાર અક્કડ જીવોને ઝૂકવાનું શીખવે છે. નવકાર વારંવાર કહે છે : નમો... નમો... નમો...

નમશો તો ગમશો, નહિ તો ભવમાં ભમશો.

એકવાર નહિ, છ વાર 'નમો'નો પ્રયોગ નવકારમાં થયેલો છે.

નમોથી વિનય આવે - વિનય એક પ્રકારની સમાધિ છે; એમ શ્રી દશવૈકાલિકમાં કહ્યું છે.

અરિહંત પાસેથી માર્ગ મેળવવાનો છે.

ભગવાન માર્ગદાતા જ નથી, સ્વયં પણ 'માર્ગરૂપ' છે.

એટલે જ ભગવાનને પકડી લો, માર્ગ પોતાની મેળે આવી જશે.

જુઓ, ઉપાધ્યાય યશોવિજયજી કહે છે :

તાહરું ધ્યાન તે સમકિત રૂપ,
તેહિજ જ્ઞાન ને ચારિત્ર તેહ છેજી;
તેહથી રે જાયે સઘળા હો પાપ,
ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોયે પછીજી.

ભગવાનનું ધ્યાન જ સમ્યગ્ દર્શન - જ્ઞાન અને ચારિત્ર છે, એમ ઉપાધ્યાયજી મ.નું કહેવું છે. તો ભગવાન 'માર્ગ' બની ગયા ને ?

◆ આજે પૂ. બાપજી મ.ની ૪૦મી સ્વર્ગતિથિ છે. ૧૦૫ વર્ષની વયે ૨૦૧૫માં સ્વર્ગવાસી થયેલા. એમની પરંપરામાં ૧૦૩ વર્ષના ભદ્રસૂરિજી તથા અત્યારે વિદ્યમાન ૯૮ વર્ષીય ભદ્રંકરસૂરિજીનું સ્મરણ થઈ આવે છે. વિ.સં. ૧૯૧૧ શ્રા.સુ. ૧૫ના જન્મ પામેલા.

પૂ. બાપજી મ.નું ગૃહસ્થપણાનું નામ ચુનીલાલ હતું. લગ્ન પછી વૈરાગ્ય થતાં પત્ની ચંદનની રજા લઈ સ્વયં સાધુ-વેષ પહેરી લીધો. ૩ દિવસ સુધી કુટુંબીઓએ પૂરી રાખ્યા. ખાવા-પીવાનું આપ્યું નહિ. આખા અમદાવાદમાં હલચલ મચી ગઈ.

આખરે કુટુંબીઓએ રજા આપવી પડી. લવારની પોળમાં મણિવિજયજીએ દીક્ષા આપી. ૧૯૩૨માં દીક્ષા આપી. મણિવિજયજીના સૌથી છેલ્લા શિષ્ય 'સિદ્ધવિજયજી' બન્યા. પછીથી પત્ની ચંદને દીક્ષા લીધી. સાળાએ પણ દીક્ષા લીધી નામ આપ્યું : પ્રમોદવિજયજી !

પહેલા જ ચોમાસામાં ગુરુ-આજ્ઞાથી વૃદ્ધ સાધુ રત્નસાગરજી મ.ની સેવામાં સુરત ગયા. સતત ૮ વર્ષ સુધી

સેવા કરી. સુરતના લોકોનો પ્રેમ જીત્યો. એમણે પાઠશાળા સ્થાપી, તેમાં પણ પોતાનું નામ નહિ, પણ રત્નસાગરજીનું નામ આપ્યું. આજે પણ રત્નસાગરજીના નામવાળી પાઠશાળા ચાલે છે.

એ જ વર્ષે આ.સુ. ૮ના ગુરુદેવ મણિવિજયજી કાળધર્મ પામ્યા. ગુરુનું સામીપ્ય માત્ર છ જ મહિના મળ્યું. પણ અંતરના આશીર્વાદ મળી ચૂક્યા હતા.

ભણવાનો એટલો રસ કે છાણીથી રોજ ૯ કિ.મી. ચાલીને વડોદરા રાજારામ શાસ્ત્રી પાસે ભણવા જાય.

વિ.સં. ૧૯૫૭માં સુરતમાં ૩૦ દિવસના મહોત્સવપૂર્વક એમની પંન્યાસપદવી થઈ.

૮૪ વર્ષની ઉંમરે એમણે ચાલીને સિદ્ધાચલ - ગિરનારની યાત્રા કરેલી.

૫૦૦ પ્રતિમાઓની તેમણે અંજનશલાકા કરેલી. છેલ્લા ૩૩ વર્ષથી અખંડ વર્ષીતપ ચાલતા હતા. કાળધર્મના દિવસે (ભા.વ. ૧૪) પણ ઉપવાસ હતો.

(દક્ષેશભાઈ સંગીતકારે સિદ્ધિસૂરિજીનું ગીત ગાયું)


(માંડવીમાં આજે જે ૨૦ હજાર ઘેંટા તથા ૧૦ હજાર મરઘાઓ કોઈ કાર્યક્રમમાં ભોજન માટે હોમાઈ જવાના હતા. સખ્ખત વિરોધ થતાં, તે કાર્યક્રમ બંધ રહ્યો છે. તે માટે આપણે સૌ આનંદ અનુભવીએ છીએ. ગુજરાતના C.M. કેશુભાઈની દરમ્યાનગિરિથી આ કાર્ય થયું છે.)

✧ ✧ ✧ ✧ ✧

'કહ્યું કલાપૂર્ણસૂરિએ' નું બહુમૂલ્ય નજરાણું હમણાં જ હાથમાં આવ્યું.

પૂજ્યશ્રીની આ વાચના-પ્રસાદી અનેક આત્માઓને સુલભ કરી આપવાના તમે આદરેલા સમ્યક્ પ્રયાસ બદલ તમને ખૂબ-ખૂબ ધન્યવાદ...

- આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ



પદવી-પ્રસંગ, મદ્રાસ, વિ.સં. ૨૦૫૨, [illegible] ૧૨

ભાદરવા વદ ૧૪
૦૮-૧૦-૧૯૯૯ : બપોર

◆ નમસ્કાર ભલે સેવકે કર્યો, પણ નૈગમ-વ્યવહાર નયના મતે ગણાય નમસ્કરણીયનો. નમસ્કરણીય ન હોય તો નમસ્કાર કોને થાત ? નમસ્કરણીયનો આ પણ એક ઉપકાર છે.

સામાયિકનો અધ્યવસાય પેદા કરાવનાર અરિહંતો છે. આખી દુનિયામાં શુભ અધ્યવસાયો પેદા કરાવવાનો ઠેકો અરિહંતોએ જ લીધો છે એમ કહીએ તો પણ ચાલે.

◆ મહેન્દ્રભાઈએ પરિવારવતી આવીને વિનંતી કરેલી : મારે આવું અનુષ્ઠાન કરાવવું છે. અમે હા પાડી. અગાઉ પણ આવું અનુષ્ઠાન કરાવેલું છે. અમારા જૂના પરિચિત છે.

ભૂમિનો પણ પ્રભાવ હોય છે. જ્યાં નિર્વિઘ્ને કાર્ય પૂર્ણ થાય છે. સુરત કે મુંબઈમાં આવું કાર્ય થઈ શકત ? આવું શાન્ત વાતાવરણ મળત ?

મદ્રાસ અંજનશલાકામાં ભોજન, મહોત્સવ, વિધિવિધાન, સ્ટેજ પ્રોગ્રામ, મંદિર વગેરે બધું જ અલગ-અલગ. બરાબર જામે નહિ. ઉદારતા વિના આવું અનુષ્ઠાન શોભે નહિ.

ફરી-ફરી આવા અનુષ્ઠાનો કરાવતા રહો - બીજાને પણ આવી પ્રેરણા મળશે : અમે પણ આવું કરાવીએ. દીક્ષા, પ્રતિષ્ઠા કે ઉપધાન જે અનુષ્ઠાન દેખાય તે કરાવવાનું મન માણસને થતું હોય છે.

◆ ૧૪ પૂર્વી છેલ્લે બધું કદાચ ભૂલી જાય, પણ નવકાર ન ભૂલે, નવકાર આ ભવમાં જ નહિ, ભવોભવમાં ભૂલવાનો નથી.

◆ ભેંસ વગેરે ખાધા પછી વાગોળે છે, તેમ તમે અહીં સાંભળેલા પદાર્થો વાગોળજો. અહીં તો સૂત્રાત્મકરૂપે આપ્યું છે. એનો વિસ્તાર બાકી છે, મંથન બાકી છે.

'उपयोगो लक्षणम्' વગેરે કેટલા અર્થ ગંભીર સૂત્રો છે ? તેના પર જેટલું ચિંતન કરીએ, તેટલું ઓછું છે. આ અનુષ્ઠાનમાં આરાધકો તરફથી આયોજકની કે આયોજકો તરફથી આરાધકોની કોઈ ફરિયાદ નથી આવી. આવું બહુ ઓછા સ્થાને બનતું હોય છે.

◆ પંચ પરમેષ્ઠી અરિહંતનો જ પરિવાર છે.

ગણધરો (આચાર્યો) અરિહંતના શિષ્યો છે.

ઉપાધ્યાયો ગણધરોના શિષ્યો છે.

સાધુઓ ઉપાધ્યાયોના શિષ્ય છે.

'સિદ્ધ' એ બધાનું ફળ છે.

◆ ભગવાનનું શરણું ૪ સ્થાનથી મળે.

૪ સ્થાન એટલે ૪ ફોનના સ્થાનો સમજો.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.

જાપથી નામની, મૂર્તિથી સ્થાપનાની, આગમથી દ્રવ્યની અને શુદ્ધ આત્મદ્રવ્યથી ભાવ અરિહંતની ઉપાસના થઈ શકે.

આ ચારનો સંપર્ક કરશો તો ભગવાન મળશે જ.

આ પ્રભુને તમે ક્ષણ વાર પણ છોડશો નહિ.

વાનર-શિશુની જેમ આપણે ભગવાનને વળગી રહેવાનું છે. ભગવાનને છોડીશું તો ભાંગીને ભૂક્કો થઈ જઈશું.

પ્રભુ પદ વળગ્યા, તે રહ્યા તાજા,
અળગા અંગ ન સાજા રે...

પ્રભુને વળગવું એટલે એમની આજ્ઞાને વળગવું. વાનર-શિશુ જો માતાને છોડી દે તો ?

અહીં જો જાપમાં તમને આનંદ આવ્યો હોય તો આ જાપ તમે જીવનમાં ઉતારજો. જાપથી સંસારના દુઃખોમાં ટકી રહેવાનું બળ મળશે.

રાત્રિભોજન - અભક્ષ્યત્યાગ વગેરે જીવનમાં અપનાવજો; જો નવકારને ફળદાયી બનાવવો હોય.

✧ ✧ ✧ ✧ ✧

આજે અહીં સોસાયટીના દેરાસરની પ્રતિષ્ઠાના માહોલમાં જ પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્યદેવશ્રીના આઘાતજનક સમાચાર સાંભળી આંચકો અનુભવ્યો । ચતુર્વિધ શ્રીસંઘ સાથે દેવવંદન કર્યા ।

બસ ए પછી આખો દિવસ પૂજ્યશ્રીના જ વિચારો મનમાં ઘૂમરાયા કરે છે ।

ગત વર્ષે અમારા તારક ગુરુદેવશ્રીના સ્વર્ગગમન પછી એમ લાગ્યા કરતું કે પૂજ્યપાદ બાપજી મહારાજની પરંપરાના સંસ્કારોના અવશેષો પૂજ્યપાદ અધ્યાત્મયોગી આચાર્ય ભગવંતશ્રીના જીવનમાં જીવંત જોવા મળે છે અને ए ગણત્રીए જ પૂજ્યપાદશ્રીની યાદ આવતાં અંતરમાં આશ્વાસન અનુભવાતું હતું ।

પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીની વિશાળ ભક્તગણ અને મોટા મહોત્સવો વચ્ચે પણ અલિપ્તતા-અંતર્મુખતા, સ્વાધ્યાય પ્રેમ - સતત પોતાના કર્તવ્ય પ્રત્યેની સજાગતા બાહ્યદૃષ્ટિए આટલી ઊંચી ભૂમિકા પર પહોંચ્યા હોવા છતાં અષ્ટપ્રવચનમાતાના પાલન માટેની અદ્ભુત કાળજી વગેરે ગુણો આજે નજર સામે તરવર્યા કરે છે ।

પૂજ્યપાદશ્રી જિનશાસનના સિતારા હતા । બાહ્યભૂમિકામાં પ્રચંડ પુણ્યના સ્વામી અને છતાં અંતરંગ ભૂમિકામાં મહાવૈરાગી હતા ।

આજે પૂજ્યપાદશ્રીને ગુમાવીને આપશ્રીए જ નહીં પણ આપણે સહુए ઘણું ઘણું ગુમાવ્યું છે ।

હવે તો આપણા જીવનમાં શેષ બચેલ પૂજ્યપાદશ્રીની સ્મૃતિનું આલંબન લઈને આગળ વધવા માટે મથવાનો પ્રયત્ન કરવો રહ્યો ।

*- एज... **પંન્યાસ નરરત્નવિજયની વંદના***

(પૂ. ભદ્રંકરસૂરિજીના)

મ.સુ. ૪, લીંબડી.



પદવી-પ્રદાન, મદ્રાસ, વિ.સં. ૨૦૫૨, માગ સુ. ૧૩

ભાદરવા વદ ૦))
૦૯-૧૦-૧૯૯૯, શનિવાર

આલોચના, પ્રશ્ન, પૂજા, સ્વાધ્યાય, અપરાધ - ક્ષમા - આ બધી વખતે ગુરુનું વંદન જરૂરી છે.

ગુરુવંદન વિનયનું મૂળ છે.

આત્માની શુદ્ધિ માટે આમ જરૂરી છે.

આલોચના કરીએ, પણ શુદ્ધિપૂર્વક ન કરીએ. (જેટલી તીવ્રતાથી દોષો સેવ્યા હોય, તેટલી જ તીવ્રતાથી આલોચના કરવી જોઈએ) તો સંસાર પરિભ્રમણ વધી જાય છે, એમ મહાનિશીથમાં દૃષ્ટાંતપૂર્વક દર્શાવ્યું છે.

કર્મનું વિનયન (વિનાશ) કરે તે વિનય કહેવાય.

રસ્તે ચાલતાં પગે કાંટા વાગેલા હોય તો આગળ ચાલી શકાય ખરું ? કાંટા કાઢ્યા પછી જ ચાલી શકાય, તેમ આલોચનાથી દોષોના કાંટા કાઢ્યા પછી જ સાધનાના માર્ગે આગળ વધી શકાય.

कयपावोऽवि मणुस्सो, आलोइय निंदिअ गुरुसगासे ।
होइ अइरेग लहुओ, ओहरिअ - भरुव्व भारवहो ॥

પાપી માણસ પણ ગુરુ પાસે પાપોની આલોચના અને નિંદા કરે તો અત્યંત હળવો થાય છે, જેમ ભાર ઊતાર્યા પછી મજૂર હળવો થાય છે.

જ્યાં સુધી આપણે આલોચના લેતા નથી, ત્યાં સુધી ભારે છીએ.

આલોચના વખતે માત્ર તે જ પાપ દૂર થાય છે, તેવું નથી, જન્મ જન્માંતરોના પાપો પણ દૂર થઈ જાય છે. ઝાંઝરીયા મુનિના ઘાતક રાજાને પશ્ચાત્તાપ થયો ત્યારે મુનિ - હત્યાનું જ પાપ નહિ, જન્મ-જન્માંતરોના પાપ પણ નષ્ટ થઈ ગયા. રાજા કેવળી થયો. જ્યારે તમે વસ્ત્રનો ડાઘ સાફ કરવા ધુઓ છો, ત્યારે માત્ર ડાઘ જ સાફ નથી કરતા, વસ્ત્ર આખુંય સાફ કરો છો.

◆ પાણીની જેમ તમે ઘી નથી ઢોળતા. જરૂરથી વધારે રૂપિયા નથી વાપરતા તો વાણી કેમ વાપરો છો ? મન કેમ વાપરો છો ?

અસંક્લિષ્ટ મન તો રત્ન છે, આંતરિક ધન છે. એને કેમ વેડફવા દેવાય ?

चित्तरत्नमसंक्लिष्टम् आन्तरं धनमुच्यते ।

આપણી વાણી કેટલી કિંમતી છે ? મૌન રહીને જો વાણીની ઊર્જાનો સંચય કરીશું તો આ વાણી અવસરે કામ લાગશે, નહિ તો એમ ને એમ વેડફાઈ જશે.

મનથી જો દુર્ધ્યાન કરીશું, આડા-અવળા વિચારો કર્યા કરીશું તો શુભ ધ્યાન માટેની ઊર્જા ક્યાંથી બચશે ?

વાણી પ્રભુના ગુણો ગાવા મળી છે.

तत्र स्तोत्रेण कुर्यां च, पवित्रां स्वां सरस्वतीम् । આ વાણીથી કઠોર વચન શી રીતે નીકળે ? કોઈની નિંદા શી રીતે થઈ શકે ?

આ મન પ્રભુનું ધ્યાન ધરવા માટે છે, ત્યાં બીજાનું ધ્યાન શી રીતે ધરાય ?

રાજાને બેસવા લાયક સિંહાસન પર ભંગીને કેમ બેસાડાય ?

જો આપણે આ મન-વચન-કાયાના યોગોનો દુરુપયોગ કરીશું તો એવી ગતિમાં જવું પડશે જ્યાં મન અને વચન નહિ હોય. શરીર મળશે ખરું પણ અનંત જીવો માટે એક જ !

એક શ્વાસમાં ૧૭ વખત મૃત્યુ, ૧૮ વખત જન્મ થાય, પૂરા મુહૂર્ત્તમાં ૬૫૫૩૬ વખત જન્મ-મરણ થાય, તેવા નિગોદમાં જવું પડશે.

એકવાર ત્યાં ગયા પછી નીકળવું કેટલું મુશ્કેલ છે ?

અત્યારે આપણે ટેકરીની એવી કેડી પરથી ચાલી રહ્યા છીએ કે એક તરફ ખાઈ ને બીજી તરફ શિખર છે. સ્હેજ ચૂક્યા તો ખાઈ તૈયાર છે - નિગોદની ખાઈ !

શિખર - ઉર્ધ્વગતિ માટે પ્રયત્ન જોઈશે, ભયંકર પુરુષાર્થ જોઈશે. પ્રભુ-કૃપાથી જ આ શક્ય બને. પ્રભુની અનન્યભાવે શરણાગતિ સ્વીકારો.

'કરુણાદૃષ્ટિ કીધી રે, સેવક ઉપરે;
ભવભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો...'

પ્રભુ કૃપાથી મોહનવિજયજી જેવી સ્થિતિ આપણી પણ કેમ ન બને ?

इच्छन्न परमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ।
परमं भावमन्विच्छन्नाऽविवेके निमज्जति ॥

પરમ ભાવોને ઈચ્છતો અવિવેકમાં સરી પડતો નથી. પરમ ભાવોને નહિ ઈચ્છતો વિવેક-પર્વત પરથી નીચે પડે છે.

અશુભ યોગોથી જે પાપો બંધાય, તેનો નાશ શુભ ભાવોથી જ થાય, અશુભ ભાવોથી તો ઉલ્ટા પાપો વધે.

જે અપથ્ય આહારથી રોગ થયો હોય તે અપથ્ય આહારના ત્યાગથી જ રોગનો નાશ થઈ શકે.

◆ આપણા દોષો આપણે જ પકડી શકીએ. બીજું કોણ પકડે ? ૨૪ કલાક કાંઈ ગુરુ સાથે ન હોય. કદાચ જાણે તો પણ ગુરુ વારંવાર ટક-ટક ન કરી શકે. સ્વમાન ઘવાય તો શિષ્યને ગુરુ પર પણ ગુસ્સો આવી જાય.

એ તો જાતે જ કરવાનું છે. આ કામ આપણે નહિ

કરીએ તો બીજું કોઈ નહિ કરી શકે.

◆ શત્રુઓ હુમલા કરે ત્યારે કેટલું સાવધ રહેવું પડે ?

૨૦૨૧માં હું ભુજપુર હતો. ત્યારે પાકિસ્તાનનું વિમાન એકદમ નીચેથી નીકળેલું ને જામનગર જઈ હુમલો કર્યો એ જ અરસામાં ગુજરાતના મુખ્યપ્રધાન બળવંતરાય મહેતાનું સુથરીમાં વિમાનમાં અવસાન થયેલું.

કષાયોનો હુમલો પણ આવો જ હોય છે.

આપણે સદા સાવધાન રહેવાનું છે.

✧ ✧ ✧ ✧ ✧

तत्रभवता प्रेषितं पुस्तकं 'कह्युं कलापूर्णसूरिए' इति समधिगतं । समवगतश्च तत्रगतं तत्त्वं किञ्चित् । भवतः पुस्तक-सम्पादन-पद्धतिरतीव रमणीयतरा ।

पुस्तक-पठनावसरे संविदितानुभूति-रेतादशी यत् तत्रश्रीमतां श्रीमतां पूज्यप्रवराणां कलापूर्णसूरीश्वराणां सन्निकटस्थान एव उपविश्य यथा श्रूयते साक्षात् रूपेण वाचना / प्रवचनं वा एतादृग्वैलक्षण्यमनुभूय प्रमुदितं आस्माकीनं अन्तश्चेतः ।

एतत्सम्पादन-कार्य-कौशल्येन भवद्भ्यां प्रकृष्टपुण्यकर्म समुपार्जितम् ।

एतदर्थं धन्यवादार्हौ भवन्तौ ।

पुस्तक-प्रेषण-कार्येण भवद्भ्यामावाम् निश्चितरूपेणोपकृतौ । पुनः स्मरणीयौ आवामिति –

– जिनचन्द्रसागरसूरिः,
– हेमचंद्रसागरसूरिश्च
पालीताणा.



વદની-પ્રસંગ, વદાસ, ભાદ્ર સુ. ૧૩, વિ.સં. ૨૦૫૨

આસો સુદ ૧
૧૦-૧૦-૧૯૯૯, રવિવાર

ઉત્તમ ધૃતિ, ઉત્તમ સંઘયણવાળા માટે શ્રમણધર્મ છે, અન્ય માટે શ્રાવકધર્મ છે.

સમ્યગ્ દર્શન પહેલા તીર્થંકરના ભવની પણ ગણત્રી નથી કરવામાં આવી તો આપણી તો વાત જ ક્યાં કરવી ?

આપણા સૌનો ભૂતકાળ આવો એક સરખો છે : અનંતા દુઃખોથી ભરેલો. હવે જો અહીં પ્રમાદ કરીશું તો એ ભૂતકાળ ફરીથી મળશે. એ જ દુઃખોમાં રીબાવું પડશે. પુનઃ પુનઃ તે જ સ્થાનોમાં, તે જ ભાવોમાં જવું તે જ ચક્ર છે. સંસાર ચક્ર જ છે.

◆ ઉત્તમ ક્ષમા, ઉત્તમ મૃદુતા, ઉત્તમ ઋજુતા, ઉત્તમ સંતોષ મળે ત્યારે જ શુક્લ ધ્યાનના અંશની ઝલક મળી શકે.

◆ ૧૧મા ગુણઠાણાવાળા પણ પડીને નિગોદમાં જઈ શકે તો આપણાથી, મળ્યું છે તેટલામાં સંતોષ માનીને પ્રમાદમાં કેમ પડી શકાય ?

◆ અપ્રમત્તપણે સતત આત્મનિરીક્ષણ કરતા રહો. માયા કેમ થઈ ? અભિમાન ક્યાંથી આવ્યું ? ગુસ્સો કેમ

આવ્યો ? આપણે આત્મનિરીક્ષણ નહિ કરીએ તો કોણ કરશે ? આત્મનિરીક્ષણ વિના દોષો નહિ ટળે.

જે પાપો થયા હોય તેનું પ્રાયશ્ચિત્ત કરો. ગુરુ સાક્ષીએ ગર્હા અને આત્મસાક્ષીએ નિંદા કરો.

આપણા પરિણામો પડીને સાવ જ ચૂર-ચૂર થઈ જાય તે પહેલા તેને પકડી લો. બરણી વગેરે ઘણીવાર પડી જતી હોય છે, ત્યારે વચ્ચેથી જ કેવા પકડી લઈએ છીએ ? નીચે પડતી બરણી હજુ પકડી શકાય, પણ પડતા પરિણામને પકડવા મુશ્કેલ છે.

આ રીતે પરિણામને ધારણ કરી રાખે તેને જ 'ધર્મ' કહેવાય. **'धारणाद् धर्म उच्यते ।'**

◆ પાલીતાણામાં આવેલા પૂર વખતે ચારિત્રવિજયજી કચ્છીએ ૧૦૦ જણને લગભગ બચાવેલા. તરવાની કળા તેઓ જાણતા હતા.

સાધુ-સાધ્વી સંસાર સાગરના તરવૈયા ગણાય.

આપણા આશરે આવેલાને આપણે નહિ તારીએ તો બીજો કોણ તારશે ?

◆ **બ્યાવર પાસેના બલાડ ગામમાં 'જિનાલય અમારા બાપદાદાનું બંધાવેલુ છે.' એમ ખબર પડતાં તેમણે જ પ્રતિષ્ઠા કરાવી. આચાર્ય તુલસીને સાફ કહી દીધું : આપના સંઘમાં અમને ગણો કે ન ગણો, અમે અમારા બાપ-દાદાનું મંદિર સંભાળવાના, ત્યાં અમે પ્રતિષ્ઠા કરાવેલી.**

હમણાં હગરીબામનહલ્લીમાં પ્રતિષ્ઠાનો ચડાવો એક તેરાપંથીએ લીધેલો.

અહીંની બાજુના મોખા ગામમાં પ્રતિષ્ઠા નાની પક્ષના સ્થાનકવાસીઓએ કરાવેલી.

◆ દુકાનમાં આગ લાગી છે, એમ ખબર પડતાં તમે શું કરો ? તરત જ બુઝાવી નાખો ને ?

મનમાં પણ કષાયો ઉત્પન્ન થાય, તે જ ક્ષણે એને શાંત કરી દો. કષાય આગથી પણ ખતરનાક છે.

अणथोवं वणथोवं अग्गिथोवं कसायथोवं च ।

न हु भे वीससिअव्वं थोवंपि हु तं बहु होइ ॥

કષાયાદિના નાશ માટે પગામસિજ્જાય આદિ સૂત્રો અત્યંત ઉપયોગપૂર્વક બોલવા. 'एगविहे असंजमे'થી લઈને તેત્રીશ આશાતનાઓ સુધી કેવું વર્ણવ્યું છે ?

आ = समन्तात् शातना = आशातना ચારેબાજુથી જે ખલાસ કરી નાખે તે આશાતના છે.

આગની જેમ આશાતનાથી દૂર રહો. આગ સર્વતોભક્ષી છે, તેમ આશાતના પણ સર્વતોભક્ષી છે. આપણું બધું ખલાસ કરી નાખે.

પગામસિજ્જાય આદિ સૂત્રો કદાચ બીજા બોલતા હોય તો ખૂબ જ ઉપયોગપૂર્વક સાંભળવા. એ બોલતા રહે ને આપણો ઉપયોગ બીજે રહે, એવું ન બનવું જોઈએ.

ડ્રાઈવર ગાડી ચલાવતાં જેટલો જાગૃત રહે તેટલી જ જાગૃતિ સૂત્રાદિમાં હોવી જોઈએ.

પ્રશ્ન : ડ્રાઈવર ગાડી ચલાવે, બીજા નિરાંતે બેઠા રહે, તેમ બોલનાર સૂત્ર બોલે બીજા ઉપયોગશૂન્ય થઈ સાંભળે તે ન ચાલે ?

ઉત્તર : અહીં બધા જ ડ્રાઈવર છે. બધાની આરાધનાની ગાડી અલગ છે. કોઈની ગાડી, બીજો કોઈ ન ચલાવી શકે. તમારી ગાડી તમારે જ ચલાવવાની છે. એટલે જ તો ભગવાન મહાવીરે ઈન્દ્રને સહાયતા માટે ના પાડેલી. મારી સાધના મારાવતી બીજો કોઈ શી રીતે કરી શકે ? બીજાના ખભે બેસીને મોક્ષના માર્ગે જઈ શકાતું નથી.

તમારાવતી બીજો કોઈ જમી લે, તે ચાલે ?

◆ આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક સાધુ વગેરે કોઈની પણ સાથે અપરાધ થયો હોય તે ખમાવવાનો છે. **'आयरिय उवज्झाए'** સૂત્ર આ જ શીખવે છે.

ધર્મમાં ઓતપ્રોત ચિત્તવાળો જ ક્ષમાપના કરી શકે. **'उवसमसारं खु सामण्णं'**

સમગ્ર સાધુતાનો સાર ઉપશમ છે.

સાંવત્સરિક પર્વ ક્ષમાપના પર્વ છે. જૈનોમાં એટલું એ

વ્યાપક છે કે ભારતના કોઈ પણ ખૂણે રહેલો જૈન ક્ષમાપના કરશે.

આપણે સૌ ભગવાન મહાવીરના સંતાન છીએ. ક્ષમા આપણો ધર્મ છે. એ માર્ગે ચાલીએ તો જ એમના અનુયાયી કહેવાઈએ.

ક્ષમાપના ન કરીએ, મનમાં વૈરનો અનુબંધ રાખીએ તો કમઠ કે અગ્નિશર્માની જેમ ભવોભવ વેરનો અનુબંધ સાથે ચાલે. આ બધી વાતો સાંભળીને ક્રોધના અનુબંધથી અટકવાનું છે.

આજે ભગવતીમાં આવ્યું :

પ્રશ્ન : સાધુને સંસાર હોય ?

ઉત્તર : પૂર્વ કર્મોનો ઉચ્છેદ ન કરેલો હોય, તો અનંતકાળ સુધી પણ સાધુનો જીવ સંસારમાં રખડે.

◆ કર્મ કહે છે : હું શું કરું ? તમે મને બોલાવ્યો એટલે હું આવ્યો. સિદ્ધો નથી બોલાવતા તો હું તેમને ત્યાં નથી જતો.

પ્રતિક્રમણ આવા પાપકર્મોને દૂર કરવાની પ્રક્રિયા છે. તે વખતે જ પ્રમાદ કરીએ તો થઈ રહ્યું. સૈનિક યુદ્ધ વખતે જ પ્રમાદ કરે તો ? પોતે તો મરે જ, દેશને પણ ઘોર પરાજય સહવો પડે.

આપણે પ્રમાદ કરીશું તો આપણે તો સંસારનું સર્જન કરીશું, પણ આપણા આશ્રિતને પણ સંસારમાં જવું પડશે.

◆ ભગવાન પ્રતિ પ્રીતિ જાગે તો ભવભ્રમણ ટળી શકે.

जइ इच्छह परमपयं, अहवा किर्त्ति सुवित्थडं भुवणे ।
ता तेलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥

બે સ્તવન વધુ બોલી જવાથી ભક્તિ નથી આવી જતી, પણ જિનવચનમાં આદર થવાથી ભક્તિ નિશ્ચલ બને છે.

જિનનો પ્રેમ જિન-વચનના પ્રેમ તરફ લઈ જનારો હોવો જોઈએ.

✧ ✧ ✧ ✧ ✧



કાકદૂર ૨૪ તીર્થંકર ધામ-પ્રતિષ્ઠા, વિ.સં. ૨૦૫૨, વૈશાખ

આસો સુદ ૨
૧૧-૧૦-૧૯૯૯, સોમવાર

લોકનો સાર ચારિત્ર છે. એને પ્રાપ્ત કરાવનાર સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન છે. એની શુદ્ધિ વધે તેટલો મોક્ષ નજીક આવે, અશુદ્ધિ વધે તેમ સંસાર વધે.

દેવ-ગુરુની કૃપાથી જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય, જે આપણામાં જ પડ્યા હતા, ઘરમાં દટાયેલો ખજાનો જેમ કોઈ જાણકારના કહેવાથી મળી આવે, તેમ દેવ-ગુરુ દ્વારા આપણી અંદર રહેલો ખજાનો હાથ લાગે છે.

આપણે બાહ્ય ખજાના માટે ફાંફા મારીએ છીએ, પણ એ પરિશ્રમ નકામો જવાનો છે. કારણ કે વિષયોમાં, સત્તામાં કે સંપત્તિમાં ક્યાંય સુખ કે આનંદ નથી જ. ખરો આનંદ આપણી અંદર જ છે. ત્યાંથી જ એ મળી શકશે. શરીર પણ જ્યાં છુટી જવાનું છે, ત્યાં પૈસા વગેરેની તો વાત જ શી કરવી ? પૈસા વગેરેમાંથી સુખ શી રીતે મળી શકે ?

અંદરના ગુણો જ ખરું ધન છે, એ જ ખરો ખજાનો છે. એ મળી ન જાય માટે મોહરાજા આપણને ઈન્દ્રિયોના પાશથી

બાંધી મૂકે છે.

◆ પંચાચારમાં લાગેલા દોષોની, અતિચારોની શુદ્ધિ માટે પ્રતિક્રમણ છે. (સાધુ માટે પગામસિજ્જાય)

પ્રતિક્રમણ પછી ગુરુ-વંદન આવે. દૈનિક ત્રણ, પક્ખી ત્રણ, ચોમાસી પાંચ અને સંવત્સરીમાં છ અબ્ભુટ્ઠિઆ હોય છે.

આપણે એવા વક્ર ને જડ છીએ કે પ્રતિક્રમણ કર્યા પછી પણ પાપો ચાલુ જ રાખીએ છીએ. એટલે જ રોજ પ્રતિક્રમણ કરવાના છે. રાત્રિના પાપો માટે રાઈ, દિવસના પાપો માટે દૈવસિક પ્રતિક્રમણ કરવાનું છે. જ્યારે મહાવિદેહમાં કે મધ્યમ તીર્થંકરના શાસનમાં પ્રતિક્રમણ રોજ ફરજિયાત નથી. દોષ લાગે તો જ કરવાનું. કારણ કે તેઓ ઋજુ અને પ્રાજ્ઞ છે. માણસ જેમ જડ અને વક્ર વધુ તેમ કાયદા - કાનૂન વધુ. જેમ સરળ અને બુદ્ધિમાન વધુ તેમ કાયદા-કાનૂન ઓછા.

વધતા જતા કાયદા-કાનૂન, વધતી જતી વક્રતા અને જડતાને જણાવનારા છે. વધતા કાયદાથી રાજી થવા જેવું નથી. કાયદાઓનું જંગલ માણસની અંદર રહેલું જંગલીપણું બતાવે છે.

'જીવો પમાયબહુલો' આપણામાં પ્રમાદ વિશેષ છે. આથી વિધિપૂર્વક પ્રતિક્રમણ ન કર્યું હોય, કંઈક ભૂલો રહી ગઈ હોય, તે પ્રમાદને જીતવા માટે આયરિય ઉવજ્ઝાય પછીનો કાઉસ્સગ્ગ છે.

◆ મૈત્રી આદિથી ભાવિત બનવું છે, એના બદલે આપણે પ્રમાદથી, દોષોથી ભાવિત બનેલા છીએ.

પ્રમાદની આવી બહુલતાના કારણે જ ભગવાન વારંવાર પ્રમાદ નહિ કરવાની ટકોર ગૌતમસ્વામીના માધ્યમથી સૌને કરતા હતા.

મુનિચન્દ્રવિજય : 'આયરિય ઉવજ્ઝાય'ના કાઉસ્સગ્ગમાં પણ પ્રમાદ થઈ જાય તો શું કરવું ?

ઉત્તર : કાઉસ્સગ્ગ પ્રમાદ જીતનાર છે. કાઉસ્સગ્ગથી પ્રમાદ જાય. 'પ્રમાદ હટાવવા માટે કાઉસ્સગ્ગ કરવાનો છે.' એવી ભગવાનની આજ્ઞા છે. એ આજ્ઞા પાળી એટલે પતી ગયું.

એમ તો આલોચનાના સ્વાધ્યાય વગેરેમાં પણ સ્ખલના થાય તો શું કરવું ? અપ્રમત્તપણે બધું કરવું એ જ ઉપાય.

ભૂખ લાગે તો ભોજન રોજ કરીએ છીએ ને ?

અહીં આપણે અનવસ્થા નથી જોતા.

પૂ. દેવેન્દ્રસૂરિ સ્ત્રી સંઘટ્ટો થઈ જતાં તરત જ કાઉસ્સગ્ગ કરી લેતા.

તે જ વખતે (દોષોના સેવન વખતે જ) કાઉસ્સગ્ગાદિ કરવામાં આવે તો ઘણા દોષોથી આપણે મુક્ત થઈ શકીએ.

◆ **'ભયો પ્રેમ લોકોત્તર જૂઠો, લોક બંધ કો ત્યાગ;**
કહો હોઉ કછુ હમ નવિ રુચે, છુટી એક વીતરાગ...'

આપણે પ્રમાદથી ભાવિત છીએ, પણ ઉપરના ઉદ્‌ગારો પ્રગટ કરનારા પૂ. યશોવિજયજી મ. પ્રભુ-ગુણથી, પ્રભુ-પ્રેમથી વાસિત છે.

કલ્પવૃક્ષના બગીચામાં તમે કલ્પવૃક્ષથી વાસિત બનો. ઉકરડામાં વિષ્ઠાથી વાસિત બનો. તમારે શાથી વાસિત બનવું છે ? દોષોથી કે ગુણોથી ?

ગુણો કલ્પવૃક્ષ છે,

દોષો વિષ્ઠા છે.

ભક્તિ જ, ભગવાન સિવાયના બીજા-બીજા પદાર્થોથી વાસિત થયેલા ચિત્તને છોડાવી શકે.

ગુફામાં સિંહ આવે તો બીજા પશુઓની શી તાકાત છે કે ત્યાં રહી શકે ? પ્રભુ જો હૃદયમાં છે તો શી તાકાત છે દોષોની કે ત્યાં રહી શકે ?

તું મુજ હૃદય - ગિરિમાં વસે, સિંહ જો પરમ નિરીહ રે;
કુમત માતંગના જૂથથી, તો કિશી મુજ પ્રભુ બીહ રે...

◆ પ્રભુ આપણા હૃદયમાં આવતા નથી કે આપણે પ્રભુને બોલાવતા નથી ? આપણે પ્રભુને બોલાવતા નથી એ જ વાત સાચી ગણાય.

ગભારો તૈયાર ન થયો હોય, સ્વચ્છતા ન હોય, ત્યાં ભગવાનની પ્રતિષ્ઠા શી રીતે થઈ શકે ?

હૃદયમાં દોષોનો કચરો જ્યાં થયેલો હોય ત્યાં ભગવાન

શી રીતે આવે ?

કાઉસ્સગ્ગ કરવો એટલે પ્રભુને હૃદયમાં બોલાવવા. લોગસ્સ પ્રભુને બોલાવવાનો આહ્વાન મંત્ર છે; એ પણ નામ દઈને.

એકાગ્રતાએ પ્રભુનો જાપ કરવાથી તે તે દોષ નષ્ટ થાય જ.

'ભોજન કરીશું ને વળી ભૂખ લાગશે તો ?' એવી શંકાથી ભોજન આપણે ટાળતા નથી. ભૂખ લાગે છે ત્યારે ભોજન કરીએ જ છીએ, તેમ દોષોને જીતવા વારંવાર કાયોત્સર્ગ કરો, પ્રભુને સ્મરો.

કાયોત્સર્ગ એટલે સ્તોત્રપૂર્વકનું પ્રભુનું ધ્યાન.

આખા પ્રતિક્રમણમાં ભક્તિ જ છે. માટે અલગ વિષય લેવાની જરૂર જ નથી.

પ્રતિક્રમણમાં કેટલા કાયોત્સર્ગ આવે ? બધા જ કાયોત્સર્ગ ભક્તિપ્રધાન જ છે.

ભગવાનના દરેક અનુષ્ઠાન પ્રમાદના જય માટે જ છે, દરેક ભોજન ભૂખ ભાંગવા માટે જ હોય છે.

કર્મ શત્રુઓને જીતવાની કળા, જેમણે સિદ્ધ કરી છે એમણે આ પ્રતિક્રમણાદિ કળા આપણને બતાવી છે.

ફરી તરસ, ફરી પાણી, ફરી ભૂખ, ફરી ભોજન, તેમ ફરી પ્રમાદ, ફરી કાયોત્સર્ગ !

ભોજન-પાણીમાં કંટાળો નહિ તો કાયોત્સર્ગમાં કંટાળો શાનો ?

◆ આયરિય ઉવજ્ઝાયવાળો બે લોગસ્સનો ૫૦ શ્વાસનો કાઉસ્સગ્ગ ચારિત્ર શુદ્ધિ માટે, પછીનો ૨૫ શ્વાસનો કાઉસ્સગ્ગ દર્શન શુદ્ધિ માટે, ત્યાર પછીનો ૨૫ શ્વાસનો કાઉસ્સગ્ગ જ્ઞાન શુદ્ધિ માટે.

પ્રિયધર્મી - પાપભીરૂ સંવિગ્ન સાધુ જ આવો કાયોત્સર્ગ વિધિપૂર્વક કરી શકે.

ચારિત્ર સાર છે, એ બતાવવા અહીં પશ્ચાનુપૂર્વીથી ક્રમ છે.

ચારિત્રની રક્ષા માટે સમ્યગ્ દર્શન અને સમ્યગ્ જ્ઞાન છે.

માટે પછી એના કાયોત્સર્ગ કરવાના છે.

चरणं सारो, दंसण - नाणा अंगं तु तस्स निच्छयओ ।

નિશ્ચયથી આત્માર્થી જીવોએ ચારિત્ર પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્ન : જ્ઞાન, દર્શનાદિ આચારોના અતિચારો તો આપણે બોલીએ છીએ, પણ તેની પ્રતિજ્ઞા ક્યારે લીધી ?

ઉત્તર : કરેમિ ભંતેમાં જ સામાયિકની પ્રતિજ્ઞા નથી લીધી ? સામાયિક ત્રણ પ્રકારનું છે. શ્રુત (જ્ઞાનાચાર), સમ્યક્ત્વ (દર્શનાચાર) અને ચારિત્ર સામાયિક (ચારિત્રાચાર)

◆ દશવૈકાલિકની રચના પહેલા આચારાંગનાં પ્રથમ અધ્યયન પછી જ વડીદીક્ષા થતી.

◆ ચઉવિસત્થોથી દર્શનાચારની

વંદનથી દર્શનાચાર અને જ્ઞાનાચારની, પ્રતિક્રમણથી ચારિત્રાચારની

કાઉસ્સગ્ગથી વીર્ય-આચારની

પચ્ચક્ખાણથી તપ-આચારની આરાધના થાય છે.

પ્રશ્ન : વીર્યાચાર કેટલા પ્રકારનો ?

ઉત્તર : ૩૬ પ્રકારનો. કયા ૩૬ પ્રકાર ?

જ્ઞાનાચારના ૮, દર્શનાચારના ૮, ચારિત્રાચારના ૮, તપાચારના ૧૨ = ૩૬. આ બધામાં વીર્ય ફોરવવું તે વીર્યાચાર. માટે વીર્યાચાર ૩૬ પ્રકારનો છે. ૩૬ + ૩૬ = ૭૨. કુલ પાંચે આચારના ૭૨ પ્રકાર થાય.

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પુસ્તકો હાથમાં આવતાં જ વિચાર આવ્યો : અધ્યાત્મયોગીના માત્ર બે વખત દર્શન થયા, અભાગીયાએ કોઈ લાભ ન લીધો. અફસોસ પાર વિનાનો થાય છે.

- હંસબોધિવિજય

અમદાવાદ



આસો સુદ ૩
૧૨-૧૦-૧૯૯૯, મંગળવાર

મોક્ષમાં જલ્દી જવું હોય તો તેના ઉપાયોમાં તન્મય બની જવું જોઈએ. રત્નત્રયી તેનો ઉપાય છે. ઉપાયમાં શીઘ્રતા કરીશું તો ઉપેય શીઘ્ર મળશે.

જ્ઞાન-દર્શન-ચારિત્ર ઉપાય છે.

મોક્ષ ઉપેય છે. મોક્ષ જલ્દી ન જઈએ તો હાનિ શી ? સંસારમાં ભટકવાનું ચાલુ રહે તે જ હાનિ.

પંચેન્દ્રિયની લાંબામાં લાબી સ્થિતિ ૧૦૦૦ સાગરોપમની છે. તેટલીવારમાં મોક્ષે ન ગયા તો વિકલેન્દ્રિયાદિમાં જવું પડે.

અમુક સમયમાં જો આપણે સદ્‌ગતિ નિશ્ચિત ન બનાવી તો દુર્ગતિ નક્કી છે.

દુર્ગતિ દુર્ભાવોથી થાય છે. માટે દુર્ભાવોથી મનને બચાવવું જોઈએ. મન ઉચ્ચ ભૂમિકાને સ્પર્શતું જાય, તેમ દુર્ભાવો ઘટતા જાય.

◆ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ વધુમાં વધુ ૬૬ સાગરોપમ રહે. ત્યાર પછી ક્ષાયિક થઈ જાય.

ચોથું ગુણઠાણું આપણને સ્પર્શ્યું છે કે નહિ ? તેનું આત્મનિરીક્ષણ કરવું ઘટે.

સમ્યક્ત્વના લક્ષણો છે આપણામાં ?

તાવ વગેરે ગયા છે કે નહિ તે આરોગ્યના ચિહ્નોથી જણાય તેમ અનંતાનુબંધી કષાયો, મિથ્યાત્વ આદિ ગયા છે કે નહિ, તે સમ્યક્ત્વના લક્ષણોથી જણાય.

આપણા કષાયોની માત્રા અનંતાનુબંધીની કક્ષાની તો ન જ હોવી જ જોઈએ.

'જિમ નિર્મળતા રે રતન સ્ફટિકતણી, તિમ એ જીવ સ્વભાવ;
તે જિન વીરે રે, ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ...'

- ઉપા. યશોવિ., ૧૨૫ ગાથાનું સ્તવન

પ્રબળ કષાયનો અભાવ તે જ ધર્મનું લક્ષણ છે. કોઈની સાથે કટુતાની ગાંઠ બાંધી લેવી તે ઉત્કટ કષાયોની નિશાની છે.

પાપભીરૂ અને પ્રિયધર્મી : આ બે ધર્મીના ખાસ લક્ષણો છે.

કાંટા ચૂભે ને પીડા થાય, તેમ કષાયોથી પીડા થવી જોઈએ. આપણને કાંટા ચૂભે છે, પણ કષાયો ક્યાં ચૂભે છે ?

વાવ બાજુ આપણા સાધ્વીજીને એકી સાથે અનેક મધમાખીઓ ચોંટી પડેલી કેટલી પીડા થઈ હશે ? એક કાંટાથી શીલચન્દ્રવિ. સ્વર્ગવાસી બનેલા.

એક કાટવાળા ખીલાથી અમૃતલાલ ગોર્ધન (ભચાઉ)નો એકનો એક પુત્ર (પ્રભુલાલ) મૃત્યુ પામેલો. તેને ધનુર્વા થયેલો.

આથી પણ વધુ ખતરનાક કષાયો છે. માટે જ થોડા પણ કષાયનો વિશ્વાસ કરવા જેવો નથી, એમ જ્ઞાનીઓ ફરમાવે છે.

સમ્યક્ત્વ સમતિકા ગ્રંથ છે, જેમાં સમ્યક્ત્વનું પૂર્ણ વર્ણન છે. પણ એ વાંચે કોણ ? માટે જ તો પૂ. યશોવિ. જેવાને સમકિતના ૬૭ બોલની સજ્ઝાય વગેરે જેવી ગુજરાતી કૃતિઓ બનાવવી પડી છે.

સમ્યક્ત્વ હોય જ નહિ પછી તેની શુદ્ધિ શું ? કપડાં હોય

તો મેલા થાય, નિર્વસ્ત્ર માણસને શું ? એમ સમજીને સમ્યક્ત્વ તરફ દુર્લક્ષ નહિ સેવતા. ન હોય તો તેને મેળવવા પ્રયત્ન કરજો. હોય તો તેને નિર્મળ બનાવવા પ્રયત્ન કરજો.

યાદ રહે કે પરભવમાં લઈ જઈ શકાય તેવું માત્ર સમ્યગ્ દર્શન જ છે. ચારિત્ર લઈ જઈ શકાતું નથી.

ક્ષાયોપશમિક ગુણોનો ભરોસો કરવા જેવો નહિ. માવજત ન કરો તો ચાલ્યા પણ જાય. તેલનો દીવો બુઝાતા વાર શી ? હા, રત્નનો દીવો ન બુઝાય. ક્ષાયિકભાવ રત્નનો દીવો છે.

સાપ જેમ શોધીને ઘરમાંથી બહાર કાઢો છો, તેમ મિથ્યાત્વ - કષાયાદિને શોધી શોધીને બહાર કાઢો.

◆ 'ધર્મી જાગતા ભલા ને અધર્મી સૂતા ભલા.'

જયંતી શ્રાવિકાના એક પ્રશ્નના જવાબમાં ભગવાન મહાવીરે આ કહેલું છે.

આપણે સૂતેલા છીએ કે જાગતા ? સમ્યગ્ દૃષ્ટિ જાગતા કહેવાય. મિથ્યાત્વી સૂતેલા કહેવાય.

આપણામાં સમ્યક્ત્વ આવી ગયું ? ન આવ્યું હોય તો આપણે ખુલ્લી આંખે સૂતેલા છીએ, એમ માનજો.

◆ **રોકડ નાણું વ્યવહારમાં કામ આવે. હાથમાં રહેલું શસ્ત્ર સૈનિકને કામ આવે. તેમ કંઠસ્થ જ્ઞાન આપણને કામ આવે.**

ચોપડીમાં પડેલું જ્ઞાન કામ નહિ લાગે. ઉપયોગમાં આવતું જ્ઞાન જ ચારિત્ર બની શકે.

'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ.'

જ્ઞાનની તીક્ષ્ણતા તે જ ચારિત્ર છે.

પ્રતિક્ષણે ઉદયમાં આવતી મોહની પ્રકૃતિઓનો સામનો કરવા તીક્ષ્ણ જ્ઞાન જોઈશે, પ્રતિપળનો તીવ્ર ઉપયોગ જોઈશે, નહિ તો આપણે મોહની સામે હારી જઈશું.

લખવાથી કે પોથા રાખવાથી તમે જ્ઞાની બની શકતા નથી. એ જ્ઞાનને જીવનમાં ઉતારવાથી જ જ્ઞાની બની શકો છો.

'હેમ પરીક્ષા જિમ હુએ જી, સહત હુતાશન તાપ;
જ્ઞાનદશા તિમ પરખીએ જી, જિહાં બહુ કિરિયા વ્યાપ...'

- પૂ. યશોવિજયજી મ.

જે સમયે જે ક્રિયા ચાલતી હોય, જે જીવન જીવાતું હોય તે પ્રસંગમાં તમે એકાકાર હો, તમારું જ્ઞાન કામ આવતું હોય તો જ સાચું જ્ઞાન છે.

◆ **શમ** : સમ્યગ્ દૃષ્ટિ માને કે, કોઈ મારો અપરાધી નથી, અપરાધી છે તો એક માત્ર કર્મ. એના કારણે જ કોઈ આપણું બગાડે છે. મારા કર્મ ન હોય તો કોણ બગાડી શકે ?

કર્મ પણ શા માટે ? કર્મનો કરનાર પણ મારો આત્મા જ છે ને ? મેં બોલાવ્યા ત્યારે જ આવ્યા ને ? નહિ તો જડ કર્મ શું કરત ?

◆ **સંવેગ** :

સુર-નરના સુખ, દુઃખ રૂપ લાગે. મોક્ષ જ, આત્મસુખ જ મેળવવા જેવું લાગે.

'यदा दुःखं सुखत्वेन, दुःखत्वेन सुखं यदा ।'

જ્યારે સંસારનું સુખ દુઃખરૂપ લાગે, દુઃખ સુખરૂપ લાગે ત્યારે જ સંવેગ પ્રગટ્યો છે, એમ સમજવું.

સંસારનું સમગ્ર સુખ, સ્વર્ગનું પણ સુખ દુઃખરૂપ લાગે, તે સંવેગ છે.

અત્યારે સાધુપણામાં શું કષ્ટ છે ? કષ્ટ તો પૂર્વકાળમાં હતા. અત્યારે તો આપણે રાજકુમાર જેવા કોમળ બની ગયા છીએ.

૨૨ પરિષહોમાંથી અત્યારે કેટલા સહન કરીએ છીએ ?

અનુકૂળતાને ઠોક્કર મારનારા ને પ્રતિકૂળતાને સામેથી નોતરું આપનારા આપણા પૂર્વજો હતા, તે ભૂલશો નહિ. અત્યારે સંપૂર્ણ શીર્ષાસન થઈ ગયું છે.

પ્રતિકૂળતાના દ્વેષી ને અનુકૂળતાના ઈચ્છુક આપણે સૌ બની ગયા છીએ. થોડીક જ પ્રતિકૂળતા આપણને અકળાવી મૂકે છે.

◆ **નિર્વેદ** :

નરકનો જીવ, એક ક્ષણ પણ નરકમાં રહેવા ન ઈચ્છે. કેદી કેદમાં એક ક્ષણ પણ વધુ રહેવા ન માંગે, તેમ સંસારમાં સમ્યગ્ દૃષ્ટિ એક ક્ષણ પણ વધુ ન રહે. ક્ષણે-ક્ષણે ઈચ્છતો હોય : ક્યારે સંસારથી છૂટું ?

◆ **પંચવસ્તુક :**

લોકમાં રાજદૂત આદિ જેમ જણાવેલું કાર્ય પૂરું થયા પછી ફરી વંદન કરી જણાવે તેમ અહીં પ્રતિક્રમણમાં પણ છઠ્ઠા આવશ્યકમાં ગુરુ-વંદન એટલા માટે છે કે આપની આજ્ઞા પ્રમાણે પ્રતિક્રમણ કર્યું છે, એમ વંદનપૂર્વક જણાવું છું.

મુનિચન્દ્રવિજય : પ્રતિક્રમણમાં ગુજરાતી સ્વાધ્યાય (સજ્ઝાય) ચાલે તો અન્ય સમયે ગુજરાતી સ્વાધ્યાય કેમ ન ચાલે ?

ઉત્તર : ઉંમરવાળા માટે ગુજરાતી સ્વાધ્યાય ચાલે જ છે, પણ ભણેલા માટે નહિ.

સરહદ પર રહેનારનું કર્તવ્ય અલગ છે.

સામાન્ય પ્રજા માટેનું કર્તવ્ય અલગ છે.

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકને વાંચનાર આંખો સમક્ષ લાવનાર પૂ. બંધુ યુગલ તેમજ તેમને જન્મ આપનાર માતુશ્રી ભમીબેનને પણ ધન્યવાદ ઘટે છે. ખરેખર જન્મ અને જીવનને જો સાર્થક બનાવવું હોય તો 'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક વાંચવું રહ્યું.

- સા. દિવ્યશ્રુતિશ્રી : માંડવી

✧ ✧ ✧ ✧ ✧

આપશ્રીજીએ પૂજ્યશ્રીજીના મુખારવિંદમાંથી નીકળતી વાણીને ઝીલી કોમ્પ્યુટર માઈન્ડ તથા હાથથી આ પુસ્તકરૂપી શ્રુતગંગાને વહેતી મૂકી મહાન ઉપકાર કર્યો છે.

- સા. વિરતિપૂર્ણાશ્રી : સાંતલપુર

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રી કહેતા કે મારું નામ 'કલાપૂર્ણ', પણ હું ક્યાં કલાથી પૂર્ણ છું ? તે તો ભગવાન જ હોય. ભગવદ્રૂપ ગુરુદેવ ગુણોથી પરિપૂર્ણ છતાં સ્વયંને અપૂર્ણ કહેતા. કેટલી નમ્રતા ?

- સા. વિરતિકૃપાશ્રી : સાંતલપુર



કામલુર (જાલોર) તીર્થ પ્રતિષ્ઠા, વિ.સં. ૨૦૫૨

આસો સુદ ૪
૧૩-૧૦-૧૯૯૯, બુધવાર

◆ સાંજે પ્રતિક્રમણ પછી ગુરુ પાસે થોડો સમય બેસવું. શા માટે ?

સામાચારી આદિનું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે. ગુરુ પાસે બેસવું તે એક પ્રકારનો વિનય છે. આ વિનય ચાલ્યો ન જાય માટે બેસવું.

શ્રુતદેવતા, ક્ષેત્રદેવતા, ભુવનદેવતા વગેરેની સ્તુતિ આચરણાથી કરવાની છે. આગમ પ્રમાણ છે, તેમ આચરણ પણ પ્રમાણ છે.

સવારે પ્રતિક્રમણ ઠાવ્યા પછી પ્રથમ કાઉસ્સગ્ગ ચારિત્ર-શુદ્ધિ માટે છે. બીજો કાઉસ્સગ્ગ દર્શનશુદ્ધિ માટે, ત્રીજો કાઉસ્સગ્ગ અતિચાર માટે ('સયાણાસણન્ન - પાણે'વાળો) છે.

◆ દિવસમાં કરેમિભંતે કેટલી વાર ? નવ વાર.

વારંવાર એટલા માટે સામાયિક સૂત્રનું ઉચ્ચારણ કરવાનું છે કે એથી સમતાભાવ આવે. સમતાભાવ યાદ આવે. સમતાના સ્થાને વિષમતા આવી હોય તો દૂર કરવાનું મન થાય.

કષાયમાં રહેવું તે સ્વભાવ કે વિભાવમાં રહેવું તે આપણો સ્વભાવ ? ૨૪ કલાકમાં કેટલા કલાક સ્વભાવમાં ? અને કેટલા કલાક વિભાવમાં જાય ? આપણી જીવનભરની પ્રતિજ્ઞા છે - સ્વભાવમાં રહેવાની. એ પ્રતિજ્ઞા ભૂલી ગયા નથી ને ?

ગૃહસ્થોની પ્રતિજ્ઞા

'जाव नियमं'

પણ આપણી પ્રતિજ્ઞા તો

'जावज्जीवाए'

છે, એ ભૂલાય તે કેમ ચાલે ?

'સ્વભાવ' એટલે આપણો પોતાનો ભાવ. સ્વભાવમાં રહીએ તેટલો સમય કર્મનો ક્ષય થતો જ રહે. પરભાવમાં રહેવું એટલે પોતાના આત્માને દુર્ગતિમાં ધક્કો મારવો.

સ્વભાવમાં અસંક્લેશ

પરભાવમાં સંક્લેશ.

સંક્લેશ એટલે સંસાર

અસંક્લેશ એટલે મોક્ષ.

અસંક્લેશમાં અહીં જ મોક્ષનો અનુભવ થાય, જીવન્મુક્ત દશાનો અનુભવ થાય.

પ્રદેશ-પ્રદેશમાં આનંદનો અનુભવ થાય. ગીતામાં આવા યોગીને સ્થિતપ્રજ્ઞ કહ્યા છે. ગીતાના એ સ્થિતપ્રજ્ઞના લક્ષણો જૈન મુનિને બરાબર ઘટે. વાંચવા જેવા છે એ લક્ષણો.

એ લોકો સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે. આપણે સ્વભાવ-દશા માટે પ્રયત્ન કરવાનો છે. મૂલતઃ બંને વસ્તુ એક જ છે. સામાયિક સૂત્ર એ માટેનું સાધન છે.

ઉપશમ, વિવેક, સંવર એ ત્રણ શબ્દના શ્રવણથી ખૂની ચિલાતીપુત્રને સમતાભાવની પ્રાપ્તિ થઈ હતી. મુનિએ માત્ર ત્રણ જ શબ્દ સંભળાવેલા. પેલાએ તલવાર તાણીને કહેલું : 'સાધુડા ! ધર્મ સંભળાવ, નહિ તો માથું કાપી નાખીશ.'

'सामाइअस्स बहुहाकरणं तप्पुव्वगा समणजोगा ।'

બધા શ્રમણના યોગો સામાયિકપૂર્વકના હોય છે. કોઈપણ સ્થાને સમતાભાવ ન જ જવો જોઈએ.

પનીહારીઓનું ધ્યાન બેડામાં હોય, ભલે એ વાતો કરતી હોય, તેમ ગમે તેટલી પ્રવૃત્તિમાં મુનિનું મન સમતામાં હોય. ચોવીશેય કલાક એટલે તો ઓઘો સાથે રાખવાનો છે. સાથે રહેલો ઓઘો સતત યાદ કરાવે : 'હે મુનિ ! તારે સતત સમતામાં મહાલવાનું છે.'

સામાયિકના વારંવાર સ્મરણથી સમતાભાવ આવે છે. ચોવીશેય કલાક સમતાભાવ ચાલુ હોય તો વધુ દૃઢ બને છે.

જેમ ભગવાનની સ્તુતિ પુનઃ પુનઃ બોલતાં મન ભક્તિથી આર્દ્ર બને છે, તેમ.

નવ વાર કરેમિ ભંતે ક્યાં ક્યાં ?

સવાર-સાંજ પ્રતિક્રમણમાં ત્રણ-ત્રણ વાર તથા સંથારા પોરસીમાં ત્રણવાર કુલ નવ વાર.

બીજું બધું ભૂલાય તે ચાલે, સમતા ભૂલાઈ જાય તે કેમ ચાલે ? સમતા ક્યાંથી આવે ?

પ્રભુ-ભક્તિથી આવે.

છ આવશ્યકોમાં પ્રથમ સામાયિક છે. સામાયિક પ્રભુના નામ-કીર્તનથી આવે છે. માટે બીજું આવશ્યક લોગસ્સ (નામસ્તવ કે ચતુર્વિંશતિસ્તવ) છે.

(૧) સમ એટલે સર્વ જીવો પ્રત્યે સમભાવ.

(૨) સમ એટલે સમાનભાવ.

આય એટલે લાભ.

સમ + આય = સમાય. **इकण् प्रत्यय** લાગતાં 'સામાયિક' શબ્દ બનેલો છે.

આ લખાણ મેં મનફરામાં લખેલું. અનુભવથી કહું છું : જે વિચારપૂર્વક લખીશું તે ભાવિત બનશે.

જ્ઞાન-દર્શન-ચારિત્રનો જેનાથી લાભ થાય તે બધી જ ચીજોને સામાયિક કહેવાય.

એક તાળાની છ ચાવી છે. છએ છ ચાવી લગાવો તો જ તાળું ખુલે. પાંચ લગાવો ને એક સામાયિક (સમતા)ની ચાવી ન લગાવો તો આત્મમંદિરના દરવાજા નહિ ખુલે. આ મારો અનુભવ છે.

સમતાભાવ ન હોય ત્યારે ચિત્ત આવશ્યકોમાં ચોંટે નહિ.

છ આવશ્યક છ ચાવી છે.

ત્રીજો અર્થ : ૪ મૈત્રી આદિ ભાવોની પ્રાપ્તિ તે સામાયિક. 'સર્વજ્ઞકથિત સામાયિક ધર્મ' પુસ્તકમાં આનું વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે. જરૂર વાંચજો.

◆ ચિત્તવૃત્તિનો નિરોધ તે ધ્યાન એમ જૈનેતરો કહે છે. અશુભ ચિત્તવૃત્તિઓને રોકવી તે ધ્યાન – એમ જૈનદર્શન કહે છે. **'क्लिष्ट – चित्तवृत्ति – निरोधो ध्यानम् ।'** પૂ. યશોવિ. એ પાતંજલ યોગદર્શનના સૂત્ર ૫૨ની પોતાની ટીકામાં **'क्लिष्ट'** શબ્દ ઉમેર્યો.

આગળ વધીને ચિત્તને શુભ વિચારોમાં પ્રવર્તાવવું તે પણ ધ્યાન છે. એક પ્રવૃત્તિરૂપ છે. બીજું નિવૃત્તિરૂપ છે.

એ જ અર્થમાં પ્રતિક્રમણ વગેરે આપણી આવશ્યક ક્રિયાઓ ધ્યાનરૂપ છે.

(૨) 'ચતુર્વિંશતિસ્તવ' : એટલે ચોવીશ તીર્થંકરોની સ્તુતિ. ચોવીશ તીર્થંકરોની સ્તુતિ દ્વારા જ સામાયિક – સમતા પ્રાપ્ત થાય.

આપણા નિકટના ઉપકારી આ ૨૪ તીર્થંકરો છે.

લોગસ્સ બોલીએ ત્યારે સ્તુતિ થાય. લોગસ્સનો કાઉસ્સગ્ગ કરીએ ત્યારે ધ્યાન થાય. એના અર્થમાં મન એકાગ્ર થવું જોઈએ. કાઉસ્સગ્ગમાં મન, વચન અને કાયા ત્રણેય એકાગ્ર હોય છે.

(૩) ગુરુ-વંદન : જેટલી મહત્તા ભગવાનની છે. તેટલી મહત્તા ભગવાન દ્વારા સ્થાપિત ગુરુ તત્ત્વની છે. આથી જ પોતાની હાજરીમાં જ ભગવાન ગણધરોની સ્થાપના કરે છે.

એકલા દેવથી ન ચાલે, ગુરુ પણ જોઈએ. ૨૧ હજાર વર્ષમાં દેવ એક જ. બાકીના સમયે ગુરુ વિના શાસન કોણ ચલાવે ?

ગુરુમાં ભગવદ્બુદ્ધિ થવી જોઈએ. માટે જ **'इच्छकारि भगवन् ।'** અહીં ગુરુ સમક્ષ ભગવન્ નું સંબોધન થયેલું છે. **'करेमि भंते'** અહીં **'भंते'** શબ્દમાં દેવ અને ગુરુ બંને અર્થ રહેલા છે.

ભગવાનની દેશના પછી તેમની ચરણ પાદુકા પર ગણધરો બેસે છે. ગણધરો દેશના આપે ત્યારે કેવળીઓ પણ બેસી રહે. ઊઠી ન જાય. શ્રોતાઓને એમ ન લાગે : અહીં

કંઈ ખામી છે. ભગવાન જેવી જ વાણી લાગે. માથે ભગવાનનો હાથ છે ને ?

એ તો ઠીક. કાલિકાચાર્યે પણ સીમંધર સ્વામી જેવું જ નિગોદનું વર્ણન બ્રાહ્મણ વેષધારી ઈન્દ્ર સમક્ષ કરેલું.

મોહનો ક્ષય થયેલો ન હોવા છતાં મોહ-વિજેતા હોવાના કારણે ગુરુ વીતરાગ તુલ્ય કહેવાય છે.

◆ ચાર પ્રકારના કેવલી

૧. કેવલી.

૨. ૧૪ પૂર્વી - શ્રુતકેવલી

૩. સમ્યગ્ દૃષ્ટિ,

૪. ભગવાનના વચન પ્રમાણે આચરણ કરનાર (કંદમૂળ આદિ છોડનાર)

ગઈ કાલે ભગવતીમાં આવેલું :

સ્કંધક પરિવ્રાજકને શ્રાવકે એવા પ્રશ્નો પૂછ્યા કે પરિવ્રાજક મુંઝાઈ ગયો ને પ્રશ્નો જાણવા ભગવાન મહાવીર પાસે આવ્યો. ગૌતમસ્વામી તે આવતાં ઊભા થયા.

મિથ્યાત્વી આવતાં ઊભા કેમ થવાય ?

ટીકામાં ખુલાસો આપતાં કહ્યું છે :

ભાવિમાં દીક્ષા લેવાનો છે માટે થવાય.

સમ્યગ્ દૃષ્ટિ એ જ અર્થમાં કેવલી છે. ભવિષ્યમાં બનવાના છે માટે.

કંદમૂળત્યાગી પણ કેવળી છે. કારણ કે ભગવાનના વચન પર શ્રદ્ધા રાખીને તેમણે કંદમૂળનો ત્યાગ કર્યો છે. આ સમ્યગ્ દૃષ્ટિની પૂર્વભૂમિકાનો આત્મા છે.

પ્રશ્ન : ગુરુ ભગવાન છે, માટે દેરાસરમાં જવાની જરૂર નહિ ને ?

ઉત્તર : ભગવાન ન હોત તો ભગવદ્ બુદ્ધિ શી રીતે કરત ? અમૃત જ ન હોત તો પાણીમાં અમૃત બુદ્ધિ શી રીતે થાત ? ભગવાન છે માટે ભગવદ્બુદ્ધિ શબ્દ આવ્યો છે. ભગવાન જ છોડી દઈશું તો ભગવદ્બુદ્ધિ કઈ રીતે રહેશે ?

✧ ✧ ✧ ✧ ✧



આસો સુદ ૫
૧૪-૧૦-૧૯૯૯, ગુરુવાર

◆ ભગવાન ભલે નથી, પણ એમના તીર્થના, નામના, આગમના અને મૂર્તિના આલંબનથી આપણે ભવ-સાગર તરી શકીએ.

નાના બાળકને માતા-પિતાનું આલંબન જરૂરી છે. એમના ટેકાથી જ તે ચાલી શકે. ભગવાન પાસે આપણે સૌ બાળ છીએ.

ભગવાન જે રીતે પોતાનામાં વ્યક્તરૂપે જ્ઞાનાદિ સમૃદ્ધિ જોઈ રહ્યા છે, તે જ રીતે શક્તિરૂપે તમામ જીવોમાં પણ જોઈ રહ્યા છે.

ભગવાનમાં જે વૃક્ષરૂપે છે,
સર્વ જીવોમાં તે બીજરૂપે છે.

◆ સાધુનું કોઈપણ અનુષ્ઠાન સમતાપૂર્વકનું હોય, તે બતાવવા જ દિવસમાં નવવાર સામાયિકનો પાઠ આવે છે. દીક્ષા વખતે પણ પ્રથમ આ જ પ્રતિજ્ઞા લેવામાં આવી છે.

ગુલાબજાંબુ જાણવા અલગ ચીજ છે,

તેનો સ્વાદ માણવો અલગ ચીજ છે.

સામાયિક જાણવું અલગ વાત છે.

સામાયિક માણવું અલગ વાત છે.

પુદ્ગલોનો ભવોભવનો અનુભવ છે. ગાઢ સંસ્કાર હોવાના કારણે આપણે તરત જ પુદ્ગલો તરફ ખેંચાઈ જઈએ છીએ. જ્યારે સામાયિકના સંસ્કાર હવે પાડવાના છે.

◆ જ્ઞાનસાર અદ્ભુત ગ્રંથ છે. તમે એનું ચિંતન-નિદિધ્યાસન કરતા રહેશો તેમ તેમ આત્મતત્ત્વનું અમૃત પામતા જશો. તેમણે જીવનમાં સાધના કરીને જે અર્ક મેળવ્યો તે બધો જ જ્ઞાનસારમાં ઠાલવ્યો છે.

◆ **કેટલાક ધ્યાનીઓ આવશ્યક ક્રિયાઓને ધ્યાનમાં બાધક માને છે. ખરેખર તો આવશ્યક ક્રિયાઓ ધ્યાનની બાધક નથી, પણ સાધક છે.**

◆ વરસાદ બધે જ પડે. પણ તેથી શેરડીમાં મીઠાશ, બાવળીયામાં કાંટા, રણમાં મીઠું અને સાપમાં ઝેર જ વધે, તેમ જિન-વાણી પણ પાત્રતા મુજબ અલગ-અલગ પરિણામ પામે છે. સાંભળનારમાં કોઈ ગોશાળો હોય તો કોઈ ગૌતમસ્વામી હોય.

◆ સવારે તપ કયો ધારવો ?

સાધનામાં સહાયક બને તેવો તપ અશઠભાવે સ્વીકારવો.

સેવાની જરૂર હોય ત્યારે અક્કાઈ લઈને બેસી ન શકાય. આમ કરે તે ગુનેગાર બને. તપ ગૌણ છે. ગુરુ-આજ્ઞા મુખ્ય છે. ગુરુની આજ્ઞા પ્રમાણે કરાતો તપ જ નિર્જરાત્મક બની શકે.

મારે માત્ર સેવા જ કરાવની ? પાણીના ઘડા જ લાવવાના ? તો પછી આરાધના ક્યારે કરવાની ? એવું નહિ વિચારતા.

પાણીના ઘડા લાવવા એ પણ આરાધના છે. સેવાથી આરાધના અલગ નથી. સેવા આરાધનાનો જ એક ભાગ છે.

દસ વર્ષ પૂ. દેવેન્દ્રસૂરિજી સાથે રહ્યો. નવો અભ્યાસ બંધ રહ્યો, પણ સેવાનો લાભ સારો મળ્યો.

તે વખતે પૂ. પ્રેમસૂરિજીના પત્રો આવતા રહેતા : ભણવા આવી જાવ. બાકી રહેલા છેદસૂત્રો પૂરા થઈ જાય.

પણ પૂ. દેવેન્દ્રસૂરિજી કહેતા : તમે જાવ તો અહીં મારું શું ?

અમે જવાનું માંડી વાળતા. પણ જ્યારે અવસર આવે ત્યારે બરાબર ભણવાનું કરી લેતા.

વિ.સં. ૨૦૨૫માં વ્યાખ્યાન પછી પૂ.પં.મુક્તિવિ. (પૂ. મુક્તિચન્દ્રસૂરિ) પાસે પહોંચી જતો. ૩-૪ કલાક પાઠ લેતો.

તમે ભલે તપ કરતા હો, પણ ચાલુ તપમાં સેવા ન કરાય, ઉપદેશ ન અપાય, એવું નથી.

આહારનું પચ્ચક્ખાણ માત્ર આપણને છે. બીજાને લાવી આપવામાં પચ્ચક્ખાણ ભાંગે નહિ. ભાંગે તો નહિ, પણ સેવાથી ઉલ્ટું એ પચ્ચક્ખાણ પુષ્ટ થાય.

નવકારશીમાં બે આગાર : અનાભોગ અને સહસાગાર.

અનાભોગ એટલે અજાણપણે થવું અને સહસાગાર એટલે ઓચિંતું થઈ જવું.

પોરસીમાં બીજા ચાર આગાર :

પ્રચ્છન્નકાલ, દિશામોહ, સાધુ વચન, સર્વ સમાધિ પ્રત્યયિક. આ ચાર વધ્યા.

પ્રચ્છન્નકાલમાં સૂર્ય ઢંકાઈ ગયેલો હોય ને ટાઈમનો બરાબર ખ્યાલ ન આવે ત્યારે...

દિશાભ્રમમાં સૂર્યની દિશા ભૂલી જતાં ગરબડ થઈ જાય ત્યારે...

સાધુવચનમાં સાધુની ઊઘાડા-પાત્રા પોરસી સાંભળીને પોરસીના પચ્ચક્ખાણ પારી લે.

સવ્વસમાહિવત્તિયાગારેણં માં જીવલેણ પીડા થતી હોય, સમાધિ માટે જરૂર પડે, વૈદ્ય કે ડૉકટરને ત્યાં જરૂર પડે ત્યારે...

પુરિમઢ્ઢમાં : એક આગાર વધુ - 'મહત્તરાગારેણં'

મહાન કાર્ય માટે ગુરુ-આજ્ઞાથી જવું પડે તેમ હોય, શક્તિ ન હોય તો ગુરુ વપરાવે છતાંય પચ્ચક્ખાણ ન ભાંગે.

એકાસણામાં ૮ આગાર.

સાગારિયા., આઉં., ગુરુ., પારિઠ્ઠા. આ ૪ વધે.

૧. ગૃહસ્થો આવી જાય ત્યારે.

૨. પગ લાંબા-ટૂંકા કરવા પડે ત્યારે.

૩. ગુરુ આવે ને ઊભા થવું પડે ત્યારે.

૪. જરૂર પડે (આહાર વધી જાય ત્યારે) વાપરવું પડે ત્યારે પચ્ચક્ખાણ ન ભાંગે.

સુરેન્દ્રનગરમાં સં. ૨૦૧૪ ચાતુર્માસમાં મલયવિ. ને ઓળીનો ઉપવાસ. વરસાદ ચાલુ. બંધ થતાં જ બધા ઉપડ્યા. મળ્યું તે ભરી લાવ્યા. પપ ઠાણા. ખપાવ્યા પછી પણ બે ઝોળી વધી. પૂ. પ્રેમસૂરિ મ.ની આજ્ઞાથી મલયવિ. એ વધેલું વાપર્યું. આ 'પારિઠ્ઠા.' કહેવાય. આનાથી પચ્ચક્ખાણ ન ભાંગે તબિયત પણ ન બગડે. ઉલ્ટું, ન લેવાથી તબિયત બગડે. આ તો સહાયતા કહેવાય.

◆ જેટલો ઉપયોગ સ્વભાવમાં તેટલી કર્મની નિર્જરા.

જેટલો ઉપયોગ વિભાવમાં તેટલું કર્મનું બંધન.

શુભ ઉપયોગ તો શુભકર્મ.

શુદ્ધ ઉપયોગ તો કર્મની નિર્જરા.

◆ સમ્યગ્દૃષ્ટિનું પ્રથમ લક્ષણ છે : શમ. સૌ પ્રત્યે સમતાભાવ.

કોઈને તમે એક જ વાર મારો છો ને તમારા તમે અનંત મરણો નિશ્ચિત કરો છો. કારણ કે તમે બંને એક જ છો. બીજાને મારો છો ત્યારે તમે તમારા જ પગમાં કુહાડો મારો છો. મારાથી મારો પગ જુદો નથી, તેમ જગતના જીવો પણ આપણાથી જુદા નથી. જીવાસ્તિકાયરૂપે આપણે એક છીએ. આત્મા અસંખ્ય પ્રદેશી છે. તેમ જીવાસ્તિકાય અનંત પ્રદેશી છે.

જીવાસ્તિકાય એક જ છે. એટલે કે આપણે જીવાસ્તિકાય રૂપે એક જ છીએ.

જે આ રીતે એકતા જુએ તે કોઈની હિંસા કઈ રીતે કરી શકે ? તેને બીજાનું દુઃખ, બીજાની પીડા, બીજાનું અપમાન પોતાનું જ લાગે. **'तुमंसि नाम सच्चेव, जं हंतव्वंति मन्नसि ।'**

બીજાને દુઃખ આપીએ છીએ ત્યારે ખરેખર આપણી જાતને જ દુઃખ આપીએ છીએ. એથી ઉલ્ટું, બીજાને સુખ આપીએ છીએ ત્યારે આપણી જાતને જ સુખ આપીએ છીએ.

તીર્થંકરો આના ઉત્તમ ઉદાહરણો છે.

◆ નવું નવું નહિ ભણીએ તો ચેતનાનો ઉન્મેષ શી રીતે થશે ? આત્મવિકાસ શી રીતે થશે ?

વસ્ત્રો ધોવા, ગોચરી વગેરે જરૂરી લાગે તો આત્મશુદ્ધિના અનુષ્ઠાનો જરૂરી નથી લાગતા ?

અનુકૂળતામાં જ જીવન પૂરી કરી દઈશું તો આ બધું ક્યારે કરીશું ? આગમો ક્યારે વાંચીશું ?

પક્ખિસૂત્રમાં દર ચૌદશે બોલીએ છીએ : **'न पढिअं न परिअट्टिअं'** તો મિચ્છામિ દુક્કડં.

પણ અહીં ભણે જ કોણ છે ? બધું જ ભણવાનું પૂરું થઈ ગયું ? કાંઈ જ બાકી નથી રહ્યું ?

◆ બીજાને જે સ્વતુલ્ય જુએ તે જ સાચો દૃષ્ટા છે. એ રીતે ન જોવું તે મોટો અપરાધ છે. એ અપરાધ, બીજા કોઈનો નહિ, આપણો જ અપરાધ છે.

જ્યાં આત્મતુલ્યદૃષ્ટિથી જીવન જીવાતું રહે છે, ત્યાં સ્વર્ગ ઉતરે છે. જ્યાં આ દૃષ્ટિ નથી ત્યાં નરક છે.

ગુજરાતમાં કુમારપાળના પ્રભાવે અહિંસા, આજે પણ કંઈક જળવાઈ રહી છે, જ્યારે બીજે તો બકરા કાપવા કે ચીભડાં કાપવા, સરખું જ લાગે, અમે કેટલીયે જગ્યાએ આવા દૃશ્યો જોયા છે.


આત્મતુલ્ય દૃષ્ટિ ન હોય ત્યાં આવું જ હોય.

કર્મના બંધ અને સત્તાકાળ ભયંકર નથી લાગતા, પણ ઉદય ભયંકર છે. ઉદય વખતે તમારું કે મારું કાંઈ નહિ ચાલે. અત્યારે અવસર હાથમાં છે. સત્તામાં પડેલા કર્મોમાં ફેરફાર કરી શકો છો. કર્મબંધનમાં સાવધાની રાખી શકો છો.

ઉદય વખતે કાં તો રડો કાં તો સમાધિપૂર્વક સહો.

આ બે સિવાય ત્રીજો કોઈ વિકલ્પ નથી.

✧ ✧ ✧ ✧ ✧



चिंतन में मग्नता, वि.सं. २०५७

આસો સુદ ૬
૧૫-૧૦-૧૯૯૯, શુક્રવાર

◆ સાધુ માટે સર્વવિરતિ સામાયિક, જીવનભર સમતા રહી શકે, તેવી જીવન પદ્ધતિ.

શ્રાવક માટે દેશવિરતિ સામાયિક, સર્વવિરતિ સામાયિક માટેની પૂર્વભૂમિકા.

પણ આ બંનેનું મૂળ સમ્યક્ત્વ સામાયિક છે.

સમ્યક્ત્વ બધાનો પાયો છે. પાયો મજબૂત તો ઈમારત મજબૂત. **'तमेव सच्चं नीसंकं जं जिणेहिं पवेइअं ।'** આવી અતૂટ શ્રદ્ધા સમ્યક્ત્વમાં હોય છે.

◆ **હું જે ઔષધિથી નીરોગી બન્યો એ ઔષધિથી બીજા પણ કેમ નીરોગી ન બને ? મેં જે વ્યાધિનું દુઃખ ભોગવ્યું છે, તે દુઃખ બીજા કોઈ ન ભોગવે, એવી વિચારણા ઉત્તમતાની નિશાની છે.**

જે ડૉકટર પાસે કે હોસ્પીટલમાં જવાથી સારું થયું હોય, તે ડૉકટર કે તે હોસ્પીટલની ભલામણો ઘણા કરતા હોય છે.

ભગવાન પણ આવા છે. એમને જે ઔષધથી ભવ-રોગ

મટ્યો, એ ઔષધ તેઓ આખા જગતમાં વહેંચવા ઈચ્છે છે. આવી પ્રબળ ઈચ્છાથી જ તેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું.

જેટલો પુરુષાર્થ પોતાના આત્માને સંસારને કેદખાનામાંથી છોડાવવા કર્યો તેટલો જ પુરુષાર્થ એમણે બીજા જીવોને છોડાવવા કર્યો છે.

આથી જ ભગવાન
જિન છે, તેમ જાપક પણ છે.
તીર્ણ છે તેમ તારક પણ છે.
બુદ્ધ છે તેમ બોધક પણ છે.
મુક્ત છે તેમ મોચક પણ છે.

◆ આપણી મુશ્કેલી એ છે કે આ સંસાર જેલ નથી લાગતો. બધા જ જેલમાં છે. પછી ખરાબ કોનું લાગે ?

જ્યાં સુધી આ સંસાર (એટલે કે રાગ-દ્વેષ) જેલ નહિ લાગે ત્યાં સુધી તેમાંથી છૂટવાની ઈચ્છા નહિ થાય.

જેલને જ મહેલ માને તે ક્યાંથી છૂટી શકે ?

◆ સાધુ સાધુપણામાં રહે તો એટલો સુખી બને, એટલો આનંદ ભોગવે કે દુનિયાનો કોઈ પણ માણસ એની બરાબરી કરી શકે નહિ. માણસ તો ઠીક અનુત્તર વિમાનવાસી દેવો પણ બરાબરી કરી શકે નહિ.

એક વર્ષના પર્યાયવાળો મુનિ પણ અનુત્તર દેવોથી અધિક સુખી હોય છે, એમ ભગવતી સૂત્ર કહે છે.

આપણને જો આવા આનંદની કોઈ ઝલક જોવા ન મળતી હોય તો આત્મ-નિરીક્ષણ કરવું જોઈએ. ક્યાં ખામી છે ? તે શોધી કાઢવું જોઈએ.

આપણી ખામીઓ આપણા સિવાય બીજો કોઈ નહિ શોધી શકે. આપણો ખોવાયેલો આનંદ આપણે જ શોધવો પડશે.

હક્કની વસ્તુ કોઈ ક્યારેય જતી ન કરે, પણ આપણા હક્કનો આનંદ આપણે જતો કરીએ છીએ. એ માટે કોઈ પ્રયત્ન કરતા નથી. આશ્ચર્ય છે ને ?

◆ બહિરાત્મભાવમાં એટલા ખૂંપી ગયા છીએ કે એક મિનિટ પણ એમાંથી છુટી નથી શકતા... એ છતાં આપણે

જવું છે મોક્ષમાં ? શી રીતે જઈશું મોક્ષમાં ? એ માટેની કોઈ સાધના નથી. સાધના નથી, એનું કોઈ દુઃખ પણ નથી.

બહિરાત્મભાવ છોડીને અંતરાત્મભાવમાં પણ આપણે આવવા તૈયાર નથી તો પરમાત્મભાવ મેળવવાનો અધિકાર કયા મોઢે કરી શકીએ ?

ક્યારેય પ્રભુ માટે તડપન જાગી ?

ક્યારે પ્રભુનો વિરહ લાગ્યો ?

વિરહ વિના પ્રભુ કેમ મળે ?

આનંદઘનજીના પદો - સ્તવનો વાંચો. વિરહ વેદના છલકાતી દેખાશે.

પ્રશ્ન : સંયોગ થયો હોય તો વિરહ લાગે... પણ પ્રભુનો સંયોગ જ ક્યાં થયો છે ?

ઉત્તર : આ જ આપણી ભૂલ છે. પ્રભુ તો સદા સાથે છે જ, પણ આપણે કદી તે તરફ જોયું જ નથી.

બોલો, **ક્યારેય નિર્મળ આનંદ નથી આવ્યો ?**

આનંદ પ્રભુ વિના શી રીતે આવી શકે ?

એ આનંદ મેળવવા કદી તડપન જાગી ?

અંધકારમાં રહેલો માણસ ક્યારેક પ્રકાશનું એકાદ કિરણ જુએ તો તેને ફરી મેળવવા અવશ્ય લલચાવાનો ? જેમ પેલો સેવાળમાં રહેલો કાચબો, શારદી પૂનમનો વૈભવ ફરી જોવા લલચાયેલો.

◆ બધા ધોબીઓ તમારી કપડા ધોવાની કળા પાસે હારી જાય, એટલા સફેદ કપડા તમે ધોઈને કરી શકો છો. આ કળા હસ્તગત થઈ ગઈ, પણ આત્મા, જે અનાદિકાળથી મલિન છે, તેની શુદ્ધિ કરવાની કળા હસ્તગત કરવા જેવી છે, તેવું કદી લાગ્યું ?

◆ આયંબિલમાં બે આગાર વધુ :

(૧) ઉક્ખિત્ત વિવેગેણં, (૨) પડુચ્ચમક્ખિએણં

કોઈ વખતે એકાસણાના આહાર સાથે આયંબિલનો આહાર આવી જાય તો થોડા સ્પર્શથી દોષ ન લાગે.

તેલ કે ઘીવાળા હાથથી રોટલી માટેનો લોટ તૈયાર કરે

તો નીવીવાળાને કલ્પે, આયંબિલવાળાને નહિ.

આગાર શા માટે ?

વ્રતનો ભંગ મોટો દોષ છે. થોડું પણ પાલન ગુણકારી છે. ધર્મમાં ગુરુ-લાઘવ જોઈએ. માટે જ આગારો છે.

આગારોમાં આશય એ છે કે કેમેય કરીને પચ્ચક્ખાણનો ભંગ ન થવો જોઈએ.

ગુરુ-લાઘવની વિચારણા ન હોય તો વેપાર ન થઈ શકે, તેમ ધર્મ પણ ન થઈ શકે. વેપારમાં કેટલીયે વાર બાંધછોડ કરવી પડે છે, તેમ ધર્મમાં પણ કરવી પડે છે.

આપણા વ્રતો ભાંગી ન જાય, માટે જ્ઞાનીઓએ કેવી તકેદારી રાખી છે ?

આગાર એટલે અપવાદ.

અપવાદનો છૂટથી પ્રયોગ ન કરી શકાય.

કોઈ વૈદ્ય કે ડૉકટર વગેરે, કોઈ રોગના કારણે કહે કે - હમણા જ દવા આપવી પડે તેમ છે. તો ત્યારે પચ્ચક્ખાણ હોવા છતાં દવા આપી શકાય. આ અપવાદ છે.

બધામાં સમાધિ મુખ્ય છે. પચ્ચક્ખાણ અભંગ રહે, પણ સમાધિ અભંગ ન રહે તો પચ્ચક્ખાણ શા કામના ? પચ્ચક્ખાણ પણ આખરે સમાધિ માટે છે.

આગારનો અર્થ છે : સમાધિ માટે પચ્ચક્ખાણમાં અપાતી છૂટ.

પ્રશ્ન : સિંગતેલ વિગઈમાં ગણાય ?

ઉત્તર : વિગઈ કોને કહેવાય ? વિકૃતિ પેદા કરે તે વિગઈ. એ અર્થમાં બધા જ તેલ વિગઈ સમજી લેવા. આખરે આપણી આસક્તિ ન વધે તેમ કરવાનું છે. આ તેલ વિગઈમાં ન ગણાય, એમ સમજીને વિગઈનો રસ પોષ્યા કરવો, આત્મવંચના ગણાશે.

◆ અપ્રમાદનો અભ્યાસ આ જ જન્મનો છે,
પ્રમાદનો અભ્યાસ અનંતા જન્મોનો છે.
માટે જ એને જીતવો દુર્જય છે.
મદ્ય, નિદ્રા, વિષય, કષાય, નિંદા આદિ પ્રમાદ છે.
આ પાંચ મોઢાવાળા પ્રમાદને કેમ ઓળખવો ? કેમ જીતવો ?

એને ઓળખવામાં ચૌદપૂર્વીઓ પણ થાપ ખાઈ ગયા છે.

પૂર્વના વીર પુરુષોને, યુદ્ધમાં પ્રયાણ કરતા તે પહેલા પત્નીઓ વિદાય - તિલક કરતી.

યા તો વિજય, યા તો સ્વર્ગ !

આ બે જ વિકલ્પ યોદ્ધા પાસે રહેતા.

મોક્ષની સાધનામાં પણ આવો સંકલ્પ લઈને નીકળવાનું છે. કાચા પોચાનું અહીં કામ નથી.

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવની વાણી રૂપી ગંગાને આ પુસ્તક રૂપ સમુદ્રમાં એકત્રિત કરી આપનાર આપ બંધુ બેલડીને સ્વર્ગત ગુરુદેવ અનંત જ્ઞાન અર્પે એ જ પ્રભુને પ્રાર્થના.

- સા. દિવ્યનિધિશ્રી
માંડવી

✧ ✧ ✧ ✧ ✧

આપશ્રીએ આ પુસ્તકો પ્રકાશિત કર્યા તે બદલ ખૂબ ખૂબ મારા હાર્દિક અભિનંદન.

- સા. વિરતિપ્રિયાશ્રી
સાંતલપુર

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક એટલે મારા જીવન માટે સર્ચ લાઈટ.

- સા. કૈવલ્યગુણાશ્રી
પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર ! જન્મ અને જીવનને જો સાર્થક બનાવવું હોય તો 'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક વાંચવું.

- સા. રુચિગુણાશ્રી
પાલનપુર



પૂજ્યશ્રી ના નિર્મલ હાસ્ય, વિ.સં.૨૦૫૭

શ્રીમતી રમાબેન હંસરાજ નીસર ખારોઈ (કચ્છ-વાગડ) આયોજિત શાશ્વત ઓળી પ્રસંગે

આસો સુદ પ્રથમ ૭
૧૬-૧૦-૧૯૯૯, શનિવાર

◆ આત્માના સહજ સ્વરૂપને પામવા જૈનદર્શને ખૂબ જ વિસ્તારથી બતાવ્યું છે.

જ્ઞાન-ક્રિયા, રત્નત્રયી, દાનાદિ ૪, અહિંસાદિ ત્રણ, (અહિંસા - સંયમ - તપ) એ બધા મોક્ષ-માર્ગો છે. બધા જ સાચા માર્ગો છે. એક માર્ગની આરાધનામાં બીજી આરાધનાનો સમાવેશ થઈ જ જાય. પ્રકારો જુદા લાગશે, વસ્તુ એક જ છે. દૂધમાંથી કેટલી અલગ-અલગ મીઠાઈઓ બને ? પણ મૂળ વસ્તુ એક જ ને ? તેમ અહીં પણ મૂળ વસ્તુ એક જ ! ત્યાં ભૂખ મટાડવી એ લક્ષ્ય તેમ અહીં વિષય-કષાય મટે, આત્મગુણો વિકસે એ જ લક્ષ્ય.

◆ નવપદનું ધ્યાન કરવાથી શ્રીપાળ - મયણાને આટલું ફળ મળ્યું. એ ધ્યાન-પદ્ધતિ નથી અપનાવતા, તેથી મળવો

જોઈતો લાભ આપણને મળતો નથી. ધ્યાન માટે મનને નિર્મળ અને સ્થિર બનાવવું પડે. પછી જ તે મન ધ્યાનમાં નિશ્ચલ બની શકે, અનુલીન બની શકે.

◆ અત્યારે દેખાતા પ્રકાશની પાછળ સૂર્ય કારણ છે, તેમ જ્ઞાનનો જે પ્રકાશ આપણી પાસે છે, તેની પાછળ અરિહંતનું કેવળજ્ઞાન કારણ છે. આપણે ફાંકો રાખવાની જરૂર નથી. ચારે બાજુ જ્ઞાનાવરણીયોના પર્વતોમાં આપણે ઘેરાયેલા છીએ, અંધારું છે. એમાં થોડોક પ્રકાશ મળી જાય તો અભિમાન શાનો ? આપણા કારણે પ્રકાશ નથી આવ્યો, સૂર્યના કારણે આવ્યો છે.

જ્ઞાન સૂર્ય છે.

સૂર્યથી તેજસ્વી બીજી વસ્તુ આપણને દેખાતી નથી, માટે જ્ઞાનને સૂર્યની ઉપમા આપી છે. ખરેખર તો જ્ઞાન અસંખ્ય સૂર્યોથી પણ વધુ દેદીપ્યમાન છે.

◆ **'आइच्चेसु अहियं पयासयरा ।'** ભગવાનનું મુખ-મંડલ એટલું તેજસ્વી હોય છે કે જોઈ ન શકાય, ભામંડળ એ તેજને શોષી લે છે, જેથી જોઈ શકાય. આવા ભગવાન દેશના આપતા હશે ત્યારે કેવા શોભતા હશે ?

તમે પ્રભાવના કરો ત્યારે સૌને આપો ને ? કે નાના-મોટાનો ભેદ રાખો ? ભગવાન પણ કોઈ ભેદ-ભાવ વિના સૌને જ્ઞાન-પ્રકાશ આપે છે.

મલયગિરિજીએ ટીકામાં લખ્યું છે :

યોગ-ક્ષેમ કરવું એ જ પ્રભુનું કાર્ય છે.

સમવસરણમાં ઘણા જીવો માત્ર ચમત્કાર, ઐશ્વર્ય અને સમૃદ્ધિ જોવા જ આવે. તેઓ પ્રશંસાના બે શબ્દો કહે તો એના હૃદયમાં ધર્મ-બીજ પડી ગયું, સમજો. અત્યારે ઘણા આડંબર-આડંબર કહીને ધર્મને વગોવે છે, પણ દુકાનમાં આડંબર નથી કરાતો ?

ભગવાનને કે ગુરુને આડંબરની જરૂર નથી, તેઓ કરતા પણ નથી, પણ દેવો કરે છે, ગુરુ માટે ભક્તો કરે છે - ધૂમધામથી નગર-પ્રવેશ થાય ત્યારે શું પ્રભાવ પડે, જાણો છો ?

ઉજ્જૈનમાં સં. ૨૦૩૮માં પ્રવેશ થયેલો ત્યારે મોટા-મોટા મીનીસ્ટરો આવીને પૂછે : શું જૈનોનો કોઈ કુંભ મેળો છે.

◆ **'नमोऽनंत संत प्रमोद प्रधान ।'**

અનંત આનંદનું મૂળ એક માત્ર નવપદ છે, નવપદમાં પણ અરિહંત છે.

◆ **ભગવાન ધર્મ દેશના આપે છે, માત્ર હિતબુદ્ધિથી. ધર્મ વિના હિતકર કાંઈ જ નથી. ધર્મ બકાત કરો. હિતકર કાંઈ નહિ બચે. ધર્મનો તમે સ્વીકાર કરો છો, એટલે ભગવાનને તમારા સાથી બનાવો છો.**

કેવા છે ભગવાન ? અષ્ટપ્રાતિહાર્યથી શોભતા. દેવેન્દ્રોથી પૂજાતા, જગતના નાથ, જગતના સાર્થવાહ, આમ જેટલી ઉપમા આપીએ, તેટલી ઓછી છે.

ભગવાનના કલ્યાણકોમાં નારકીના જીવો પણ અજવાળું પામે, ક્ષણભર સુખ પામે. માત્ર દેશના સાંભળે તે જ સુખ પામે તેવું નથી.

ભગવાન એક-એક પ્રહર બબ્બે વાર દેશના આપે, છતાં શક્તિમાં કોઈ ન્યૂનતા નહિ. દેશનામાં અમૃતની વૃષ્ટિ કરે.

પુષ્કરાવર્ત મેઘની જેમ ભગવાન દેશના વરસાવે.

સૂર્યના પ્રકાશથી ઘુવડ વંચિત રહે, બીજું તો કોણ રહે ? ભગવાનની આ દેશનાથી મિથ્યાત્વી આદિ વંચિત રહે, બીજું કોણ રહે ?

આ દેશના આજે પણ આગમરૂપે સચવાયેલી છે. જિનાગમો એટલે ટેપ જ સમજી લો. ટેપ કરનારા હતા : ગણધર ભગવંતો...!

આજે પણ આગમ વાંચતાં એમ થાય :

સાક્ષાત્ ભગવાન બોલી રહ્યા છે.

પાવર હાઉસમાંથી વાયર દ્વારા જેમ ઘરમાં પ્રકાશ આવે, પાણીની ટાંકીમાંથી પાઈપ દ્વારા જેમ ઘરમાં પાણી આવે, તેમ પ્રભુનું નામ, મૂર્તિ, આગમ - એ બધા વાયર અને પાઈપ જેવા વાહકો છે. જે ભગવાનને આપણા સુધી પહોંચાડે છે.

ચિંતન કરો ને પ્રભુનો હૃદયમાં સંચાર થાય છે.

◆ ગાયો નિર્ભય થઈને ચરે. કેમ કે તે જાણે છે : અમારો રક્ષક ગોવાળ અહીં જ છે. ભગવાન પણ મહાગોપ છે. આપણે ગાય બનીને જઈએ, એટલે કે ગાયની જેમ દીન-હીન બનીને ભગવાનનું શરણું લઈએ તો ભગવાન રક્ષક બને. આપણો ભય ટળી જાય.

છ કાય રૂપી ગાયોના ભગવાન રક્ષક છે, માટે જ તેઓ મહાગોપ કહેવાયા છે.

◆ ભગવાન મહામાહણ છે, મહાન અહિંસક છે.

કુમારપાળ ભલે મહાન અહિંસક બન્યા, પણ ઉપદેશ કોનો ?

ગુરુ દ્વારા ભગવાનનો જ ને ?

◆ ભગવાન નિર્યામક છે.

'તપ-જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે...'

જ્યારે સાધનાની નાવ ડૂબતી લાગે, ત્યારે ભગવાન નિર્યામક બનીને બચાવે છે.

ખલાસીની ભૂલ થઈ શકે, નાવ ડૂબી શકે, પણ ભગવાનનું શરણું લેનાર ડૂબ્યો હોય, એવું હજુ સુધી બન્યું નથી.

ભગવાન જગતના સાર્થવાહ છે. મુક્તિપુરી - સંઘના સાર્થવાહ !


આ સંઘમાં દાખલ થઈ જાવ, એટલે મુક્તિમાં લઈ જવાની જવાબદારી ભગવાનની ! 'ભો ભો પ્રમાદમવધૂય ભજધ્વમેનમ્ !'

ઓ ભવ્યો ! પ્રમાદ ખંખેરી તમે એને સેવો - એમ દેવ - દુંદુભિ કહી રહી છે.

આ વ્યવહારથી પ્રભુનું સ્વરૂપ થયું.

નિશ્ચયથી ભગવાનનું સ્વરૂપ કેવું ? તે અવસરે જોઈશું.

✧ ✧ ✧ ✧ ✧



अपने दो पुत्र-शिष्यों के साथ, सि.क्षे. २०५२

આસો સુદ દ્વિતીય ૭
૧૭-૧૦-૧૯૯૯, રવિવાર

દ્વાદશાંગીનો સાર ધ્યાન યોગ છે. મૂળ-ઉત્તર ગુણ ધ્યાનયોગની સિદ્ધિ માટે છે, એમ સિદ્ધર્ષિગણિએ ઉપમિતિમાં કહ્યું છે.

શ્રેણિ વખતે પ્રબળ ધ્યાન શક્તિ હોય છે. તે પોતાની મેળે આવશે, એમ માનીને બેસી જઈએ તો મરુદેવીની જેમ કાંઈ બધાને એ શ્રેણિ મળી જતી નથી.

ધ્યાન બે રીતે સિદ્ધ થાય :

અભ્યાસથી અને સહજતાથી

અભ્યાસથી થતા ધ્યાનને 'કરણ' કહેવાય અને સહજતાથી થતા ધ્યાનને 'ભવન' કહેવાય.

શાશ્વતી ઓળીમાં સિદ્ધચક્ર યંત્રનું ધ્યાન કરવું જોઈએ. શરીરના ૧૦ સ્થાનમાંથી કોઈપણ સ્થાને ધ્યાન કરી શકાય. પૂર્વે એ રીતે ધ્યાન કરાતું.

સિરિ સિરિવાલ કહામાં સિદ્ધચક્રનું ધ્યાન સંપૂર્ણપણે બતાવ્યું છે.

આ વિશ્વમાં નવપદ જેવું કોઈ આલંબન નથી. જેટલા ધ્યાનના આલંબન છે, તેમાં નવપદની તોલે કોઈ ન આવે.

માત્ર નામ લો, તો પણ કર્મ ખપે, ધ્યાન ધરો તો પૂછવું જ શું ?

ધ્યાન-વિચારમાં પદ ધ્યાન : પંચ પરમેષ્ઠીનું ધ્યાન

અને પરમપદ ધ્યાન : પોતાના આત્મામાં જ પંચ પરમેષ્ઠી જોવા તે, એ રીતે જણાવાયું છે.

લાખોપતિની સંપત્તિના ધ્યાનથી કે દર્શનથી તમને એકેય રૂપિયો તો ન મળે, પણ કર્મ ચોંટે.

શેઠ ને સામંતો પ્રત્યે રાગાદિ કરવાથી તમને પ્રાતીત્યકી ક્રિયા લાગે, જ્યારે નવપદના ધ્યાનથી આત્મામાં જ તે ઋદ્ધિ પ્રગટ થવા માંડે છે.

કોઈપણ કાર્યમાં છેવટનું લક્ષ્ય આ જ હોય છે : આના જેવો હું કેમ બનું ?

નવપદના ધ્યાનમાં આ જ લક્ષ્ય હોવું જોઈએ.

શેઠને ત્યાં નોકરી કરતો નોકર 'હું શેઠ બનું' એવી ભાવના ધરાવે, તેમ અહીં પણ હું એના જેવો ક્યારે બનું ? તેવી ભાવના હોવી જોઈએ.

◆ ભગવાને ધર્મને વશ કર્યો છે. જેમ ઘોડેસવાર ઘોડો વશ કરે. એને જોતાં જ ઘોડો સીધો ચાલવા લાગે. ધર્મને પણ ભગવાને એ રીતે પોતાને વશ કર્યો છે.

ભગવાન વિના તમે ક્યાંયથી ધર્મ મેળવી શકો નહિ.

ભગવાનનો આત્મા એટલે શુદ્ધ આત્મદ્રવ્ય. દ્રવ્ય કદી ગુણથી જુદું ન હોય, જેમ વસ્ત્ર કદી તંતુ-રૂપ વગેરેથી જુદું નથી હોતું.

આત્મદ્રવ્યનો ગુણ ચેતના છે. જાણવું, જોવું એનો ગુણ છે. એ સ્વ-પર પ્રકાશક છે.

સચરાચર જાણવા છતાં આશ્ચર્ય છે : ભગવાનને જાણવાની કોઈ ઉત્સુકતા નથી હોતી, પરમ ઔદાસીન્યમાં તેઓ સ્થિત હોય છે. કેવળજ્ઞાનની પહેલા જ પરમ ઉદાસીનતા ૧૨મા ગુણઠાણે આવી જતી હોય છે. વીતરાગતા આવે પછી

જ સર્વજ્ઞતા આવે.

કોઈપણ શક્તિ કે લબ્ધિ, જ્યાં સુધી તેનો પ્રયોગ કરીને બીજાને પ્રભાવિત કરવાની ઈચ્છા હોય છે, ત્યાં સુધી પ્રાયઃ મળતી નથી. સર્વજ્ઞતાની પૂર્વ શરત વીતરાગતા છે.

પર્યાયના બે પ્રકાર :

(૧) પ્રવર્તન : કાર્ય-સ્વરૂપ. (૨) સામર્થ્ય : શક્તિ-સ્વરૂપ. સત્પર્યાય (છતી પર્યાય)

દા.ત. દોરડું... જેનાથી હાથી બાંધી શકાય કે મોટી શિલાઓ ચડાવી શકાય.

એ જેટલા તંતુઓથી બનેલું હોય તેટલું જાડું હોય. એ જાડાઈ સામર્થ્ય પર્યાય છે. પણ દોરડું કાંઈ રાખી મૂકવા માટે ન બનાવાય, એના દ્વારા શિલા વગેરે ચડાવાય કે હાથી બંધાય. આવા કાર્યો વખતે પ્રવર્તન પર્યાય હોય.

'છતી પર્યાય જે જ્ઞાનની, તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવી નવી વર્તના રે, સમયમાં સર્વ સમાય.'

અહીં 'છતી પર્યાય' એટલે શક્તિ પર્યાય...'

પ્રભુના શુદ્ધ દ્રવ્ય-પર્યાયના ધ્યાનથી આપણામાં પ્રભુના ગુણો આવે.

જેમ દર્પણની સામે ઉભા રહેતાં જ તમારું પ્રતિબિંબ પડે છે. આપણું મન પણ દર્પણ છે. પ્રભુ સામે ઊભા રહો. પ્રભુનું ધ્યાન ધરો. એમના ગુણો આપણામાં સંક્રાન્ત થશે.

આખી દુનિયાનો કચરો સંઘરવા આપણે તૈયાર છીએ, પણ પ્રભુના ગુણો લેવા તૈયાર નથી !

◆ ધ્યાન પદ્ધતિ :

(૧) પ્રભુના ગુણો ચિંતવવા.

(૨) પ્રભુ સાથે સાદૃશ્ય ચિંતવવું.

(૩) પ્રભુ સાથે અભેદ ચિંતવવો.

આ સાધનાનો ક્રમ છે.

આમ ન કરીએ તો શરીર સાથેનો અભેદ નહિ ટળે. શરીરનો અભેદ અનાદિકાળથી છે, અનંત જન્મોના સંસ્કાર છે. શરીર સાથેના ભેદની વાત અને પ્રભુ સાથેના અભેદની

વાત, આપણા જીવે કદી સાંભળી જ નથી. પછી મગજમાં ક્યાંથી ઊતરે ?

આ ધ્યાન પણ વ્યવહારમાં નિષ્ણાત બન્યા પછી જ લાગુ પડે. નહિ તો કાનજી મતના અનુયાયીઓ જેવી હાલત થાય, ક્રિયાકાંડ છુટી જાય.

ધ્યાન વિચારમાંના બારેય પરમ ધ્યાન સંપૂર્ણ નિશ્ચય લક્ષી છે. પોતાના આત્માની સાથે જોડનારા છે.

◆ **સિદ્ધ :**

અરૂપી ધ્યાનમાં સિદ્ધોનું ધ્યાન ધરવાનું છે.

'सिद्धाणमाणंद - रमालयाणं'

સિદ્ધો અનંત છે, અનંત ચતુષ્કવાળા છે.

આપણી ભાવિ સ્થિતિ કેવી ?

સિદ્ધ એટલે આપણી ભાવિ સ્થિતિ. કોઈ જોષીને પૂછવાની જરૂર નથી. જો આપણને ધર્મ ગમે છે તો આ જ આપણું ભવિષ્ય છે.

વખતચંદભાઈને ઘણા પૂછે : ક્યારે સંઘ કાઢવાના છો ? ક્યારે ઉપધાન કરાવવાના છો ?

હું તમને પૂછું છું : ક્યારે સિદ્ધ બનવાના ?

જન્મ-જરાદિમાંથી મુક્ત થવાનો સિદ્ધિગતિમાં જવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

આ જન્મમાં જો સાધના ન કરી તો આગામી જન્મ આવો મળી જશે, એવા ભ્રમમાં નહિ રહેતા. અહીં તમારા મામા-કાકાનું રાજ નથી.

અત્યારે શાંત ગુરુ મળ્યા છે તો પણ નથી કરતા, તો કડક ગુરુ મળશે ત્યારે શી રીતે કરી શકશો ?

અત્યારે મળેલી દેવ-ગુરુ આદિની સામગ્રીનો જેવો ઉપયોગ કરશો, તે મુજબ જ આગળની સામગ્રી મળશે. અત્યારે મન-વચન આદિ શક્તિઓનો જેવો ઉપયોગ કરશો તે પ્રમાણે જ આગળ શક્તિઓ આપણને મળશે.

મારી પોતાની મદ્રાસમાં એવી સ્થિતિ થઈ ગયેલી કે મુહપત્તીના બોલ યાદ ન આવે, પટ્ટ વખતે મોટી શાંતિ ભૂલી

જાઉં, આ જ જન્મમાં પણ શરીર આવો દગો આપી શકે તો આગામી જન્મોમાં તો શું થશે ? તેની કલ્પના તો કરો.

કેટલીક વખત તો હું કોઈને માંગલિક સંભળાવવા જવા તૈયાર થાઉં ને સમાચાર મળે : પેલા ભાઈ ગયા.

જીવનનો શો ભરોસો છે ? પરપોટો છે આ જીવન...!

પરપોટાને ફૂટતાં વાર શી... ? પરપોટા ફૂટે એ નહિ, એ ટકે એ જ નવાઈ છે.

માટે જ કહું છું : જલ્દી સાધના કરી લો. જીવન અલ્પ છે. ક્ષણે-ક્ષણે આયુષ્ય ઘટી રહ્યું છે.

આ જીવનમાં દોષોને હાંકી કાઢો. કૂતરા ને, જો તે ન જાય તો લાકડીથી કેવા હાંકી કાઢો છો ? તે જ રીતે દોષોને કાઢો. એ જ ખરી સાધના છે.

આ સાધના આ જીવનમાં નહિ કરો તો ક્યારે કરશો ?

◆ અંત સમયે સિદ્ધ થનાર જીવની બે તૃતીયાંશ અવગાહના રહે. ત્રણ હાથની કાયા હોય તો બે હાથ રહે.

સિદ્ધ ભગવંત વર્ણ, ગંધ, રસાદિથી રહિત હોય. સદા આનંદ, અવ્યાબાધ સુખમાં મગ્ન હોય, પરમ જ્યોતિરૂપ હોય.

એક સિદ્ધ જે અવગાહનામાં હોય, તેટલી જ અવગાહનામાં અનંત હોય.

ફરી તેઓ આ સંસારમાં આવવાના નથી. સાદિ અનંતકાળની તેમની સ્થિતિ છે.

પોતાની આત્મ-સંપત્તિના રાજા છે.

તેમની બધી જ શક્તિ પૂર્ણપણે વ્યક્તિરૂપ બની છે, એ જ શક્તિ આપણામાં પણ છે, પણ વ્યક્તિ નથી. સિદ્ધમાં વ્યક્તિ છે. વ્યક્તિ એટલે પ્રગટ.

સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, વગેરે અંગે અવસરે સમજાવીશું, પણ અત્યારે એટલું સમજી લઈએ કે **સ્વક્ષેત્રાદિની વિચારણાથી મોહરાજાનો ૯૯% ભય ઓછો થઈ જાય. કેમ ? ભગવાને કહ્યું છે : સર્વ પદાર્થો સ્વ રૂપે છે જ, પર રૂપે નથી જ, આટલી વાત નિશ્ચિત થઈ જાય પછી ભય શાનો ?**

ભગવતી સૂત્રમાં કહ્યું છે :

अत्थित्ते अत्थित्तं परिणमइ । नत्थित्ते नत्थित्तं परिणमइ ।

બધા દ્રવ્યો પોતાની મર્યાદામાં જ રહે. પુદ્ગલ ભલે આપણને વળગેલું છે, પણ પુદ્ગલ સાથે ભેળ-સેળ કદી ન થાય. આત્મા પુદ્ગલ ન બને, પુદ્ગલ આત્મા ન બને.

આ વાત સમજતા નથી માટે જ ભયભીત છીએ. આ વાત આપણે હવે નહિ સમજીએ તો ક્યારે સમજીશું ? ક્યાં સુધી તત્ત્વજ્ઞાનથી હીન રહીશું ?

દ્રવ્યક્રિયારુચિ જીવડા રે, ભાવ ધર્મ રુચિ હીન ?
ઉપદેશક પણ તેહવા રે, શું કરે લોક નવીન ?

- પૂ. દેવચન્દ્રજી

શું કરીએ ? કાળ જ એવો છે, એમ કાળ પર પણ દોષ ન આપો. એ આત્મવંચના હશે !

✧ ✧ ✧ ✧ ✧

गइ काले पुस्तक 'कहे कलापूर्णसूरि' डोकटर राकेश मारफत मळी गयुं छे. हुं ते मंगाववाना प्रयत्नमां हतो... अने आवी गयुं. बहु आनंद थयो.

पूर्वे बीजानी मारफत अत्रे आवेल ए पुस्तक अत्रे मने मळेल. अने लगभग ते हुं पूर्णपणे वांची गयो छुं. भरपूर प्रसन्नता थइ छे. साधु-समाचारीनी वातो / अने पूज्यश्रीना मुखेथी वहेती वाणी खूब असरकारक बनी रहे छे. मने घणुं गम्युं छे. रुबरु मळ्या तुल्य आनंद थयो छे.

आ काळमां पूज्य पंन्यासजी महाराज बाद पूज्य आचार्य भगवंत खूब श्रद्धेय व्यक्ति छे.

तमो गणिवरोए खूब श्रम करीने पुस्तक तैयार कर्युं छे. धन्यवाद छे.

- मुनि जयचन्द्रविजय
सुरत.



આસો સુદ ૮
૧૮-૧૦-૧૯૯૯, સોમવાર

સિદ્ધચક્રની આરાધના પરમપદ આપે છે. કેમકે નવપદો સ્વયં પરમપદ છે.

◆ ધ્યાન વિચારમાં સાત પ્રકારની ચિંતામાં...

૧લી તત્ત્વ ચિન્તામાં જીવાદિ તત્ત્વ ચિન્તા આવે છે.

પરમ તત્ત્વ ચિન્તામાં પંચ પરમેષ્ઠી ભગવંતો આવે છે.

◆ તીર્થંકરો પણ આ નવપદોનું સંપૂર્ણ વર્ણન કરી શકે નહિ. કેમ કે વાણી પરિમિત છે. એમના ગુણો અપરિમિત છે.

◆ **ધ્યાન, અભ્યાસ-સાધ્ય કરતાં કૃપા-સાધ્ય વધુ છે. પ્રભુમાં ધ્યાન લાગી જાય, તે પ્રભુની કૃપા સમજવી.**

◆ સ્થૂલદૃષ્ટિએ સિદ્ધો સિદ્ધશિલા પર છે.

નિશ્ચયથી સિદ્ધો પોતાના આત્મામાં રહેલા છે.

આઠેય કર્મ હટી જવાથી તેઓ અવ્યાબાધ સુખમાં લીન છે.

સંસારી જીવોને એકલું દુઃખ છે. કારણ કે જ્ઞાનીઓની નજરે સાતા (સુખ) પણ દુઃખ જ છે. સાતામાં જણાતું સુખ

પરિણામે તો દુઃખરૂપ જ છે. દુઃખ વખતે એમ નથી થતું : આવું દુઃખ વારંવાર મળો. પણ સુખ વખતે એમ થાય છે : આ સુખ કદી ન જાય, હંમેશ રહે. આવી વૃત્તિથી આસક્તિ વધે છે. આસક્તિ સ્વયં દુઃખરૂપ છે. જ્યારે સિદ્ધોમાં આવી આસક્તિ નથી.

◆ સિદ્ધો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્રાદિમાં સ્થિત થઈ ગયાછે.

આપણા આત્મામાં અસ્તિત્વ છે.

આપણા આત્મામાં નાસ્તિત્વ છે.

આપણો આત્મા નિત્ય છે.

આપણો આત્મા અનિત્ય પણ છે.

આપણો આત્મા સત્ પણ છે.

આપણો આત્મા અસત્ છે.

આનું નામ જ સ્યાદ્વાદ છે.

સ્વદ્રવ્ય - સ્વક્ષેત્રાદિની અપેક્ષાએ અસ્તિત્વ છે.

પરદ્રવ્યાદિની અપેક્ષાએ નાસ્તિત્વ છે.

દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે.

પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

એક આગમિક શ્લોક છે, જે દેવચન્દ્રજી મ.ના ટબ્બામાં છે.

'दव्वं गुणसमुदाओ अवगाहो खित्तं वट्टणा कालो ।
गुणपज्जयपवत्ती भावो, सो वत्थुधम्मोत्ति ॥'

આ ચારની પરિણતિ તે વસ્તુનો સ્વભાવ છે :

દ્રવ્ય... ગુણ સમુદાય.

ક્ષેત્ર... સ્વ અવગાહના.

કાળ... વર્તના લક્ષણરૂપ.

ભાવ... ગુણ પર્યાયનું પ્રવર્તન.

આ વિચારધારાથી મૃત્યુ આદિના સંકટ સમયે પણ સમાધિ રહે. મારી પાસે મારું છે જ. શું હતું, જે નષ્ટ થયું ?

મારું હતું તે મારી પાસે છે જ. જે મારું નથી તે ભલે જાય, આવી વિચારધારાના બીજ આમાં પડેલા છે.

◆ પાણી તરસ મટાડવાનું બંધ ન કરે તેમ આપણો

આત્મા પણ પોતાનો સ્વભાવ ન છોડે. પાણીની જગ્યાએ બીજું કાંઈ ચાલે ? તેલ પીવાય ? અગ્નિ ઉષ્ણતા છોડી દે તો ?

જગતના કોઈ પદાર્થો પોતાનો સ્વભાવ બદલતા નથી.

'ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મીટાવે;
સેવકના તિમ દુઃખ ગુમાવે, પ્રભુ-ગુણ પ્રેમ સ્વભાવે...'

પ્રભુનો સ્વભાવ છે આ. એ ન બદલાય.

સહાયતા, સાધના, સહનશીલતા - આ સાધુનો સ્વભાવ છે. એ કેમ જાય ? જાય તો સાધુતા શી રીતે રહે ?

◆ જીવદળ પત્થર છે.

ગુરુ શિલ્પી છે.

વેસ્ટ ભાગ શિલ્પી દૂર કરે એટલે પત્થર પ્રતિમા બને. તેમ વિભાવદશા દૂર થતાં આત્મા પરમાત્મા બને.

ઘરમાં સ્વચ્છતા શી રીતે આવે ? બહારથી સ્વચ્છતા લાવવી નથી પડતી. એ તો અંદર છે જ. માત્ર તમે કચરો કાઢો એટલે સ્વચ્છતા હાજર. આત્મામાંથી કર્મનો કચરો કાઢો એટલે પરમાત્મા હાજર...!

છાપાં, T.V. ઈત્યાદિ તમને કચરો નથી લાગતો ? જુનો કચરો તો છે જ. ફરી નવો કચરો શા માટે નાખવો ?

આત્માને શુદ્ધ બનાવો, કચરો દૂર કરો એટલે સિદ્ધ હાજર.

આપણને ભલે આપણી સિદ્ધતા ન દેખાય, પણ પ્રભુ આપણી સ્વચ્છતા, આપણી સિદ્ધતા જોઈ રહ્યા છે.

પ્રભુ કહે છે : તું શા માટે ગભરાય છે ?

તારી સિદ્ધતા હું મારા જ્ઞાનથી જોઈ રહ્યો છું ને ? તું માત્ર પ્રયત્ન કર.

◆ વિષયોનું ધ્યાન સહજ છે, પ્રભુનું ધ્યાન કદી નથી કર્યું. એ માટે પ્રયત્ન કરવો પડે.

જેટલા સિદ્ધ થયા છે, તે બધા જ અહીંથી જ ત્યાં ગયા છે. આ મનુષ્યલોક સિવાય બીજે ક્યાંયથી ત્યાં જવાય તેમ નથી.

ત્યાં જવાની શરત એટલી : કર્મનો અંશ પણ ન જોઈએ. કર્મનો એક અણુ પણ ન ચાલે બોજવાળાનું ત્યાં કામ નથી.

તમે જે ક્ષણે કર્મનો કચરો કાઢો તે જ ક્ષણે

(બીજો સમય પણ નહિ. 'સમય - પએસંતર અણફરસે...') ઉપર જઈને વસો.

આત્મા કર્મમુક્ત બની ઉપર કઈ રીતે જાય છે ? તે જણાવવા ૪ દૃષ્ટાંતો બતાવ્યા છે :

(૧) **પૂર્વપ્રયોગ** : કુંભારનો ચાકડો દંડથી હલાવ્યા પછી પોતાની મેળે થોડીવાર ફરતો રહે છે તેમ સિદ્ધો અહીંથી કર્મમુક્ત બન્યા પછી ઉપર જાય છે. કર્મમુક્ત થવું એ જ એક પ્રકારનો ધક્કો છે, પૂર્વપ્રયોગ છે.

(૨) **ગતિ પરિણામ** : જીવનો સ્વભાવ છે ઉપર જવાનો. જેમ અગ્નિનો ઉપર જવાનો સ્વભાવ છે.

(૩) **બંધન છેદ** : એરંડાનું ફળ પાકતાં જેમ ઉપર જાય તેમ કર્મમુક્ત થતાં જીવ ઉપર જાય.

(૪) **અસંગ** : માટીના સંગવાળી (લેપવાળી) તુંબડી ડૂબે, પણ માટીનો લેપ નીકળી જાય તો પાણીની સપાટી પર આવી જાય, તેમ કર્મનો લેપ નીકળતાં જીવ ઉપર જાય.

◆ સિદ્ધોનું સુખ કેવું ? ઉપમા ન આપી શકાય તેવું. જન્મથી જ જંગલમાં રહેનારો ભીલ, શહેરમાં રાજાનું સુખ માણીને પાછો ઘેર આવે તો તે કેવી રીતે વર્ણવી શકે ? એવી જ દશા જ્ઞાનીઓની હોય છે. જાણે, પણ બોલી શકે નહિ.

આવા સિદ્ધોની ઝલક ધ્યાનદશામાં યોગીઓ ક્યારેક જોઈ લે છે.

એ સિદ્ધોનું ધ્યાન થવાથી આપણને સમાધિ લાગે છે.

અરિહંતનું ધ્યાન અરિહંત બનાવે તેમ
સિદ્ધનું ધ્યાન સિદ્ધ બનાવે છે.

આવા સિદ્ધોનું ધ્યાન શી રીતે થઈ શકે ? એમના ગુણોનું, પ્રતિમાનું, 'નમો સિદ્ધાણં' એવા પદોનું આલંબન લેવાથી થઈ શકે.

◆ ધ્યાતા ધ્યેય ધ્યાન
જ્ઞાતા જ્ઞેય જ્ઞાન
સાધક સાધ્ય સાધન
ઉપાસક ઉપાસ્ય ઉપાસના

આ ત્રણેયનું એકીકરણ સમાપત્તિ છે.

◆ **નવપદો અંગે જેટલી આજે કૃતિઓ મળે છે, એ કૃતિઓ, એમણે ધ્યાનથી અનુભૂતિ કરીને બનાવેલી છે. 'બનાવેલી છે.' એમ કહીએ તે કરતાં 'બની ગઈ છે.' એમ કહેવું ઠીક પડશે. એમના શબ્દોથી એમની સાધના જણાય છે.**

◆ **આચાર્ય પદ :**

'નમું સૂરિરાજા સદા તત્ત્વ તાજા, જિનેન્દ્રાગમે પ્રૌઢ સામ્રાજ્ય ભાજા;

ષડ્વર્ગવર્ગિતગુણે શોભમાના, પંચાચારને પાલવે સાવધાના.'

સૂર્યનો ઉદય થતાં ચન્દ્રાદિનું તેજ ઝાંખું પડી જાય છે. જ્યોતિષમાં પણ રવિયોગ પ્રબળ હોય ત્યારે બીજા યોગો નબળા પડી જાય છે. શાસનમાં સૂરિ ભગવંત પ્રભાવક બને છે ત્યારે અન્ય દર્શનીઓ ઝાંખા બની જાય છે.

નમું સૂરિરાજા, સદા તત્ત્વ તાજા,

એમની પાસે નવું-નવું તત્ત્વજ્ઞાન ઝર્યા જ કરે. આથી 'તત્ત્વ તાજા' કહ્યું.

ફલોદીમાં પૂ. લબ્ધિસૂરિ મ. નું ચાતુર્માસ.

ફુલચંદજી ઝાબક ખૂબ જ તત્ત્વપ્રેમી. વિદ્વાનોને વિદ્વદ્ગોષ્ઠી ગમે. આચાર્યશ્રી પાસે તેઓ રાત્રે ગૂઢ પ્રશ્નો કરે. અમે પૌષધમાં હોઈએ ત્યારે ઘણીવાર સાંભળીએ. રાત્રે ૧૨ પણ વાગી જાય. તત્ત્વની વાતોમાં રાત વીતી જાય. આચાર્ય આવા 'તત્ત્વ-તાજા' હોય.

◆ આચાર્યમાં ગુણ કેટલા ?

'ષટ્વર્ગ - વર્ગિત'.

એટલે ?

૬ નો વર્ગ - ૩૬. ૬ x ૬ = ૩૬.

૩૬નો વર્ગ - ૧૨૯૬. ૩૬ x ૩૬ = ૧૨૯૬.

આટલા ગુણો આચાર્યના હોય.

સાવધાન થઈને પંચાચાર પાળનારા હોય.

૧૦ વર્ષની ઉંમરથી (ઠેઠ હૈદ્રાબાદથી) હું આ

(નવપદની) પૂજાની ઢાળો ગાઉં છું. આજે પણ એટલો જ રસ પડે છે. દિન-પ્રતિદિન નવા-નવા અર્થો નીકળતા લાગે. આ ચીજ મારે ભાવિત બનાવવી છે. જે છે તે આમાં છે. આમાં છે તે ક્યાંય નથી.

આ ઢાળો પાકી કરવા જેવી છે, યાદ રાખવા જેવી છે.

આપણા આચાર્ય, ઉપાધ્યાય વગેરે કેવા હોય ? તેનું સ્વરૂપ તો જાણીએ. જાણીશું તો તેવા બનવાની ઈચ્છા થશે, તેમના ગુણો મેળવવાની ઈચ્છા થશે.

જ્ઞાન-દર્શનાદિનું સ્વરૂપ જાણીશું તો તે અપનાવવાનું મન થશે.

✧ ✧ ✧ ✧ ✧

વાંકી તીર્થમાં આપેલી વાચનાનું પુસ્તક ગમ્યું. મજાની સામગ્રી પીરસી છે. વિગતો ક્યાંક ક્યાંક અધૂરી લાગે છે.

દા.ત. સોલાપુરના ચોમાસાની વાત છે. ત્યાં વ્યાખ્યાનમાં પર્યુષણ પછી વ્યાખ્યાન બંધની વાત છે. પછી શું થયું એ જિજ્ઞાસા વણસંતોષાયેલી રહે છે.

- આચાર્ય વિજયપ્રદ્યુમ્નસૂરિ
શાંતિનગર, અમદાવાદ.

✧ ✧ ✧ ✧ ✧

'કહે' અને 'કહ્યું' ના જાજરમાન પ્રકાશનો જૈન સંઘને ભેટ આપી મહાન ઉપકાર કર્યો છે.

અમને પૂજ્યશ્રીની વાણીનો સાક્ષાત્ સંયોગ કરાવી આપ્યો.

- મુનિ દેવરત્નસાગર
મુંબઈ.



તીરુપાનૂર પ્રતિષ્ઠા-પ્રસંગ, વિ.સં. ૨૦૫૩

આસો સુદ ૯
૧૯-૧૦-૧૯૯૯, મંગળવાર

◆ આપણે સાધક બનવું હોય તો આ ત્રણ (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ)માંથી કોઈપણ એકના ગુણો મેળવી લઈએ તો કામ થઈ જાય. અરિહંત - સિદ્ધ સાધ્ય છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાધક છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ સાધન છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપની પરાકાષ્ઠા સૂરિમાં છે.

આચાર્ય 'તત્ત્વતાજા' કહેવાયા છે. પુનરાવર્તનના પ્રભાવથી એમનું તત્ત્વ તાજું જ રહે છે. ઉપાધ્યાય આદિ સૌને તેઓ ભણાવે છે.

ખરેખર તો બીજાને ભણાવવું એટલે જ સ્વયં ભણવું. એથી આગળ વધીને જીવનમાં આવી જાય તે જ સાચું જ્ઞાન કહેવાય.

આચાર્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળને અનુરૂપ દેશના આપે છે.

દ્રવ્યથી વ્યક્તિ, ક્ષેત્રથી દેશ, કાળથી સમય.

ભાવથી શ્રોતાના ભાવો જોઈને દેશના આપે.

આચાર્ય 'શુદ્ધ જલ્પા' કહેવાયા છે. એટલે શાસ્ત્રાનુસારી બોલનારા કહેવાયા છે.

ભમરો પુષ્પ-રસ પીએ તેમ આચાર્ય પરમાનંદનો રસ પીએ છે, આથી જ તેઓ તાજા છે.

આચાર્ય સાધ્યમાં અત્યંત એકનિષ્ઠ હોય છે. ગમે તેવા વિઘ્નોમાં પણ ધ્યેય-નિષ્ઠા છોડતા નથી.

◆ **જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપમાં જેમ-જેમ વીર્ય ફોરવીએ તેમ તેમ આપણું વીર્ય વધે, ઘટે નહિ.**

ચાલવાથી કદી પગ ટૂંકા થયા ? આજ સુધી કેટલા કિલોમીટર ચાલ્યા ? પગ ટૂંકા થયા ? આંખથી કેટલું જોયું ? આંખ ટૂંકી થઈ ? ગમે તેટલું કરો શક્તિ ઘટશે નહિ, પ્રત્યુત વધશે. ઉલ્ટું કામ નહિ કરો તો શક્તિ ઘટશે.

ફૂલો ચૂંટવાનું બંધ કરો...

કૂવામાંથી પાણી લેવાનું બંધ કરો...

ગાય દોહવાનું બંધ કરો...

શું થશે...?

એ આપવાનું બંધ કરી દેશે.

કામ કરવાનું બંધ કરો. તમે કટાઈ જશો.

ઘણા દાનવીરો કહે છે : 'આપવાથી સંપત્તિ વધતી જ જાય છે. આ અમારો અનુભવ છે. એટલે જ અમે આપતા જ રહીએ છીએ...'

આ વિનિયોગનો આનંદ છે.

'વર છત્રીશ ગુણે કરી સોહે, યુગ-પ્રધાન મન મોહે;
જગ બોહે ન રહે ખિણ કોહે, સૂરિ નમું તે જોહે.'

યુગપ્રધાન સ્વરૂપ આચાર્ય ૩૬ ગુણથી શોભતા હોય છે, જગતને પ્રતિબોધતા રહે છે. ક્ષણ પણ ગુસ્સો કરતા નથી.

'નિત્ય અપ્રમત્ત ધર્મ ઉવએસે, નહિ વિકથા ન કષાય;
જેહને તે આચારજ નમીએ, અકલુષ અમલ અમાય.'

આચાર્ય અપ્રમત્ત થઈ ધર્મ-દેશના આપે છે. નિંદા કે કષાયની વાત નથી.

તેઓ નિર્માયી, નિર્મળ અને નિષ્કલંક છે.

'જે દીએ સારણ-વારણ...

આચાર્ય શિષ્યોને સારણા-વારણાદિ દ્વારા સન્માર્ગે લાવે.

પૂ. કનકસૂરિજી મ. આ રીતે કરતા. શરૂઆતમાં મીઠાશથી કહેતા. એટલાથી ન પતે તેને થોડા ગુસ્સેથી 'ભાન નથી પડતું' એમ કહેતા. બસ, આ એમની હદ. આટલું જેને કહે તે એકદમ સીધો થઈ જાય.

પણ, સારણાદિ યોગ્યને જ કરી શકાય.

'અત્થમીએ જિન સૂરજ...'

કેવળી અને ૧૪ પૂર્વીઓના વિરહમાં આચાર્ય જ અત્યારે આધારરૂપ છે. આચાર્ય જ અત્યારે શાસનના આધારસ્તંભ છે.

◆ અરિહંતનો સેવક અરિહંત બને.

સિદ્ધનો સેવક સિદ્ધ બને.

આચાર્યનો સેવક આચાર્ય બને.

ઉપાધ્યાયનો સેવક ઉપાધ્યાય બને.

સાધુનો સેવક સાધુ બને.

જે બનવું હોય તેની સેવા કરજો. એકને બરાબર પકડશો તો બીજા ચાર પણ પોતાની મેળે પકડાઈ જશે, એ ભૂલશો નહિ.

ઉપાધ્યાય પદ :

'નહિ સૂરિ પણ, સૂરિગણને સહાયા; નમું વાચકા ત્યક્ત મદ મોહ માયા.'

ઉપાધ્યાય ભલે આચાર્ય નથી, પણ આચાર્યના સહાયક છે. વડાપ્રધાન ને રાષ્ટ્રપતિના સચિવો હોય છે, તેમ આચાર્યના ઉપાધ્યાય સચિવ છે.

આચાર્યનું કામ શાસન અંગે તત્ત્વ-ચિંતનનું હોય. તેમને પુષ્કળ સમય મળે માટે શેષ કામ બીજા સંભાળે.

'કામ હું કરું ને જશ આચાર્યને મળે ?'

આવો વિચાર ઉપાધ્યાયને ન હોય. માટે લખ્યું : **'त्यक्त मदमोहमाया.'**

'સૂત્રાર્થ દાને જિકે સાવધાના.' સૂત્રાર્થ - દાનમાં ઉપાધ્યાય સદા તત્પર હોય.

ઉપાધ્યાયના ગુણ કેટલા ?

પનો વર્ગ = ૨૫. ૫ x ૫ = ૨૫.

૨૫નો વર્ગ = ૬૨૫. ૨૫ x ૨૫ = ૬૨૫.

વાચક, પાઠક વગેરે ઉપાધ્યાયના જ નામો છે.

- ક્ષમાદિ ૧૦ ધર્મ ધારનારા,
- સ્યાદ્વાદ - નયવાદથી કથન કરનારા,
- સંસારથી ડરનારા,
- પાપથી ભય પામનારા,
- શાસનની ધુરાને વહન કરનારા,

વાચના - દાનમાં સમર્થ ઉપાધ્યાયને નમસ્કાર હો !

'દ્વાદશ - અંગ સજ્ઝાય કરે જે, પારગ - ધારગ તાસ.'

દ્વાદશ અંગનો સ્વાધ્યાય તો કરે જ, પણ પારગામી પણ હોય, ધારક પણ હોય. સૂત્ર - અર્થનો વિસ્તાર કરનારા હોય.

ટીકા વગેરે એના સાક્ષીઓ છે. હરિભદ્રસૂરિજીએ દશવૈકાલિકના પ્રથમ અધ્યયનમાં જ કેટલો વિસ્તાર કર્યો છે ?

આવશ્યક ટીકામાં ઘણો વિસ્તાર છે, છતાં લખે છે : આ લઘુ ટીકા છે.

ભાવિમાં કોઈ સમજશે, એમ સમજીને મહાપુરુષોએ ટીકા આદિ લખ્યું છે.

'ધ્યાન - વિચાર' ગ્રંથ મને મળ્યો. હું આનંદિત થઈ ઊઠ્યો. મેં વિસ્તારથી લખ્યું : ભાવિમાં કોઈ જિજ્ઞાસુને કામ લાગશે, એ આશયથી લખ્યું છે. પણ હજુ સુધી એક પત્ર નથી આવ્યો, જેમાં પૂછાવ્યું હોય : મને આ નથી સમજાતું. માર્ગદર્શન આપો. ખોલે જ કોણ ?

પત્થર જેવા જડ શિષ્યમાં પણ જ્ઞાનના કૂંપળ ઉપાધ્યાયની કૃપાથી ફૂટી શકે.

આવો મૂર્ખ, વિદ્વાન થઈ જાય, પછી એ ઉપકારી ઉપાધ્યાયને ભૂલી શકે ?

'રાજકુંવર સરિખા ગણચિંતક...'

આચાર્ય રાજા છે. તો ઉપાધ્યાય રાજકુમાર છે, યુવરાજ છે. યુવરાજ ભવિષ્યનો રાજા છે. ઉપાધ્યાય ભાવિના આચાર્ય છે.

એમનો તો ભવ-ભય ટળ્યો, પરંતુ એમને વંદે તેનો પણ ભવ-ભય ટળે.

✧ ✧ ✧ ✧ ✧



દાવણગિરિ - [illegible], વિ.સં. ૨૦૫૪

આસો સુદ ૧૦
૨૦-૧૦-૧૯૯૯, બુધવાર : સવારે

આજે સાધુપદનો દિવસ છે.

આજના દિવસે જ મુમુક્ષુઓ મુહૂર્ત્ત જોવડાવવા આવ્યા છે.

બીજા પણ દીક્ષાનું મુહૂર્ત્ત વહેલું નીકળે, એવી ભાવનાપૂર્વક સાધુપદનો જાપ કરજો.

મારા સંતાનો આટલી યુવાનવયે આ માર્ગે જાય છે તો મારે વિચાર કરવા જેવો નહિ ? સંયમી ન બનીએ તો કાંઈ નહિ, વૈરાગી તો બનીએ.

ઘરમાંથી એક તૈયાર થાય તો કેટલાને ખેંચે ? હું એક તૈયાર થયો તો પાછળ ૬-૮ જેટલા ખેંચાયા.

સભા : આખા સમુદાયને આપ જ ખેંચો છો ને ?

રૂપેશભાઈનું મુહૂર્ત્ત :

રૂપેશ : વિ.સં. ૨૦૫૬ - પોષ વદ - ૬, બુધવાર, ૨૬-૧-૨૦૦૨ અંજાર. (અંજન-શલાકા-પ્રતિષ્ઠા-પ્રસંગ સાથે)

મંજુ, તારા, રંજન, રીટા, સરલા, શર્મીષ્ઠા, દમયંતી, સુનીતા, હંસા, દર્શના, મમતા - ઇત્યાદિ મુમુક્ષુ બહેનોનું તા.

૨૬-૧-૨૦૦૦, બુધવાર, પો.વ. ૬નું દીક્ષા-મુહૂર્ત જાહેર થયું. દીક્ષાસ્થળ અંજાર.

નીતાબેનનું કા.વ. ૧૩, ભુજ, અંજનશલાકા-પ્રસંગે અને ઉર્વશી તથા મોનલનું જે.સુ. ૧૦ જાહેર થયું.

✧ ✧ ✧ ✧ ✧

अध्यात्मयोगी, सांप्रतकालना महान भक्तियोगाचार्य पूज्यपाद आचार्यदेवेश श्रीमद् विजय कलापूर्णसूरीश्वरजी महाराजना कालधर्मना समाचारथी वज्रघात अनुभव्यो ।

*स्व. पूज्यपादश्रीना सान्निध्यमां दहींसर मुकामे मात्र एक ज दिवस रहेवानुं सद्भाग्य मळ्युं हतुं पण ते एक दिवस जीवनमां क्यारेय नहि भूलाय । **दर्शन मात्रथी दुरितनो ध्वंस थई जाय तेवुं तारक दर्शन हवे क्यारेय नहीं मळे.. ए विचारमात्रथी व्यथित थई जवाय छे । परमात्मा समक्ष बाळकनी जेम कालावाला करता ए परम प्रभुभक्तनी भक्तिघेली ए मनोहर मुखमुद्रा आंख सामेथी खसती नथी ।***

वर्तमान जैन संघे एक अणमोल रत्न गुमाव्युं छे । तेओश्रीनी विदायथी जैन संघने खूब मोटो फटको पड्यो छे । तेओश्रीनुं व्यक्तित्व सर्वग्राह्य अने सर्वमान्य हतुं । सकल संघना हृदयमां तेओश्रीनुं उंचुं स्थान हतुं । नवी मुंबई प्रतिष्ठा प्रसंगे पधार्या त्यारे मुंबई नजीकना तमाम स्थळोए तेओश्रीना दर्शन माटे केवो मोटो मानव-महेरामण उभरातो हतो ?

आ पूज्यपादश्रीनी सेवाभक्ति अने जीवनभर सान्निध्य पामीने आप सहु तो धन्य बनी गया । पूज्यपादश्रीनी विदाय आप सहुने विशेष आघात उपजावे ते सहज छे । परंतु परमोपकारी प्रभुशासनमां आवा घा रुझववा ज्ञानरसायण आपणने भरपूर मळ्युं छे । पूज्यपादश्रीनी गरवी गुणस्मृति तो आपणी पासे छे ज ।

पूज्यपादश्रीनी निकटमां रहेनारा आप सहुए तेओश्रीनी अद्भुत परिणतिना पुरावा जेवा अढळक प्रसंगो नजरे निहाळ्या हशे । अनुकूळताए तेनो एक दळदार संचय जैन संघने भेट धरशो तेवी विनंति । जेथी पूज्यपादश्रीना भव्य जीवननो जैन संघने विशेष परिचय थाय अने सुंदर प्रेरणा प्राप्त थाय ।

- एज. पं. मुक्तिवल्लभविजयनी वंदना

म.व. १, बोरीवली, मुंबई.



સ્વાગત કરી રહ્યાં, મૈસૂરના મુસ્લિમ ભક્તો

આસો સુદ ૧૦
૨૦-૧૦-૧૯૯૯, બુધવાર, દશેરા

વ્યવહારથી ઉપાધ્યાયની વ્યાખ્યા જોઈ. નિશ્ચયથી હવે જોઈએ.

'તપ સજ્ઝાયે રત સદા...'

બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય મહત્ત્વપૂર્ણ છે. જ્ઞાનરૂપી ખડ્ગ તીવ્ર થાય તેટલું ચારિત્ર જીવનમાં આવે. એટલે અહીં જ્ઞાન અને તપ (ચારિત્ર) એક થઈ જાય છે.

આ જ વાત લક્ષ્યમાં રાખીને જ્ઞાનસારમાં ઉપાધ્યાય યશોવિજયજીએ કહ્યું :

'ज्ञानमेव बुधाः प्राहुः कर्मणां तापनात् तपः ।
तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥'

અભ્યંતર તપને બાધક બને તે તપ જિનશાસનને માન્ય નથી. બાહ્ય માત્ર અંતર તપને સહાયક બને એટલું જ. અભ્યંતર તપ વિના ક્રોડ વર્ષ સુધીનું તપ હોય પણ તેનાથી જ્ઞાનીની એક ક્ષણ ચડી જાય.

'બહુ ક્રોડો વર્ષે ખપે, કર્મ અજ્ઞાને જેહ;

જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં, કરે કર્મનો છેહ...'

ઉપાધ્યાય યશોવિજયજી કહે છે : નિશ્ચયથી આપણો આત્મા જ ઉપાધ્યાય છે. કયો આત્મા ઉપાધ્યાય બની શકે ? જે તપ - સ્વાધ્યાયમાં રક્ત હોય, દ્વાદશ અંગનો ધ્યાતા, જગબંધુ અને જગભ્રાતા હોય તે જ ઉપાધ્યાય બની શકે.

મુનિચન્દ્રવિજય : ભ્રાતા અને બંધુમાં શું ફરક ?

ઉત્તર : સગો ભાઈ 'ભ્રાતા' કહેવાય. સમાન ગોત્રીય 'બંધુઓ' કહેવાય. એમ ઉપાધ્યાય અહીં માત્ર જગતના બંધુ જ નથી, ભાઈ પણ છે. માટે જ કહ્યું : જગબંધવ - જગભ્રાતા રે...

આપત્તિ વખતે મદદ માટે ભાઈ આવે.

રામ-લક્ષ્મણ, પાંચ પાંડવોમાં આ જોઈ શકાય છે.

છ મહિના સુધી વાસુદેવ, ભાઈનું મૃતક લઈને ફરે, આટલો સ્નેહ હોય. દેવને આવીને સમજાવવું પડે.

આવો ભ્રાતૃભાવ અને બંધુ-ભાવ આપણે જગતના જીવો સાથે રાખી શકીશું ત્યારે સાધના વેગવંતી બનશે.

◆ **સાધુ પદ :**

'साहूण संसाहिअसंजमाणं...'

દયા-દમનયુક્ત થઈ સંયમની સાધના કરે તે સાધુ. સાધુની વ્યાખ્યા આપણા જીવનની વ્યાખ્યા બનવી જોઈએ.

આગમમાં વ્યાખ્યા કેવી ? ને મારું જીવન કેવું ? એમ તુલના કરવી જોઈએ. આ પંક્તિઓના દર્પણમાં સ્વ-જીવન જોવું જોઈએ.

સાધુ, આચાર્ય - ઉપાધ્યાય - ગણિ આદિની સેવા કરે. સેવામાં આનંદ માને. પંચ સમિતિ પાળવામાં સાવધાન હોય.

ચાલે તો નજર નીચે. - ઈર્યાસમિતિ.

બોલે તો ઉપયોગપૂર્વક. - ભાષાસમિતિ.

વસ્તુ લે - મૂકે તો પુંજવાપૂર્વક - આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ.

વહોરે તો ગવેષણાપૂર્વક - એષણા સમિતિ.

પરઠવે તો જયણાપૂર્વક - પારિષ્ઠાપનિકા સમિતિ.

આવુ એમનું સહજ જીવન હોય.

વડીલોની પૂજા કરે તેને જ પરોપકાર વૃત્તિ મળે ને તેને જ સદ્‌ગુરુ મળે. માટે જ જયવીયરાયમાં આ જ ક્રમ કહ્યો છે.

'गुरुजणपूआ परत्थकरणं च सुह-गुरु-जोगो ।'

બની શકે : ગુરુમાં એવી શક્તિ ન પણ હોય, તોય એમની ભાવપૂર્વક સેવાથી શિષ્યની શક્તિઓ ખીલે જ ખીલે.

જંબૂવિજયજી આનું ઉત્તમ ઉદાહરણ છે.

પિતા + ગુરુ ભુવનવિજયજીના વિરહમાં એમની કામળી રાખી છે. એ જોઈ આજે પણ ગદ્‌ગદ્‌ બને. પરિણામે કેવી શક્તિઓ પ્રગટી ? ભુવનવિજયજીને કોણ ઓળખતું'તું ? જંબૂવિજયજી વિદ્વાન અને ભક્ત તરીકે પ્રસિદ્ધ થયા.

પિતા-ગુરુ વિના જંબૂવિજયજી એકલા થઈ ગયા. પૂ. પંન્યાસ ભદ્રંકરવિજયજી પાસે એક ભાઈ દીક્ષા લેવા આવ્યા. પંન્યાસજી મહારાજે એમને જંબૂવિજયજી પાસે મોકલ્યા.

'દેવે' (ભગવાને) પં. ભદ્રંકરવિ. દ્વારા આમને મોકલ્યા માટે એમનું નામ 'દેવભદ્ર' વિજય રાખ્યું.

આપણે તો બીજાને શિષ્ય આપવાની વાત છોડો, ઉલ્ટું બીજાનો ખેંચી લઈએ.

◆ નિર્ગ્રન્થ કોને કહેવાય ?

૯ બાહ્ય અને ૧૪ આંતર પરિગ્રહ છે.

ધન - ધાન્ય - વાસ્તુ - ક્ષેત્ર - હિરણ્ય, સુવર્ણ, દ્વિપદ - ચતુષ્પદ, કુપ્ય આ નવ બાહ્ય પરિગ્રહ છે.

૪ કષાય + ૯ નોકષાય + ૧ મિથ્યાત્વ =૧૪

આ આંતર પરિગ્રહ છે.

તેનો ત્યાગ કરે તે નિર્ગ્રન્થ કહેવાય.

◆ કાણાવાળી સ્ટીમરમાં કોઈ ન બેસે. બેસે તેને સ્ટીમર ડૂબાડી દે.

અતિચારના કાણાવાળું સાધુપણું આપણને સંસાર-સાગર શી રીતે તરાવશે ?

આપણું સાધુપણું મુક્તિ આપે એવું છે, એવું આપણને લાગે છે ? પોતાની જાત સંયમને યોગ્ય બનાવવા સાધુ સતત

પ્રયત્નશીલ હોય.

◆ અષ્ટાંગ યોગ અહીં પણ છે. આઠ દૃષ્ટિઓમાં અનુક્રમે આઠ યોગના અંગો રહેલા છે.

પહેલી દૃષ્ટિમાં સમાધિ જોવા મળે છે ખરી, પણ એ ગૌણ સમાધિ સમજવી. આગળ મળનારી પરમ સમાધિનું બીજ સમજવું.

બીજ કદી સીધું નથી મળતું. ક્રમશઃ મળે છે. પ્રથમ અંકૂર ફૂટે - પછી ક્રમશઃ થડ - ડાળ - ફૂલ - ફળ - બીજ આવે.

યોગશાસ્ત્ર અષ્ટાંગ યોગના ક્રમથી જ રચાયુ છે. જુઓ માર્ગાનુસારિતા, સમ્યક્ત્વ, ૧૨ વ્રતો આદિ યમ-નિયમમાં સમાવ્યા છે.

૪થાના અંતે આસન, પાંચમામાં પ્રાણાયામ, છઠ્ઠામાં પ્રત્યાહાર, પછી ૧૨ પ્રકાશ સુધીમાં ધારણા, ધ્યાન અને સમાધિ વર્ણવેલા છે.

◆ શરીરમાં દાહ થતો હોય તેને જ તેની પીડા સમજાય. આવી જ પીડા જેને સંસારની, એટલે કે રાગ-દ્વેષની અપાર પીડા લાગતી હોય તેણે સાધના કરવી જ રહી.

બાહ્ય તપ, જલ-સિંચન, ચંદન-વિલેપન વગેરેથી શમે, પણ આંતર તાપ જિન-વચન વિના બીજા કોઈથી ન શમે.

◆ શરીરની મમતા, મદ, અહંકારનો નાશ કરનાર, કાઉસ્સગ્ગ મુદ્રામાં ધ્યાનના અભ્યાસી, તપના તેજથી ઝળહળતા, કર્મને જીતતા, પરપરિણતિનો સંગ નહિ કરનારા, એવા મુનિ કરુણાના સિંધુ છે.

સાગર પણ નાનો પડે એવી કરુણાના સ્વામી સાધુ હોય છે.

◆ સાધનાનો પ્રારંભ સાધુથી થાય છે. ક્રમશઃ આગળ વધતાં અરિહંતમાં પૂર્ણ થાય છે.

◆ 'જિમ તરુ ફૂલે ભમરો બેસે...'

ફૂલ પર ભમરો બેસે ખરો, પણ તેને પીડે નહિ. ફૂલમાં કદી ભમરાએ પાડેલું છિદ્ર જોયું ?

આવી જ પદ્ધતિ મુનિના આહારની છે. માટે જ એનું નામ 'માધુકરી' છે.

◆ 'અઠાર સહસ શીલાંગના.'

૧૮ હજાર શીલાંગ ધારી, જયણાયુક્ત મુનિને વંદન કરી હું મારું જીવન ચારિત્ર બનાવું છું.

◆ 'નવવિધ બ્રહ્મગુપ્તિ.'

નવ બ્રહ્મચર્યની ગુપ્તિ, ૧૨ પ્રકારના તપમાં શૂરવીર મુનિને તો જ વંદન કરવાનું મન થાય, જો પૂર્વના પુણ્ય - અંકૂર પ્રગટેલા હોય.

પર્યાય નાનો હોય તેમ વધુ વંદન મળે. વધુ વંદનથી વધુ આનંદ થવો જોઈએ.

બીજ હજુ ગુપ્ત હોય, પણ અંકુરા પ્રગટ દેખાય. સાધુને વંદન કરવાનો અવસર મળે એટલે સમજવું : પુણ્ય અંકૂર ફૂટી નીકળ્યા છે.

પણ વંદન અમદાવાદી જેવું ન જોઈએ, રાજાની વેઠ જેવું ન જોઈએ.

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી ઘણું ઘણું જાણવા મળ્યું છે.

- સા. દિવ્યલોચનાશ્રી
માંડવી

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર ! જીવનને જો સાર્થક બનાવવું હોય તો આ પુસ્તકનું વારંવાર રટણ કરવું રહ્યું.

- સા. અક્ષયગુણાશ્રી
પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી મારા મનમાં તથા ભાવોમાં ઘણું પરિવર્તન આવ્યું છે.

- સા. ભવ્યગિરાશ્રી
પાલનપુર



મુકામ પે પધારે પૂજ્ય પૂર્ણચંદ્રજી, બેંગલોર કે પાસ, દિસં. ૨૦૫૨

આસો સુદ ૧૧
૨૧-૧૦-૧૯૯૯, ગુરુવાર

સાધુ :

◆ 'સોનાતણી પરે પરીક્ષા દિસે, દિન-દિન ચઢતે વાને;

સંયમ ખપ કરતા મુનિ નમીએ, દેશકાળ અનુમાને.'

બધામાં નવપદની આરાધના પ્રધાન છે. સૌમાં નવપદોનું આલંબન સર્વશ્રેષ્ઠ ગણાયું છે.

ગુજરાતી નવપદની ઢાળો, પૂજાઓ વગેરેનો છેલ્લા ૨૫૦ વર્ષોથી ખૂબ જ પ્રચાર થયો.

હીરવિજયસૂરિ સમકાલીન સકલચન્દ્રજી

૩૦૦ વર્ષ પૂર્વના ઉપાધ્યાય યશોવિજયજી

ત્યાર પછીના જ્ઞાનવિમલસૂરિ તથા દેવચન્દ્રજી

આ બધા મહાત્માઓની કૃતિઓનું સંકલન કરી નવ-પદ પૂજા બનાવવામાં આવી છે.

◆ સોનાની ચાર રીતે પરીક્ષા થાય : કષ, છેદ, તાપ અને તાડન. સાધુ પણ સોનાની જેમ પરખવામાં આવે તો શુદ્ધ

થઈને બહાર આવે. તેમનામાં તપનું તેજ, શ્રદ્ધાની નિર્મળતા, જ્ઞાનનો પ્રકાશ વધતા જ રહેતા હોય છે.

◆ સાધુની સંક્ષિપ્ત નૈશ્ચયિક વ્યાખ્યા :

'અપ્રમત્ત જે નિત રહે, નવિ હરખે નવિ શોચે રે;
સાધુ સુધા તે આતમા, શું મુંડે શું લોચે રે ?'

જે સદા અપ્રમત્ત રહે, કોઈપણ પ્રસંગે હર્ષ શોક ન કરે એવા શુદ્ધ સાધુ તે બીજા કોઈ નહિ, આપણો જ આત્મા છે.

બાહ્ય દૃષ્ટિ માત્ર સાધુ - વેષને જુએ, પણ પંડિત એનો ગુરુ પ્રત્યેનો સમર્પણ ભાવ જોઈને એની સાધુતા નક્કી કરે.

સાધના દ્વારા સિદ્ધિને સાધે તે સાધુ.

નવપદમાં : સાધ્ય, સાધક અને સાધના ત્રણેય છે.

દેવ સાધ્ય, ગુરુ સાધક અને ધર્મ સાધન છે. અરિહંત-સિદ્ધ દેવ છે. આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ગુરુ છે, દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ ધર્મ છે.

◆ **નવપદને ભૂલવા એટલા આપણા આત્માને ભૂલવો. નવપદને યાદ કરવા એટલે આપણા આત્માને યાદ કરવો.**

નવપદો સાથે જોડાયેલો આત્મા નહિ ખોવાય. દોરાથી પરોવાયેલી સોય ન ખોવાય તેમ.

◆ **સમ્યગ્દર્શન :**

'જિણુત્ત-તત્તે રુઇ-લક્ખણસ્સ, નમો નમો નિમ્મલ-દંસણસ્સ ।'

ગુણને વાંદવાથી ગુણીને પણ વંદન થાય જ છે. ગુણ-ગુણીનો અભેદ છે. એ ગુણધારી અવિરત સમ્યગ્દૃષ્ટિ હોય તો પણ નમસ્કરણીય બને છે. નમસ્કાર તેની અવિરતિને નહિ, ગુણને છે.

◆ અપથ્ય આહારના સેવનથી શરીરને નુકશાન થાય તેમ અહંકાર, ઈર્ષ્યા, નિર્દયતા, આદિથી આત્માને નુકશાન થાય.

મૈત્રી આદિ ૪, જ્ઞાનાદિ ૩ વગેરે આત્માનું પથ્ય છે.

વિપર્યાસબુદ્ધિ, હઠ, વાસના વગેરે મિથ્યાત્વ - આત્માનું ભયંકર અહિતકર અપથ્ય છે.

પથ્થથી ભોજનરુચિ જાગે
અપથ્થથી ભોજનરુચિ નષ્ટ થાય.

તેમ આત્માને પણ પથ્થથી દેવ-ગુરુ-ભક્તિ આદિ ખૂબ જ ગમે.

◆ **પરમ નિધાન એટલે ભગવાન.**

ભક્ત માટે ભગવાન જ પરમનિધાન છે. દરિદ્રને ધન અને સતીને પતિ જ જેમ પરમનિધાન છે.

◆ સમ્યક્ત્વ વિના નવ પૂર્વનું જ્ઞાન પણ અજ્ઞાન છે, ચારિત્ર પણ અચારિત્ર છે, ક્રિયા માત્ર કષ્ટક્રિયા છે.

◆ દર્શન સપ્તક (અનંતાનુબંધી ૪, દર્શન મોહનીય ૩) ના ક્ષયથી ક્ષાયિક, ક્ષય અને ઉપશમથી ક્ષાયોપશમિક અને ઉપશમથી ઔપશમિક સમ્યક્ત્વ મળે છે.

સાધકને પછાડવા મોહરાજાએ આ સાતને બરાબર તૈયાર કર્યા છે.

◆ 'સમકિત - દાયક ગુરુ તણો, પચ્ચુવયાર ન થાય;
ભવ કોડાકોડી કરી, કરતાં સર્વ ઉપાય.'

સમ્યક્ત્વ - દાતા ગુરુનો કેટલો ઉપકાર ? તમે આજીવન કદી પ્રત્યુપકાર ન કરી શકો તેટલો.

આત્મતત્ત્વની અનુભૂતિ કરાવનારનો બદલો શી રીતે વાળી શકાય ?

શરીર મારું, વચન મારું, મન મારું, કર્મ મારા એ મિથ્યા ધારણાને તોડનાર સમ્યક્ત્વ રૂપ વ્રજ છે. આવું વ્રજ આપનારને કેમ ભૂલાય ?

વસ્ત્ર, મકાન શરીર આદિનો સંબંધ માત્ર સંયોગ સંબંધ જ છે. જ્યારે આત્મગુણોનો સમવાય સંયોગથી સંબંધ છે, એવું શીખવનાર જ નહિ, અનુભૂતિ કરાવનાર આવા ગુરુદેવ છે.

◆ ધજાના સ્પંદનથી પવન જણાય, તેમ અરૂપી સમ્યક્ત્વ તેના લક્ષણોથી જણાય. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિકતા આ પાંચ લક્ષણોથી સમ્યક્ત્વ જણાય.

◆ 'ધર્મ રંગ અઠ્ઠમીજીએ'

સમ્યક્ત્વથી ધર્મરંગ અસ્થિ - મજ્જાવત્ બને છે. સાતેય

ધાતુમાં, લોહીના કણ-કણમાં અને આત્માના પ્રદેશ-પ્રદેશમાં ધર્મ અને પ્રભુનો વ્યાપ થઈ જાય છે.

તેથી પરભાવની સકલ ઈચ્છા ટળી જાય છે.

◆ પ્રભુની પૂર્ણ ગુણ સંપત્તિ પ્રગટેલી છે. આપણી સત્તામાં પડેલી છે. તેને પ્રગટાવવાની ઈચ્છા તે સમ્યક્ત્વ.

બંધ : આવક.

ઉદય : ખર્ચ.

ઉદીરણા : જબરદસ્તીથી ખર્ચ.

સત્તા : બેલેન્સ. આ તમારી પૈસાની ભાષામાં વાત સમજવી. આત્માની અનંત વીર્યશક્તિ સત્તામાં પડેલી છે.

અધ્યાત્મશાસ્ત્ર કહે છે : 'પરમાત્મ તત્ત્વ તમારા નામે બેન્કમાં જમા છે. તમે ચાહો ત્યારે મેળવી શકો છો.'

પણ આપણને તે મેળવવાની કદી રુચિ જ થતી નથી.

પણ આ બધી વાતોથી શું ? એ સ્વરૂપ મેળવો. મેળવવા મથો. ધૂમાડાથી પેટ નહિ ભરાય. 'ધૂમાડે ધીજું નહિ સાહિબ, પેટ પડ્યા પતીજે.' એમ પ્રભુને કહો.

સાધુપણા જેવી ઊંચી પદવી પામ્યા પછી પણ જો પરમ તત્ત્વની રુચિ ન હોય તો થઈ રહ્યું.

◆ વસ્તુતત્ત્વ એટલે આત્મતત્ત્વ, પરમાત્મતત્ત્વ.

એનું કારણ દેવ-ગુરુની આરાધના.

એના પ્રત્યે બહુમાન જાગવું તે સમ્યક્ત્વ.

આપણી બધી જ ક્રિયાઓ અંદર પડેલા પરમ ઐશ્વર્યને પામવાની ઝંખનાથી પેદા થયેલી હોવી જોઈએ. તો જ એ ક્રિયાઓ સત્ક્રિયા બને.

સમ્યક્ત્વ એટલે અંદર પડેલી પ્રભુતાને પ્રગટાવવાની તીવ્ર ઈચ્છા !

◆ 'શુદ્ધ દેવ - ગુરુ - ધર્મ પરીક્ષા...'

સુદેવ, સુગુરુ, સુધર્મ એ જ મારા. બીજા કુદેવાદિ નહિ, આવી શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ.

◆ ઔપશમિક સમ્યગ્દર્શન પાંચ વાર, ક્ષાયોપશમિક, અસંખ્યવાર અને ક્ષાયિક સમ્યગ્દર્શન એક જ વાર મળે. તે

મોક્ષ આપીને જ રહે.

હમણા આપણા ભાવો ક્ષયોપશમના છે. કેટલીયે વાર આવે ને જાય. માટે જ આપણે સાવધાની કેળવવાની છે.

◆ 'જે વિણ નાણ પ્રમાણ ન હોવે, ચારિત્ર-તરુ નવિ ફળીયો.'

આપણી અંદર પડેલા જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ત્વની રાહ જોઈ રહ્યા છે. કારણ કે સમ્યક્ત્વથી જ તેઓ ઊજળા છે. સમ્યક્ત્વ સુવર્ણ-રસ છે, જેના સ્પર્શથી અજ્ઞાન, જ્ઞાન અને અચારિત્ર ચારિત્ર બની જાય છે.

સમ્યક્ત્વ વગરના જ્ઞાન અને ચારિત્ર એટલે તલવાર વગરની મ્યાન ! માત્ર મ્યાનથી લડાઈ જીતી શકાય ?

✧ ✧ ✧ ✧ ✧

પૂ. સાહેબજીના મુખેથી વાણીરૂપી પાણીનો પ્રવાહ ચાલુ થયો ને આપે વચ્ચેથી જ વાણીના વહેણ વાળી લીધા. ધન્ય છે આપના કરયુગલને.

- સા. દિવ્યરત્નાશ્રી
માંડવી

✧ ✧ ✧ ✧ ✧

કરુણા રસભંડાર પૂજ્યશ્રીએ વાચના દ્વારા કૃપાનો અનરાધાર વરસાદ વરસાવ્યો છે.

- સા. ભવ્યદર્શિતાશ્રી
પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

જીવનને જો સાર્થક બનાવવું હોય તો આ પુસ્તકનું વાંચન અનિવાર્ય છે.

- સા. દિવ્યગુણાશ્રી
પાલનપુર



અપને શિષ્ય-ગણ કે સાથ, [illegible], વિ.સં. ૨૦૫૧

આસો સુદ ૧૨-૧૩
૨૨-૧૦-૧૯૯૯, શુક્રવાર

◆ નિગોદથી સંયમ સુધી પહોંચાડનાર ભગવાન જ છે. આપણું પુણ્ય ભલે ઓછું હોય. ભગવાનનું પુણ્ય પ્રબળ છે. ઉત્તમ કુળાદિમાં જન્મ થવો આપણા હાથમાં હતું ? આ બધું કોણે ગોઠવી આપ્યું ? કદી ભગવાન યાદ નથી આવતા ?

ગુરુ, વડીલ, સર્વ જીવોનો પણ આપણા પર ઉપકાર છે. એટલી લાંબી નજર ન પહોંચે તો કમ સે કમ ભગવાનને તો યાદ કરો.

મારી મહેનતથી મેં આ બધું મેળવ્યું કે વિદ્વાન બન્યો, એવું ન વિચારો, 'દેવ-ગુરુ પસાય' વારંવાર બોલીએ છીએ, તે હૃદયથી બોલતાં સીખો.

ધર્મની કિંમત વધારે કે તેને આપનારની ?
ધનની કિંમત વધારે કે તેને આપનારની ?
આપણે આપનારને ભૂલી જઈએ છીએ.
ધન મળી ગયા પછી, આપનારને કોણ પૂછે છે ?
બધું મળી ગયા પછી, ભગવાનને કોણ પૂછે છે ?

હેમચન્દ્રસૂરિજી જેવા ભગવાનને કહે છે :

'भवत्प्रसादेनैवाहमियतीं प्रापितो भुवम् ।'

ભગવન્ ! તમારી કૃપાથી જ હું આટલી ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યો છું.

બાકી રહેલી ભૂમિકા (સિદ્ધિ) પર પણ ભગવાન જ પહોંચાડશે, એવી શ્રદ્ધા હોવી જોઈએ.

ભગવાન પરની આવી શ્રદ્ધાનું નામ 'સમ્યગ્દર્શન' છે.

◆ **'ક્યાં જવું છે ? જ્યાં જવું હોય ત્યાંની ટિકિટ આપું. મને માત્ર પૈસા આપો.' એમ બસમાંનો કંડકટર કહે છે.**

'તમારે ક્યાં જવું છે ? મોક્ષમાં ? તમારો અહંકાર મને આપી દો...' એમ ભગવાન કહે છે.

પૈસાનું સમર્પણ કરવું સહેલું છે. અહંકારનું સમર્પણ કઠણ છે.

◆ જેના લગ્ન હોય તેના ગીત ગવાય. જે વખતે જે પદની પ્રધાનતા હોય તેને મુખ્યતા અપાય. દર્શન-પદના દિવસે દર્શનને, જ્ઞાન-પદના દિવસે જ્ઞાનને મહત્તા અપાય. આમાં કોઈ નારાજ ન થાય. કાંતિના ગુણ ગવાય તો શાંતિ નારાજ થાય એવું બને, પણ દર્શનના ગુણ ગાવાથી જ્ઞાન કે જ્ઞાનના ગુણ ગાવાથી દર્શન નારાજ થાય, એવું કદી ન બને. કારણ કે અંતતોગત્વા બધું એક જ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર ત્રણેય સાથે મળીને જ મોક્ષનો માર્ગ બને છે. ત્રણેય છુટા-છુટા મોક્ષનો માર્ગ ન બને. લોટ, ગોળ અને ઘી ત્રણેય મળીને જ શિરો બની શકે. એકને પણ છોડો તો ફૂલર કે રાબડી બને પણ શિરો ન બની શકે.

◆ **જ્ઞાનપદ :**

◆ દર્શન અને જ્ઞાન બંને જોડીયા પ્રેમી ભાઈઓ છે. એકને આગળ કરો તો પાછળનો નારાજ ન થાય. દર્શન-જ્ઞાન બંને પગ છે. એક આગળ રહે તો બીજો સ્વયં પાછળ રહી જાય. ક્રમશઃ એક-બીજા નાના-મોટા બનતા જાય.

બંને જોડીયા ભાઈ એટલા માટે કહ્યું કે બંનેનો જન્મ સાથે જ થાય. સમ્યક્ત્વ આવતાં જ અજ્ઞાન જ્ઞાન અને

મિથ્યાત્વ સમ્યગ્દર્શન બની જાય છે.

બંને એકીસાથે જન્મ્યાને ?

◆ જ્ઞાન, અજ્ઞાન - અંધકારને હરે.

આપણી સમક્ષ તેજસ્વી પદાર્થ સૂર્ય છે, જે સૌને પ્રત્યક્ષ છે. લાખો કોડો ગોળા પણ એની બરાબરી ન કરી શકે. જ્ઞાન પણ દિવાકર (સૂર્ય) છે. દિવસનું સર્જન કરે તે સૂર્ય કહેવાય.

આપણી અંદર પણ મોહ-નિશાને દૂર કરનાર અધ્યાત્મ-દિવસનું સર્જન કરનાર જ્ઞાન-પ્રકાશ છે.

સૂર્ય જતો રહે ને અંધારું છવાઈ જાય.

ચિંતન - મનનના દ્વાર બંધ કરી દો.

માનસ - મંદિરમાં અંધારું છવાઈ જશે.

એવું અંધારું કે કોડો દીવાઓથી પણ ન હટે.

જ્ઞાન ગુરુ દ્વારા આવે છે. માટે કદી ગુરુને છોડતા નહિ.

પ્રશ્ન : ગુરુ બીજા ન કરી શકાય ?

મા-બાપ બીજા કરી શકાય ?

દત્તક પદ્ધતિથી કદાચ મા-બાપ બદલાઈ જાય. (જો કે તો પણ તે પુત્ર મૂળ મા-બાપને કદી ભૂલતો નથી) પણ અહીં ગુરુ શી રીતે બદલાવી શકાય ?

સત્તામાં કેવળજ્ઞાનનો સૂર્ય ઝળહળી રહ્યો છે. જ્ઞાનાવરણીય રૂપ ઘોર વાદળાઓએ એ કૈવલ્ય સૂર્યને ઢાંકી દીધો છે. કૈવલ્ય સૂર્યના આવરણને હટાવવા માટે જ અધ્યયન કરવાનું છે. પ્રભુ ભક્તિ કરવાની છે.

ભક્તિ કરતા જશો તેમ જ્ઞાન ઊઘડતું જશે.

'જેમ જેમ અરિહા સેવીએ રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન સલુણા...'

- પં. વીરવિજયજી

◆ ભગવાને સ્વયં કહ્યું છે : જે ગુરુને માને છે તે મને માને છે.

'जो गुरुं मन्नइ सो मं मन्नइ'

ગુરુપદની સ્થાપના કરનાર પણ ભગવાન જ છે ને ? 'મારા કરતાં ગુરુને ઓછું મહત્ત્વ આપજો.' એવું કદી ભગવાને કહ્યું છે ?

ભગવાને તીર્થની સ્થાપના કરી ત્યાર પછી ૩૦ વર્ષ સુધી લગાતાર નિરંતર તેને દૃઢ બનાવ્યું. હવે બાકીના ૨૧ હજાર વર્ષ શાસન ચલાવનાર ગુરુ જ છે ને ? ગુરુને છોડો તો ભગવાનને જ છોડ્યા ગણાય.

દેવ, ગુરુ ને ધર્મ - આ ત્રણમાં ગુરુ વચ્ચે છે, જે દેવને તેમ જ ધર્મને ઓળખાવે છે. **'मध्यग्रहणाद् आद्यन्तग्रणम् ।'** ગુરુ પકડતાં દેવ અને ધર્મ સ્વયં પકડાઈ જશે તેમ ગુરુ છોડતાં દેવ અને ધર્મ બંને આપોઆપ છૂટી જશે.

સમ્યગ્ જ્ઞાનથી વિપર્યાસ બુદ્ધિ, સ્વચ્છંદ મતિ ઈત્યાદિનો ધ્વંસ થાય છે.

મતિ, શ્રુત આદિ જ્ઞાનના પાંચ પ્રકાર છે. આ જ્ઞાન ગુરુની ઉપાસનાથી જ મળે.

દેવ-ગુરુની સેવા વધુ તેમ જ્ઞાન વધુ ! એ જ્ઞાન નિર્મળ હોય, શ્રદ્ધા જન્માવે. શ્રદ્ધા હોય તો તેને પુષ્ટ બનાવે, ચારિત્રમાં પ્રવર્તન કરાવે.

જ્ઞાનની તીક્ષ્ણતા - એકાગ્રતા તે જ ચારિત્ર છે, તે મેં તમને વારંવાર સમજાવ્યું છે.

ચાલતી વખતે આંખ અને પગ એક સાથે કર્મ-રત રહે છે. આંખને જ્ઞાન, પગને ચારિત્ર કહીએ તો અહીં બંને એક બન્યા છે. આંખો બંધ કરીને ચાલી શકો ? ચશ્માની જેમ આંખોને પેક કરીને ક્યાંક મૂકી શકો ? પગને એક બાજુએ મૂકીને ચાલી શકો ? નહિ, ચાલતી વખતે આંખ અને પગ બંને જરૂરી છે. મોક્ષની સાધનામાં પણ જ્ઞાન અને ક્રિયા બંને સમાન રીતે જરૂરી છે. એકની પણ તમે ઉપેક્ષા કરી શકો નહિ.

'ज्ञानक्रियाभ्यां मोक्षः ।'

સતત પ્રવૃત્તિશીલ, ઉપયોગશીલ રહે તે સાચું જ્ઞાન.

સતત જે જ્ઞાનથી નિયંત્રિત થઈને દોરવાતું રહે તે જ સાચું ચારિત્ર (ક્રિયા).

'શ્રુતજ્ઞાન' ને અપેક્ષાએ કેવળજ્ઞાનથી પણ વધુ મહત્ત્વ અપાયું છે. શ્રુતજ્ઞાન વિના કોઈ કેવળી બન્યું છે ? બીજનું મહત્ત્વ વધુ કે ફળનું ? બીજ શ્રુતજ્ઞાન છે. ફળ કેવળજ્ઞાન છે.

અત્યારે કેવળજ્ઞાનનો વિરહ છે, શ્રુતજ્ઞાનનો નથી. પણ ચિંતા નહિ કરતા. મળેલા શ્રુતજ્ઞાનને બરાબર પકડી રાખશો તો કેવળજ્ઞાન આપોઆપ મળશે.

કેવળજ્ઞાની પણ દેશના શ્રુતજ્ઞાન દ્વારા જ આપે.

શ્રુતજ્ઞાનનું આદાન-પ્રદાન થઈ શકે, કેવળજ્ઞાનનું નહિ.

◆ પ્રશ્ન : ઉચ્ચારણપૂર્વક ગાથા કરવી કે મૌનપૂર્વક ?

ઉત્તર : ઉચ્ચારણપૂર્વક ગાથા કરાય. પ્રતિક્રમણાદિ પણ ઉચ્ચારપૂર્વક જ કરીએ છીએ ને ? એક બોલે તો પણ બીજાએ અનૂચ્ચારણ (અનુ + ઉચ્ચારણ) કરવાનું જ છે. જે હમણા આપણે પંચવસ્તુકમાં જોયેલું.

શેઠને છીંક આવી. 'નમો અરિહંતાણં' બોલ્યા ને સુદર્શના કુમારીને જાતિસ્મરણ જ્ઞાન થયું. શેઠ મનમાં બોલ્યા હોત તો ?

પણ, વહેલી સવારે ઊઠીને જોર-શોરથી નહિ બોલવું, એટલો ઉપયોગ રાખવો.

◆ 'ભવ્ય નમો ગુણ જ્ઞાનને !'

જ્ઞાન તમારા આત્માને તો અજવાળે, પણ તમે એનાથી બીજાને પણ અજવાળી શકો.

જ્ઞાનથી જેટલો ઉપકાર થાય, તેટલો બીજાથી ન થાય.

શ્રુતજ્ઞાન લઈ - આપી શકાય, બીજા જ્ઞાન નહિ. માટે જ શ્રુતજ્ઞાન સિવાય શેષ ૪ જ્ઞાન મૂંગા કહ્યા છે.

જ્ઞાન ગુણ એક છે, પણ પર્યાયો અનંત છે. કારણ ? જ્ઞેય પદાર્થો અનંત છે માટે.

આપણે ભગવાનના જ્ઞેય બન્યા કે નહિ ? આપણા જેટલા પર્યાયો છે તે ભગવાનના જ્ઞાનના પર્યાયો બની જવાના. હવે એ પર્યાયો સારા બનાવવા કે ખરાબ ? તે આપણે જોવાનું છે.

આમ તો ભગવાનના કેવળજ્ઞાનમાં આપણા બધા જ પર્યાયો પ્રતિબિંબિત બની જ ચૂક્યા છે, છતાં આ દૃષ્ટિ નજર સમક્ષ રાખીશું તો સ્વસુધારણા ઝડપથી થશે. કેવળજ્ઞાનીની નજરે હું આવો ભૂંડો દેખાઉં ! તે શોભે ?

આ વિચારણા દોષ - નિરસનમાં કેટલો વેગ આપે ?

✧ ✧ ✧ ✧ ✧



संघ में चैत्यवंदन, बेंगलोर के पास, वि.सं. २०५१

आसो सुद १४
२७-१०-१९९९, शनिवार

મુક્તિના મુસાફરોને નવપદોનું આલંબન પરમ હિતકર છે, આત્મસ્વરૂપમાં સ્થિર કરનારું છે. દરેક પદ આત્માનું જ નૈશ્ચયિક સ્વરૂપ છે.

વસ્ત્રની ઉજ્જ્વલતા શુદ્ધિ પ્રમાણે થાય. તેમ આપણા આત્માની ઉજ્જ્વલતા ચિત્ત-નિર્મળતા પ્રમાણે થાય.

ધવલ શેઠ, ગોશાળા, સંગમ વગેરેની ચિત્તવૃત્તિ કેવી ?

મિથ્યાત્વની મલિનતા અહીં સ્પષ્ટ દેખાય. સમ્યકત્વી તો દેવ-ગુરુ અને ઉપકારીની સામે કદી ન પડે.

કપડાની મલિનતા જલ્દી દેખાય છે, પણ આત્માની મલિનતા જલ્દી દેખાતી નથી. હા, તમે વાણી અને વર્તનથી તેનો અંદાજ જરૂર લગાવી શકો.

◆ જ્ઞાનનો સ્વભાવ જ્ઞાયક છે. સ્વ-પર બોધ એનું લક્ષણ છે. મતિ આદિ પાંચ એના પ્રકારો છે.

◆ ધર્માસ્તિકાય આદિ પણ અહીં જ છે. આપણે એની અંદર જ રહીએ છીએ, છતાં એ સંબંધ નુકશાન-કારક નથી,

માત્ર પુદ્ગલનો સંબંધ નુકશાનકારક છે.

માટે જ પુદ્ગલના સંગમાં ભગવાન કહે છે : રાગ-દ્વેષ ન કરો, મધ્યસ્થ રહો.

મધ્યસ્થ રહેવું તે જ મુક્તિનો માર્ગ છે.

'દેખીએ માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણછોડતાં ચાલીએ, પામીએ જિમ પરમ ધામ રે.'

- ઉપા. યશોવિજયજી

◆ જ્ઞાન વિના તમે ભક્ષ્ય કે અભક્ષ્ય, પેય કે અપેય આદિ ન જાણી શકો.

◆ જડ ક્રિયાવાદી જ્ઞાનની નિંદા કરતાં કહે છે :

'पठितेनाऽपि मर्तव्यमपठितेनाऽपि मर्तव्यम् किं कण्ठशोषणं कर्तव्यम् ?'

ભણેલો પણ મરશે અને અભણ પણ મરશે તો વ્યર્થ કંઠશોષ શા માટે કરવો ?

આમ માની ભણવાનું મૂકી દીધું નથી ને ?

ચોપડીઓ ગમે છે, પણ તે વાંચવી ગમે છે કે માત્ર સંગ્રહ કરવાનું ગમે છે ? તમે કાંઈ નહિ ભણો તો તમારો પરિવાર શું ભણશે ?

મેં ૩૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. પહેલેથી અધ્યાત્મની રુચિ. આમાં 'रामः रामौ रामाः' ભણવું ક્યાં ગમે ?

પણ દૃઢ સંકલ્પ હતો : અનુવાદ માત્ર વાસી માલ છે. કર્તાનો સીધો આશય જાણવો હોય તો સંસ્કૃત શીખવું જ જોઈએ. ૮-૧૦ વર્ષે શીખી ગયો. ક્યાંય કંટાળો ન આવે. જ્ઞાન પોતે જ કંટાળો દૂર કરનારું છે. ત્યાં કંટાળાનો સવાલ જ ક્યાં છે ? રુચિપૂર્વક ભણીને જુઓ. એમાં રસ કેળવો. કંટાળો ક્યાંય ભાગી જશે.

◆ પહેલા જ્ઞાન પછી અહિંસા. જ્ઞાન પ્રમાણે જ તમે અહિંસાનું પાલન કરી શકો.

◆ ત્રિગુપ્તિએ ગુપ્ત જ્ઞાની એક શ્વાસમાં એટલા કર્મ ખપાવે કે અજ્ઞાની ક્રોડો વર્ષમાં પણ ન ખપાવી શકે.

◆ વિષય પ્રતિભાસ, આત્મપરિણતિમત્, તત્ત્વ સંવેદન, અષ્ટક પ્રકરણમાં બતાવેલા આ ત્રણ જ્ઞાનના પ્રકારો છે.

વિષય પ્રતિભાસ જ્ઞાન, અજ્ઞાન જ કહેવાય. જે જ્ઞાન દ્વારા દોષની નિવૃત્તિ અને ગુણોની પ્રાપ્તિ ન થાય તેને જ્ઞાન શી રીતે કહી શકાય ?

'स्वभाव लाभ - संस्कार - कारणं ज्ञानमिष्यते ।'

આવેશ, અજ્ઞાન, જડતા, ક્રોધ આદિથી નિવૃત્ત ન બનીએ તો એ જ્ઞાન, જ્ઞાનીઓની નજરે જ્ઞાન જ નથી. જ્ઞાનનું ફળ વિરતિ છે, ચારિત્ર છે. એ ન મળે તો જ્ઞાન શા કામનું ? નફો ન મળે તે દુકાન શા કામની ? ફળ ન મળે તે વૃક્ષ શા કામનું ?

◆ બધી ક્રિયાનું મૂળ ભલે શ્રદ્ધા હોય, પણ શ્રદ્ધાનું મૂળ પણ જ્ઞાન છે, એ ભૂલવા જેવું નથી.

◆ **રુચિ અને જિજ્ઞાસા પ્રમાણે જ જ્ઞાન મળી શકે. વિનય પ્રમાણે જ જ્ઞાન ફળી શકે.**

◆ પાંચ જ્ઞાનમાં અભ્યાસ-સાધ્ય જ્ઞાન કેવળ શ્રુતજ્ઞાન છે. તે સ્વપર પ્રકાશક હોવાથી ત્રણેય જગતને ઉપકારી બને છે.

દીપકની જેમ તે સ્વ-પર પ્રકાશક છે. તમારા આંગણે રહેલો દીવો તમને જ કામ લાગે, એવું નથી, આવતા-જતા સૌને કામ લાગે. જ્ઞાન પણ દીવો છે. દીવો જ નહિ, જ્ઞાન સૂર્ય, ચન્દ્ર અને મેઘ પણ છે.

નળમાંથી પાણી લો છો, પણ બીલ ભરવું પડે. લાઈટ વાપરો પણ બીલ ભરવું પડે; પણ વાદળ વરસાદ વરસાવે, સૂર્ય-ચન્દ્ર પ્રકાશ આપે, પણ કોઈ બીલ નહિ, બધું જ મફત !

જ્ઞાન પણ સૂર્ય - ચન્દ્ર - મેઘ જેવું છે. કોઈ બીલ નહિ, કોઈ ખર્ચ નહિ.

'દીપક પરે ત્રિભુવન ઉપકારી, વળી જિમ-રવિ-શશિ-મેહ.'

◆ પાંચ ઈન્દ્રિયોથી સીમિત જ જાણકારી મળે, પણ શ્રુતજ્ઞાનથી તમે અહીં બેઠા-બેઠા અખિલ બ્રહ્માંડને જાણી શકો.

શંત્રુજય પર રહીને તમે ઊભા-ઊભા પાલીતાણા, કદંબગિરિ, ઘેટી, નોંઘણવદર વગેરે કેટલા ગામોને જોઈ શકો ?

આ તો ચામડાની આંખ છે. પણ શ્રુતજ્ઞાનની આંખથી તમે ઊર્ધ્વ લોકસ્થિત સિદ્ધોને, મધ્યલોકના મેરુ પર્વતને, અધોલોકની સાતેય નરકોને અહીં બેઠા-બેઠા જોઈ શકો છો.

સર્વ દ્રવ્ય - ક્ષેત્રાદિને શ્રુતજ્ઞાની જુએ, પણ પર્યાયનો અનંતમો ભાગ જ જુએ. જ્યારે કેવળજ્ઞાની સર્વ દ્રવ્ય, સર્વ પર્યાયો જાણે.

◆ આત્મા સ્વયં જ્ઞાનરૂપ છે. જ્ઞાનથી આત્મા ને આત્માથી જ્ઞાન જુદું નથી. તંતુથી વસ્ત્ર ને વસ્ત્રથી જેમ તંતુ જુદું નથી.

ચારિત્ર પદ :

'आराहिअ खंडिय सक्किअस्स,
नमो नमो संजम वीरिअस्स... ।'

◆ જ્ઞાનની જેટલી નિર્મળતા, ચારિત્રની પણ તેટલી જ નિર્મળતા સમજવી.

◆ જ્ઞાન બીજ છે તો ચારિત્ર ફળ છે.

◆ વૃક્ષની શોભા ફળથી છે. ફળ વગરનું વૃક્ષ વાંઝિયું કહેવાય તો ચારિત્ર વગરનું જ્ઞાન પણ વાંઝિયું નહિ ?

◆ ચારિત્ર એટલે સ્વભાવમાં સ્થિરતા.

◆ 'अकसायं खु चारित्तं कसाय सहिओ न मुणी होइ ।'

અકષાય એ જ ચારિત્ર, કષાયસહિત મુનિ ન હોય.

◆ **કષાય ચારિત્ર મોહનીય કર્મ છે. ચારિત્રાવરણીય કર્મની હાજરીમાં ચારિત્ર શી રીતે હોઈ શકે ? માટે જ કહું છું : જ્યારે તમે કષાય કરો છો, તે જ ક્ષણે ચારિત્ર ભાગી જાય છે.**

ચારિત્રની ચોકખી વાત છે : 'જ્યાં કષાય હોય ત્યાં હું ન રહી શકું. તમારે કોને રાખવો છે ? કષાયને કે મને ?'

એક તરફ તમે કહો છો : મારે સંસારમાં રહેવું નથી. ઝટપટ મોક્ષે જવું છે, ને બીજી તરફ તમે કષાય કર્યા કરો. આ શી રીતે ચાલે ?

કષ = સંસાર
આય =લાભ

જે સંસારનો લાભ કરાવી આપે તે કષાય.

◆ **'सर्वभूताविनाभूतं स्वं पश्यन् सर्वदा मुनिः ।**
मैत्र्यादि-भाव-संमग्नः क्व क्लेशांशमपि स्पृशेत् ॥'

- योगसार

સર્વ જીવો સાથે પોતાને અભિન્ન જોતો મુનિ કષાયને આધીન શી રીતે બને ?

◆ **સંસાર જો સાગર છે. તો ચારિત્ર જહાજ છે. મોટા પણ સમુદ્રને નાનકડું વહાણ તરી જાય છે. તેમ અનંત સંસારને એકભવનું ચારિત્ર તોડી-ફોડીને એક બાજુ મૂકી શકે છે.**

દૃઢપ્રહારી, અર્જુનમાળી વગેરેએ શું કર્યું ? છ મહિનામાં તો, આ ચારિત્રના પ્રભાવથી સંસારના ભૂક્કા કાઢી નાખ્યા.

◆ નાના હતા ત્યારે આપણે ધૂળમાં રમતા હતા. હવે મોટા થઈ ગયા એટલે એ મૂકી દીધું. પણ પરભાવની રમણતા હજુ ક્યાં છોડી છે ? માટે જ જ્ઞાનીઓની નજરે હજુ આપણે બાળક જ છીએ.

ચારિત્રથી 'બાલતા' જાય છે, 'પાંડિત્ય' આવે છે.

◆ આત્મ સ્વભાવરૂપ ચારિત્ર આવતાં ક્ષમા પાંચમા પ્રકારની સ્વભાવક્ષમા બને છે.

◆ ચારિત્રનો પ્રારંભ સામાયિકથી.

ચારિત્રની પૂર્ણતા યથાખ્યાતમાં.

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક 'कह्युं कलापूर्णसूरिए' मल्युं. आनंद थयो. पूज्यश्रीना पीरसायेला सुंदर पदार्थोने तमोए सोहामणो ओप आप्यो. सर्व सुधी पहोंचता आ अवतरणो खरेखर ज मननीय छे.

- हर्षबोधिविजय

हुबली.



होली में पूज्यश्री, बेंगलोर के पास्, दिसं. २०५१

शरदपूर्णिमा
२४-१०-१९९९, रविवार

◆ ચારિત્ર બે પ્રકારે : દેશ અને સર્વથી.

શ્રાવક માટે દેશ વિરતિ અને સાધુ માટે સર્વ વિરતિ છે.

સુવ્રત શેઠ, સુદર્શન શેઠ, આનંદ આદિ શ્રાવકો દેશવિરતિના શ્રેષ્ઠ ઉદાહરણો છે.

પેથડશા, દેદાશાહ, ભામાશા આદિ શ્રાવકો નગરમાં, રાજ્યમાં ઉચ્ચ હોદ્દા ઉપર પણ હતા અને તે હોદ્દા પર રહીને શ્રાવકપણું ખૂબ જ દીપાવ્યું છે.

◆ ૪ પ્રકારના શ્રાવકો :

(૧) મા-બાપ જેવા.
(૨) ભાઈ જેવા.
(૩) મિત્ર જેવા.
(૪) શોક્ય જેવા.

અત્યારે પણ એવા નમૂના જોવા મળશે. કોઈ મા-બાપની જેમ સાધુનું હિત જ જોશે. કોઈ મિત્ર તો કોઈ ભાઈ જેવો બનીને રહેશે તો કોઈ શોક્યની જેમ દોષ જ જોશે.

સર્વવિરતિધરો પણ ઉત્તમ શ્રાવકો અને શ્રાવિકોઓનું સ્મરણ કરે. ભરહેસર સજ્ઝાયમાં શ્રાવક અને શ્રાવિકાઓ જ છે ને ?

ભગવાન પણ પ્રશંસા કરે તો બીજાની શી વાત ?

'धन्ना सलाहणिज्जा, सुलसा आणंद कामदेवा य ।
जास पसंसइ भयवं, दढव्वयत्तं महावीरो ॥'

◆ 'તૃણ પરે જે ષટ્‌ખંડ સુખ છંડી.'

સર્વવિરતિ સંયમ

ચક્રવર્તીને જ્યારે સમજાય કે સંયમ જ લેવા લાયક છે, ત્યારે છ ખંડની ઋદ્ધિ તેને તણખલા જેવી લાગે. સનત્કુમારની જેમ ક્ષણવારમાં છોડી દે.

સંયમનું સુખ અનુપમ છે. સંયમનું અસલી સુખ તો જ મળે જો આપણે ભાવથી સાધુપણું મેળવીએ.

◆ 'હુઆ રાંક પણ જેહ આદરી...'

ભીખારી પણ આ સંયમનો આદર કરે તો ઈન્દ્રો અને નરેન્દ્રો પણ એને ચરણે ઝૂકે.

◆ ચારિત્રની સાથે જ્ઞાનનો આનંદ ભળે તો તે શોભી ઊઠે.

◆ ૧૨ કષાયોનો નાશ થયા પછી જ સર્વવિરતિ મળે. માટે સાધુને પ્રશમનો આનંદ હોય. પ્રશમ જ્ઞાનનું ફળ છે.

સમ્યક્ત્વમાં પણ પ્રશમનો આનંદ હોય, પણ તે અનંતાનુબંધી કષાયનો નાશ થવાથી ઉત્પન્ન થયેલો હોય. દેશવિરતિધરને અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનીના નાશથી પ્રશમનો આનંદ વધે. સર્વવિરતિધર સાધુને પ્રત્યાખ્યાનીનો નાશ થવાથી વળી આનંદ વધે. સંજ્વલનનો નાશ થવાથી યથાખ્યાત ચારિત્રમાં પ્રશમ આનંદની ચરમ સીમા આવી જાય.

જેમ જેમ કષાયો પાતળા થતા જાય, કષાયોનો આવેશ મંદ પડતો જાય, તેમ તેમ આપણી અંદર જ રહેલો પરમાત્મા પ્રગટ થતો જાય. કષાયનો સંપૂર્ણ નાશ થતાં જ આપણી અંદર રહેલો પ્રભુ પ્રગટ થઈ ઊઠે છે. પત્થરમાંથી નકામો ભાગ દૂર થતાં જ જેમ અંદર રહેલી પ્રતિમા પ્રગટ થઈ ઊઠે છે.

'कषायमुक्तिः किल मुक्तिरेव ।'

કષાયનો નાશ એ જ ખરી સાધના છે.

પ્રભુ અને આપણી વચ્ચે કષાયોનો જ પડદો છે.

કષાયોના પડદાઓ (અનંતાનુબંધી આદિ) હટતા જાય તેમ તેમ આનંદ વધતો જાય. સમ્યક્ત્વી કરતાં દેશવિરતિધરને, તેના કરતાં સર્વવિરતિધરને અનંત-અનંતગણો આનંદ હોય.

કષાયોના નાશથી એવી સમતા પેદા થાય છે : જ્યાં ગમો-અણગમો નષ્ટ થઈ જાય છે.

એમ તો ગ્રાહક પાસે વેપારી આદિ પણ સમતા રાખે છે, પણ એ સમતા આત્મશુદ્ધિ કરનારી નથી. સાધુની સમતા આત્મશુદ્ધિ કરનારી છે.

કષાયોની માત્રા ઘટતી જાય તેમ સમતાની માત્રા વધતી જાય.

૪, ૫, ૬, ૭ ઈત્યાદિ ગુણસ્થાનોમાં ક્રમશઃ આ કારણે જ આનંદ વધતો જાય છે. એક ગુણઠાણામાં પણ શુદ્ધિના કારણે ઘણા પ્રકારો હોય છે.

આનંદ શ્રાવક પાંચમા ગુણઠાણાની એવી સીમાએ પહોંચ્યા હતા, જ્યાં તેમને નિર્મળ અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું. એવું અવધિજ્ઞાન કે ગૌતમસ્વામી જેવા પણ એકવાર વિશ્વાસ ન કરી શક્યા.

કષાય - નાશના લક્ષપૂર્વક આપણી સાધના ચાલતી જ રહે, ચાલતી જ રહે તો આનંદ વધતો જ રહે, વધતો જ રહે, તેજોલેશ્યા વધતી જ રહે. 'તેજ' એટલે આનંદ, સુખ.

◆ 'चय ते संचय आठ कर्मनो.'

ચારિત્રની નિર્યુક્તિ ભદ્રબાહુસ્વામીએ આ પ્રમાણે કરી છે :

चा = चय

रित्त = रिक्त - ખાલી કરવુ

અનંતા ભવોના કર્મોનો કચરો ખાલી કરી આપે તે ચારિત્ર.

અત્યાર સુધી આપણે કર્મનો કચરો એકઠો કરવાનું જ કામ કર્યું છે. ચારિત્ર કચરો સાફ કરીને આપણને સ્વચ્છ બનાવે છે.

કર્મોને એકઠા કરવાનું કામ કષાયનું છે. ચારિત્ર કચરો સાફ કરીને આપણને સ્વચ્છ બનાવે છે. કર્મોને સાફ કરવાનું કામ ચારિત્રનું છે. બેમાંથી શું પસંદ કરવું છે ? કષાય કે ચારિત્ર ?

◆ વ્યવહાર ચારિત્ર ચુસ્તપણે પાળીએ તો નિશ્ચય ચારિત્ર (ભાવ - ચારિત્ર) પ્રાપ્ત થાય.

જેમ સુવર્ણ (સોનું) દ્રવ્ય પાસે હોય તો માલ મળે, તેમ અહીં પણ દ્રવ્ય ચારિત્રથી ભાવચારિત્ર મળે છે.

દ્રવ્યચારિત્રમાં 'દ્રવ્ય' કારણ અર્થમાં છે.

દ્રવ્ય બે પ્રકારે : (૧) પ્રધાન દ્રવ્ય, (૨) અપ્રધાન દ્રવ્ય.

પ્રધાન દ્રવ્ય તે, જે ભાવનું કારણ બને. આપણું ચારિત્ર પ્રધાન દ્રવ્ય હોય તો ભાવચારિત્ર મળ્યા વિના ન રહે. જેમ દીવો સળગાવો ને પ્રકાશ મળ્યા વિના ન રહે. કોડિયું, તેલ, વાટ વગેરે દ્રવ્ય કહેવાય, તેની જ્યોત ભાવ કહેવાય.

આત્મા, આત્મા વડે આત્મામાં શુદ્ધ સ્વરૂપને જુએ, જાણે ને અનુભવે તે અનુક્રમે દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે.

તપપદ :

'कम्मद्दुमोमूलण - कुंजरस्स, नमो नमो तिव्व - तवोभरस्स ।'

કર્મ - વૃક્ષને ઉખેડવામાં તપ હાથી સમાન છે.

એ તપ - ધર્મને નમસ્કાર હો ! નમસ્કાર હો !

◆ ચક્રવર્તીનું ચક્ર છ ખંડનો જ વિજય કરે, સિદ્ધચક્ર ત્રણ જગતનો વિજય કરે.

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર ગુરૂદેવ તો ચાલ્યા ગયા, પણ વાણી રૂપી ધોધ તો આપણી પાસે છે.

- સા. મુક્તિરત્નાશ્રી
નવસારી



प्रवचन में लाक्षणिक बात, बेंगलोर के विहार में, वि.सं. २०५१

આસો વદ ૧
૨૫-૧૦-૧૯૯૯, સોમવાર

ભાવશુદ્ધિ માટે નવપદોનું આલંબન છે. નવપદમાં સમગ્ર જિનશાસન છે. કારણ કે જિનશાસન નવપદ સ્વરૂપ જ છે.

પૂજ્ય હેમચન્દ્રસૂરિ કહે છે :

'त्वां त्वत्फलभूतान् सिद्धान्, त्वच्छासनरतान् मुनीन् ।
त्वच्छासनं च शरणं, प्रतिपन्नोऽस्मि भावतः ॥'

હે ભગવન્ ! હું તારું જ શરણું લઉં છું. તારા શરણમાં શેષ ત્રણેય આવી જાય છે.

તારા ફળરૂપ સિદ્ધ, તારા શાસનમાં તત્પર મુનિ અને તારા શાસનનું શરણું હું લઉં છું.

પ્રભુના શાસનમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ આવી ગયા. મુનિમાં આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આવી ગયા.

એક અરિહંતમાં પણ આખું જિનશાસન આવી જાય તો નવપદમાં તો સુતરાં આવી જાય.

આ વિચારણા માત્ર નવ દિવસ માટે નથી, અરે, આ ભવ માટે નથી, મુક્તિ ન મળે ત્યાં સુધી આ પકડી રાખવાનું છે.

જીવનનું લક્ષ્ય પરમાત્મ-પદ બની ગયું હોય, પ્રભુ પર પ્રેમ જાગ્યો હોય તો નવપદો આમાં અત્યંત સહાયક છે. જેને આપણે પ્રેમ કરીએ છીએ તે પ્રભુ પરિવાર સહિત આ નવપદમાં છે.

જે મોક્ષમાં જવું છે તે સિદ્ધો અહીં (નવપદમાં) છે. જે બનીને સાધના કરવી છે તે સાધુ આદિ આમાં છે, જેની આપણે સાધના કરવી છે તે દર્શન, જ્ઞાન, ચારિત્ર તપ અહીં છે.

હવે જોઈએ શું ? નવપદની દોસ્તી ગમશે ?

આપણે તો ચોર ડાકુ જેવા વિષય-કષાયો સાથે દોસ્તી કરી બેઠા છીએ. એ દોસ્તીના કારણે ભૂતકાળમાં ઘણીવાર નરક-નિગોદની મુસાફરી કરી છે. હજુ પણ એ દોસ્તી નહિ છોડીએ તો એ જ આપણું ભવિષ્ય છે.

એ ડાકુઓના નિવારણ માટે કોઈ (ગુરુ આદિ) સમજાવે તો આપણે તેના પર ગુસ્સે થઈ જઈએ છીએ.

જે ભલું નવપદોએ કર્યું છે કે કરશે તે કોઈ નહિ કરી શકે. જે ભૂંડું વિષય-કષાયોએ કર્યું છે તે કોઈ નહિ કરી શકે. કોની દોસ્તી કરવી છે તે આપણે વિચારવાનું છે.

પ્રશ્ન : આ દિવસોમાં અસજ્ઝાય શા માટે ?

ઉત્તર : નવપદની આરાધના બરાબર થઈ શકે માટે. મંત્રાદિનો જાપ બરાબર થઈ શકે માટે, એમ સમજી લો.

◆ ગુરુ પાસે કલાક બગાડ્યો ન કહેવાય. એ એકાદ કલાકમાં અનુભવની અનેક વાતો જાણવા મળશે, જે બીજે ક્યાંયથી નહિ મળે, નવપદોની આરાધનામાં ટાઈમ બગડ્યો ન કહેવાય. એ જ આરાધનામાં જીવનની સફળતા છે.

◆ **પ્રભુ મનમાં હોય તો તેને ચંચળ બનાવનાર એક પણ તત્ત્વ અંદર પેસી શકે નહિ. સિંહ બેઠો હોય તે ગુફામાં શિયાલ આદિની શી તાકાત છે કે પ્રવેશ કરી શકે ?**

આપણી હૃદય ગુફામાં સિંહ સમ ભગવાન બેઠા રહે તો આપણે નિર્ભય ! ભગવાન જતા રહે તો આપણે ભયભીત !

ભગવાન જતાં જ ભય આવે.

ભગવાન આવતાં જ ભય ભાગે.

◆ ચંડકૌશિક, ગોવાળ, સંગમ વગેરે ગમે તે કરી જાય છતાં ભગવાન કાંઈ ન કરે એ કાયરતા કહેવાય કે વીરતા ? દુન્યવી દૃષ્ટિએ કાયરતા કહેવાય, પણ લોકોત્તર દૃષ્ટિએ વીરતા કહેવાય. **'क्षमा वीरस्य भूषणम् ।'** લોકોત્તર સૂત્ર છે.

દુશ્મન પર દયા કરવાનું આ ધર્મ શીખવે છે.

સન્નિપાતના રોગીને તમે દવા આપવા જાવ ને પેલો લાફો મારે તો પણ તમે ગુસ્સો ન કરો. કારણ કે તમે દર્દીની લાચારી સમજો છો.

ભગવાન પણ સંગમ આદિની લાચારી સમજે છે. મોહે સંગમ આદિને પાગલ બનાવ્યા છે. પાગલ પર ગુસ્સો શું ?

આ દૃષ્ટિકોણ નજર સામે રાખીને જીવીએ તો કોઈના પર પણ ગુસ્સો આવે ?

◆ **કોઈના પણ જીવનમાં જ્યારે એવો સંકલ્પ જાગે : 'હું હવે પાપ નહિ કરું' સમજી લેજો, ભગવાનની કૃપા ઉતરી.**

પાપ-અકરણનો વિચાર પ્રભુ-કૃપા વિના આવી જ ન શકે.

◆ સમ્યક્ત્વ મળતાં પ્રશમનું સુખ મળે છે, તેમ દુઃખ, દુઃખી જીવોને જોઈ થતું દુઃખ પણ વધે છે. 'આ બિચારા ક્યારે ધર્મ પાળશે ? ક્યારે સુખી બનશે ? એવા વિચારથી સમ્યગ્દૃષ્ટિ દુઃખી હોય છે.

◆ નવપદનું વર્ણન તો તમે સાંભળ્યું, પણ

નવપદમાં સ્થાન મેળવવાનું મન થયું ?

નવપદની આરાધનાનું મન થયું ?

◆ **નવપદની આરાધનાથી કર્મ ખપ્યા કે નહિ ? તે શી રીતે ખબર પડે ? કર્મ ઓછા થવાની નિશાની કષાય-હ્રાસ છે. કષાયો ઘટતા જાય, આવેશ મંદ પડતો જાય, મન પ્રસન્ન રહે, એ કર્મો ઘટ્યા તેની નિશાની છે.**

ખેદ, સંકલેશ, ગુસ્સો, આવેશ, વિહ્વળતા વગેરે વધતા રહે તેમ સમજવું : કર્મ વધી રહ્યા છે.

'કલેશે વાસિત મન સંસાર...' - ઉપા. યશોવિ.

નાડ પરથી વૈદ્યને ખબર પડે, લોહી આદિ પરથી ડૉકટરને ખબર પડે તેમ મનની પ્રસન્નતા - અપ્રસન્નતાથી આત્માના આરોગ્યની ખબર પડે.

◆ ડૉકટર જયચંદજીએ મદ્રાસમાં કહેલું : હવે આપ રૂમમાંથી બહાર નહિ નીકળી શકો.

મેં કહ્યું : 'હું નીકળીશ. પ્રતિષ્ઠા પણ કરાવીશ મને પ્રભુ પર વિશ્વાસ છે.'

ડૉકટરે કહ્યું : **आपकी प्रसन्नता है तो बात हो गई ।**

અને ખરેખર નેલ્લોર - કાકટુરની પ્રતિષ્ઠા મેં કરાવી.

જીવવાની ઈચ્છા ન હોય તેવા દર્દીને ડૉકટર પણ બચાવી શકે નહિ. તરવાની ઈચ્છા ન હોય તેવાને ભગવાન પણ તારી શકે નહિ.

◆ **સમતાપૂર્વક તપ કરો તો બેડો પાર થઈ ગયો સમજો. સમતા, ભક્તિ અને કરુણા તમારા આત્માની નિર્મળતા સૂચવે છે. ભક્તિથી દર્શન, કરુણાથી જ્ઞાન અને સમતાથી ચારિત્ર સૂચિત થાય છે.**

◆ કયું તપ નિકાચિત કર્મોને પણ તોડી શકે ?

નિષ્કામપણે, નિર્હેતુકપણે અને દુર્ધ્યાન રહિતપણે થાય તે તપ કર્મક્ષય માટે સમર્થ બની શકે. તે નિકાચિત કર્મોના પણ અનુબંધોને તોડી નાખે.

'મારી ૨૦૦ ઓળીનું પારણું થશે. માટે આમ થવું જોઈએ કે તેમ થવું જોઈએ.' એવી કોઈ ઈચ્છા તપસ્વીને ન હોય. વિદ્યા, મંત્ર, જાપ, આત્મશક્તિ ઈત્યાદિ જેમ ગુપ્ત રખાય તો જ ફળ મળે તેમ તપ પણ ગુપ્ત રખાય તો જ ફળે.

હું તો કહું છું : દુનિયામાં નામ જામે, કીર્તિ જામે, તે 'પલિમંથ' છે. પલિમંથ એટલે 'વિઘ્ન !' લોકોના ઘસારાથી થતા વિઘ્નો છે.

હું તો ત્યાં સુધી કહીશ : અપકીર્તિ તો ખૂબ જ સારી ! અપકીર્તિ થઈ તો લોકોનું આવવાનું બંધ ! લોકોનું આવવાનું બંધ એટલે સાધના ખૂબ જ સારી રીતે થઈ શકે !

એવું કહેવાય છે કે ચિદાનંદજી મહારાજને જો ખબર

પડી જતી કે મને મળવા લોકો ટોળે મળ્યા છે, તો તેઓ તરત જ ભાગી જતા.

◆ તપથી કર્મોના આવરણ ખસે. આવરણ ખસે તેમ આત્મ-શુદ્ધિ વધે. વધતી જતી સમતા અને પ્રસન્નતા અંદર થતી આત્મ-શુદ્ધિની સૂચના છે.

◆ ગાથા ગોખી એટલે જ્ઞાનાવરણીય કર્મ ખસ્યું અને ગાથા આવડી.

પુનરાવર્તન કરવાનું છોડ્યું તો ગાથા ગઈ. જ્ઞાનાવરણીય કર્મ લાગી ગયું. કારણ કે જ્ઞાનાવરણીય કર્મ સતત ચાલુ જ છે.

જે વાત ગાથા માટે સાચી છે, એ જ વાત સમતા, સંતોષ, સરળતા ઈત્યાદિ ગુણો માટે પણ સાચી છે. જો આપણે એ માટે દરકાર ન કરી તો એ ગુણો ગયા. મૂડી ન સાચવો તો જતાં વાર કેટલી ? કમાવામાં મહેનત પડે તેમ તેની સુરક્ષામાં પણ ઓછી મહેનત નથી.

◆ પ્રગટેલું સમ્યક્ત્વ ટકાવી રાખીએ તો એ કદી દુર્ગતિમાં ન જ જવા દે. ભલે ૬૬ સાગરોપમ તમે સંસારમાં રહો, પણ સમ્યગ્દર્શન કદી દુર્ગતિમાં ન જ જવા દે, ૬૬ સાગરોપમ પછી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ક્ષાયિક બની જાય, મોક્ષપ્રદ જ બને.

કુમારપાળ મહારાજા, શ્રેણિક રાજા જેવા તો માત્ર ૮૪ હજાર વર્ષોની અંદર મોક્ષે જવાના.

◆ ઈચ્છારોધન તપ નમો.

તપને ઓળખવો શી રીતે ?

ઈચ્છાનો નિરોધ કરવો તે જ તપ !

તપની આ સંક્ષિપ્ત વ્યાખ્યા સદા યાદ રાખવી.

ઉપવાસ કર્યો, પણ આખી રાત દૂધ - રાબડી યાદ આવ્યા તો દ્રવ્ય ઉપવાસ તો થયો, પણ ઈચ્છારોધ ન થયો.

અનશનાદિ બાહ્ય તપોમાં બાહ્ય ઈચ્છાઓનો નિરોધ છે. આભ્યંતર તપમાં અંદરની ઈચ્છાઓનો નિરોધ છે.

અનશનમાં - ખાવાની ઈચ્છાનો.

ઉણોદરીમાં - વધુ ખાવાની ઈચ્છાનો.
વૃત્તિસંક્ષેપમાં - વધુ દ્રવ્યો ખાવાની ઈચ્છાનો.
રસત્યાગમાં - વિગઈઓ ખાવાની ઈચ્છાનો.
કાયક્લેશમાં - સુખશીલતાની ઈચ્છાનો અને
સંલીનતામાં શરીરને આમ તેમ હલાવવાની ઈચ્છાનો રોધ થાય છે.

આભ્યંતર તપ :

પ્રાયશ્ચિત્તમાં દોષને છુપાવવાની ઈચ્છાનો
વિનયમાં - અક્કડ થઈને રહેવાની ઈચ્છાનો
વેયાવચ્ચમાં - સ્વાર્થીપણાની ઈચ્છાનો.
સ્વાધ્યાયમાં નિંદા - કુથલીની ઈચ્છાનો
ધ્યાનમાં મનની સ્વચ્છંદ વિચરણની ઈચ્છાનો અને
કાયોત્સર્ગમાં મન-વચન-કાયાની ચપળતાની ઈચ્છાનો નિરોધ થાય છે.

સ્વાધ્યાય તપના બાર પ્રકારમાં સ્વાધ્યાય જેવો તપ નથી. **'सज्झाय-समो तवो नत्थि ।'**

સ્વાધ્યાય એ બગીચાનો કૂવો છે, જ્યાંથી પાણી મળતું રહે છે. જિન-વાણી રૂપી પાણી અહીંથી જ મળે છે ને ?

સ્વાધ્યાય તાજો તેના બધાય યોગો તાજા.

૨૪ ધ્યાનમાંના પ્રથમ ધ્યાનમાં આજ્ઞા વિચયાદિ છે. ભગવાનની આજ્ઞા સ્વાધ્યાય દ્વારા જાણવા મળે છે.

◆ **'धम्मो मंगलमुक्किट्ठं'** માં સુવર્ણસિદ્ધિ પણ રહેલી છે, એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

લોઢા જેવા આત્માને સુવર્ણ બનાવનાર ધર્મનો સુવર્ણસિદ્ધિ રસ છે.

સ્વાધ્યાયમાં દુષ્ટ ધ્યાન (આર્ત્તધ્યાનાદિ)ની ઈચ્છાનો રોધ થાય છે.

મુનિચન્દ્રવિજય : બીજા પદાર્થોની ઈચ્છા કરવી પડે છે. દુર્ધ્યાન તો પોતાની મેળે થયા કરે છે તો તે ઈચ્છારૂપ શી રીતે ?

ઉત્તર : દુર્ધ્યાન સ્વયં ઈચ્છારૂપ છે. દુર્ધ્યાન કરવાની

ઈચ્છા ભલે ન હોય, પણ એ સ્વયં ઈચ્છારૂપ છે. આર્ત્તધ્યાનના ૪ પ્રકારોમાં ઈચ્છા જ દેખાય છે ને ? ઈષ્ટ ન મળવું, અનિષ્ટ મળવું - આ બધું શું છે ? પેલાને ચેલા મળ્યા, મને ન મળ્યા, આ બધી ઈચ્છાઓ જ છે ને ?

◆ પર-પરિણતિ સાથે ખૂબ પરિચય કર્યો છે. સ્વ સાથે પરિચય કર્યો જ નથી. પ્રભુ સાથે કદી પરિચય કર્યો જ નથી. પ્રભુ આપણા છે એવું કદી લાગ્યું જ નથી. પ્રભુ માતા, પિતા, ભાઈ, બંધુ, ગુરુ, નેતા, અરે સર્વસ્વ છે, એમ અનુભવીઓ ભલે કહે, પણ એ આપણો અનુભવ બને ત્યારે કામ થાય.

◆ સ્વાધ્યાયમાં એકાગ્રતા આવી જાય એટલે ધ્યાન મળે.

ધ્યાનના બે પ્રકાર : (૧) ધર્મ ધ્યાન - સાલંબન ધ્યાન - મૂર્તિ આદિનું ધ્યાન. (૨) શુક્લ ધ્યાન - આત્માનું ધ્યાન - પરમ ધ્યાન.

પરમાત્મા સાથે એકતા કરાવે તે ધર્મ ધ્યાન.

આત્મા સાથે એકતા કરાવે તે શુક્લ ધ્યાન.

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર આ સુંદર પુસ્તક (કહે કલાપૂર્ણસૂરિ) પરમાત્મ ભક્તિ માટે પુષ્ટ આલંબન છે.

- સા. મુક્તિનિલયાશ્રી : નવસારી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચીને મારા જીવનમાં પરમાત્મા પ્રત્યે અનહદ ભક્તિ ઉલ્લસિત બની.

- સા. દિવ્યઋદ્ધિશ્રી : પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

અનાદિકાળથી પ્રભુ સાથે જે વિયોગ થયો છે તે પ્રભુનો સંયોગ કરી આપે તેવા યોગોનું આરાધન કરવાનું મન આ પુસ્તક વાંચવાથી થયું છે.

- સા. હંસલક્ષિતાશ્રી : સુરેન્દ્રનગર



बेंगलोर में वृद्धों की शिबिर में, वि.सं. २०५१

આસો વદ ૨
૨૬-૧૦-૧૯૯૯, મંગળવાર

◆ દર છ મહિને નવપદની આરાધના આવે. જેથી દર વખતે એની આરાધનામાં નવું નવું સ્ફુરણ થતું જ જાય. નવો નવો ઉલ્લાસ વધતો જ જાય.

દર છ મહિને નવપદની એકની એક વાતથી કંટાળી ન જવાય ? એવો પ્રશ્ન પૂછતા હો તો હું કહીશ : તમે રોજ-રોજની એકની એક રોટલીથી કંટાળો છો ? જો ત્યાં કંટાળો નહિ તો અહીં કંટાળો શી રીતે ?

◆ નવપદમાં આત્માને જોવો કે આત્મામાં નવપદને જોવા એનો અર્થ એ કે નવપદની દરેક અવસ્થા આત્મામાં અનુભવવી. ભલે આપણે સ્વયં અરિહંત નથી બન્યા, પણ આપણા ધ્યેયમાં તો અરિહંત આવી શકે ને ? સાધ્યમાં તો અરિહંત આવી શકે ને ? આનું જ નામ નવપદની દરેક અવસ્થા આત્મામાં અનુભવવી.

આપણો ઉપયોગ નવપદોમાંથી કોઈપણ પદમાં રહે છે ત્યારે આપણી આત્મશક્તિ વધે છે. વિષય-કષાયમાં ઉપયોગ

રહે છે ત્યારે આત્મશક્તિનો હ્રાસ થાય છે, એટલું સમજી રાખો.

'તુમ ન્યારે તબ સબ હી ન્યારા...'

ભગવાન (ઉપલક્ષણથી નવપદ) નજીક તો બધા નજીક. ભગવાન દૂર તો બધું જ દૂર.

◆ જ્યારે કોઈના પ્રત્યે પણ અમૈત્રીભાવ આવે ત્યારે કદી વિચાર આવ્યો : હું **'मित्ती मे सव्वभूएसु'** દિવસમાં બે વાર તો બોલું જ છું ?

મૈત્રીની આંખે જીવોને જોવા તે તો મિત્રાદૃષ્ટિનું, સમ્યક્ત્વથી પણ પહેલાનું લક્ષણ છે. સાધુ તો જીવોને આત્મવત્ જુએ.

મૈત્રી તો માનવતાનું પહેલું પગથિયું છે.

જે કંઠસ્થ કર્યા વિના વડી દીક્ષા ન થાય એ દશવૈકાલિકમાં તમે શું ભણ્યા છો ?

'सव्वभूअप्पभूअस्स, सम्मं भूआइं पासओ ।'

સર્વ જીવોમાં સ્વ જીવને જોનારો સાધુ હોય. તેથી જ સાધુ સર્વભૂતાત્મભૂત કહેવાય.

માર્ગાનુસારિતામાં રહેલો માણસ પણ જીવોને મિત્રની આંખે જુએ. સાધુ તો સૌ જીવને આત્મવત્ જુએ. બીજામાં એ પોતાનું જ સ્વરૂપ જુએ. બીજાની હિંસામાં પોતાની, બીજાના અપમાનમાં પોતાનું જ અપમાન જુએ તે સાધુ.

◆ **આ બધું હું મારું વક્તૃત્વ બતાવવા નથી કહેતો. આપણે તો માત્ર આ માધ્યમથી સ્વાધ્યાય કરીએ છીએ.**

◆ જીવોની સાથે સંબંધ સુધરતાં જ પરમાત્માની સાથે સંબંધ સુધરવા લાગે છે.

◆ નિર્મળતા, સ્થિરતા અને તન્મયતા આ ક્રમ છે.

જે જે અનુષ્ઠાનોથી આત્માની નિર્મળતાદિ થાય તે તે અનુષ્ઠાનોમાં ધ્યાન પરોવવું જરૂરી છે.

નિર્મળતાથી : સમ્યગ્ દર્શન.

સ્થિરતાથી : સમ્યગ્ જ્ઞાન,

અને તન્મયતાથી : સમ્યક્ ચારિત્ર મળે છે.

ધ્યાનમાં ત્રણેયની એકતા થાય છે.

આ અવસ્થામાં યોગીઓ સ્વઆત્મામાં જ પરમાત્માને જુએ છે. પછી લાગે છે : જેટલું શરીર આપણાથી નજીક છે, એથી પણ પરમાત્મા વધુ નજીક છે.

પર-શરીરને આપણે પોતાનું માની બેઠા.

પોતાના પ્રભુને આપણે પર માની બેઠા.

ભગવાન સાત રાજલોક દૂર નથી, અહીં જ છે, આપણું જ સ્વરૂપ છે, એવું ભાન ત્યારે આવે છે.

◆ **અંતરાત્મ-દશા પામે તે જ પરમાત્મદશા પામી શકે.**

પરમાત્મ-દશાનું સર્ટીફિકેટ છે : અંતરાત્મદશા ! એ હોય તે જ પરમાત્મા બની શકે.

◆ વૃત્તિ બે પ્રકારે : (૧) મનોવૃત્તિ (૨) સ્પંદનરૂપ વૃત્તિ.

(૧) મનોવૃત્તિ : ૧૨મા ગુણઠાણે જાય.

(૨) સ્પંદન વૃત્તિ : ૧૪મે ગુણઠાણે જાય.

૧૪મા ગુણઠાણે અયોગી, અલેશી એ અનુદીરક ભગવાન હોય છે.

◆ નવપદમાં પાંચ પરમેષ્ઠી ગુણી અને જ્ઞાનાદિ ૪ ગુણ છે.

◆ નવપદનું બહુમાન કરવું એટલે સર્વોત્કૃષ્ટ ગુણી અને સર્વોત્કૃષ્ટ ગુણોનું બહુમાન કરવું. નવપદોનું ત્રણેય યોગથી બહુમાન થવું જોઈએ.

મન, વચનનું બહુમાન તો સમજ્યા, પણ કાયાથી બહુમાન શી રીતે થાય ? તે ગુણ જીવનમાં અપનાવવાથી થાય.

◆ નવપદોનું ધ્યાન આપણને નવપદમય બનાવે. એક વખત આત્મા એમાં રસ લેવા લાગે તો દરેક જન્મમાં નવપદ મળે. દા.ત. મયણા-શ્રીપાળ.

◆ કુસંસ્કારો જો દરેક ભવમાં સાથે આવતા હોય તો સારા સંસ્કારો સાથે કેમ ન આવે ? સુસંસ્કારોનો સ્ટોક નહિ રાખો તો કુસંસ્કારો તો આવશે જ. એ તો અંદર પડ્યા જ છે.

◆ નવપદો સર્વ લબ્ધિ અને સિદ્ધિઓનું ગૃહ છે. એને

હૃદયમાં વસાવો એટલે બધી લબ્ધિઓ અને સિદ્ધિઓ તમારા હાથમાં છે.

તપપદ :

જાણંતાં તિહું નાણ સમગ્ગહ.

આજે જૈન સંઘમાં તપનો ખૂબ મહિમા છે. ને એ હોવો જ જોઈએ. એથી જ આપણે ઊજળા છીએ.

મનની નિર્મળતા આપનાર તપ છે.

ભગવાન જેવા ભગવાન પણ, તે ભવે મોક્ષમાં જનારા છે, એમ જાણતા હોવા છતાં ઘોર તપ કરે છે, તેનું કારણ શું ? તપનો મહિમા સમજવા તીર્થંકરોનું જીવન જ બસ થઈ પડે.

ભગવાન મોક્ષમાં જવાનો છું, એમ જાણે છે, તેમ કર્મક્ષય વિના મોક્ષ નથી એમ પણ જાણે છે, કર્મક્ષય તપ વિના નહિ થાય, એ પણ જાણે છે.

ઘણા કહે છે : અમે આલોચનામાં તપ તો નહિ કરી શકીએ. કહેશો તેમ પૈસા ખર્ચી દઈશું.

આમ ચાલે ? કર્મ-નિર્જરાનું તપ અનન્ય સાધન છે.

◆ તપ જિન-શાસન દીપાવનાર છે. આઠ પ્રભાવકોમાં તપસ્વી પણ પાંચમો પ્રભાવક છે. એ કેવો હોય ?


'તપગુણ ઓપે રે રોપે ધર્મને, ગોપે નહિ જિન-આણ;
આશ્રવ લોપે રે નવિ કોપે કદા, પંચમ તપસી તે જાણ.'

તપ-ગુણથી ઓપે, ધર્મને રોપે, ભગવાનની આજ્ઞા ગોપે નહિ, આશ્રવ લોપે અને કદી કોપે નહિ તે સાચો તપસ્વી છે.

✧ ✧ ✧ ✧ ✧

'કહ્યું કલાપૂર્ણસૂરિએ' નકલ એક પ્રાપ્ત થઈ છે. શ્રુતભક્તિની
ખૂબ ખૂબ અનુમોદના.

- આચાર્યશ્રી કલ્યાણસાગરસૂરિ
નારણપુરા, અમદાવાદ.



શ્રીમતી પન્નાબેન દિનેશભાઈ રવજીભાઈ મહેતા પરિવાર આયોજિત ઉપધાન-તપ પ્રારંભ, ૩૮૦ આરાધકો.

આસો વદ ૩
૨૭-૧૦-૧૯૯૯, બુધવાર

◆ નવપદોની આરાધના કરવી એટલે આત્માના જ શુભભાવોની આરાધના કરવી. અરિહંતાદિ પદો આપણી જ વિશિષ્ટ અવસ્થાઓ છે. આપણામાંથી કોઈ અરિહંત બનીને કે કોઈ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ બનીને સિદ્ધ બનવાના.

આખરે સિદ્ધ તો બનવું જ પડશે ને ? આજે કે કાલે, એના વિના ઉદ્ધાર તો નથી જ.

◆ જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશુદ્ધ આરાધના એ જ જન્મમાં મુક્તિ આપે. કાળ, સંઘયણ, વગેરેની અનુકૂળતા ન મળે તો ૨ કે ૩ ભવ, ૭-૮ ભવ તો બહુ થઈ ગયા. આટલા ભવોમાં તો મોક્ષ મળવો જ જોઈએ.

જ્યારે પણ સિદ્ધિ મળશે અરિહંતાદિની ભક્તિથી જ મળશે. તો શા માટે અત્યારથી જ અરિહંતાદિની ભક્તિ

આરંભી ન દેવી ?

◆ શુક્લ ધ્યાનના કુલ ચારમાંથી બે ભેદથી કેવળજ્ઞાન મળે, શેષ બે અયોગી ગુણઠાણે મળે.

◆ ધ્યાન વિચારમાં હમણા જ ધ્યાનના કુલ ભેદો ૪ લાખ ૪૨ હજાર ત્રણસો અડસઠ (૪,૪૨,૩૬૮) વાંચી આવ્યા.

ધ્યાન બે રીતે આવે : (૧) પુરુષાર્થથી અને (૨) સહજતાથી...

તીર્થંકરોને નિયમા પુરુષાર્થથી જ ધ્યાનસિદ્ધ થાય. કારણ કે તેઓને બીજાને માર્ગ બતાવવો છે.

પુરુષાર્થથી થતા ધ્યાનને 'કરણ' કહેવાય.

સહજતાથી થતા ધ્યાનને 'ભવન' કહેવાય.

ભવનયોગમાં મરુદેવીનું ઉદાહરણ શ્રેષ્ઠ છે.

કરણયોગમાં તીર્થંકરોનું ઉદાહરણ શ્રેષ્ઠ છે.

◆ ઘડીયાળમાં માત્ર કાંટાઓનું જ નહિ, મશીનના બધા જ સ્પેરપાર્ટોનું મહત્ત્વ છે, તેમ સાધનામાં પણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે તમામ અંગોનું મહત્ત્વ છે. એકની પણ ઉપેક્ષા ન ચાલે. ગૌણતા કે પ્રધાનતા ચાલી શકે, પણ ઉપેક્ષા ન ચાલે.

◆ એકાગ્રતાપૂર્વકનું ચિંતન તે ધ્યાન છે.

◆ યોગ, વીર્ય, સ્થામ, ઉત્સાહ, પરાક્રમ, ચેષ્ટા, શક્તિ, સામર્થ્ય દ્વારા કર્મોનો અલગ-અલગ રીતે નાશ થાય છે, તે ધ્યાન વિચાર દ્વારા સમજાશે. ક્યારેક વાંચશો તો તમને બહુ રસ પડશે. કોઈક કર્મને ઉંચે લઈ જાય, કોઈ નીચે લઈ જાય, કોઈ તલમાંથી તેલ કાઢે તેમ કર્મોને કાઢે, એવી વ્યાખ્યાઓ ત્યાં બતાવી છે.

◆ સાપવાળા ખાડામાં બાળક પડી ગયું. માએ ખેંચીને બહાર કાઢ્યું, બાળકને ઉઝરડા પડ્યા, લોહી નીકળ્યું, રડવા લાગ્યો. માએ સારું કર્યું કે ખરાબ કર્યું ?

બાળક તે વખતે કદાચ કહેશે : માએ ખરાબ કર્યું, પણ બીજા કહેશે : માએ સારું કર્યું, આમ જ કરવું જોઈએ.

ગુરુ પણ ઘણીવાર શિષ્યનો નિગ્રહ કરે તે આ રીતે. તેને વધુ દોષથી બચાવવા. શિષ્યને ત્યારે ભલે ન સમજાય, પણ ગુરુના નિગ્રહમાં તેનું કલ્યાણ જ છૂપાયેલું હોય છે.

◆ સંયમ ઢાલ છે. તપ તલવાર છે. કર્મોના હુમલા વખતે આ તલવાર અને ઢાલ સાથે રાખવાના છે, તેનો ઉપયોગ કરવાનો છે.

યુદ્ધ મેદાનમાં રજપૂતો કેસરીયા કરીને તૂટી પડે. તેનો એક જ નિર્ધાર હોય : કાં વિજય મેળવીને આવીશ. કાં શહીદ બનીશ. કાયર નહિ બનું.

સાધકનો પણ આવો જ નિર્ધાર હોય તો જ કર્મ-શત્રુ પર જીત મળી શકે.

'હવે હદ થઈ ગઈ. હવે મારે કર્મસત્તાના અંડરમાં રહેવું નથી જ. બહુ થઈ ગયું. અનંતો કાળ વીતી ગયો. હવે ક્યાં સુધી આ ગુલામી સહવી ?'

'देहं पातयामि, कार्यं वा साधयामि ।' 'करेंगे या मरेंगे ।'

એમ વિચારીને સાધક કર્મ-કટક પર તૂટી પડે.

જ્ઞાન ભણવામાં, વેયાવચ્ચમાં, ધ્યાનમાં બધા જ અનુષ્ઠાનોમાં આવો ઉત્સાહ જોઈએ. તો જ તમે જીત મેળવી શકો.

ઉત્સાહ વિના તપ થઈ શકે નહિ.

◆ ૪૮ લબ્ધિઓ તપથી જ પ્રગટે.

પ્રશ્ન : અત્યારે કેટલી લબ્ધિ પ્રગટે ?

ઉત્તર : મુનિઓ એવા હોય કે લબ્ધિ પ્રગટે તો પણ કહે નહિ. લબ્ધિ દેખાડવાની ઈચ્છા હોય તેવાને લબ્ધિ ન પ્રગટે. અત્યારે પ્રગટતી નથી, કારણ કે એટલી નિઃસ્પૃહતા અત્યારે નથી રહી. શાસન-પ્રભાવનાના બહાના હેઠળ પણ અહંકારની પ્રભાવના જ કરવાની ઈચ્છા છુપાયેલી હોય છે.

અત્યારે તમે સંયમનું સારું પાલન કરો, એ પણ મોટી લબ્ધિ ગણાશે.

ભરતને નવ નિધાન વગેરે મળેલા તે પૂર્વજન્મમાં કરેલી વૈયાવચ્ચ રૂપ તપ સાધનાનું ફળ હતું.

◆ **પ્રશ્ન :** તપ મંગળરૂપ છે, નવકાર પણ મંગળરૂપ કહેવાય છે.

બંનેમાં કયું મંગળ સમજવું ?

ઉત્તર : નવકારમાં 'નમો' મંગળ છે. 'નમો' વિનયરૂપ છે. વિનય તપનો જ ભેદ છે. એટલે બંને એક જ છે. બંને મહામંગળ છે.

તપ, શિવ-માર્ગમાં સાચો ભોમિયો છે. 'ભવોભવ મને બારે - બાર પ્રકારનો તપ કરવાની શક્તિ મળજો...' એવું નિયાણું કરો તો પણ દોષ નથી.

'ભવોભવ તુમ ચરણોની સેવા' એમ ભગવાનને કહીએ જ છીએ ને ? સેવા વિનયરૂપ તપ જ છે.

◆ જ્ઞાન, તપ વગેરે ઉત્કૃષ્ટ કક્ષાના હોય તો સમજવું, પૂર્વજન્મના સંસ્કારો પડેલા છે, માટે જ અત્યારે આ ગુણો ઉત્કૃષ્ટ કક્ષાના બન્યા છે. આ જન્મમાં જો હજુ વધુ સંસ્કારો પાડીશું તો આગામી જન્મમાં એ ગુણો હજુ પણ પરાકાષ્ઠાએ પહોંચશે.

◆ ઈચ્છારોધે સંવરી...

ઈચ્છા-રોધ એટલે સંવર, ઈચ્છા કરવી એટલે આશ્રવ.

સંવરથી આત્મગુણોનો આસ્વાદ મળે છે. આવો આસ્વાદ લેનાર આત્મા સ્વયં જ નૈશ્ચયિક દૃષ્ટિએ તપ છે.

આગમ કે નોઆગમથી શુભ ભાવ જ સત્ય છે : તમે તમારા આત્મભાવમાં સ્થિર બનો. પરભાવમાં રાચો નહિ.

સ્વ-ગૃહમાં રહેશો તો કોઈ કાઢશે નહિ. બીજાના ઘરમાં રહેવા ગયા તો તમને કાઢી મૂકવામાં આવશે.

સ્વભાવ સ્વગૃહ છે.

પરભાવ પર ઘર છે.

◆ અસંખ્યાત યોગો શાસ્ત્રોમાં બતાવેલા છે.

ધ્યાનના ચાર લાખ ભેદો તો સ્થૂલ છે. બાકી એકેક ભેદમાં પણ અનેક ભેદો - અનેક સ્થાનો હોય છે. આ બધામાં મુખ્ય યોગ નવ-પદ છે. નવપદ સહિતનું આત્મધ્યાન જ પ્રમાણભૂત મનાય. એને છોડીને ક્યાંય જતા નહિ. સીધા અનાલંબનમાં ભૂસકો નહિ મારતા.

'યોગ અસંખ્ય તે જિન કહ્યા, નવ-પદ મુખ્યે તે જાણો રે;
એહતણે અવલંબને, આતમધ્યાન પ્રમાણો રે...'

આત્મધ્યાન કરો તો જ નવપદ પ્રમાણભૂત છે. એવો અર્થ પણ આ પદ્યમાંથી તમે ખેંચીને કરી શકો, પણ તમારો મન ફાવતો અર્થ અહીં ન ચાલે. એવો અર્થ તમારી માનસિકતાનું પ્રતિબિંબ છે. તમે શાસ્ત્રાનુસાર ચાલવા નથી માંગતા, પણ જે કરો છો, તેને શાસ્ત્રાનુસાર બનાવવા, શાસ્ત્રનો સિક્કો મરાવવા મારી-મચડીને અર્થ કરો છો.

આ માત્ર આત્મવંચના હશે.

✧ ✧ ✧ ✧ ✧

'कहे कलापूर्णसूरि', 'कह्युं कलापूर्णसूरिए' नामना पुस्तक मळ्यां छे. लखाण घणुं ज सारुं छे. खूब ज उपयोगी पुस्तको छे. श्रुतज्ञाननी आराधनामां आपनी अप्रमत्तता अनुमोदनीय छे. आपे एमां खूब ज प्रयास करेल छे. शासन-देव आपने आवा कार्योमां खूब खूब शक्ति आपे. वांचवामां सर्व समजी शके तेवा सरळ तत्त्वदर्शी अने गमे तेवा आपना पुस्तको छे.

- मुनि हितवर्धनसागर
मोटा कांडागरा, कच्छ.

✧ ✧ ✧ ✧ ✧

साभार स्वीकार - 'कहे कलापूर्णसूरि...'

शासन प्रभावक आचार्यदेवेशनी जिनभक्ति - लगन - शासनदाझ - परोपकार वृत्ति-पदार्थोने सरळ करवानी कळाने भावांजलि...!

अवतरणकार बंने गणिवर्योनी गुरुभक्ति - श्रुतभक्तिनी भूरि भूरि अनुमोदना.

- पुण्यसुंदरविजय
गोडीजी मंदिर, पूना.



प्रवचन देते हुए पूज्यश्री, वेपलोर के पास, वि.सं. २०५१

આસો વદ ૪
૨૮-૧૦-૧૯૯૯, ગુરુવાર

◆ બુદ્ધિ બળ આદિ ઘટતા ગયા, તેમ તેમ આગમોના ગૂઢ રહસ્યોને સમજાવવા અનેક પ્રકરણ ગ્રંથો પૂર્વાચાર્યો બનાવતા ગયા. એકલા હરિભદ્રસૂરિજીએ ૧૪૪૦ ગ્રંથ રચ્યા.

પોતાનું સંપૂર્ણ જીવન એમાં રેડી દીધું. એમના પછી થયેલા દરેક ગીતાર્થોએ હરિભદ્રસૂરિજીનું સમર્થન કર્યું. એમણે લગભગ દરેક સ્થાને પૂ. હરિભદ્રસૂરિજીને આગળ કર્યા છે.

ગુજરાતી વાંચન, બાહ્ય વાંચન એટલું વધી ગયું કે સાધનાનુસારી વાંચવાનું સાવ જ ભૂલાઈ ગયું. જીવન આખું પરલક્ષી બની ગયું.

અધ્યાત્મગીતામાં માત્ર ૪૯ જ ગાથાઓ છે, પણ સાધના માટેનો અદ્‌ભુત ગ્રંથ છે.

બધાને ખાસ સૂચના છે કે - આ કંઠસ્થ કરજો.

પંચવસ્તુક :

◆ **પ્રશ્ન :** નવકારશી આદિના પચ્ચક્ખાણ લીધા પછી બીજા માટે આહારાદિ લાવી શકાય ? કારણ કે કરણ - કરાવણ

- અનુમોદન ત્રણ રીતે પાપનો ત્યાગ થાય છે.

ઉત્તર : નવકારશી આદિના પચ્ચક્ખાણ સ્વયં પાલન માટે છે. બીજા માટે આહારાદિ લાવવામાં દોષ નથી. તમને મીઠાઈ બંધ હોય તો બીજા માટે ન લવાય એવું નથી. જો એમ થાય તો સેવાયોગ જ ઉડી જાય. વિનય-વેયાવચ્ચ જતા રહે તો સાધનામાં રહે શું ?

નિર્યુક્તિકાર ભદ્રબાહુસ્વામીએ કહ્યું છે :

દાન અને દાન - ઉપદેશનો ક્યાંય નિષેધ નથી.

અસાંભોગિક પ્રાઘૂર્ણક સાધુ હોય તો ગોચરીના ઘરો બતાવવા. સાંભોગિક હોય તો પોતે જ લાવીને ગોચરી આપવી.

સ્વયંને ઉપવાસ છતાં આચાર્ય, ઉપાધ્યાય, બાળ, ગ્લાન આદિ માટે આહાર લાવવામાં દોષ નથી.

જિન-વચનામૃત ઘુંટી-ઘુંટીને પીનારા સાધુને સ્વ-પરનો ભેદ નથી હોતો. એથી જ તેઓ સ્વ-પરની પીડાનો પરિહાર થાય તેમ વર્તતા હોય છે.

વેયાવચ્ચ પર-પીડા પરિહારક છે.

જ્ઞાનાચાર સ્વયં માટે જ છે, પણ વીર્યાચાર સ્વ-પર ઉભય માટે છે. વેયાવચ્ચ વીર્યાચાર અન્તર્ગત છે.

વેયાવચ્ચની પણ વિધિ જાણવી જોઈએ. નહિ તો ભક્તિની જગ્યાએ કમભક્તિ થઈ જાય.

સ્વાધ્યાયની વૃદ્ધિ થાય, રોજનો કાર્યક્રમ વ્યવસ્થિત ચાલે, સુખેથી હિતોપદેશ આપી શકાય, બળમાં હાનિ ન થાય, કફ ન થાય, બીજાનું આ બધું ધ્યાનમાં રાખીને વેયાવચ્ચ કરવાની છે.

પોતાને જ્ઞાનાદિની પુષ્ટિ થાય. વેયાવચ્ચ ન કરવામાં આવે તો કર્મ-નિર્જરા અટકી જાય.

પોતાના અનુષ્ઠાન પણ વેયાવચ્ચ કરનાર બરાબર કરે.

પોતાના અનુષ્ઠાન છોડીને વેયાવચ્ચ ન કરે.

ભરત - બાહુબલીએ પૂર્વ જન્મમાં ૫૦૦ સાધુઓની સેવા કરેલી, જેના પ્રભાવે એકને ચક્રવર્તીપણું ને બીજાને પરાધાતપણું

મળેલું. ભરહેસર સજ્ઝાયમાં સૌ પ્રથમ ભરતનું જ નામ આવે છે. એમને શી રીતે ભૂલાય ? પૂર્વજન્મની વેયાવચ્ચના કારણે જ એમને અરીસાભુવનમાં કેવળજ્ઞાન મળેલું.

દીક્ષા વિના જ એમને કેવળજ્ઞાન મળી ગયેલું તો દીક્ષાની જરૂર શી ? એમ નહિ માનતા. એમના પૂર્વભવની સાધનાને યાદ કરજો.

મહાવીર સ્વામીનું જીવન વાંચતાં કેવળજ્ઞાન કેટલું કઠણ - કેટલું મોંઘું લાગે ?

ભરતનું જીવન વાંચતાં કેટલું સસ્તું લાગે ?

કેવળજ્ઞાનને આટલું સરળ રીતે આપી દેનાર વેયાવચ્ચ છે, એ ભૂલતા નહિ.

ચક્રવર્તી આદિ ભૌતિક ફળ તો આનુષંગિક છે. વેયાવચ્ચનું મુખ્ય ફળ કેવળજ્ઞાન છે, મોક્ષ છે. માટે જ અનુકંપા નિષિદ્ધ નથી, તેમ વેયાવચ્ચ પણ નિષિદ્ધ નથી.

મુક્તિના બે માર્ગ છે :

(૧) અનુકંપા : શાન્તિનાથનો પૂર્વભવ - મેઘરથ

(૨) વૈયાવચ્ચનો - બાહુ - સુબાહુ (ભરત - બાહુબલી)

અનુકંપાદિના પ્રયત્ન વગરનો સામાન્ય માર્ગ.

પહેલો માર્ગ તીર્થંકરાદિ ઉત્તમ જીવોનો છે.

બીજો માર્ગ સામાન્ય સાધુઓનો છે.

પૂ. દેવચન્દ્રજી કૃત અધ્યાત્મ ગીતા

'પ્રણમીએ વિશ્વહિત જૈનવાણી,
મહાનંદ તરુ સિંચવા અમૃતપાણી;
મહામોહ પુર ભેદવા વજ્રપાણી,
ગહન ભવ ફંદ છેદન કૃપાણી.' (૧)

તીર્થંકરને નમન કરવાથી તો મંગળ થાય જ.

તીર્થંકરની વાણીને નમન કરવાથી પણ મંગળ થાય.

ભગવતીમાં **'नमो सुअस्स' 'नमो बंभीए लिवीए'** કહીને મંગળ કર્યું છે.

આ પ્રણાલિકા આજે પણ સચવાયેલી છે. આગમને આપણે સૌ નમીએ છીએ.

જિનવાણીને નમન પરમ મંગળ છે.

જિનવાણી સમગ્ર વિશ્વને હિતકર છે.

એક શબ્દ જિનવાણીમાંથી એવો શોધી બતાવો, જેનાથી કોઈનું અહિત થતું હોય.

ચારે - ચાર માતાઓ (વર્ણમાતા, નવકારમાતા, અષ્ટ પ્રવચનમાતા અને ધ્યાનમાતા) જિનવાણીને લગતી જ છે. ચારેય માતાઓની માતા આ જિનવાણી જ છે.

સામાયિકથી બિન્દુસાર (૧૪મું પૂર્વ) સુધી જિનવાણી વિસ્તૃત છે.

માતા એને જ કહેવાય જે બાળકનું અહિત નિવારે, એકાન્તે હિત જ કરે. આ માતા શાશ્વત સુખરૂપ પરમહિત કરે છે.

માટે લખ્યું :

'મહાનંદ - તરું સિંચવા અમૃત પાણી.'

મહાનંદ એટલે મોક્ષ. મોક્ષ-વૃક્ષને સિંચવા આ જિનવાણી અમૃતની ધાર છે.

બાહ્ય તૃષા પાણીથી શમે, પણ અંદરની તૃષા તો જિનવાણીથી જ શમે. પાણી ન પીઓ તો અજીર્ણ થાય, સ્વાસ્થ્ય બગડે, તેમ જિનવાણી ન મળે તો ભાવ - આરોગ્ય બગડે.

મહામોહરૂપી પુર (દૈત્યનું નગર)ને ભેદવામાં આ જિનવાણી ઇન્દ્ર છે. ભયંકર ભવ-અટવીને છેદવામાં કૃપાણી છે, કુહાડી છે.

✧ ✧ ✧ ✧ ✧

'कहुं कलापूर्णसूरिए' पुस्तक मळ्युं. पूज्यश्रीना प्रवचनोमां अमृत-अमृत ने अमृत ज होय. एमां बीजुं कांई कहेवा जेवुं ज नथी.

- पंन्यास मुक्तिदर्शनविजय

गोरेगांव, मुंबई.



બેંગલોર – રાજાજીનગર પ્રતિષ્ઠા પ્રસંગ, વિ.સં. ૨૦૫૨

આસો વદ ૫
૨૯-૧૦-૧૯૯૯, શુક્રવાર

◆ અત્યારે પંચવસ્તુકમાં છ આવશ્યક ચાલે છે.

અવશ્ય કરવાની ચીજ તે આવશ્યક.

એવું નથી કે સાંજે જ છ આવશ્યક કરવાના. આખો દિવસ છ આવશ્યકમાં જ જીવવાનું છે. દરેક ક્ષણ આવશ્યકમય હોવી જોઈએ. સાંજે તો માત્ર લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત કરવાનું છે.

◆ દરેક ક્ષણે કર્મ જાગતું રહે છે તો આપણાથી કોઈ પણ ક્ષણે કેમ ઊંઘી શકાય ? યુદ્ધ વખતે સૈનિક આરામ કરી શકે ખરો ? પ્રમાદ કરીશું તેટલો પરાજય નજીક આવશે, એવું દરેક સૈનિકને ખ્યાલ હોય તેમ સાધુને પણ ખ્યાલ હોય. રાગ-દ્વેષની સામે આપણી લડાઈ ચાલુ છે.

અરિહંતને શા માટે આપણે દેવ તરીકે પસંદ કર્યા ? તેઓ રાગ-દ્વેષના વિજેતા છે માટે. આપણે પણ રાગ-દ્વેષના વિજેતા બનવાનું છે એ માટે.

'कार्यं साधयामि, देहं वा पातयामि ।' ની પ્રબળ ભાવના જોઈએ.

છ આવશ્યક આપણને યુદ્ધમાં જીતવાની કળા શીખવે છે.

◆ ધ્યાન દ્વારા પ્રભુનો સ્પર્શ કરવો તે સમાપત્તિ છે. ઈન્દ્રિયો દ્વારા વિષયોનો સ્પર્શ ઘણીવાર કર્યો. હવે ઈન્દ્રિયોને પ્રભુ-ગામી બનાવવી છે, પ્રભુ-સ્પર્શી બનાવવી છે. આંખથી T.V. આદિ બહુ જોયા, હવે પ્રભુને જોવા છે. બીજા ગીતો ઘણા સાંભળ્યા, હવે જિન-વાણી સાંભળવાની છે.

આડું-અવળું ઘણું વાંચ્યું, હવે જિનાગમ વાંચીએ.

બીજાની ખુશામત ઘણી કરી, હવે આ જીભથી પ્રભુના ગુણ ગાવા છે.

જગતના સ્પર્શો ઘણા કર્યા, હવે આપણે પ્રભુ-ચરણનો, ગુરુ-ચરણનો ('અહો કાયં કાય'એ ગુરુ-ચરણની સ્પર્શના જ છે. ગુરુને તકલીફ ન પડે માટે ઓઘામાં ચરણોની સ્થાપના કરવાની છે) સ્પર્શ કરવાનો છે. આગળ વધીને આત્માના શુદ્ધ સ્વભાવનો સ્પર્શ કરવાનો છે. સિદ્ધોના શુદ્ધ સ્વરૂપનો સ્પર્શ કરવાનો છે.

◆ સિદ્ધો માને : જગતના જીવોએ અમને અહીં પહોંચાડ્યા. નહિ તો અમે અહીં ક્યાંથી ?

દાની માને : લેનાર ન મળ્યા હોત તો અમે શું કરત ?

ગુરુ માને : શિષ્યો ન હોત તો હું કોને ભણાવત ? કોને બોધ આપત ?

શિષ્ય માને : ગુરુએ મને સેવાનો કેવો ઉત્તમ લાભ આપ્યો ?

આવી વિચારણાથી ક્યાંય કોઈને અભિમાન ન આવે. સૌ સૌનો દૃષ્ટિકોણ અલગ-અલગ હોય. બીજાનો દૃષ્ટિકોણ આપણે સ્વીકારીએ છીએ ત્યારે આપણે દોષભાગી બનીએ છીએ.

◆ શક્તિ હોવા છતાં પચ્ચકખાણ ન કરીએ તો આપણું અણાહારી પદ વિલંબમાં મૂકાશે.

ઘણીવાર શક્તિ હોવા છતાં આપણે થોડાકથી ચૂકી જઈએ છીએ.

ગૃહસ્થપણામાં મેં ૧૬ ઉપવાસ કરેલા. બહુ જ સ્ફૂર્તિ - ઉલ્લાસ હતો. માસક્ષમણ આરામથી થઈ જાત. પણ તક ગઈ. માસક્ષમણ પછી ન થઈ શક્યું.

શક્તિ હોવા છતાં તપ ન કરીએ તો આપણે ગુનેગાર છીએ.

◆ 'બહુવેલ સંદિસાહું'ના આદેશ શા માટે ?

'બહુવેલ સંદિસાહું'ના આદેશમાં ગુરુ-સમર્પણ છુપાયેલું છે. કોઈપણ કાર્ય ગુરુને પૂછ્યા વિના ન કરી શકાય. પણ શ્વાસ વગેરેની પ્રવૃત્તિ માટે વારંવાર ક્યાં પૂછવું ? આવી પ્રવૃત્તિની રજા 'બહુવેલ સંદિસાહું'ના આદેશથી મળી જાય છે.

જો કે આમાં શ્વાસ લેવા જેવી બાબતોની જ આપણે રજા નથી લેતા, બીજા મોટા કામોની પણ રજા લઈએ છીએ !! પૂછવા જેવા મોટા કામોમાં જેટલું ન પૂછીએ તેટલું ગુરુ-સમર્પણ ઓછું સમજવું.

અધ્યાત્મ ગીતા

'દ્રવ્ય અનંત પ્રકાશક, ભાસક તત્ત્વ સ્વરૂપ, આતમ તત્ત્વ વિબોધક, શોધક સચ્ચિદ્રૂપ;

નય નિક્ષેપ પ્રમાણે, જાણે વસ્તુ સમસ્ત, ત્રિકરણ યોગે પ્રણમું, જૈનાગમ સુપ્રશસ્ત. ॥ ૨ ॥

વેદાદિ શાસ્ત્રોને તેમના અનુયાયીઓ ભગવાન માને. શીખો ગુરુગ્રન્થને ભગવાન માને. આપણે પણ આગમમાં ભગવદ્ બુદ્ધિ કરવાની છે.

મૂર્તિ આકારથી મૌન ભગવાન છે. જ્યારે આગમ બોલતા ભગવાન છે.

◆ દુનિયાના પદાર્થો પણ એટલે જાણવાના છે, કે આ પુદ્ગલો પદાર્થો તે હું નથી, આત્મા નથી, એમ સમજાય.

◆ આત્મા સિવાયની કોઈ વસ્તુમાં જાણવાની શક્તિ નથી, જ્યારે આત્મામાં સ્વ-પર જ્ઞાયક શક્તિ છે.

◆ **આત્માના બધા જ પ્રદેશો - પર્યાયો સાથે મળીને જ કામ કરે, અલગ-અલગ નહિ. બે આંખથી એક જ વસ્તુ દેખાય.**

જો આ ઉપયોગને સંપૂર્ણપણે ભગવાનમાં જોડી દઈએ તો ?

◆ અનાદિકાળથી આપણી ચેતના પુદ્ગલો તરફ જ ખેંચાયેલી છે, વેરાયેલી છે. હવે તેને આત્મસ્થ કરવાની છે. બહારથી હટાવીને અંદર ખેંચવાની છે.

◆ સિંહને બકરાના ટોળામાં જોઈ, બીજા સિંહોને કેટલું દુઃખ થાય ? મારો જાતિભાઈ આ રીતે બેં બેં કરે ?

ભગવાનની નજરમાં આપણે સૌ સિંહ જેવા હોવા છતાં બેં બેં કરતા બકરા જેવા છીએ. માટે જ ભગવાન આપણને સ્વ-સ્વરૂપ યાદ કરવાનું કહે છે.

◆ નય, નિક્ષેપ, પ્રમાણની શૈલીથી જ્ઞાન માત્ર અહીં જ જોવા મળશે, બીજા કોઈ શાસ્ત્રોમાં જોવા નહિ મળે.

◆ દેવચન્દ્રજીએ જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા લખી છે, તે નયપૂર્વક લખી છે. ભલે શાસ્ત્રમાં નયની વાત કરવાની ના પાડી છે, પણ યોગ્ય શ્રોતા હોય તો કરી શકાય.

◆ નયથી આત્માનું સ્વરૂપ કેવું ? વગેરે બધી જ વાતો અહીં બતાવવામાં આવશે.

✧ ✧ ✧ ✧ ✧

'कहे कलापूर्णसूरि' पुस्तक मळ्युं. खूब ज खंत-चीवटथी आपे संकलन कर्युं छे, ते साधुवादने पात्र छे. अनेक खपी जीवोने आ ग्रंथ महा-उपकारक बनशे ते निःशंक छे. आवा अनेकविध ग्रंथो आपना थकी शासनने मळता रहे एवी शुभेच्छा...

- अरविंदसागर

अमदावाद.



આસો વદ ૯-૭
૩૦-૧૦-૧૯૯૯, શનિવાર

◆ પૂર્વાચાર્યોએ સાચવી રાખ્યું, પોતાના શિષ્યોને આપ્યું માટે શ્રુતજ્ઞાનનો કાંઈક પણ વારસો આપણને મળ્યો છે. આ વારસો આપણે પણ આપણા અનુગામીને આપવો જોઈએ. ન આપીએ તો ગુનેગાર ઠરીએ. શાસન હજુ સાડા અઢાર હજાર વર્ષ ચાલશે, તે આ શ્રુતજ્ઞાનના આધારે.

શ્રુતજ્ઞાન માત્ર વાંચી-વંચાવીને ટકાવવાનું નથી, જીવીને પણ ટકાવવું છે. વાંચવા વંચાવવા કરતાં શ્રુતજ્ઞાન પ્રમાણે જીવાતું જીવન ઘણું અસરકારક બને છે. અમને પૂ. કનકસૂરિજીના જીવન દ્વારા જ ઘણું ઘણું જાણવાનું મળ્યું છે. પ્રત્યક્ષ જીવન અન્ય માટે મોટું આલંબન છે.

◆ સ્વાધ્યાય સાધુનું જીવન છે. આડું-અવળું વાંચવું સ્વાધ્યાય ન ગણાય. સ્વાધ્યાયના ટાઈમે તો સ્વાધ્યાય કરવાનો જ, પણ વચ્ચે વચ્ચે પણ જ્યાં જ્યાં સમય મળે, ત્યાં ત્યાં સ્વાધ્યાય કરવાનો છે.

વેપારી જેમ દરેક તકમાં નફો કેમ રળવો ? તે જુએ,

તેમ સાધુ દરેક અવસરે સ્વાધ્યાયની તક જુએ.

સંવર - નિર્જરા મુક્તિનો માર્ગ છે.

સ્વાધ્યાયથી સંવર - નિર્જરા બંને થાય છે.

સ્વાધ્યાયથી નવો - નવો સંવેગ ઉત્પન્ન થાય છે. સ્વાધ્યાય કરતાં ઉલ્લસિત હૃદય વિચારે : ભગવાને કહેલા તત્ત્વ આવા અદ્‌ભુત છે ? આ સંવેગ છે. સ્વાધ્યાયથી ભગવાનના માર્ગમાં નિશ્ચલતા - નિષ્કંપતા થાય છે. સ્વાધ્યાય મોટો તપ છે. તપથી નિર્જરા થાય છે.

સ્વાધ્યાયથી બીજાને સમજાવવાની શક્તિ પ્રગટે છે. દાન કોણ કરી શકે ? ધનનો સ્ટોક હોય તે. ઉપદેશ કોણ આપી શકે ? જ્ઞાનનો સ્ટોક હોય તે.

વાચના આદિ પાંચેય પ્રકારનો સ્વાધ્યાય કરે તેનામાં ઉપદેશક શક્તિ સ્વયં પ્રગટી જાય.

સ્વાધ્યાયથી આત્મહિતનું જ્ઞાન થાય છે.

સ્વાધ્યાયથી ભગવાન હૃદયમાં વસે છે. કારણ આગમ સ્વયં ભગવાન છે. ભગવાન હૃદયમાં આવતાં અહિતથી નિવૃત્તિ અને હિતમાં પ્રવૃત્તિ થાય છે. હિત જાણો જ નહિ તો પ્રવૃત્તિ શી રીતે કરો ? અહિતથી શી રીતે અટકો ?

પંચસૂત્રમાં કહ્યું છે : **'हिआहिआभिण्णे सिया ।'**

'हिताहिताभिज्ञः स्याम् ।'

ભગવન્ ! હું મૂઢ-પાપી છું મને હિત અને અહિતનો જાણકાર બનાવ.

આવેશમાં આવીને દોષારોપણ નિંદા ઈત્યાદિ કરીને આપણે રોજ-બરોજ કેટલું અહિત કરીએ છીએ ?

હિતાહિત નહિ જાણતો કર્તવ્ય ન કરે, અકર્તવ્ય કરતો રહે. આવો આત્મા ભવસાગર શી રીતે તરી શકે ? એકવાર દુર્ગતિમાં પડ્યા પછી ફરી ઉપર શી રીતે આવી શકીશું ? હિમાલયની ખીણમાં ગબડ્યા પછી માણસ હજુએ બચી શકે, પણ દુર્ગતિમાં પડ્યા પછી બચવું મુશ્કેલ છે.

પંડિત અમૂલખભાઈ : 'દુર્ગતિ આદિમાં ભવિતવ્યતા પણ કારણ ખરું ને ?'

પૂજ્યશ્રી : ભવિતવ્યતા બીજા માટે વિચારી શકાય, પોતાના માટે નહિ. નહિ તો પુરુષાર્થ ગૌણ બની જાય. પોતાના ભૂતકાળ માટે ભવિતવ્યતા લગાવી શકાય. પહેલેથી જ ભવિતવ્યતા સ્વીકારી લઈએ તો ધર્મ કે ધર્મશાસ્ત્રોનો કોઈ અર્થ નહિ રહે. ગોશાલક-મત આવીને ઊભો રહેશે.

ધર્મમાં ભવિતવ્યતા લગાડનારાઓને પૂછું છું :

તમે વેપારમાં ભવિતવ્યતા લગાડો છો ? ભોજનમાં ભવિતવ્યતા લગાડો છો ?

નિયતિને આગળ કરી ઘણા પુરુષાર્થહીન બની ગયા છે.

સમજાવવા છતાં તમે ન માનો તો હું ભવિતવ્યતાનો દૃષ્ટિકોણ અપનાવી શકું. તમે સ્વયં તમારા માટે ન અપનાવી શકો.

માટે સ્વાધ્યાયની પ્રતિજ્ઞા આપું ? કે નવા વર્ષે ?

કંઈક નવું ભણશો ? ભૂલાઈ જવાના કારણે નવું ભણવાનું છોડી નહિ દેતા. ભલે એ ભૂલાઈ જશે, પણ એના સંસ્કારો અંદર પડ્યા રહેશે.

જેટલા સૂત્રોના અર્થ દૃઢ-રૂઢ બનાવશો તેટલા સંસ્કારો ઊંડા ઊતરશે.

નમુત્થુણં પણ મને કેટલું કામ લાગે છે ? અભય, ચક્ષુ, માર્ગ આદિને આપનારા ભગવાન માથે બેઠા છે, મારે ચિંતા શી ? કદી કોઈ જોષીને કુંડલી-કુંડલી બતાવી નથી. કે ભવિષ્યની ચિંતા નથી કરી. આ બળ કોણ આપે છે ? અંદર બેઠેલા ભગવાન.

◆ સંસારી લોકો પૈસા ખર્ચીને પ્રસિદ્ધિ મેળવે. આપણે થોડુંક જ્ઞાન પ્રદર્શિત કરી પ્રસિદ્ધિ મેળવીએ. ફરક શો પડ્યો ?

આપણું જ્ઞાન પ્રદર્શક નહિ, પ્રવર્તક હોવું જોઈએ, આ વાત હું ઘણીવાર કહી ચૂક્યો છું.

◆ આગમની માત્ર પૂજા નથી કરવાની, ભણવાનું છે, સમજવાનું છે, આગળ વધીને તે પ્રમાણે જીવવાનું પણ છે.

અધ્યાત્મ ગીતા

'જિણે આતમા શુદ્ધતાએ પિછાણ્યો,
તિણે લોક - અલોકનો ભાવ જાણ્યો;

આત્મરમણી મુનિ જગવિદિતા,
ઉપદિશી તિણે અધ્યાત્મગીતા.' ॥ ૩ ॥

કેટલાક જિજ્ઞાસુ શ્રાવક માટે પૂ. દેવચન્દ્રજીએ આ અધ્યાત્મગીતા બનાવી છે. વૈદિકોમાં ભગવદ્‌ગીતા પ્રસિદ્ધ છે, તેમ આપણી આ ગીતા છે.

બે શ્રુતકેવલી કહ્યા છે :

(૧) સંપૂર્ણ દ્વાદશાંગીના જ્ઞાતા.

(૨) આત્મરમણી મુનિ.

આખા આગમોનો સાર આત્મરુચિ, આત્મજ્ઞાન અને આત્મરમણતા છે. પરરુચિ, પરભાવરમણતાથી અટકવું તે છે.

'આગમ - નો આગમ તણો, ભાવ તે જાણો સાચો રે;
આતમ ભાવે સ્થિર હોજો, પરભાવે મત રાચો રે.'

આ જ્ઞાનનો સાર છે, મુષ્ઠી છે. આટલી મૂઠીમાં બધું સમાઈ ગયું. શેષ તેનો વિસ્તાર છે.

'નિજ સ્વરૂપ જે ક્રિયા સાધે, તેહ અધ્યાત્મ કહીએ રે.'

પૂ. આનંદઘનજી અધ્યાત્મની સંક્ષિપ્ત વ્યાખ્યા આપતાં કહે છે : **જે ક્રિયાથી તમારું સ્વરૂપ નજીક આવે તે ખરું અધ્યાત્મ. જેનાથી આપણે સ્વરૂપથી દૂર જઈએ તે અધ્યાત્મ નથી.**

દરેક ક્રિયા વખતે આ વ્યાખ્યા નજર સામે રાખો તો જીવન કેવું બદલાઈ જાય ?

અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા, વૃત્તિસંક્ષય - આ પાંચ પ્રકારનો યોગ હરિભદ્રસૂરિજીએ બતાવ્યો છે. શરૂઆત અધ્યાત્મથી થઈ છે.

તત્ત્વચિંતન કરવું તે અધ્યાત્મ ! કોનું તત્ત્વચિંતન ?

આગમના સહારે તત્ત્વચિંતન કરવું તે ચિંતન મૈત્રી આદિથી યુક્ત હોવું જોઈએ તથા જીવનમાં વિરતિ જોઈએ.

જૈન દૃષ્ટિએ આ અધ્યાત્મ છે.

નિષ્ણાત વૈદ બધા રોગોનો ઈલાજ એક ઔષધથી કરે, તેમ ભગવાન આપણા ભવ-રોગનો ઉપાય એક જ દવાથી કરે છે.

તે દવા છે : અધ્યાત્મ !

✧ ✧ ✧ ✧ ✧



આસો વદ ૮
૩૧-૧૦-૧૯૯૯, રવિવાર

ધર્મકાર્યમાં ઉત્સાહ આપનાર વધે તેમ તે વધુ ફળદાયક બને. મજુર લોકો મોટો પત્થર અને શિલા અવાજ કરીને ચડાવે, લડાઈમાં સૈનિકો પણ રણશીંગા સાંભળીને તાનમાં આવી જાય, તેમ ભાવિક ભગવાનના વચનો સાંભળી ઉત્સાહમાં આવે.

નિષ્ણાત વૈદ્ય શરીરની શુદ્ધિ-પુષ્ટિ કરે, તેમ છ આવશ્યક પણ આત્માની શુદ્ધિ-પુષ્ટિ કરે છે.

સાધુનું ધન જ્ઞાન છે. ગૃહસ્થ ધન માટે કેટલી મહેનત કરે ? તેથી પણ વધુ જ્ઞાન માટે સાધુ કરે. જ્ઞાન-શ્રદ્ધા આદિ જ સાધુની મૂડી છે. વિદ્યાના લોભી થવું ખોટું નથી.

◆ ધન સાથે ન આવે, જ્ઞાન ભવાંતરમાં પણ સાથે આવશે. બાકી, દાંતમાંથી સોનું પણ લોકો કાઢી લેશે.

ચંચળ લક્ષ્મી માટે આટલો સમય (સમય એ જ જીવન છે) વેડફવા કરતાં અમર લક્ષ્મી માટે પ્રયત્ન કરવો જ શ્રેયસ્કર છે.

◆ સ્વાધ્યાયથી થતા લાભ :

આત્માના હિતનું જ્ઞાન, અહિતથી નિવૃત્તિ.

નફો-તોટો વેપારી જાણે તેમ સાધુ આત્માનું હિતાહિત જાણે.

હિંસા, જૂઠ આદિ અહિતકર છે. અહિંસા, સત્ય આદિ હિતકર છે. સતત - આટલું નજર સામે રાખીને સાધુએ જીવવાનું છે.

છજીવ નિકાયમાં સ્વ આત્માનું દર્શન ન થાય ત્યાં સુધી દીક્ષા માટે લાયકાત પેદા થઈ ન ગણાય. માટે જ વડી દીક્ષા પહેલા ૪ અધ્યયન શીખવા જરૂરી છે.

◆ **સમાધિ એટલે ચિત્તની પ્રસન્નતા !**

વિનય, શ્રુત, તપ અને આચારથી ચિત્તની પ્રસન્નતા વધે છે. માટે જ દશવૈકાલિકમાં તેને સમાધિ કહ્યા છે. વિનયસમાધિ, શ્રુતસમાધિ ઈત્યાદિ. વિનય સમાધિનું કારણ છે, માટે વિનય-સમાધિ. ગુરુનો વિનય નહિ કરનાર કૂલવાલક, ગોશાલક સમાધિ મેળવી શકે ?

વિનયનું ફળ સમાધિ.

અવિનયનું ફળ સંયમથી પતન !

વિદ્યાથી નહિ, વિનયથી માણસ શોભે, વિનીત ન હોય તો શ્રીમંત પણ ન શોભે, ધીમંત (બુદ્ધિશાળી) પણ ન શોભે. બધા ગુણો વિનય સાથે હોય તો જ દીપે.

◆ ચારિત્રનિષ્ઠ બનવું હોય તેણે રોજ સ્વાધ્યાય કરવો જ રહ્યો. જ્ઞાનની મહત્તા માટે જ ૨૦ સ્થાનકમાં ૩ સ્થાન જ્ઞાન માટે બતાવ્યા છે. જ્ઞાનસારમાં જ્ઞાન, વિદ્યા, અનુભવ આ ત્રણે અષ્ટક જ્ઞાન માટેના છે.

નવા નવા ભાવો જાણવાથી સ્વાધ્યાય મગ્ન મુનિનું ચિત્ત આનંદિત થતું રહે છે.

કમાણીના સમાચાર મળે તેમ તેમ તમે રાજી થાવ ને ? તેમ જ્ઞાનીઓ જ્ઞાનવૃદ્ધિથી રાજી થાય.

જ્ઞાનથી શ્રદ્ધા વધે. જાણ્યા પછી તે પદાર્થ પર આપણો વિશ્વાસ અતિ દૃઢ થતો જાય છે.

સ્વાધ્યાયથી અનુપ્રેક્ષા - શક્તિ વધે. એક શબ્દ પરથી અનેક અર્થ કરવાની શક્તિ વધે.

◆ અન્ય દર્શનીઓ એક પ્રભુ-નામ પર આટલા ગાજે છે. એમને હજુ પ્રભુના આગમો નથી મળ્યા છતાંય.

આપણે હજુ પ્રભુ-નામનો મહિમા સમજ્યા નથી.

ભગવાન કેટલા ઉદાર ? મોક્ષે ગયા તોય નામ મૂકતા ગયા. તમે તમારું પ્રતિષ્ઠિત નામ કોઈને વાપરવા આપો ? તમને શંકા છે : પેલો મારો નામે ઉંધું-ચત્તું કરી નાખશે તો ! ભગવાને પોતાનું નામ વાપરવાની છૂટ આપી છે.

◆ છ મહિને પા (ઠા) ગાથા થતી હોય તો પણ નવું ભણવાનો ઉદ્યમ છોડવો નહિ. એમ જ્ઞાનીઓ કહે છે. આપણામાં આવો તો કોઈ જ નહિ હોય જે છ મહિનામાં પા ગાથા પણ ન કરી શકે.

'बारसविहंमि वि तवे, सब्भिंतर-बाहिरे कुसलदिट्ठे ।
नवि अत्थि नवि होही, सज्झाय समं तवोकम्मं ॥'

ભગવાને કહેલા બારેય પ્રકારના તપમાં સ્વાધ્યાય સમાન તપ છે નહિ, થશે નહિ.

અધ્યાત્મ ગીતા :

'દ્રવ્ય સર્વના ભાવનો, જાણગ પારગ એહ,
જ્ઞાતા, કર્તા, ભોક્તા, રમતા પરિણતિ ગેહ;
ગ્રાહક રક્ષક વ્યાપક, ધારક ધર્મ સમૂહ,
દાન, લાભ, ભોગ, ઉપભોગ તણો જે વ્યૂહ. ॥ ૪ ॥

આપણા પોતાના ઘરમાં કેટલી સમૃદ્ધિ પડેલી છે, તે અહીં જાણવા મળે છે. શરીરનું આપણે બધું જાણીએ છીએ, પણ આત્માનું કશું જાણતા નથી.

આત્મરમણી મુનિ સર્વ દ્રવ્યના ભાવને જાણે અને જુએ છે. જાણીને દરેક ગુણને પ્રવૃત્તિ કરાવે છે. જેમ તમે દુકાનના નોકરોને પ્રવૃત્તિ કરાવો છો.

આપણી જ શક્તિઓનું જ્ઞાન નહિ હોવાથી, આપણે એને બીજે કામે લગાડી દીધી. તમારા છોકરાને તમે બીજાની દુકાને કામ કરાવીને બીજાને કમાણી કરવા દો ? આપણે એવું જ

કરીએ છીએ. આત્મ-શક્તિનો પ્રયોગ કર્મબંધનમાં જ કરીએ છીએ.

આત્મરત મુનિ...

જ્ઞાન દ્વારા જાણે, જોવું - દર્શન.

દર્શન દ્વારા જુએ, જાણવું - જ્ઞાન.

ચારિત્ર દ્વારા રમણ કરે, જીવે. જીવવું - ચારિત્ર.

આત્માની દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય આ પાંચ શક્તિઓને (જે પાંચ અંતરાયના નાશથી પેદા થાય) સાધક કામે લગાડી દે.

જ્ઞાન માટે વીર્ય શક્તિ કામે લાગે. વીર્ય શક્તિ માટે જ્ઞાન કામ લાગે છે, આમ આત્મગુણો પરસ્પર સહાયક બને છે.

મુનિપણું આત્મગુણો પ્રગટાવવા માટે છે.

મુનિનો જ આ વિષય છે ને જો એ જ આ ન કરે તો બીજું કોણ કરશે ?

પદવી માટેના સ્થાનના નિર્ણયની જાહેરાત :

◆ આજે પદવી પ્રસંગ માટે ભદ્રેશ્વર, વાંકી, આધોઈ, મનફરા, કટારીયા વગેરે તરફથી વિનંતીઓ આવી છે. આ પદવી દક્ષિણમાં થવાની હતી. A. D. મહેતાએ ત્યાં ઘણીવાર કહેલું : આપ ત્યાં જ દક્ષિણમાં જ - પદવી આપી દો.

પણ... મને એમ કે જે ભૂમિ પર લગાવ છે, જેમનો પ્રેમ મળ્યો છે, એ કચ્છ-ભૂમિને શી રીતે ભૂલાય ? એટલે જ મેં તેમને નારાજ કરીને પણ પદવી કચ્છ માટે અનામત રાખી.

તમે બધા મળીને એક સ્થળ નક્કી કરી લેત તો વધુ સારું, પણ એ શક્ય ન બન્યું. તમે મારા પર નાખ્યું. મારો સ્વભાવ છે : હું ભગવાન પર નાખું !

જે નિર્ણય આપું તે તમે વધાવજો. નારાજ નહિ થતા.

બધા બાર નવકાર ગણો. (બાર નવકાર ગણાઈ ગયા પછી)

સ્થાન માટેનો નિર્ણય જ મારે કરવાનો છે.

'વાંકી' નગરે આ પ્રસંગ ઊજવાશે. બંને સમાજના નામ

યથાવત્ રહેશે.

(બધા સંઘોએ ટેકો આપ્યો. પછી વાંકીથી - મનફરા સંઘની વિનંતી થઈ)

વાંકીનો નિર્ણય અમે એટલે લીધો : બધાને પોતાનું લાગે.

કચ્છની પ્રજા સાથે પણ સેતુ બંધાય માટે આ નિર્ણય લેવાયો છે.

મનફરા પણ પૂ. જીતવિજયજી દાદાની જન્મભૂમિ છે.

પ્રાચીન પ્રતિમા છે. માટે તમારી વિનંતી અમે આવકારીએ છીએ.

ચાતુર્માસ - નિર્ણય માગસર સુદ પના થશે.

✧ ✧ ✧ ✧ ✧

*'कहे कलापूर्णसूरिं', 'कह्युं कलापूर्णसूरिए' आ बन्ने अमूल्य ग्रंथरत्नो मळ्या. खरेखर ! **ए ग्रंथरत्नो मात्र संग्रह करवा जेवा ज नथी, पण ए ग्रंथो साथे सत्संग करवा जेवो छे... एवा ए अमूल्य ग्रंथो छे.***

आपश्रीए पूज्य आचार्य भगवंतश्रीजीनी वाचनाने झीली, जे शब्दस्थ करी छे ते रियली अनुमोदनीय छे.

- हितवर्धनसागर

७२ जिनालय, कच्छ.



प्रभु-काष्ठे सुताते हुए पूज्यश्री, बैंगलोर के पास, वि.सं. २०५१

આસો વદ ૯
૦૧-૧૧-૧૯૯૯, સોમવાર

◆ મળેલા શાસનની વિધિપૂર્વક આરાધના કરવાથી કર્મશુદ્ધિ જલ્દી થાય છે ને આત્મા શીઘ્ર મોક્ષગામી બને છે.

◆ **'समयं गोयम मा पमायए'** આમ ભગવાન ગૌતમસ્વામીને કહેતા હતા. કોઈ એમ પણ સમજી બેસે : ગૌતમસ્વામી બહુ જ પ્રમાદી હશે. માટે વારંવાર ભગવાનને કહેવું પડતું હશે. નહિ, ગૌતમસ્વામીના માધ્યમથી ભગવાનનો પૂરી દુનિયાને સંદેશો છે : એક ક્ષણ પણ પ્રમાદ કરવા જેવો નથી.

શરીર પર એટલો મોહ છે કે એ માટે કરેલો પ્રમાદ, પ્રમાદ લાગતો જ નથી, જરૂરી લાગે છે. પ્રમાદ અનેકરૂપે આપણને ઘેરી લે છે. ક્યારેક નિવૃત્તિરૂપે તો ક્યારેક પ્રવૃત્તિરૂપે પણ આવી ચડે છે. નિવૃત્તિ (ઊંઘ વગેરે)ને તો બધા જ પ્રમાદ માને, પણ જૈન દર્શન તો પ્રવૃત્તિ (અલબત્ત પાપમય)ને પણ પ્રમાદ માને છે. વિષય-કષાય યુક્ત કોઈપણ પ્રવૃત્તિ પ્રમાદ છે. દુનિયા ભલે એને ઉદ્યમશીલ કહેતી હોય, અપ્રમત્ત કહેતી હોય કે કર્મવીર કહેતી હોય, પરંતુ જૈન દર્શનની નજરે વિષય-

કષાયથી કરાતી કોઈપણ પ્રવૃત્તિ પ્રમાદ જ છે.

◆ સ્વાધ્યાયથી સાત મહાન લાભ :

(૧) આત્મહિતનું જ્ઞાન.

(૨) પારમાર્થિક ભાવ સંવર.

(૩) નવું જાણવાથી અપૂર્વ સંવેગની વૃદ્ધિ.

(૪) નિષ્કંપતા.

(૫) ઉત્કૃષ્ટ તપ.

(૬) કર્મની નિર્જરા.

(૭) પરોપદેશ - શક્તિ.

◆ સ્વાધ્યાય ઉપયોગપૂર્વકનો હોવો જોઈએ. પોપટીયો પાઠ ન ચાલે. ઉપયોગપૂર્વક તમે મુહપત્તિના ૫૦ બોલ પણ બોલો તોય કામ થઈ જાય. હું કહું છું : માત્ર એક જ બોલ પર વિચારો :

'સૂત્ર, અર્થ તત્ત્વ કરી સદહું'

આના પર વિચારશો તો લાગશે : સમગ્ર જૈનશાસન આમાં સમાયેલું છે.

માત્ર બાહ્ય ક્રિયાથી, નિષ્પ્રાણ ક્રિયાઓથી મોક્ષ મળી જશે, એમ માનતા નહિ, એમાં પ્રાણ પૂરવા પડશે.

'અધ્યાત્મ વિણ જે ક્રિયા, તે તનુ - મલ તોલે;
મમકારાદિક યોગથી, એમ જ્ઞાની બોલે.'

અધ્યાત્મ વગરની ક્રિયા એટલે શરીર પરનો મેલ !

એવી શુષ્ક ક્રિયાનું પણ અભિમાન કેટલું ? મારા જેવી કોઈની ક્રિયા નહિ !

◆ ભગવાનને પરોપકારનું વ્યસન હોય છે, તે કેટલાંક દૃષ્ટાંતોથી જણાશે.

ના પાડતાં છતાં ચંડકૌશિકને પ્રતિબોધવા ગયા, શૂલપાણિ, હાલિક વગેરેને પ્રતિબોધ્યા. સંગમને ન પ્રતિબોધી શકવા બદલ આંસુ સાર્યા.

ભગવાન આવા પરાર્થવ્યસની, આપણે કેવા ?

◆ સાચું જ્ઞાન તે જ જે ગુપ્તિએ ગુપ્ત અને સમિતિથી સમિત બનાવે.

ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ સૌથી કઠણ છે. મન વાંદરાથી પણ ચપળ છે.

આંખ આદિ ઈન્દ્રિયો દ્વારા મન ચંચળ બને છે. માટે જ મન વશ કરતા પહેલા ઈન્દ્રિય - જય કરવો જરૂરી છે.

યોગશાસ્ત્રમાં...

પહેલા ઈન્દ્રિય જય.

પછી કષાય જય.

પછી મનોજય. આ ક્રમ બતાવ્યો છે.

અમને પૂ. કનકસૂરિજીએ બે બુક, છ કર્મગ્રંથ સુધીના અભ્યાસ પછી વૈરાગ્ય શતક, ઈન્દ્રિય પરાજય શતક ઈત્યાદિ ભણવાની પ્રેરણા કરેલી. જિતેન્દ્રિય બને તે જ સાધક બની શકે, એવી તેમની ઈચ્છા.

પૂ.પં. ભદ્રંકરવિજયજી મ. ઘણી વાર કહેતા : તમારે શું બનવું છે ? વિદ્વાન કે આરાધક ? 'ગીતાર્થ બનજો.' એ તેમનો મુખ્ય સૂર હતો. ગીતાર્થ બનવા જિતેન્દ્રિય બનવું પડે.

આ વાતને નજર સમક્ષ રાખીને જ 'ત્રિગુપ્તિ - ગુપ્ત મુનિ એક ક્ષણમાં એટલી કર્મ-નિર્જરા કરે, જે અજ્ઞાની કોડો વર્ષમાં પણ ન કરી શકે.' એમ કહેવાયું છે.

આજે જ ભગવતીના પાઠમાં આવ્યું : કાત્યાયન ગોત્રીય સ્કંધક ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા લે છે, ને ભગવાન પોતે જ તેને કઈ રીતે ચાલવું - ખાવું - પીવું - બોલવું - સૂવું ઈત્યાદિની શિક્ષા આપે છે. આ બધી સમિતિ અને ગુપ્તિની જ શિક્ષા છે.

◆ ત્રણેય યોગોમાં કંઈ પણ ગરબડ થઈ હોય તે માટે આપણે

સવ્વસ્સવિ દેવસિય

દુચ્ચિંતિય - મનનું પાપ.

દુબ્ભાસિય - વચનનું પાપ.

દુચ્ચિટ્ઠિઅ - કાયાનું પાપ.

મિચ્છા મિ દુક્કડં.

આ સૂત્ર બોલીએ છીએ.

આ સૂત્રમાં આખું પ્રતિક્રમણ સમાયેલું છે, એમ કહીએ તો પણ ચાલે.

અધ્યાત્મ ગીતા :

સંગ્રહે એક આયા વખાણ્યો,
નૈગમે અંશથી જે પ્રમાણ્યો;
વિવિધ વ્યવહાર નય વસ્તુ વિહંચે,
અશુદ્ધ - વળી શુદ્ધ ભાસન પ્રપંચે. ॥ ૪ ॥

આજે નય, નિક્ષેપ, પ્રમાણ ઈત્યાદિનું જ્ઞાન બહુ જ ઓછું રહ્યું છે. પૂ. દેવચન્દ્રજી આ જ્ઞાનના તલસ્પર્શી અભ્યાસી છે.

સંગ્રહ નયથી આત્મા એક છે.

નવતત્ત્વમાં ૧, ૨, ૩, ૪, ૫, ૬ પ્રકારે આત્મા બતાવ્યા છે. અપેક્ષા બદલાતી જાય તેમ ભેદ પણ બદલાતા જાય. અલગ-અલગ જગ્યાએથી અલગ-અલગ દૃશ્ય નજરે ચડે તેમ અલગ-અલગ દૃષ્ટિકોણથી અલગ-અલગ ભેદ જણાય.

જૈન દર્શનને સારી રીતે સમજવું હોય તેણે અપેક્ષા સમજવી જ પડશે. કઈ વાત કઈ અપેક્ષાએ કહેવાઈ છે ? એ જ જે ન જાણે, તે પાટ પર શું બોલશે ?

નયવાદ એટલે અપેક્ષાવાદ.

નય એટલે દૃષ્ટિકોણ.

નૈગમ નય અંશથી આત્મા માને છે.

વ્યવહાર નય જીવોના વિભાગ પાડે છે.

જો બધા એક જ છે, તો સાધનાની જરૂર શી ? ભક્ત અને ભગવાન, ગુરુ અને શિષ્ય, સિદ્ધ અને સંસારી આવા ભેદો શા માટે ?

- આ વ્યવહારની દલીલ છે.

એની અપેક્ષાએ એ દલીલ સાચી છે.

મૈત્રી આદિ ભાવના માટે સંગ્રહનયને આગળ ધરવો.

પાલનમાં વ્યવહાર નય.

હૃદયમાં નિશ્ચય નય, અપનાવે તે નયવાદ સમજ્યો છે, એમ કહેવાય.

ઘરના માજી બધાને એક સરખું ન પીરસે, જેને જેટલું

પચે, અનુકૂળ હોય તે અને તેટલું જ આપે. તેમ અલગ-અલગ વ્યવસ્થા માટે અલગ-અલગ નયોનો આશ્રય લેવાનો છે.

વ્યવહાર નયનું કામ ભેદ પાડવાનું છે.

કોઈપણ વસ્તુ અનંત ધર્માત્મક (ધર્મ એટલે ગુણ) છે, એમ જૈન દર્શન માને છે.

કોઈ એક ધર્મને આગળ કરી, બીજા ધર્મોને ગૌણ કરી, જે વ્યાખ્યા કરવામાં આવે તે 'નય' છે.

બોલતી વખતે કાંઈ બધા જ ધર્મો એકી સાથે ન બોલી શકાય. તીર્થંકર પણ એકી સાથે બધું ન બોલી શકે પણ ગૌણ અને મુખ્યતાપૂર્વક ક્રમશઃ બોલે.

વાણી હંમેશા એક જ દૃષ્ટિકોણને એકી સાથે રજૂ કરી શકે. શબ્દની આ મર્યાદા છે. આ મર્યાદા નહિ સમજવાથી જ અનેક મત-ભેદો ઊભા થતા રહે છે.

✧ ✧ ✧ ✧ ✧

બંનેય પુસ્તકો મળ્યા છે. દાદ માંગી લે તેવી મહેનત કરી છે. આવરણ તથા અંતરંગ - ઉભય દૃષ્ટિએ ઊડીને આંખે વળગે ને અંતરમાં વસે તેવું પ્રકાશન થયું છે.

તમારો શ્રમ ધન્યવાદને પાત્ર છે.

- વિજય મહાબલસૂરિ - પુણ્યપાલસૂરિ
- મુનિ ભવ્યભૂષણવિજય
પુના.



આસો વદ ૧૦
૦૨-૧૦-૧૯૯૯, મંગળવાર

◆ સ્વાધ્યાયનું ૭મું ફળ પરોપદેશ - શક્તિ છે.

આપણે જાતે શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરેલો હોય, જ્ઞાનના ફળ ઉપશમથી સ્વ-આત્માને ભાવિત બનાવેલો હોય તો જ પર-ઉપદેશ માટેની ક્ષમતા કેળવી શકીએ. તો જ આપણો ઉપદેશ અસરકારક બની શકે.

આવો સાધક લાકડાના જહાજની જેમ સ્વયં તરે અને અન્યોને પણ તારે.

તીર્થંકરો આનું ઉત્તમ ઉદાહરણ છે.

◆ મા-બાપની સેવા કરનારને તેમની સંપત્તિ મળે. તો ભગવાનની ભક્તિ કરનારને ભગવાનની સંપત્તિ ન મળે ? મા-બાપની સંપત્તિ કદાચ ન પણ મળે, પરંતુ ભગવાનની સંપત્તિ તો મળે જ મળે.

◆ **કોઈ પણ જ્ઞાન પાસે રાખવા માટે નથી હોતું. બીજાને આપવા માટે જ હોય છે. બીજાને નહિ આપીએ તે જ્ઞાન કટાઈ જશે.**

ધન નહિ આપનારો કંજૂસ ગણાય તો
જ્ઞાન નહિ આપનારો કંજૂસ ન ગણાય ?
બીજાને આપવાથી જ આપણું જ્ઞાન વધે.

ભણવા આવનારને ભણાવનાર ધૂત્કારે નહિ, વાત્સલ્યપૂર્વક ભણાવે.

આમ કરવાથી અવ્યવચ્છિત્તિ (અખંડ પરંપરા) ચાલે.

હું જો મારા શિષ્યોને ભણાવીશ તો તેઓ તેમના શિષ્ય-પ્રશિષ્યોને ભણાવશે, એમ પરંપરા ચાલશે.

સિદ્ધિ પછી આ દર્શાવવા જ વિનિયોગ બતાવ્યો છે.

પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય અને સિદ્ધિ સુધી પહોંચ્યા પછી પણ વિનિયોગ ન આવ્યો તો જ્ઞાન સાનુબંધ નહિ બને, ભવાંતરમાં સાથે નહિ ચાલે.

કોઈ ભણનાર ન હોય તો સામેથી બોલાવીને ભણાવો.

ફૂલ ખીલ્યા પછી ફોરમ ફેલાવે, તેમ ભણ્યા પછી તમે જ્ઞાનની સુગંધ ફેલાવો. એ વિનિયોગથી જ થઈ શકે.

તીર્થની પરંપરા આ રીતે જ ચાલશે. જૈન શાસનની ચાલતી અખંડ પરંપરામાં આપણે થોડા પણ નિમિત્ત બનીએ એવું ભાગ્ય ક્યાંથી ?

બીજ કાયમ રહેવું જોઈએ. બીજ હશે તો વૃક્ષ પોતાની મેળે મળી જશે. શ્રુતજ્ઞાન બીજ છે.

નાની ઉંમરના ઘણા સાધુ-સાધ્વીજી અહીં છે. આ સાંભળીને ભણવા-ભણાવવામાં આગળ વધશો કે સંતોષી બનીને બેસી રહેશો ? અહીં સંતોષી બનવું ગુનો છે.

પણ જ્ઞાન અભિમાન પેદા ન કરે તે પણ જોવાનું છે. એ માટે ભક્તિ સાથે રાખો.

'જેમ જેમ અરિહા સેવીએ રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન.'

ધન કમાયા પછી તેને સાચવવું કેટલું મુશ્કેલ છે તે અનુભવીને પૂછો તો ખ્યાલ આવશે. દિનેશભાઈ ! સાચી વાત છે ને ? જરા ગફલતમાં રહો કે ધન ગાયબ !

જ્ઞાનમાં પણ એવું જ છે. જ્ઞાન મેળવ્યા પછી એને ટકાવવું મુશ્કેલ છે. જ્ઞાનને ટકાવવું હોય તો બીજાને ભણાવો.

બીજાને ભણાવશો એટલે તમે જ ફરી ભણશો. તમારું જ્ઞાન સુરક્ષિત બનશે. હું જે વાચનાદિમાં પદાર્થો કહું છું તે ટકે છે, બીજા ચાલ્યા જાય છે.

અહીં આપણે ૧૧૦ સાધુ-સાધ્વીજીઓ છીએ. ૧૫-૨૦ વૃદ્ધોને એક બાજુએ મૂકી દઈએ તો બીજા તો ભણે-ભણાવી શકે તેવા છે ને ?

આ રીતે જે ભણે-ભણાવે તેને શું મળે, જાણો છો ? તીર્થંકર નામકર્મ પણ તે બાંધી શકે, એમ હરિભદ્રસૂરિજી કહે છે.

◆ ગુરુની ભક્તિ ન કરો તો ભગવાન ન મળે. ભગવાન મેળવી આપનાર ગુરુ છે.

ગુરુ ભક્તિના પ્રભાવથી જ પરમગુરુનો યોગ થાય છે.

પંચસૂત્રમાં કહ્યું છે :

'गुरु - विणओ मोक्खो ।'

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે :

ગુરુભક્તિના પ્રભાવથી તીર્થંકરનું દર્શન થાય.

आयपरसमुत्तारो आणावच्छल्लदीवणाभत्ती ।
होइ परदेसिअत्ते अव्वोच्छित्ती य तित्थस्स ॥ ५६५ ॥
एत्तो तत्थयरत्तं सव्वन्नुत्तं च जायइ कमेणं ।
इअ परमं मोक्खंगं सज्झाओ होइ णायव्वो ॥ ५६६ ॥

- पंचवस्तुक

અધ્યાત્મ ગીતા :

નૈગમ નય અંશથી પણ પૂર્ણ માને.

આઠ પ્રદેશો શુદ્ધ છે માટે બધા જીવ શુદ્ધ છે.

વ્યવહાર નય ભેદ પાડે. સિદ્ધ શુદ્ધ છે. સંસારી અશુદ્ધ છે.

અશુદ્ધના પણ ભેદો.

'અશુદ્ધપણે પણ-સય તેસઠી ભેદ પ્રમાણ,
ઉદય વિભેદે દ્રવ્યના ભેદ અનંત કહાણ;
શુદ્ધપણે ચેતનતા, પ્રગટે જીવ વિભિન્ન,
ક્ષયોપશમિક અસંખ્ય, ક્ષાયિક એક અનંત. ॥ ૫ ॥

૫૬૩ સિવાય આગળ વધીએ તો અશુદ્ધ જીવોના અનંતા ભેદો પણ થઈ શકે.

શુદ્ધપણે પણ અનેક રીતે ચેતનતા પ્રગટે છે તેમાં મુખ્ય બે પ્રકાર :

(૧) ક્ષાયોપશમિક અને (૨) ક્ષાયિક. ક્ષાયિક એક જ છે. ક્ષાયોપશમિક અસંખ્ય છે.

'નામથી જીવ ચેતન પ્રબુદ્ધ,
ક્ષેત્રથી અસંખ્ય પ્રદેસી વિશુદ્ધ;
દ્રવ્યથી સ્વ-ગુણ-પર્યાય પિંડ,
નિત્ય એકત્વ સહજ અખંડ ॥ ૬ ॥

નામથી જીવ, ચેતન આદિ કહેવાય,

ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી કહેવાય.

દ્રવ્યથી સ્વ ગુણ-પર્યાયનો પિંડ કહેવાય.

ભાવથી નિત્ય, એક, સહજસ્વભાવી અને અખંડ કહેવાય.

નયના સાત, પણ ભેદ હોઈ શકે.

સાતસો પણ ભેદ હોઈ શકે.

પણ મુખ્ય બે ભેદ.

(૧) દ્રવ્યાર્થિક નય : દ્રવ્ય (મૂળ પદાર્થ) સંબંધી વિચારે તે.

(૨) પર્યાયાર્થિક નય : પદાર્થમાં થતા ફેરફારો - અવસ્થાઓ વિચારે તે.

કાળો-ગોરો ઈત્યાદિ અવસ્થાઓ પર્યાય કહેવાય.

દ્રવ્યાર્થિક નયના ૪ ભેદ : નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર.

પર્યાયાર્થિક નયના ૩ ભેદ : શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત.

મુનિચન્દ્રવિજય : ૪ પ્રકરણાદિનો અભ્યાસ થાય છે, તેમ નયનો અભ્યાસ થતો નથી.

ઉત્તર : અભ્યાસ ગ્રંથ તૈયાર કરો. હું સહાયતા કરીશ.

તત્ત્વજ્ઞાન પ્રવેશિકા આ રીતે જ તૈયાર થયેલી. જામનગર ચાતુર્માસમાં શરૂઆત થયેલી. જામનગરમાં જે પદાર્થો ભણ્યો તે બીજાને શીખવાડું. એક મહીનો રોકાઉં તો પણ શ્રાવકોને શીખવાડું.

અંજાર ચાતુર્માસમાં આવો પાઠ શરૂ કર્યો. યુ.પી.દેઢિયા

દૂર-દૂરથી રોજ આવે. એમને એ ખૂબ ગમી ગયું. તે વખતે (સં. ૨૦૨૩) ૩૫ હજાર રૂપિયાથી ૧૦ હજાર નકલો છપાવી.

પહેલું પુસ્તક : તત્ત્વજ્ઞાન પ્રવેશિકા.

બીજું આ : અધ્યાત્મ ગીતા.

નયનો બોધ જ નહિ હોય તો આગમના રહસ્યો જ નહિ સમજાય.

છેલ્લે આ નયોના જ્ઞાન દ્વારા મુનિ કેવા બને છે ? તે બતાવશે.

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીનું આ અવનવું પુસ્તક હાથમાં લેતાં મનમયૂર નાચી ઉઠ્યો.

- સા. મુક્તિધર્માશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક શાંતિથી વાંચવાનું બે-ત્રણ વખત બન્યું, છતાં ક્યારે પણ કંટાળો ન આવતાં નવા નવા પદાર્થો મલ્યાનો અનેરો આનંદ આવે છે.

- સા. હંસમાલાશ્રી
સુરેન્દ્રનગર

✧ ✧ ✧ ✧ ✧

આપશ્રીએ પુસ્તક પ્રગટ કર્યા ન હોત તો અમારા સુધી નહિ પહોંચેલા (નહિ સંભળાયેલા) શબ્દો સાંભળવા ન મળત.

- સા. સૌમ્યરત્નાશ્રી
સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ તો આ પુસ્તકમાં આગમોનો ખજાનો જ ખોલ્યો છે.

- સા. સિધ્ધાંતપૂર્ણાશ્રી
સાબરમતી



વૈયાવચ્ચ કરતે હુએ પૂજ્યશ્રી, જેસલમેર કે પાસ, વિ.સં. ૨૦૫૧

આસો વદ ૧૧
૦૩-૧૧-૧૯૯૯, બુધવાર

◆ જ્ઞાન આપણું સ્વરૂપ છે. તેને ક્ષણવાર પણ કેમ છોડાય ? સ્વરૂપ આપણને છોડે નહિ એ સાચું, પણ જ્યાં સુધી મિથ્યાત્વ બેઠેલું છે, ત્યાં સુધી અજ્ઞાન જ કહેવાય.

◆ વ્યવહારથી જીવોના ૫૬૩ ભેદ સમજ્યા છીએ, નિશ્ચયથી સમજવાનું બાકી છે.

પહેલેથી જ નિશ્ચયની વાત કરવામાં આવે તો કાનજીમતની જેમ દુરુપયોગ થઈ શકે. સાતમા ગુણઠાણાની વાતો બાળ જીવો સમક્ષ રજૂ કરાઈ અને તેમને કહેવામાં આવ્યું : આ ક્રિયાકાંડ વ્યર્થ છે.

નયોનો દુરુપયોગ થવાની સંભાવનાથી જ તેની વાત ગૌણ કરવામાં આવી છે.

પરમાત્મા જેવું જ આપણું સ્વરૂપ છે, એ નૈશ્ચયિક વાતનો પણ દુરુપયોગ થઈ શકે છે.

◆ સ્વાધ્યાય આદિ વિધિપૂર્વક કરવાના છે. અવિધિથી થાય તો ગાંડપણ, રોગ, આદિ પણ થઈ શકે છે. રુષ્ટ થયેલા

દેવો ઉપદ્રવ કરી શકે છે.

પ્રશ્ન : હમણા કાંઈ એવું દેખાતું નથી.

ઉત્તર : સ્વાધ્યાય જ છોડી દીધો, પછી શું દેખાય ?

કપડા જ પહેરવાના છોડી દીધા તેના કપડા શું મેલા થાય ? કે શું ફાટે ?

અવિધિથી કરાયેલા સ્વાધ્યાય આદિથી રોગ આદિ તો આવે જ, આગળ વધીને તે ચારિત્રધર્મથી ભ્રષ્ટ પણ થઈ જાય. આનાથી વધુ શું નુકશાની હોય ?

◆ વિષય-કષાય તે સંસાર.

સામાયિક તે સંસાર પાર.

સામાયિક ત્રણ પ્રકારના : સમ્યક્, શ્રુત અને ચારિત્ર.

સામાયિક ગયું તો બધું ગયું.

એકવાર 'સર્વજ્ઞ કથિત સામાયિક ધર્મ' પુસ્તક તો વાંચો. સામાયિક અંગેનો પૂરો મસાલો એમાં ગુજરાતીમાં છે.

હવે એના પર પણ વાચના રાખવી પડશે.

◆ લઘુ - જઘન્ય.

ગુરુ - મધ્યમ.

ગુરુતર - ઉત્કૃષ્ટ.

અવિધિના આ ત્રણ દોષ યથાક્રમ જાણવા. થોડી અવિધિ થાય તો ઉન્માદ, રોગ આદિ થોડા પ્રમાણમાં થાય.અવિધિ વધે તેમ ઉન્માદાદિ પણ વધતા જાય.

ઉત્તરાધ્યયન આદિ સૂત્રો પર્યાય પ્રમાણે અપાય.

ભણનાર અને ભણાવનાર બંને અખંડ ચારિત્રી હોય.

પ્રશ્ન : અહીં ફરી યોગ્યતાની વાત કેમ લાવ્યા ?

દીક્ષાર્થીની યોગ્યતા વખતે યોગ્યતાની વાત આવી ગઈ.

ઉત્તર : દીક્ષા પછી પણ ભાવ પડી શકે. દીક્ષા વખતે છેતરપીંડી થઈ ગઈ હોય. સંસારથી એને ઝટ છુટવું હોય... એટલે દોષો છુપાવી રાખ્યા હોય... પછી એનો ખ્યાલ આવે એવું પણ બને. એવા અયોગ્યને સૂત્રાદિ ન અપાય.

પ્રવ્રજ્યા આપી હોય તો મુંડન ન થાય. મુંડન થઈ ગયું હોય તો વડી-દીક્ષા ન અપાય.

જિનવચનથી વિરુદ્ધ થઈ જે અયોગ્યને શિષ્યના લોભથી દીક્ષા આપે તે ગુરુ ચારિત્રી અને તપસ્વી હોય તો પણ તે સ્વચારિત્ર ગુમાવે છે. બીજા પર - ઉપકાર કરવા તો ગયા, પણ એ તો ન થઈ શક્યો, સ્વ - ઉપકાર પણ ગયો.

ચમાર, ભીલ, ઢેઢ વગેરે અકુલીન દીક્ષા માટે નિષિદ્ધ છે, છતાં લોભ - દોષથી દીક્ષા અપાઈ જાય તો ગુરુનું પણ ચારિત્ર જાય. એવાને વડી દીક્ષા અપાઈ જાય તો આજ્ઞાભંગ, મિથ્યાત્વ, અનવસ્થા અને વિરાધના આ બધા દોષો લાગે.

વડી દીક્ષા પછી ખબર પડે તો માંડલીમાં પ્રવેશ નહિ આપવો. સંવાસ નહિ કરવો.

સંવાસ થઈ જાય તો ભણાવવો નહિ.

અસાધ્ય રોગ જાણ્યા પછી વૈદ્ય ઈલાજ ન કરે તેમ.

આવા રોગીની ઉપેક્ષા કરવાપૂર્વક તેનો બહિષ્કાર કરવો એ જ ઈલાજ છે.

અધ્યાત્મ ગીતા :

ઋજુ સુઈએ વિકલ્પ, પરિણામી જીવ સ્વભાવ,
વર્તમાન પરિણતિમય, વ્યક્તે ગ્રાહક ભાવ;
શબ્દ નયે નિજ સત્તા, જોતો ઈહતો ધર્મ,
શુદ્ધ અરૂપી ચેતન, અણગ્રહતો નવ કર્મ. ॥ ૮ ॥

ઋજુસૂત્ર વિકલ્પરૂપે વર્તમાન પરિણતિને ગ્રહણ કરે છે.

સાધુ - વેષ હોય પણ વર્તમાનમાં સાધુભાવ ન હોય તો ઋજુસૂત્ર સાધુ ન માને.

'ઈણિ પરે શુદ્ધ સિદ્ધાત્મ રુપી, મુક્ત પરશક્તિ વ્યક્ત અરૂપી;
સમકિતિ દેશવ્રતી, સર્વ વિરતિ, ધરે સાધ્યરૂપે સદા તત્ત્વ પ્રીતિ...' ॥ ૯ ॥

વીર્ય શક્તિ સત્તામાં રહેલી છે. પણ વ્યક્તરૂપે તે દેખાતી નથી.

સમ્યગ્દૃષ્ટિ દેશ અને સર્વવિરતિધરો સાધ્યરૂપ તત્ત્વ પ્રત્યે પ્રીતિવાળા હોય છે.

સમકિતિને આત્મસત્તાનો ખ્યાલ હોય. કારણ કે સ્વસત્તાનો ખ્યાલ આવે ત્યારે જ સમકિત આવે.

એકવાર ખ્યાલ આવી જાય કે ઘરમાં ખજાનો દટાયેલો છે. તો સ્વાભાવિક છે : માણસને તે બહાર કાઢવાની ઈચ્છા થાય.

આત્માની અંદર અનંત ઐશ્વર્ય પડેલું છે, એની ભાળ મળતાં જ તે મેળવવાની ઝંખના જાગે. આ ઝંખના જ સમ્યક્ત્વ છે.

નામ કે રૂપ આપણા નથી, 'પર' છે. ફોટા કે નામનો પ્રચાર કરીએ છીએ, પણ તે બધું 'પર' છે.

નામ તો માત્ર સંકેત પૂરતું છે. એક નામવાળા ઘણાય હોય છે, છતાં આપણા નામ માટે આપણે કેટલા લડીએ છીએ ?

પાડોશીને કોઈ ગાળો દઈ જાય તો તમે ગુસ્સે થઈ જાવ ?

નામ અને રૂપ આપણા પાડોશી છે. આપણો આત્મા તો અંદર બેઠો છે; નામ અને રૂપથી પર !

નામ અને રૂપ તો આપણા પાડોશી છે. એનું અપમાન થતાં ઝગડો કરીએ તે આપણને શોભતું નથી.

અંદરના ઐશ્વર્યને પ્રગટ કરવાની રુચિ તે સમકિત. એના માટેના ઉપાયોમાં આંશિક પ્રવૃત્તિ કરવી તે દેશવિરતિ. સર્વ શક્તિપૂર્વક પ્રવૃત્તિ કરવી તે સર્વવિરતિ.

(૧) નૈગમ : જેના અનેક ગમ - વિકલ્પ હોય તે.

સંકલ્પ, આરોપ અને અંશને ગ્રહણ કરે તે.

(૧) સંકલ્પ : લાકડાની પાલી (અનાજ માપવાનું એક પ્રકારનું લાકડાનું સાધન) બનાવવાના ઉદ્દેશથી કોઈ જંગલમાં લાકડું કાપવા જાય છે, પણ કહેશે : હું પાલી લેવા જાઉં છું.

પાલીતાણા સંઘનો પ્રથમ પડાવ છે, છતાં આપણે કહીએ છીએ : અમે પાલીતાણા જઈએ છીએ.

તમને મોક્ષની ઈચ્છા થઈ ગઈ.

બસ, નૈગમ નય કહેશે : આ મોક્ષનો મુસાફર છે.

(૨) આરોપ : દા.ત. આજે ભગવાનનું નિર્વાણ કલ્યાણક છે. અહીં ભૂતનો વર્તમાનમાં આરોપ થયો છે.

(૩) અંશ : આઠ રૂચક પ્રદેશો જ ઊઘાડા છે, છતાં આત્મા પૂર્ણસ્વરૂપી. મનફરાના ચાર જ માણસ આવ્યા, છતાં આખું મનફરા આવ્યું કહેવાય. રસોઈની શરૂઆત જ થઈ છે, છતાં રસોઈ થઈ ગઈ કહેવાય.

(૨) સંગ્રહ : વસ્તુના સામાન્ય ધર્મનો સંગ્રહ તે સંગ્રહ.

संगृह्णाति वस्तु सत्तात्मकं सामान्यं सः संग्रहनयः ।

✧ ✧ ✧ ✧ ✧



કોલી પે વિહાર, બેંગલોર કે પાસ, વિ.સં. ૨૦૫૧

આસો વદ ૧૧
૦૪-૧૧-૧૯૯૯, ગુરુવાર

◆ ભગવાને શ્રાવક અને સાધુના બે ધર્મ એટલા માટે બતાવ્યા છે, કે સૌ યથાશક્તિ ધર્મની આરાધના કરે, કોઈ શક્તિથી વધુ કરીને વિરાધના કરી પાપના ભાગીદાર ન બને.

◆ ભગવાનથી કહેવાયેલા અનુષ્ઠાનો કરતાં ભગવાન યાદ આવવા જોઈએ. ગુરુ - કથિત કાર્ય કરતાં ગુરુ યાદ આવે તેમ ભગવાન યાદ આવવા જોઈએ. 'મારામાં ક્ષમતા નથી, પણ ગુરુના પ્રભાવે મને સફળતા મળે છે.' એમ આપણે માનીએ છીએ, તેમ ભગવાનના અનુષ્ઠાનમાં પણ વિચારવું.

◆ ભગવાન જે અનુષ્ઠાન બતાવે તે મુક્તિ-સાધક જ હોય, સંસારવર્ધક એક પણ અનુષ્ઠાન જૈન દર્શનમાં જોવા નહિ મળે. હા, હેય તરીકે જરૂર જોવા મળશે. ત્યાજ્ય તરીકે ન બતાવે તો ત્યાગ પણ શી રીતે થશે ?

◆ પાપનો અભ્યાસ અનાદિકાળનો છે.
પુણ્ય, સંવર, નિર્જરાનો અભ્યાસ નવો છે.
માટે જ આટલું બધું સાંભળવા છતાં ખરા પ્રસંગે આ

બધું ભૂલાઈ જાય છે, આવેશમાં કાંઈ યાદ રહેતું નથી. અનાદિ અભ્યસ્ત સંસ્કારો આપણા પર સવાર થઈ જાય છે.

વળી, મોક્ષમાં ક્યાં આપણે જલ્દી જવું છે ? શાન્તિથી બેઠા છીએ. જો મોક્ષમાં જલ્દી જવું હોય તો સુવિહિત અનુષ્ઠાનોમાં કેટલો વેગ આવે ?

મોક્ષ - પ્રાપ્તિમાં જેટલો વિલંબ, દુર્ગતિના દુઃખો તેટલા અધિક, આટલું બરાબર સમજી રાખો.

એકવાર દુર્ગતિમાં ગયા પછી ફરી માનવ બની આવી સામગ્રી મળવી હાથની વાત નથી.

'થશે. શું ઉતાવળ છે ?' ઈત્યાદિ વિકલ્પો કાયરને આવે, શૂરવીરને નહિ. ધર્મનો માર્ગ શૂરવીરનો છે.

અત્યારે ૮ કર્મનો ઉદય અને ૭ કર્મનો બંધ ચાલુ છે. આયુષ્ય વખતે ૮ કર્મનો બંધ હોય છે.

આમ કર્મના હુમલા ચાલુ હોય ને આપણે નિરાંતે ઘોરીએ તો તે કેમ ચાલે ? માત્ર બેઠા-બેઠા જીત મળી જશે ? ઊંઘતો સૈનિક જીતી જશે ?

શિસ્તપાલક સાવધ સૈનિક વિજયમાળા વરી શકે તેમ સાવધ સાધક વિજયમાળા વરી શકે.

અહીં પ્રમાદ ન ચાલે.

◆ ભલે બધા આગમો - શાસ્ત્રો ન વાંચી શકીએ, પણ અમુક રહસ્યભૂત શાસ્ત્રો તો ખાસ વાંચવા જોઈએ.

પ્રભુદાસ બેચરદાસ કૃત આનંદઘન - ચોવીશીના અર્થનું પુસ્તક જોજો. પૂરો નકશો બતાવ્યો છે કે આમાં માર્ગાનુસારીથી માંડીને ઠેઠ અયોગી ગુણસ્થાનક સુધીનો વિકાસક્રમ શી રીતે મૂકેલો છે.

આવી આવી કૃતિ તો કંઠસ્થ હોવી જોઈએ.

◆ બે પ્રકારની પરિજ્ઞા છે.

(૧) જ્ઞપરિજ્ઞા : જાણવું... ગ્રહણશિક્ષા...

(૨) પ્રત્યાખ્યાન પરિજ્ઞા : જીવવું... આસેવન શિક્ષા...

◆ **જે ગુણનો તમે વિનિયોગ નથી કરતા તે ગુણ ભવાંતરમાં સાથે નહિ ચાલે. જે બીજાને આપો છો તે જ તમારું છે.**

◆ (૧) પ્રવજ્યા (ઓઘો આપવો).
(૨) મુંડન.
(૩) શિક્ષા.
(૪) ઉપસ્થાપના.
(૫) સહ ભોજન.
(૬) સંવાસ (સાથે રહેવું).

શિષ્ય અયોગ્ય જણાતાં ઉત્તર - ઉત્તરના કાર્યો નહિ કરાવવા, તેને ઉત્પ્રવ્રજિત કરવો.

◆ કેટલા વર્ષના પર્યાયવાળાને કયું સૂત્ર ભણાવાય ?

૩ વર્ષના પર્યાયવાળાને - આચાર પ્રકલ્પ (નિશીથ).

૪ વર્ષના પર્યાયવાળાને - સૂયગડંગ (પહેલાં તો આચારાંગ સૂત્ર વડી દીક્ષા પહેલા ભણાવાઈ જતું).

૫ વર્ષના પર્યાયવાળાને - દશા કલ્પ વ્યવહાર સૂત્ર (આજે કલ્પસૂત્રના જોગ ચાલે છે તે).

૮ વર્ષના પર્યાયવાળાને - સ્થાનાંગ, સમવાયાંગ.

૧૦ વર્ષના પર્યાયવાળાને - વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી).

૧૧ વર્ષના પર્યાયવાળાને - ખુડ્ડિયા વિમાણ પવિભત્તી, આદિ પાંચ અધ્યયનો.

૧૨ વર્ષના પર્યાયવાળાને - અરુણોવવાઈ, આદિ પાંચ અધ્યયનો.

૧૩ વર્ષના પર્યાયવાળાને - ઉત્થાન શ્રુત આદિ પાંચ અધ્યયનો.

૧૪ વર્ષના પર્યાયવાળાને - આશીવિષ ભાવના.

૧૫ વર્ષના પર્યાયવાળાને - દૃષ્ટિવિષ ભાવના.

૧૬ વર્ષના પર્યાયવાળાને - ચારણ ભાવના.

૧૭ વર્ષના પર્યાયવાળાને - મહાસુમિણ ભાવના.

૧૮ વર્ષના પર્યાયવાળાને - તેઓગ્ગિનિસગ્ગ.

૧૯ વર્ષના પર્યાયવાળાને - ૧૨મું દૃષ્ટિવાદ.

૨૦ વર્ષના પર્યાયવાળાને - બિંદુસાર સહિત સંપૂર્ણ.

શશિકાન્તભાઈ : આ તો સાધુનું આવ્યું. ૬૦ વર્ષથી ઉપરવાળા શ્રાવકે શું કરવું ?

પૂજ્યશ્રી : શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ ભાગ-૧, યોગશાસ્ત્ર - ૪ પ્રકાશ, ૪ પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, કમ્મપયડી, પંચસંગ્રહ, આદિ ઘણું ઘણું છે. જેની ના નથી, એ તો ભણો. વળી, આ બધા જ આગમો સાંભળવાની તો છુટ જ છે. તુંગીઆનગરીના શ્રાવકો લદ્ધિઅટ્ઠા, ગહિઅટ્ઠા, કહેવાયા છે. ૧૧ અંગના પદાર્થો કંઠસ્થ હોય. ત્યાં જતા સાધુઓને પણ વિચારવું પડતું : શું જવાબ આપીશું ?

શશિકાન્તભાઈ ! તમારા માટે સમાધિશતક ગ્રંથ શ્રેષ્ઠ છે.

◆ **અધ્યાત્મ ગીતા :**

અધ્યાત્મનું જ્ઞાન નહિ, અધ્યાત્મપૂર્ણ જીવન હોવું ઘટે. તો જ આમૂલચૂલ પરિવર્તન આવે. વારંવાર એનો અભ્યાસ કરતા રહો. ઊંડા સંસ્કારો પડશે.

જગતની સર્વ ક્રિયાઓમાં ચૈત્યવંદન, દેવવંદન, શ્રાવક-સાધુના આચારો સૌથી શ્રેષ્ઠ અધ્યાત્મ છે.

જે તમને તમારા સ્વરૂપ તરફ લઈ જાય તે અધ્યાત્મ છે. વિરતિ વિના સાચું અધ્યાત્મ ન આવી શકે. રુચિ હોય તો અવિરતિમાં બીજમાત્રરૂપે અધ્યાત્મ હોઈ શકે. વળી તે અધ્યાત્મ મૈત્રાદિ ભાવથી યુક્ત હોવું જોઈએ.

આ અધ્યાત્મ - ગીતા એમાં સહાયક બનશે.

◆ જેટલો ઉપયોગ સ્વરૂપમાં હોય તેટલો કર્મબંધ અટકે.

'સમભિરૂઢ નય નિરાવરણી, જ્ઞાનાદિક ગુણ મુખ્ય,
ક્ષાયિક અનંત ચતુષ્ટયી ભોગ મુગ્ધ અલક્ષ્ય;
એવંભૂતે નિર્મળ સકલ સ્વધર્મ પ્રકાશ,
પૂરણ પર્યાયે પ્રગટે, પૂરણ શક્તિ વિલાસ.' ॥ ૧૦ ॥

સંગ્રહ નય સ્થૂલ છે. પછી ઉત્તરોત્તર નયો સૂક્ષ્મ થતા જાય છે. એવંભૂત નય એકદમ સૂક્ષ્મ છે. અનુક્રમે વ્યાખ્યા સૂક્ષ્મ બનતી જાય છે.

સંગ્રહ નય કે નૈગમ નય આપણને કહી દે : તું સિદ્ધસ્વરૂપી છે, તે ન ચાલે, એવંભૂત કહે ત્યારે ખરું ! છતાં એટલું ચોક્કસ કે સંગ્રહ અને નૈગમ નય આપણને વિશ્વાસ આપે છે : તું સિદ્ધસ્વરૂપી છે. તું બકરી નથી, સિંહ છે, તું પત્થર ભલે દેખાય,

પણ તારામાં પ્રતિમા છુપાયેલી છે. હું તે જોઈ રહ્યો છું.

શિલ્પી જેમ જેમ ટાંકણા મારતો જાય તેમ તેમ પત્થરમાંથી પ્રતિમા પ્રગટતી જાય. ક્યાં સુધી ટાંકણા મારે ? જ્યાં સુધી પૂર્ણ પ્રતિમા ન બને. ગુરુની શિક્ષા ક્યાં સુધી ? જ્યાં સુધી આપણામાં પૂર્ણતા ન પ્રગટે.

સમભિરૂઢ નય તો કેવળજ્ઞાનીને પણ સિદ્ધ માનવા તૈયાર નથી. હજુ અઘાતી કર્મ, હજુ ૮૫ કર્મ - પ્રકૃતિ સત્તામાં પડી છે. એ તો સિદ્ધશિલામાં જીવ જાય ત્યારે જ સિદ્ધ માને.

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકના વાંચનથી અતૃપ્ત આત્માને તૃપ્તિ મળે છે.

- સા. નયદર્શનાશ્રી
સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

જાણે સાક્ષાત્ પૂજ્યશ્રીનો અનુભવ બોલતો હોય તેવું લાગે છે. ખરેખર ! સંપાદકે પૂજ્યશ્રીજીના અંદરના સ્પર્શેલા શબ્દોને પુસ્તકસ્થ કરી વાચનાના રસિકો ઉપર મોટો ઉપકાર કર્યો છે.

- સા. નયધર્માશ્રી
સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર આ પુસ્તક વાંચતાં રોમાંચ વિકસ્વર થવા લાગ્યા.

- સા. હર્ષપૂર્ણાશ્રી
વાપી

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવશ્રીના મીઠા મધુરા વચનો આપણા માટે હવે અસંભવ છે. છતાં પણ આ પુસ્તકને વાંચનારની આંખ સમક્ષ લાવનાર પૂ.પં. મુક્તિચંદ્રવિ. મ.સા. તથા પૂ.ગ. મુનિચંદ્રવિ. મ.સા. આપે તો પૂ. ગુરુદેવશ્રીના સાક્ષાત્ દર્શન આ પુસ્તકના શબ્દે શબ્દે કરાવી, અમારા માટે શું પ્રયત્ન નથી કર્યા ?

- સા. રક્ષિતગુણાશ્રી
પાલનપુર



આસો વદ પ્રથમ ૧૩
૦૫-૧૧-૧૯૯૯, શુક્રવાર

◆ ભગવાને તો વિશ્વમાત્રને મુક્તિનો માર્ગ બતાવ્યો, પણ તેમાં ચાલવા તૈયાર થયો ચતુર્વિધ સંઘ, સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવિકા.

મુક્તિ-માર્ગે ચાલીએ એટલે ભગવાન આપણા માર્ગમાં સહાયક બને જ. ભગવાન ધર્મ - ચક્રવર્તી છે.

મોહની જાળમાંથી છોડાવી સંસારી જીવોને મોક્ષ-માર્ગે પ્રયાણ કરાવનાર ભગવાન છે. પણ ભગવાન એને જ પ્રયાણ કરાવી શકે જેને મોહ જાળરૂપ લાગે, સંસાર જેલ લાગે, પણ જેને જેલ જ મહેલ લાગતો હોય, બેડીઓ જ બંગડીઓ લાગતી હોય, તેમના માટે ભગવાન કાંઈ જ ન કરી શકે.

◆ પરિગ્રહના, મમતાના ભાર સાથે મુક્તિ - માર્ગે પ્રયાણ ન થાય. પર્વત પર ચડતાં સામાન્ય ભાર પણ આપણને પરવડતો નથી તો મોક્ષના માર્ગે ભાર શી રીતે પરવડે ?

◆ જ્ઞાન એક એવી ચીજ છે, જેથી સ્વનું જીવન તો પ્રકાશિત બને જ, અન્યના જીવન પણ પ્રકાશિત બને જ.

◆ લાકડું જડ છે, એ પોતાનો સ્વભાવ નહિ છોડે. પાણીમાં નાખશો તો પોતે પણ તરશે ને પોતાને વળગનારને પણ તારશે. જ્ઞાની પણ લાકડા જેવો છે. પોતે પણ તરે, અન્યને પણ તારે.

◆ ત્રણ પ્રકારના જીવો.

(૧) અતિપરિણત : ઉત્સર્ગ માર્ગી : બળેલી રોટલી. શક્તિથી પણ વધુ કરનાર.

(૨) અપરિણત : અપવાદ માર્ગી : કાચી રોટલી. શક્તિ જેટલું પણ નહિ કરનાર.

(૩) પરિણત : સમતોલ.પાકી રોટલી. શક્તિ પ્રમાણે કરનાર.

◆ કેવળી ભગવંતે જે જ્ઞાનથી જોયું, તેનાથી અન્યથા વિધાન કરવાથી જિનજ્ઞાભંગાદિ દોષો લાગે છે. આ દોષ પ્રાણાતિપાતાદિથી પણ વધી જાય. કારણ કે અહીં ભગવાન પ્રત્યે અશ્રદ્ધા થઈ. પોતાની જાત કે પોતાની બુદ્ધિ પર શ્રદ્ધા થઈ, ભગવાન પર ન થઈ.

'ભગવાન ભૂલ્યા' એ શબ્દ ક્યારે નીકળે ? મિથ્યાત્વનો ઘોર ઉદય હોય ત્યારે.

'ભગવાન ભૂલ્યા' એવું વાક્ય જમાલિ ભગવાનની હાજરમાં બોલેલા. આભિનિવેશિક મિથ્યાત્વથી ગ્રસ્ત બન્યા.

ઉત્સૂત્ર પ્રરૂપણા જેવું કોઈ પાપ નથી.

પ્રશ્ન : બીજી (જૈનેતર) ધ્યાન પદ્ધતિમાં મિથ્યાત્વ લાગે ?

ઉત્તર : બીજી ધ્યાન પદ્ધતિ સ્વીકારવાનું મન ક્યારે થાય ? ભગવાન પર અશ્રદ્ધા થાય ત્યારે.

મારી પાસે બીજી ઘણી ધ્યાન-પદ્ધતિઓ આવી છે. મેં કદી તે તરફ નજર નથી કરી, કોઈને પૂછ્યું ય નથી. જે મળશે તે ભગવાન તરફથી જ મળશે, એવો વિશ્વાસ પહેલેથી જ હતો.

◆ યુગપ્રધાન આચાર્યશ્રી મંગુ અમુક ક્ષેત્રમાં રહેવાથી રસનાને પરાધીન બન્યા. રાત-દિવસ ખાવાનો જ વિચાર.

મરીને યક્ષ બન્યા. (નહિ તો વૈમાનિક દેવલોકથી ઓછું ન મળે) ગટરની પાસેના દેવળમાંના ભૂત બન્યા.

એ જગ્યાએથી પસાર થતા પોતાના શિષ્યોને પ્રતિબોધવા પોતાની (મૂર્તિની) જીભ બહાર કાઢી, લપ-લપ કરવા લાગ્યા.

સાધુઓ ચમક્યા.

યક્ષમૂર્તિ બોલી : હું પૂર્વભવનો તમારો ગુરુ છું. રસની આસક્તિના કારણે આજે હું દેવલોકમાં દુર્ગતિ પામ્યો છું. માટે આ રસનાથી સાવધાન રહેજો.

માટે જ પૂ. પંન્યાસજી મ. 'આયંબિલનો તપ', નવકારનો જપ, અને બ્રહ્મચર્યનો ખપ' -

આ ત્રણ પર ખાસ ભાર આપતા.

◆ **કમ ખાના - તનનો વિજય - આયુર્વેદનો સાર.**

ગમ ખાના - મનનો વિજય - નીતિશાસ્ત્રનો સાર.

નમ જાના - સર્વનો વિજય - ધર્મશાસ્ત્રનો સાર.

◆ **ગૃહસ્થપણામાં અમે ત્રણ ટાઈમ વાપરતા. વડી દીક્ષા વખતે (એક વર્ષ પછી) પૂ.આ. કનકસૂરિજીને રાધનપુરમાં મળ્યા. બધા સાધુઓને એકાસણા કરતા જોઈને અમે પોતાની મેળે એકાસણા કરતા થઈ ગયા.**

કોઈએ કહ્યું નહોતું, ફોર્સ નહોતો કર્યો. એકાસણાની પોતાની મેળે આદત પડી ગઈ. ધર્મ બળાત્કારે કરવાની ચીજ નથી.

પછી તો એકાસણાનો અભિગ્રહ જ કર્યો. ચાહે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ કે અઠ્ઠાઈનું પારણું હોય, પણ એકાસણું જ. જ્યાં સુધી શક્તિ હતી ત્યાં સુધી એકાસણું જ કર્યું. સંઘ વગેરેમાં તો કેટલીયેવાર બપોરે ૩ કે ૪ વાગે પણ એકાસણા કર્યા છે.

જ્ઞાનની પરંપરા છે, તેમ તપ અને સંયમની પણ પરંપરા છે. આપણે કરીશું તો જ આ પરંપરા ચાલશે.

અધ્યાત્મ ગીતા :

◆ **કોઈ વ્યક્તિને મળવું હોય તો પાકું સરનામું મેળવવું પડે. ભગવાનને આપણે મળવું છે, પણ ભગવાનનું સ્વરૂપ જાણવાની કોઈ જ તાલાવેલી નથી. આત્મા મેળવવો છે, પણ**

આત્મા અંગે કાંઈ જાણવાની, ઈચ્છા નથી. શી રીતે મળશે આત્મા કે પરમાત્મા ? **આખી દુનિયાને તમે જાણવા ઈચ્છો છો એક માત્ર તમારી જાતને - આત્માને છોડીને.**

- જૈન દર્શન સાત નયથી શુદ્ધ આત્માને ઓળખાવે છે.

સંગ્રહ : એક જ આત્મા છે. સર્વત્ર બ્રહ્મ છે - એવો અદ્વૈતવાદ અહીંથી નીકળ્યો છે.

નૈગમ : તમારામાં શુદ્ધતાનો એક અંશ છે. તો પણ હું તમને શુદ્ધ આત્મા માનીશ. ચિંતા નહિ કરતા.

વ્યવહાર : નહિ, આત્મા કર્મસહિત અને કર્મરહિત એમ અનેક ભેદવાળો છે. હું ભેદમાં માનું છું.

ઋજુસૂત્ર : તમારો ઉપયોગ સિદ્ધમાં હોય તો જ સિદ્ધસ્વરૂપી માનું.

શબ્દ : આત્મસંપત્તિ પ્રગટાવવાની ભાવના હોય ત્યારે જ માનું.

સમભિરૂઢ : કેવળજ્ઞાન થયું હોય તો જ માનું.

એવંભૂત : આઠેય કર્મોથી મુક્ત થાવ ત્યારે જ હું માનું.

બધા નયો પોતાની દૃષ્ટિએ સાચા છે, સંપૂર્ણ સાચા નથી. હાથીને જોતા ૭ આંધળા જેવા છે. સાતેય ભેગા મળે ત્યારે પ્રમાણ બને.

નય સાત છે, પણ આમ તેના ૭૦૦ નયો થાય.

એવંભૂત નય જ્યાં સુધી આપણને શુદ્ધ આત્મા ન કહે ત્યાં સુધી આપણે સાધનાથી અટકવાનું નથી.

'એમ નય ભંગ સંગે સનૂરો, સાધના સિદ્ધતારૂપ પૂરો;
સાધકભાવ ત્યાં લગે અધૂરો, સાધ્ય સિદ્ધે નહિ હેતુ શૂરો.
॥ ૧૧ ॥'

તમે સાધના કરો ત્યારે જ પૂરા બની શકો.

સંગ્રહ કે નૈગમ નય ૩૩% માં પાસ કરી દે. પણ એવંભૂત નય તો ૯૯%માં પણ પાસ ન કરે. ૧૦૦% જ જોઈએ. જરાય ઓછું નહિ.

સાધ્ય સંગ્રહે નક્કી કરી આપ્યું. તારી સત્તામાં પરમતત્ત્વ

પડ્યું છે, એમ સંગ્રહે બતાવ્યું.

માટીમાં ઘડાની યોગ્યતા છે.

આત્મામાં પરમાત્માની યોગ્યતા છે, એમ સંગ્રહે સૌ પ્રથમ સમાચાર આપ્યા.

સંગ્રહનયથી સાધ્યની પ્રતીતિ થાય.

શબ્દનયથી એની અનુભૂતિ થાય. એવંભૂત નયથી સિદ્ધિ થાય.

સાધના માટે નૈગમ અને વ્યવહાર નય લાગુ પડે.

વ્યવહારથી જો આત્માને અશુદ્ધ ન માનીએ તો સાધના શી રીતે થાય ? હું વિષય-કષાયથી ભરેલો છું, એવું ન મનાય તો સાધના થાય જ નહિ.

તીર્થની સ્થાપના વગેરે વ્યવહાર નયથી જ થાય છે. સંગ્રહનય તો પૂર્ણ જ માને. તેને તીર્થ શું ? સ્થાપના શું ? ને સાધના શું ?

ઔદયિક ભાવનો હુમલો થાય ત્યારે શી રીતે બચવું ? એ બધું વ્યવહાર નય શીખવે છે.

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકનું સાંગોપાંગ વાંચન એટલે પાલીતાણામાં કરેલ ચાતુર્માસિની 'ભાવયાત્રા'.

- સા. સ્મિતદર્શનાશ્રી

સુરત

✧ ✧ ✧ ✧ ✧

આ ગ્રન્થરત્ન વાંચવા અને સાંભળવા જેવો છે, તેટલું જ નહિ, પરંતુ વાસ્તવિક રીતે તો હૃદયસ્થ કરીને ખાસ આચરણમાં મૂકવા જેવો છે.

- સા. સૂર્યયશાશ્રી

સાબરમતી



બેંગલોર - ચાતુર્માસ પ્રવેશ, વિ.સં. ૨૦૫૧

આસો વદ દ્વિતીય ૧૩
૦૬-૧૧-૧૯૯૯, શનિવાર

◆ આપણે એક આજ્ઞા-ભંગ કરીએ, આપણને જોઈને બીજા કરે, ત્રીજા કરે એક પરંપરા ઊભી થાય. આને અનવસ્થા કહેવાય.

આપણી શિથિલતા આપણને જ નહિ, બીજાને પણ અવળું આલંબન આપે છે.

સ્વભાવથી આપણે કોમળ બનવાનું છે, પણ આચારમાં આપણે ઉગ્ર બનવાનું છે.

ભગવાન આમ સર્વ જીવો પ્રત્યે કોમળ છે, પણ કર્મો પ્રત્યે ક્રૂર છે, ઉગ્ર છે.

◆ **'अरिहंताइसामत्थओ ।'**

અહીં પંચસૂત્રમાં અરિહંત આદિના સામર્થ્યથી એમ કહ્યું : અહીં 'આદિ' શા માટે ? અરિહંત તો સર્વજ્ઞ, વીતરાગ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સર્વજ્ઞ, વીતરાગ ક્યાં છે ? આવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે : આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પણ અંશથી સર્વજ્ઞ છે, વીતરાગ છે. કારણ કે એ તેમની ભાવિ અવસ્થા છે.

'એસો પંચનમુક્કારો' પાંચેયને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે. અહીં અરિહંત, સિદ્ધની સાથે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પણ છે. એમને કરેલો નમસ્કાર પણ સર્વ પાપ-પ્રણાશક છે.

સાધુના દર્શનથી કેવળજ્ઞાન પણ થાય જ છે ને ?

◆ આજ્ઞાભંગ, અનવસ્થા પછી ત્રીજો દોષ છે : 'મિથ્યાત્વ.' ભગવાનની નહિ, પોતાની બુદ્ધિથી ચાલવું તે મિથ્યાત્વ છે.

ભગવાનથી, ગુરુથી અલગ પાડવાનું કામ મિથ્યાત્વ કરે છે.

પોતાનો અલગ વર્ગ ઉભો કરવો, ઈત્યાદિ મિથ્યાત્વનો જ પ્રભાવ છે.

ચોથો દોષ : 'વિરાધના'. આ ચારેય દોષો ખૂબ જ ખતરનાક છે.

સંયમ અને આત્મા : બંનેની આથી વિરાધના થાય છે.

અશુભકર્મોનો અનુબંધ પડે છે, જે અનેક જન્મો સુધી ચાલે.

મરીચિએ પેલા કપિલને કહેલું : 'કપિલ ! ત્યાં પણ ધર્મ છે, અહીં પણ ધર્મ છે.' આ વાક્યમાં આજ્ઞાભંગાદિ ચારેય દોષો આવી ગયા.

શશિકાન્તભાઈ : અત્યારે તો આવા એક નહિ, અનેક મરીચિઓ છે, જેઓ કહે છે : ત્યાંય ધર્મ છે, અહીં પણ ધર્મ છે.

પૂજ્યશ્રી : અરે, એથી પણ એ માણસો આગળ વધી ગયા છે.

તેઓ તો પોતાને જ ભગવાન તરીકે ઓળખાવે છે.

મંત્રમાં અવિધિ જેમ આપત્તિ નોતરે છે, તેમ જિનાજ્ઞામાં અવિધિ આપત્તિ નોતરે છે.

વિધિનું આરાધન, અવિધિનો નિષેધ બંને જિનાજ્ઞામાં સમાવિષ્ટ છે. વિધિનું પાલન સમ્યગ્ ન થતું હોય તો કમ સે કમ દિલમાં દર્દ તો હોવું જ જોઈએ.

જિનાજ્ઞાના ભંગથી જેમ અનવસ્થાદિ ચાર દોષો લાગે તેમ જિનાજ્ઞાના સમ્યગ્ પાલનથી આજ્ઞા-પાલન, વ્યવસ્થા, સમ્યક્ત્વ અને આરાધના આદિ લાભો થાય છે. બીજા લોકો પણ સન્માર્ગે વળે.

અમે ૬-૭ વર્ષ દક્ષિણમાં રહ્યા, ત્યાં આવા લાભો જોવા મળ્યા.

અધ્યાત્મ ગીતા :

આપણો મનોરથ છે : એવંભૂત નયથી સિદ્ધ બનવાનો. પણ એ મનોરથ કરાવનાર છે : સંગ્રહ અને નૈગમ નય.

સંગ્રહનય કહે છે : સર્વ જીવો એક છે. નૈગમ નય કહે છે : તું શુદ્ધ સ્વરૂપી છે. તારા આઠ અંશો તો શુદ્ધ જ છે. આખી ખીચડી તપાસવાની જરૂર નથી. એક દાણો દબાવો એટલે ખબર પડી જાય : ખીચડી ચડી છે કે નહિ ? તારા શુદ્ધ આઠ અંશ જ કહે છે : તું શુદ્ધ સ્વરૂપી છે.

◆ વિષય-કષાય સામે આપણે જંગે ચડ્યા છીએ. માનો કોર્ટમાં કેસ ચાલે છે. આપણો કેસ જો ભગવાનને સોંપી દઈએ તો બેડો પાર થઈ જાય.

◆ ગરીબી અવસ્થામાં કોઈ શ્રીમંત હાથ પકડે ત્યારે આપણા દિલમાં કેવી ટાઢક વળે ? સુખ વખતે બધા સાથ આપે, પણ દુઃખ વખતે કોણ ? આપણે નિગોદમાં અત્યંત દુઃખી હાલતમાં હતા ત્યારે આપણો હાથ પકડનાર ભગવાન હતા.

'કાળ અનાદિ અતીત અનંતે જે પરરક્ત,
સંગાંગિ પરિણામે, વર્તે મોહાસક્ત;
પુદ્ગલ ભોગે રીઝ્યો, ધારે પુદ્ગલ ખંધ,
પરકર્તા પરિણામે, બાંધે કર્મના બંધ.' ॥ ૧૨ ॥

આપણો જ નહિ, તીર્થંકરોનો પણ આવો જ દુઃખોથી ગ્રસ્ત ભૂતકાળ છે.

જીવ અનાદિથી છે, કર્મ અનાદિ છે. એટલે સૌની આ જ સ્થિતિ સ્વીકારવી રહી, આમ કેમ ? પરની આસક્તિ જીવમાં બેઠી છે. પુદ્ગલનો સારો સંગ મળતાં તે રીઝે છે, ને નવા-નવા કર્મ બાંધે છે.

'હું સુખી છું, હું દુઃખી છું' વગેરે વિકલ્પો તેને આવે છે.

નિશ્ચય નયથી ભલે આત્મા કર્મથી અલિપ્ત હોય, પણ વ્યવહાર નયથી કર્મથી લિપ્ત છે.

જેટલો સમય કર્મના સંયોગમાં ગયો, એટલો જ સમય કર્મના વિયોગમાં જાય, એવું નથી. ચરમાવર્તકાળમાં આવ્યા પછી તરત જ કામ થઈ જાય. અચરમાર્વતકાળના જીવો અસાધ્ય દર્દી જેવા છે. તેમને માટે કર્મવિગમ મુશ્કેલ છે.

'બંધક વીર્ય કરણે ઉદેરે,
વિપાકી પ્રકૃતિ ભોગવે દલ વિખેરે !
કર્મ ઉદયાગતા સ્વગુણ રોકે,
ગુણ વિના જીવ ભવોભવ ઢોકે.' ॥ ૧૩ ॥

કોઈપણ કર્મ આપણા સ્વભાવને રોક્યા વિના ન જ રહે.

જે ગુણને રોકતા હોય તેને સારા કેમ કહેવાય ?

આથી જ જ્ઞાનીઓ સાતાવેદનીયકર્મ જે સુખ આપે છે, તેને પણ સારું માનતા નથી. કારણ કે એ કર્મ આત્માના અવ્યાબાધ સુખને રોકે છે.

આઠેય કર્મનો રાજા મોહનીય છે. એ બે ગુણને (દર્શન અને ચારિત્રને) રોકે છે. માટે જ મોહનીયના ક્ષયોપશમ વિના સાધનામાં એક ડગલુંય આગળ વધી ન શકાય.

ગુણોની જ્યારે જ્યારે ઉપેક્ષા કરીશું ત્યારે ત્યારે કર્મ બાંધવાના જ.

એક પણ દોષ જુઓ ને તે જ વખતે રવાના કરો. અગ્નિના એક કણનો પણ તમે ભરોસો નથી કરતા તેમ દોષના એક અંશનો પણ ભરોસો નહિ કરતા.

એટલા માટે જ ગુણી પુરુષોનું આલંબન અને અનુમોદન જરૂરી ગણાવ્યું છે. એના પ્રભાવે આપણે પ્રચ્છન્ન ગુણોનો આવિષ્કાર કરી શકીએ.

હવે ગુણો પ્રગટાવવા પુરુષાર્થનો યજ્ઞ શરૂ કરી દો. દૃઢ નિર્ણય કરો : મારે ૬૬ સાગરોપમમાં તો મોક્ષે જવું જ છે. એનાથી પહેલા મોક્ષ મળી જાય તો બહુ જ સારું, પણ ૬૬ સાગરોપમથી વધુ મોડું તો નથી જ કરવું.

શશિકાન્તભાઈ :

◆ ફૂલના ત્રણ ગુણ :

૧. કોમળતા : અહિંસા

૨. સુગંધ : સંયમ.

૩. નિર્લેપતા : તપ.

◆ સમર્પણ ૬ પ્રકારે.

૧. આનુકૂલ્ય - સ્વીકાર.

૨. પ્રાતિકૂલ્ય - વર્જનમ્.

૩. સંરક્ષણ વિશ્વાસ.

૪. ભર્તૃત્વવરેણ્ય.

૫. કાર્પણ્ય (દૈન્યભાવ).

૬. આત્મનિવેદન.

ગાથા ૧૦ :

◆ સંસારનો નિયમ છે :

ધનવાન પાસે માણસ ધનવાન બને.

જ્ઞાની પાસે માણસ જ્ઞાની બને.

વૈદ પાસે માણસ નીરોગી બને.

તેમ ભગવાન્ ! તમારી પાસે હું તમારા જેવો ન બનું ?

ભગવન્ ! સંસારના આ નિયમનું ઉલ્લંઘન થાય છે.

ભગવન્ ! આપ મને આપના જેવો બનાવો.

'મૃત્યુનો વિચાર વૈરાગ્ય લાવે,

મોક્ષનો વિચાર મૈત્રી લાવે' - એમ પૂ.પં. ભદ્રંકરવિ. મ. ઘણીવાર કહેતા.

ગાથા ૧૧ :

◆ પ્રભુ-દર્શન થાક ઉતારે.

પ્રભુ-દર્શનથી બધા પ્રશ્નો વિલીન બને.

દર્શનં દેવદેવસ્ય... કેવું દર્શન...?

સાત દર્શન : અણુ - જગત - તત્ત્વ - ધર્મ - કર્મ -

આત્મ - પરમાત્મ દર્શન.

પ્રદૂષણ સંસારમાં છે. પરમાત્મ દર્શનમાં ઓક્સિજન જ છે.

◆ **પ્રભુનું મિલન ન હોય ત્યાં બીજા કોઈનું મિલન પણ ખરું નથી હોતું.**

◆ પ્રભુનું દર્શન કરે તે દર્શનીય બને.

પ્રભુનું સ્તવન કરે તે સ્તવનીય બને.

પ્રભુનું પૂજન કરે તે પૂજનીય બને.

ગાથા ૧૨ :

પ્રભુનું સૌંદર્ય દેહનું નહિ, સમાધિનું છે.

સૌંદર્ય દર્શનથી આપણી અંદર પણ સમાધિનું, સમતાનું અવતરણ થાય છે.

૧૨મીથી ૨૦મી ગાથામાં સૂરિમંત્ર રહેલો છે. દીવાળીમાં જાપ કરાય, એમ પૂ. પં. મ. કહેતા.

'અલ્પશ્રુતં શ્રુતવતાં' ગાથામાં જ્ઞાનનો મંત્ર છે. વિદ્યાર્થીઓને પૂ. પંન્યાસજી મ. ખાસ ગણવાનું કહેતા.

ગાથા ૧૩ :

ભગવાનના ૪ અતિશયો તેમને ત્રિભુવન નાયક બનાવે છે. અપાયાપગમાતિશય આદિ ૪ ભાવનાઓથી આવેલા છે.

મૈત્રીથી અપાયાપગમાતિશય, પ્રમોદથી પૂજાતિશય

કરુણાથી વચનાતિશય, માધ્યસ્થ્યથી જ્ઞાનાતિશય પ્રગટેલા છે.

ગાથા ૧૪ :

પ્રભુના ગુણો ૧૪ રાજલોકમાં ફેલાયા છે.

ગુણોને કોઈ પ્રતિબંધ ક્યાંથી હોય ?

પ્રભુ ! આપના ગુણો જો મારામાં આવ્યા હોય તો હું માનીશ કે આપ જ મારા હૃદયમાં આવ્યા. ભગવાનને હૃદયમાં લાવવા એટલે તેમના ગુણો લાવવા. ભગવાન શક્તિ અને ગુણરૂપે સર્વત્ર વ્યાપ્ત છે.

ગાથા ૧૫ : બ્રહ્મચર્યનું વર્ણન.

તેજસ્વી, યશસ્વી, વચસ્વી, વર્ચસ્વી પ્રભુ કોઈથી પણ ચલિત ન થાય.

બ્રહ્મચર્ય અને બ્રહ્મચર્યામાં ફરક છે. બ્રહ્મમાં ચર્યા તે બ્રહ્મચર્યા.

પાંચ પરમેષ્ઠી બ્રહ્મનું જ રૂપ છે.

બ્રહ્મ - પ્રાગટ્ય : અરિહંત.

બ્રહ્મ - સ્થિતિ : સિદ્ધ.

બ્રહ્મ - ચર્યા : આચાર્ય.

બ્રહ્મ - વિદ્યા : ઉપાધ્યાય.

બ્રહ્મ - સેવા : સાધુ.

પ્રભુનું નામ લો અને બ્રહ્મચર્યની શક્તિ તમારામાં આવ્યા વિના ન રહે.

ગાથા ૧૬ :

ભગવાન અનસ્ત સૂર્ય છે. કેવળજ્ઞાનરૂપી સૂર્ય અસ્ત ન થાય.

અપ્રગટ દીવાએ પ્રગટવું હોય તો પ્રગટ દીવા પાસે જવું પડે. આપણે અપ્રગટ છીએ. પ્રભુ પાસે જવું પડશે.

◆ પ્રભુના દર્શનથી સંસાર લીલોછમ રાખવો નથી, પણ છોડવાનો છે.

ગાથા ૧૭ :

◆ જ્ઞાનાતિશયથી જ્ઞાન-દીપ પ્રગટે.

આપણી ચેતના ખંડિત છે. પ્રભુ પાસે અલગ, બીજે અલગ વાત કરીએ. આમાં ભક્તિનું અનુસંધાન ક્યાંથી રહે ?

અનુસંધાનાત્મિકા ભક્તિ જોઈએ.

૪ પૂજા :

અંગ - અગ્ર - ભાવ - પ્રતિપત્તિ પૂજા. પ્રતિપત્તિ પૂજા એટલે આજ્ઞાપાલન.

આજ્ઞાપાલન રૂપ પૂજા આવે તો ભગવાન સાથે અભેદ સધાય.

ગાથા ૧૮ :

◆ ભગવાનનું ચરિત્ર યથાખ્યાત છે. ક્યાંય ન્યૂનતા નહિ.

◆ **અનંત વિજ્ઞાન** : જ્ઞાનાતિશય, **અતીતદોષ** : અપાયાપગમાતિશય.

અબાધ સિદ્ધાંત : વચનાતિશય, **અમર્ત્ય પૂજ્ય** : પૂજાતિશય.

આ ચાર વિશેષણો કલિકાલ સર્વજ્ઞે આપ્યા છે.

ગાથા ૧૯ :

◆ માત્ર જ્ઞાનાદિની નહિ, પ્રભુ ! આપની સાથે મારે ઓતપ્રોત થવાની જરૂર છે.

ખેતરમાં પાક થઈ જાય પછી વરસાદની જરૂર નથી તેમ, આપની સાથે ઓતપ્રોત થઈ ગયા પછી આપની જરૂર નથી.

ગાથા ૨૦ : જ્ઞાનં યથા...

રત્નનું તેજ કાચમાં ન આવે. પ્રભુ ! આપના જેવું કેવળજ્ઞાનનું તેજ બીજા દેવોમાં ન હોઈ શકે.

એક જ દેવ ઉપાસ્ય જોઈએ. એક સાથે ઘણા દેવ-દેવીઓની ઘણીવાર આરાધના કરીએ છીએ. આપણે ભલે બીજાનો અનાદર ન કરીએ, પણ સાથે સાથે સમકક્ષ પણ ન બનાવીએ.

અમેરિકા આદિમાં અરિહંતની મૂર્તિ સાથે બીજી અનેક મૂર્તિઓ જોવા મળે. તેઓ કહે : અમે તો બધાને માનીએ.

હું કહું : આમ અરિહંતની ભક્તિ ન થાય, ન ફળે.

ગાથા ૨૧ : પૂ. આચાર્યશ્રી...

પ્રભુ ! આપને જોયા પછી કોઈ જોવા લાયક લાગતું નથી. મારું મન આ ભવમાં જ નહિ, ભવાંતરોમાં પણ બીજે નહિ ઠરે.

ગાથા ૨૨ : ક્ષીણાં...

◆ તારા અગણિત છે. સૂર્ય એક છે. પ્રભુ ! મારે મન તું એક છે.

◆ પ્રભુની માતા છે : કરુણા... પ્રભુને હૃદયમાં લાવવા હોય તો કરુણા લાવવી પડશે.

ગાથા ૨૩ : પૂજ્યશ્રી...

પ્રભુ ! મૃત્યુંજયી આપ જ છો. આપને પામીને લોકો મૃત્યુનો જય કરી શકે છે. પ્રભુ અજરામર છે. ભક્તને પણ અજરામર બનાવે. જરા - મૃત્યુના નિવારણથી જ અજરામર બની શકાય.

અજરામર સ્થાન એટલે બ્રહ્મરંધ્ર. સમ્યગ્ દૃષ્ટિ તે પામે.

પ્રભુ ! આપ સ્વયં તીર્થંકર છો, તેમ તીર્થ પણ છો. માર્ગ-દાતા છો, તેમ માર્ગ પણ છો !

રત્નત્રયી બતાવનારા જ નહિ, આપ સ્વયં રત્નત્રયી સ્વરૂપ છો.

આ ગંભીર વાત અહીં બતાવી છે.

ગાથા ૨૪-૨૫ : પૂજ્યશ્રી :

પ્રભુ સર્વોપરિ સત્તા છે. એમનું ઐશ્વર્ય - આર્હત્ય ત્રણેય ભુવનમાં વ્યાપ્ત છે. પ્રભુ ! આપ અવ્યય - અવિનાશી, વિભુ (જૈનદૃષ્ટિએ જ્ઞાનરૂપે વ્યાપક), નિત્ય અને અચિંત્ય = વિચારો (વિકલ્પો)થી પામી ન શકાય તેવા છો.

અસંખ્ય = ગુણોથી આપ 'અસંખ્ય' છો.

તીર્થની આદિ કરનારા છો, માટે આદ્ય છો.

પરબ્રહ્મ સ્વરૂપ પ્રાપ્તિથી પરબ્રહ્મ છો; ઐશ્વર્યથી ઈશ્વર છો. શરીર ન હોવાથી અનંગકેતુ છો. યોગીઓના નાથ, યોગીશ્વર છો.

એક : ચેતના લક્ષણથી અને **અનેકઃ** સંખ્યાથી છો.

ગાથા ૨૬ :

થાઓ મારા નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારા નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારા નમન તમને આપ દેવાધિદેવા !
થાઓ મારા નમન તમને પાપને શોષનારા.

પૂજ્યશ્રી : પ્રભુ ! માત્ર આપ મારી આધિ-વ્યાધિ-ઉપાધિની મારી પીડા હરો, એમ હું નથી કહેતો, પણ આપના વિરહની પીડા હરો, એમ હું કહું છું.

આપ ભૂમિના શૃંગાર છો.

'मञ्चाः क्रोशन्ति ।' ના ન્યાયે આપ પૃથ્વી પરના માણસોની શોભારૂપ છો. **માણસ ત્યારે જ શોભે જ્યારે તે પ્રભુને વસાવે. માટે જ પ્રભુ ! આપ મારાથી દૂર નહિ થતા. આપ મારા અનન્ય અલંકાર છો. કારણ કે આપ જ ત્રણ જગતના નાથ છો.**

આવા પ્રભુને હૃદયમાં ધરીએ તો ભવોદધિ શોષાઈ જાય. એટલે ? આપણા હૃદયમાં ઉછળતો વિષય - કષાયનો સાગર સૂકાઈ જાય. ભવોદધિ ક્યાંય બહાર નહિ, અંદર જ છે.

ગાથા ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ : પૂજયશ્રી :

ગુણોને ક્યાંય જગ્યા ન મળી, તેઓ પ્રભુમાં જઈ વસ્યા.

દોષો ગુસ્સે થઈને ભાગ્યા. ભાગતા ભાગતા કહેતા ગયા : તમે ન રાખો તો કાંઈ નહિ, અમને રાખનારા ઘણા છે.

શશિકાન્તભાઈ : પ્રાતિહાર્યોનું ધ્યાન શું આપે ?

◆ અશોકવૃક્ષના ધ્યાનથી સાત લાભ :

(૧) શોક નાશ.

(૨) ક્ષુદ્ર જનોથી અનભિભવનીયા.

(૩) વચનનું અપ્રતિહતપણું.

(૪) રોગાદિની શાંતિ.

(૫) સમર્પણ.

(૬) અર્થોપાર્જનની ક્ષમતા.

(૭) સૌભાગ્યનું અખંડિતપણું.

◆ સિંહાસન - ધ્યાનથી સાધક સ્થાનભ્રષ્ટ ન બને.

◆ ચામર - ધ્યાનથી ચમરબંધીની સેવા ન કરવી પડે.

◆ છત્ર ધ્યાનથી જીવનમાં ભક્તનું છત્ર (આબરૂ) ઊડી ન જાય.

ગાથા ૩૨-૩૩ :

ભગવાન ચાલે ત્યાં પૃથ્વી સુવર્ણમય બને.

ભગવાન ચાલે ત્યાં ઉપદ્રવ ટળે.

મારા પગલાં પણ આપના આજ્ઞારૂપ તીર્થમાં પડે તો કામ થઈ જાય.

ગાથા ૩૪ :

સિંહ, હાથી આદિ પ્રતીકોથી ક્રોધ, અહંકાર આદિ દોષોના વિઘ્નો ટળે - એમ સમજવાનું છે.

ગાથા ૩૫, ૩૬, ૩૭ :

દાવાનલાદિ રૂપ કષાયો પેદા થાય ત્યારે પ્રભુ ! આપનું નામ જળનું કામ કરે છે.

ગાથા ૩૮, ૩૯, ૪૦ :

ભગવાનની ભક્તિ છોડીને બીજે ક્યાંયથી જીવનના વિઘ્નો દૂર ન જ થાય, એવી અવિહડ શ્રદ્ધા હોવી જોઈએ.

ગાથા ૪૧, ૪૨ : ઉદ્‌ભૂત... ગાથાથી પૂ. પં. ભદ્રંકરવિ. યાદ આવે. લુણાવામાં કહેતા : વ્યાધિ ઘણી છે. ૧૦૮ વાર ઉદ્‌ભૂત. ગાથા ગણો. ગણવાથી શાંતિ થતી.

પ્રભુ ચરણ - રજનો અંશ પણ પડે તો રોગ જાય જ. આથી ફલિત થાય છે કે શરીર માંદું નથી પડતું, મન માંદું પડે છે.

કેન્સરનો દર્દી પણ ૧૦૮ વાર આ ગાથા ગણતાં સાતા અનુભવે છે.

ગાથા ૪૪ : બેડી :

બધું બંધાયેલું છે, પણ મારું મસ્તક ખુલ્લું છે. જ્યાં સુધી મારું મસ્તક મુક્ત છે, ત્યાં સુધી મુક્તિનો માર્ગ ખુલ્લો છે.

આપણા જીવનમાં ભગવાન જ છે કે ભગવાન પણ છે ?

આપણા જીવનમાં ભગવાન જ છે, એવું થશે ત્યારે જ દોષો, દરિદ્રતા ઈત્યાદિ જશે.

ભક્ત ભગવાનથી વિભક્ત બને ત્યારે જ દોષો હોઈ શકે. નહિ તો ભગવાનમાં ન હોય તે દોષો ભક્તમાં ક્યાંથી આવે ?

ગાથા ૪૩, ૪૪ : પૂજ્યશ્રી :

પહેલા ગુણોનું પછી નામના પ્રભાવનું વર્ણન આવ્યું. છેલ્લે ઉપદ્રવો ટાળવાના પ્રભાવનું વર્ણન આવ્યું. રાગરૂપી સિંહ, દ્વેષરૂપી હાથી, ક્રોધરૂપી દાવાનળ, કામરૂપી સંગ્રામ, લોભરૂપી સમુદ્ર, મોહરૂપી જલોદર, કર્મબંધનરૂપ બેડી - આ બધું પ્રભુ-નામના પ્રભાવથી ટળે છે. એ પોતે જ ભગવાન જોઈને ભય પામીને ભાગી જાય; જેમ સિંહને જોઈને હાથી ભાગે.

પ્રભુની આ સ્તુતિ - માળા જે કંઠમાં ધારણ કરશે તે કેવળજ્ઞાન - લક્ષ્મી મેળવશે, એમ માનતુંગસૂરિજી કહે છે.

નવકાર આરાધના : શશિકાન્તભાઈ.

'નમો તિત્થસ્સ' કહી ભગવાન પણ નમે, એવું તીર્થ ત્રણ પ્રકારે છે :

(૧) પ્રથમ ગણધર, (૨) ચતુર્વિધ સંઘ, (૩) દ્વાદશાંગી.

નવકારમાં તીર્થ, તીર્થંકર અને તીર્થંકરનો માર્ગ આ ત્રણેય છે. પ્રભુએ આપવા જેવું બધું જ આપી દીધું. શું બાકી રહ્યું ? કેટલો ઉપકાર ?

ચતુર્વિધ સંઘની ચેતના પંચ પરમેષ્ઠીની ખાણ છે, માટે જ સંઘ ૨૫મો તીર્થંકર છે, નવકારનો આરાધક સંઘનો અનાદર ન કરે.

◆ નવકાર દોષત્રયીને (રાગ-દ્વેષ-મોહને) રત્નત્રયી દ્વારા કાઢે. કાલત્રયીને (ભૂત-ભાવિ-વર્તમાનને) તત્ત્વત્રયી (દેવ-ગુરુ-ધર્મ) દ્વારા કાઢે.

◆ ભગવાનનું શાસન મળ્યું. શાસનસ્થિત સાધુ અને નમસ્કાર મળ્યા. હવે શું જોઈએ ?

(એક માળા પછી...)

સર્વ મંત્ર શિરોમણિ, મહામંત્ર નવકાર;
સમરતાં સુખ ઉપજે, જપતાં જય જયકાર. ॥ ૧ ॥
ઊગે સૂરજ સુખનો, ન રહે દીન ને હીન;
જો સમરો નવકારને, સુખમાં જાયે દિન. ॥ ૨ ॥
અવળા સૌ સવળા પડે, સવળા સફળા થાય;
જપતાં શ્રી નવકારને, દુઃખ સમૂળા જાય. ॥ ૩ ॥

◆ નવકારની યાત્રા શોભા-યાત્રા નહિ, શોધન-યાત્રા છે.

સંસ્કાર, સદ્ગુણ, સદાચાર, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સમાધિની યાત્રા છે. નવકારથી પોતાની મેળે યોગ્યતાના દ્વાર ખુલે છે.

હવેથી તીર્થની બહાર મારા પગલા નહિ પડે - એમ

પ્રતિજ્ઞા કરું છું, એવો નવકારનો સાધક નિર્ણય કરે.

નવકાર સિવાય કોઈપણ મંત્રમાં તેનું ફળ નથી બતાવ્યું, ચૂલિકામાં ફળ કથન છે : **एसो पंच नमुक्कारो** । આ નવકાર સર્વ પાપ હટાવશે.

એક નમસ્કાર તમામ આરાધનાનો અર્ક છે.

ભાવપૂર્વકનો નમસ્કાર ન હોય તો અનુષ્ઠાન દ્રવ્ય બનશે. ચૂલિકા ભાવનમસ્કાર છે.

ડૉકટર રોગને બહાર કાઢે તેમ નવકારના અક્ષરો વિભાવને દૂર કરે છે, આઠેય કર્મોને દૂર કરે છે.

- નવકારના દર્શનથી દર્શનાવરણીય,

- નવકારના સ્વાધ્યાયથી જ્ઞાનાવરણીય,

- નવકારમાં પોતાનું જ સ્વરૂપ, ઓહ ! મારું આવું સ્વરૂપ ? એવો ભાવ જોવાથી મોહનીય.

- નવકારને નમસ્કારથી અંતરાયકર્મ નષ્ટ થાય છે.

અઘાતીકર્મ પણ ધ્યાનથી જાય. દેહ ભૂલાઈ જાય, દેવ રહે.

- अहं देहोऽस्मि ના સ્થાને अहं देवोऽस्मि
આવે ત્યારે નામકર્મ,

- આત્મસમ સૌ જીવ લાગે તો ગોત્રકર્મ
અક્ષરોમાં અદ્વૈત આવે તો આયુષ્ય.

- મંગલરૂપ અક્ષરો ગણવાથી વેદનીય કર્મ જાય.

◆ ચિત્ત ન લાગતું હોય તો ઉચ્ચારણપૂર્વક નવકાર બોલો અથવા વાંચો. નિર્વિકલ્પ રૂપે ગણો. સાક્ષાત્ અરિહંત સાથે જોડાણ થશે.

◆ શાસ્ત્ર - મંત્રવિત્ બનવા નહિ, આત્મવિત્ બનવા નવકારની આરાધના છે. નવકાર શાસ્ત્ર, મંત્ર છે, તેમ આત્મા પણ છે.

◆ તીર્થયાત્રા કરનાર આત્માનુભૂતિ ન કરે તો દ્રવ્યમાત્રા રહેશે.

◆ **નવકાર પૂર્ણયોગ છે. બધા જ યોગો તેને પરિક્રમા કરે છે. કોઈ જ યોગ બાકી નથી.**

નવકારનું 'પંચ મંગલ મહાશ્રુતસ્કંધ' આ સાચું નામ છે.

નવકાર મંત્ર નહિ, મંગળ પણ છે. પરમેષ્ઠીઓ મંગળના મહાકેન્દ્રો છે. પ્રચંડ અવતરણ અને પ્રચંડ સંક્રામણ શક્તિ છે.

मां गालयति भवादिति मंगलम् ।

જે સંસારથી મને ગાળી નાખે તે મંગળ છે.

◆ પાંચ ગુણ :

(૧) પરહિત ચિંતા : સ્વાસ્થ્ય આપે, સ્વાર્થી માંદો જલ્દી પડે. સ્વની ચિંતા કેટલી ? પરની ચિંતા કેટલી ?

પરહિત ચિંતામાં કાંઈ જ ખર્ચ નહિ, છતાં કઠણ છે.

(૨) પરોપકાર : સમૃદ્ધિનું ઉપાદાન કારણ. શ્રીમંતાઈ પરોપકારથી જ સફળ બને.

(૩) પ્રમોદભાવ : શિવ-મંગળ તત્ત્વ આપે. આ બધામાં મારા જેવું જ સ્વરૂપ છે તે પ્રમોદભાવથી હું જીવોના વિશુદ્ધ ચૈતન્યની વાઙ્મયી પૂજા કરું છું, એવો ભાવ પેદા થવો ઘટે.

(૪) પ્રતિજ્ઞા : (સત્યનું ઢાંકણું ખોલે) પાંચેય પરમેષ્ઠી કરેમિભંતેની પ્રતિજ્ઞા લઈને બન્યા છે.

(૫) પ્રશાંત અવસ્થા : સમતા - સમાધિને આપે.

ભગવાનનો આ શંખનાદ છે : તમારે શું જોઈએ છે ? જે જોઈતું હોય તે ગુણ પકડી લો.

વિદ્યાસ્નાતક નહિ, વ્રતસ્નાતકોનું અહીં કામ છે. ઉપધાનની માળ એ વ્રતસ્નાતકની ડીગ્રી છે.

◆ ૧૪ પૂર્વનું સમસ્ત સારભૂત જ્ઞાન - 'નવકાર' છે.

◆ જેને નમો તેવા થાવ. T.V. માં જેને નમો તેવા થાવ.

◆ **નવકારના અક્ષરો - પાપનું દહન, કૃપાનો સ્પર્શ અને નિર્ભયતાનો આનંદ આપે છે.**

◆ નવકાર તપોધનદૃષ્ટ છે. મંત્રનું દર્શન તપથી થાય છે. આર્ષ શબ્દ (જે રચિત નથી, પરંતુ અનુભૂત - દૃષ્ટ છે) અણુ-શક્તિ છે, જેના પ્રયોગથી વિસ્ફોટ થાય.

◆ યુગે-યુગ મંત્રના નવા નવા અર્થો સાધક પ્રસ્ફુટિત કરે પણ તે સદાય પરસ્પર અવિરોધી રહે.

◆ મંત્રમાં વિજ્ઞાન છે (અનુભવ જ્ઞાન)

શરીરનું પોષણ

શરીર બળ, પ્રાણબળ, વાકૂબળ, બુદ્ધિબળ - ચતુર્વિધ શક્તિ છે.

◆ **प्रकर्षेण नवः प्रणवः ।**

જેમાં પ્રચુર નવીનતા છે, નિત્ય નવું સર્જવાની ક્ષમતા છે, તે પ્રણવ છે.

'प्रतिक्षणं यन्नवतामुपैति, तदेव रूपं रमणीयतायाः ।'

- કાલિદાસ

◆ **એક અણુમાં આખું સૌર જગત છે, તેમ નવકારના એકેક અક્ષરમાં બ્રહ્માંડ સમાવિષ્ટ છે. જપ દ્વારા વિસ્ફોટ થતાં બ્રહ્માંડનું રહસ્યોદ્‌ઘાટન થાય છે.**

નવકારનો જાપ, ભાવ-મનની શુદ્ધિ કરે. (લેશ્યા શુદ્ધિ) મંત્રમાં પ્રચંડ શુભ સંક્રામક - શક્તિ છે.

◆ નવકાર અંતરાત્મામાં જ્ઞાન-દીપક પ્રગટાવે છે.

૧૦૦૦ દીવા એક રૂમમાં પ્રગટે તો પ્રકાશ ૧૦૦૦ ગુણો થાય ને ? પણ પ્રકાશ સૌને સરખો મળે.

◆ ભગવાન હૃદયમાં બે રીતે આવે :

(૧) નેત્રથી - સ્થાપના - મૂર્તિ.

(૨) શ્રોત્રથી - નામ - જાપ.

રૂપમાં કૃતક દેવત્વ છે, મંત્રમાં અનાદિસિદ્ધ દેવત્વ છે.

◆ **'अयं मे हस्तौ भगवान्, अयं मे भगवत्तरः ।**
अयं मे विश्वभेषजः, अयं मे शिवाभिमर्शनः ॥'

◆ **न दुरुक्ताय स्पृहयेत् ।**

દૂષિત વાણી (ખાણી-પીણી) જેની હોય તેનામાં મંત્ર ચૈતન્ય પ્રગટે નહિ. વાણીમાં વિકાર ન આવે તે જુઓ.

◆ ૧૦૦૦ આરાધકોનો જાપ અશુભને ભસ્મીભૂત કરે, મંગળનો ધોધ વહેવડાવે, પ્રકૃતિને નમસ્કૃતિથી ભીંજવી નાખે.

સામૂહિક જાપમાં પ્રત્યેક આરાધકને ૧૦૦૦ ગણો પ્રકાશ મળે છે.

૧૪ રાજલોકમાં મનોવર્ગણાના પુદ્‌ગલો ફેલાવી દે.

પાવર કેટલો ? ૧ આરાધક = ૧ H.P.

૧૦૦૦ આરાધક = ૧૦૦૦ H.P.

શક્તિનો સ્રોત = U૨૯૦ = વિસ્ફોટ.

નવકાર શાન્તિનું ક્ષેપાસ્ત્ર, દિવ્ય ચેતનાનું અવતરણ, સુરક્ષાનું કવચ, પર્યાવરણની શુદ્ધિરૂપ સંકલ્પસિદ્ધ મંત્ર છે.

પૂજયશ્રી :

'सव्वे जीवा न हंतव्वा ।'

આ પ્રભુની મુખ્ય આજ્ઞા છે. એનું પાલન કરે તેને તીર્થંકર-પદ મળે. આજ્ઞાનું આરાધન અહિંસા દ્વારા થાય.

અહિંસાના રક્ષણ માટે જ શેષ ૪ વ્રતો છે.

અહિંસાના પ્રશ્ન વ્યાકરણમાં ૬૦ પર્યાયવાચી શબ્દો છે.

એમાં એક શબ્દ છે : શિવા.

'अहं तित्थयरमाया शिवादेवी...'

મા શિવાનો અર્થ અહિંસા-કરુણા કરી જુઓ પછી અર્થ કેવો બેસે છે ?

અરિહંતની જ નહિ, પાંચે પરમેષ્ઠીની જનની અહિંસા છે, કરુણા છે.

આજ્ઞા અને આજ્ઞા-પાલક એક છે.

આજ્ઞાપાલન કર્યું કે પ્રભુ હૃદયમાં આવ્યા.

જડ કાગળના ટુકડા પર લખેલા નામ માત્રથી તમે કલકત્તા સુધી પહોંચી ગયા ?

શશિકાન્તભાઈ ! નામની કેટલી તાકાત ?

શશિકાન્તભાઈ કલકત્તા સુધી જઈ શકતા હોય તો ભગવાન આપણા હૃદયમાં કેમ ન આવે ? નામ લો ને ભગવાન હાજર !

'નામ ગ્રહંતા આવી મિલે, મન ભીતર ભગવાન'

વળી, પ્રભુએ તો આપણા સૌની સાથે આત્મભાવ કેળવેલો છે.

'सव्वभूअप्पभूअस्स' ભગવાનનું આ વિશેષણ છે.

'મારી સાથે તન્મય થવા માંગતો હોય તો હે આત્મન્ ! તું જગતના સર્વજીવો સાથે તન્મય બન.' એમ પ્રભુ કહે છે.

પ્રશ્ન : ભગવાન સાથે એક થવાય, પણ સર્વ જીવો સાથે એક કેમ થવાય ?

ઉત્તર : હું તો ત્યાં સુધી કહું છું : સર્વ જીવોમાં સિદ્ધોનું રૂપ જુઓ. પછી જ અંદરની ગાંઠ ખુલશે. કુંડલી - ઉત્થાન કાંઈ સહેલું નથી. પણ વાંધો નહિ. શરૂઆત કરીશું તો કોઈક સમયે, કોઈક ભવમાં જરૂર ફળશે. ધીરજ જોઈએ.

◆ શશિકાન્તભાઈ : આત્માને જગાડે, સંભાળે તે આજ્ઞા.

નમો અરિહંતાણં (અરિહંત + આણં)

પાંચેય પરમેષ્ઠીઓની આજ્ઞાને પણ નમસ્કાર.

આર્હંત્યમયી ચેતના જ બધા જ કારણોનું પરમ કારણ છે. તે જ સર્વજ્ઞ, સર્વશક્તિમયી, સર્વ અન્તર્યામી, સર્વ ક્ષેત્ર - કાળ - વ્યાપિની છે. માટે જ એ મધુર પરિણામ લાવે છે.

આ નવકારમાં યોગીઓનો યોગ, ધ્યાનીઓનું ધ્યાન, જ્ઞાનીઓનું જ્ઞાન, ભક્તોની ભક્તિ અને આરાધકોની આરાધના સમાવિષ્ટ છે.

✧ ✧ ✧ ✧ ✧

ક્યાં આ પુસ્તક બનાવવા માટે કરેલો આપનો અથાક પરિશ્રમ (પુરૂષાર્થ) અને ક્યાં પુસ્તકની સંવેદના લખવા માટેના મારા શબ્દો ?

- સા. સ્મિતવદનાશ્રી

સુરત

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પુસ્તક એટલે પાને પાને ઝવેરાત.

- સા. શીલગુણાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની કૃપાથી મારામાં ગુરુ સમર્પણ ભાવ વિશેષ પ્રગટે, એવી શુભ ભાવના ભાવું છું.

- સા. સુમંગળાશ્રીજી

પાલડી, અમદાવાદ



આસો વદ ૦))
૦૮-૧૧-૧૯૯૯, સોમવાર : પંચવસ્તુક

◆ જહાજમાં બેસાડીને ઇષ્ટસ્થાને પહોંચાડે તેનો કેટલો ઉપકાર માનીએ ? એથી પણ અનંત ઉપકાર તીર્થંકરોનો છે, જેમણે આપણને તીર્થના જહાજમાં બેસાડ્યા છે.

જહાજનો માલિક ભલે ગેરહાજર હોય, પણ જહાજનું કામ ચાલુ જ રહે, તેમ ભગવાન ભલે ગેરહાજર હોય, તીર્થનું કામ ચાલુ જ રહે.

◆ અષ્ટાંગને યોગ કહેવાય તેમ ચારિત્ર પણ યોગ કહેવાય. ચારિત્રમાં દર્શન - જ્ઞાન હોય જ. ચારિત્રી જ્ઞાની અને શ્રદ્ધાળુ હોય જ. નહિ તો એનું ચારિત્ર સાચું ન ગણાય.

◆ **'ભાવથી ભાવ પેદા થાય' તેમ દુનિયામાં પણ કહેવાય છે. આપણે જેવો ભાવ રાખીએ, સામી વ્યક્તિને તેવો જ ભાવ પેદા થાય. આપણે છેતરપીંડીનો ભાવ રાખીએ ને ઉપરથી ગમે તેટલો દેખાવ કરીએ, પણ સામી વ્યક્તિને ખબર પડ્યા વિના ન રહે.**

વક્તાના ભાવની શ્રોતા પણ ઘણી જ અસર પડે. વક્તા

સ્વયં માળા ન ગણતો હોય તો 'તમે માળા ગણજો' એવી એની શિખામણ ભાગ્યે જ શ્રોતાના ગળે ઊતરશે.

ખૂબ ગોળ ખાતા છોકરાને પેલા સંન્યાસીએ ત્યારે જ પ્રતિજ્ઞા ન આપી, પણ ૧૫ દિવસ પછી આપી. ખુલાસો કરતાં કહ્યું : 'હું પોતે ગોળ ખાતો હોઉં તો તે બંધ કરવાની પ્રતિજ્ઞા બીજાને શી રીતે આપી શકું ? મારે ૧૫ દિવસથી ગોળ બંધ છે. હવે જ હું એ પ્રતિજ્ઞા આપવાનો અધિકારી ગણાઉં.'

આ વાર્તા તમે ઘણીવાર સાંભળી હશે ?

શિષ્યોને જે આપવું હોય તે ગુરુએ સ્વમાં ઊતારવું પડે. ઘણીવાર ગુરુ શિષ્યને તૈયાર કરવા આવા પ્રયોગો કરતા. પ્રેમસૂરિજીએ સ્વયં ફળનો ત્યાગ કરેલો. કારણ કે શિષ્યોને તેઓ ત્યાગી બનાવવા માંગતા હતા.

મોટાભાગે ફળ દોષિત જ હોય.

સર્વજીવોને અભયદાનની પ્રતિજ્ઞા લીધા પછી છકાય જીવની ક્યાંય વિરાધના ન થાય, તેની આપણે તકેદારી રાખવી જોઈએ.

પ્રશ્ન : અંદરના ભાવ લોક શી રીતે જાણી શકે ?

ઉત્તર : પ્રાયઃ કરીને વિશુદ્ધભાવ બાહ્ય ચારિત્રની શુદ્ધિથી જાણી શકાય.

બાહ્ય ચરણ હોય, આંતર ચરણ કદાચ ગુરુમાં ન હોય તો પણ શિષ્યને જરાય દોષ નથી. મારા ગુરુ આવા મહાન ! આવા ઉચ્ચ ! આવા ભાવથી તેની તો ભાવોલ્લાસ-વૃદ્ધિ જ થવાની. અંગારમર્દકના શિષ્યો સ્વર્ગે ગયા છે. અંગારમર્દક પાસે ભાવ ચારિત્ર નહોતું. અભવ્ય જીવ હતો. પણ શિષ્યો ગુરુ - વિનય કરીને પામી ગયા. એમનું બાહ્ય - ચારિત્ર ઉત્કૃષ્ટ હતું.

માટે અયોગ્ય ગુરુમાં પણ યોગ્ય ગુરુના પરિણામ થઈ જાય તો દોષ નથી. શિષ્યનું તો કલ્યાણ નક્કી જ.

પણ અહીં મોહ ન હોવો જોઈએ. નહિ તો કુગુરુમાં પણ સુગુરુની બુદ્ધિ આવી જાય, જે કલ્યાણકાર નથી.

અધ્યાત્મ ગીતા :

◆ જ્ઞાનસંપત્તિ આપીએ તો ઋણમુક્તિ થાય, રાખી મૂકીએ તો વ્યાજ ચડે.

◆ અધ્યાત્મ ગીતા એટલે લીધી છે કે એના કર્તાના જીવનમાં અધ્યાત્મ વણાયેલું હતું. એમના ઉદ્‌ગારો જ એમની અનુભૂતિને જણાવે છે. પૂ. દેવચન્દ્રજી, યશોવિજયજી, આનંદઘનજી, વીરવિજયજી, માનવિજયજી વગેરે અનુભવી પુરુષો હતા. એમની કૃતિઓ સાક્ષી આપે છે.

◆ જીવન-નિર્વાહની કોઈ ચિંતા આપણી ઉપર નથી તો શા માટે આ સમય આપણે આત્મ-સાધનામાં ન લગાવી દઈએ ?

મકાન, ભોજન, પાણી વગેરે બધુ જ તૈયાર મળે છે. કોઈ ચિંતા નથી. અહીં રહીને પણ આત્મદૃષ્ટિ ન ખુલી તો હદ થઈ ગઈ.

◆ નૈગમ અને સંગ્રહ નયે તો આપણને સિદ્ધત્વનું પ્રમાણપત્ર આપી દીધું, પણ જ્યારે શબ્દનય પ્રમાણ આપે ત્યારે ખરું માનવું.

શબ્દનય સમ્યક્ત્વ દેશ - સર્વવિરતિમાં લાગુ પડે.

નૈગમનય - સંગ્રહનય સર્વજીવો સાથે મૈત્રીનું શિક્ષણ આપે છે. સર્વજીવો સિદ્ધસ્વરૂપી છે. કોઈની પણ સાથે વેર-ઝેર શા માટે ?

અંદર પડેલા સિદ્ધત્વને પ્રગટાવવાની રુચિ પણ ઉત્પન્ન કરે છે.

નૈગમ સંગ્રહ બન્ને અભેદને જણાવનાર છે.

સંગ્રહ માત્ર સામાન્યગ્રાહી છે જ્યારે નૈગમ, સામાન્ય-વિશેષ ઉભયગ્રાહી છે. વ્યવહાર નય તમારી અશુદ્ધતાનું ભાન કરાવે છે.

'મારા બાપાએ એક ક્રોડ એક ભાઈને આપેલા છે, તે આવશે એટલે આપી દઈશ. અત્યારે ૧૦ લાખ આપો.' એક યોગીએ કહ્યું છે : ઘરમાં ખજાનો છે નીકળશે ત્યારે આપીશ. અત્યારે ૧૧ લાખ આપો.' આવું વ્યવહારમાં ચાલે ?

નૈગમ - સંગ્રહનો ઉધારવાદ વ્યવહારમાં ન ચાલે. વ્યવહાર કહે છે : અત્યારે તમે કેવા છો ? તે જુઓ. તમે સિદ્ધસ્વરૂપી છો, એવી વાતો અહીં નહિ ચાલે. તમે કર્મસહિત છો, એ વાસ્તવિકતા સ્વીકારો. આને જ આત્મસંપ્રેક્ષણ યોગ કહેવાય.

'કર્મસત્તાથી હું દબાયેલો છું.' એમ પોતાની સ્થિતિ જોવી તે આત્મ સંપ્રેક્ષણ છે.

કઈ વ્યક્તિ કે વસ્તુ પર રાગ, દ્વેષ કે મોહ વધુ છે ? એવી વિચારણા આત્મસંપ્રેક્ષણ છે. તેથી એનું નિવારણ કરવા આપણે કટિબદ્ધ બની શકીએ.

ઋજુસૂત્ર વર્તમાનમાં સ્થિર બનાવે છે. ભાવિમાં મહાવિદેહમાં જન્મ લઈને હું આમ કરીશ, તેમ કરીશ, તે બાલિશ વાતો છે. વર્તમાનમાં મળ્યું છે તેનો ઉપયોગ નથી કરતા તો ભાવિમાં શું કરશો ?

ઋજુસૂત્ર વર્તમાનગ્રાહી છે.

શબ્દનય આત્મસંપત્તિને પ્રગટાવવાની અભિલાષાવાળાને સિદ્ધ માને. સમભિરૂઢ કેવળજ્ઞાનીને અને એવંભૂત અષ્ટ કર્મ-મુક્ત સિદ્ધને સિદ્ધ માને.

જ્યાં સુધી એવંભૂત નય ન કહે ત્યાં સુધી આપણે સાધના ચાલુ રાખવાની છે.

◆ ગુપ્તિ એટલે અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ.

◆ મૌન એટલે માત્ર ન બોલવું એવું નથી. એવું તો ઝાડ વગેરેમાં પણ છે. પુદ્ગલોમાં પ્રવૃત્તિ ન કરવી તે ખરું મૌન.

કાયાથી પુદ્ગલોમાં પ્રવૃત્તિ ન કરવી તે કાયાનું મૌન.
વચનથી પુદ્ગલોમાં પ્રવૃત્તિ ન કરવી તે વચનનું મૌન.
મનથી પુદ્ગલોમાં પ્રવૃત્તિ ન કરવી તે મનનું મૌન.

'આતમગુણ આવરણે ન ગ્રહે આતમધર્મ,
ગ્રાહક શક્તિ પ્રયોગે જોડે પુદ્ગલ શર્મ;
પરલોભે, પરભોગને, યોગે થાયે પર-કર્તાર,
એહ અનાદિ પ્રવર્તે, વાધે પર વિસ્તાર.' ॥ ૧૪ ॥

આપણી શક્તિઓ પુદ્ગલમાં લગાવીને આપણે પરનો જ વિસ્તાર કર્યો છે. ગુણનો વિકાસ જ સ્વ-વિસ્તાર કહેવાય. આત્મ-ગુણ વિના ભવોભવ ભટકવાનું જ છે.

ભવ-ભ્રમણના ફેરા બંધ કરવા હોય તો ગુણ મેળવવા જ પડશે.

મમતા દોષ છે. સમતા ગુણ છે. આ સમજાય છે ? જાણવા છતાં મમતા વધારતા રહીએ તો શું કહેવાય ? મૂર્ચ્છા આવી ત્યાં મમતા આવશે. મમતાથી સમાધિ ડહોળાશે.

બધા જ દોષોએ ગુણોને અટકાવી મૂક્યા છે. જ્યાં ગુણ રહી શકે, ત્યાં જ દોષો રહે છે. આત્મપ્રદેશોની જગ્યા એટલી જ છે. જે જે દોષ છે, તેણે તેણે ગુણની જગ્યા દબાવી દીધી છે, એમ માનજો.

દોષોની કેબિનેટ આપણી અંદર જામેલી છે. એ જે નક્કી કરે છે, તેમાં આપણે સહી કરતા રહીએ છીએ.

આત્માની કર્તૃત્વ - ભોક્તૃત્વ - ગ્રાહક - રક્ષક શક્તિઓ આજે ક્યાં પ્રવર્તી રહી છે ? તે જાણો છો ?

શક્તિ ઉલ્ટી ચાલે છે માટે જ આપણે જે તે વસ્તુ ભેગી કરતા રહીએ છીએ. આપણે બાળક જેવા છીએ. ચમકતા કાંકરાને પણ સંઘરવા લાગી જઈએ છીએ.

આથી જ સંસાર વધી રહ્યો છે.

શશિકાન્તભાઈ :

સંસારને નહિ, શાસનને લીલુંછમ રાખવા આશીર્વાદ માંગજો. ૨૦મી સદીનું છેલ્લું દીપોત્સવી પર્વ છે. ગુરુ પાસેથી ન માંગો, પણ હું શાસનને શું આપી શકું એમ છું, એમ વિચારજો.

દીપોત્સવી પર્વમાં સંકલ્પ કરજો :

૬ અબજની વસતિમાં જૈનો માત્ર એક કોડ જ છે. એ વસતિ પણ ઘટતી જાય છે. આપણા પર બહુ મોટી જવાબદારી છે.

એક નાનકડી ચીઠ્ઠી લખીને સંકલ્પ લખજો. મિશન એક્ટ બનાવો.

તમારા આ જીવનનું ધ્યેય શું છે ? એ લખીને જણાવો. તમારા સંકલ્પને પૂર્ણ કરવા પ્રકૃતિ મદદ કરવા આવી પહોંચશે. આ પ્રકૃતિનો નિયમ છે.

✧ ✧ ✧ ✧ ✧



વિ.સં. ૨૦૫૬, કારતક સુદ ૧
૦૯-૧૧-૧૯૯૯, મંગળવાર : નૂતનવર્ષ

◆ સંયમ-જીવન સુરક્ષિત રહે, મોક્ષનો હેતુ સફલ બને, એ માટે શાસ્ત્રકારોએ ઉપાય બતાવેલા છે.

◆ સંયમ જીવનનું સુંદર પાલન કરવાથી અહીં જ મોક્ષનું સુખ અનુભવાય છે.

◆ ૪ ગતિમાં સર્વોચ્ચ મનુષ્યગતિ છે. તીર્થંકરો પણ છેલ્લે મનુષ્ય બનીને જ મોક્ષે જાય.

આજ સુધી તીર્થંકર બનીને મોક્ષે ગયેલા (જિનસિદ્ધ) કેટલા ? તીર્થંકર બન્યા વિના મોક્ષે ગયેલા (અજિનસિદ્ધ) કેટલા ? બંને અનંતા છે. પણ બંને અનંતમાં ફરક છે. તીર્થંકરના અનંતથી અસંખ્યાતગણા અનંતા બીજા મોક્ષે ગયેલા છે.

ભરતક્ષેત્રની અપેક્ષાએ એક અવસર્પિણીમાં ૨૪ જ તીર્થંકરો મોક્ષે ગયા પણ એમના શાસનમાં અસંખ્યાત મોક્ષે ગયા.

મહાવિદેહમાં આટલા કાળમાં અસંખ્યાતા તીર્થંકરો મોક્ષે ગયા. એનાથી બીજા અસંખ્યાતા સમજી લેવા.

◆ સાધુ-જીવનના વ્રતો સંસારના ક્ષય માટે છે. કર્મનું મૂળ અવિરતિ છે.

'एगविहे असंजमे ।'

સંસારનું મૂળ માત્ર એક જ પ્રકારમાં બતાવવું હોય તો અસંયમ, અવિરતિ છે. એનાથી અત્યાર સુધી જીવે કર્મોનો જ સંગ્રહ કર્યો છે. **બાળક કાંકરાનો સંગ્રહ કરે તેમ સોના-ચાંદી ભેગી કરનાર પણ જ્ઞાનીની નજરે 'બાળક' જ છે. ફક્ત રંગમાં ફરક છે. જ્ઞાનીની નજરે સોનું એટલે પીળા કાંકરા ! ચાંદી એટલે સફેદ કાંકરા ! માણસ ગમે તેટલો મોટો થાય પણ જિન-વચન ન સમજે તો બાળ જ રહેવાનો ! માત્ર એના રમકડા બદલવાના, એની વૃત્તિઓ નહિ બદલવાની ! કાંકરાથી રમતો છોકરો મોટો થઈને પીળા કાંકરાથી રમે. આમાં તાત્ત્વિક ફરક ક્યાં પડ્યો ? રમકડાના પ્રકાર જ બદલાયા, અંદર બેઠેલો 'બાળક' ન બદલાયો.**

તપેલા લોઢા પર ચાલતાં જેટલું દુઃખ થાય તેટલું જ દુઃખ સંવેગી જીવને હિંસાદિ પાપ કરતાં થાય. કાચા પાણી પર કે વનસ્પતિ પર ચાલતાં એને તપેલા લોઢા પર ચાલવા જેવું લાગે.

◆ આજે બધા સાધુ-સાધ્વીજીને વાસક્ષેપ નાખીશ, પણ ગૃહસ્થો ગુરુપૂજન કરે તેમ તમે શું કરશો ? કોઈને કોઈ નૂતન અભિગ્રહ લઈ સંયમ જીવનને શોભાવજો. પરિગ્રહનો ભાર ઓછો થાય, તેવું કાંઈક કરજો.

અમારા ગુરુદેવ પૂ. કંચન વિ. કાળધર્મ પામ્યા. ત્યારે ઉપકરણમાં સંથારિયું અને ઉત્તરપટ્ટો જ માત્ર હતા. સાવ જ ફક્કડ !

બોક્ષ ઓછા તેનો 'મોક્ષ' જલ્દી, એટલું જ યાદ કરજો.

ભણવાનો પણ અભિગ્રહ કરી શકાય.

શાન્તિનગર(અમદાવાદ)માં એક સાધ્વીજીએ ૧૧ હજાર ૧૧૧ શ્લોકનો અભિગ્રહ લીધેલો ને પછી એક વર્ષમાં પૂર્ણ કરીને પૂરું લીસ્ટ અમારા પર મોકલેલું.

આત્માનું નૈશ્ચયિક સ્વરૂપ આપણે સંથારા પોરસી વખતે રોજ બોલીએ છીએ :

'एगोहं नत्थि मे कोइ ।'

એકલા જન્મ્યા, એકલા જવાના - મરતી વખતે કોણ સાથે આવવાનું ? આ જ્ઞાનાદિ ગુણો જ. તો પછી એ ગુણોને સંસ્કારના પુટ શા માટે ન આપવા ?

વજ્રસ્વામીને ત્રણ વર્ષની ઉંમરે ૧૧ અંગ શી રીતે યાદ રહી ગયા ? આટલી બુદ્ધિ ક્યાંથી મળી ? તિર્યગ્‌જૃંભકના પૂર્વજન્મમાં રોજ પુંડરીક - કંડરીક અધ્યયનનું ૫૦૦ વાર પુનરાવર્તન કરતા, જે અષ્ટાપદ પર ગૌતમસ્વામીના મુખે સાંભળેલું હતું.

અધ્યાત્મ ગીતા :

એમ ઉપયોગ વીર્યાદિ લબ્ધિ, પરભાવ રંગી કરે કર્મવૃદ્ધિ;
પરદયાદિક યદા સુહ વિકલ્પે, તદા પુણ્યકર્મતણો બંધ કલ્પે ॥ ૧૫ ॥

પૌદ્‌ગલિક લાભ (ધનાદિ) મળતાં જીવ ગૌરવ આનંદ અનુભવે છે : હું સુખી થયો. પણ ખરેખર એ દુઃખનું મૂળ છે, તે જીવ સમજતો નથી.

જીવની મુખ્ય બે શક્તિઓ છે.

(૧) ઉપયોગ શક્તિ - જ્ઞાન.

(૨) વીર્ય શક્તિ - ક્રિયા.

આ બંને શક્તિઓને આપણે પરભાવ સંગી બનાવી દીધી છે. તેના દ્વારા કર્મો જ વધાર્યા છે.

પુણ્યકર્મ સ્વર્ગે પહોંચાડે, પણ મોક્ષે જવું હોય તો આત્મશુદ્ધિ જન્ય ગુણો જોઈએ. એના માટે સદ્‌ગુરુ - યોગ જોઈએ.

હિંસા બે પ્રકારે :

(૧) દ્રવ્ય : જીવ-હિંસા

(૨) ભાવ : ગુણ-હિંસા

આવેશ કરીએ છીએ ત્યારે ભાવપ્રાણની હિંસા કરીએ છીએ તે ભૂલી જઈએ છીએ.

દ્રવ્યહિંસા કરતા પણ આ ભાવહિંસા ખતરનાક છે.

બીજાને ગુસ્સે કરીએ તે પણ હિંસા છે. બીજાને મારવાથી

હિંસા થાય તેમ બીજાને ગુસ્સે કરવા તે પણ તેની હિંસા છે. પહેલી હિંસાથી ખતરનાક છે.

દોષો ટળે અને ગુણો વધે, એ જ નૂતન વર્ષની શુભેચ્છા છે.

પરસ્પર પ્રેમપૂર્વક રહો, ઝગડા-કલહથી દૂર રહો, એકબીજાને સહાયક બનો, વેયાવચ્ચમાં રક્ત બનો, તો જીવન ધન્ય બનશે.

✧ ✧ ✧ ✧ ✧

समस्त जैन संघ माटे जे घेघुर वडला समान हता, जेमनी हाजरी मात्रथी जैन संघ सुखसातामां हतो, जेमना दर्शनमात्रथी भवोभवना पातिकनो भूक्को बोलाई जतो हतो, जेमना नामस्मरणमां प्रभुभक्तिनी अनुभूति थती हती, जेमनुं नाम श्रवण थतां ज दूर-दूर रहेलाने पण प्रभुमस्तीनी अने परम अध्यात्मभावनी अनुभूति थवा मांडती हती, जेमना रोमेरोममां जैनशासन हतुं, जेमना श्वासोच्छ्वासमां जीवमात्र प्रत्ये परम मैत्रीपूर्ण करुणा हती । कारण के जेमना हृदयमां दरेक धबकारे प्रभुना साक्षात्कारे ध्वनि प्रगट थतो हतो ने जेमना प्रत्येक पलकारे प्रभु नयनो द्वारा हैयामां आवी सर्व आत्मप्रदेशव्यापी थता हता । विशेष शुं लखवुं...? जेमनामां एकबाजु परमात्माना वासनी सुवास हती, तो बीजी बाजु जीवमात्र प्रत्ये छलकती करुणा हती । ए पूज्यपादश्रीनी दया हवे याद ज करवानी रही ! हजी मन मानतुं नथी, उंडे उंडे एम थया करे छे आ समाचारने बदले अफवा ज होय, तो केवुं सारुं !

जीवमात्रनी वेदना जेनी संवेदना हती, एवा पूज्यपादश्रीना देव-अतिथि बनवाना समाचारथी अकल्प्य वेदना अनुभवी रह्यो छुं। आप सहुना तो छत्र, तारणहार, सर्वस्व हता। जे मारा पर पण पूज्यपादश्रीनो जे अनन्य अनुग्रह वरस्यो छे, ते हजी पण हृदयपट परथी भूंसातो नथी। आवा अप्रमत्त अध्यात्मयोगी पूज्यश्री तो आ पांचमा आरामां पण चोथा आरानी आराधना करी-करावी जीवनने धन्यतम बनावी गया। पण आपनुं ! अमारुं ! आ समस्त जैन संघनुं हवे मातृवात्सल्यदायक शरण कोनुं ?

खरेखर ! वेदनाथी कलम अटकी गई छे ।

– पं. अजितशेखरविजयनी वंदना
म.सु. ४, बोरिवली (पूर्व), मुंबई.



કારતક સુદ ૨
૧૦-૧૧-૧૯૯૯, બુધવાર

◆ સંસારમાં રખડતા-રઝળતા આપણા આત્માને અનંતા પુદ્ગલપરાવર્ત્ત વીતી ગયા, ભવભ્રમણનો હજુ અંત નથી આવ્યો. મહાપુણ્યોદયે જ જિનવચન- શ્રવણ મળે. શ્રવણ સદ્ગુરુ સંયોગથી જ મળે. સદ્ગુરુ સંયોગ દુર્લભ છે. સદ્ગુરુ-સમાગમ યોગાવંચકપણાથી મળે.

(૧) યોગાવંચક.

(૨) ક્રિયાવંચક.

(૩) ફલાવંચક.

આ ત્રણમાં પણ યોગાવંચકપણું જ દુર્લભ છે. ગુરુમાં તારકતાના દર્શન કરવા તે યોગાવંચકપણું છે.

સમવસરણમાં ઘણીવાર જઈ આવ્યા, દેશના સાંભળી આવ્યા, પણ તારકભાવ પેદા ન થયો, એટલે બધું એળે ગયું.

અત્યારે ભગવાન નથી, ભગવાનનું શાસન છે. એમાં તારક-બુદ્ધિ પેદા થઈ જાય તો કામ થઈ જાય. **આત્મજ્ઞાનની સાચી ભૂખ લાગી હોય તો આજે પણ તૃપ્તિ થઈ શકે તેમ છે.**

ભોજનશાળાનો માલિક (ભગવાન) ભલે ને હાજર ન હોય, પણ ભોજન આપનાર રસોઈયો હાજર છે પછી તમારી તૃપ્તિ કોણ રોકે છે ?

ભીખારી હોય, ભૂખ લાગી હોય, સામે ઘેબર તૈયાર હોય, તો એ ના પાડે ? ના પાડે તો એ કેવો કહેવાય ? આપણે એવા મૂર્ખ ભીખારી છીએ, સામેથી મળવા છતાં ના પાડીએ છીએ.

'ભૂખ્યાને જિમ ઘેવર દેતાં, હાથ ન માંડે ઘેલોજી.'

- ઉપા. યશોવિ.

છતાં રસોઈઓ (ગુરુ) દયાળુ છે. વિચારે છે : એ બિચારો ભીખારી રોગી છે. એનો ઈલાજ કરવાથી રુચિ ઊઘડશે. તેને તત્ત્વપ્રીતિકર પાણી (દર્શન) વિમલાલોક અંજન (જ્ઞાન) પરમાન્ન ભોજન (ચારિત્ર) આપીશ તો ઠેકાણું પડશે. ને એમ કરીને એ ધીરે ધીરે ભીખારીને ઠેકાણે લાવે છે.

ભીખારીના સ્થાને જાતને મૂકો.

રસોઈઆના સ્થાને ગુરુને મૂકો.

આ બધી વાત બરાબર સમજાઈ જશે.

◆ યોગ્ય દીક્ષાપર્યાય વગર, જરૂરી જ્ઞાન અને આંતરિક પરિણતિની પરીક્ષા વગર જો વડી દીક્ષા આપવામાં આવે તો મિથ્યાત્વ, અનવસ્થા આદિ દોષો લાગે.

ઉપસ્થાપના (વડીદીક્ષા) માટે ત્રણ મર્યાદા છે :

જઘન્ય - ૭ દિવસ.

મધ્યમ - ૪ મહિના.

ઉત્કૃષ્ટ - ૬ મહિનામાં થાય.

અમારી ૧૨ મહિને થઈ. પૂ. પદ્મવિ. મ. (પૂ. જીતવિ. મ.ના ગુરુ)ની ૧૩ વર્ષે વડીદીક્ષા થઈ, તે એમની અયોગ્યતાના કારણે નહિ, પણ પદવીધરની પ્રાપ્તિ નહિ થવાના કારણે.

૭ દિવસની મર્યાદા આપણા માટે નથી. અમુક સાધુ માટે જ છે.

આમ ન કરે તેને મિથ્યાત્વાદિ લાગે.

અધ્યાત્મ ગીતા :

તે હિંસાદિક દ્રવ્યાશ્રય કરતો ચંચળ ચિત્ત,
કટુક વિપાકી ચેતના મેલે કર્મ વિચિત્ત;
આતમગુણને હણતો, હિંસક ભાવે થાય,
આતમ ધર્મનો રક્ષક, ભાવ અહિંસક કહાય. ॥ ૧૬ ॥

કાર્ય કરવાની અને કાર્ય કરતાં પહેલા જાણવાની આ બે આત્માની મુખ્ય શક્તિ છે.

વીર્યગુણને કે જ્ઞાનગુણને સર્વથા કર્મ ઢાંકી ન શકે. પણ જ્યાં સુધી ઉપયોગ પરભાવરંગી બનેલો હોય ત્યાં સુધી કર્મબંધન ચાલુ. આપણે જ આપણી આસપાસ જાળ રચીએ છીએ. આપણી બેડીઓને મજબૂત કરીએ છીએ.

એક આત્મપ્રદેશ કર્મ બાંધે બીજા આત્મપ્રદેશ કર્મ તોડે, એવું કદી ન બની શકે. કોઈપણ કાર્ય સૌ આત્મપ્રદેશો ભેગા મળીને જ કરે.

◆ આસક્તિના કારણે ખૂબ જ ચીકણા અશુભ કર્મો બંધાય છે. ક્યારેક શુભ કાર્યથી શુભ કર્મ બંધાય, પણ અંદરનો ઉપયોગ બદલાયો ન હોવાના કારણે શુભ અનુબંધ ન પડે.

અનંતાનુબંધી કષાય અંદર પડેલો હોય તેવા જીવો એવા આવેશમાં હોય છે કે આટલુંક પણ જતું કરવા તૈયાર થતા નથી. આવા જીવ શુભક્રિયા કરે તો પણ અનુબંધ તો અશુભ જ પડે.

યાદ રહે કે અનંતાનુબંધીની હાજરીમાં એક પણ ગુણ સાચી રીતે પ્રગટ થઈ શકે નહિ.

'મેલે' એટલે 'મેળવે', કર્મ બાંધે.

અનંતાનુબંધી અને મિથ્યાત્વની હાજરીમાં જ નરકાયુ બંધાય. સમ્યક્ત્વની હાજરીમાં તો વૈમાનિકનું જ આયુષ્ય બંધાય. દેવ હોય તો મનુષ્યાયુ બાંધે.

◆ આત્મગુણની હિંસા કરનાર ભાવ-હિંસક કહેવાય. સ્વભાવ ઘાતકી કહેવાય. આપણે બીજાને મારનારને હિંસક કહીએ છીએ, પણ ભાવપ્રાણની હિંસા કદી નજરમાં જ નથી આવતી.

દ્રવ્ય હિંસા થઈ ગઈ હોય છતાં સ્વભાવદશામાં મુનિને હિંસાનો દોષ નથી લાગતો કે પૂજા કરનારને હિંસાનો દોષ

નથી લાગતો. એનું આ જ કારણ છે.

અહીં ભાવપ્રાણોની હિંસા નથી. કારણ કે અહીં આત્મગુણોની રક્ષા કરવાનો ઉદ્દેશ છે. જો આમ માનવામાં ન આવે તો સાધર્મિક ભક્તિ, પ્રવચન-શ્રવણ ઈત્યાદિ એક પણ કાર્ય થઈ શકશે નહિ.

'આત્મગુણ રક્ષણા તેહ ધર્મ,
સ્વગુણ-વિધ્વંસના તેહ અધર્મ;
ભાવ અધ્યાત્મ અનુગત પ્રવૃત્તિ,
તેહથી હોય સંસાર-છિત્તિ' ॥ ૧૭ ॥

બીજાના દ્રવ્ય પ્રાણોની જેમ ભાવ પ્રાણોની પણ રક્ષા કરવાની છે. એને ગુસ્સો ન આવે, વગેરેની પણ કાળજી રાખવાની છે, એવું આપણે સમજ્યા છીએ ખરા ?

આમ ભાવ અધ્યાત્મ અનુસારી પ્રવૃત્તિ શરૂ થાય ત્યારે જ સંસારનો છેદ શરૂ થાય.

દ્રવ્યથી ગુરુ-નિશ્રા મળી હોય તે નહિ, પણ ગુરુમાં ભગવદ્ બુદ્ધિ, તારક બુદ્ધિ પેદા થઈ તે યોગાવંચકપણું છે.

આવો આત્મા પ્રભુની વાણી સાંભળે, સદ્દહે અને આચરે.

◆ મેઘકુમારનો જીવ હાથીમાંથી આવેલો. પ્રથમ જ દેશનાથી કેમ વૈરાગ્ય આવ્યો ? પૂર્વભવમાં જે સસલાની નિષ્કામભાવે દયા કરેલી તેના પ્રભાવે.

(૧) સંસાર પરિમિત કર્યો.

(૨) મનુષ્ય જન્મ મેળવ્યો.

(૩) તીર્થંકર જેવા ગુરુ પ્રાપ્ત કર્યા.

આ ત્રણ વસ્તુ તેણે મેળવી લીધી. એમ ઉપદેશ-પદમાં પૂ. હરિભદ્રસૂરિજીએ કહ્યું છે.

આ અધ્યાત્માનુગત ક્રિયા કહેવાય.

◆ યથાપ્રવૃત્તિકરણને અવ્યક્ત સમાધિ કહી છે. અવ્યક્ત એટલા માટે કે હજુ સમ્યક્ત્વ નથી મળ્યું.

◆ **ગુણોની પ્રાપ્તિ હંમેશ ગુણોની અનુમોદના અને રુચિ દ્વારા જ થાય. એ પહેલા ગુણો બારણે જ ન આવે.**

✧ ✧ ✧ ✧ ✧



'कहे कलापूर्णसूरि-२' (गुजराती) पुस्तक का विमोचन,
डीसा, वि.सं. २०५७

કારતક સુદ ૩
૧૧-૧૧-૧૯૯૯, ગુરુવાર

◆ ગ્રહણ - આસેવન - શિક્ષાથી તૈયાર કરીને શિષ્યને ગુરુ વડી દીક્ષા આપે.

શ્રાવકકુળમાં જન્મેલા જ દીક્ષા લે એવું નથી, જૈનેતર બ્રાહ્મણાદિ પણ દીક્ષા લઈ શકે. એમને પૃથ્વી આદિમાં પણ ચૈતન્ય છે, એવી શ્રદ્ધા કરાવીને પછી વડી દીક્ષા આપે. એ માટે વનસ્પતિ આદિમાં જીવત્વની સિદ્ધિ તર્કબદ્ધ રીતે સમજાવે.

(૧) પત્થર ખાણમાં ખોદ્યા પછી વધે છે.

(૨) દેડકાની જેમ પાણી અંદરથી ફુટે છે.

(૩) અગ્નિ લાકડારૂપ ખોરાકથી વધે છે.

(૪) વાયુ કોઈથી નહિ પ્રેરાયેલો વહે છે.

(૫) વનસ્પતિ વધે છે, ફરી ઊગે છે, વૃદ્ધ થાય છે, મરે છે.

આ બધું સમજાવીને તેમાં જીવત્વની સિદ્ધિ કરે.

વડીદીક્ષા વખતે હિતશિક્ષા આપતાં ગુરુ કહે :

सम्मं धारिज्जाहि...

શીખેલું સમ્યગ્ ધારણ કરજો...

अन्नेसिं पवज्जाहि...
બીજાને આપજો.
गुरुगुणेहिं वुड्ढिज्जाहि...
મહાન ગુણોથી વૃદ્ધિ પામજો.
नित्थारपारगा होह...
સંસારથી પાર ઉતરજો.

પ્રદક્ષિણા આપતી વખતે શિષ્યના સંચાર પરથી ગુરુ તેનું ભાવિ જુએ. એના ડગલા કઈ તરફ જાય છે ? તે પરથી ભવિષ્ય જાણી શકાય.

વડી દીક્ષા પછી પણ પરિણત હોય તો જ માંડલીમાં પ્રવેશ આપી શકાય. નહિ તો નહિ જ.

વ્રત - પાલનના નિયમો :

વ્રત તો આપ્યા, પણ વ્રતનું રક્ષણ શી રીતે કરવું ? એ પણ મહત્ત્વની વાત છે. દીકરાને દુકાન તો સોંપી, પણ સોંપ્યા પછી કઈ રીતે તેને સંભાળવી ? એ પણ શીખવવું પડે.

ગમન, શયન, આસન, આહાર, સ્થંડિલ, સમિતિ, ભાવના, ગુપ્તિ, ચૈત્ય ઈત્યાદિ સાધુ - વ્યવહાર અંગે ગુરુ વ્યવસ્થિત સમજાવે.

અધ્યાત્મ ગીતા :

બીજાના પ્રાણ બચાવવા દયા કહેવાય, તેમ તેના ગુણો બચાવવા પણ મહાન દયા કહેવાય.

દા.ત. કોઈ આવેશના કારણે આપઘાત કરવા જતો હોય તો તેને સમજાવવો : ભલા માણસ ! આવું કરાય ? આ જીવન વેડફી દેવા માટે છે ? એના આવેશને ઊતારવો પણ ભાવ દયા છે.

આ બધી હિતશિક્ષા ભાવધર્મની રક્ષા માટે જ છે.

હૃદય કોમળ રહે તે માટે જ છે.

આવેશમાં રહીએ, માયા-પ્રપંચ કરીએ, આસક્તિ રાખીએ તો સમજી લેવું : આપણે આપણા જ ભાવપ્રાણોની હત્યા કરી રહ્યા છીએ.

ભગવાને કહ્યું છે : 'આત્મગુણોની રક્ષા કરો' પણ,

આપણે ઉલ્ટું કરી રહ્યા છીએ.

શક્તિ હોવા છતાં ભણો નહિ તો જ્ઞાન-ગુણ ન હણાય ? જ્ઞાનાવરણીય કર્મ ન બંધાય ? ગૃહસ્થો દુકાન લીધા પછી બે વર્ષ બંધ રાખે તો ?

આપણને ભણેલું ઘણું લાગે છે. ગૃહસ્થોને સંતોષ નથી. આપણને સંતોષ છે.

કમાઈને ખર્ચવું જ હોય એના કરતાં ન કમાવું જ સારું - એમ વિચારીને કોઈ ગૃહસ્થ કમાવાનું છોડી નથી દેતો તો આપણાથી કોઈ બહાનાને આગળ ધરી ભણવાનું છોડી કેમ દેવાય ?

ભણવું, પણ કેવું ભણવું ? જે અધ્યાત્મમાં પ્રવૃત્તિ કરાવે તેવું ભણવું.

'નિજસ્વરૂપ જે ક્રિયા સાધે, તેહ અધ્યાત્મ કહીએ રે.'

આપણી વિશિષ્ટ ક્રિયા દ્વારા આપણું જ્ઞાન અભિવ્યક્ત થાય છે. ક્રિયા એટલે આપણું દૈનિક વર્તન ! આપણા વર્તન દ્વારા જ્ઞાન પરીક્ષિત થાય છે.

ભાવ-ચારિત્ર આવ્યું એટલે જ્ઞાન અને દર્શન આવી જ ગયા સમજો. એ વિના ભાવચારિત્ર આવે જ નહિ.

◆ કોઈની જાનમાં ગયા હો ત્યારે તમે વરને ભૂલી જાવ ? વર વગરની તો જાન ન જ હોઈ શકે ને ?

આપણી અત્યારે આવી જ હાલત છે.વરને, આત્માને જ ભૂલી ગયા છીએ. માટે જ સંથારા પોરસીમાં 'એગોહં'આ બે ગાથા દ્વારા આત્માને યાદ કરવાનો છે.

'એહ પ્રબોધના કારણ તારણ સદ્‌ગુરુ સંગ,
શ્રુત ઉપયોગી ચરણાનંદી કરી ગુરુરંગ;
આતમ તત્ત્વાલંબી રમતા આતમરામ,
શુદ્ધ સ્વરૂપને ભોગે, યોગે જસ વિશ્રામ.' ॥ ૧૮ ॥

◆ જવાનું હતું પૂર્વમાં આપણે જઈ ચડ્યા પશ્ચિમમાં. ગુરુ આપણને અવળી દોટથી અટકાવે છે.

◆ અત્યારે આપણે મધ્યમાં છીએ.

'પંથ વચ્ચે પ્રભુજી મળ્યા...'

મધ્યમાં ત્રણ રીતે :

(૧) સાતમા ગુણઠાણાની અપેક્ષાએ (હજુ સાત ગુણઠાણા બાકી છે)

(૨) મધ્ય લોકની અપેક્ષાએ.

(૩) માનવ ભવની અપેક્ષાએ.

નિગોદથી નિર્વાણની યાત્રામાં માનવ-ભવ વચ્ચે છે.

◆ જો દીક્ષા ન લીધી હોત, ગૃહસ્થાપણામાં રહ્યા હોત તો કોઈકનું માનવું પડત કે નહિ ?

બીજાનું માનવું સારું કે ભગવાનનું માનવું સારું ?

ભગવાનની આજ્ઞાનુસાર જીવન જીવવું કે મોહની આજ્ઞાનુસાર જીવન જીવવું ? એ આપણે નક્કી કરવાનું છે.

ગુરુ જ મોહ-અંધારને હણનારા છે, સત્યજ્ઞાન આપનારા છે.

સદ્‌ગુરુ કેવા હોય ?

શ્રુતમાં ઉપયોગવંત હોય. માત્ર ભણેલા જ નહિ, પણ ભણ્યા પ્રમાણે ઉપયોગપૂર્વક જીવનારા હોય.

ચારિત્રમાં રમણ કરનારા હોય, આત્મ તત્ત્વનું આલંબન લેનારા હોય.

✧ ✧ ✧ ✧ ✧

'ચૈત્યવંદન કરતાં આંખમાંથી હર્ષના આંસુ ન પડે તો સમજજો : મારી ભક્તિ અધૂરી છે' ખરેખર ! આ પંક્તિને વાંચતાં તો મારા આત્માની ચોપાસ કોઈ અમેય આનંદની લહરીઓ દોડી ગઈ.

- સા. સમ્યગદર્શનાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક દ્વારા અમારામાં પાપભીરુતા, પ્રભુભક્તિ સ્થિરતા, ગુરુભક્તિમાં સમર્પિતતા, ધર્મ પ્રત્યેની દૃઢતા પ્રગટે, એ જ અંતરની અભિલાષા છે.

- સા. સંવેગરસાશ્રી
અમદાવાદ



શ્રીલઠ્ઠીયાજી (ગુજરાત) તીર્થે સામૂહિક જાપ,
વિ.સં. ૨૦૪૪, ફાલ્ગુન

કારતક સુદ ૪
૧૨-૧૧-૧૯૯૯, શુક્રવાર

◆ સામાયિક શબ્દના શ્રવણ માત્રથી અનંતા જીવો કેવળજ્ઞાની બન્યા છે.

ઉપશમ, વિવેક અને સંવર શબ્દના શ્રવણથી ખૂની ચિલાતીપુત્ર સ્વર્ગવાસી બન્યો હતો.

સામાયિકની અત્યારે આરાધના કરીને સંસ્કાર દૃઢ બનાવીએ તો આગામી જન્મમાં સામાયિક શબ્દના શ્રવણથી આપણે જાતિસ્મરણ જ્ઞાન પામી શકીએ.

'આગામી જન્મમાં હું વાંદરો થવાનો છું'

એવું સીમંધરસ્વામી પાસેથી જાણીને એક દેવે એ જંગલની શિલાઓ પર નવકાર કોતર્યા. એ જોઈને વાંદરાના ભવમાં જાતિસ્મરણ જ્ઞાન થયું.

◆ ગમે તેવા અધમાધમ જીવને તારનાર આ શાસન છે. અર્જુનમાળી, ચંડકૌશિક, શૂલપાણિ, કમઠ ઈત્યાદિ ઉદાહરણો છે. બહારથી ખરાબ દેખાતો અયોગ્ય જીવ પણ જ્ઞાનીને નજરે અયોગ્ય નથી.

'कटोरे में शराब भरी है तो क्या हुआ ?
आखिर तो वह कटोरा सोने का है न ?'

આપણો જીવ સોનાનો કટોરો છે. આજે ભલે એમાં શરાબ હોય, પણ એમાં કાલે અમૃત આવશે, એમ જ્ઞાનીઓ જોઈ રહ્યા છે.

◆ પંચવસ્તુકમાંથી હું બધું જ નથી કહેતો, જરૂરી વાતો જ કરું છું.

ગુરુ, ગચ્છ, વસતિ, સંસર્ગ, ભક્ત, ઉપકરણ, તપ, વિચાર, ભાવના, કથા આ સ્થાનોમાં મુનિ પ્રયત્ન કરે.

◆ કૃપા કરીને ગુરુએ પાંચ ચિંતામણિ જેવા પાંચ મહાવ્રતો આપ્યા, તેનું કેમ રક્ષણ કરવું ? અને કેમ સંવર્ધન કરવું ? તે આપણે જોવાનું છે.

જ્ઞાતા ધર્મકથામાં પેલી ૪ પુત્રવધુઓ જેવા ૪ પ્રકારના જીવો હોય છે.

(૧) કેટલાક ખોઈ નાખનારા (ઉજ્ઝિકા)
(૨) કેટલાક ખાઈ જનારા (ભક્ષિકા)
(૩) કેટલાક રક્ષા કરનારા (રક્ષિકા)
(૪) કેટલાક સંવર્ધન કરનારા (રોહિણી)

આપણો નંબર શામાં ?

હવે કમસે કમ આટલું કરજો :

જેના પણ તમે શિષ્ય બન્યા છો, તે (ગુરુ) તમારા માટે પસ્તાય નહિ : 'આવાને ક્યાં દીક્ષા આપી ?'

સંવર્ધન ન થાય તો કાંઈ નહિ, કમ સે કમ સુરક્ષા તો કરજો. 'રોહિણી' જેવા બનવા કદાચ પુણ્ય જોઈએ, પણ 'રક્ષિકા' બનવામાં તો પુરુષાર્થ જોઈએ, જે સ્વાધીન છે.

◆ લક્ષ્મીનાશના કારણો :

ખોવાઈ જાય, લુંટાઈ જાય, ઘરનો મોભી ચાલ્યો જાય,

દા.ત. મોતીશા શેઠના ગયા પછી ખેમચંદ શેઠની હાલત છેલ્લે ગરીબ જેવી થઈ ગઈ હતી !

મોતીશા શેઠના ચીન જતા વહાણ પાછળ ચાંચીયાઓ પડ્યા.

શેઠે સમાચાર સાંભળી માનતા કરી : આમાંથી વહાણ બચી જાય ને જેટલો નફો થાય તે સુકૃત માર્ગે વાપરવો. ૧૨ લાખનો નફો થયો. તેમાંથી કુંતાસરની ખાઈ પૂરાવી મોતીશા શેઠની ટૂંકનું નિર્માણ થયું.

ભાદરવા સુદ ૩ના મોતીશાનું મૃત્યુ થયું પણ તે પહેલા પ્રતિષ્ઠાનું મુહૂર્ત્ત કઢાવી લીધેલું ને ધામધૂમથી પ્રતિષ્ઠા કરવા પુત્રને કહેલું.

પાલીતાણામાં કુંભસ્થાપનાના દિવસે ખેમચંદની માતા દીવાળીબેનનું મૃત્યુ થયું. છતાં પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ.

અપલક્ષણવાળું ઘર, (અગાઉ દાસ - દાસી - ઢોર આદિ પણ સુલક્ષણા હોય તો જ રખાતા) અપલક્ષણા, અભિમંત્રિત વસ્ત્ર, કુષ્ઠરોગી આદિથી વાસિત ઉપકરણોનો પરિભોગ, અજીર્ણ પર વારંવાર ભોજન કરવાથી થયેલી બિમારી પાછળ ખર્ચ, વારંવાર બિમારી પાછળ ખર્ચ, પ્રતિકૂળ વિચાર અને રાજા આદિની ટીકાત્મક વાણી, (રાજા ગુસ્સે થઈને દેશવટો આપે) અશુભ અધ્યવસાય (ગુસ્સાના વિચારથી પણ લક્ષ્મી જાય) અયોગ્ય સ્થાને રહેવું, રાજ્ય વિરુદ્ધ કથા કહેવી.

ઈત્યાદિ કારણસર મહાન શ્રીમંતો પણ દરિદ્ર બની જતા હોય છે. એનાથી વિપરીત કારણોથી રંક પણ શ્રીમંત બની જતા હોય છે. આપણી પાસે પણ આભ્યંતર ચારિત્ર સંપત્તિ છે. તે લુંટાઈ ન જાય તેની તકેદારી રાખવાની છે.

ગુરુ, ગચ્છ આદિ ચારિત્ર ધનની વૃદ્ધિ કરનારા પરિબળો છે.

અધ્યાત્મ ગીતા :

'સદ્‌ગુરુ યોગથી બહુલ જીવ,
કોઈ વળી સહજથી થઈ સજીવ;
આત્મશક્તિ કરી ગ્રંથિ ભેદી,
ભેદજ્ઞાની થયો આત્મવેદી. ॥ ૧૯ ॥

◆ વિદ્યા હોઠે જોઈએ. પૈસા ખીસામાં જોઈએ. ઉધાર પૈસાથી માલ ન મળે. ઉધાર જ્ઞાન સાધનામાં કામ ન લાગે. માટે જ કહું છું : આ અધ્યાત્મ ગીતા કંઠસ્થ કરજો.

◆ આગળના પગથીયા પર જવું હોય તો પાછળના પગથીયા પસાર કરવા પડે. ત્યાં મજબૂતીથી સ્થિર થવું પડે. એના માટે પળ-પળનું ધ્યાન રાખવું પડે. થોડી સાવધાની ગઈ ને ગુણસ્થાનક ગયું. એક સરખું ગુણસ્થાનક તો માત્ર ભગવાનને જ રહે.

મળેલી ભૂમિકામાં સ્થિરતા અને આગળ વધવાની પ્રેરણા ક્રિયા કરવાથી મળે છે, એમ આપણને સદ્‌ગુરુ સમજાવે છે.

કેટલાક જીવો સદ્‌ગુરુના સમાગમથી રાગ-દ્વેષની તીવ્ર ગાંઠ ભેદીને આત્મ-શક્તિ પ્રગટ કરે છે, સમ્યગ્ દર્શન પ્રગટ કરે છે. અહીં થતું જ્ઞાન વિષય પ્રતિભાસ નહિ, પણ આત્મ પરિણતમાન્ જ્ઞાન હોય છે. આટલું થઈ જાય તો માનવ-જીવન સફળ. સમ્યગ્ દર્શન મળતાં ભેદ જ્ઞાન થાય છે. શરીરથી આત્માની ભિન્નતા અનુભવમાં આવે છે. કેટલાક જીવો મરુદેવા માતાની જેમ ગુરુ વિના પણ ગ્રંથિભેદ કરી લેતા હોય છે.

'દ્રવ્ય ગુણ-પર્યાય અનંતની થઈ પરતીત,
જાણ્યો આતમ કર્તા - ભોક્તા ગઈ પરભીત;
શ્રદ્ધા - યોગે ઉપન્યો ભાસન સુનય સત્ય,
સાધ્યાલંબી ચેતના વળગી આતમતત્ત્વ.' ॥ ૨૦ ॥

કેવળજ્ઞાનાદિના અનંતા પર્યાયોની પ્રતીતિ થઈ. મારો આત્મા સ્વગુણનો કર્તા - ભોક્તા છે, તેની ખાતરી થઈ. તેથી પર - પુદ્‌ગલનો ભય ટળી ગયો. આવી શ્રદ્ધાના યોગે સુનયનું જ્ઞાન લાધ્યું. (બીજા નયોને ખોટા ન કહેતાં પોતાનું મંડન કરે તે સુનય કહેવાય) આવી ચેતના સાધ્યતત્ત્વનું આલંબન લઈ આત્મતત્ત્વને વળગી રહે છે.

✧ ✧ ✧ ✧ ✧





મીલડીયાજી (ગુજરાત) તીર્થે સામૂહિક જાપ,
વિ.સં. ૨૦૪૪, ફાલ્ગુન

જ્ઞાનપંચમી
૧૩-૧૧-૧૯૯૯, શનિવાર : વ્યાખ્યાન

◆ માનવ ભવ પંચેન્દ્રિય - પરિપૂર્ણતા વગેરે ખૂબ - ખૂબ આપણને મળ્યું છે, પણ એના સદુપયોગની કળા ગુરુ પાસેથી ન મેળવી તો બધું નિરર્થક છે.

◆ જૈનકુળમાં જન્મ્યા એટલે ઓઘથી પણ નવકાર ગણવા, દર્શન-પૂજાર્થે જવું, વ્યાખ્યાનમાં જવું વગેરે સ્વાભાવિક રીતે મળી જ જાય.

◆ પ્રભાવનાના લોભે પણ પૂજાદિ અર્થે જવાનું થાય. અમે પોતે પ્રભાવનાના લોભે જતા. પ્રભાવનામાં ગરબડની બીકે તે બંધ ન કરાય. પૂ. નેમિસૂરિના ફલોદી - ચાતુર્માસ વખતે ગરબડના કારણે પ્રભાવના બંધ રાખવામાં આવી, પણ પૂ. નેમિસૂરિજીએ હાક મારીને ફરી શરૂ કરાવેલી.

◆ આજે જ્ઞાન-પંચમી છે.

જ્ઞાનમાં પ્રમાદ કરીએ તો જ્ઞાનકુશીલ કહેવાઈએ. એ પ્રમાણે બીજે પણ દર્શન - કુશીલાદિ પણ સમજવા.

પાંચ પ્રહર સ્વાધ્યાય આદિ ન કરીએ તો જ્ઞાનકુશીલનું વિશેષણ મળી જાય.

જ્ઞાનનું ફલ વિરતિ મળે ત્યારે તે જ્ઞાન સફળ બને. જડથી આપણને ભિન્ન બનાવનાર જ્ઞાન છે. જ્ઞાન જીવનો ભાવપ્રાણ છે.

દ્રવ્ય પ્રાણ ચાલ્યા જાય, અહીં જ રહી જાય, ભાવપ્રાણ સાથે જ રહે. ભાવ પ્રાણ ન હોય તો દ્રવ્ય પ્રાણની કોઈ કિંમત નથી. મડદું જુઓ. તેમાં દ્રવ્ય પ્રાણ છે, પણ ભાવ પ્રાણ નથી. મડદાની કોઈ કિંમત નથી.

◆ **નામ આ શરીરનું છે. વળી એ કલ્પિત છે. આત્મા તો અનામી છે. નામ માત્ર ઓળખાણ અને વ્યવહાર માટે છે. એ સિવાય બીજી કોઈ ઉપયોગિતા નથી. નામ લક્ષ્મીચંદ હોય ને લક્ષ્મી ન હોય એવું બને. નામ જીવણલાલ હોય ને મૃત્યુ પથારીએ પડેલા હોય એવું બને. નામ ઈશ્વર હોય ને સાવ કંગાળ હોય, એવું બને. એવું ચારે બાજુ આપણે જોઈએ પણ છીએ છતાં આ નામ માટે કેટલી માથાકૂટ કરીએ છીએ ? લગભગ અર્ધી જીંદગી તો આપણે આ નશ્વર નામને અમર કરવા પાછળ ખર્ચી દઈએ છીએ.**

સમ્યગ્ જ્ઞાન આપણને શીખવે છે : આ નામ અને રૂપનો મોહ છોડ. અનામી અને અરૂપી પ્રભુને સેવ.

◆ જ્ઞાન વગરનો માણસ પશુ કહેવાયો છે. પશુથી માણસને ભિન્ન કરનાર જ્ઞાન છે.

જ્ઞાનની ઉત્કૃષ્ટ આરાધના કરી માણસ પોતાની અંદર રહેલ દિવ્યતા ખીલવી શકે છે. જ્ઞાનથી દૂર રહીને તે 'પશુતા'માં પણ સરી શકે છે.

◆ પહેલા બાળકો ભણવા જતાં પહેલા સરસ્વતીની પૂજા કરતા.

સરસ્વતીનો અહીં કોઈ વિરોધ નથી. એને આપણે 'શ્રુત-દેવતા' કહીએ છીએ. રોજ પ્રતિક્રમણાદિમાં આપણે શ્રુત-દેવતાનું સ્મરણ કરીએ છીએ.

શ્રુતદેવતા એટલે આગમ.

ભગવાન જેટલી જ કિંમત આગમની ગણાય.

ભગવાનના વિરહમાં તો આગમની કિંમત અનેકગણી વધી જાય.

અમને આગમ ન મળ્યા હોત તો અમે શું કરત ? ચૂંટણી પ્રચારકોની જેમ માત્ર ભાષણ આપત, જેમાં સ્વપ્રશંસા અને પરનિંદા સિવાય કશું ન હોય.

અપેક્ષાએ મૂર્તિથી પણ આગમ ચડીયાતા છે. આ મૂર્તિ પૂજ્ય છે, એવું બતાવનાર પણ આગમ જ છે.

આંખ અને પગ બંનેમાં કિંમતી કોણ ? આંખ. પગ ચાલવાનું, મહેનતનું કામ કરે છે, આંખ આરામથી ઉપર બેઠી છે, ખાસ કાંઈ કામ કરતી જણાતી નથી, છતાં આંખ જ મૂલ્યવાન ગણાય, પગને કાંટા, વિષ્ઠા, જીવહિંસા આદિથી બચાવનાર આંખ છે.

પગ = ક્રિયા.

આંખ = જ્ઞાન.

માટે જ ઉપાધ્યાય યશોવિજયજીએ જ્ઞાનસારમાં જ્ઞાન વગરની ક્રિયા અને ક્રિયા વગરના જ્ઞાન વચ્ચે ખજુઓ અને સૂર્ય જેટલો ફરક બતાવ્યો છે.

જ્ઞાનની આરાધનાથી કેટલો લાભ ?

જ્ઞાનની વિરાધનાથી કેટલો ગેરલાભ ?

તે આપણે વરદત્ત અને ગુણમંજરીની કથાથી ઘણીવાર સાંભળી ચૂક્યા છીએ.

વરદત્તે પૂર્વના આચાર્યના ભવમાં વાચના આદિ બંધ કરીને અને ગુણમંજરીએ સુંદરીના ભવમાં પુત્રોને અભણ રાખીને પુસ્તકાદિ જલાવીને જ્ઞાનાવરણીય કર્મ બાંધેલું.

બંને મૂંગા જન્મ્યા.

જ્ઞાનપંચમીની આરાધનાથી બંને સુખી થયા. આપણે પણ જ્ઞાનની વિરાધના કરી - કરીને ઘણીવાર વરદત્ત અને ગુણમંજરી જેવા જડ અને મૂંગા બન્યા હોઈશું. પણ પછીનો ઉત્તરાર્ધ આપણા જીવનમાં નહિ ઘટ્યો હોય, જ્ઞાનપંચમીની આરાધનાથી આપણે લાભાન્વિત નહિ બન્યા હોઈએ. જો તેમ થયું હોત તો આજે આપણી આવી હાલત ન હોત !

પદ્મપુર નગરમાં ચર્તુજ્ઞાની અજિતસેનાચાર્યે દેશનામાં જ્ઞાનપ્રધાન દેશના આપી : બધી ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, ભક્તિ છે.

શ્રદ્ધાનું મૂળ પણ જ્ઞાન છે.

ઈત્યાદિ દેશના સાંભળીને વરદત્તના પિતા રાજાએ વરદત્તના મૂંગાપણા અંગે તથા ગુણમંજરીના પિતાએ ગુણમંજરીના મૂંગાપણા અંગે પ્રશ્ન પૂછ્યા. આચાર્ય ભગવંતે બંનેના પૂર્વભવ કહ્યા, જ્ઞાનાવરણીય કર્મ કઈ રીતે બાંધ્યું, તે બધું સમજાવ્યું.

સાચી માતા ભણાવવા માટે કાળજી રાખે.

ગુણમંજરીના જીવે સુંદરીના ભવમાં અધ્યાપકની અવહીલના કરી. પુત્રોને ભણતરથી છોડાવી દીધા. પાટી - પુસ્તક આદિ સળગાવી દીધા. આથી ભયંકર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું.

મોટા થયા પછી છોકરાઓને કોઈ કન્યા ન આપતાં બીજાયેલા પતિએ પત્ની સુંદરીનો ઊધડો લીધો. સુંદરી પણ ગાંજી જાય તેવી નહોતી : 'છોકરી માની, છોકરા બાપના ગણાય. છોકરાની જવાબદારી તમારી ગણાય. મને શાના દબડાવો છો ? તમે મૂરખ ને તમારા છોકરા પણ મૂરખ. તમે મૂરખ હો તો છોકરા ક્યાંથી વિદ્વાન બને ? આખરે ઓલાદ તો તમારી જ ને ?'

ઈત્યાદિ સાંભળવાથી ગુસ્સે ભરાયેલા પતિએ તેના પર સ્લેટ ફેંકી. માથામાં જોરથી વાગતાં તે મરી ગઈ.

એ જ સુંદરી આજે ગુણમંજરી બની છે.

શ્રીપુર નગર - વાસુદેવ શેઠ - બે પુત્ર : વાસુસાર અને વાસુદત્ત. મુનિસુંદરસૂરિના પરિચયથી બંનેએ દીક્ષા લીધી.

નાનાભાઈ હોંશિયાર હતા. ભણી-ગણીને આચાર્ય બન્યા. વાચનાદિમાં કુશલ બન્યા. મોટાભાઈમાં ખાસ બુદ્ધિ નહોતી. પણ મોટા આચાર્યો પણ કેવા ભૂલે છે ? તે જોવા જેવું છે. માટે જ પ્રતિક્ષણ સાવધાની મોટા સાધકને પણ જરૂરી હોય છે.

એક વખતે આચાર્યશ્રી સંથાર્યા. એ જ વખતે એક શિષ્ય

પૂછવા આવ્યો. એને જોઈને બીજા પણ આવ્યા. આચાર્યશ્રીની ઊંઘ બગડી. ઊંઘ બગડતાં મન બગડ્યું. વિચારે ચડ્યા : આના કરતાં મોટાભાઈની જેમ મૂર્ખ રહ્યો હોત તો સારું હતું !

મૂર્ખના ૮ ગુણો યાદ આવ્યા.

मूर्खत्वं हि सखे ममापि रुचितं तस्मिन् यदष्टौ गुणा ।
निश्चिन्तो बहुभोजनोऽत्रपमना नक्तं दिनं शायकः ॥
कार्याऽकार्यविचारणान्धबधिरो मानाऽपमाने समः ।
प्रायेणाऽऽमयवर्जितो दृढवपुः मूर्खः सुखं जीवति ॥

નિશ્ચિન્તતા, ઘણું ભોજન ખાઈ શકવાની શક્તિ, નિર્લજ્જતા, રાત-દિવસ સૂઈ રહેવાનું, કાર્ય કે અકાર્યની વિચારણા જ નહિ કરવાની, માન કે અપમાનમાં સમભાવ, રોગરહિતતા, મજબૂત શરીર, આ આઠ મૂર્ખના ગુણો છે. તેથી હે મિત્ર ! મને પણ મૂર્ખતા ગમે છે.'

બસ, હવે તેમણે ભણાવવાનું બંધ કર્યું. એના કારણે આ રાજકુમાર વરદત્ત આ ભવમાં તે મૂંગો બન્યો છે.

ઍંઠે મોઢે બોલવું, ખીસ્સામાં છાપેલા કાગળ આદિ રાખી વડી - લઘુનીતિએ જવું, અક્ષરોવાળા વસ્ત્રો પહેરવા, અખબારો પર બેસવું - ઊઠવું ઈત્યાદિ, ફોટાઓ પર પગ મૂકવા વગેરે જ્ઞાનની આશાતનાઓ છે.

શ્રુતજ્ઞાનની વિરાધના કરીશું તો બહેરા-મૂંગા બનવું પડશે. આરાધના કરીશું તો શ્રુતજ્ઞાન કેવળજ્ઞાન સુધી લઈ જશે.

✧ ✧ ✧ ✧ ✧

'कह्युं कलापूर्णसूरिए' पुस्तक मळ्युं. उपरनुं टाइटल जोईने ज गमी जाय. अंदरनुं दरोजना व्याख्यान, तिथि, तारीख अने वार साथेनुं प्रवचन, जीवन आवरी ले तेवुं साहित्य छे.

- पंन्यास रविरत्नविजय
गोपीपुरा, सुरत.



કારતક સુદ ૬
૧૪-૧૧-૧૯૯૯, રવિવાર

◆ વ્યાપાર માટે મૂડી જોઈએ. વધુ મૂડી હોય તો વધુ માલ હોવાના કારણે વેપાર વધુ થાય. મૂડી એટલે જ્ઞાન. માલ એટલે ક્રિયા, વેપારનો નફો એટલે કર્મની નિર્જરા.

થોડું જ્ઞાન હોય તો પરચૂરણ વેપારી કે ફેરીયા જેટલી કમાણી (કર્મ-નિર્જરા) થાય.

ઘણું જ્ઞાન હોય તો મોટી દુકાનના વેપારીની જેમ ધૂમ કમાણી થાય.

જ્ઞાનની ખૂબ જ મૂડી રોકો. ખૂબ જ નફો થશે. એ માટે ગુરુકુલવાસ જોઈએ, એ ભૂલતા નહિ.

શ્રેષ્ઠ ગુરુકુલવાસ, શ્રેષ્ઠ સાથીઓ, શ્રેષ્ઠ (સુલક્ષણા) ઉપકરણો રાખીએ તો ખૂબ જ કર્મ-નિર્જરારૂપ નફો થાય.

આપણું જ્ઞાન ભલે ઓછું હોય, પણ અપ્રતિહત સામર્થ્યવાળા જ્ઞાની ગુરુનું જ્ઞાન આપણને કામ લાગે.

અમારા નસીબને અમે કેટલું વખાણીએ ? અનાયાસે અમને એવા ગુરુદેવ મળી ગયા.

પુણ્ય સારા હોય તો કુલક્ષણા સાધનથી પણ માણસ કમાઈ લે, જેલમાં પણ કમાઈ લે, નસીબ માઠું હોય તો સુલક્ષણા સાધનથી પણ માણસ દરિદ્ર જ રહે, એવું બની શકે. પણ અહીં સુગુરુની નિશ્રા તમે જિનાજ્ઞાપૂર્વક સ્વીકારી તો ખરાબ થવાનો કોઈ જ ચાન્સ નથી. માટે શુભ ગુરુની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

સૌ પ્રથમ ગુરુ અને ગુરુકુળ કેવા ? તે જોવું જોઈએ. ગુરુ મહાન ગુણથી યુક્ત હોય.

જેમ મોટા ઉદાર શેઠ પાસે નોકરી કરતા હો ને એ શેઠનો તમારા પર પ્રેમ હોય તો ધીરે ધીરે તમે એની પાસેથી ઉધાર માલ લઈને ધંધો શરૂ કરો તો કેટલા માલંમાલ થઈ જાવ ?

તેમ જ્ઞાનદાતા ઉદાર ગુરુ મળી જાય તો કામ થઈ જાય.

આવા ગુરુ મળવાથી યાદ રાખો કે ગુણનો યોગ થવાનો જ. ગુરુના ગુણો જોતાં જોતાં શિષ્યમાં પણ સંક્રાન્ત થવાના જ. વાંચવાથી ન આવે તે જોવાથી આવે. પૂ. પં. ભદ્રંકરવિજયજી મ. પાસે ત્રણ વર્ષ રહેવાથી એમના ગુણો પ્રત્યક્ષ જોવા મળ્યા. આથી ખૂબ જ ફાયદો થયો.

નવસારી - આદિનાથવાળા ત્રણ-ચાર વર્ષથી પ્રતિષ્ઠા માટે વિનંતિ કરતા રહ્યા. આખરે બેડામાં પૂજ્ય પં. ભદ્રંકરવિ. એ એમને સમજાવી દીધા. પછી પૂ. સુબોધસાગરસૂરિજી પાસે પ્રતિષ્ઠા કરાવી.

પંન્યાસજી મ. પાસે રહેવાથી અમને ખૂબ જ ફાયદો થયો.

ઉત્તમ શેઠને કોઈ ન છોડે તો ઉત્તમ ગુરુને શિષ્ય શી રીતે છોડે ? **ગુરુકુલવાસીનો પુણ્ય અને ગુણનો ભંડાર ભરાતો જ ચાલે.**

ગુરુ વિનય કરવાથી તે સાધુ બીજાને માર્ગદર્શક બને. તમારા દૃષ્ટાંતથી બીજાને પણ પ્રેરણા મળશે.

ગુરુકુલ - વાસ માર્ગ છે. કારણ કે જ્ઞાન દર્શન ચારિત્રની પ્રાપ્તિ અને પાલન ગુરુકુલવાસથી જ થઈ શકે.

આત્મ નિવેદન એટલે પોતાની જાતને ગુરુના ચરણોમાં ધરી દેવી તે.

તમે ગુરુનું બહુમાન કરો છો, ત્યારે ખરેખર ગૌતમસ્વામીથી માંડીને બધા જ ગુરુઓનું બહુમાન કરો છો, તીર્થંકરની આજ્ઞાનું પાલન કરો છો. કારણ કે ગુરુકુલવાસનું સેવન કરવું તે તીર્થંકરની જ આજ્ઞા છે.

ગુરુકુલમાં રહેવાથી વૈયાવચ્ચનો લાભ મળે.

શુદ્ધ જ્ઞાનાદિની પ્રાપ્તિ થાય. આજે આવ્યું, કાલે ગયું એવું નહિ, પણ હંમેશ ટકે તેવું જ્ઞાન મળે. આદિથી દર્શનાદિની પણ પ્રાપ્તિ થાય.

અધ્યાત્મ ગીતા :

◆ સમ્યક્ત્વ બે રીતે મળે : નિસર્ગ અને અધિગમથી.

કોઈને લોટરીથી ધન મળે. (નિસર્ગ)

કોઈને પુરુષાર્થથી ધન મળે. (અધિગમ)

ઈલાચી, ભરત ઈત્યાદિને થયેલું કેવળજ્ઞાન નૈસર્ગિક ન ગણાય એમાં પૂર્વજન્મનો પુરુષાર્થ કારણ ગણાય. મરુદેવીનું કેવલજ્ઞાન નૈસર્ગિક ગણાય.

◆ જીવનમાં ભૂલ થાય તે મોટી વાત નથી, પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્ત કરવું તે મોટી વાત છે. માર્ગ ભૂલી જવો મોટી વાત નથી. ભૂલ્યા પછી ત્યાંથી પાછા ફરવું મોટી વાત છે. ઘણા તો ખોટા માર્ગથી પણ પાછા ફરવા તૈયાર નથી હોતા. અમારા દર્શનવિજયજી મ. ઘરાણા પાસે આવીને પણ રસ્તો ભૂલતાં આધોઈના બદલે લાકડીઆ પહોંચી ગયા હતા.

◆ સાચું યથાપ્રવૃત્તિકરણ તે, જે અપૂર્વકરણ અનિવૃત્તિકરણ લાવી સમ્યક્ત્વ આપે. બાકી એ પહેલા ઘણા યથાપ્રવૃત્તિકરણ કર્યા. પણ એ બધા સમ્યક્ત્વ આપી ન શક્યા. ચરમ યથાપ્રવૃત્તિકરણ જ સમ્યક્ત્વ આપે.

'ઈન્દ્રચન્દ્રાદિ પદ રોગ જાણ્યો,
શુદ્ધ નિજ શુદ્ધતા ધન પિછાણ્યો;
આત્મધન અન્ય આપે ન ચોરે,
કોણ જગ દીન વળી કોણ જોરે ?' ॥ ૧૨ ॥

અત્યાર સુધી ઈષ્ટ વસ્તુ મળતાં સુખ મળશે, એવી જે ભ્રમણા હતી તે આત્મા મળતાં જતી રહે છે. આત્મધન મળતાં આવા સુખો - ઈન્દ્ર - ચન્દ્રાદિના સુખો પણ રોગ લાગે. કારણ કે તેણે અંદરનું સુખ જાણી લીધું છે. આવા સાધકને દીનતા કદી ન હોય.

મારા આત્મ-ધનને કોઈ ચોરી શકશે નહિ, કોઈ રાજા પડાવી શકશે નહિ. કોઈ જબરદસ્તીથી આંચકી શકશે નહિ. પછી ભય શાનો ?

જે મારું છે તે જવાનું નથી.
જે જાય છે તે મારું નથી.
પછી ભય શાનો ?

✧ ✧ ✧ ✧ ✧

ગુરુદેવ જતા રહ્યા પણ ગુરુદેવને પ્રત્યક્ષ કરાવનાર અણમોલ અદ્વિતીય જ્ઞાનનો ખજાનો આપે આ પુસ્તકમાં ભરી દઈને અમારા જેવા પર ઘણો ઉપકાર કર્યો છે.

- સા. મુક્તિપ્રભાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ ગુરુ બહુમાન વિષે બહુ સરસ ઉદ્‌બોધન કર્યું છે.

- સા. સંવેગપ્રજ્ઞાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી બહુ જ પ્રસન્નતા મળી છે.

- સા. શ્રેયોજ્ઞાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

હું ઉપકાર માનું છું : પૂ. પંન્યાસજી મ.સા. અને પૂ. ગણિ મ.સા.નો કે જેમણે ગુરુના વિરહમાં ગુરુના અમૃતરૂપી વચનોનું સંકલન કરી સાક્ષાત્ ગુરુ સાથે મિલન કરાવી આપ્યું.

- સા. જિનાંજનાશ્રી
અમદાવાદ



મીલડીયાજી (ગુજરાત) તીર્થે સામૂહિક જાપ,
વિ.સં. ૨૦૪૬, ફાલ્ગુન

કારતક સુદ ૭
૧૫-૧૧-૧૯૯૯, સોમવાર

◆ જે ઉલ્લાસથી દીક્ષા લે તે ઉલ્લાસથી પાળે જ, પછી આટલો ઉપદેશ શા માટે ? પણ, જીવના પરિણામો એક સરખા નથી રહી શકતા. પરિણામોમાં હંમેશા વધ-ઘટ થયા જ કરે. કારણ કે તે ક્ષાયોપશમિક છે.

આ કારણે જ સિંહ + શિયાળની ચતુર્ભંગી શાસ્ત્રોમાં બતાવી છે.

મનમાં સતત ઊઠતી વિધ-વિધ વૃત્તિઓ પર વિજય મેળવવો કાંઈ સહેલો નથી. સંયમમાં સતત મન લગાવવું કાંઈ ગુલાબના માર્ગે ચાલવા જેવું સહેલું નથી.

આપણા પરિણામો સતત જળવાઈ રહે માટે જ શાસ્ત્રકારોએ શાસ્ત્રો રચ્યા છે. માટે જ મહાપુરુષોના જીવન સાંભળવાના છે. માટે જ મહાપુરુષોના નામ સાંભળવાના છે. ભરહેસર સજ્ઝાય શું છે ? મહાપુરુષોના નામો છે માત્ર. એમના નામોમાં એમનો ઈતિહાસ છુપાયેલો છે. એકેક નામમાં સંયમ અને સત્ત્વનું બળ ભર્યું છે.

સિંહ જેવા પરિણામો જ્યારે શિયાળ જેવા બનવા લાગે ત્યારે એને ટકાવનાર ધર્મશાસ્ત્રોનો ઉપદેશ છે, મહાપુરુષોના નામ છે.

ગુરુકુલવાસનો સૌથી મોટો લાભ રોજ સવારે ગુરુના દર્શન મળે તે છે. રોજ પુણ્યના ભંડાર ભરાય. નમસ્કાર ભાવ પુણ્યનું પરમ કારણ છે.

આપણો વિનય જોઈ બીજા વિનય શીખે. બીજા પણ ગુરુકુલવાસ સેવે. ચારિત્રમાં પણ સ્થિરતા રહે, વૃદ્ધોની પાસે રહેવાથી સંયમ સુરક્ષિત રહે. એ પણ ગુરુકુલવાસનો મહાન લાભ છે.

આ દીક્ષા જ્ઞાનાદિની સાધના માટે લીધી છે, તે ગુરુ-સેવાથી જ થઈ શકે.

વિશુદ્ધ સંયમથી યોગ્ય શિષ્યો મળે ને તેઓ પણ ગુરુની જેમ નિર્મળ આરાધના કરે. આથી જન્માંતરમાં પણ શુદ્ધ માર્ગની પ્રાપ્તિ થાય. આ જન્મમાં મળેલો શુદ્ધ માર્ગ સૂચવે છે કે પૂર્વજન્મમાં આપણે સંયમની વિશુદ્ધ સાધના કરી છે.

શુદ્ધિ અને અશુદ્ધિના સંસ્કારો જન્માંતરો સુધી ચાલતા હોય છે. ચિલાતીપુત્ર ઈત્યાદિના ઉદાહરણો આપણે જાણીએ છીએ.

ગુરુકુલવાસ મોક્ષનું મુખ્ય કારણ છે. કારણ કે મોક્ષમાર્ગરૂપ રત્નત્રયી ગુરુકુળવાસથી જ મળે છે.

ભગવાન મહાવીરના ૭૦૦ સાધુ, ૧૪૦૦ સાધ્વીઓ, ગૌતમસ્વામીના ૫૦ હજાર શિષ્યો મોક્ષમાં ગયા છે તે આ વિશુદ્ધ સંયમના બળે ગયા છે. તો સંયમની વિશુદ્ધિમાં ઉપેક્ષા શી રીતે કરાય ?

અધ્યાત્મ ગીતા :

જ્ઞાનાદિને ઉજ્જ્વલ બનાવવા અધ્યાત્મ-યોગ જોઈએ. મન આદિ ત્રણનો શુભ વ્યાપાર તે અધ્યાત્મ યોગ.

◆ **જેટલા અંશે આત્માની રુચિ, તેટલા જ અંશે તેની જાણકારી. જેટલા અંશે જાણકારી, તેટલા જ અંશે તમે તેની રમણતા કરી શકો. આમ રુચિ, જ્ઞમિ અને રમણતા ઉત્તરોત્તર અવલંબિત છે.**

પુદ્ગલ દ્રવ્યોની રુચિ, જ્ઞપ્તિ અને રમણતાનો અનુભવ આપણને છે, પણ આત્માનો કોઈ જ અનુભવ નથી. **આત્મા પોતે જ પોતાનાથી જ અજાણ છે. બધાને જોઈ શકનારી આંખ પોતાને જ જોઈ શકતી નથી.**

◆ ચારિત્ર-પાલનથી આત્માનુભૂતિ પ્રગટે જ. ન પ્રગટે તો ચારિત્ર પાલનમાં ખામી સમજવી.

◆ મિથ્યાત્વ અને ચારિત્ર મોહનીય (કર્મ)ની નિર્જરા થાય ત્યારે અવશ્ય આનંદ (આત્માનંદ) પ્રગટે જ. કર્મ-નિર્જરાને જાણવાની આ જ કસોટી છે. એ આનંદ સમતાનો, પ્રશમનો હોય.

◆ મોહરાજાનો ડર ત્યાં સુધી જ લાગે, જ્યાં સુધી આપણે આત્મશક્તિ અને પ્રભુ-ભક્તિની શક્તિ ન જાણીએ. બકરાના ટોળામાંના સિંહને નિજ - સિંહત્વની જાણ થઈ જાય, પછી એ શાનો ડરે ?

'તપ-જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે;
પણ મુજ નવિ ભવ હાથોહાથે, તારે તે છે સાથે રે.'
- યશોવિજયજીના આ ઉદ્ગારો જુઓ.

'આતમ સર્વ સમાન, નિધાન મહાસુખકંદ,
સિદ્ધતણા સાધર્મિક સત્તાએ ગુણ વૃંદ;
જેહ સ્વજાતિ બંધુ તેહથી કોણ કરે વધ બંધ,
પ્રગટ્યો ભાવ અહિંસક જાણે શુદ્ધ પ્રબંધ.' ॥ ૨૨ ॥

આજ સુધી જીવો પર દ્વેષ હતો તે હવે મૈત્રીમાં બદલાઈ જાય છે. જેઓ આપણું માને નહિ, આપણું અપમાન કરે તેવા, જીવો પ્રત્યે પણ પ્રેમ વહે.

અપુનર્બંધક (માર્ગાનુસારી)માં મિત્રાદિ ૪ દૃષ્ટિઓ આવી ગઈ. અન્ય દર્શનીઓમાં પણ આવા સાધકો મળી આવે. જે સર્વ પર પ્રેમ વરસાવતા હોય, પ્રભુને ભજતા હોય ચાહે તે અલ્લાહ, ઈશ્વર, રામ, રહીમ, કૃષ્ણ કે બીજા કોઈ નામે ઈશ્વરને પોકારતા હોય.

જુઓ 'અલ્લાહ' અને 'અર્હમ્'માં કેટલું સામ્ય છે ? બંનેમાં પહેલા 'અ' અને છેલ્લે 'હ' છે. વચ્ચે 'ર'નો 'લ' થઈ

ગયો છે, એટલો જ 'અલ્લાહ'માં ફરક છે.

આવો સાધક સૌને શી રીતે જુએ ?

'आत्मवत् सर्वभूतेषु ।' -

સર્વ જીવોને પોતાની જેમ જુએ.

'मातृवत् परदारेषु ।' -

પરસ્ત્રીઓમાં માતાનું રૂપ જુએ.

यः पश्यति स पश्यति । -

એ જ ખરી રીતે જુએ છે.

સર્વ જીવોમાં સિદ્ધત્વનું ઐશ્વર્ય પડેલું છે, એ રીતે જગતના સર્વ જીવો સાધર્મિક-બંધુ બન્યા, તેનો વધ-બંધ શી રીતે થઈ શકે ? એમાં તો સિદ્ધોનું જ અપમાન ગણાય.

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર ! આ પુસ્તકનું મારા જીવનમાં કલ્યાણમિત્ર રૂપે આગમન થયું છે.

- સા. જિનેશાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ ગ્રન્થ ખૂબ જ ચિંતનીય-મનનીય છે, જેના એકેક પદાર્થો ખૂબ જ રહસ્ય-પૂર્ણ છે.

- સા. નિત્યધર્માશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના મુખેથી નીકળેલી અમૃતતુલ્ય વાચનાઓ વાંચતાં મારા જીવનમાં અગણિત ફાયદા થયા છે.

- સા. વીરાંગણિયાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકના વાંચનથી અનેક મહાત્માઓના વિચારો જાણવા મળ્યા છે.

- સા. નમ્રગિરાશ્રી
સાબરમતી



કારતક સુદ ૮
૧૬-૧૧-૧૯૯૯, મંગળવાર

◆ થર્મોમીટરથી જણાતી ગરમી અંદરના તાવને જણાવે તેમ બહાર વ્યક્ત થતા રાગ-દ્વેષાદિ ભાવો અંદરના કર્મ-રોગને જણાવે છે. અધ્યાત્મ-યોગ વિના આ કર્મરોગ જાય તેમ નથી.

હોટલમાં જઈને ઓર્ડર વધુ ને વધુ આપતા જાવ તેમ વધુ ને વધુ બીલ ચડતું જાય, પુદ્ગલનો ભોગવટો વધુ ને વધુ કરતા જઈએ તેમ તેમ તેનું બીલ વધતું જાય.

◆ ગ્રંથિ-ભેદ થાય ત્યારે માત્ર પ્રભુ જ નહિ, જગતના સર્વ જીવો પણ પૂર્ણ દેખાય, સિદ્ધના સાધર્મિકો લાગે. જ્ઞાનસારના પહેલા અષ્ટકમાં આ જ વાત સમજાવી છે. આવો સાધક અનંતકાય કેમ ખાઈ શકે ? એકેક જીવમાં તેને પૂર્ણતા દેખાય.

એક જીવનું તમે અપમાન કરો છો. એટલે આખરે તમે તમારું જ અપમાન કરો છો, એ વાત સમજવી રહી, ત્રિપૃષ્ઠે શય્યાપાલકનું અપમાન કર્યું, કાનમાં સીસાનો રસ રેડાવ્યો,

પરિણામ શું આવ્યું ? મહાવીરના ભવમાં કાનમાં ખીલાની વેદના અનુભવવી પડી.

અધ્યાત્મ ગીતા :

'જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ,
જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ;
યદા આત્મ તાદાત્મ્યતા પૂર્ણભાવે,
તદા નિર્મળાનંદ સંપૂર્ણ પાવે.' ॥ ૨૩ ॥

હિંસામાં જીવનું દુઃખ જાણે છે છતાં બચાવી શકતો નથી, તેનું દુઃખ સમ્યક્ત્વીને હોય છે, માટે જ તે દુઃખી હોય છે.

તલવાર તીક્ષ્ણ હોય તો કામ લાગે.
જ્ઞાન તીક્ષ્ણ હોય તો ધ્યાન થઈ શકે.
ધ્યાન તીક્ષ્ણ હોય તો સ્વભાવ - રમણતા થઈ શકે.

બજારમાં માલ લેવા રોકડું નાણું જોઈએ તેમ અહીં પણ રોકડું જ્ઞાન જોઈએ. ઉધાર જ્ઞાન ન ચાલે. યુદ્ધના મોરચે શસ્ત્રાગારમાં રહેલી તોપ કામ ન લાગે, હાજર હોય તે જ શસ્ત્ર કામ લાગે. પુસ્તકમાં કે નોટોમાં રહેલું જ્ઞાન કામ ન લાગે. જીવનમાં ઊતારેલું જ્ઞાન જ કામ લાગે. એ જ ચારિત્ર છે, એ જ ધ્યાનનું ઘર છે.

જ્યારે પણ તમે નિર્મળાનંદ પામવા ચાહતા હો ત્યારે જ્ઞાન તીક્ષ્ણ બનાવવું જ પડશે.

✧ ✧ ✧ ✧ ✧

ભગવાનના દર્શનમાત્રથી મનના બધા સંતાપ, અપ્રસન્નતા અને સંક્લિષ્ટતા વગેરે પ્રશાન્ત થઈ જાય, એવા પરમ તત્ત્વ ઉપરની શ્રદ્ધાને દૃઢ કરનાર આ પુસ્તક છે.

- સા. જિનાંકિતાશ્રી
અમદાવાદ



કારતક સુદ ૯
૧૭-૧૧-૧૯૯૯, બુધવાર

◆ ગુરુનો પરિવાર તે ગચ્છ. ત્યાં રહેનારને વિપુલ કર્મનિર્જરા થાય. કારણ કે ત્યાં વિનય વિકસે છે, સારણા-વારણાદિ મળે છે. તેથી દોષો દૂર થાય છે. તેમનો વિનય જોઈ નવા પણ તે શીખે. આથી તેની પરંપરા ચાલે. આ ખૂબ મોટો લાભ છે.

બીજાની આરાધનામાં કારણ બનવું અતિપ્રશસ્ત લાભ છે.

(૧) સારણા - સ્મારણા = યાદ કરાવવું.
પડિલેહણ વગેરે કોઈ પણ વાત યાદ કરાવવી.

(૨) વારણા - નિષેધ કરવો.
અશુભ પ્રવૃત્તિથી બીજાને અટકાવવો.

(૩) ચોયણા - ચોદના - પ્રેરણા.
બીજાને ઉંચા ગુણસ્થાનકે ચડવા પ્રેરણા આપવી.
જે જે ગુણની યોગ્યતા દેખાય તેમાં પ્રેરણા આપવી.

(૪) પડિચોયણા - પ્રતિચોદના - પ્રતિપ્રેરણા :
અયોગ્ય વર્તનથી ન અટકે તો તાડનાદિનો પણ પ્રયોગ કરવો.

આ ચારેય વાત ગચ્છમાં જ હોઈ શકે. ગચ્છનો આ બહુ મોટો લાભ છે.

ગચ્છમાં એક-બીજા સહાયક બનવાથી મોક્ષ નિકટ બને છે.

આદિનાથ ભગવાનના જીવે પૂર્વભવમાં જીવાનંદ વૈદ્ય તરીકે પાંચ મિત્રો સાથે કેવી મુનિની સેવા કરેલી ? તેના પ્રભાવથી ભરત, બાહુબલી, બ્રાહ્મી સુંદરી અને શ્રેયાંસકુમાર વગેરે બધા અંતિમ ભવે મોક્ષે ગયા.

સહકારનો કેટલો મોટો પ્રભાવ છે ?

સારણા વગેરે થતા રહે તે ગચ્છમાં રહેનાર શિષ્યનું શીઘ્ર કલ્યાણ થાય છે.

◆ આજે પૂ.પં. ભદ્રંકરવિજયજીનું થોડું ચિંતન વાગોળીએ. લુણાવાથી (વિ.સં. ૨૦૩૩) કચ્છ આવતી વખતે પ્રસાદી રૂપે જે નોટ આપી, તે ખોલું છું.

શુદ્ધ આજ્ઞાયોગ અને ભાવધર્મ શું ચીજ છે ? તે જોઈએ. ધર્મના ૪ પ્રકાર : દાન, શીલ, તપ અને ભાવ.

૪ પ્રકારનો ધર્મ સમગ્ર જગતને ઉપકારક છે. ભગવાનના ૪ મુખ ૪ પ્રકારના ધર્મ એકીસાથે બતાવવા જ જાણે કર્યા છે. તેવી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજીએ કલ્પના કરેલી છે.

ભાવધર્મ તાત્ત્વિક છે. બાકીના ત્રણ એના સાધક છે. એ ત્રણ વિના ભાવધર્મ ઉત્પન્ન ન થાય.

◆ કેશી અને ગૌતમ મળ્યા ત્યારે ચર્ચા થઈ, સમાધાન થયું. આજની જેમ કોઈ ઝગડા ન થયા. ઉત્તરાધ્યયનમાં આનું એક આખું અધ્યયન છે. પૂ. કનકસૂરિજી 'એ દોય ગણધરા' સજઝાય ખાસ બોલતા. સાંભળતાં આનંદ આવતો.

◆ બીજા પ્રત્યે ઔચિત્ય સેવીએ ત્યારે આપણા પર જ આપણે ઉપકાર કરીએ છીએ.

બીજાને ધર્મમાં જોડવામાં નિમિત્ત બનવું એનાથી બીજું કરું શું ? આને 'વિનિયોગ' કહેવાય.

તમે ખરાબ કરશો તો તમારું જોઈને બીજા ખરાબ શીખશે. મોહરાજાના માલનો વિનિયોગ થશે. તમારે કોનો માલ ખપાવવો છે ?

ધર્મરાજા તરફથી સ્વર્ગ-અપવર્ગ મળશે.

મોહરાજ તરફથી કમીશનરૂપે સંસાર-ભ્રમણ મળશે.

વિનિયોગ ઉત્કૃષ્ટ કક્ષાએ કરે તેને ધર્મરાજા ભગવાન બનાવે. વિનિયોગ ઓછી માત્રાએ થતો જાય તેમ તેમ તેને ગણધર, યુગપ્રધાન, આચાર્યાદિ પદ આપતા જાય.

અધ્યાત્મ ગીતા :

'ચેતન અસ્તિ સ્વભાવમાં, જેહ ન ભાસે ભાવ,
તેહથી ભિન્ન અરોચક, રોચક આત્મ સ્વભાવ;
સમકિત ભાવે ભાવે, આતમ શક્તિ અનંત,
કર્મ - નાશન ચિંતન, નાણે તે મતિમંત.' ॥ ૨૪ ॥

◆ જ્ઞાન - ધ્યાનમાં મસ્ત અપ્રમત્ત મુનિ મોહથી ન ડરે, કર્મથી ન ડરે, કોઈ દુર્ભાવ પેદા કરવાની શક્તિ એ કર્મોમાં નથી હોતી. ઉલ્ટું એ કર્મો મુનિથી ડરે : ક્યારે અહીંથી ભાગી છુટીએ.

આ દશામાં વિભાવદશાથી અરુચિ, આત્મ-સ્વભાવની જ રુચિ હોય.

◆ આત્મપ્રદેશમાં કર્મ અને ગુણો બંને છે.

એક અસ્તિ સ્વભાવથી, બીજા નાસ્તિ સ્વભાવથી છે.

કર્મ સંયોગ સંબંધથી વસ્ત્રની જેમ રહેલા છે.

ગુણો સમવાય સંબંધથી ચામડીની જેમ રહેલા છે.

ગુણો અસ્તિ સ્વભાવે અને કર્મો નાસ્તિ સ્વભાવે છે.

સત્તામાં ગુણો અનાદિથી છે, તેમ કર્મો પણ અનાદિથી છે.

પણ બંનેના સંયોગમાં ઘણો ફરક છે. ઘરના કુટુંબી અને નોકરોમાં ફરક ખરો ને ? વસ્ત્રમાં મેલ પણ છે ને તંતુ પણ છે, ફરક ખરો ને ?


કર્મો મેલ છે, ગુણો તંતુ છે.

કર્મો નોકર છે, ગુણો કુટુંબીઓ છે.

આપણે ગુણોને, કુટુંબીઓને કાઢીએ છીએ, ને ઉદ્ધત નોકરોને (દોષોને) કાઢવાને બદલે પંપાળીએ છીએ.

◆ ડૉકટરને પૂછ્યા વિના પોતાની મેળે દવા લઈને દર્દી નીરોગી ન બની શકે, તેમ ગુરુ વિના પોતાની મેળે શિષ્ય ભાવરોગથી મુક્ત ન બની શકે.

✧ ✧ ✧ ✧ ✧



કારતક સુદ ૧૦
૧૮-૧૧-૧૯૯૯, ગુરુવાર

અધ્યાત્મ ગીતા :

'વ્યવહારથી જીવ ભલે બંધાયેલો છે, પણ નિશ્ચયથી એ અલિપ્ત છે. કારણ કે બધા જ દ્રવ્યો પરસ્પર અપ્રવેશી છે. અનાદિકાળથી જીવ અને પુદ્ગલ સાથે હોય, છતાં જીવ પુદ્ગલ નથી બનતો અને પુદ્ગલ જીવ નથી બનતો.' આવી વાતો જાણતો હોવાથી અલિપ્ત સાધક મોહનો પરાજય કરે છે. મોહને જીતવાના આ તીક્ષ્ણ શસ્ત્રો છે.

◆ જ્ઞાનસાર વ્યવહાર અને નિશ્ચય બંનેના સંતુલનવાળો અદ્ભુત ગ્રંથ છે. સાધક માટે ખૂબ જ ઉપયોગી છે. માટે જ પૂ. દેવચન્દ્રજીએ યશોવિજયજીને ભગવાન કહીને તેના પર 'જ્ઞાનમંજરી' ટીકા લખી છે. જ્ઞાનસાર સર્વમાન્ય ગ્રંથ છે.

◆ જે પુદ્ગલો સ્વથી ભિન્ન છે, તેના પર પ્રેમ શો ? તેના પર આસક્તિ શી ? એમ અપ્રમત્ત મુનિ જાણે છે. જ્યારે આપણને પુદ્ગલો પર ગાઢ આસક્તિ છે, પુદ્ગલો પોતાના લાગે છે.

જ્યાં સુધી આપણા તરફથી સત્કાર અને સન્માન મળતા રહેશે ત્યાં સુધી પુદ્ગલો આત્મ-ઘરમાંથી નીકળવાનું નામ નહિ લે. ગુંદરીયા મહેમાનોને રોજ મીઠાઈ આપ્યા કરો, પછી શાના જાય ?

અપ્રમત્ત મુનિ આ ગુંદરીયા મહેમાનને ઓળખી ગયા છે. તે, તેમને સત્કાર આપવાનું બંધ કરે છે.

સ્વદ્રવ્યાદિ ૪ થી અસ્તિત્વ.

પરદ્રવ્યાદિ ૪થી નાસ્તિત્વ આત્મામાં રહેલું છે.

અર્થાત્ નાસ્તિત્વનું પણ આત્મામાં અસ્તિત્વ છે.

મોહરાજાનું બધું જ લશ્કર આત્મામાં નાસ્તિત્વ રૂપે જ રહેલું છે, અસ્તિત્વ રૂપે નહિ જ. આ વાતનો આપણને ખ્યાલ ન હોવાથી જ આપણે દુઃખી છીએ.

આત્મા તો નિર્મળ સ્ફટિક જેવો છે. એમાં ક્યાંય અશુદ્ધિનો અંશ નથી.

જીવનથી કંટાળી જઈએ, હતાશા આપણને ઘેરી વળે ત્યારે શુદ્ધ સ્વરૂપનો વિચાર આપણામાંથી કાયરતાને ભગાડી મૂકે છે.

દુર્ગાદાસ બહુ જ જિજ્ઞાસુ શ્રાવક હતો, એની વિનંતીથી જ અધ્યાત્મ-ગીતાની રચના થઈ છે. તે વખતે લાડુબેન નામની શ્રાવિકા ખૂબ જ જિજ્ઞાસુ હતી. તે એના તત્ત્વપૂર્ણ પત્રથી સમજાય છે.

એ પત્ર એક પુસ્તકમાં છપાયેલો છે.

'સ્વગુણ ચિંતનરસે બુદ્ધિ ઘાલે,
આત્મસત્તા ભણી જે નિહાલે;
શુદ્ધ સ્યાદ્વાદ પદ જે સંભાલે,
પર ઘરે તેહ મુનિ કેમ વાલે ?' ॥ ૨૫ ॥

◆ આજે ભલે પિતાની રકમ છે, પણ કાલે એ પુત્રની જ થવાની, તેમ ભગવાનનું ઐશ્વર્ય અંતતોગત્વા ભક્તનું જ છે.

◆ **ભગવાનની મૂર્તિ અને ભગવાનના આગમ આપણા**

માટે દર્પણ છે. જેમાં નિરીક્ષણ કરતાં તરત જ આપણા દોષો દેખાવા લાગે.

ક્રોધના આવેશમાં હોઈએ ને ભગવાનની શાંત પ્રતિમા જોઈએ ત્યારે આપણે કેવા લાગીએ ? ક્યાં શાંતરસમય પ્રભુ ? ક્યાં ક્રોધથી ધમધમતો હું ?

ભગવાનના આગમો વાંચતાં પણ આપણા અઢળક દોષો સ્પષ્ટ દેખાય.

દર્પણ કોઈ જ પક્ષપાત કરતો નથી. તમે રડતા હો તો તમારું મોં રડતું બતાવે. હસતા હો તો હસતું બતાવે. ભગવાનની મૂર્તિ અને આગમ પણ કોઈ પક્ષપાત કરતા નથી. જે 'છે' તે જ બતાવે છે.

◆ ભગવાનની પૂજા વસ્તુતઃ આત્માની જ પૂજા છે.

ગુરુ કે ભગવાન પોતાનો વિનય કરાવતા નથી, કે પોતાની પૂજા કરાવતા નથી, પણ સાધકનો આ જ માર્ગ છે : એ પૂજા-વિનય કરતો જાય તેમ તેનો સાધનાનો રસ્તો સ્પષ્ટ બનતો જાય, એને પોતાને જ લાભ થતો જાય.

માટે જ 'જેહ ધ્યાન અરિહંત કો સોહી આતમધ્યાન.' એમ કહેવાયું છે. માટે જ પ્રભુના ગુણોમાં મગ્નતા તે વસ્તુતઃ આત્મામાં જ મગ્નતા છે, એમ જણાવાયું છે.

જેને આત્મામાં રમણતારૂપ અમૃત મળી ગયું તેને પરભાવનો વિચાર હળાહળ ઝેર લાગે.

સ્વભાવદશા અમૃત છે.

વિભાવદશા ઝેર છે.

ઝેર છોડીને અમૃત-પાન કરો, એટલી જ શીખામણ છે.

'यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।
विषयान्तर - सञ्चारस्तस्य हालाहलोपमः ॥'

જ્ઞાન અમૃતનો દરિયો છે. એ પરબ્રહ્મરૂપ છે. એમાં જે ડૂબી ગયો તેને બીજા વિષયો હળાહળ ઝેર જેવા લાગે.

✧ ✧ ✧ ✧ ✧



ભીમાસર (કચ્છ) અંજન શલાકા - પ્રતિષ્ઠા, વિ.સં. ૨૦૪૬

કારતક સુદ ૧૧
૧૯-૧૧-૧૯૯૯, શુક્રવાર

◆ સાધના વધે તેમ આત્મશક્તિ વધે.

સાધના વધારવા ભક્તિ અને શ્રુત - અભ્યાસ વધારવો જોઈએ, તે મુજબ (ચારિત્ર) જીવવું જોઈએ. આ ત્રણેય અનુષ્ઠાન ગુણ - સમૃદ્ધિ વધારે, દોષોની હાનિ કરે. દવા તેને જ કહેવાય, જે રોગ મટાડે તથા પુષ્ટિ પણ કરે.

◆ પ્રભુની આજ્ઞા ભાવધર્મ સાથે સંબંધ ધરાવે છે. આ વાત ઉપદેશપદમાં હરિભદ્રસૂરિજીએ સવિસ્તર બતાવી છે.

શુદ્ધ આજ્ઞાયોગથી અધ્યાત્મ
અધ્યાત્મથી ક્રિયાયોગ
ક્રિયાયોગથી વિમર્શ અને વિમર્શથી તાત્ત્વિક સ્પર્શના.
તત્ત્વસ્પર્શનાથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય.

◆ દવા ત્રણ રીતે જણાય.

(૧) રોગ નિવૃત્તિ.
(૨) આરોગ્યની વૃદ્ધિ.
(૩) સૌંદર્ય - તુષ્ટિ - પુષ્ટિ - પ્રસન્નતાની વૃદ્ધિ.

જિનાજ્ઞા પણ ત્રણ કાર્યથી પરખાય.

(૧) નવા કર્મોને રોકે - સંવર.

(૨) અશુભ કર્મોને તોડે - નિર્જરા.

(૩) શુભ કર્મ બંધાય - પુણ્ય.

એ ત્રણેનું ફળ પરમપદ - મોક્ષ મળે.

◆ ધર્મ કેવળ ક્રિયાપરક નથી, પણ ભાવપરક છે. ગુણ - સ્થાનકોની ગણત્રી ભાવથી થાય છે, ક્રિયાથી નહિ. વેપારમાં નફો મુખ્ય હોય છે તેમ ધર્મમાં ભાવ મુખ્ય છે. વેપારમાં બધા પદાર્થોમાં ભાવ (કિંમત) મુખ્ય છે. એક K.G. લાડુ ૧૫ રૂ.માં મળે અને ૧ તોલો સોનું પાંચ હજારમાં મળે.

કઈ વસ્તુ કેટલા ભાવમાં વેચો છો, તેની વેપારમાં કિંમત છે. ભાવની વધ-ઘટ પર નફો-નુકશાન આધારિત છે.

અહીં ધર્મમાં પણ ભાવ મુખ્ય છે.

જીવત્વ બધામાં સમાન હોવા છતાં ભવ્ય, અભવ્ય, દુર્ભવ્ય વગેરે ભેદો ભાવના કારણે પડે છે.

ધર્મ ભાવનાશીલ વ્યક્તિને જ લાગુ પડે.

વરસાદ પડે, પણ ફાયદો કઈ ધરતીને થાય ? જેમાં બીજ વવાયેલા હોય તેને. અહીં પણ ભાવ, બીજના સ્થાને છે.

ભાવ અને અધ્યાત્મ બંને એક જ છે. દાનાદિ ત્રણને ભાવ યુક્ત બનાવવા તે જ અધ્યાત્મ.

'નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે.'

ભાવને ઉત્પન્ન કરનારા હોય તો નામ વગેરે અને દાન વગેરે પણ ઉપાદેય છે, એ પણ ભૂલવું નહિ.

ભાવ કેવો હોય ?

(૧) સર્વ જીવો પ્રતિ મૈત્રી યુક્ત...

(૨) ગુણી તરફ પ્રમોદ યુક્ત...

(૩) દુઃખી જીવો પ્રતિ કરુણા યુક્ત...

(૪) નિર્ગુણી જીવો પ્રતિ માધ્યસ્થ્ય યુક્ત હોય...

પછી શુભ આજ્ઞાયોગ આવે, તે પરમ-પદનું અવંધ્ય

કારણ બને છે. તથાભવ્યત્વના પરિપાકથી ગ્રંથિભેદ થતાં શુભ આજ્ઞાયોગ આવે છે.

◆ તથાભવ્યતા પાકી નથી, ગ્રંથિભેદ થયો નથી, એમ ન બોલો, એ માટે, કોઈ પ્રયત્ન (દુષ્કૃતગર્હા, સુકૃત અનુમોદના, શરણાગતિરૂપ) નથી કર્યા, એમ બોલો.

◆ પ્રસ્તાવના કે અનુક્રમણિકામાં જેમ ગ્રંથનો પરિચય આવેલો હોય, તેમ નવકારમાં સંપૂર્ણ જિનશાસનનો પરિચય છે. નવકાર એટલે જિનશાસનની પ્રસ્તાવના...! અથવા અનુક્રમણિકા. આવું સમજ્યા પછી જે કાંઈ શાસ્ત્રો વાંચશો તેમાં નવકાર જ દેખાશે.

અધ્યાત્મ ગીતા :

આત્મલીનતા ભલે થોડા સમયની હોય, પણ એટલી ઝલકથી મુનિનું સંપૂર્ણ જીવન બદલાઈ જાય. વ્યવહારમાં પણ એ ઝલકની છાંટ દેખાય.

પછી અવગુણો બધા ચાલતી પકડે. 'ભગવાન હૃદયમાં આવી ગયા છે. એ આપણને હાંકી કાઢે એ પહેલા જ આપણે બિસ્રા-પોટલા પેક કરીને ચાલવા માંડો,' એમ સમજીને દોષો રવાના થવા માંડે.

ચોવીશેય કલાક હૃદયમાં જો પ્રભુનામ અને પ્રભુ-મૂર્તિ રમે તો દોષોને ઘુસવાનો કોઈ સવાલ નથી.

'પુણ્યપાપ બે પુદ્ગલ-દલ ભાસે પરભાવ,
પરભાવે પરસંગત પામે દુષ્ટ વિભાવ;
તે માટે નિજભોગી યોગીસર સુપ્રસન્ન,
દેવ નરક તૃણ મણિ સમ ભાસે જેહને મન્ન.' ॥ ૨૬ ॥

પુણ્ય-પાપ પર પણ તે યોગીને સમભાવ હોય. સોનું હોય કે માટી બંને પુદ્ગલ છે, તેમ પુણ્ય-પાપ પણ પુદ્ગલ છે.

પુણ્યથી મળેલા સુખોમાં આસક્તિથી આત્મા દુષ્ટ વિભાવદશાને પામશે, એવું તે યોગી જાણતા હોય છે.

અનિષ્ટ પર અણગમો નહિ,
ઈષ્ટ પર રાજીપો નહિ,

મુનિનો આ મધ્ય માર્ગ છે.

જ્યાં તમે સાતાના ઈચ્છુક બનો છો, તે જ ક્ષણે કર્મો તમને ચોંટે છે. જે ક્ષણે તમે ક્યાંક અણગમો કરો છો, તે જ ક્ષણે તમને કર્મો વળગે છે.

આવું જાણનાર સમભાવમાં મગ્ન મુનિને સ્વર્ગ કે નરક, સોનું કે માટી, વંદક કે નિંદક, માન કે સન્માન બધા પર સમાનભાવ હોય.

'તેહ સમતારસી તત્ત્વ સાધે,
નિશ્ચલાનંદ અનુભવ આરાધે,
તીવ્ર ઘનઘાતી નિજ કર્મ તોડે,
સંધિ પડિલેહિને તે વિછોડે.' ॥ ૨૭ ॥

શ્રેણિ એટલે ઉત્તરોત્તર વિશુદ્ધ પરિણામ ! દરિયામાંની ભરતી જોઈ લો. તે વખતે નવા કર્મો તો ન બંધાય, પણ ધ્યાનના કુહાડાથી તીવ્ર ઘનઘાતી કર્મોના લાકડા તડ... તડ... તુટવા માંડે.

ગાંઠવાળા લાકડાને તોડવામાં ખૂબ મુશ્કેલી પડતી હોય છે. લાકડાની જેમ કર્મોમાં પણ ગાંઠ હોય છે. આવા ગાંઠવાળા કર્મો તોડવા મુશ્કેલ હોય છે. (સંધિ એટલે ગાંઠ)

પરપદાર્થો પર રાગની ગાંઠ,

જીવો પર વેરની ગાંઠ.

આવી અનેક ગાંઠોના કારણે કર્મો પણ ગાંઠવાળા લાકડા જેવા મજબૂત બનતા હોય છે.

◆ આ કાળમાં સીધું આત્માનું આલંબન ન લઈ શકાય, પ્રભુનું આલંબન જ પ્રથમ જરૂરી છે. ઉપર જવા માટે સીડી જોઈએ તેમ આત્મા પાસે જવા પ્રભુ જોઈએ.

સીડી વિના ઠેકડા મારનારના હાડકા ભાંગે. પ્રભુ વિના સાધના કરનાર માર્ગભ્રષ્ટ બને તેવી વધુ સંભાવના છે.

✧ ✧ ✧ ✧ ✧



ભોયણી, તા. ૧૮-૨-૨૦૦૨

કારતક સુદ ૧૨
૨૦-૧૧-૧૯૯૯, શનિવાર

◆ ભગવાનના ઉપદેશનું ફળ છે : આત્માનુભવ. એ ફળ મેળવીને જ મહાપુરુષોએ અન્યો માટે માર્ગદર્શક ગ્રંથો રચ્યા છે, અહંના પોષણ માટે નહિ.

◆ શુદ્ધ આજ્ઞાયોગ અધ્યાત્મનું અવંધ્ય કારણ છે.

શુદ્ધ આજ્ઞાયોગ આવે એટલે અધ્યાત્મ આવ્યા વિના રહે જ નહિ. ચરમાવર્ત્ત કાળમાં જ તે પ્રાપ્ત થઈ શકે.

ચરમાવર્ત્ત પણ ઘણો લાંબો છે. અનંતા ભવો થઈ જાય, અનંત ઉત્સર્પિણી - અવસર્પિણીઓ નીકળી જાય. માટે તેમાં પણ જ્યારે ગ્રંથિનો ભેદ થાય ત્યારે જ અધ્યાત્મ આવે.

અધ્યાત્મ ન આવે ત્યાં સુધી કર્મોનો ભરોસો ન કરાય. લોકો ભલે બોલતા થઈ જાય : 'ઓહ ! મહારાજ ઘણા સદ્‌ગુણી' પણ એનાથી ભ્રમમાં નહિ પડતા. ભગવાનની નજરે આપણે સદ્‌ગુણી બનીએ ત્યારે સાચા અર્થમાં સદ્‌ગુણી બન્યા સમજવું.

કર્મના થોડા ઉપશમથી ગુણો દેખાતા થઈ જાય, પણ

એનો ભરોસો નહિ : ક્યારે જતા રહે.

ભગવાનની આજ્ઞા એટલે ગુરુની આજ્ઞા.

ભગવાનની આજ્ઞા તમે પાળી રહ્યા છો, તેની, ગુરુ ખાતરી આપી શકે. ગુરુ આગમાનુસારી જ હોય.

આ બધું તથાભવ્યતાના પરિપાકથી જ થાય છે. એ માટે ચતુઃ શરણગમનાદિ માટે આપણે જ પ્રયત્ન કરવો પડે.

◆ વૈરાગ્યાદિ ગુણોથી તથાભવ્યતાનો પરિપાક જણાય.

મુમુક્ષુમાં વૈરાગ્ય સૌ પ્રથમ જોઈએ. બહુ મોહમાં ફસાવા જેવું નથી. આજનો મુમુક્ષુ તમારો શિષ્ય તો નહિ બને, ગુરુ ન બની બેસે તે જોશો. માત્ર બુદ્ધિ નહિ, એની પરિણતિ જોજો.

◆ રત્નોનો હાર બનાવવો હોય તો છિદ્ર દ્વારા દોરો પરોવવો જોઈએ. અહીં પણ કર્મમાં કાણું (ગ્રંથિભેદ) પડવું જોઈએ. તો જ ગુણ-રત્નની માળા બની શકે.

◆ ગ્રંથિભેદનો પદાર્થ કથા દ્વારા સમજવો હોય તો સિદ્ધર્ષિ કૃત ઉપમિતિ ગ્રંથનો પ્રથમ પ્રસ્તાવ વાંચજો. અદ્‌ભુત વર્ણન છે !

૨૧ વાર બૌદ્ધ સાધુ બનવા તૈયાર થયેલા સિદ્ધર્ષિ વારંવાર ગુરુના આગ્રહથી રોકાઈ જતા. છેલ્લી વખતે લલિતવિસ્તરા ગ્રંથ વાંચવાથી એમનો આત્મા જાગૃત થઈ ઊઠ્યો. વીતરાગ પ્રભુની અનંત કરુણા દેખાઈ. બુદ્ધની કરુણા ફીકી લાગી.

વિ.સં. ૨૦૧૭-૧૮માં પૂજયશ્રીને ભણાવનાર જામનગરથી આવેલા પં. વ્રજલાલજી ઉપાધ્યાય :

'विषं विनिर्धूय कुवासनामयं, व्यचीचरद् यः कृपया ममाशये ।
अचिंत्यवीर्येण सुवासना-सुधां, नमोऽस्तु तस्मै हरिभद्रसूरये ॥'

- सिद्धर्षि.

'કુશાસ્ત્રોના ઝેરને દૂર કરીને જેમણે મારા અંતઃકરણમાં અચિંત્ય શક્તિથી સુસંસ્કારનું અમૃત ભર્યું, તે હરિભદ્રસૂરિને નમસ્કાર થાઓ.'

- न्यायावतार - टीकानुं मंगलाचरण

આ અમારા જામનગરના પંડિતજી છે. જોવા આવ્યા છે : અમારા વિદ્યાર્થી કેમ છે ?

◆ ભગવાન જ ચારિત્રાદિ આપનારા છે ને મોક્ષદાતા છે, એ વાત સિદ્ધર્ષિને હરિભદ્રસૂરિ રચિત લલિતવિસ્તરા દ્વારા સમજાઈ. આથી જ એમણે હરિભદ્રસૂરિને પોતાના ગુરુ માન્યા.

ઉપમિતિના પ્રથમ પ્રસ્તાવમાં તેમણે આ રીતે યાદ કર્યા છે :

'नमोऽस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये ।
मदर्थं निर्मिता येन, वृत्तिर्ललितविस्तरा ॥'

તે હરિભદ્રસૂરિને નમસ્કાર હો, જેમણે જાણે મારા માટે લલિતવિસ્તરા ટીકા બનાવી.'

છિદ્ર વિના મોતીમાં દોરો ન આવે તેમ અભિન્નગ્રંથિમાં ગુણો નથી આવતા. (સંસ્કૃતમાં દોરા માટે **'गुण'** શબ્દ પણ છે).

તે બીજા માટે કદાચ ઉપયોગી બની શકે, પણ સ્વ માટે જરાય નહિ. તે ભેદો - પ્રભેદો બધા ગણાવી દેશે, પણ અંદર નહિ ઉતરે, તેનામાં વિષય પ્રતિભાસ જ્ઞાન જ હશે.

આત્મ પરિણતિમત્ જ્ઞાન ૪થા ગુણસ્થાનકથી ને
તત્ત્વ સંવેદન જ્ઞાન છઠ્ઠા ગુણસ્થાનકથી હોય છે.

આજ્ઞાયોગ ગુરુ-લાઘવથી થાય છે. ગુરુ-લાઘવ વિજ્ઞાન છે. ગુરુ-લાઘવ એટલે નફો-નુકશાનીની વિચારણા.

વેપારી વેપારમાં નફો-નુકશાનીની વિચારણા કરે તેમ
સંયમી પણ સંયમમાં નફો-નુકશાનીની વિચારણા કરે.

ઉત્સર્ગ કે અપવાદ બંનેમાં ફાયદાકારક હોય તેનો પ્રયોગ કરે.

ઉપદેશ-પદની ટીકામાં આ લખેલું છે.

અધ્યાત્મ ગીતા :

માત્ર ૪૯ શ્લોકોમાં 'અધ્યાત્મ'નું શબ્દચિત્ર પૂ. દેવચન્દ્રજીએ દોર્યું છે તે સાચે જ અદ્ભુત છે.

૫૦ વર્ષ પહેલા મેં આ ૪૯ શ્લોકો કંઠસ્થ કરેલા. રાજકોટ (વિ.સં. ૨૦૧૭)માં પહેલીવાર જોયું કે શ્રાવકો તેનો

પાઠ કરી રહ્યા હતા. મને આનંદ થયો.

'સમ્યગ્ રત્નત્રયીરસ રાચ્યો ચેતનરાય,
જ્ઞાનક્રિયા ચક્રે, ચકચૂરે સર્વ અપાય;
કારક ચક્ર સ્વભાવથી, સાધે પૂરણ સાધ્ય,
કર્તા કારણ કારજ, એક થયા નિરાબાધ.' ॥ ૨૮ ॥

◆ આજ સુધી પુદ્ગલનો, અર્થ-કામનો રસ હતો, તે દીક્ષા લેતાં છુટ્યો, પણ અહીં ફરી નવો સાંસારિક કહી શકાય તેવો રસ પેદા થયો નથીને ? તે જોજો.

એ બધા રસો તોડવા હોય તો રત્નત્રયીનો રસ પેદા કરવો પડે. જ્ઞાન અને ક્રિયાનું ચક્ર એવું જોરદાર છે જે મોહરાજાનું માથું કાપી નાખે. મોહરાજા નષ્ટ થતાં જ સર્વ અપાય દૂર થાય છે. ચેતનરાજ વિજેતા બને છે.

કુમારપાળે જેમ અર્ણોરાજને હરાવ્યો તેમ ચેતન મોહરાજને હરાવે છે.

ચક્રવર્તી પાસે શત્રુચૂરક ચક્ર હોય તેમ ચેતન પાસે પણ કારક-ચક્ર છે. કારક ચક્રથી (ષટ્કારક ચક્ર) મોહની સેના ધૂળ ચાટતી થઈ જાય. ત્યારે કર્તા-કારણ અને કાર્ય ત્રણેય એક થઈ જાય.

ષટ્કારક ચક્ર વિના કોઈ ભૌતિક કાર્ય પણ થઈ શકે નહિ તો આધ્યાત્મિક કાર્યની તો વાત જ શી કરવી ?

અત્યારે પણ આપણે ષટ્કારક ચક્રથી જ વ્યવહાર ચલાવી રહ્યા છીએ.

ષટ્કારક - શક્તિ ઊઘાડી છે. એને કોઈ કર્મનું આવરણ નથી. જો એને પણ કોઈ કર્મનું આવરણ હોત તો કર્મ-બંધન જ થઈ શકત નહિ. આ કારક-ચક્ર માત્ર જીવ પાસે જ છે.

આ છમાં કારક મુખ્ય છે. બાકીના પાંચ એને આધીન છે.

પૂ. દેવચન્દ્રજી મ.નો આ મુખ્ય વિષય છે. એમણે પોતાના સ્તવનમાં આ વિષય ખૂબ જ સરસ રીતે ગુંથ્યો છે. માટે જ એમના સ્તવન કંઠસ્થ કરવાનો હું આગ્રહ રાખું છું.

અત્યારે આપણા છએ કારક કર્મ-બંધનનું જ કામ કરી

રહ્યા છે. કોઈ માણસ, ઘરના ભૂખ્યા મરે ને બીજા માટે કમાણી કરે તો તેને કેવો કહીશું ? આપણો ચેતન આવું જ કરે છે. આપણી જ શક્તિઓ દ્વારા આપણે કર્મનું કામ કરી આપીએ છીએ.

'ઘરના ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો.'

◆ અત્યારે આપણે કષાય-નોકષાય આદિની આજ્ઞાથી જીવી રહ્યા છીએ, એ રીતે પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. છતાં માનીએ છીએ એમ કે અમે સ્વતંત્ર છીએ, અમે ધારીએ તે કરીએ છીએ. આપણી સ્વતંત્રતા પર મોહરાજા ખડખડાટ હસે છે. કઠપૂતળી કહે : હું સ્વતંત્રપણે નાચું છું - એના જેવું આપણું અભિમાન છે.

◆ માટીમાંથી ઘડો બને એ સાચું. જાવ, સીધા જ જમીનમાંથી ખોદીને ઘડા લઈ આવો. મળશે ? નહિ, એ માટે કુંભારની મદદ જોઈશે. આપણે પણ નિગોદમાં માટી જેવા હતા. ત્યાંથી આપણને કાઢનાર ભગવાન છે. એમના દ્વારા જ આપણે ભગવત્ સ્વરૂપ પ્રાપ્ત કરીશું.

ષટ્કારક :

(૧) કરનાર કારક - કર્તા.

(૨) કરવાનું કાર્ય તે કર્મ - ઘડો. કરવાનું કાર્ય.

(૩) કાર્યનું સાધન. ઉપાદાન અને નિમિત્ત કારણ.

ઉપાદાન : દા.ત. માટી.

નિમિત્ત : દંડ, ચક્ર આદિ.

(૪) સંપ્રદાન : નવા નવા પર્યાયની પ્રાપ્તિ.

માટી - પિંડો - સ્થાસક આદિ માટીની અવસ્થાઓ.

(૫) અપાદાન : પૂર્વ પર્યાયનો નાશ અને ઉત્તર પર્યાયનો ઉત્પાદ.

(૬) અધિકરણ : સર્વ પર્યાયનો આધાર. દા.ત. ઘડા માટે જમીન.

રોટલીમાં પણ આ કારક ઘટાવી શકાય.

આ જ કારકચક્ર આપણે આત્મામાં ઘટાવવાનું છે.

✧ ✧ ✧ ✧ ✧



अपार मानव-मेदनी के बीच पूज्यश्री के अग्नि-संस्कार,
शंखेश्वर, दि. १८-२-२००२

કારતક સુદ ૧૩
૨૧-૧૧-૧૯૯૯, રવિવાર

◆ 'सयल संसारी ईन्द्रियरामी, मुनि-गण आतमरामी रे.'

संसारना बधा ज प्राणीओ ईन्द्रियोमां आनंद माननारा छे. मुनिओ ज मात्र आत्मामां आनंद माननारा छे. पतंगियाने दीवामां सोनुं देखाय छे ने तेनी पाछळ दोट मूकीने मृत्यु वहोरी ले छे तेम संसारीओ ईन्द्रियोना विषय पाछळ भावप्राणोने खतम करे छे.

पतंगियुं तो चउरिन्द्रिय छे, एनी भूल क्षम्य गणाय, पण विवेकी मनुष्य माटे आ शरमजनक नथी ?

◆ संस्कृत तो अमे पछी भण्या. ए पहेला अमारे तो आनंदघनजी, पू. देवचन्द्रजी आदिनुं गुजराती साहित्य ज आधारभूत हतुं. केटलो उपकार कर्यो छे एमणे अमारा जेवा पर !

हवेना बाळको तो एवा तैयार थई रह्या छे के गुजराती पण नथी आवडतुं ! परदेशी भाषा ईंग्लीश तो आवडे छे, पण घरनी भाषा नथी आवडती ! आवाओ पर उपकार केम

કરવો ? એ પણ પ્રશ્ન થઈ રહ્યો છે !

◆ આપણો આત્મા જ આપણે ન જાણી શકીએ તો શું જાણી શકીશું ? આપણી દ્રવ્ય ક્રિયાઓ મોક્ષ આપી દેશે ?

જો કે, ક્રિયાઓ નિરર્થક નથી. એકલું ધ્યાન ઉપયોગી નથી થતું. કારણ કે આખો દિવસ ધ્યાન થઈ શકતું નથી. ધ્યાન સિવાયના સમયમાં ક્રિયા ઉપયોગી થઈ પડે છે. **ક્રિયા છોડીને જે ધ્યાનમાં જ જોડાવા પ્રયત્ન કરે છે તે ધ્યાનને તો નથી પામી શકતો પણ ક્રિયાથી પણ ભ્રષ્ટ બને છે.**

◆ ભુજના એક અજૈન ભાઈએ 'હું પરિવારને સંતોષ આપી શકતો નથી.' વગેરે કહીને ધ્યાનની ઊંચી વાતો કરી.

મેં કહ્યું : તમે અત્યારે ક્યાં છો ? તે જુઓ. કર્તવ્ય નિભાવો પછી તેના ફળરૂપે ધ્યાન મળશે.

ગઈકાલે જ એ પાછો આવ્યો કહે : 'મહારાજ ! હવે આનંદ આનંદ થઈ ગયો.'

તમે જાણો છો : ૧૦પૂર્વી માટે જિનકલ્પ સ્વીકારનો નિષેધ છે ?

શા માટે ? એ ગચ્છ પર ઘણો ઉપકાર કરી શકે તેમ છે માટે.

આ જ વાત થોડા અંશે અન્યત્ર પણ લાગુ પડી શકે.

◆ ગઈકાલના ષટ્કારક ચક્ર આત્મામાં ઘટાડીએ.

(૧) કારક : દ્રવ્ય-ભાવકર્મનો કરનાર આત્મા સ્વયં કારક છે. ૨૪ કલાક કર્મબંધનનું આ કામ ચાલુ જ છે. કારણ કે જીવમાં કર્તૃત્વાદિ શક્તિઓ ઊઘાડી જ છે. એ શક્તિઓને વિભાવથી અટકાવીને સ્વભાવગામી ન બનાવીએ ત્યાં સુધી મોક્ષ તો શું સમ્યક્ત્વ પણ ન મળે. કર્મ પછી જ કપાય. જો કે, પછી પણ પ્રયત્ન તો કરવો જ પડે.

નખને પણ કાપવા પ્રયત્ન કરવો પડે તો પ્રયત્ન કર્યા વિના કર્મ શી રીતે કપાય ?

(૨) કર્મ : દ્રવ્ય-ભાવ કર્મનું બંધનરૂપ કાર્ય.

(૩) કરણ : ભાવાશ્રવ - અશુદ્ધભાવ પરિણતિ. પ્રાણાતિપાતાદિ - દ્રવ્યાશ્રવ.

(૪) સંપ્રદાન : નવી અશુદ્ધતાથી નવા કર્મોનો લાભ થાય તે.

(૫) અપાદાન : આત્મ-સ્વરૂપનો અવરોધ. ક્ષાયોપશમિક ગુણોની હાનિ થવી તે. સ્વરૂપથી છુટા પડવું.

(૬) આધાર : આવી અનંત અશુદ્ધિઓનું આશ્રયસ્થાન આત્મપ્રદેશો.

આ કારક-શક્તિઓનું કામ અનાદિકાળથી ચાલુ છે. આપણી જ કારક શક્તિઓ આપણું નુકશાન કરી રહી છે.

'સ્વ-ગુણ આયુધ થકી કર્મ ચૂરે,
અસંખ્યાત ગુણી નિર્જરા તેહ પૂરે;
ટલે આવરણથી ગુણ વિકાસે,
સાધના શક્તિ તિમ તિમ પ્રકાશે.' ॥ ૨૯ ॥

છએ કારક સૌ પ્રથમ ભગવન્મય બને ત્યારે બધું બદલવા માંડે. આથી સ્વગુણરૂપી શસ્ત્રો પેદા થયા. એ શસ્ત્રો કર્મના ભુક્કા બોલાવી દે. પછી તો સાધક અસંખ્યાતગુણી નિર્જરા કરતો રહે. ક્ષણે-ક્ષણે નિર્જરાનો પ્રકર્ષ વધતો જાય.

ધ્યાનમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર એક થઈ જાય છે. કોઈ પણ કાર્ય જીવ કરે છે ત્યારે બધી જ શક્તિઓ એકી સાથે કામ કરવા લાગે છે. ચાહે એ કામ શુભ હોય કે અશુભ. આત્મ-પ્રદેશોમાં કદી અનેકતા નથી હોતી. બધા સાથે મળીને જ કામ કરે. મિથ્યાત્વ વખતે જ્ઞાનાદિ શક્તિ - મિથ્યાજ્ઞાનાદિ શક્તિઓ કહેવાય છે. સમકિતની હાજરીમાં તે સમ્યગ્ જ્ઞાનાદિ શક્તિઓ કહેવાય છે.

◆ પૂ. દેવચન્દ્રજી અભ્યાસી ઉદાર પુરુષ હતા. પોતે ખરતરગચ્છીય હોવા છતાં તપાગચ્છીય ઉપાધ્યાય યશોવિજયજી કૃત જ્ઞાનસાર પર જ્ઞાનમંજરી ટીકા રચી છે તેમ તપાગચ્છીય જિનવિજયજી, ઉત્તમવિજયજીને એમણે વિશેષાવશ્યક, અનુયોગદ્વાર આદિ ભણાવ્યા પણ છે.

◆ પરમ દિવસે ભદ્રગુપ્તસૂરિજી અમદાવાદમાં કાળધર્મ પામ્યા. અમારા જૂના પરિચિત હતા. હિન્દી - ગુજરાતી સાહિત્યના મોટા સર્જક હતા. એમના ગ્રંથો આજે પણ લોકો પ્રેમથી વાંચે છે. હમણા છેલ્લે અમે અમદાવાદમાં મળી પણ આવ્યા. એમનો આત્મા જ્યાં હોય ત્યાં સમાધિ પ્રાપ્ત કરે, પરમપદ નિકટ બનાવે.

✧ ✧ ✧ ✧ ✧



કારતક સુદ ૧૫
૨૩-૧૧-૧૯૯૯, મંગળવાર

'પ્રગટ્યા આતમ-ધર્મ થયા સવિ-સાધન-રીત,
બાધક - ભાવ ગ્રહણતા ભાગી જાગી નીત;
ઉદય ઉદીરણા તે પણ પૂરવ નિર્જરાકાજ,
અનભિસંધિ બંધકતા નીરસ આતમરાજ.' ॥ ૩૦ ॥

◆ આ મૂર્તિ કાંઈ રમકડું નથી. એ સાક્ષાત્ પ્રભુનું રૂપ છે. ભક્ત એમાં પ્રભુને જ જુએ છે.

આગળ વધીને ભક્ત પ્રભુ-નામમાં પણ પ્રભુને જુએ છે. પ્રિય વ્યક્તિના પત્રમાં જેમ વાંચનાર, વ્યક્તિનું જ દર્શન કરે છે. તેમ પ્રભુ-નામમાં ભક્ત પ્રભુનું જ દર્શન કરે છે.

જગતના સર્વ-વ્યવહારો આપણે નામ અને નામીના અભેદથી જ ચલાવીએ છીએ, પણ અહીં જ, (સાધનામાં જ) વાંધો આવે છે. **રોટલી બોલતાં જ રોટલી યાદ આવે છે. ઘોડો બોલતાં જ ઘોડો યાદ આવે છે. પણ પ્રભુ બોલતાં પ્રભુ યાદ નથી આવતા.**

◆ વ્યક્તિ દૂર છે કે નજીક એ મહત્ત્વની વાત નથી, એના પર કેટલું બહુમાન છે, તે જ મહત્ત્વની વાત છે.

ભગવાનની નજીક રહેનારા કાળીયા કસાઈ વગેરે કાંઈ મેળવી શક્યા નથી, દૂર રહેલા કુમારપાળ આદિએ મેળવવા લાયક મેળવી લીધું છે. કારણ કે નજીક રહેલા કસાઈમાં બહુમાન નહોતું. કુમારપાળમાં બહુમાન હતું.

સાક્ષાત્ ભગવાનના વિરહમાં ભગવાનના નામ અને રૂપમાં ભક્ત સાક્ષાત્ ભગવાનને જ જુએ. સવાલ ફક્ત બહુમાનનો જ છે.

◆ **હું લોભી ખરો. લોભ હજુ ગયો નથી. મેં અધ્યાત્મગીતા પાકી કરેલી છે. હજુ ગઈ નથી. બીજા પણ તે પાકી કરે તેનો લોભ ખરો. મને ઉપકાર થયો તે ઉપકાર બીજા પર પણ થાય. તેવો લોભ ખરો.**

◆ **ફલોદીમાં બહુ જ નાનપણમાં સૌ પ્રથમ 'અધ્યાત્મ કલ્પદ્રુમ' પુસ્તક ઉદયરાજજી કોચરના ઘરથી મળ્યું. ગુજરાતીમાં હોવા છતાં મેં વાંચવાની કોશીશ કરી. આનંદ આવ્યો.**

◆ છ કારક અત્યાર સુધી બાધક બન્યા છે. હવે તેને સાધક શી રીતે બનાવવા ? તે કળા આપણે શીખવાની છે.

પૂ. દેવચન્દ્રજી કૃત મલ્લિનાથ અને મુનિસુવ્રત સ્વામી ભગવાનના સ્તવનમાં એ કળા દર્શાવી છે. અવસરે તમે જોજો.

જ્યાં સુધી શરીર આદિનું કર્તૃત્વભાવ આપણે માનીએ છીએ - ત્યાં સુધી છયે કારક અવળા જ ચાલવાના. 'હું મારા જ્ઞાનાદિ ગુણોનો કર્તા છું.' એવું અનુભૂતિજન્ય જ્ઞાન થતાં જ બાધક કારકચક્ર સાધક બનવા લાગે છે.

◆ દરેક નવો વૈજ્ઞાનિક પૂર્વના વૈજ્ઞાનિકોએ કરેલા સંશોધનના આધારે આગળ વધે છે. એટલી મહેનત તેની બચે છે. યોગીએ જ્ઞાની અને અનુભવીઓના આધારે આગળ વધવાનું છે. એમના અનુભવની પંક્તિઓ આપણા માટે માઈલસ્ટોન બની રહે છે.

◆ જ્ઞાનીઓના કથનનું હાર્દ સમજવા તેમના પર બહુમાન હોવું જરૂરી છે. પં. મુક્તિવિજયજી ત્યાં સુધી કહેતા : તમે જે ગ્રંથ ભણતા હો તેના કર્તાની એક માળા ગ્રંથ પૂરો ન થાય ત્યાં સુધી રોજ ગણવી.

◆ નિશ્ચયથી આત્મા પરનો કર્તા છે જ નહિ, આત્મગુણોનો જ કર્તા છે, છતાં જો પરકર્તૃત્વનું અભિમાન પોતાના માથે લે તો દંડાય. કોર્ટમાં કોઈ જો બોલી જાય 'મેં ચોરી કરી છે' તો એને અવશ્ય દંડ મળે; ભલે તેણે ચોરી ન કરી હોય.

સ્વ-આત્મા ઉપાદાન કારણ છે.

◆ સુદેવ - સુગુરુ આદિ મુખ્ય કારણ છે.

મુખ્ય કારણથી ઉપાદાન કારણ પુષ્ટ થાય છે.

◆ **નાનો વેપારી મોટા વેપારી પાસેથી માલ લે તેમ આપણે પ્રભુની પાસેથી ગુણોનો માલ લેવાનો છે. વેપારી તો હજુ ના પણ પાડી દે. ઉધાર ન પણ આપે. ભગવાન કદી ના નહિ પાડે. લેનાર થાકે, પણ આપનાર ભગવાન કદી થાકે નહિ. એવા દાનવીર છે ભગવાન.**

આપણે સ્વયં આપણા આત્માને ગુણોનું (કે દુર્ગુણોનું) દાન કરીએ તે સંપ્રદાન (ચોથો કારક) છે.

એટલે નવા ગુણોનો લાભ તે સંપ્રદાન.

અશુદ્ધિની નિવૃત્તિ તે અપાદાન.

આ બંને સાથે જ થાય.

લાભ થયો તે સંપ્રદાન, હાનિ થઈ તે અપાદાન.

'દેશપતિ જબ થયો નીતિ રંગી,
તદા કુણ થાય કુનય ચાલ સંગી;
યદા આતમા આત્મભાવે રમાવ્યો,
તદા બાધકભાવ દૂરે ગુમાવ્યો.' ॥ ૩૧ ॥

'યથા રાજા તથા પ્રજાઃ ।'

રાજા ન્યાયી થાય ત્યારે પ્રજા પણ ન્યાયી થવાની. આત્મા જ્યારે સ્વભાવરંગી બને ત્યારે કારકચક્ર પણ સ્વભાવરંગી બને. બાધકભાવ પોતાની મેળે જતો રહે.

સહજ ક્ષમા - ગુણ - શક્તિથી છેદ્યો ક્રોધ સુભટ્ટ,
માર્દવ - ભાવ પ્રભાવથી, ભેદ્યો માન મરટ્ટ;
માયા આર્જવયોગે લોભથી નિઃસ્પૃહભાવ,
મોહ મહાભટ ધ્વંસે ધ્વંસ્યો સર્વવિભાવ. ॥ ૩૨ ॥

આપણે એમ માનીએ છીએ : ક્રોધ પોતાની મેળે જશે. પ્રયત્ન શું કરવો ? પ્રયત્ન વિના ઘરનો કચરોય નથી જતો તો ક્રોધ શાનો જાય ? એ માટે ક્ષમા માટે પ્રયત્ન કરવો પડે.

અપરાધીનો અપરાધ ભૂલી જવો તે ક્ષમા,
અપરાધીનો અપરાધ ન ભૂલવો તે ક્રોધ.

આપણે શાના પર વધુ ભાર આપીએ છીએ ?

ક્ષમા આવે ત્યાં ક્રોધ ભાગી જ જાય.

ક્ષમાબેન પ્રશમભાઈની સાથે જ આવે. આ બંનેની હાજરીમાં ક્રોધ જાય જ.

◆ ગુણીના ગુણો જીવનમાં લાવવા તે ગુણીનું ઉત્કૃષ્ટ બહુમાન છે. માત્ર કાયિક સેવા નહિ, આત્મિક ગુણો ઊતારવા તે ઉત્કૃષ્ટ ભક્તિ છે. જો કે બાહ્ય સેવા પણ ઉપયોગી છે જ.

◆ ક્ષમા, માર્દવ, આર્જવ અને મુક્તિ (નિર્લોભતા) આ ચારેય ઉત્તમ કોટિના બને ત્યારે જ શુક્લધ્યાનમાં પ્રવેશ થઈ શકે.

◆ માન એમને એમ નથી જતો. મૃદુતાને લાવતાં તે જાય છે.

નમતું ન જોખવું તે માન છે, મોટાઈ છે. સામી વ્યક્તિને માન આપવું તે નમ્રતા છે, મૃદુતા છે.

આપણે બંનેમાંથી કોને વધુ ભાર આપીએ છીએ ?

સરળતાથી માયા અને નિઃસ્પૃહતાથી લોભને જીતવાના છે. ચારેય જીતાઈ જતાં મોહ નિર્બળ બની જાય છે, જીતાઈ જાય છે.

મોહ જતાં બધો વિભાવ ગયો જ સમજો.

શંખેશ્વરમાં રાજનેતાઓની હાજરીમાં એક મહાત્માએ ભાષણ કર્યું. ભાષણ કડક હોવાથી બે-ચાર નેતાઓએ ચાલતી જ પકડી. તેમ મોહ પણ ચાલતી પકડે છે.

ઈમ સ્વાભાવિક થયો આત્મવીર,
ભોગવે આત્મ સંપદ સુધીર;
જેહ ઉદયાગત પ્રકૃતિ વળગી,
અવ્યાપક થયો ખેરવે તે અલગી. ॥ ૩૩ ॥

પછી યોગી બળવાન બને છે. આત્મસંપત્તિનો ભોક્તા બને છે. બીજી વળગેલી પ્રકૃતિઓને પણ તે ખેરવી નાખે છે.

ચેતનાનો સ્વભાવ વ્યાપક બનવાનો છે. ગુલાબજાંબુ ખાતી વખતે તેના સ્વાદમાં પણ વ્યાપક બને ને શાંતરસમયી મૂર્તિમાં પણ વ્યાપક બને.

ચેતના ક્યાં પરોવવી તે આપણે વિચારવાનું છે.

'ધર્મધ્યાન ઈકતાનમેં ધ્યાવે અરિહા સિદ્ધ,
તે પરિણતિથી પ્રગટી તાત્ત્વિક સહજ સમૃદ્ધ;
સ્વ સ્વરૂપ એકત્વે તન્મય ગુણ પર્યાય,
ધ્યાને ધ્યાતાં નિર્મોહીને વિકલ્પ જાય.' ॥ ૩૪ ॥

દાદરા ચડ્યા પછી જ ઉપરના માળે જઈ શકાય તેમ ધર્મધ્યાન પછી જ શુક્લધ્યાન થઈ શકે.

શુક્લધ્યાનના બે પાયામાં ધર્મધ્યાનનો પણ અંશ હોય છે, તે ભૂલવા જેવું નથી.

નિર્વિકલ્પમાં જતાં પહેલા શુભ વિકલ્પનો સહારો લેવો જ પડે. જો શુભ વિકલ્પનો સહારો ન લઈએ તો અશુભ વિકલ્પો આવી જ જવાના. માટે જ હું જેવું તેવું વાંચવાની ના પાડું છું.

જે કાંઈ પણ વાંચીએ - વિચારીએ તેના પુદ્ગલો આપણી આસપાસ ઘૂમતા જ રહે છે. તેની પક્કડમાં આપણે તરત જ આવી જઈએ. જે જે વાંચીએ, વિચારીએ, અવગાહીએ તે બધાના સંસ્કારો આપણી અંદર પડવાના જ.

◆ સવિકલ્પ અને નિર્વિકલ્પ - બે પ્રકારની સમાધિ છે.

નિર્વિકલ્પ : પોતાનું ઘર છે.

સવિકલ્પ : મિત્રનું ઘર છે.

અશુભ વિકલ્પ : શત્રુનું ઘર છે.

શત્રુના ઘરમાં શું થાય તે તમે સમજી શકો છો. શત્રુનું ઘર સમૃદ્ધ થાય તેવું કોઈ કરે ? અશુભ વિકલ્પો વધે તેવું વાંચનાદિ કરતાં આપણે શત્રુનું ઘર તો સમૃદ્ધ નથી કરતા ને ?

'યદા નિર્વિકલ્પી થયો શુદ્ધ બ્રહ્મ,
તદા અનુભવે શુદ્ધ આનંદ શર્મ;
ભેદ રત્નત્રયી તીક્ષ્ણતાયે,
અભેદ રત્નત્રયી મેં સમાયે.' ॥ ૩૫ ॥

યોગી નિર્વિકલ્પી થાય છે ત્યારે શુદ્ધ આનંદનું સુખ અનુભવે છે. પહેલા જ્ઞાનાદિ અલગ અલગ હતા, એક-બીજાને સહાયક બનતા હતા, હવે એક થઈ જાય છે.

દર્શન જ્ઞાન ચરણ ગુણ સમ્યગ્ એક-એક હેતુ,
સ્વ સ્વ હેતુ થયા સમ કાલે તેહ અભેદતા ખેતુ;
પૂર્ણ સ્વજાતિ સમાધિ ઘનઘાતી દલ છિન્ન,
ક્ષાયિકભાવે પ્રગટે આતમ-ધર્મ વિભિન્ન. ॥ ૩૬ ॥

અત્યાર સુધી દર્શનાદિ એકેકના હેતુ હતા. હવે બધા એક સાથે અભેદના હેતુ બને છે.

પછી યોગ રુંધી થયો તે અયોગી,
ભાવ શૈલેશતા અચલ અભંગી;
પંચ લઘુ અક્ષરે કાર્યકારી,
ભવોપગ્રાહી કર્મ-સંતતિ વિદારી. ॥ ૩૭ ॥

યોગનો રોધ કરી અયોગી ગુણસ્થાનકે મેરુ જેવી અડોલ સ્થિતિ પ્રાપ્ત કરી, માત્ર પાંચ હ્રસ્વાક્ષર કાળમાં તે આત્મા ૧૪મું ગુણઠાણું પૂર્ણ કરી સિદ્ધશિલાએ જઈ બિરાજે છે.

સમશ્રેણે સમયે પહોતા જે લોકાંત,
અફુસમાણ ગતિ નિર્મળ ચેતનભાવ મહાંત;
ચરમ ત્રિભાગ વિહીન પ્રમાણે જસુ અવગાહ,
આત્મપ્રદેશ અરૂપ અખંડાનંદ અબાહ. ॥ ૩૮ ॥

આ બધી ગાથાઓનો અર્થ સાવ જ સહેલો છે, કહેવાની પણ જરૂર નથી. પણ તે જીવનમાં લાવવો ખૂબ જ મુશ્કેલ છે. એના માટે કેટલાય જન્મો જોઈએ.એ મેળવવા જ આ બધો પ્રયત્ન છે.



પૂજ્યશ્રી કે ગુરુદેવ પૂ. કંચનવિજયજી મ.

કારતક વદ ૧ + ૨
૨૪-૧૧-૧૯૯૯, બુધવાર

◆ વિધિ અને આદરપૂર્વક સતત કરવામાં આવે તો સાધના અવશ્ય ફલવતી બને. વચ્ચે ગેપ પડે તે ન ચાલે.

વેપારીઓને પૂછો : મહિનામાં ૧૫ દિવસ દુકાન બંધ રાખે તો શું થાય ? તુટેલા ગ્રાહકો સાંધતાં કેટલી વાર લાગે ? નર્મદાનો પુલ અખંડ ન હોય, વચ્ચે એક જ ફુટનું ગાબડું હોય તો ચાલનારની શી દશા થાય ? આપણી સાધનાનો પુલ પણ અખંડ જોઈએ.

આત્મસાધના સિવાય બધે જ આપણે સાતત્ય જાળવીએ છીએ. નિયમિત નહિ થવાથી, આદરપૂર્વક નહિ થવાથી, વિધિપૂર્વક સાધના નહિ થવાથી જ આપણો હજુ સુધી મોક્ષ થયો નથી.

◆ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ આદિ જેમ જેમ મંદ થતા જાય તેમ તેમ સાધનામાં વેગ વધતો જાય, સાધનાનો આનંદ વધતો જાય.

મિથ્યાત્વ જતાં ૪થું ગુણઠાણું આવે, સમ્યક્ત્વનો આનંદ મળે.

અવિરતિ જતાં છઠ્ઠું ગુણઠાણું મળે, સર્વવિરતિનો આનંદ મળે.

પ્રમાદ જતાં ૭મું અપ્રમત્ત ગુણસ્થાનક મળે. વીર્યોલ્લાસનો આનંદ મળે.

કષાય જતાં વીતરાગતા (બારમું ગુણસ્થાનક) મળે.

વીતરાગતા મળતાં સર્વજ્ઞતા (તેરમું ગુણઠાણું) મળે.

યોગ જતાં અયોગી ગુણઠાણું મળે. આખરે મોક્ષ મળે.

◆ શ્રદ્ધાની ખામી હોય તો સમ્યગ્ દર્શન ન મળે.

જિજ્ઞાસાની ખામી હોય તો સમ્યગ્ જ્ઞાન ન મળે.

સ્થિરતાની ખામી હોય તો સમ્યક્ ચારિત્ર ન મળે.

અનાસક્તિની ખામી હોય તો સમ્યક્ તપ ન મળે.

ઉલ્લાસની ખામી હોય તો તે વીર્ય ન મળે.

વીર્યાચાર ન હોય તો એકેય આચાર પાળી શકાય નહિ. વીર્ય બધે જ અનુસ્યૂત છે. માટે જ બીજા ચાર આચારના ભેદો જ વીર્યના ભેદો મનાય છે.

'જિહાં એક સિદ્ધાત્મા તિહાં છે અનંતા,
અવન્ના અગંધા નહિ ફાસમંતા;
આત્મગુણ પૂર્ણતાવંત સંતા,
નિરાબાધ અત્યંત સુખાસ્વાદવંતા.' ॥ ૩૯ ॥

આપણે એક ઓરડીમાં મર્યાદિત સંખ્યામાં જ રહી શકીએ, પણ સિદ્ધો જ્યાં એક છે ત્યાં અનંતા રહેલા છે. કારણ કે તેઓ અરૂપી છે. વર્ણ - ગંધ - રસ - સ્પર્શ વગેરેથી રહિત છે.

નામકર્મે આપણને એવા ઢાંકી દીધા છે કે વર્ણાદિથી પર અવસ્થાની કલ્પના જ નથી આવતી.

માણસની આસક્તિ શરીરથી પણ આગળ વધીને વસ્ત્ર, ઘરેણા અને મકાન સુધી પહોંચી ગઈ છે. એની સુંદરતામાં પોતાની સુંદરતા માને છે. અનામી અરૂપી આત્માને શરીર સાથે પણ લાગે વળગે નહિ તો વસ્ત્ર કે મકાનની તો વાત જ શી કરવી ?

બધી ઈન્દ્રિયો સ્વ-ઈષ્ટ પદાર્થો મળતાં રાજી થાય છે. એ બધો સ્વાદ આપણે ચાખ્યો છે, પણ આત્માના સુખને સ્વાદ કદી જ ચાખ્યો નથી. આથી જ સિદ્ધોના સુખની આપણે કલ્પના પણ કરી શકતા નથી. આપણે તો આસક્તિને સુખ માની લીધું છે, જે ખરેખર દુઃખ જ છે. વધારે આસક્તિ કરીએ તેમ વધુને વધુ ચીકણા કર્મ બંધાય છે, તે સાવ જ ભૂલી ગયા છીએ.

માટે જ સાધક આસ્વાદ લીધા વિના ભોજન કરે. સાપ જેમ બિલમાં જાય તેમ મુખમાં કોળીયો જાય. ચામાં મીઠું છે કે સાકર ? તેવી તેને ખબર ન પડે, એટલી અંતર્મુખતા હોય.

ઈન્દ્રિયોના બધા જ સુખો (ત્રણે કાળના સુખો) એકઠા કરીને અનંત વર્ગ કરવામાં આવે તો પણ સિદ્ધના અનંતવર્ગહીન એક આત્મપ્રદેશના સુખની તુલનામાં ન આવે. સંસારનું કૃત્રિમ સુખ છે. આ સહજ છે. એ જ મોટો ફરક છે.

આવું સુખ સાંભળવાથી ફાયદો શો ? આથી આપણી અંદર જ આવું સુખ પડેલું છે એવું જણાય ને તેથી તે મેળવવાની તીવ્ર રુચિ પેદા થાય, આ જ મોટો ફાયદો.

કર્તા કારણ કાર્ય નિજ પરિણામિકભાવ,
જ્ઞાતા લાયક ભોગ્ય ભોક્તા શુદ્ધ સ્વભાવ;
ગ્રાહક રક્ષણ વ્યાપક તન્મયતાએ લીન,
પૂરણ આત્મ ધર્મ પ્રકાશ રસે લયલીન. ॥ ૪૦ ॥

સિદ્ધો શુદ્ધ સ્વભાવના ભોક્તા હોય છે. પ્રકાશ રસમાં લયલીન હોય છે.

સિદ્ધોએ ત્યાં કરવાનું શું ?

વૈશેષિક દર્શન મુક્તને જડ માને છે.

આની ઠેકડી ઉડાડતાં કોઈએ કહ્યું છે :

'વૃંદાવનમાં શિયાળ થવું સારું, પણ વૈશેષિકની મુક્તિ સારી નહિ.'

જૈન દર્શનની મુક્તિ આવી જડ નથી. ત્યાં અભાવ નથી, પણ આત્મશક્તિઓનો સંપૂર્ણ ઊઘાડ છે. ત્યાં જડતા નથી, પણ પૂર્ણ ચૈતન્યની પરાકાષ્ઠા છે.

દ્રવ્યથી એક ચેતન અલેશી,
ક્ષેત્રથી જે અસંખ્ય પ્રદેશી;
ઉત્પાત-નાશ-ધ્રુવ કાલ ધર્મ,
શુદ્ધ ઉપયોગ ગુણ ભાવ શર્મ. ॥ ૪૧ ॥

દ્રવ્યથી એક ચેતન લેશ્યારહિત છે.
ક્ષેત્રથી આત્મા અસંખ્ય પ્રદેશવાળો છે.
કાળથી ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત છે.
ભાવથી શુદ્ધ ઉપયોગમાં રમણ કરનાર છે.

પ્રશ્ન : આત્મામાં ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય શી રીતે ઘટે ?

ઉત્તર : આત્મામાં અભિનવ પર્યાયની ઉત્પત્તિ થાય છે. પૂર્વ પર્યાયનો નાશ થાય છે અને જ્ઞાનાદિથી ભરપૂર આત્મા ધ્રુવ (શાશ્વત છે).

નિશ્ચયથી આપણું રહેઠાણ આપણો આત્મા જ છે. સ્થાન માટે ઝગડા થવાની સંભાવના ઊભી થાય ત્યારે આ વાસ્તવિકતા યાદ કરજો.

સાદિ અનંત અવિનાશી અપ્રયાસી પરિણામ,
ઉપાદાન-ગુણ તેહિજ કારણ-કાર્ય-ધામ;
શુદ્ધ નિક્ષેપ ચતુષ્ટય જુત્તો રત્તો પૂર્ણાનંદ,
કેવલનાણી જાણે જેહના ગુણનો છંદ. ॥ ૪૨ ॥
એહવી શુદ્ધ સિદ્ધતા કરણ ઈહા,
ઈન્દ્રિય સુખથકી જે નિરીહા;
પુદ્ગલી ભાવના જે અસંગી,
તે મુનિ શુદ્ધ પરમાર્થ રંગી. ॥ ૪૩ ॥

આવી શુદ્ધ સિદ્ધતા મારી ક્યારે પ્રગટે ? એવી રુચિ જાગે, તો આપણી સાધના સાચી. એ રુચિ માટે જેમને ઈન્દ્રિયોના સુખ પર નિઃસ્પૃહતા અને, પૌદ્ગલિક ભાવોથી વેગળાપણું હોય, તે જ મુનિ સાચા અર્થમાં મુનિ છે.

સ્યાદ્વાદ આતમસત્તા રુચિ સમકિત તેહ,
આતમ ધર્મનો ભાસન, નિર્મલ જ્ઞાની જેહ;
આતમ રમણી ચરણી ધ્યાની આતમલીન,
આતમ ધર્મ રમ્યો તેણે ભવ્ય સદા સુખ પીન. ॥ ૪૪ ॥

આત્મસત્તાની રુચિ એટલે સમ્યક્ત્વ.
આત્મસત્તાનો બોધ એટલે સમ્યગ્ જ્ઞાન.
આત્મસત્તાની રમણતા એટલે સમ્યક્ ચારિત્ર.
આ રત્નત્રયીને પામે તે આત્મા પુષ્ટ બને.

અહો ભવ્યો ! તુમે ઓળખો જૈન ધર્મ,
જિણે પામીએ શુદ્ધ અધ્યાત્મ મર્મ;
અલ્પકાળે ટળે દુષ્ટ કર્મ,
પામીએ સોય આનંદ શર્મ. ॥ ૪૫ ॥

હે ભવ્યો ! મારી સલાહ માનતા હો તો જૈનધર્મને ઓળખો. તમને શુદ્ધ અધ્યાત્મ ધર્મનો મર્મ મળશે. પ્રયત્ન કરશો તો અલ્પકાળમાં દુષ્ટકર્મો ખપી જશે. અલ્પકાળમાં કલ્યાણ થઈ જશે. એમ પૂ. દેવચન્દ્રજી કહે છે.

મુખ્ય પદાર્થ છે : આત્મા. એને એક ઓળખતાં બીજું બધું પોતાની મેળે ઓળખાઈ જશે.

મુખ્ય વાત તો માર્ગ-દર્શનની છે. બાકીનો માર્ગ તો માર્ગ પોતે જ બતાવશે. આગળ જતા જઈએ તેમ તેમ આગળ-આગળનો માર્ગ સ્પષ્ટ થતો જાય. પૂર્વ અનુભવ જ પછીના અનુભવની ઝાંખી કરાવશે.

નય નિક્ષેપ પ્રમાણે જાણે જીવાજીવ,
સ્વ-પર વિવેચન કરતાં થાયે લાભ સદીવ;
નિશ્ચય ને વ્યવહારે વિચરે જે મુનિરાજ,
ભવસાગર તારણા નિર્ભય તેહ જહાજ. ॥ ૪૬ ॥

ભગવાન જ નહિ, મુનિ પણ તરણ-તારણ જહાજ છે.

મુનિ જીવાજીવ, નય-નિક્ષેપ, નિશ્ચય-વ્યવહાર આદિ જાણનારા અને સ્વ-પરનો વિવેક કરનારા હોય છે.

'વસ્તુ તત્ત્વે રમ્યા તે નિર્ગ્રંથ,
તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ;
તિણે ગીતાર્થ ચરણે રહીજે,
શુદ્ધ સિદ્ધાંત રસ તો લહિજે.' ॥ ૪૭ ॥

'આપણે પોતાની મેળે હવે બધું મેળવી લઈશું' એવા ભ્રમમાં કોઈ ન રહે માટે અહીં અધ્યાત્મવેત્તા ગીતાર્થ ગુરુની

આવશ્યકતા બતાવે છે. તો જ શુદ્ધ સિદ્ધાંતરસ પીવા મળશે.

'શ્રુત અભ્યાસી ચોમાસી વાસી લીંબડી ઠામ,
શાસનરાગી સોભાગી શ્રાવકના બહુ ધામ;
ખરતરગચ્છ પાઠક શ્રી દીપચન્દ્ર સુપસાય,
'દેવચન્દ્ર' નિજ હરખે, ગાયો આતમરાય.' ॥ ૪૮ ॥

લીંબડીમાં શ્રાવકોના ઘણા ઘરો છે. આજે પણ છે. ત્યાં મેં આત્માના ગુણ-ગાન કર્યા છે, એમ કર્તા કહે છે.

'આત્મગુણ રમણ કરવા અભ્યાસે,
શુદ્ધ સત્તા રસીને ઉલ્લાસે;
'દેવચન્દ્રે' રચી અધ્યાત્મગીતા,
આત્મરમણી મુનિ સુપ્રતીતા.' ॥ ૪૯ ॥

બીજા અધ્યાત્મથી અજાણ જીવો પર પણ ઉપકાર થાય માટે આ અધ્યાત્મગીતા બનાવી છે.

આમાં મારે શું રચવાનું હોય ? આત્મરમણી મુનિને તો આ સુપ્રતીત જ છે. એમ અંતે કવિશ્રી પોતાનો કર્તૃત્વભાવ હટાવી દે છે.

◆ આજે અમારા ગુરુદેવ પૂ. કંચનવિજયજી મ.ની ૨૮મી સ્વર્ગતિથિ છે. અનશનપૂર્વક ૧૧મા ચોવિહાર ઉપવાસે કાળધર્મ પામેલા. ખૂબ જ નિઃસ્પૃહ હતા. ઉપધિ જુઓ તો સંથારિયું અને ઉત્તરપટ્ટા સિવાય કશું જ ન મળે.

ગૃહસ્થપણામાં પાલીતાણામાં ૫-૭ વર્ષ રહ્યા. ખાસ કરીને ગુરુ નક્કી કરવા જ રહેલા. ઘણા-ઘણા આચાર્યોના પરિચયમાં આવ્યા. એમાં તેમણે પૂ. કનકસૂરિજીને ગુરુ તરીકે સ્વીકાર્યા. અમે અહીં આવ્યા તેમાં તેઓ પણ કારણ છે.

એમના ઉપકારને કઈ રીતે ભૂલાય ?
એમના ચરણે અનંત વંદન !

✧ ✧ ✧ ✧ ✧



અભિપ્રાયોની હેલી

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તક મળ્યું. એક પછી એક ઘટના વાંચતા જઈએ અને ભૂકંપ કેવો હૃદય-દ્રાવક હતો તે અનુભવાતું જાય અને 'મા ભૂત્ કોઽપિ દુઃખભાગ્' આ ભાવના દિલમાં ઘુંટાતી જાય.

વાસ્તવિક ઘટનાઓ હૃદયને તરત અસર કરે છે અને તે ઘટનાઓ જ્યારે મુનિ-ચન્દ્રવિ.ની કલમે આલેખાય ત્યારે અંતરને અડ્યા વિના - રડાવ્યા વિના રહેતી નથી.

પૂ. ગુરુદેવ (પૂ. કલાપૂર્ણસૂરિજી)ને પણ થોડાક પ્રસંગો ગઈ કાલે સંભળાવ્યા. તેઓશ્રી પણ ગદ્‌ગદિત બની ગયા.

- પં. કલ્પતરુવિજય

પો.વ. ૮, બાલવાડા (રાજસ્થાન)

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ-૩ મણિકાન્તભાઈ ઝવેરી પાસેથી મેળવ્યું. લલિત-વિસ્તરાની અનુપ્રેક્ષામાં ભીંજાવાનું ભાથું મળ્યું. રવિવારીય સમૂહ પ્રવચન-માળાના અંશો નિહાળ્યા. એ પાવનીય નમનીય દૃશ્યમાં સાક્ષાત્ તો હાજર નહોતા, પણ ઝલકનો અનુભવ મળ્યો. સંકલન અદ્‌ભુત કર્યું છે.

બાંધવ-બેલડીના આ સુકૃતો ચિરંજીવ નજરાણા બની રહેશે.

- મુનિ દેવરત્નસાગર

મુંબઈ

✧ ✧ ✧ ✧ ✧

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તકમાં પ્રત્યક્ષ નિહાળેલ પ્રસંગોને શબ્દોમાં કંડારી અનિત્યાદિ ભાવનાઓ દ્વારા બિહામણા સંસાર-સાગરનું તાદૃશ સ્વરૂપ ખડું કરેલ છે. કરુણતા, ખુમારી, ઉપગ્રાહિતા આદિ ગુણોને ખીલવવામાં આ પુસ્તક ખૂબ જ ઉપયોગી નીવડશે.

- દલસુખભાઈ એફ. શેઠ

સેક્રેટરી : જૈન સંઘ, ડીસા : તા. ૬-૨-૨૦૦૨

✧ ✧ ✧ ✧ ✧

હમણા હું દિલ્હી ગયેલો. ત્યાં કેન્દ્રીય મંત્રી કાશીરામ રાણાના ટેબલ આપનું પુસ્તક (ભૂકંપમાં ભ્રમણ) જોવા મળ્યું. મને ખૂબ જ આનંદ થયો.

- રાજુભાઈ એન. કુબડીયા

રાધનપુર

✧ ✧ ✧ ✧ ✧

ભૂકંપનું પુસ્તક વાંચ્યું. રૂંવાડા ખડા થઈ જાય તેવો ચિતાર છે. આપશ્રીએ ખૂબ જ જહેમત ઊઠાવીને ધારદાર, કરુણ, હૃદય પીગળી જાય, હાડ થીજી જાય એવું લખાણ કર્યું છે.

- મુનિ હિરણ્યબોધિવિજય
વિક્રોલી, મુંબઈ

✧ ✧ ✧ ✧ ✧

આપનું પુસ્તક (ભૂકંપમાં ભ્રમણ) લગભગ અડધું વંચાયું છે. દેખાવે સુંદર પુસ્તક એક દસ્તાવેજની ગરજ સારે તેવું છે. પણ આપે ફક્ત આપની જૈન કોમની જ પરવા કરવા માટે ભ્રમણ કર્યું હોય એવી છાપ પડી. એક સાધુની આવી કોમવાદી સંકુચિત દૃષ્ટિ ગમી નહિ. આટલી મારી નાખુશી નમ્રતાપૂર્વક જણાવું છું. જૈન ન હોવા છતાં જૈન ધર્મ અને જૈન સાધુઓ પ્રત્યે અપાર માન છે.

- કલ્પેન્દ્ર
મુંબઈ

✧ ✧ ✧ ✧ ✧

ભૂકંપનું પુસ્તક વાંચ્યું. વાંચતાં આંખમાંથી પાણી આવી ગયા.

- મુનિ સંવેગવર્ધનવિજય
વિક્રોલી, મુંબઈ

✧ ✧ ✧ ✧ ✧

સાર્થ શબ્દાવલી પુસ્તકમાં તમોએ ખૂબ જ સારી મહેનત અને અનુપમ શ્રુત-ભક્તિ કરીને અભ્યાસી વર્ગને શબ્દ-રત્નની અમૂલ્ય પેટી ભેટ આપી છે.

- ચન્દ્રોદયસૂરિ, કનકશેખરસૂરિ
વડાલા, મુંબઈ

✧ ✧ ✧ ✧ ✧

'ભૂકંપમાં ભ્રમણ' પુસ્તક ઘણું કરુણ છે. વાંચતાં આંખમાં આંસુ આવી જાય. તમે ત્યાં વિચરીને સારો પ્રયત્ન કર્યો.

- આ. નયપ્રભસૂરિ

✧ ✧ ✧ ✧ ✧

'कहे कलापूर्णसूरि' गुजराती पुस्तक पढते अत्यंत आनंद हो रहा है, पूज्यश्री के हृदय की बातें जानने मिल रही है, इसका हिन्दी अनुवाद भी प्रकाशित हो रहा है, जान कर खुशी हुई ।

- राजमल सिंघी
जयपुर

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક તો અમૃતનો કટોરો છે.

- સા. લલિતગુણાશ્રી

પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ અમારા માટે વાણીનો મુશળધાર વરસાદ વરસાવ્યો છે.

- સા. દેવયશાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

સમગ્ર જીવન જીવવાની કળા આ પુસ્તકના માધ્યમે મળી. પૂજ્યશ્રીની વાણીને પુસ્તકમાં વહેવડાવનાર બંધુ-બેલડીને લાખ લાખ વંદન હો.

- સા. જિનાજ્ઞાશ્રી

ફતેહગઢ

✧ ✧ ✧ ✧ ✧

બસ હવે તો આ પુસ્તકના માધ્યમે જ ગુરુદેવને સાંભળવાના છે.

- સા. જયરેખાશ્રી

ફતેહગઢ

✧ ✧ ✧ ✧ ✧

જેમ જેમ પુસ્તકના પાના ફરતા ગયા તેમ તેમ હૃદયના ભાવો પલટાતા ગયા. સાથે હૃદય રડી રહ્યું અને અંદર લાગણીઓના સ્રોતમાં આત્મા વહેતો થઈ ગયો. કમભાગી હોવાથી પૂજ્યશ્રીની નિશ્રા ન મળી. પણ, આપશ્રીજીએ પૂજ્યશ્રીના મુખમાંથી નીકળતી અમૃત ઝરતી વાણીનું પાન કરી આ પુસ્તક દ્વારા અમને પીરસ્યું તે આપશ્રીજીનો ઉપકાર ભૂલાય તેમ નથી.

- સા. ચારૂધર્માશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

વાંચ્યા પછી એમ થાય કે ફરી ફરી આ પુસ્તક વાંચ્યા કરીએ.

- સા. દિવ્યજ્ઞાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

અનંત કરૂણા કરનાર વીરપ્રભુના મુખમાંથી નીકળેલ વાણીને ગણધરોએ દ્વાદશાંગી રૂપે ગુંથી તેમ જિનશાસનના અજોડરત્ન સમાન આપણા પૂ. ગુરુદેવના મુખમાંથી વરસતી અમીવર્ષારૂપ વાણીને આપ બંધુ બેલડીએ ગણધરોની જેમ ગુંથી અને સમગ્ર સાધુ-સાધ્વીજી આદિ અનેક આત્માઓને આત્મ- સન્મુખ બનવામાં અદ્‌ભુત એવા પુસ્તકો દ્વારા પીયૂષપાન કરાવ્યું, તે બદલ અમે આપના ઘણા જ ઋણી છીએ.

- સા. કાવ્યગુણાશ્રી

પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

પૂજયશ્રીના વચનામૃતો મંત્રાક્ષરો બની મારા જીવનને અજવાળે, એવી જ પૂ. ગુરુદેવશ્રી પાસેની મારી માંગણી છે.

- સા. શુભોદયાશ્રી

સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

ભવ-અટવીમાં ભટકવાનું અટકાવવા આ પુસ્તકે સર્ચ લાઈટ બતાવી છે.

- સા. દેવાનંદાશ્રી

પાલિતાણા

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકે તો હૃદયના તાર ઝણઝણાવી નાંખ્યા છે.

- સા. દિવ્યગિરાશ્રી

પાલિતાણા

✧ ✧ ✧ ✧ ✧

અમારૂં તો જીવન ધન્ય ધન્ય બની ગયું છે.

- સા. અમિતપદ્માશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક હાથમાં આવતા મન મયૂર નાચી ઉઠે છે.

- સા. અનંતકિરણાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની વાચના પાલિતાણામાં સાંભળી હતી અને એ જ વાચનાને જ્યારે શબ્દસ્થ અને પુસ્તકસ્થ રૂપે 'કહે કલાપૂર્ણસૂરિ'માં વાંચી ત્યારે ભૂખ્યા જનને ભોજન મળે, તરસ્યાને પાણી મળે ને જે આનંદ થાય એનાથી અધિક આનંદ થયો છે.

- સા. જિજ્ઞેશાશ્રી

ફત્તેહગઢ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક હવે અમારા માટે આગમ જેટલું મહત્ત્વ ધરાવનાર બન્યું છે.

- સા. વિક્રમેન્દ્રાશ્રી

સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક મુકવાનું મન જ થતું નથી.

- સા. પ્રિયદર્શનાશ્રી

સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની વાણી એ સાચા પાણીદાર મોતી જેવી છે.

- સા. વિરાગયશાશ્રી

સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક મળ્યું ત્યારે તે કોહીનૂર હીરો હશે તેનો મને અંદાજ ન હતો.

- સા. પ્રશીલયશાશ્રી

સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

જેમને દુનિયા પરમેશ્વર સ્વરૂપ માનતી હતી, તેવા ઉપકારી પૂ. ગુરુદેવના સ્વમુખે ફરમાવેલી પરમાત્માની વાણીને આ પુસ્તકમાં કંડારવામાં આવી છે.

- સા. વિશ્વનંદિતાશ્રી

સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવ પુસ્તકના માધ્યમથી વાણીરૂપે આપણી વચ્ચે પાછા આવ્યા છે, તેવો અનુભવ થયો.

- સા. વીરદર્શનાશ્રી
સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવની વાણી એટલે તત્ત્વજ્ઞાનની સરવાણી.

- સા. વાત્સલ્યનિધિશ્રી
સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

વિરલ વ્યક્તિત્વ ધરાવતા મહાત્માના સ્વમુખે બોલાયેલા શુભ શબ્દો આ પુસ્તકમાં છે.

- સા. વિનયનિધિશ્રી
સાબરમતી

✧ ✧ ✧ ✧ ✧

શંખેશ્વર દાદાના જાપથી રોગ, શોક, દરિદ્રતા વગેરે દૂર થઈ જાય છે, તેમ ગુરુદેવના વંદનથી અનંતાનંત આત્માઓને શાંતિનો અનુભવ થાય છે.

- સા. ધનંજયાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

જેમ જેમ પુસ્તકને વાંચતી ગઈ તેમ તેમ પૂજ્યશ્રીની આંતર સમૃદ્ધિનો પરિચય થતો ગયો.

- સા. મોક્ષરત્નાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

ગંગાના પાણીની નીચે રહેલા રેતીના કણ... કણ... કદાચ ગણી શકાય, પણ ગુરુમૈયા રૂપ ગંગાની વાણીમાં વહેતા વહેણમાંથી નીકળતા ગુણ-મોતીને વીણવા અસમર્થ એવી હું મોતીને કેવી રીતે વીણું ?

- સા. મૈત્રીરત્નાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક દ્વારા ઘણા જ પ્રશ્નોના સમાધાન મલ્યા.

- સા. ભદ્રંકરાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવનું સૌ પ્રથમ પુસ્તક હસ્તગત થતાં પૂજયશ્રીના મુખારવિંદને નિહાળતાં એમ જ થયું કે આ રહ્યા ભગવાન કલાપૂર્ણસૂરિ ગુરુદેવ.

- સા. જયપદ્માશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચ્યું ત્યારે પ્રભુભક્તિના રસથી નિતરતા વચનામૃતોથી જાણે કે જીવનમાં અમૃતપાન મલ્યું. કેવા સુવાક્યો એ ભગવાન તુલ્ય ગુરુદેવના !

- સા. જિનદર્શનાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' આ વાંચતા પૂ. ગુરુદેવની સૌ પ્રથમ અવિસ્મરણીય સ્મૃતિ થઈ કે 'પ્રીતલડી બંધાણી રે...' આવા પ્રેમભર્યા શબ્દોથી ભગવાન સાથે વાત કરનારા મારા ગુરુદેવ ચાલ્યા ગયા !

- સા. જયપૂર્ણાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

ખરેખર કલિકાલકલ્પતરુ સમાન આવા ગુરુદેવ મળવા દુર્લભ છે.

- સા. મોક્ષાનંદાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં-વાંચતાં અનુભવ થયો : કોઈ વચ્ચે બોલે કે ઉઠવું પડે તો પણ જાણે કે લીંક તૂટી ગઈ, મઝા મરી ગઈ.

- સા. મૈત્રીધર્માશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

પૂ. વિમલહંસવિ. મ.સા.એ પૂ. ગુરુદેવને ભગવાન કલાપૂર્ણસૂરિ તરીકે સંબોધ્યા છે, તે વાંચી હર્ષાશ્રુ પડી ગયા કે અન્ય સમુદાયના સાધુ ભગ. પણ ગુરુદેવને 'ભગવાન' તરીકે સંબોધે છે, તે ગુરુદેવ કેવા !

- સા. જિનકીર્તિશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાથી પ્રથમ તો દરેક પાને-પાને પૂજ્યશ્રીનો સદાય પ્રસન્ન હસતો ચહેરો જોતાં લાગ્યું કે પૂજ્યશ્રી સદેહે આપણી સામે જ છે અને વાચના આપી રહ્યા છે.

- સા. શીલચન્દ્રાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ વાચનાનો માહોલ તો મેં નજરે જોયો નથી. કારણ કે હું બિમારીમાં હતી. પણ જ્યારે આ પુસ્તિકા વાંચવા હાથમાં આવી છે ત્યારે એમ જ થાય છે કે ભગવાન (ગુરુદેવ) આપણને શું કહી રહ્યા છે ?

- સા. વિદ્યુત્પ્રભાશ્રી

પાલિતાણા

✧ ✧ ✧ ✧ ✧

ગૃહસ્થપણામાં અમને પાછળ બેસવાનું મળતું હતું તેથી સાહેબજીની અમૃત ભરેલી વાચનામાં જતા હતા, પણ સંભળાતી ન હતી. તેથી વાચનામાં ઉંઘ આવતી હતી. પણ આ પુસ્તક હાથમાં લીધું ત્યારથી જ જાણે કે ઉંઘ જ ઉડી ગઈ છે. પૂજ્યશ્રી હમણા ભલે આપણી વચ્ચે નથી, પણ આ પુસ્તકના વાંચન દ્વારા જાણે કે ગુરુદેવ આપણી વચ્ચેથી ગયા જ નથી, એવો અનુભવ થાય છે.

- સા. પરમક્ષમાશ્રી

રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાંથી જાણવાનું ઘણું મળ્યું છે. એનું તો હું શબ્દોમાં પણ વર્ણન કરી શકું તેમ નથી.

- સા. પદ્માનંદાશ્રી

રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક દ્વારા પૂજયશ્રીની ગુણોની સુગંધ ચારે બાજુ ફેલાઈ રહી છે. પૂજયશ્રીની વાચનામાં તેમના શબ્દો પાછળ બેસવાથી સંભળાતા નહીં તે આપશ્રીની પરોપકાર દૃષ્ટિના કારણે આ પુસ્તક દ્વારા સાંભળવા મળ્યા.

- સા. પરમકરુણાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

આ વાચના દ્વારા ગુરુ ભગવંતે અમારા જેવા અજ્ઞાની ઉપર અનહદ ઉપકાર કર્યો છે. એનું ઋણ ચુકવવા પણ અમે સમર્થ નથી.

- સા. પદ્મદર્શનાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક જયારે હાથમાં આવ્યું ત્યારે એમ જ થાય છે કે દેવલોક ભણી ગયેલા સાહેબ જાણે મારી પાસે જ છે.

- સા. પુણ્યરત્નાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

જેમ જેમ અમૃત પીએ તેમ તેમ મીઠુ લાગે તેમ આ પુસ્તક જયારે પણ હાથમાં લઈએ છીએ તેટલી વાર બસ એમ જ થાય છે કે વારંવાર આ પુસ્તક વાંચ્યા કરીએ.

- સા. વિશ્વદર્શિતાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

હવે ભલે પૂજયશ્રી આપણી પાસે દેહ રૂપે હયાત નથી. પણ પુસ્તક વાંચતાં જાણે સાક્ષાત્ પૂજયશ્રી વાચનાઓ આપી રહ્યા હોય, એવો અનુભવ થયા વિના રહેતો નથી.

- સા. પ્રશમનિધિશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

પૂજયશ્રીની વાણી જોરદાર છે. વર્ણન કરવા શબ્દો ટૂંકા પડે છે.

- સા. સંવેગપૂર્ણાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

પાને પાને ચિત્તને ચકિત કરી નાંખે તેવા પૂજ્યશ્રીના ફોટાઓ જોઈને હું તો આનંદવિભોર થઈ ગઈ. સાહેબજીની અમૃત ભરેલી વાણીથી મારા જેવા અજ્ઞાની જીવો ઉપર વાત્સલ્યનો ધોધ વરસાવ્યો છે.

- સા. સૌમ્યપૂર્ણાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ દરેક વાચનામાં ભક્તિ રસની લ્હાણી કરી છે.

- સા. વિમલપ્રજ્ઞાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

ફરી ફરીને આ પુસ્તકનો સ્વાધ્યાય કરવા જેવો છે.

- સા. શરત્પૂર્ણાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન દ્વારા અમારા જેવા પામર જીવોને ઘણું બધું જાણવા મળ્યું છે.

- સા. પૂર્ણયશાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ લલિત-વિસ્તરાની વાચના દ્વારા જાણે ગાગરમાં સાગરને સમાવ્યો છે.

- સા. હંસદર્શિતાશ્રી
વઢવાણ

✧ ✧ ✧ ✧ ✧

અહંનું વિસર્જન અને 'અર્હં'નું સર્જન કરવા માટે આ ગ્રંથનું વારંવાર પરિશીલન કરવા યોગ્ય છે. આ ગ્રંથ સ્વરૂપ- પ્રાપ્તિની માસ્ટર કી છે.

- સા. હંસપદ્માશ્રી
વઢવાણ

✧ ✧ ✧ ✧ ✧

પૂ. આચાર્ય ભગવંતનું સાહિત્ય 'કહે કલાપૂર્ણસૂરિ' વાંચ્યું. અંધારામાં અથડાતા મારા જેવા જીવને જાણે ટમટમીયાનો નહિ, બેટરીનો નહિ, અરે લાઈટ કે સ્ટ્રીટલાઈટનો નહિ, પણ અણચિંત્યો સૂર્યનો પ્રકાશ મળ્યો.

- સા. હંસમૈત્રીશ્રી
વઢવાણ

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' વાંચતાં ખરેખર સુષુમ્ન ચેતના જાગૃત બની છે.

- સા. યાકૃકલ્પાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન દ્વારા પ્રભુનું સમવસરણ ખુલ્લું થઈ ગયું.

- સા. અનંતકીર્તિશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના વાચના-ધોષે મારા જીવનને એક નવો જ આકાર આપ્યો છે. નિરતિચાર સંયમ જીવન જીવવાનો વેગ મળ્યો છે.

- સા. દિવ્યકિરણાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તકની શ્લાઘા માટે મારી પાસે કોઈ શબ્દ નથી.

- સા. દૃઢશક્તિશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

મને લાગે છે : મારા જીવન માટે આ એક જ ગ્રન્થ ૪૫ આગમ બરાબર કામ કરશે.

- સા. ઈન્દુરેખાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં જાણે એમ થયું કે સાક્ષાત્ પૂ. ગુરુદેવ જ વચનામૃતો પીરસી રહ્યા છે.

- સા. સ્મિતપૂર્ણાશ્રી
પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીનું સાહિત્ય મારા માટે ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે.

- સા. વિનયપૂર્ણાશ્રી

પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

ભક્તિ - મૈત્રી એ મુક્તિની દૂત છે તે વાત હૃદયને સ્પર્શી ગઈ છે.

- સા. સુશીલગુણાશ્રી

પાલીતાણા

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' ઉજો ભાગ વાંચી મારા જીવનમાં ઘણા ફેરફારો થયા છે.

- સા. મુક્તિપ્રિયાશ્રી

આડીસર

✧ ✧ ✧ ✧ ✧

આમાં તો બધો જ ખજાનો છે. તેમાંથી શું લઉં ? અને શું છોડી દઉં ? તે જ પ્રશ્ન છે.

- સા. મોક્ષદર્શિતાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકનું વાંચન જ્યારે જ્યારે કરીએ ત્યારે એમ જ લાગે કે પૂજ્યશ્રી આપણી નજર સામે જ આપણને સમજાવી રહ્યા છે. ખરેખર ! જાણે આ પુસ્તક નથી, પૂજ્યશ્રીની સાક્ષાત્ વાણી છે.

- સા. સમ્યક્ત્વરત્નાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પરમાત્માની ભક્તિમાં જોડાવું હોય તો લલિત વિસ્તરા ગ્રન્થનું વાંચન જરૂરી છે, એવું લાગ્યું.

- સા. અમીપ્રજ્ઞાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પ્રથમ તો પૂજ્યશ્રીની પ્રતિભા સંપન્ન આકૃતિ કંડારાઈ, તેમાં સિદ્ધક્ષેત્ર જેવી પરમ પાવનીય ભૂમિ, આદીશ્વર દાદા તથા યોગી પુરૂષ જેવા પૂજ્યશ્રીનું સાન્નિધ્ય એટલે સોનામાં સુગંધ. વિશાલ શ્રમણ શ્રમણી વૃંદની ઉપસ્થિતિ, વાચના શ્રેણિનું દશ્ય, તેનો ભવ્ય માહોલ વિ. પુસ્તકના વાંચન દ્વારા નજર સમક્ષ તરવરતા લાગ્યા.

- સા. ધૈર્યપ્રભાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ'ના વાંચનથી અમારા જીવનમાં ભક્તિ, મૈત્રી, પ્રીતિ, વિનય, નમ્રતા વિ. ગુણો કેવી રીતે પ્રાપ્ત થાય તે જાણવા મળ્યું છે.

- સા. કલાવતીશ્રી

આડીસર

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક ઘણા ભાગ્યશાળીના હાથમાં આવવાથી વાંચન - ચિંતન - મનન દ્વારા અધ્યવસાયની શુદ્ધિ થઈ, સત્ય પદાર્થની જાણ થઈ.

- સા. ભુવનશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીની ગેરહાજરીમાં આજે પૂજ્યીની ઉણપ ન જણાય તેવા તેમના વચનો આ ચારે પુસ્તકોમાં ટાંકી મુગટની કલગી કરતાં પણ ઉચ્ચસ્થાન આપના લખેલા આ પુસ્તકને આપવું યોગ્ય જ છે.

- સા. કલ્પદર્શિતાશ્રી

રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

સંયમ ગ્રહણ કર્યું ત્યારથી 'દેવગુરૂ ધર્મ પસાય' બોલતી, પરંતુ આ પુસ્તક દ્વારા તેનું હાર્દ સમજાયું.

- સા. ભદ્રંકરાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

ઉપવનના ફૂલો, સમુદ્રના તરંગો ને ગગનના સિતારાનું કદાચ માન કહી શકાય... પણ આ પુસ્તકનું કેમ કરૂં માન...? શે વર્ણવાય પૂજયશ્રીનું પ્રેરણાનું દાન ? સંપાદકશ્રીના કેટલા કરૂં ગુણગાન ?

- સા. કલ્પનંદિતાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

હું પાલીતાણા આવેલી નહિ, પરંતુ પૂ. ભુવનશ્રીજી મ. તથા ભદ્રંકરાશ્રીજી પૂ. આચાર્ય ભગવંતની વાતો કરે ત્યારે એમ જ થાય કે ગઈ હોત તો સારૂં થાત. ખેર ! ભાવિભાવ. પરંતુ પૂજયશ્રીના સ્વમુખે બોલેલા શબ્દો આપ પૂ. ભ્રાતા બેલડીએ અક્ષરશઃ ઝીલી ગ્રંથસ્થ કર્યા તે અમારા જેવા કમભાગીને ખૂબ ઉપકારક બન્યા છે.

- સા. ધર્મોદયાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન દ્વારા જીવનમાં દેવ - ગુરૂ - ધર્મનું સત્ય મૂલ્યાંકન થયું. પ્રતિસમય આવતા ક્રોધાદિ કષાયો ઉપર કાબૂ આવતો ગયો.

- સા. ભુવનકીર્તિશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પૂજયશ્રી ભગવદ્ સ્વરૂપ હતા. ભગવાન જે રીતે અર્થથી વાણી પ્રકાશે તેવી જ રીતે પૂજયશ્રી પણ આગમોના અર્કને વાણીથી પ્રસારિત કરતા. તે આગમ વાણી પાલીતાણાની વાચનાઓમાં સાંભળવા મળી. પરંતુ દૂર બેઠેલા અમને એ વાણી ત્રુટક ત્રુટક સંભળાતી, તે ત્રુટિની પૂર્તિ આ પુસ્તકે કરી.

- સા. કલ્પજ્ઞાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક દ્વારા પ્રભુકૃપા, ગુરુકૃપા તેમજ વિષયોની વિરક્તિ, વિનિયોગ વગેરે જાણવા મળ્યું.

- સા. વૈરાગ્યપૂર્ણાશ્રી
બોરડી

✧ ✧ ✧ ✧ ✧

લગભગ ૮-૧૦ વખત આ પુસ્તક વાંચ્યું છે.

- સા. વિરતિયશાશ્રી
બોરડી

✧ ✧ ✧ ✧ ✧

અમારા જેવા અગણિત આત્માઓનું આંતરમન ઓવારી જાય તેવું પૂજયશ્રીનું આ પુસ્તક છે.

- સા. ભક્તિરસાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક ન હોત તો વાચનાનું મહત્ત્વ અને રહસ્ય સમજી ન શકંત.

- સા. અભ્યુદયાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વર્ષમાં એકવાર વાંચી જીવનરાહ બદલવા કોશિશ કરીશું.

- સા. સૌમ્યદર્શિતાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

જે ભક્ત ભગવાનને સમર્પિત થઈ ગયો તેની બધી અધૂરી આશા પૂરી કરવા ભગવાન બંધાયેલા છે, આ વાક્ય બહુ ગમ્યું.

- સા. વિજયલતાશ્રી
બોરડી

✧ ✧ ✧ ✧ ✧

મારા ભગવાન જયાં આગળ છે ત્યાં સફળતા મળે જ છે. શું અદ્‌ભુત છે આ વાણી ?

- સા. વિશ્વવંદનાશ્રી
બોરડી

✧ ✧ ✧ ✧ ✧

હું આ પુસ્તકનું વાંચન - મનન વારંવાર કરુ છું અને કરતી રહીશ.

- સા. વાચંયમાશ્રી
બોરડી

✧ ✧ ✧ ✧ ✧

ખાસ ગૌરવની વાત તો એ છે કે અમારા ગામના જ વતની મારા સંસારી પિતાશ્રીના પરમ મિત્ર અને પાડોશીના સંબંધને ધરાવતા પૂ.પં. મુક્તિચન્દ્રવિ. મ.સા. તથા પૂ. ગણિવર્ય મુનિચન્દ્રવિ. મ.સા. આ બંને પૂજ્યવર્યોએ આપણા સહુ પર ઉપકાર કરી પૂજ્ય ગુરુદેવના આંતરભાવોને પુસ્તક રૂપે વાચા આપી.

- સા. પ્રશાંતશીલાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

વાંચનથી એટલો રસ જાગ્યો કે અમને પાણીની તરસ લાગી હોય તો પણ પીવા માટે ન ઉઠતા.

- સા. દિવ્યરત્નાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પુસ્તક ઘોર અંધકારમાં અટવાયેલી મને દીપક સમાન બન્યું.

- સા. દિવ્યચેતનાશ્રી
જયપુર

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ વાંચતાં એમ થયું કે પૂજ્યશ્રીએ કેવા કેવા હૈયાના ઉદ્‌ગારો પૂર્વક હિતશિક્ષા આપી છે.

- સા. દિવ્યપ્રતિમાશ્રી
જયપુર

✧ ✧ ✧ ✧ ✧

અમારા જેવા બાળજીવો માટે આ પુસ્તક આગમ સમાન છે.

- સા. ચંદ્રદર્શનાશ્રી
પાલિતાણા

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પઢને સે અતિ આનંદ હુઆ.

- સા. દિનમણિશ્રી
જયપુર

✧ ✧ ✧ ✧ ✧

વાણીરૂપી પાણીમાં ન્હાયા તે અજર - અમર થઈ જવાના.

- સા. દિવ્યરેખાશ્રી
જયપુર

✧ ✧ ✧ ✧ ✧

ચિત્તરૂપી મંડપને મૈત્રીથી મઘમઘાવી જીવ માત્ર સાથે વાત્સલ્યના ભાવોને વહાવતું ઝરણું એટલે કહે કલાપૂર્ણસૂરિ.

- સા. દીક્ષિતદર્શનાશ્રી
પાટણ

✧ ✧ ✧ ✧ ✧

ભગવત્કરૂણાને ઝીલવાનો ઉપાય એટલે કહે કલાપૂર્ણસૂરિ.

- સા. શીતલદર્શનાશ્રી
પાટણ

✧ ✧ ✧ ✧ ✧

ઉજ્જડ વન જેવા જીવનને નંદનવન બનાવવા માટે આ પુસ્તક અતિ ઉપયોગી બનશે.

- સા. મોક્ષનંદિતાશ્રી
પાટણ

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પુસ્તક વાંચવાથી પુનઃ આત્મપંખી અનંત સિદ્ધોની ભૂમિ સિદ્ધાચલ પહોંચી ગયું.

- સા. અક્ષયપદ્માશ્રી
પાટણ

✧ ✧ ✧ ✧ ✧

હંસને માનસરોવર જોતાં જે આનંદ થાય એના કરતાં પણ કઈ ગણો આનંદ કહે કલાપૂર્ણસૂરિ પુસ્તક વાંચતાં થયો.

- સા. ગીર્વાણયશાશ્રી
પાટણ

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરુદેવને મળવાનું પરમ સાધન આ જ પુસ્તક બની રહેશે.

- સા. પ્રસન્નલોચનાશ્રી
ગણદેવી

✧ ✧ ✧ ✧ ✧

નવકાર, લોગસ્સ કે શક્રસ્તવની મહાનતા આ વાચનાઓ વાંચ્યા પછી જ સમજાઈ.

- સા. હિતરક્ષિતાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પુસ્તક મળ્યું ને મને લાગ્યું કે મારો બેડો પાર થઈ જશે.

- સા. હિતપ્રજ્ઞાશ્રી
નવસારી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચવાની શરૂઆત કરો તેમ વધારે ને વધારે જ્ઞાનરૂપી સાકરનો રસ વધતો જાય.

- સા. જિનવંદનાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પુસ્તક એ સંસાર સાગર પાર કરવા માટે નૌકા સમાન છે.

- સા. ચન્દ્રનિલયાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

આપશ્રીની આ પુસ્તિકા જ ગુરુદેવનું સ્મરણ કરવામાં મહાન ઉપકારી બનશે.

- સા. સિદ્ધસાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

જે મોક્ષની સાથે જોડી આપે તે યોગ, તેમ જે પૂ. કલાપૂર્ણસૂરિ મ.સા.ની સાથે મિલન કરાવી આપે તે કહે કલાપૂર્ણસૂરિ પુસ્તક.

- સા. જિનરક્ષિતાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ આ પુસ્તકમાં સંપૂર્ણ તત્ત્વનો ખજાનો ખોલી નાખ્યો છે.

- સા. નયનંદિતાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં સૌ પ્રથમ તો એમ જ થયું કે આ માત્ર પુસ્તક જ નથી પરંતુ પૂ. ગુરુદેવની સાક્ષાત્ પરાવાણી છે.

- સા. નયગુણાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

જેના હાથે દીક્ષા થઈ હોય તેની શક્તિ દીક્ષિતમાં સ્થાપિત થાય છે, એ પંક્તિ પુસ્તક ખોલતાં જ મળી.

- સા. ચારુનિધિશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

भो बन्धुवर्यौ !! अस्य ग्रन्थस्य विषये किं लिख्येत मया ?

- સા. જીતજ્ઞાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

ધર્મ જો કલ્પવૃક્ષ છે તો મૈત્ર્યાદિ ચાર ભાવના તેના મૂળીયા છે, એ વાક્ય ખૂબ ગમ્યું.

- સા. જયદર્શિતાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાં જ્ઞાન અને ભક્તિ વિશે ઘણું જાણવા મળ્યું.

- સા. ઇન્દ્રવદનાશ્રી
પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના પાને-પાને સાકરનો ટુકડો છે. જ્યાંથી આસ્વાદ લો ત્યાંથી મીઠાશ - મીઠાશ અને મીઠાશનો જ અનુભવ થાય.

- સા. જિનદર્શિતાશ્રી

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના સંપાદકશ્રીને અમે અંતરના અહોભાવથી વંદન કરીએ છીએ કે જેઓએ ભગવાન કલાપૂર્ણસૂરિ મ.સા.ના મુખરૂપી કમલમાંથી વહેતા વચનામૃતોનો સંગ્રહ કરી સંકલન કરી મહાન અનુગ્રહ કર્યો છે.

- સા. મુક્તિરત્નાશ્રી

સુરત

✧ ✧ ✧ ✧ ✧

મહાપુરુષો આ જગત ઉપર કેટલો ઉપકાર કરે છે તે તો આ પુસ્તક વાંચ્યા પછી જ મને ખ્યાલ આવ્યો.

- સા. શાંતરસાશ્રી

રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીનું દૈહિક અસ્તિત્વ અસ્ત થયું છે, પણ પરમપદની પ્રસાદી કરતું પુસ્તક અસ્તિત્વ ધરાવે છે.

- સા. ચારુનયનાશ્રી

વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ વાંચતાં અમને આત્માનો ખજાનો મળ્યો.

- સા. વિશ્વવિભાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

જ્યારે વાંચીએ ત્યારે સાહેબજીની વાણી કાનમાં ગૂંજ્યા કરે.

- સા. હિતપૂર્ણાશ્રી

વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન દ્વારા મારા અને સૌના હૃદયમાં આવી ઉચ્ચતમ ભક્તિનો પરિણામ આવે એવી ભાવના.

- સા. જિતરસાશ્રી

વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ સાધેલી પ્રભુ સાથે અવિહડ પ્રીત પુસ્તકના વાંચનથી જાણી.

- સા. જિનકરૂણાશ્રી

વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાં ગુરુદેવ તો ભલે વાણીરૂપે વરસ્યા છે, પણ તેમના વચનામૃતને અથાગ પરિશ્રમ કરી પુસ્તકરૂપે આલેખન કરી સકલશ્રી સંઘના નયનો સુધી પહોંચાડનારની ખૂબ ખૂબ અનુમોદના કરું છું.

- સા. અક્ષયચન્દ્રાશ્રી

સુરત

✧ ✧ ✧ ✧ ✧

ભલે ગુરુદેવની હાજરી અત્યારે નથી, પણ પુસ્તક વાંચતી વખતે સ્વયં ગુરુદેવ અમારી સામે જ બોલી રહ્યા છે એવું જ લાગે છે.

- સા. ચારુપ્રજ્ઞાશ્રી

સુરત

✧ ✧ ✧ ✧ ✧

તત્ત્વજ્ઞાનનો ખજાનો એટલે કહે કલાપૂર્ણસૂરિ

- સા. ચારુક્ષમાશ્રી

વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન પછી ચૈત્યવંદન કરતાં કેટલો સમય જાય છે તેની ખબર પડતી નથી.

- સા. મુક્તિનિલયાશ્રી

વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

ગુરુદેવશ્રીના અમૂલ્ય રત્નોરૂપી વચનથી મારા હૃદયમાં પડેલી સુષુપ્ત શુભ ઊર્મિઓ આળસ મરડીને બેઠી થઈ ગઈ છે.

- સા. યશોધનાશ્રી

બીલીમોરા

✧ ✧ ✧ ✧ ✧

ગુરુદેવમાં ઉત્કૃષ્ટગુણ હતો ભક્તિ. આ ગુણ કહે કલાપૂર્ણસૂરિ...માં શબ્દે શબ્દે વ્યક્ત થયો છે.

- સા. અક્ષયરત્નાશ્રી

બીલીમોરા

✧ ✧ ✧ ✧ ✧

મુખપૃષ્ઠ જોતા, પૂજ્યશ્રીનું મુખારવિંદ નિરખતાં અંતરમાં આનંદની ઉર્મિઓ ઉછળી.

- સા. વિચક્ષણાશ્રી

અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચનની સંવેદના - શ્રી સંઘઃ શરણં મમ

- સા. જયદર્શનાશ્રી

વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

જે ભક્ત ભગવાનને સમર્પિત થઈ ગયો તેની બધી અધુરાશ પૂરી કરવા ભગવાન બંધાયેલા છે તે વાંચતા જ હેયું હર્ષિત બન્યું.

- સા. વિશ્વદર્શનાશ્રી

મોરબી

✧ ✧ ✧ ✧ ✧

લગભગ બે થી ત્રણ વાર આ પુસ્તક વાંચ્યું પણ જેટલીવાર વાંચુ છું અને નવી નવી જાણકારી મળે છે.

- સા. ઈન્દ્રયશાશ્રી

પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

તીર્થંકર સમાન ગુરુની વાચનામાં શું ન હોય ?

- સા. હિતવર્ષાશ્રી

પાટણ

✧ ✧ ✧ ✧ ✧

પાલિતાણામાં ચાતુર્માસ ન થયું હોત અને વાચનાઓનો સંગ્રહ ન થયો હોત તો અમારું શું થાત ? પૂજ્યશ્રીની રુબરુ મુલાકાત કરવી એટલે કે આ પુસ્તિકા હાથ ધરવી.

- સા. હિતવંદિતાશ્રી
પાટણ

✧ ✧ ✧ ✧ ✧

ગમે તેટલીવાર વાંચીએ તો પણ એટલો જ રસ પડે છે.

- સા. યારુરક્ષિતાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્ય બંધુબેલડીએ અજોડ કાર્ય કર્યું છે. પૂજ્યશ્રીના શબ્દોને અક્ષરશઃ સંગ્રહીને આ પુસ્તિકા દ્વારા રજૂ કર્યા છે.

- સા. યારુદૃષ્ટિશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના વચનફુલોને મુક્તિના સાધક મુનિ આપશ્રીએ દૂરવર્તી પણ ભવ્યાત્માઓ સુધી પહોંચાડવા કહે કલાપૂર્ણસૂરિ રૂપ માલામાં ગુંથી મહાકાર્ય કર્યું, તે સૌ કોઈ માટે આ-જીવન પાથેય બની ગયું.

- સા. જિનરસાશ્રી
મોટીમેતવાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં મારા રોમેરોમમાં આનંદ છવાઈ ગયો.

- સા. ઇન્દ્રવંદિતાશ્રી
પાલનપુર

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીના પુસ્તક દ્વારા પ્રકાશની કેડી મલી. આ પુસ્તક મારા દરેક આશ્રિત વર્ગે દર વર્ષે એકવાર વાંચવું જ, એવી પ્રેરણા કરું છું.

- સા. ભૂષણશ્રીજી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

સિદ્ધ પુરુષના એક એક વચન એ વાણીનો વિલાસ નથી, પરંતુ પરમ મંત્રાક્ષર છે.

- સા. ચારુકલાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

અનેક ગ્રંથોનો સાર આ પુસ્તકમાં છે.

- સા. વિશ્વમિત્રાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં તેના એક-એક પાને, એક-એક શબ્દે એવો અનુભવ થાય છે કે હું પૂજ્ય ગુરુદેવની સાથે સાક્ષાત્ વાતો કરી રહી છું.

- સા. વિરાગપૂર્ણાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

અનુભવની ખાણી એવી સૂરિ કલાપૂર્ણસૂરિની આ વાણી છે.

- સા. ચારુવિરતિશ્રી
ભાવનગર

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં સર્વપ્રથમ પૂજ્યશ્રીનો પરમાત્મા, જીવો અને આગમ પ્રત્યેનો અવિહડ પ્રેમ દેખાય છે.

- સા. વિરાગરસાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ હાથમાં લેતાં એમ જ થયું કે ખરેખર કેટલું સુંદર ટાઈટલ !

- સા. દક્ષગુણાશ્રી
ભાવનગર

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકના છલકતા ભાવો નિહાળતાં અપૂર્વ આનંદની અનુભૂતિ થઈ.

- સા. ચારુવિનીતાશ્રી
ભાવનગર

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' મળતાં અટવાઈ ગયલાં પથિકને મુક્તિ તરફ સંચરવા માટેની કેડી મળી ગઈ.

- સા. ચારૂવદનાશ્રી
ભાવનગર

✧ ✧ ✧ ✧ ✧

'હવે નહીં સુધરો તો ક્યારે સુધરશો ?' - સાચે જ અતીવ વાત્સલ્યથી કહેવાયેલા આ શબ્દોએ હૈયાને હચમચાવી મુક્યું છે.

- સા. ચંદ્રજ્યોત્સ્નાશ્રી
ભાવનગર

✧ ✧ ✧ ✧ ✧

જ્યારે ચોપડી વાંચવા બેસું ત્યારે ભૂલથી એ જ પાનું બીજી વખત વાંચું તો પાછું કેટલું નવું જાણવા મળે ? એમ જ લાગે કે આ વાચ્યું નથી. બધું નવું જાણવા મળે.

- સા. નિર્મળદર્શનાશ્રી
રાજકોટ

✧ ✧ ✧ ✧ ✧

ગુરુવર મન મુકીને વરસ્યા, તોયે રહી ગયા અમે તરસ્યા.

- સા. જિનભક્તિશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

જીવનની પ્રત્યેક ક્ષણને જેણે સાધી છે, એવા અપ્રમત્તદશાને પામેલા યોગિરાજના શબ્દોને સાંભળવાનું સદ્‌ભાગ્ય તો ચાલ્યું ગયું, પણ એમના દ્વારા બોલાયેલા શબ્દોને વાંચવા એ પણ એક લ્હાવો છે.

- સા. ચારુચંદનાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ-૩માં પ્રાયઃ ૮૫૦ વખત ભગવાન શબ્દનો પ્રયોગ કર્યો છે. આવા સમ્યગ્ વીતરાગોપાસક શબ્દો અન્ય બીજે ક્યાં જોવા મળે ?

- સા. જયપદ્માશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

પૂ. ગુરૂદેવશ્રીએ પ્રભુભક્તિ અને ગુરુ સમર્પણ ભાવ વિશે અદ્‌ભુત વર્ણન કર્યું છે.

- સા. ચારુમૈત્રીશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વારંવાર વાંચવાનું મન થાય છે.

- સા. ભાવધર્મશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

પૂજયશ્રીની વાણી વાંચતાં મન-મયૂર ખૂબજ પુલકિત બની ગયો.

- સા. વિશ્વયશાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકના વાંચન દ્વારા પૂજયશ્રીના રગેરગમાં પ્રભુભક્તિ વણાયેલી સહજ જણાઈ આવે છે.

- સા. દિવ્યાંજનાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તકમાંથી વાણી વાંચતાં સંયમ-જીવનમાં જે ઘણી શિથિલતા, ક્ષતિઓ છે તે દૂર કરવા યથાશક્તિ હર્ષોલ્લાસપૂર્વક પ્રયત્ન કરીશું.

- સા. ચિત્તદર્શનાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

સાહેબજી ગયા નથી. પુસ્તક હાથમાં લેતાં સાહેબજીના સાક્ષાત્ દર્શન થાય છે.

- સા. શ્રુતપ્રિયાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

એક ગુરુની આશાતના એ સર્વગુરુની આશાતના છે અને ભગવાનની પણ આશાતના છે. આ વાક્ય મને બહુ ગમ્યું.

- સા. દિવ્યપ્રિયાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ વાંચતાં આનંદનો કોઈ પાર નથી.

- સા. દક્ષનંદિતાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

કોઈ પ્રિય પીણું પીએ અને પીધાં જ કરીએ તો પીતાં તૃપ્તિ થાય, પણ વધુ પીવાથી તેના પર અરુચિ થાય, પણ આ પુસ્તકનું વાંચન તો...

- સા. મયૂરકળાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક જાણે આગમ ગ્રંથોનો ખજાનો છે.

- સા. વારિષેણાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ પુસ્તકમાં સંગ્રહેલો ખજાનો વાંચતાં-વાંચતાં અંતરમાં થયેલા અતિ આનંદને કયા શબ્દોમાં વર્ણવું તે જ સમજાતું નથી.

- સા. ભવ્યકૃપાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તકના દરેક શબ્દો જાણે ભગવાનના મુખમાંથી નીકળતા હોય તેમ આ પુસ્તક વાંચવાથી મને લાગ્યું.

- સા. હર્ષિતવદનાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આટલા વર્ષોમાં જે જાણવા-સાંભળવા ન મળેલ તે બધું પુસ્તક વાંચતાં મળેલ છે.

- સા. દિવ્યકૃપાશ્રી
ધોરાજી

✧ ✧ ✧ ✧ ✧

બે વર્ષ અમને પણ ચાતુર્માસનો લાભ મળ્યો, પણ શબ્દો વિખરાઈ ગયા, પરંતુ આપે પૂજ્યશ્રીના શબ્દોને જકડી રાખ્યા.

- સા. ભવ્યદર્શનાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચતાં થયેલો અઢળક લાભ આ નાની કલમ શું લખી શકે ?

- સા. હંસકલાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' આ પુસ્તકમાં બધું જ આવી ગયું છે. અમારે જીવનમાં બીજા કોઈ પુસ્તકની જાણે જરૂર નથી.

- સા. દૃષ્ટિપૂર્ણાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' આ પુસ્તકમાંથી શું શું નથી મેળવાતું એ જ એક પ્રશ્ન છે ?

- સા. દક્ષકલાશ્રી
સુરત

✧ ✧ ✧ ✧ ✧

પૂજયશ્રીની કૃપાથી મારામાં ગુરુસમર્પણભાવ વિશેષ પ્રગટે, એવી શુભ ભાવના ભાવું છું.

- સા. સુમંગલાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક દીવા સમાન નહીં, પણ સૂર્યસમાન બની રહેશે.

- સા. કલ્પપ્રિયાશ્રી
વાવ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્યશ્રીએ તો વાચનારૂપી અમૃત પીરસીને આપણા ઉપર ખૂબ જ કરુણા કરી છે.

- સા. દિવ્યધ્વનિશ્રી
વાવ

✧ ✧ ✧ ✧ ✧

આપશ્રી બંધુયુગલે ભગવાન (પૂજ્યશ્રી)ની વાણીને 'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તકોમાં ગુંથી ગણધર પદને શોભાવવાનું સુવર્ણ કાર્ય કર્યું છે.

- સા. કલ્યમૈત્રીશ્રી

વાવ

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક (ગ્રન્થ)નો સ્વાધ્યાય કરતાં આંખો ખૂબ જ અશ્રુભીની બની ગઈ.

- સા. ભવ્યદર્શનાશ્રી

વાવ

✧ ✧ ✧ ✧ ✧

પૂજ્ય ગુરુદેવે આપણને મન મૂકીને સરસ અને સરળ ભાષામાં કેટલું અને કેવું સમજાવ્યું છે તે તો જ્યારે પ્રત્યક્ષ વાચના સાંભળી ત્યારે ન સમજાયું પણ જ્યારે પુસ્તક વાંચ્યું ત્યારે તો જરૂર થયું.

- સા. શ્રુતપૂર્ણાશ્રી

ગાગોદર

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' નામ વાંચતાં જ પાપ ખપી જાય તો એ પુસ્તક વાંચતાં તો કઈ-કેટલાય જન્મોના પાપ ખપી જાય.

- સા. શક્તિપૂર્ણાશ્રી

ગાગોદર

✧ ✧ ✧ ✧ ✧

આ પુસ્તક વાંચ્યા પછી મને દેરાસરમાં ચૈત્યવંદન કરતાં મનમાં સારા ભાવ જાગે છે.

- સા. હર્ષશીલાશ્રી

✧ ✧ ✧ ✧ ✧

આકાશને જોયા પછી પોતાની પાંખ નહીં ફેલાવનાર પંખી તો કદાચ દયાપાત્ર છે, પણ કહે કલાપૂર્ણસૂરિ ગ્રંથ જોયા પછી પોતાની આંખ નહીં ફેરવનાર માનવ તો હાંસીપાત્ર છે.

- સા. હર્ષિતકલ્પાશ્રી

✧ ✧ ✧ ✧ ✧

'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક હાથમાં લેતાંની સાથે જ પૂજ્યશ્રી સાત ચોવિશી ધર્મશાળામાં વાચના આપી રહ્યા હોય, તેવું દશ્ય ખડું થઈ ગયું.

- સા. ધર્મકીર્તિશ્રી

✧ ✧ ✧ ✧ ✧

નિત્ય અડધો કલાક આ પુસ્તક વાંચવું એવો નિયમ કર્યો છે.

- સા. હર્ષદર્શિતાશ્રી

✧ ✧ ✧ ✧ ✧

અભણ પણ પ્રભુ પ્રેમ પામી શકે - માત્ર વિદ્વાનોનો ઈજારો નથી. ખરેખર આ વાક્ય એટલું હૃદયસ્પર્શી છે કે મારા જેવા અલ્પબુદ્ધિવાળા માટે તો જાણે ડૂબતાંને પાટિયું મળી ગયું.

- સા. હર્ષરક્ષિતાશ્રી

✧ ✧ ✧ ✧ ✧

જ્યારે - જ્યારે સાહેબજીને સાંભળવા માટે આવ્યા હોઈશું છતાં પૂરેપૂરું ક્યારેય સંભળાયું નથી. તે આ પુસ્તક દ્વારા પૂરેપૂરું વાંચવા દ્વારા સંભળાઈ ગયું.

- સા. હર્ષવર્ધનાશ્રી

✧ ✧ ✧ ✧ ✧

કહે કલાપૂર્ણસૂરિ વાંચતાં સૌ પ્રથમ તો હૈયું ભરાઈ ગયું. પૂજ્યશ્રીની યાદ આવી ગઈ.

- સા. હર્ષિતપ્રજ્ઞાશ્રી

✧ ✧ ✧ ✧ ✧

કોઈ પૂછે કે પૂજ્યશ્રીએ આ ગ્રંથમાં શું પીરસ્યું છે ? ત્યારે ખરેખર કહેવાનું મન થઈ જાય છે કે પૂજ્યશ્રીએ આ ગ્રંથમાં શું નથી પીરસ્યું ?

- સા. પુણ્યદંતાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

અધ્યાત્મયોગી પૂ. ગુરુદેવ મળ્યા એ તો અમારું પરમ સદ્‌ભાગ્ય છે જ, પણ સાથે-સાથે ગુરુદેવની અમૃતમયી વાણીને ખંત અને ચીવટથી ઝીલીને શબ્દસ્થ કરીને ગુરુદેવને સાંભળેલા કે નહીં સાંભળેલા સર્વેને સત્સંગ કરાવનાર બંધુ બેલડી અમને મળ્યા, એ પણ અમારું પરમ પરમ સદ્‌ભાગ્ય છે.

- સા. પુણ્યરાશિશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

ભક્તિ વિના ધ્યાન - કાઉસ્સગ્ગ સફલ જ ન બને, એ આ પુસ્તક દ્વારા જાણવા મળ્યું.

- સા. કલ્પગુણાશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

ચૈત્યવંદનની મહત્તા આ પુસ્તકમાંથી જાણવા મળી.

- સા. અનંતજ્યોતિશ્રી
અમદાવાદ

✧ ✧ ✧ ✧ ✧

પુસ્તક શાયરી

આવો [1]મિત્રો વાર્તા કહું, સમ્યગ્‌દર્શન શુદ્ધિ કી[2]
ભક્તિ કે ઝંકાર[3] રૂપ [4]અધ્યાત્મવાણી અનુભૂતિ કી
[5]આવો બાળકો વાર્તા કહું સચિત્ર જૈન[6] કથા કી યે
[7]શાલિભદ્ર મહાકાવ્ય કી ઔર કહે શ્રી [8]કુમારપાલ યે
જિસને બતાયી [9]જ્ઞાનગંગા ઔર [10]શ્રુતજ્ઞાન કી રસધારા
અભિધાન [11]ચિંતામણિ કે ઝબુકે [12]આકાશ ગંગામેં તારે
[13]જ્ઞાનસાર યહ જીવન કા હૈ પઢીયે [14]દ્વયાશ્રય મહાકાવ્યમ્‌
[15]સાતચોવિશી સ્તવનાવલી કી બજે મધુર[16] બંસરી પ્રતિદિનમ્‌
થોભો નહીતર[17] થાકી જશો મનમેં દુઃખ ક્યોં સહતે હૈ
કભી ધૂપ[18] કભી છાંવ રુપ ઈસે જીંદગી[19] કહતે હૈ
ગુરુ ઉપદેશ કી[20] ધારા સે તુમને સાર્થ શબ્દાવલી[21] પાયી હૈ
પરકાય [22]પ્રવેશ કો દૂર કરકે મુનિ મુક્તિ માર્ગ કા રાહી હૈ.

- સા. ઋતજ્ઞાશ્રી
વલસાડ

✧ ✧ ✧ ✧ ✧

ભગવાનના ભક્ત, શાસન પ્રભાવક પરમ પૂજ્ય આચાર્ય વિ. કલાપૂર્ણસૂ. મ.સા.ના કાલધર્મ પામ્યાના સમાચાર સાંભળતાં જ અમો હતપ્રભ થયા અને રડ઼તી આંખે રડ઼તા હૃદયે સંઘની સાથે સમૂહમાં દેવવંદન કર્યા ।

- એજ... આચાર્ય હિરણ્યપ્રભસૂરિની અનુવંદના

સહાયકોને ધન્યવાદ...

• ગાગોદર •

- મહેતા સોમચંદ હરચંદ ૨૦
- વોરા દલસુખલાલ મગનલાલ, સતના ૧૦
- સંઘવી ભાઈચંદ ધરમશી, સાંતલપુર ૧૦
- સંઘવી વાલજી મુરજી, મહુત્રા ૧૦
- સંઘવી સોભાગચંદ સાકળચંદ, સાંતલપુર ૧૦
- વોરા ખીમજી દાનસંગ, ગાગોદર ૧૦
- મહેતા રામચંદ ઉકશી, પલાંસવા ૧૦
- મહેતા મહાદેવ સુંદરજી, આડેસર ૧૦
- મહેતા કાનજી દેવશી, અંજાર ૧૦
- પટવા જયન્તિલાલ દામજી, ગાગોદર ૧૦
- શેઠ સોમચંદ માવજી, કાનમેર ૧૦
- લોદરીયા વેલજી અદેસંગ, ગાગોદર, પ્રે. સા. ચારૂસ્તુતિશ્રીજી ૧૦
- મહેતા ખેંગારભાઈ પ્રેમચંદ, ગાગોદર ૧૦
- પટવા ચુનીલાલ બલવંત, ગાગોદર ૧૦
- કુબડીયા મગનલાલ કલ્યાણજી, લાકડીયા ૧૦
- માતુશ્રી કામલબેન સુરજી ભીમશી ગાલા, સામખીયાળી ૧૦
- કોઠારી પ્રભુલાલ ખીમચંદ, શંખેશ્વર ૫
- વોરા નવીનચંદ્ર ચુનીલાલ, ગાગોદર ૫
- શાહ ચાંપશી બચુભાઈ, ગાગોદર ૫
- શાહ જેઠાલાલ પરબત, ગાગોદર ૫
- શાહ જગશી ભારમલ, ગાગોદર ૫
- શાહ આણંદજી કરમશી, લાકડીયા : હ. મુરીબેન ૫
- મહેતા જયંતિલાલ ઉંદરજી, ગાગોદર ૨
- વોરા સેવંતીલાલ બાદરભાઈ, ગાગોદર ૨
- મહેતા પ્રભુલાલ મહાદેવ, ગાગોદર ૨
- મહેતા નેમચંદ ઉંદરજી, ગાગોદર ૨

• ભુજ •

- મહેતા મણિલાલ હરચંદ પરિવાર ૭૫
- મહેતા માવજી નાનચંદ પરિવાર, હ. જેવતભાઈ, લલીયાણા (ભુજ) ૧૦
- પ્રેમચંદ બેચરભાઈ ૧૦
- જયેન્દ્રભાઈ પ્રેમચંદ ફોફડીયા ૧૦
- પ.પૂ. વર્ધમાન તપોનિષ્ઠા પુષ્પચૂલાશ્રીજી મ.સા.ના
  ૫૪ વર્ષના દીક્ષા પર્યાયની પુણ્ય સ્મૃતિ નિમિત્તે તેમજ
  પૂ. હંસકીર્તિશ્રીજી મ.સા.ની ૧૦૦ + ૧૦૦ - ૫૫મી
  વર્ધમાન તપની ઓળીની અનુમોદનાર્થે પૂ. પુષ્પાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ભિદડા
  નિવાસી પ્રભાબેન મણિલાલ પાલણ તરફથી ૧૦
- શ્રીમતી બબીબેન અનોપચંદ દામજી મહેતા ૧૦
- મહેતા વખતચંદ પોપટલાલ ૨૦

- સ્વ. અમૃતબેન પ્રભુલાલ પ્રાગજી મહેતા ૧૦
- વિપુલકુમાર અનોપચંદ વખતચંદ વોરા ૧૦
- સંઘવી છગનલાલ કરમચંદ ૨૦
- વોરા લક્ષ્મીબેન નેમિદાસ, પ્રે. સા. હંસગુણાશ્રીજી ૧૦
- મોરબીયા વાલજી આણંદજી ૧૦
- પટવા વસંતલાલ જગજીવન ૧૦
- ખંડોર હસમુખલાલ લીલાધર ૧૦
- ભણસાલી ચંદ્રકાંત જેચંદ ૨૦
- પટવા ઉમરશી જેઠાલાલ ૧૦
- શાહ યશવંતકુમાર કાંતિલાલ ૧૦
- મહેતા ભોગીલાલ મહાદેવ હરચંદ ૧૦
- ધુડાલાલ પુનમચંદ હેક્કડ, સુરત,
  નિમિત્ત - પૂ. સા. હંસબોધિશ્રીજીનું માસક્ષમણ ૨૫
- અ.સૌ. લતાબેન અશોકકુમાર શેઠ, ડીસા,
  નિમિત્ત - પૂ. સા. હંસબોધિશ્રીજીનું માસક્ષમણ ૨૫
- પ.પૂ. હંસરતિશ્રીજી મ.સા.ના વર્ષીતપ નિમિત્તે પ.પૂ. પુષ્પાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી
  ડાયાણી નયનાબેન પ્રકાશચંદ્ર, ડીસા ૧૦
- પ્રભાબેન દેવસીલાલ, નિમિત્ત - પૂ. સા. હંસબોધિશ્રીજીનું
  માસક્ષમણ, પ્રે. પૂ. આ. પુષ્પાશ્રીજી ૨૫
- ડો. સુરેશભાઈ એ. દોશી ૧૦
- સંઘવી દેવચંદ ટોકરશી ૨૦
- પ્રવીણચંદ્ર છગનલાલ ચૌહાણ, ૧૬, સંતોષ સોસાયટી ૧૦
- ગાંધી મગનલાલ પરસોત્તમ ૧૦
- વોરા મણિલાલ ન્યાલચંદ ૨૦
- સંઘવી ચંચલબેન મલુકચંદ, આડેસર હાલે ભુજ ૧૦
- સંઘવી ભાઈચંદ પોપટલાલ, આડેસર હાલે ભુજ ૧૦
- દોશી બાદરભાઈ વાલજી ૧૦
- કાન્તિલાલ ભીમજી મહેતા ૧૦
- મહેતા ઠાકરશી પ્રાગજી ૧૦
- પ્રભુલાલ મહેતાના સ્મરણાર્થે મહેતા અમૃતલાલ ગોરધન, ભચાઉ ૧૦
- શ્રીમતી તારાબેન હરસુખલાલ છગનલાલ બોરીચા ૧૦
- વોરા કાંતિલાલ અમૃતલાલ ૧૦
- ભણસાલી રતિલાલ રામજી ૧૦
- ગઢેચા વનેચંદ પોપટલાલ ૧૦
- ત્રેવાડીયા ખીમીબેન નારાણજી ૧૦
- મહેતા કપૂરચંદ ગેલાભાઈ ૧૦
- પારેખ મણિલાલ ગોપાલજી ૧૦
- મહેતા કાંતિલાલ હેમચંદ ૧૦
- સંઘવી ગોવિંદજી સુંદરજી ૧૦
- શાહ પ્રાણલાલ નાનચંદ (જન્તાઘર) ૧૦
- પુષ્પાબેન નાનાલાલ શાહ ૧૦
- ધનસુખભાઈ શાહ ૧૦

• તપાગચ્છ જૈન ઉપાશ્રય, માંડવી	૨૫
• અમૃતલાલ ડી. મહેતા	૨૫
• જયેન્દ્રભાઈ દામજી લોદરીયા	૨૫
• બોરીચા નાનચંદ જગશીભાઈ	૨૫
• વોરા ચમનલાલ જેચંદભાઈ	૧૦
• મહેતા જેઠાલાલ ગોપાલજીભાઈ	૧૦
• આરાધના-ભવન જૈન સંઘ	૨૫

• આધોઈ •

• લખમશી પ્રેમજી નીસર, આધોઈ	૨૫
• ખીમજી ખેરાજ ગાલા, આધોઈ	૨૫
• મેપશી નરશી છેડા, આધોઈ	૨૫
• વેલજી ભચુ ચરલા, આધોઈ	૨૫
• રવજી જેસંગ ફરીયા, આધોઈ	૨૫
• અમરશી ભચુ છેડા, આધોઈ	૨૫
• કુબડીયા ઝવેરચંદ દામજી, આધોઈ	૨૫
• દામજી કોરશી ગડા, સામખીયાળી	૨૫
• મગનલાલ ભાઈચંદ શેઠ, આધોઈ	૧૦
• વારૈયા રમીલાબેન લહેરચંદભાઈની પુણ્ય-સ્મૃતિ નિમિત્તે લહેરચંદ ધારશી પરિવાર તરફથી	૩૦

• અંજાર •

• શાહ મનસુખ દેવરાજ	૧૧
• મહેતા જેઠાલાલ ગોપાલજી	૧૧
• સંઘવી છોટાલાલ મણિલાલ	૧૦
• મહેતા દેવસીભાઈ નથુભાઈ	૧૦
• ચુનીલાલ ધરમશી પડીવાળા	૫
• નાનાલાલ કુંવરજી	૧૦
• વોરા હીરાલાલ રાયશી	૧૦
• ખંડોર કનકલાલ કેશવલાલ, પ્રે. પૂ.ગ. વિમલપ્રભવિ.	૧૦
• શાહ શિરીષચંદ્ર હંસરાજ	૫
• ગઢેચા હીરાચંદ લાલચંદ	૧૦
• હિમતલાલ વેલજી ગાંધી (મુન્દ્રાવાળા હાલ કુર્લા) હ. નીમૂબેન હિમતલાલ	૫

• વાંકી •

• દિનેશભાઈ રવજીભાઈ મહેતા, ભુવડ-મદ્રાસ	૨૦૦
• હીરજીભાઈ ચનાભાઈ સાવલા	૨૫
• સુરેન્દ્રભાઈ લક્ષ્મીચંદ ભાણજી છેડા	૨૫
• હીરજી ભાણજી છેડા	૨૫
• અ.સૌ. રશ્મિબેન હરેશ પ્રેમજી ગાલા	૨૫
• શાંતિલાલ જેઠાલાલ હેમરાજ	૧૦

• મુન્દ્રા •

• મણિલાલ લક્ષ્મીચંદ વોરા,
હ. મંજુલાબેન એમ. વોરા, મુન્દ્રા-કચ્છ ૨૦૧

• લાકડીયા •

• મણિબેન હરખચંદ પૂજના સ્મરણાર્થે
અરુણા વાડીલાલ, રમેશ, અરવિંદ, રેશમા,
પ્રે. સા. ચેલ્લણાશ્રીજી, ચન્દ્રવદનાશ્રીજી, ચારુલેખાશ્રીજી
• ચંદનબેન લાલજીભાઈ મણિલાલ કુબડીયા ૧૦
• વેલજીભાઈ મલુકચંદ કુબડીયા ૧૧
• શામજી હીરજી સૂરા ૧૦
• વોરા પ્રાગજીભાઈ દલીચંદ ૧૦
• વીરમ મુળજીભાઈ, ખારોઈ ૧૦
• ખંડોર માવજી ત્રિભુવન ૫
• દોશી રમેશચંદ્ર બાદરભાઈ, કીડીયાનગર ૫
• માતુશ્રી મણિબેન દેવચંદ ૫
• પાર્વતીબેન વીરમભાઈ, ખારોઈ ૧૦
• સુરજીભાઈ સાંગણભાઈ ગડા, મનફરા ૧૦
• છેડા મણશી મેકણ, સામખીયાળી ૫
• મુરઈબેન આણંદજી, સામખીયાળી ૫

• સામખીયાળી •

• મગનલાલ કલ્યાણજી કુબડીયા ૧૦
• ચાંપશી ભચુ સત્રા ૫
• જેઠાલાલ પરબત ગડા ૫
• માતુશ્રી કામલબેન સુરજી, હ. ભીમશી ગાલા ૧૦
• જગશી ભીમશી ગાલા, હ. પુનઈબેન ૫

• ભચાઉ •

• મહેતા અમૃતલાલ ગોરધન ૧૦
• વોરા જેવતલાલ દામજી, હ. જયેન્દ્ર ૧૦
• ખંડોર અમૂલખ માણેકચંદ ૧૦
• મહેતા કાંતિલાલ પ્રાગજી ૫

• માધાપર •

• ગાંધી પ્રદીપભાઈ શંભુલાલ ૧૦
• મહેતા નેમચંદભાઈ પ્રાગજીભાઈ ૧૦
• મહેતા મૂલચંદભાઈ નાગજીભાઈ ૧૦
• ખંડોર ગોવિંદજી વખતચંદ ૧૦
• શેઠ વિકમશી રામજીભાઈ ૧૦
• ત્રેવાડીયા રામચંદભાઈ અદેસંગભાઈ ૧૦
• વોરા શંભુલાલ કપુરચંદ ૧૦

- શાહ હાથીભાઈ વેલજીભાઈ ૧૦
- શશિકાંતભાઈ હાથીભાઈ વેલજી ૧૦
- વિમલ એસ. શાહ ૧૦

• વઢવાણ •

- શાન્તાબેન વાડીલાલ કુલચંદ શાહ, વઢવાણ,
  પ્રે. સા. હંસપદ્માશ્રીજી, સા. હંસદર્શિતાશ્રીજી ૧૦

•

- જામનગર, ફૂલી બાનો ડેલો, જ્ઞાનખાતું,
  પ્રે. સા. નિરુપમાશ્રીજી ૭૭

- હર્ષદભાઈ, અમદાવાદ, પ્રે. સા. હિમાંશુશ્રીજી - પુષ્પદંતાશ્રીજી ૨૧
- જયંતીભાઈ મણિલાલ દામાણી, અમદાવાદ, પ્રે. સા. હિમાંશુશ્રીજી - પુષ્પદંતાશ્રીજી ૨૧
- કામિનીબેન અંબાલાલ, અમદાવાદ, પ્રે. સા. હિમાંશુશ્રીજી - પુષ્પદંતાશ્રીજી ૧૦
- શાન્તિભાઈ બબાભાઈ, અમદાવાદ, પ્રે. સા. હિમાંશુશ્રીજી - પુષ્પદંતાશ્રીજી ૧૦
- એક સદ્‌ગૃહસ્થ, અમદાવાદ, પ્રે. સા. હિમાંશુશ્રીજી - પુષ્પદંતાશ્રીજી ૮

- અમદાવાદ-જ્ઞાનખાતું, પ્રે. સા. સુદક્ષાશ્રીજી - સુમંગલાશ્રીજી ૪૦

- ટોંક ખુર્દ (M.P) જ્ઞાનખાતું, પ્રે. સા. હેમકલાશ્રીજી ૫૦

- જૈનદર્શન-ઉપાસક સંઘ, પેલેસ, જામનગર, જ્ઞાનખાતું, પ્રે. સા. ચન્દ્રલતાશ્રીજી ૫૦

- માંડવી તપગચ્છ જૈન સંઘ, જ્ઞાનખાતું,
  પ્રે. દિવ્યરત્નાશ્રીજી, દિવ્યદર્શિતાશ્રીજી ૫૦

- આયંબિલશાળા - ઉપાશ્રયની શ્રાવિકાઓનું જ્ઞાનખાતું,
  રામનગર, સાબરમતી, અમદાવાદ, પ્રે. સા. વિક્રમેન્દ્રાશ્રીજી (વાગડ સમુદાય) ૫૦

गुरु-स्तुति

मंगलं पद्म-जीताद्या, मंगलं - कनको गुरुः ।
मंगलं सूरिदेवेन्द्रः. कलापूर्णोस्तु मंगलम् ॥

❀

नमस्तुभ्यं कलापूर्ण ! मग्नाय परमात्मनि ।
त्वयात्र दुःषमाकाले, भक्तिगंगावतारिता ॥

❀

यो गुरुः सर्वभक्तेषु, प्रभुरूपेण संस्थितः ॥
कलापूर्णाय पूर्णाय, गुणैस्तस्मै नमो नमः ॥

❀

ज्ञानं ध्यानं तपो भक्ति-मैत्री गुणानुरागिता ।
निराश्रया गुणा जाताः, कलापूर्णे दिवं गते ॥

❀

अध्यात्ममूर्तिं शशिशुभ्रकीर्तिं, संसारभीर्तिं परमात्मप्रीतिम् ।
पयोजकान्तिं परमप्रशान्तिं, सूरिं कलापूर्णमहं नमामि ॥

❀

टळे जेमना नामथी सर्व कष्टो,
फळे जेमना नामथी सर्व इष्टो;
बळे पापना पुंज जेना प्रभावे,
नमुं ते कलापूर्णसूरीन्द्र भावे ॥

❀

अहो 'कलापूर्ण' पवित्र नाम,
जा जीवडा ! ए जपी मुक्ति-धाम ।
तारे बीजा मंत्र वडे शुं काम ?
छे मंत्र मोटो गुरुदेव नाम ॥

❀

विशाल भाल, सुनिर्मल लोचन, सुप्रसन्न मुख मुद्रा,
नहीं म्लानि, नहीं ग्लानि क्यारे, नहीं आळस, नहीं तन्द्रा;
अद्‌भुत प्रभु-भक्तिनी मस्ती, अद्‌भुत क्रिया-स्फूर्ति,
कलापूर्णसूरिजी जगमां जय पामो शम-मूर्ति.

- रचयिता : श्री मुक्ति/मुनि

• • • • •

गुरु-स्तुति

जे कच्छवागड देशकेरा, परम उपकारी खरा,
ज्यां ज्यां पड्या गुरुना चरण, त्यां त्यां बनी पावन धरा;
अरिहंत प्रभु शासन प्रभावक, कार्यथी परहित करा,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना १

जे मोक्षना अभिलाषथी सुविशुद्ध संयम धारता,
भव-भ्रमणना निर्वेदथी विषयो कषायो वारता;
जे रहे प्रवचन मात शरणे आतमा संभाळता,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना २

जे ब्रह्मचर्य वडे निज परम पावन आतमा,
शत्रु प्रमाद पछाड़ता बनवा सदा परमातमा;
हितकार थोडुं बोलता वैराग्य भरता वातमां,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना ३

जे गुरुकृपाथी आगमोना अर्कने तुरत ज ग्रहे,
अमृत थकी पण अधिक मीठी वाणी जिनवरनी कहे;
आसक्ति पुद्गलनी तजीने निज स्वभावे जे रहे,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना ४

जेना हृदयमां संघ पर वात्सल्यनुं झरणुं वहे,
शासन तणी सेवा तणो अभिलाष अंतरमां रहे;
जस नाम मंत्र प्रभावथी सहु भाविको पापो दहे,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना ५

कटुता कदी ना कोईथी सहु जीव पर मैत्री धरे,
बालक तणा पण गुण निहाळी हर्षथी हैयुं भरे;
दुःखी अने पापी विषे जस हृदयथी करुणा झरे,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना ६

जे योग्य जीवो जोईने हित शीखडी प्रेरक कहे,
सुधरे न एवा जीव पर माध्यस्थभाव हैये रहे;
सत्कार के अपमानमां समभावनी सरिता वहे,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना ७

जे श्वास अने उच्छ्वासमां अरिहंत अंतरमां धरे,
वाणी सुधाथी भविकमां अरिहंत रस हृदये भरे;
मन-मंदिरे अरिहंत ध्याने आतमा निर्मळ करे,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना ८

प्रभु मूर्तिमां प्रभुने निहाळी जगतने जे भूलता,
निज मधुर कंठे स्तवन गाता बाळ जिम जे डोलता;
'**प्रभु**' भक्तिनी मस्ती वडे निज हृदयने जे खोलता,
कलापूर्णसूरिवर चरणमां, होजो सदा मुज वंदना ९

- रचयिता : भूकंपमां अवसान पामेल प्रभुलाल वाघजी छेडा, मनफरा (कच्छ)

◆ ◆ ◆ ◆ ◆

गुरु-स्तुति

शरीर छे विष-वेलडी आ, गुरु अमृतनी खाण रे,
माथुं कपातां गुरु मळे जो, तोय सस्ता जाण रे;
वर्णव्यो सघळे स्थळे, महिमा घणो सद्गुरु तणो,
कलापूर्णगुरुने वंदतां आनंद थाये अति घणो ।

❀

सम्यक्त्वनुं सर्जन करे तुं, तुं ज छे ब्रह्मा खरो,
धारण करे शुभ धर्मने तुं, तुं ज छे विष्णु खरो;
उच्छेदतो अज्ञानने शंकर जणायो तुं मने,
परब्रह्मरूपी ओ कलापूर्णप्रभु ! वंदुं तने ।

❀

अनंत महिमा छे गुरुनो, अनंत नित उपकार छे,
अनंत लोचन खोलनारा, गुरु सदा प्रभु-द्वार छे;
अनंत तत्त्व बतावनारा, गुरु सुधारस धार छे,
कलापूर्णसूरि गुरुदेव वंदुं, नक्की बेड़ो पार छे ।

❀

'अमृत भरेलो गगन-मंडलमां रहेलो छे कूवो,
गुरु-कृपाथी मेळवी अमृत पीए विनयी जुओ;
तरसे मरे नगुरा बिचारा' इम कहे आनंदघन,
अमृत-दाता ओ कलापूर्ण-प्रभु ! तुजने नमन ।

❀

वात्सल्य तारुं एटलुं के सिंधु पण नानो पडे,
माधुर्य तारुं एवुं के साकर सदा फीकी पडे;
सुप्रसन्नता तुज एटली के फूल पण झांखुं पडे,
कलापूर्णसूरिदेव ! तारा चरणमां मुज शिर ढळे ।

- रचयिता : श्री मुक्ति/मुनि

• • • • •

गुरु-स्तुति

हे गुरु ! तव मूर्ति अद्भुत, ध्यान का यह मूल है,
हे गुरु ! तव चरण अद्भुत, पूजना के मूल है;
हे गुरु ! तव वचन अद्भुत, मंत्र के ये मूल है,
कलापूर्णसूरि ! गुरुदेव ! तू अद्भुत भक्ति-फूल है ।

❀

'है तू ही ब्रह्मा तू ही विष्णु, तू ही है शंकर यहां,
तू ही है परब्रह्म' गुरु की, है स्तुति यह अन्य में;
पा कर तुम्हें गुरुदेव ! प्यारे ! हूं बना अतिधन्य मैं,
अध्यात्मयोगी श्रीकलापूर्णप्रभु ! तुझको नमन ।

❀

'गुरु' शब्द का संदेश सुन लो : है रहस्यों से भरा,
'गु' गुणातीत 'रु' रूपातीत है प्रभु सोचो जरा;
प्रभु प्राप्त करना हो अगर सेवो गुरु, गुरु द्वार है,
कलापूर्णसूरि गुरुदेव को वंदन करो, उद्धार है ।

❀

तू दीप है, तू देव है गुरु ! तू ही दिव्य प्रकाश है,
तू मात है, तू तात है गुरु ! तू ही चित्त-उल्लास है;
तू स्वर्ग है, तू मुक्ति है गुरु ! तू धरा-आकाश है,
कलापूर्णगुरुवर ! तू अहो ! अद्भुत भक्ति-विकास है ।

❀

रोती-रोती गंगा बोली : हो गई हूं आज मैं मैली,
जल है दूषित सर्वथा मम, शुद्धि नष्ट हो गई मेरी;
मत रो ओ गंगा मैया ! शुद्धि अभी सुरक्षित है,
कलापूर्णसूरि नाम की गंगा, इस धरती पर बहती है ।
(रो रो ओ गंगामैया ! शुद्धि कभी सुरक्षित थी,
कलापूर्णसूरि नाम की गंगा, इस धरती पर बहती थी.)

- रचयिता : श्री मुक्ति/मुनि

• • • • •

गुरु-स्तुति अष्टक

प्यारा हता अरिहंत ने प्यारा जीवो संसारना,
प्यारुं हतुं प्रभु-नाम ने प्यारा पदो नवकारना;
प्यारी हती प्रभु-भक्ति ने प्यारी हती निज-साधना,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ १ ॥

निज-देहमां रहेवा छतांये, देहथी न्यारी दशा,
कार्यो करे पर-हित तणा पण चित्तमां चिन्मय दशा;
वळी सर्वमां होवा छतां, जल-कमलवत् आसंग ना,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ २ ॥

जे छे प्रतापी सूर्य जेवा सौम्य वळी शशधर समा,
गंभीर जे सागर समा ने धीर वळी महीधर समा;
जेनी प्रभा सुवर्ण जेवी, वाणी शीतल चंदना,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ ३ ॥

छे नाम प्रभुनुं शक्तिशाली, काम प्रभुनुं जे करे,
जे स्मरण-कीर्तन-भक्ति करतां मन भीतर जिनवर धरे;
अरिहंत प्रभुना ध्यानमां अरिहंतमय जे चेतना,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ ४ ॥

प्रभु-मूर्तिमां प्रभुने निहाळे, एवी निर्मल आंख छे,
क्षणवारमां प्रभु-द्वार पहोंचे, एवी मननी पांख छे;
जे नाम-मूर्ति-द्रव्य-भावे नित करे प्रभु-अर्चना,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ ५ ॥

माधुर्य छे मैत्रीतणुं मुदिता तणी सुप्रसन्नता,
कोमलपणुं करुणातणुं माध्यस्थ्यनी मनोहारिता;
आ चार भावोथी सुभावित जेमनो शुभ आतमा,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ ६ ॥

नथी मान-माया-लोभ ने समताभर्यो जे आतमा,
नथी काम-कटुता-क्रोध-गृद्धि, शान्त निर्मल आतमा;
नथी द्वेष-मत्सर-क्लेश के नथी नामनानी कामना,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ ७ ॥

जे कच्छ-वागड-देशना शृंगार अद्‌भुत गुरुवरा,
श्री पद्म-जीत-हीर-कनकसूरि-देवेन्द्रसूरिवर हितकरा;
जे शिष्य कंचन गुरु तणा करी विश्व-व्यापी नामना,
कलापूर्णसूरि-गुरु-चरणमां, हो भावभीनी वंदना ॥ ८ ॥

- रचयिता : पू.पं. श्री कल्पतरुविजयजी

गुरु-स्तुति

✿ कल्याणांकुरपोषणे जलधरो लावण्यलीलायुतः
पूर्णः सद्गुणशिभिः गुरुवरो नम्रः प्रभोः पत्कजे ।
सूर्यो भव्यपयोजबोधकरणे रिक्तः सदा दोषतो,
देयात्सन्मतिमाशु मे गुरुरसौ वन्द्यौ विभाते जनैः ॥ १ ॥ *शार्दूल०*

✿ कच्छादिदेशस्थितमानवेभ्यो
लाभं ददानं जिनधार्मिकं हि ।
पूर्णं गुणै र्वै विमलैः प्रगे प्र -
णमामि कामं मुनिचन्द्रमेनम् ॥ २ ॥ *उपजाति*

✿ कर्मरिपु - निहन्तारम्
लावण्ययुतमुत्तमम् ।
पूर्णं सद्गुणौघैः प्र -
णमामीमं मुनीश्वरम् ॥ ३ ॥

✿ मोहादेर्मुक्तबुद्धि विमलगुणनिधि - र्जेतृकन्दर्पजेता
सद्भक्त्या नित्यमर्हद्भजनरतमति - र्धर्मलाभप्रदाता ।
शान्तात्मा चन्द्रतुल्यः शशिसदृशयशाः संप्रपूर्णो गुणैश्चा -
यं सूरीन्द्रः प्रपूज्यो जगति विजयते भूषणः शासनस्य ॥ ४ ॥ *स्रग्धरा*

✿ कुठारायमाणं कषाय-द्रु-भेदे
दिनेन्द्रायमाणं जनाम्भोजबोधे ।
मरालायमानं प्रभोः पत्पयोजे
कलापूर्णसूरिं प्रणौमि प्रगेऽहम् ॥ ५ ॥ *भुजङ्गप्रयातम्*

✿ विततसंसृति-कानन-पर्यट -
न्मुनि-विधुं भयतः परपीडितम् ।
शिवपुरीं रहितां सकलै र्भयै -
र्नय कलादिमपूर्ण ! सुसार्थप ! ॥ ६ ॥ *द्रुतविलम्बितम्*

✿ अहह ! जीव भवाटनतो यदि
श्रममवाप्य शिवं च समीहसे ।
श्रय ततो लघु संसृति-सूदनं
किल कलादिमपूर्ण - पदद्वयम् ॥ ७ ॥ *द्रुतविलम्बितम्*

✿ मोहोन्मादनिशा-विलुप्त-निजकात्मज्ञान-तेजोभरा -
नात्मीयैः खरगोभिराशु नृचयानुच्चैः प्रबोधय्य च ।
निर्वाणा-ध्व-निदर्शकं हतभयं ज्ञानप्रकाशं नय -
न्नाधोय्यामधुना रविः किल कलापूर्णः प्रविभ्राजते ॥ ८ ॥ *शार्दूल०*

✿ प्रभोर्गीतिप्रीति र्गजगतिगतिः संयमरतिः
शशिज्योतिर्दीप्ति र्नतजनतति र्निर्मलमतिः
कलामृत्सत्कीर्ति र्यतिततियतिः शान्तप्रकृतिः
कलापूर्णः सूरिः सृजतु सततं शर्म जगति ॥ ९ ॥ *शिखरिणी*

✿ कारं कारं जिनवरवचो - वाचनावर्षणं वै
हारं हारं नरहृदयतमोविह्विजालं करालम् ।
धारं धारं भवि सुविपुलं चातकार्भे प्रमोद -
माधोय्यां संप्रति विजयते श्रीकलापूर्णमेघः ॥ १० ॥ *मंदाक्रान्ता*

✿ अध्यात्म-कासार-विलास - हंस !
सहस्रभानो भविपद्मबोधे ।
सद्बोधिवृक्षे जलदोपम ! त्वं
जीयात्कलापूर्ण ! मुनीन्द्र ! लोके ॥ ११ ॥ *उपजाति*

✿ सर्वत्र सज्ज्ञानमयीं सुवर्षाम्
कुर्वंस्तथा चातकबालकेऽपि
रे मादृशे पातय शब्दबिन्दून्
द्वित्रान् कलापूर्ण पयोद ! तूर्णम् ॥ १२ ॥ *उपजाति*

✿ मनोमयूरो भवतोऽभ्रतो मे
संप्राप्य वाणीप्रियवर्षणं हि ।
हर्षातिरेकात्प्रकरोति नृत्यं
श्रीमन् कलापूर्ण मुनीन्द्र ! नित्यम् ॥ १३ ॥ *उपजाति*

✿ निबिडतिमिरजालच्छेदनेनैव सद्यः
प्रकटितशिवमार्गः शोषयन् कर्मपङ्कम् ।
दधदतनुकहर्षः प्राणिपद्मौघबोधे
जयति जगति सूर्यः श्रीकलापूर्णसूरिः ॥ १४ ॥

✿ जनकुमुदसमूहं बोधयन् संप्रपूर्णः
सकलकलकलाभि - र्निर्मलः सद्यशोभृत् ।
विशदनिजकगोभिस्त्वर्पयंश्चित्तशान्तिम्
जयति जगति चन्द्रः श्रीकलापूर्णसूरिः ॥ १५ ॥ *मालिनी*

✿ श्रुतसलिल - सुपूर्णामाचरञ् शास्त्रवर्षां
सकलमनुजचित्त - क्लेशवह्निं निरस्यन् ।
नृगणहृदयभूमौ पोषयन् बोधिबीजम्
जयति जगति मेघः श्री कलापूर्णसूरिः ॥ १६ ॥ *मालिनी*

✿ अपूर्वस्त्वं राशी कोऽपि श्री कलापूर्ण ! विद्यसे ।
प्रयासि सततं वृद्धिं क्षयं नैव कदाचन ॥ १७ ॥

✿ भ्राजमाने कलापूर्ण ! भास्करे जगति त्वयि ।
अन्धा जना न पश्यन्ति दोषः किमत्र ते भवेत् ॥ १८ ॥

✿ ममैकेच्छा कलापूर्ण ! वर्तते स्वान्तमन्दिरे ।
भवेयं त्वत्पदाब्जालि - र्जिघ्राणो गुणसौरभम् ॥ १९ ॥

✿ कलापूर्णाय पूज्याय मोहरात्रिविमुद्रिते ।
मामकीने मनोऽम्भोजे मार्तण्डाय नमो नमः ॥ २० ॥

✿ वर्षति त्वयि सर्वत्र कलापूर्ण ! पयोधरे ।
दुर्भाग्यच्छत्र - संच्छन्नैः प्राप्यन्ते नाम्बुबिन्दवः ॥ २१ ॥


✿ अद्भुतो वर्तसे कोऽपि त्वं कलापूर्ण ! पञ्जरः ।
यतो बद्धा विमुच्यन्ते बध्यन्ते च विमुक्तकाः ॥ २२ ॥

✿ कमलखण्डनिर्लेप ! कमलदलनिर्मलः ।
कमलसदृशास्य ! त्वं कलापूर्ण ! चिरं जय ॥ २३ ॥

✿ विलोक्य त्वां कलापूर्णं, कलापूर्ण ! कलाधिपः ।
मन्येऽपूर्णं निजं मत्वा, प्रयातो गगनाङ्गणे ॥ २४ ॥

✿ यदीये स्वान्तकासारे, लसति प्रभुपत्कजम् ।
श्रीमन्तं तं कलापूर्णं, वन्देऽहं भावतः सदा ॥ २५ ॥

- रचयिता : मुक्ति / मुनि, आधोई (कच्छ), वि.सं. २०३३



ભૂકંપ પછી તરતના જ સમયમાં સાંતલપુર - આડીસરથી માંડી ભૂકંપના કેન્દ્રબિન્દુ ચોબારી - મનફરા સહિત ભુજ - લોડાઈ સુધીના સમગ્ર ભૂકંપ-ગ્રસ્ત કચ્છમાં વિહાર કરી જાતે અહેવાલ મેળવીને પૂ. બંધુ-બેલડી દ્વારા તૈયાર થયેલું પુસ્તક એટલે 'ભૂકંપમાં ભ્રમણ'.

ભલભલાના રૂંવાડા ખડા કરી દે તેવી સત્ય ઘટનાઓથી ભરપૂર આ પુસ્તક વાંચતાં આપનું હૃદય પણ બોલી ઊઠશે : सर्वं क्षणिकम् ।

સંપર્ક : (૦૨૨) ૨૩૪૩૬૩૬૯, ૨૩૪૪૧૧૪૧



બેંગ્લોર ચાતુર્માસ - પ્રવેશની ઝલક - વિ.સં. ૨૦૫૧



'અધ્યાત્મ-વાણી' પુસ્તકનું વિમોચન - બેંગ્લોર - વિ.સં. ૨૦૫૧

પૂજ્ય બંધુ-બેલડી દ્વારા સંપાદિત-લિખિત સાહિત્ય

- શ્રી શાલિભદ્ર મહાકાવ્યમ્ (ટીકા-અનુવાદ-સહિત, સંસ્કૃત)
- દ્વ્યાશ્રયમહાકાવ્યમ્* (અન્વય-અનુવાદ-સહિત, સંસ્કૃત)
- જ્ઞાનસાર (સપદ્ય - ગદ્યાનુવાદ)
- અભિધાન ચિંતામણિ નામમાલા
- સાર્થ શબ્દાવલી (શ્લોકાંક-અર્થ-સહિત)
- શબ્દમાલા* (લિંગ-અર્થ-શ્લોકાંક સહિત સાર્થ ધાતુપાઠ સાથે)
- આકાશગંગા
- જ્ઞાનગંગા (હિન્દી) (આકાશગંગાનું હિન્દી)
- શ્રુતગંગા (હિન્દી) (પ્રશ્ન-પત્રો)
- અધ્યાત્મવાણી* (પૂ.આ.શ્રીની પરિષ્કૃત વાણી)
- અધ્યાત્મવાણી (હિન્દી)
- ઉપદેશધારા (ભિન્ન-ભિન્ન વિષયો પર નિબંધો)
- આત્મકથાઓ
- પરકાય પ્રવેશ (આત્મકથાઓ)
- ઈસે જીંદગી કહતે હૈ... (વસ્તુપાલ-જીવન)
- કહે, કુમારપાલ
- મૈં કુમારપાલ (હિન્દી)
- બજે મધુર બંસરી (ઐતિહાસિક પ્રસંગો)
- આવો, મિત્રો ! વાર્તા કહું
- આવો બાળકો વારતા કહું
- સચિત્ર જૈન કથાએં (હિન્દી, ગુજરાતી, ઈંગ્લીશ)
- કભી ધૂપ ! કભી છાંવ ! (બે સળંગ કથા)
- સમ્યગ્દર્શન-શુદ્ધિ (હિન્દી)
- સાત ચોવીશી (હિન્દી) (સાત સ્તવન ચોવીશી)
- દાદાને દરબાર (સ્તવનો, સ્તુતિઓ)
- કહે કલાપૂર્ણસૂરિ - ૧ (પંચવસ્તુક પર વાચના) (ગુજરાતી-હિન્દી)
- કહ્યું કલાપૂર્ણસૂરિએ - ૨ (ચંદાવિજ્ઝય પર વાચના) (હિન્દી પ્રેસમાં)
- કહે કલાપૂર્ણસૂરિ - ૩* (લલિતવિસ્તરા પર વાચના) (હિન્દી પ્રેસમાં)
- કહે કલાપૂર્ણસૂરિ - ૪* (લલિતવિસ્તરા પર વાચના) (હિન્દી પ્રેસમાં)
- ભૂકંપમાં ભ્રમણ (ભૂકંપની સત્યઘટનાઓ)
- સ્વાધ્યાય-કલા (પ્રકરણ-ગ્રન્થો, ભિન્ન-ભિન્ન ભાગોમાં)

(* નિશાની સિવાયના પુસ્તકો અપ્રાપ્ય છે.)

અધ્યાત્મયોગી પૂજ્ય આચાર્યદેવશ્રીનું સાહિત્ય

- ધ્યાન-વિચાર
- મિલે મન ભીતર ભગવાન
- તત્ત્વજ્ઞાન પ્રવેશિકા
- સર્વજ્ઞ કથિત પરમ સામાયિક ધર્મ
- પરમ તત્ત્વની ઉપાસના
- અધ્યાત્મ ગીતા
- યોગશતક
- યોગસાર
- તાર હો તાર પ્રભુ !
- સહજ સમાધિ
- કહે કલાપૂર્ણસૂરિ, ભાગ ૧ થી ૪,
  કુલ પેજ પ્રાયઃ ૨૦૦૦ (ગુજરાતી-હિન્દી)

◆ સાધુને શીખામણ ◆

૧. બીજાનું કામ આવે ત્યારે પોતાનું કામ ગૌણ કરવું.
૨. બીજાની ઈચ્છા સંતોષવા પોતે સદા સજ્જ રહેવું.
૩. બીજો પૂછવા આવે ત્યારે ઉત્તર આપ્યા વગર રહેવું નહિ.
૪. બીજાની ઈચ્છા, તત્પરતા કે અભિરૂચિ ન હોય તે સર્વ સમય પોતાના કાર્યમાં મશગુલ રહેવું.
૫. આવતી કાલે કે હવે પછીના સમયે શું કાર્ય કરવાનું છે, તેની યોજના વિચારણા કે ગોઠવણી પહેલેથી કદી કરવી નહિ.
૬. જે કાર્ય જે સમયે દૈવ યોગે સામે આવી પડે તેને જ સર્વશ્રેષ્ઠ માનીને તેને બજાવવામાં આનંદ માનવો.
૭. દુનિયામાં જે કાંઈ થઈ રહ્યું છે તે કાર્ય કારણના નિયમને અનુસારે યોગ્ય જ થઈ રહ્યું છે, એમ સદા વિચારવું.
૮. આપણી ઈચ્છા મુજબ દુનિયાને ચલાવવાનો વિચાર કરવા કરતાં દુનિયા જે રીતે ચાલે છે તે રીતે ચાલવા દઈ આપણો ફાળો આપણને છાજે તે રીતે તેમાં આપવો.

બીજા કેમ ચાલે છે તે ઉપર અધિકાર બીજાનો છે,
આપણે કેમ ચાલવું તે ઉપર અધિકાર આપણો છે.

- પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

वि. सं. २०५८, माघ सु.६, १८-२-

तीर्थभूमि शंखेश्वर में अर्हन्मयी चेतन

दो घंटे के बाद अरिहंत आकृति में रहे हुए





२००२, सोमवार, शंखेश्वर तीर्थ (गुजरात)

ा के स्वामी पूज्यश्री के अग्नि-संस्कार के
पूज्यश्री को देखने हजारों लोग उमड़ पड़े थे







'કહે કલાપૂર્ણસૂરિ' પુસ્તક પૂજ્યશ્રીના હાથમાં

ભક્તિ-માર્ગમાં આગળ વધવું હોય, જીવનને આરાધનામય અને પ્રસન્નતામય બનાવવું હોય તો હું તમને સૌને લલિત-વિસ્તરા ગ્રન્થ વાંચવાની ખાસ ભલામણ કરું છું. કદાચ તમે સંસ્કૃત ન વાંચી શકતા હો તો મારી પાલીતાણા વાચનાના ગુજરાતી પુસ્તકો (કહે કલાપૂર્ણસૂરિ) પણ બહાર પડેલા છે, તે ફરી-ફરીને ખાસ વાંચજો.

- સ્વ. પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરિજીએ ચતુર્વિધ સંઘ સમક્ષ આપેલી છેલ્લી વાચનામાંથી, રમણીયા. (રાજસ્થાન)
વિ.સં. ૨૦૫૮, પો.વ.૬, તા. ૩/૨/૨૦૦૨

Tejas Printers
AHMEDABAD PH. (079) 6601045